મીઝાનુલ હિકમત ભાગ - ૧



નોંધ:

કીતાબોમાં કોઇ પણ ભુલ દેખાય તો જાણ કરવા વીનંતી

hajinajitrust@yahoo.com

Contents

। - અલીફ 79

ભાગ - ૧ : ઇસાર 79

પ્રકરણ - ૧ ઇસાર (સ્વાર્થ ત્યાગ કરવો) 79

પ્રકરણ - ૨ : ઇસાર થકી બુઝુર્ગી પૂર્ણતા પામે છે. . 86

પ્રકરણ - 3 : પોતાના નફ્સ પર ઇસાર કરનારા લોકો 88

પ્રકરણ - ૪ પોતાની ઉપર બીજાને અગ્રતા આપનારને ખુદા પણ અગ્રતા આપે છે..... 100

વિભાગ - ૨ : અજ્ર (બદલો) 103

પ્રકરણ - ૧ : અમો સુધારણા કરનારાઓના અજ્રને નકામો જવા દેતા નથી..... 103

પ્રકરણ - ૨ : આખેરતનો અજ્ર ઘણો જ મોટો છે.. 107

પ્રકરણ – ૩ : અજ્રે અઝીમ 110

પ્રકરણ – ૪ : સર્વશ્રેષ્ઠ અજ્ર 112

પ્રકરણ – ૫ : માનવંત બદલો 114

પ્રકરણ – ૬ : અનંત બદલો 117

પ્રકરણ – ૭ : જેમને બમણો અજ્ર મળશે. 119

વિભાગ-૩ : ઇજારહ (મઝદૂરી)..... 121

પ્રકરણ – ૧ : ઇજારહ (મઝદૂરી) 121

પ્રકરણ - ૨ પોતાની જાતને મહેનતાણું લઈને સોંપી દેવી મકરૂહ છે..... 126

પ્રકરણ – ૩ : મઝદૂરીમાં દલાલ બનવું. 130

પ્રકરણ – ૪ : મઝદૂર ઉપર ઝુલ્મ કરવો..... 132

પ્રકરણ – ૫ : મઝદૂરી નક્કી કરવી જોઈએ. 138

પ્રકરણ - ૬ : મહેનતાણું ચુકવવાની રીત 141

પ્રકરણ - ૭ : 'હું તમારી પાસેથી મઝદૂરી લેનાર છું' 143

વિભાગ - ૪ : અજલ (મૌત-નિશ્ચિત સમય) 145

પ્રકરણ – ૧ : અજલ (નિશ્ચિત સમય)..... 145

પ્રકરણ – ૨ : અજલ એક મજબૂત કિલ્લો છે..... 148

પ્રકરણ - ૩ દરેક વસ્તુની એક મુદ્દત નક્કી થએલી હોય છે 155

પ્રકરણ - ૪ દરેક સમુહ માટે એક નિશ્ચિત સમય હોય છે 156

પ્રકરણ – ૫ : હતમી અને ગૈર હતમી અજલ (નિશ્ચિત અને અનિશ્ચિત મૌત) 158

પ્રકરણ - ૬ એ બાબતો જે અનિશ્ચિત અજલને ટાળી શકે છે 160

વિભાગ - ૫ : આખેરત 162

પ્રકરણ - ૧ : આખેરત..... 162

પ્રકરણ – ૨ : આખેરત વિશે (શનીદ નબૂદ માનિન્દ દીદન) જોયા સમાન સાંભળવું..... 169

પ્રકરણ - ૩ આખેરત, શાંતિ અને આત્મસંતોષનું ઘર છે..... 173

પ્રકરણ - ૪ : આખેરત જીવતા રહેવાનું ઘર છે.... 177

પ્રકરણ - ૫ : આખેરત શ્રેષ્ઠ છે 179

પ્રકરણ - ૬ : આખેરતની યાદ 183

પ્રકરણ - ૭ : આખેરત માટે અમલ કરો..... 185

પ્રકરણ - ૮ : જેનો મૂળ હેતુ આખેરત છે..... 189

પ્રકરણ - ૯ : આખેરત આવા લોકો માટે છે..... 192

વિભાગ - ૬ : અખુન (ભાઈ)..... 198

પ્રકરણ – ૧ : મોઅમિનો આપસમાં ભાઈ-ભાઈ છે 198

પ્રકરણ - ૨ : સાચા ભાઈ બનાવો... 204

પ્રકરણ - 3 : ભાઈઓની મોહબ્બત..... 208

પ્રકરણ - ૪ : મોહબ્બત બાકી રહેવાના કારણો.... 212

પ્રકરણ – ૫ : રાહે ખુદામાં મોહબ્બત..... 218

પ્રકરણ – ૬ : દુન્યવી સ્વાર્થ માટે ભાઈચારો,
વિમુખતાનું કારણ બને છે..... 222

પ્રકરણ – ૭ : દીની ભાઈચારો જ મોહબ્બત બાકી રહેવાનું કારણ હોય છે 225

પ્રકરણ – ૮ : ભાઈચારાને બગાડનારી બાબતો.... 229

પ્રકરણ – ૯ : કોઈની સાથે મોહબ્બત કરો તો..... 231

પ્રકરણ – ૧૦ : ભાઈચારો – બે ભાઈઓ વચ્ચે મોહબ્બતની દલીલ છે..... 234

પ્રકરણ – ૧૧ : ભાઈઓ સાથે સંબંધ તોડી નાખવા વિશે..... 238

પ્રકરણ – ૧૨ : તારો ભાઈ સંબંધ તોડી નાખે,..... 242

પ્રકરણ – ૧૩ : ભાઈઓના પ્રકાર 245

પ્રકરણ – ૧૪ : વિશ્વાસ પાત્ર ભાઈઓ બહુજ ઓછા છે..... 249

પ્રકરણ – ૧૫ : એવા લોકોને ભાઈ ન બનાવો... . 252

પ્રકરણ – ૧૬ : જૂના મિત્રોને હાથથી જવા ન દો... 257

પ્રકરણ – ૧૭ : આ તમારા સાચા ભાઈઓ છે... ... 259

પ્રકરણ – ૧૮ : બેઐબ (દુર્ગુણ વગરના) માણસને દોસ્ત બનાવનાર... 261

પ્રકરણ – ૧૯ : પોતાના ભાઈની ભૂલોને સહન કરો... 264

પ્રકરણ – ૨૦ : શ્રેષ્ઠ ભાઈ..... 269

પ્રકરણ – ૨૧ : સંપૂર્ણ શ્રેષ્ઠ ભાઈનો પરિચય..... 277

પ્રકરણ – ૨૨ : સૌથી ખરાબ ભાઈ..... 283

પ્રકરણ – ૨૩ : ભાઈઓની ચકાસણી..... 284

પ્રકરણ – ૨૪ : ભાઈઓને માર્ગદર્શન..... 287

પ્રકરણ – ૨૫ : ભાઈઓની ઇઝઝત અને સન્માન 290

પ્રકરણ – ૨૬ : ભાઈઓની હાજત પૂરી કરવી..... 294

પ્રકરણ – ૨૭ : ભાઈચારાના આદાબ..... 300

વિભાગ-૭ : અદબ..... 303

પ્રકરણ – ૧ : અદબ (શિષ્ટતા-સભ્યતા-સંસ્કાર).... 303

પ્રકરણ – ૨ : અદબ બે શરાફતોમાંની એક છે..... 308

પ્રકરણ – ૩ : અદબ હંમેશા આધુનિક પોષાકમાં હોય છે 311

પ્રકરણ – ૪ : બેઅદબી (કુસંસ્કાર – અસભ્યતા) .. 313

પ્રકરણ – ૫ : અદબ અને અકલ 316

પ્રકરણ – ૬ : સભ્ય બનવું 320

પ્રકરણ – ૭ : અદબ કેવી રીતે મેળવાય..... 322

પ્રકરણ-૮ : અદબનો અર્થ 328

પ્રકરણ – ૯ : શ્રેષ્ઠ આદાબ..... 335

પ્રકરણ – ૧૦ : અવલાદને સંસ્કારી બનાવવી (૧) 337

પ્રકરણ – ૧૧ : અવલાદને સંસ્કારી બનાવવી (૨)343

પ્રકરણ-૧૨ : અદબ અને સભ્યતા શીખવવાની રીત 348

પ્રકરણ – ૧૩ : અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરોને આદાબની તાલીમ ફરમાવી..... 354

પ્રકરણ – ૧૪ : આદાબે ઇલાહી અપનાવી લ્યો.... 359

પ્રકરણ-૧૫ : અલ્લાહ તબારક વ તઆલા તરફથી નિશ્ચિત કરાએલ આદાબ..... 362

વિભાગ - ૮ : અઝાન..... 365

પ્રકરણ-૧ : અઝાન..... 365

પ્રકરણ-૨ : મોઅઝ્ઝીન (અઝાન આપનાર)..... 367

પ્રકરણ – 3 : અઝાનની તફસીર..... 371

પ્રકરણ-૪ : કાનમાં અઝાન આપવી. 374

વિભાગ - ૯ : ઇજા પહોંચાડવી..... 379

પ્રકરણ – ૧ : ઇજા પહોંચાડવી..... 379

પ્રકરણ – ૨ : મોઅમિનને ઇજા પહોંચાડવી..... 381

પ્રકરણ-3 : ઇજા પહોંચાડવાથી બચવું..... 385

પ્રકરણ - ૪ : રાહે ખુદામાં તકલીફ સહન કરવી.. 388

વિભાગ-૧૦ : અત્તાજરીખ(ઇતિહાસ) 391

પ્રકરણ - ૧ : સન હિજરીવર્ષની શરૂઆત..... 391

વિભાગ - ૧૧ : અર્ઝ (જમીન)..... 403

પ્રકરણ - ૧ : જમીન વિશેના હૂકમો..... 403

પ્રકરણ-૨ : વેરાન ખેતરની જમીનને હરિયાળી બનાવનાર જમીનનો માલિક હોય છે..... 406

પ્રકરણ - 3 : આબાદ જમીનને બરબાદ કરવી ... 410

વિભાગ-૧૨ અસીર (કૈદી)..... 413

પ્રકરણ - ૧ : પોતાની જાતે કૈદી થઈ જવું જાએઝ નથી..... 413

પ્રકરણ - ૨ : કૈદી સાથે સદવ્યવહાર કરો..... 415

વિભાગ-૧૩ : ઉસ્વહ (અનુસરવાને પાત્ર)..... 419

પ્રકરણ-૧ : ઉસ્વહ (અનુસરવાને પાત્ર)..... 419

વિભાગ - ૧૪ : ઉસૂલ (ઉસૂલે ફીકહ)..... 423

પ્રકરણ - ૧ : દરેક બાબતો સાચી છે..... 423

પ્રકરણ - ૨ : દરેક વસ્તુ પાક છે 426

પ્રકરણ - 3 : યકીનને શકથી તોડી શકાતું નથી.. 427

પ્રકરણ - ૪ : જે વસ્તુ પર ખુદા ગાલિબ હોય છે. 428

પ્રકરણ - ૫ : જે કંઈ ખુદા તરફથી છુપું રાખવામાં આવ્યું છે 429

પ્રકરણ - ૬ : જુદા જુદા ઉસૂલ..... 431

વિભાગ - ૧૫ : આફતો..... 437

પ્રકરણ - ૧ : આફતો..... 437

વિભાગ - ૧૬ : ખાવું-પીવું..... 450

પ્રકરણ - ૧ : ઓછું ખાવું 450

પ્રકરણ - ૨ : બિસ્યાર ખોરી (વધારે ખાવું)..... 454

પ્રકરણ - 3 : ક્યારેક એક કોળીયો ઘણા કોળીયાને રોકી દેતો હોય છે..... 463

પ્રકરણ-૪ : પેટ ભરીને ખાવું તેમજ અક્કલ અને સમજણ..... 466

પ્રકરણ - ૫ : પેટ ભરીને ખાવું પરહેઝગારી માટે નુક્સાનકર્તા છે 470

પ્રકરણ - ૬ : ભૂખ..... 472

પ્રકરણ - ૭ : ભૂખના હેતુ..... 475

પ્રકરણ - ૮ : ખાવામાં સમતોલપણું..... 479

પ્રકરણ - ૯ : દસ્તરખાનના આદાબ..... 482

વિભાગ - ૧૭ : ઉલ્ફત..... 492

પ્રકરણ - ૧ : ઉલ્ફત..... 492

પ્રકરણ - ૨ : ઉલ્ફત વગર કોઈ જ ભલાઈ નથી. 496

વિભાગ - ૧૮ : અલ્લાહ 499

પ્રકરણ - ૧ : અલ્લાહ..... 499

વિભાગ-૧૯ : હુકૂમત..... 502

પ્રકરણ - ૧ : હુકૂમત 502

પ્રકરણ - ૨ : હુકૂમત 509

પ્રકરણ - 3 : હુકૂમતની કિંમત 510

વિભાગ-૨૦ : ઉમ્મીદવાર 513

પ્રકરણ - ૧ : ઉમ્મીદ (આશા) રહેમત છે 513

પ્રકરણ-૨ : આશા અનંત છે 516

પ્રકરણ - 3 : જૂઠી આશાઓથી બચતા રહો 518

પ્રકરણ - ૪ : આરઝુ અને મૌત 526

પ્રકરણ-૫ : લાંબી આરઝૂઓના પરિણામ 534

પ્રકરણ - ૬ : ટૂંકી આરઝૂઓ 537

પ્રકરણ - ૭ : ખુદા સિવાય કોઈ પાસે ઉમ્મીદ ન રાખો 541

વિભાગ - ૨૧ : ઉમ્મત..... 543

પ્રકરણ - ૧ : શ્રેષ્ઠ ઉમ્મત..... 543

પ્રકરણ - ૨ : મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો..... 546

પ્રકરણ - 3 : ઉમ્મતે વસ્ત (વચલી ઉમ્મત)..... 550

પ્રકરણ-૪ : મારી ઉમ્મત ખૈર પર રહેશે..... 555

પ્રકરણ - ૫ : બેહિશ્તમાં ઉમ્મતે મુસ્લેમહની સંખ્યા વધારે હશે..... 558

પ્રકરણ - ૬ : મારી ઉમ્મતનો એક સમુહ પ્રભાવી રહેશે 560

પ્રકરણ-૭ : બીજી ઉમ્મતો તમારી વિરૂધ્ધ એક થઈ જશે 564

પ્રકરણ-૮ : મને મારી ઉમ્મત માટે ડર છે 567

પ્રકરણ - ૯ : મને મારી ઉમ્મત માટે જે બાબતોનો સૌથી વધારે ભય છે 572

પ્રકરણ-૧૦ : મને મારી ઉમ્મત વિશે ડર રહે છે .. 578

વિભાગ - ૨૨ : ઇમામત (૧) - ઇમામતે આમ્મહ 580

પ્રકરણ - ૧ : ઇમામત 580

પ્રકરણ - ૨ : ઇમામત દીનની પુર્ણતા છે..... 584

પ્રકરણ - 3 : ઇમામત ઇસ્લામની બુનિયાદ છે 587

પ્રકરણ-૪ : ઇમામત દરેક નેકીઓનું મૂળ છે..... 589

પ્રકરણ - ૫ : ઇમામત ઉમ્મતની વ્યવસ્થા છે 593

પ્રકરણ-૬ : ઇમામત રબની પ્રણાલિકા છે 596

પ્રકરણ - ૭ : ઇમામત નૂર છે..... 603

પ્રકરણ - ૮ : ઇમામત નબુવ્વત કરતા ઉચ્ચ છે. 605

પ્રકરણ - ૯ : હુજ્જતે ખુદાની જરૂરત..... 607

પ્રકરણ - ૧૦ : ઈમામ હુજ્જત છે 616

પ્રકરણ-૧૧ : હુજ્જતે ખુદા ક્યારેક છુપા રહે છે 619

પ્રકરણ - ૧૨ : જો ઈમામ ન હોય તો જમીન ધસી જાય 624

પ્રકરણ - ૧૩ : કયામતના દિવસે દરેક ઉમ્મતને 627

પ્રકરણ - ૧૪ : ઇમામની મઅરેફત..... 633

પ્રકરણ-૧૫ : ઇમામની મઅરેફત રાખનારાઓ અને ન રાખનારાઓ 637

પ્રકરણ - ૧૬ : જમાનાના ઇમામની મઅરેફત વગર મરી જનાર 640

પ્રકરણ - ૧૭ : જે ઇમામને ઓળખતો નથી અને ઇન્કાર પણ નથી કરતો 642

પ્રકરણ - ૧૮ : ઇમામતની શરતો અને ઇમામતની ખાસિયતો..... 644

પ્રકરણ - ૧૯ : ઇમામતમાં અવરોધરૂપ બનતા કાર્યો 662

પ્રકરણ - ૨૦ : ઇમામે આદિલની ફરજો..... 665

પ્રકરણ - ૨૧ : ઈમામ અને ઉમ્મતના હક્કો અને ફરજો 669

પ્રકરણ-૨૨ : તમારા અઇમ્મા તમારાથી આગળ હશે 674

પ્રકરણ - ૨૩ : ઇમામે બરહકને છોડીને 676

પ્રકરણ - ૨૪ : જહન્નમવાળાઓના ઇમામ..... 678

પ્રકરણ-૨૫ : ઇમામના જૂઠા દાવેદાર 683

પ્રકરણ - ૨૬ : ઝાલિમ ઇમામો વિશેની મનઘડત હદીસો 685

પ્રકરણ - ૨૭ : જે ખુદાની ઇતાઅત નથી કરતા તેમની ઇતાઅત કરવી ફર્ઝ નથી 696

પ્રકરણ-૨૮ : ઝાલિમ ઇમામોની વિરૂધ્ધ..... 703

પ્રકરણ - ૨૯ : ઈમામ ક્યારે ક્યામ નથી કરતા ? 711

પ્રકરણ - ૩૦ : મોઅતઝલાહની દ્રષ્ટિએ ઝાલિમ ઇમામોની સામે કયામ કરવો 714

વિભાગ - ૨૨ : ઇમામત (૨) - ઇમામતે ખાસ્સહ..... 716

પ્રકરણ - ૧ : ઇમામની પસંદગી 716

પ્રકરણ-૨ : “હું તમારી વચ્ચે બે ભારે વસ્તુ છોડીને જઈ રહયો છું...” 721

પ્રકરણ - ૩ : તમારા પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની એહલેબૈતની સાથે રહો 723

પ્રકરણ-૪ : તેઓથી જ પ્રારંભ અને તેઓથી જ પૂર્ણતા..... 735

પ્રકરણ - ૫ : અમારી ઉપર લોકો ઝુલ્મથી હુકૂમત કરતાં હોવાનું કારણ..... 738

પ્રકરણ - ૬ : અમારે સલ્તનતી જરૂરત નથી..... 740

પ્રકરણ-૭ : જો લોકોનો દીન છોડી જવાનો ભય ન હોત તો ... 742

પ્રકરણ - ૮ : બાર ઇમામ ... 746

પ્રકરણ - ૯ : ઇમામનું ઇલ્મ ... 751

વિભાગ - ૨૨ : ઇમામત (3) - ઇમામતે ખાસ્સહ ... 754

પ્રકરણ - ૧ : અલી (અલયહિસ્સલામ)ની મોહબ્બત ... 754

પ્રકરણ - ૨ : મોઅમિન તમારાથી દુશ્મની અને ... 756

પ્રકરણ - 3 : હઝરત અલી (અલયહિસ્સલામ) નેક લોકોના ઈમામ છે ... 758

પ્રકરણ - ૪ : હઝરત અલી (અલયહિસ્સલામ) તમારા ઈમામ છે 760

પ્રકરણ - ૫ : હઝરત અલી (અલયહિસ્સલામ) મારા ખલીફા છે 763

પ્રકરણ - ૬ : હઝરત અલી (અલયહિસ્સલામ) મારા વસી છે 765

પ્રકરણ - ૭ : જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે 767

પ્રકરણ-૮ : મારા પછી અલી (અલયહિસ્સલામ) તમામ મોઅમિનોના વલી છે 770

પ્રકરણ - ૯ : અલી હકની સાથે છે 775

પ્રકરણ - ૧૦ : અલી કુરઆનની સાથે છે 777

પ્રકરણ - ૧૧ : અલી હુજ્જતે ખુદા છે 779

પ્રકરણ - ૧૨ : અલી મારા ઇલ્મનું પ્રવેશદ્વાર છે.. 780

પ્રકરણ - ૧૩ : મારા પછી અલી સૌથી વધારે હાકિમ છે 782

પ્રકરણ - ૧૪ : હું અને અલી એકજ વૃક્ષમાંથી છીએ. 784

પ્રકરણ - ૧૫ : યા અલી ! તમે મારા ભાઈ છો 786

પ્રકરણ - ૧૬ : અલી મારાથી છે અને હું અલીથી છું 789

પ્રકરણ - ૧૭ : મારા અને અલી સિવાય બીજું કોઈ મારી ફરજોને અદા કરી શકતું નથી..... 791

પ્રકરણ - ૧૮ : તમે હારૂન જેવું સ્થાન ધરાવો છો 793

પ્રકરણ - ૧૯ : જો તમે અલીને હાકિમ માની લ્યો.. 796

પ્રકરણ - ૨૦ : અલી (અલયહિસ્સલામ)નો પરિચય નબી (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના સ્વમુખે..... 798

પ્રકરણ-૨૧ : અલી (અલયહિસ્સલામ)નો પરિચય અલી (અલયહિસ્સલામ)ના પોતાના મુખે..... 804

પ્રકરણ - ૨૨ : મારા ગુણ આ છે..... 808

પ્રકરણ - ૨૩ : મેં સૌથી પહેલા ઇસ્લામ સ્વિકાર્યો 821

પ્રકરણ - ૨૪ : મારી પાસે સૌથી પહેલા અને સૌથી છેલ્લાનું ઇલ્મ છે 823

પ્રકરણ - ૨૫ : હું હંમેશા મઝલૂમ રહયો છું 829

પ્રકરણ - ૨૬ : મૌલા અલી (અલયહિસ્સલામ)નો પરિચય અલી (અલયહિસ્સલામ)ના સ્વમુખે 836

વિભાગ - ૨૨ : ઇમામત (૪) - ઇમામતે ખાસ્સહ ઉમ્મુલ અઇમ્મહ ફાતેમહ ઝહેરા સલામુલ્લાહે અલયહા 846

પ્રકરણ - ૧ : ફાતેમા સલામુલ્લાહે અલયહા 846

પ્રકરણ-૨ : સય્યદતુન્નીસાઈલ આલમીન 848

પ્રકરણ-૩ : અઝમતે ફાતેમા સલામુલ્લાહે અલયહા અઝમતે ખુદા..... 851

વિભાગ - ૨૨ : ઇમામત (૫) - ઇમામતે ખાસ્સહ હસનૈન શરીફૈન અલયહેમુસ્સલામ..... 853

પ્રકરણ - ૧ : હસનૈન શરીફૈનનું નામ મુબારક રાખવું. 853

પ્રકરણ - ૨ : જન્નતના જવાનોના સરદાર 860

પ્રકરણ - ૩ : હસનૈન-શરીફૈનની મોહબ્બત..... 862

પ્રકરણ - ૪ : પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની હસનૈન (અલયહિસ્સલામ)ને ભેટ 864

પ્રકરણ - ૫ : આ બંને ઈમામ છે..... 867

વિભાગ - ૨૨ : ઇમામત (૬) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)..... 870

પ્રકરણ-૧ : હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ (સ્પષ્ટ સાબિતી)..... 870

પ્રકરણ - ૨ : હસન (અલયહિસ્સલામ) મારાથી છે 873

પ્રકરણ - 3 : હસન (અલયહિસ્સલામ)નો મોહબ્બત 875

પ્રકરણ - ૪ : સૌથી વધારે ઇબાદત કરનાર..... 877

વિભાગ - ૨૨ : ઇમામત (૭) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)..... 878

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ (સ્પષ્ટ સાબિતી)..... 878

પ્રકરણ - ૨ : હુસૈન (અલયહિસ્સલામ) મારાથી છે. 881

વિભાગ - ૨૨ : ઇમામત (૮) ઇમામતે ખાસ્સહ ઇમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)..... 883

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ..... 883

પ્રકરણ - ૨ : ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) ક્યાં છે ? 885

વિભાગ - ૨૨ : ઇમામત (૯) ઇમામતે ખાસ્સહ ઇમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)..... 887

પ્રકરણ-૧ : હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ..... 887

પ્રકરણ - ૨ : ઇલ્મને ચીરશે (વિસ્તૃત કરશે) 889

વિભાગ - ૨૨ : ઇમામત (૧૦) ઇમામતે ખાસ્સહ ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)..... 892

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ..... 892

પ્રકરણ - ૨ : આપની સીરત અને શ્રેષ્ઠ અખ્લાક ... 896

વિભાગ - ૨૨ : ઇમામત (૧૧) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)..... 899

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ..... 899

પ્રકરણ-૨ : ઈમામ કૈદખાનામાં 901

વિભાગ - ૨૨ : ઇમામત (૧૨) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)..... 903

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ અલીરઝા (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ..... 903

પ્રકરણ - ૨ : આપ (અલયહિસ્સલામ)ને વલી અહદી (ખલીફાના પ્રતિનિધિ) બનવા માટે મજબૂર કરવામાં આવ્યા.. 904

પ્રકરણ - 3 : *સરખસ*ના કૈદખાનામાં 908

પ્રકરણ - ૪ : ઈમામ (અલયહિસ્સલામ) વિવિધ ભાષાઓ જાણતા હતા 910

પ્રકરણ - ૫ : તલવારમાંથી લોહી ટપકી રહ્યું છે. 912

વિભાગ - ૨૨ : ઇમામત (૧૩) ઇમામતે ખાસ્સહ ઇમામ મોહમ્મદ તકી જવાદ (અલયહિસ્સલામ)..... 913

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ મોહમ્મદ તકી જવાદ (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ..... 913

વિભાગ - ૨૨ : ઇમામત (૧૪) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ).....916

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ.....916

પ્રકરણ - ૨ : ઈમામ કૈદખાનામાં ... .918

વિભાગ - ૨૨ : ઇમામત (૧૫) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ).....924

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ.....924

પ્રકરણ-૨ : ઈમામ કૈદખાનામાં ... .926

વિભાગ - ૨૨ : ઇમામત (૧૬) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ કાએમ અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ 932

પ્રકરણ - ૧ : હઝરત (અલયહિસ્સલામ)ના પવિત્ર નામો..... 932

પ્રકરણ - ૨ : હઝરત મહદી (અજ્જલલ્લાહો ફરજહૂ)ની ઇમામત પર નસ્સ..... 938

પ્રકરણ - 3 : હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)..... 940

પ્રકરણ - ૪ : ખુદાની જમીન પર બકીયતુલ્લાહ.. 943

પ્રકરણ - ૫ : ઝહૂરે મહેદી (અલયહિસ્સલામ)ના ઝહૂર પહેલા કયામત આવશે નહીં..... 947

પ્રકરણ-૬ : મારી એહલેબૈતમાંથી એક માણસ જમીનને અદલથી ભરી દેશે..... 949

પ્રકરણ-૭ : તેઓ મારા નામ સમાન અને તેમના પિતા મારા પિતાના નામ સમાન હશે..... 951

પ્રકરણ - ૮ : કાએમે (આલે મોહમ્મદ અલયહિસ્સલામ)ની બે ગયબત..... 953

પ્રકરણ - ૯ : હાથમાં કાંટાની જેમ..... 956

પ્રકરણ - ૧૦ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના ગયબતના જમાનાની દુઆ. 961

પ્રકરણ - ૧૧ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના ઝહુર પહેલા કયામ (૧)..... 965

પ્રકરણ-૧૨ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના ઝહુર પહેલા ક્યામ (૨).....970

પ્રકરણ - ૧૩ : ઝહૂરનો ઇન્તેઝાર 972

પ્રકરણ - ૧૪ : ઝહુરનો ઇન્તેઝાર શ્રેષ્ઠ ઇબાદત છે 975

પ્રકરણ - ૧૫ : ઈમામ મહદી (અલયહિસ્સલામ)નો ઇન્તેઝાર કરનારાઓ..... 977

પ્રકરણ - ૧૬ : લોકો બિલ્કુલ નિરાશ થઈ જવા પછી કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)નો ઝહૂર થશે..... 979

પ્રકરણ - ૧૭ : (ઝહૂરનો) સમય નકકી કરનાર જૂઠો છે 981

પ્રકરણ - ૧૮ : ગયબતના કારણો 983

પ્રકરણ - ૧૯ : ગયબતના યુગમાં લોકોનો ઈમામ મહદી (અલયહિસ્સલામ) પાસેથી ફાયદો મેળવવો 992

પ્રકરણ - ૨૦ : હઝરત ઈમામ મેહદી (અલયહિસ્સલામ)ના ઝહૂરની નિશાનીઓ 995

પ્રકરણ - ૨૧ : હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)ના ઝહૂરનો સમય (૧)..... 1003

પ્રકરણ - ૨૨ : હઝરત ઈમામ મેહદી (અલયહિસ્સલામ)ના ઝહૂરનો સમય (૨)..... 1006

પ્રકરણ - ૨૩ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની સાથે કયા લોકો હશે 1008

પ્રકરણ - ૨૪ : ઝહૂર વખતે આપનું કામ શું હશે ? 1010

પ્રકરણ - ૨૫ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) નવી વસ્તુઓ લઈને આવશે.. 1012

પ્રકરણ - ૨૬ : ઈમામ મહદી (અલયહિસ્સલામ)ના ઝહૂર પછી દુનિયાની હાલત 1013

પ્રકરણ-૨૭ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના જમાના પછી 1021

વિભાગ - ૨૩ : ઈમાન..... 1023

પ્રકરણ - ૧ : ઈમાન..... 1023

પ્રકરણ - ૨ : ઈમાન અને ઇસ્લામ..... 1026

પ્રકરણ - 3 : ઈમાનનું મૂળ..... 1031

પ્રકરણ - ૪ : ઈમાનની હકીકત (૧)..... 1032

પ્રકરણ - ૬ : ઈમાનની હકીકત (3)..... 1037

પ્રકરણ - ૭ : ઈમાનની હકીકત (૪) 1043

પ્રકરણ – ૮ : ઈમાનની હકીકત (૫) 1047

પ્રકરણ - ૯ : ઈમાન અને અમલ..... 1052

પ્રકરણ – ૧૦ : મરજુઅહ 1055

પ્રકરણ - ૧૧ : ઈમાન અને ગુનાહ (૧) 1057

પ્રકરણ - ૧૨ : ઈમાન અને ગુનાહ (૨)..... 1065

પ્રકરણ - ૧૩ : ઈમાન અને ગુનાહ (3)..... 1068

પ્રકરણ - ૧૪ : સંપૂર્ણ ઈમાન 1073

પ્રકરણ - ૧૫ : સંપૂર્ણ ઈમાનનું માધ્યમ (૧)..... 1075

પ્રકરણ - ૧૬ : સંપૂર્ણ ઈમાનનું માધ્યમ (૨)..... 1081

પ્રકરણ - ૧૭ : સંપૂર્ણ ઈમાનનું માધ્યમ (3)..... 1086

પ્રકરણ - ૧૮ : ઈમાન અને દિલની શાંતિ..... 1090

પ્રકરણ - ૧૯ : ઈમાનમાં વધારો થાય છે..... 1092

પ્રકરણ - ૨૦ : ઈમાનના દરજ્જાઓ..... 1095

પ્રકરણ - ૨૧ : શ્રેષ્ઠ ઈમાન..... 1098

પ્રકરણ - ૨૨ : ઈમાનના વિભાગો..... 1100

પ્રકરણ - ૨૩ : ઈમાનના સ્તંભો..... 1101

પ્રકરણ - ૨૪ : ઈમાનનો સૌથી વધારે મજબૂત મુદ્દો 1103

પ્રકરણ - ૨૫ : સંપૂર્ણ અને સોંપાએલુ ઈમાન.... 1107

પ્રકરણ - ૨૬ : જે બાબતથી ઈમાન સાબિત રહે છે 1110

પ્રકરણ - ૨૭ : જે લોકો ઈમાનની મજા ચાખશે. 1114

પ્રકરણ - ૨૮ : જે લોકો જે ઈમાનની મજા નહીં ચાખે 1118

પ્રકરણ - ૨૯ જે લોકો ઈમાનની મીઠાસ અનુભવી નહીં શકે..... 1123

પ્રકરણ - ૩૦ : ઈમાનનો સૌથી નીચો દરજ્જો... 1126

પ્રકરણ - ૩૧ : જે બાબતો ઈમાનથી બહાર કરી દે છે 1128

પ્રકરણ - ૩૨ : એ બાબતો જે ઈમાનથી ઓછાંમાં ઓછાં દરજ્જાથી બહાર કરી દે છે..... 1129

પ્રકરણ - ૩૩ : એ બાબતનો કે જેનાથી..... 1133

પ્રકરણ - ૩૪ : ઈમાનની જરૂરીયાત..... 1146

પ્રકરણ - ૩૫ : મોઅમિનને મોઅમિન ગણવાનું કારણ..... 1154

પ્રકરણ - ૩૬ : મોઅમિનની અઝમત 1156

પ્રકરણ - ૩૭ : તમામ મોઅમિનો એક શરીર જેવા છે 1161

પ્રકરણ - ૩૮ : મોઅમિન કેવો હોય છે ? 1164

પ્રકરણ - ૩૯ : મોઅમિન કોણ છે ? 1188

પ્રકરણ - ૪૦ મોઅમિન ખડક કરતાયે વધારે મજબૂત હોય છે 1195

પ્રકરણ - ૪૧ મોઅમિન સામે તમામ બાબતો હલ્કી હોય છે 1198

પ્રકરણ - ૪૨ :મોઅમિન દરેક કસોટીમાંથી સફળતાપુર્વક પસાર થાય છે 1200

પ્રકરણ - ૪૩ : મોઅમિનની નિશાનીઓ 1205

પ્રકરણ - ૪૪ : મોઅમિન કોણ છે ?..... 1208

પ્રકરણ - ૪૫ : શ્રેષ્ઠ મોઅમિન..... 1210

પ્રકરણ - ૪૬ : મને જોનારા લોકોના ઈમાન વિશે આશ્ચર્ય પામવા જેવું નથી. 1213

વિભાગ - ૨૪ : અમાનત..... 1217

પ્રકરણ - ૧ : અમાનત..... 1217

પ્રકરણ - ૨ : અમાનત અદા કરી દેવી વાજિબ છે 1221

પ્રકરણ - ૩ : જે અમાનતનું ધ્યાન રાખતો નથી તેનું ઈમાન સંપૂર્ણ નથી..... 1227

પ્રકરણ - ૪ : અમાનતની નિશાનીઓ..... 1229

પ્રકરણ - ૫ : એવા લોકોને અમીન ન બનાવો.. 1232

પ્રકરણ - ૬ : અમાનતે ઇલાહી..... 1236

વિભાગ - ૨૫ : અમાન (રક્ષણ)..... 1242

પ્રકરણ - ૧ : અમાન (રક્ષણ) 1242

પ્રકરણ - ૨ અમાનતની જવાબદારીને સારી રીતે નિભાવો..... 1245

પ્રકરણ - 3 નાનામાં નાના માણસ પણ અમાન આપી શકે છે 1247

વિભાગ - ૨૬ : મોહબ્બત 1250

પ્રકરણ - ૧ : મોહબ્બત 1250

પ્રકરણ - ૨ : ખુદાની સાથે મોહબ્બત 1251

વિભાગ - ૨૭ : ઇન્સાન 1255

પ્રકરણ - ૧ : ઇન્સાન (૧) 1255

પ્રકરણ - ૨ : ઇન્સાન (૨) 1261

પ્રકરણ - 3 : ઇન્સાન (3) 1262

પ્રકરણ - ૪ : ઇન્સાનને પૈદા કરવાનો હેતુ 1265

પ્રકરણ - ૫ : ઇન્સાનની ઉત્પત્તિની શરૂઆત..... 1276

પ્રકરણ - ૬ : ઇન્સાનને અશક્ત પૈદા કરવામાં આવ્યો છે..... 1277

પ્રકરણ - ૭ : ઇન્સાન ત્રાજવા સમાન છે..... 1279

પ્રકરણ - ૮ ઇન્સાન બે નાની વસ્તુઓ સાથે અસ્તિત્વ ધરાવે છે..... 1280

પ્રકરણ - ૯ : ઇન્સાને કામિલ (સંપૂર્ણ માનવ)... 1283

વિભાગ - ૨૮ : વાસણ..... 1285

પ્રકરણ - ૧ : સોના ચાંદીના વાસણ..... 1285

ب – બા..... 1287

વિભાગ - ૧ : બુખ્લ..... 1287

પ્રકરણ - ૧ : બુખ્લ (કંજુસાઈ)..... 1287

પ્રકરણ - ૨ : કંજુસ..... 1294

પ્રકરણ - ૨ : કંજુસ..... 1301

પ્રકરણ - ૪ : કંજુસને નિરાંત નથી હોતી..... 1308

પ્રકરણ - ૫ : સૌથી મોટો કંજુસ 1310

વિભાગ - ૨ : બિદઅત 1315

પ્રકરણ - ૧ : બિદઅત..... 1315

પ્રકરણ - ૨ : બિદઅત કરનારાઓ..... 1319

પ્રકરણ - 3 : બિદઅતનો અર્થ 1321

પ્રકરણ - ૪ : બિદઅતીથી મુખ ફેરવી લેવું..... 1323

પ્રકરણ - ૫ : બિદઅત કરનારાઓ અને ઇબાદત 1327

પ્રકરણ - ૬ : બિદઅત કરનારાઓના અમલ કબૂલ થવાને પાત્ર નથી. 1331

પ્રકરણ - ૭ : બિદઅત કરનારની તૌબા..... 1333

પ્રકરણ - ૮ : જ્યારે બિદઅતો જાહેર થઈ જાય... 1334

વિભાગ - 3 : બદાઅ... 1337

પ્રકરણ - ૧ : બદાઅ... (ફેરફારને પાત્ર બાબતો) 1337

પ્રકરણ - ૨ : બદાઅનો અર્થ 1338

પ્રકરણ - ૩ : અશક્ય બદાઅ..... 1339

પ્રકરણ - ૪ : બદાઅનું વિવરણ 1340

વિભાગ - ૪ : ઇબ્દાલ (બુઝુર્ગ) 1347

પ્રકરણ - ૧ : ઇબ્દાલ (બુઝુર્ગ)..... 1347

વિભાગ - ૫ તબ્ઝીર (ઇસ્રાદફ- નકામો ખર્ચ કરવો)

..... 1349

પ્રકરણ-૧ : તબ્ઝીર (ઇસ્રાુફ- નકામો ખર્ચ કરવો)

..... 1349

પ્રકરણ - ૨ : ઇસ્રાલફનોઅર્થ..... 1352

વિભાગ - ૬ : બીરર (નેકી)..... 1354

પ્રકરણ - ૧ : બીરર (નેકી)..... 1354

પ્રકરણ - ૨ : નેકીના દરવાજા..... 1360

પ્રકરણ - ૩ : નેક માણસની નિશાની..... 1362

પ્રકરણ - ૪ : શ્રેષ્ઠ નેકી..... 1365

પ્રકરણ - ૫ : પરસ્પર નેકીની હિદાયત કરો..... 1366

પ્રકરણ - ૬ : સંપૂર્ણ નેકી..... 1368

વિભાગ-૭ : બરઝખ 1369

પ્રકરણ - ૧ : બરઝખ..... 1369

પ્રકરણ - ૨ : બરઝખમાં અહીંના શરીરો જેવા શરીર હશે..... 1373

પ્રકરણ - ૩ : બરઝખની હાલતમાં મોઅમિનોનો રૂહો. 1375

પ્રકરણ - ૪ : કાફરોની રૂહો..... 1380

વિભાગ - ૮ : બરકત 1384

પ્રકરણ - ૧ : બરકતવાળો ઇન્સાન..... 1384

પ્રકરણ - ૨ : બરકતના માધ્યમો.... 1386

પ્રકરણ - ૩ : બરકત અટકાવનારા કારણો..... 1390

વિભાગ - ૯ : બુરહાન (દલીલ) 1393

પ્રકરણ - ૧ : તમારા રબ તરફથી દલીલ..... 1393

પ્રકરણ - ૨ : લાવો, તમારી દલીલો રજૂ કરો. ... 1395

વિભાગ-૧૦ : બિશ્રુ (હસતા ચહેરે મળવું)..... 1397

પ્રકરણ - ૧ : બિશ્રો (હસતા ચહેરે મળવું)..... 1397

પ્રકરણ - ૨ : ગુનાહોથી ડરાવવું એ જન્નતની ખૂશખબરી આપવા સમાન છે. 1404

વિભાગ - ૧૧ : બસીરત (અંતરદ્રષ્ટિ - અકકલમંદી) 1405

પ્રકરણ - ૧ : બસીરત..... 1405

પ્રકરણ - ૨ : સૌથી વધારે બસીરત ધરાવનાર માણસ..... 1410

વિભાગ - ૧૨ : બાતિલ 1411

પ્રકરણ - ૧ : બાતિલ 1411

પ્રકરણ - ૨ : હક અને બાતિલ વચ્ચેનું અંતર ... 1417

પ્રકરણ - 3 : હક અને બાતિલની ચકાસણી 1421

પ્રકરણ - ૪ : ઇન્સાનનું દિલ બાતિલને હક સાથે ભળી જવા ઉપર વિશ્વાસ રાખતું નથી. 1423

વિભાગ - ૧3 : બુગ્ઝ (દ્વેષ)..... 1425

પ્રકરણ - ૧ : અલ્લાહ તઆલા સાથે બુગ્ઝ રાખનારાઓ 1425

પ્રકરણ - ૨ : ખુદાની નજરોમાં સૌથી વધારે 1431

પ્રકરણ - ૩ : મારી (હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની) નઝદીક સૌથી... 1446

પ્રકરણ - ૪ : અલ્લાહની નઝદીક સૌથી વધારે બુઝ્ઝને પાત્ર અખ્લાક 1449

પ્રકરણ - ૫ : અલ્લાહની નઝદીક સૌથી વધારે. 1450

પ્રકરણ - ૬ : ખુદાની નઝદીક સૌથી 1452

પ્રકરણ - ૭ : સૌથી વધારે બુઝ્ઝને પાત્ર જમીનનો ભાગ 1454

પ્રકરણ - ૮ : દુશ્મની 1456

વિભાગ - ૧૪ : સરકશી (અવજ્ઞાકારી, સ્વેચ્છાચારી, અધમતા)..... 1457

પ્રકરણ - ૧ : સરકશી..... 1457

વિભાગ - ૧૫ : સરકશ (બગાવત કરનાર)..... 1464

પ્રકરણ - ૧ : સરકશ (બગાવત કરનાર)..... 1464

પ્રકરણ - ૨ : મુસલમાન બળવાખોરો સાથે જંગ 1472

પ્રકરણ - 3 : ઇસ્લામી સરજમીન ઉપર ઇમામની વિરૂધ્ધ બળવો કરનારાઓ સાથે જંગ..... 1480

પ્રકરણ - ૪ : બળવાખોરો સાથે જંગની શરૂઆત1481

પ્રકરણ - ૫ બળવાખોર કૈદીઓની કત્લ કરવા જાએઝ છે..... 1483

પ્રકરણ - ૬ : નાસ્બીઓને કત્લ કરવા જાએઝ છે. 1486

વિભાગ - ૧૬ : બુકા (રડવું)..... 1488

પ્રકરણ - ૧ : ખૌફે ખુદાથી રડવું..... 1488

પ્રકરણ - ૨ : પોતાની જાત ઉપર રડવું..... 1498

પ્રકરણ - 3 : આંખનું સુકાઈ જવું..... 1500

વિભાગ - ૧૭ : બલદ (શહેર)..... 1502

પ્રકરણ - ૧ : પાક શહેર..... 1502

પ્રકરણ - ૨ : મોટા શહેરોમાં 1505

પ્રકરણ - 3 : શ્રેષ્ઠ શહેર..... 1506

પ્રકરણ - ૪ : કોઈ શહેરી તેનાથી વિમુખ રહી શકતો નથી..... 1507

વિભાગ - ૧૮ : બલાગત (અલંકારિક શૈલી) 1509

પ્રકરણ - ૧ : બલાગત..... 1509

પ્રકરણ - ૨ : સૌથી વધારે વિદ્વતા 1513

પ્રકરણ - 3 : શ્રેષ્ઠ બલાગત..... 1515

પ્રકરણ - ૪ : વાતચીતમાં સખ્તાઈ 1516

પ્રકરણ - ૫ : બલાગત..... 1519

વિભાગ - ૧૯ : તબ્લીગ..... 1521

પ્રકરણ - ૧ : તરજુમાને હક (હકને પ્રસ્તુત કરનાર) 1521

પ્રકરણ – ૨ મુસલમાન મુબલ્લીગ (ધર્મ પ્રચારક) ની ખાસિયતો..... 1522

પ્રકરણ - 3 : જાહેરી રીતે તબ્લીગ કરવી..... 1525

વિભાગ - ૨૦ : બુલુગ (જવાની) 1527

પ્રકરણ - ૧ : બુલુગ (જવાની) 1527

વિભાગ - ૨૧ : ભોળપણ (સાદગી) 1534

પ્રકરણ - ૧ : ભોળપણ (સાદગી) 1534

વિભાગ - ૨૨ : બલા (આજમાઈશ).....1537

પ્રકરણ - ૧ : આજમાઈશ.....1537

પ્રકરણ - ૨ : આજમાઈશના કારણો.....1542

પ્રકરણ - 3 : મોઅમિન માટે સખ્ત અજમાઈશ.1557

પ્રકરણ – ૪ : મોઅમિન કેટલાય પ્રકારની
આજમાઈશમાં ફસાએલો હોય છે.....1568

પ્રકરણ - ૫ : પોતાની જાતે લાવેલી મૂસીબત...1571

પ્રકરણ - ૬ : જે લોકોની આઝમાઈશ થતી નથી,
.....1575

પ્રકરણ - ૭ : આઝમાઈશ નેઅમત છે.....1580

પ્રકરણ - ૮ મોઅમિન માટે આઝમાઈશ ખુદાની મહેરબાની હોય છે. 1585

પ્રકરણ - ૯ : આજમાઈશમાં નસીહત રહેલી છે. 1589

પ્રકરણ - ૧૦ અજમાઈશ ગુનાહોને ખત્મ કરી નાખે છે..... 1596

પ્રકરણ – ૧૧ : અલ્લાહ તઆલા દ્વારા પોતાના પ્રિય બંદાઓની આજમાઈશ..... 1603

પ્રકરણ - ૧૨ અજમાઈશ ઈમાન સાથે સંબંધિત હોય છે..... 1607

પ્રકરણ - ૧૩ : આઝમાઈશ અને પ્રગતિ..... 1614

પ્રકરણ-૧૪ કસોટી અને અલ્લાહની બારગાહમાં રજુ થવાનું કારણ 1619

પ્રકરણ - ૧૫ : બંદાઓ માટે ઉન્નતીને પાત્ર દરજ્જાઓ 1622

પ્રકરણ - ૧૬ : આઝમાઈશ ને દોસ્ત રાખવી..... 1624

પ્રકરણ - ૧૭ : મોમીન હંમેશા આઝમાઇશમાં રહે છે. 1626

પ્રકરણ - ૧૮ : કસોટી - મોમીનની ભલાઈ 1627

પ્રકરણ - ૧૯ : બંદાની સખ્ત આઝમાઇશ 1630

પ્રકરણ - ૨૦ : સૌથી સખ્ત આઝમાઈશ..... 1632

પ્રકરણ - ૨૧ : અજમાઈશ અને પરાકાષ્ઠાની સલામતીના રસ્તા ખુલે છે. 1635

પ્રકરણ - ૨૨ : અજમાઈશના સમયની દુઆ..... 1637

પ્રકરણ - ૨૩ : અજમાઈશમાં ફસાએલા માણસને જોતી વખતે પડવાની દુઆ 1640

પ્રકરણ - ૨૪ : જો તું કોઈ આઝમાઈશનું કારણ બને 1643

વિભાગ - ૨૩ : બોહતાન (ખોટો આક્ષેપ મુકવો).... 1644

પ્રકરણ - ૧ : બોહતાન 1644

પ્રકરણ - ૨ : આસમાનો કરતા વધારે વજનદાર 1650

વિભાગ - ૨૪ : મુબાહેલહ.....1651

પ્રકરણ - ૧ : મુબાહેલહ.....1651

વિભાગ - ૨૫ : બયઅત.....1660

પ્રકરણ - ૧ : બયઅત.....1660

પ્રકરણ - ૨ : સ્ત્રીઓ પાસેથી લેવાએલી બયઅત1666

પ્રકરણ - 3 : બયઅત તોડી નાખવી.....1671

પ્રકરણ - ૪ : મુસલમાનોએ હઝરત અમીર (અલયહિસ્સલામ)ની બયઅત કરવી. 1675

ت- તા.....1678

વિભાગ - ૧ : તીજારત (વેપાર).....1678

પ્રકરણ - ૧ : તીજારત 1678

પ્રકરણ - ૨ : વેપાર કરવાનું છોડી દેવું..... 1681

પ્રકરણ - ૩ : વેપારી 1686

પ્રકરણ - ૪ : વેપારના આદાબ 1688

પ્રકરણ - ૫ : મજબુર લોકો સાથે વ્યવહાર 1692

પ્રકરણ - ૬ સંકુચિત માણસ સાથે સોદો રદ કરી નાખવો..... 1694

પ્રકરણ - ૭ : વજન પુરૂં કરો - ઓછું ન આપો.. 1697

પ્રકરણ - ૮ : અંદાજ સાથે ખરીદ-વેચાણ..... 1702

પ્રકરણ - ૯ : કારોબારમાં સદકો આપ્યા કરો... 1703

પ્રકરણ - ૧૦ : કારોબારમાં નરમી અને સરળતા 1704

પ્રકરણ - ૧૧ : ભાવતાલ 1707

પ્રકરણ - ૧૨ જે વસ્તુઓમાં ભાવતાલ કરવો મકરૂહ છે..... 1709

પ્રકરણ - ૧૩ ભાવતાલ કરનાર અને બીજા માણસ વચ્ચે સમાનતા..... 1711

પ્રકરણ - ૧૪ : મોઅમિને મોઅમિન પાસેથી નફો લેવો..... 1713

પ્રકરણ - ૧૫ તાજીર ફાજીર છે. (વેપારી દુરાચારી છે.) 1716

પ્રકરણ - ૧૬ : સાચુ બોલનાર વેપારી 1719

પ્રકરણ - ૧૭ : જુઠો વેપારી..... 1721

પ્રકરણ - ૧૮ : કસમ ખાઈને માલ વેચવો 1722

પ્રકરણ - ૧૯ : આખેરતનો વેપાર 1725

પ્રકરણ - ૨૦ આખેરતના વેપારી વતી અલ્લાહ વેપાર કરે છે..... 1734

પ્રકરણ - ૨૧ (એવા લોકો) જેમને વેપાર ગાફિલ કરતો નથી..... 1737

પ્રકરણ - ૨૨ : દીનને વેપારનું માધ્યમ બનાવવું 1739

વિભાગ - ૨ : ખુશહાલ લોકો..... 1742

પ્રકરણ - ૧ : ખુશહાલ લોકો..... 1742

વિભાગ - 3 : તોહમત..... 1743

પ્રકરણ - ૧ : તોહમત..... 1743

પ્રકરણ - ૨ તોહમત આવે તેવી જગ્યા ઉપર ન જાવ. 1744

વિભાગ - ૪ : તૌબા..... 1746

પ્રકરણ - ૧ : તૌબા 1746

પ્રકરણ - ૨ અલ્લાહ તૌબા કરનારાઓને દોસ્ત રાખે છે..... 1750

પ્રકરણ - ૩ : તૌબા કરનારાઓ..... 1755

પ્રકરણ - ૪ બધા ભેગા મળીને ખુદાની બારગાહમાં તૌબા કરો. 1759

પ્રકરણ - ૫ : તૌબાની કબૂલીયાત 1762

પ્રકરણ - ૬ : તૌબા કયાં સૂધી કબૂલ થાય છે ? 1765

પ્રકરણ - ૭ (ગુનાહ માટે) ભોંઠપ અનુભવવી તે પણ તૌબા છે..... 1771

પ્રકરણ - ૮ : ગુનાહોનો સ્વિકાર 1774

પ્રકરણ - ૯ : તૌબાનો સ્તંભ..... 1779

પ્રકરણ - ૧૦ : લોકોના હકોમાં તૌબા 1789

પ્રકરણ - ૧૧ : લડનારાઓની તૌબા 1793

પ્રકરણ - ૧૨ : તૌબાના પ્રકાર..... 1795

પ્રકરણ - ૧૩ : તૌબાએ નસૂહ 1796

પ્રકરણ - ૧૪ : તૌબા કરવામાં વિલંબ..... 1801

પ્રકરણ-૧૫ : તૌબા કરવા કરતા વધારે સારું.....
..... 1805

પ્રકરણ - ૧૬ ખુદા તૌબા કરનારાઓની પરદાપોશી
કરે છે..... 1807

પ્રકરણ - ૧૭ : બુરાઈઓનું નેકીમાં પરિવર્તન ... 1810

પ્રકરણ - ૧૮ : અલ્લાહ વિશે એમ કહેવું કે ‘નહીં બક્ષે’ 1814

ث - સા 1817

વિભાગ - ૧ : સવાબ..... 1817

પ્રકરણ - ૧ : સવાબ 1817

પ્રકરણ - ૨ : સખ્તીના બદલામાં સવાબ મળે છે. 1822

પ્રકરણ - 3 : સૌથી મોટો સવાબ..... 1824

પ્રકરણ - ૪ : અમારી પાસે બીજું પણ ઘણું છે... 1825

પ્રકરણ - ૫ : અમલના સવાબ વિશે..... 1831

પ્રકરણ - ૬ : કાફરને પણ સવાબ મળે છે..... 1833

વિભાગ - ૨ : સુરહ (ઇન્કેલાબ)..... 1835

પ્રકરણ - ૧ : મહદી (અલયિહિસ્સલામ)ના ઝહુર થવા પહેલા મશ્રીક(પુર્વ દીશા)...માં ઇસ્લામી ઇન્કેલાબ (૧) 1835

પ્રકરણ - ૨ : હઝરત મહદી (અલયિહિસ્સલામ)ના ઝહુર થવા પહેલા પુર્વ દિશામાં ઇસ્લામી ઇન્કેલાબ (૨) 1839

પ્રકરણ - 3 દીન ખાતર તમારા વતી મોરચો સંભાળશે. 1848

પ્રકરણ-૪ ખુદા તમારી ઉપર અજમવાસીઓને જરૂર મોકલશે. 1854

પ્રકરણ-૫ કુમ શહેરથી ઇન્કલાબનો આરંભ 1858

١ - અલીફ

ભાગ - ૧ : ઇસાર

પ્રકરણ - ૧ ઇસાર (સ્વાર્થ ત્યાગ કરવો)

ઇસાર (સ્વાર્થ ત્યાગ કરવો)

(પોતાની જરૂરીયાતો ઉપર બીજા લોકોને અગ્રતા આપવી)

(૧) ઇસાર એ ઉચ્ચ કક્ષાની બુઝુર્ગી છે

(૨) ઇસાર એ ઈમાનનો ઉચ્ચ દરજ્જો છે.

(૩) ઇસાર એ ઉચ્ચ કક્ષાની નેકી છે.

(૪) ઇસાર એ શ્રેષ્ઠ નેકી અને ઈમાનનો ઉચ્ચ દરજ્જો છે.

(૫) ઇસાર એ અહેસાનની પરાકાષ્ઠા છે.

(૬) ઇસાર એ સૌથી ઉમદા એહસાન છે.

(૭) ઇસાર સૌથી શ્રેષ્ઠ બુઝુર્ગી છે.

(૮) ઇસાર એ સૌથી ઉચ્ચ મરતબો અને ઉત્તમ વિશેષતા છે.

(૯) ઇસાર એ નેક લોકોની ટેવ અને ઉત્તમ ઇન્સાનોની લાક્ષણિકતા છે.

(૧૦) ઇસાર એ શ્રેષ્ઠ ઇબાદત અને ઉચ્ચ કક્ષાની સરદારી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૧) ઇસાર ઝોહદની શોભા છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૨) ઇસાર ફઝીલત છે અને સંગ્રહખોરી અધમતા છે.

(૧૩) શ્રેષ્ઠ સખાવત, ઇસાર છે.

(૧૪) ઇસાર વિશે એટલી વાત પૂરતી છે કે તે એક બુઝુર્ગી છે.

(૧૫) બીજા લોકો સાથે ઇન્સાફ ભર્યું વર્તન કરો અને મોઅમિનો સાથે ઇસાર સાથેનું વર્તન કરો.

(૧૬) જો કોઈ શ્રેષ્ઠ બાબત તમે અપનાવવા માંગતા હો તો તે ઇસાર સાથે શોભાયમાન થવું છે.

(૧૭) નેક લોકોની વિશિષ્ટતા એ હોય છે કે તેઓ પોતાની જાતને ઇસાર માટે તૈયાર રાખતા હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮) હઝરતે મૂસા (અલયહિસ્સલામ)એ અર્ઝ કરી : "પરવરદિગાર, મને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) અને તેઓની ઉમ્મતના દરજ્જાઓ દેખાડ." ખુદાવંદે આલમે ઇરશાદ ફરમાવ્યું :

"મૂસા, તમારામાં એ જોવાની તાકત નથી. અલબત્ત હું તમને તેઓની ઉચ્ચ અને શ્રેષ્ઠ કક્ષાની

મંઝેલતોમાંથી ફક્ત એક સ્થાન દેખાડું છું - જેના કારણે મેં તેઓની તમારી ઉપર અને બીજી તમામ મખ્લૂક પર અગ્રતા આપી છે." અત: હઝરતે મૂસા ની સામેથી ઇલાહી શાસનના પરદાઓ હટાવી દેવામાં આવ્યા. જ્યારે તેઓએ એ મંઝેલતના નૂર અને ખુદાની નિકટતા જોઈ ત્યારે તેઓની હાલત એવી થઈ ગઈ કે તેઓ પોતાનો પ્રાણ, પ્રાણ આપનારના હવાલે કરવા માટે તૈયાર થઈ ગયા અને બારગાહે રબ્બુલ ઇઝઝતમાં અર્ઝ કરી. "પરવરદિગાર તે તેઓ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને આ શ્રેષ્ઠતા અને બુઝુર્ગી કયા કારણોસર અતા ફરમાવી ?" ખુદાવંદે આલમે

ફરમાવ્યું : "તેઓની એ ખૂબીઓના કારણે જે મને સૌથી વધારે પસંદ છે. અને તે ઇસાર (ની ખૂબી) છે.

અય મૂસા, તેઓમાંથી જે શખ્સ મારી પાસે એ હાલતમાં આવશે કે તેણે પોતાની ઝીંદગીનો અમૂક સમય આ (કામ એટલે કે ઇસાર)ની પાછળ વિતાવ્યો હોય તો તેનો હિસાબ લેવામાં મને શરમ આવશે તેને હું બેહિશ્તમાં તેની ઇચ્છા મુજબનું સ્થાન આપીશ.

પ્રકરણ - ૨ : ઇસાર થકી બુઝુર્ગી પૂર્ણતા પામે છે.

(૧૯) પાકદામની અને ઇસાર વગર બુઝુર્ગીઓની પૂર્ણતા થતી નથી.

(૨૦) ઇસાર એ બુઝુર્ગીઓની પરાકાષ્ઠા છે.

(૨૧) શરીફો પોતાના નફસનો શણગાર ઇસાર દ્વારા ખિલવી શકે છે.

(૨૨) કોઈપણ માણસ ઇસાર થકી જ બુઝુર્ગ કહેવાને લાયક બને છે.

(૨૩) ઇસાર દ્વારા જ આઝાદ લોકોને ગુલામ બનાવી શકાય છે.

(૨૪) તમે તમારા નફ્સ પર ઇસાર કરીને લોકોને ગુલામ બનાવી શકો છો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : પોતાના નફ્સ પર ઇસાર કરનારા લોકો

કુરઆને મજીદ :-

"તેઓ પોતાના મનમાં જરાએ ઇચ્છા રાખતા નથી અને પછી ભલે ને તેમને પોતાને જરૂર (આવી પડી) હોય છતાં તેમને પોતાના પર અગ્રતા આપે છે." (તેઓ પોતાના નફ્સો પર ઇસાર કરે છે ભલે તેમને પોતાને પણ જરૂરત હોય.)

હદીસો :-

(૨૫) સંપૂર્ણ મોઅમિનોની એ વિશેષતા હોય છે કે તેઓ તંગી અને આસાનીની હાલતમાં પોતાના મોઅમિન ભાઈઓ સાથે નેકી કરનારા હોય છે. તંગીની હાલતમાં પોતાની ઉપર તેઓને અગ્રતા આપતા હોય છે. અલ્લાહ તઆલા તેવા લોકોની પ્રશંસા અને સમર્થન આ પ્રમાણે કરે છે. "તેઓ પોતાના નફ્સ પર ઇસાર કરે છે....”

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૬) અલ્લાહ તઆલાએ ઓછો માલ ધરાવનારાની પ્રશંસા કરી છે અને ફરમાવ્યું છે : "તેઓ પોતાના નફ્સ પર ઇસાર કરે છે .....”

(૨૭) માલમાં વધારો હોવો એ જ નેકી નથી, કારણકે ખુદાવંદે આલમ ફરમાવે છે કે "તેઓ પોતાના નફસ પર ઇસાર કરે છે .....” અને ખુદાએ આ શબ્દોમાં જેમની પ્રશંસા કરી છે, તેમને દોસ્ત પણ રાખે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૮) પૂછવામાં આવ્યું કે : કયા પ્રકારનો સદકો શ્રેષ્ઠ છે ? ફરમાવ્યું : નાદારની કોશિશ અને મહેનત. શું તમે નથી સાંભળ્યુ કે : "તેઓ પોતાના નફસો પર .....” તમને એ બાબતમાં ફઝીલત દેખાય છે કે નહીં ?

(૨૯) એક માણસે રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં હાજર થઈને પોતાની ભૂખની ફરિયાદ કરી. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ પોતાના પત્નીઓના ઓરડા તરફ કોઈને મોકલીને પૂછાવ્યુ કે ખાવા માટે કંઈ છે ? જવાબ મળ્યો કે અમારી પાસે પાણી સિવાય કાંઈ નથી. આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ પુછ્યું આજે રાત્રે આ માણસને કોણ મહેમાન બનાવશે ? હઝરત અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)એ અર્ઝ કરી : હુઝૂર હું હાજર છું. ત્યાર પછી હઝરત અલી (અલયહિસ્સલામ), જનાબે

ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહા પાસે આવ્યા અને પુછ્યું : દુખ્તરે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) આપની પાસે (ખાવા પીવા માટે) શું મૌજૂદ છે ? આપ (સલામુલ્લાહે અલયહા)એ અર્ઝ કરી મારી પાસે રાતના ખાણા સિવાય કંઈ નથી, પરંતુ આપણે મહેમાનોને આપણી (જરૂરત) પર અગ્રતા આપીએ છીએ. હઝરત અલી (અલયહિસ્સલામ) એ ફરમાવ્યું : (હા, તો એમજ કરો) બાળકોને સુવરાવી દયો અને દીવો બુજાવી દો.

સવાર પડી ત્યારે હઝરત અલી (અલયહિસ્સલામ), હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં હાજર થયા અને તમામ હકીકતનું વર્ણન કર્યું. હજી હઝરત અલી (અલયહિસ્સલામ) ત્યાં હાજર હતા ત્યારે જ ખુદાવંદે આલમે આ આયત નાઝીલ ફરમાવી : "તેઓ પોતાના નફસો પર .....”

(૩૦) હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં એક સહાબીએ ઘેટાની મૂંડી હદીયા રૂપે મોકલી. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ

ફરમાવ્યું : મારા ફલાણા ભાઈના કુટુંબીજનો અમારા કરતા વધારે જરૂરતમંદ છે તેથી આ તેમને મોકલાવી દો. તેણે બીજા જરૂરતમંદ તરફ, બીજાએ ત્રીજાની તરફ. એવીજ રીતે એમ કરતા કરતા તે સાત ઘરોમાં ફરીને છેવટે પહેલા માણસ પાસે લાવવામાં આવી ત્યારે કુરઆને મજીદની ઉપરોક્ત આયત નાઝીલ થઈ.

(૩૧) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ એક લાંબી હદીસમાં ફરમાવ્યું : જેમાં આપે હઝરત ઉમર બિન અલ ખત્તાબની મૌત પછી લોકોને સંબોધીને ફરમાવ્યું : હું તમને

બધાને ખુદાની કસમ આપીને પુછું છું કે શું તમારી વચ્ચે મારા સિવાય બીજો કોઈ શખ્સ છે ? જેના વિશે "તેઓ પોતાના નફ્સ પર.....” (સૂ. હશ્રની આયત નં ૯) આ આયત નાઝીલ થઈ હોય ? બધાએ જવાબ આપ્યો : "ના."

(૩૨) હઝરતે ફાતેમા સલામુલ્લાહે અલયહા પાસે થોડા જવ હતા. તેઓએ તેનો લોટ બનાવીને ગૂંદયો. તેની રોટલીઓ તૈયાર કરી. જ્યારે રોટલીઓ તૈયાર થઈને બધાની સામે આવી ત્યારે એક અસહાય માણસે સવાલ કર્યો : ખુદા આપની ઉપર રહેમ કરે. હઝરત અલી (અલયહિસ્સલામ)એ

ઉભા થઈને ત્રીજો ભાગ આપી દીધો. થોડી વાર પછી યતીમ આવ્યો , તેણે સવાલ કર્યો : ખુદા તમારા પર રહેમ કરે, તેઓએ ઉભા થઈને બીજો ભાગ આપી દીધો. ત્યાર પછી તુરત જ એક અસીર (કૈદી) આવ્યો. તેણે કહ્યું ખુદા મારા પર રહેમ કરે. આમ કહીને તેણે સવાલ કર્યો. હઝરત અલી (અલયહિસ્સલામ)એ બાકી વધેલો ત્રીજો ભાગ પણ તેને આપી દીધો. અને ઘરના કોઈ સભ્યએ કાંઈ પણ ન ખાધું. આ પ્રસંગ પછી ખુદાવંદે આલમે આ આયત નાઝીલ ફરમાવી : વ યુતએમુનત્તઆમ અલા હુબ્બેહી મીસ્કીનંવ વ યતીમંવ વ અસીરા. (સૂ. દહર આ. ૮)

(૩૩) હ.આયશાએ ફરમાવ્યું : હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ સતત ત્રણ દિવસ સૂધી ક્યારેય પણ પેટ ભરીને ખાધું ન હતું. આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની આ ટેવ છેવટ સૂધી ચાલૂ રહી હતી. જો આપ ઇચ્છતે તો પેટ ભરીને ખાઈ શકત, પરંતુ આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પોતાની જરૂરતો પર

બીજાને અગ્રતા આપતા હતા.

(૩૪) (હિજરતની રાતે) જ્યારે હઝરત અલી (અલયહિસ્સલામ) રસૂલ (સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમ)ના બિસ્તર પર સૂતા હતા ત્યારે અલ્લાહ તબારક વ તઆલાએ જિબ્રઈલ અને મીકાઈલને વહી ફરમાવી : મેં તમો બંને વચ્ચે ભાઈચારો સ્થાપી દીધો છે અને તમો બંનેની વય એકબીજાથી વધારે નક્કી કરી છે. તો હવે તમારામાંથી કોણ એકની વય બીજા પર નીછાવર કરશે ? બંનેએ પોત પોતાની ઝીંદગી વધારવાનું પસંદ કર્યું. ત્યાર પછી ખુદાવંદે આલમે તેઓ તરફ વહી નાઝીલ ફરમાવી : શું તમે હઝરત અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)ની જેમ નથી ? મેં હઝરત અલી (અલયહિસ્સલામ) અને હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

વચ્ચે ભાઈચારો પૈદા કર્યો છે. જુઓ હઝરત અલી (અલયહિસ્સલામ) તો પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના બિસ્તર ઉપર સૂઈ ગયા છે અને પોતાના પ્રાણને પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના પ્રાણ ઉપર (કુરબાન કરવા માટે) અગ્રતા આપી છે. એ પ્રસંગે ખુદાવંદે આલમે આ આયત નાઝીલ ફરમાવી : વમેનન્નાસે મંય યશરી ..... લોકોમાંથી એક ઇન્સાન એવો પણ છે જે અલ્લાહની રઝામંદી માટે પોતાનો પ્રાણ વેચી દે છે. અને અલ્લાહ પોતાના બંદાઓ પર મહેરબાન છે. “

પ્રકરણ - ૪ પોતાની ઉપર બીજાને અગ્રતા આપનારને ખુદા પણ અગ્રતા આપે છે.

પોતાની ઉપર બીજાને અગ્રતા આપનારને ખુદા પણ અગ્રતા આપે છે.

(૩૫) હઝરત અલી (અલયહિસ્સલામ)એ તેઓને ગમતું એક કાપડ ખરીદ્યું. આપે તે કપડાને સદકામાં આપી દીધું અને ફરમાવ્યું : મેં રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું કે તેઓ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જે શખ્સ પોતાની

જરૂરિયાતો ઉપર બીજાને અગ્રતા આપશે તો ખુદા પણ કયામતના દિવસે

જન્નતમાં પ્રાથમિક્તા આપશે.

(૩૬) એક જન્નત એવી પણ છે, જેમાં ફક્ત ત્રણ પ્રકારના લોકો જશે. ..... એટલે સૂધી કે આપે ફરમાવ્યું : એક એ માણસ જે ખુદાની ખુશી માટે પોતાની જરૂરત પર બીજાને જ અગ્રતા આપતો હોય.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૩૭) જે માણસ ઇસાર પ્રદર્શિત કરે (એટલે કે પોતાની ઉપર બીજાને અગ્રતા આપે) તે ફઝીલતનો હકદાર છે.

(૩૮) જે માણસ ઇસાર કરે છે તે મર્દાનગીની હદોને સ્પર્શી લે છે.

(૩૯) ઇસાર કરનારાઓ એઅરાફ (જન્નત અને દોઝખ વચ્ચેની જગ્યા)ના લોકોમાંથી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨ : અજ્ર (બદલો)

પ્રકરણ - ૧ : અમો સુધારણા કરનારાઓના અજ્રને નકામો જવા દેતા નથી

કુરઆને મજીદ :-

* "એ બાબતમાં શક નથી કે અમે ઇસ્લાહ (સુધારણા) કરનારાઓના અજ્ર ને નકામો નથી કરતા."

- (સૂ. અઅરાફ આ. ૧૭)

* "બેશક અલ્લાહ તઆલા નેકી કરનારાઓના અજ્ર ને નકામો નથી કરતો."

- (સૂ.તૌબા આ. ૧૨૦)

* "બેશક અમે નેક અમલ કરનારાઓના અજ્ર ને નકામો નથી કરતા."

- (સૂ. કહફ આ. ૩૦)

(૪૦) અલ્લાહ તઆલાએ અમોને તેની હદોના રક્ષક અને હુરમત માટે પસંદ કર્યા. અમારી ઉપર ઈમાન રાખનારાઓ ઈમાનના ધોરણે અજ્રો સવાબના

ઇચ્છુક હોય છે અને અમારો ઇન્કાર કરનારાઓની સામે તેમની

અસલીયત હોય છે. (નહજુલ બલાગાહ)

(૪૧) હઝરત અલી (અલયહિસ્સલામ)એ હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ) અને હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : હકની વાત કરો અને અજ્ર માટે કામ કરો.

(૪૨) ખુદાની રાહમાં એ માણસથી વધીને બીજુ કોઈ મુજાહિદ અને શહીદ હોઈ શકતું નથી જે (ગુનાહ કરવાની) શક્તિ હોવા છતાં પાકદામની

ઇખ્તેયાર કરે. પાક દામન માણસ એ વાતની નઝદીક છે કે તેની ગણતરી ફરિશ્તાઓમાં થાય .

(નહજુલ બલાગાહ)

પ્રકરણ - ૨ : આખેરતનો અજ્ર ઘણો જ મોટો છે

કુરઆને મજીદ :-

* અને ખચીતજ જે લોકો ઈમાન લાવ્યા છે તથા પરહેઝગારી (તકવા)થી વર્તે છે તેમના માટે આખેરતનો બદલો બહેતર છે.

(અને આખેરતનો અજ્ર એ લોકો માટે બેહતર છે જેઓ ઈમાન લાવ્યા છે અને તકવા ઇખ્તેયાર કરે છે.)

- (સૂ. યૂસુફ આ. ૫૭)

* અને આખેરતનો બદલો તો ઘણો મોટો હશે જો તેઓ સમજી શકતા હોય તો:

(..... અને તેઓ જાણે તો આખેરતનો અજ્ર ઘણો મોટો છે.)

- (સૂ. નહલ આ. ૪૧)

હદીસો :-

(૪૩) અમલના બે પ્રકાર વચ્ચે ઘણો તફાવત છે એક તો એ અમલ જેની લઝઝત વહેલી પૂરી થઈ જતી હોય છે અને તેના ગુનાહ બાકી રહેતા હોય છે. બીજો એ અમલ જેની કોશિશ વહેલી સમાપ્ત

થઈ જતી હોય છે અને તેનો અજ્ર બાકી રહેતો હોય છે.

– હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – 3 : અજ્રે અઝીમ

કુરઆને મજીદ :-

* તે લોકોમાંથી જેઓએ સારા કામ કર્યા અને પરહેઝગારી કરી (તકવા ઇખ્તેયાર કર્યો) તેમના માટે ઘણો મોટો બદલો છે.”

- (સૂ. આલે ઇમરાન આ. ૧૭૨)

* અને અગર તમે ઈમાન લાવશો અને પરહેઝગારી ધારણ કરશો તો તમારા માટે ઘણો મોટો બદલો છે.”

- (સૂ. આલે ઇમરાન આ. ૧૭૯)

પ્રકરણ – ૪ : સર્વશ્રેષ્ઠ અજ્ર

કુરઆને મજીદ:-

* પછી તમારામાંથી જે લોકો ઈમાન લાવ્યા અને (તેની રાહમાં ખર્ચ કર્યો તો તેમના માટે મોટો બદલો છે.

- (સૂ. હદીદ આ. ૭)

* નિ:સંશય જેઓ જોયા વિના પોતાના પરવરદિગારથી ડરે છે તે લોકો માટે ગુનાહોની માફી અને મોટો બદલો છે.

- (સૂ. મુલ્ક આ. ૧૨)

* જે લોકો ઈમાન લાવ્યા અને નેક કાર્યો કર્યા તેમના માટે ગુનાહોની માફી અને ઘણો મોટો બદલો છે.”

- (સૂ. ફાતિર આ. ૭)

પ્રકરણ – ૫ : માનવંત બદલો

કુરઆને મજીદ :-

* અને તેઓ કે જેમણે અલ્લાહને “કર્ઝે-હસના” આપ્યું તેમના માટે તે બમણો ચોગણો કરી (પાછો) વાળવામાં આવશે, અને તેમના માટે માનવંત બદલો પણ હશે.

- (સૂ. હદીદ આ. ૧૮)

* જે દિવસે આ લોકો તે (અલ્લાહ)ને મળશે તે દિવસે અલ્લાહ તરફથી તેમનો સત્કાર સલામતી

સાથે કરવામાં આવશે, અને અલ્લાહે તેમના માટે માનવંત બદલો તૈયાર રાખ્યો છે.

- (સૂ. અહઝાબ આ. ૪૪)

હદીસો :-

(૪૪) તમારી આંખોને જાગૃત રાખો, તમારા પેટને હળવા કરી નાખો, તમારા પગનો ઉપયોગ કરો તમારા માલને ખર્ચ કરો, તમારા શરીરને તમારી જાન ઉપર ફુરબાન કરી દો, આ બાબતમાં કંજુસાઈ ન કરો કારણ કે ખુદાવંદે આલમ ફરમાવે છે કે : ..... જો તમે ખુદાની મદદ કરશો તો તે પણ

તમારું રક્ષણ કરશે અને તમને નિશ્ચયી રાખશે. અલ્લાહ તઆલા આ પણ ફરમાવે છે : કોણ છે જે ખુદાને કર્ઝે હસના આપે ? કે તે તેના માટે બમણું કરી દેશે અને તેના માટે માનવંત બદલો હશે. લોકો, ખુદાએ તમારી પાસે એ માટે મદદ નથી માગી કે તે નિર્બળ છે, અને કર્ઝે હસના એ માટે નથી માંગ્યુ કે તેની પાસે કંઈ નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ) (નહજુલ બલાગાહ)

પ્રકરણ – ૬ : અનંત બદલો

કુરઆને મજીદ :-

* બેશક જે લોકો ઈમાન લાવ્ય અને નેક અમલ બજાવી લાવ્યા તેમના માટે એવો બદલો છે કે તેનો કદી અંત આવનાર નથી.

- (સૂ. હા-મીમ-સજદા આ.૮)

* સિવાય તે લોકોના કે જે ઈમાન લાવ્યા તથા નેકી કરતા રહ્યા તો તેમના માટે અખૂટ બદલો છે.

- (સૂ. તીન આ. ૬)

* સિવાય તેના કે જેઓ ઈમાન લાવ્યા તથા નેક કાર્યો કર્યા તો તેમના માટે અખૂટ બદલો છે.

- (સૂ. ઇન્શિકાક આ. ૨૫)

* અને નિસંશય તારા માટે એવો બદલો (તૈયાર) છે જે કદી ખૂટનાર નથી.

- (સૂ. કલમ આ.૩)

પ્રકરણ – ૭ : જેમને બમણો અજ્ર મળશે.

કુરઆને મજીદ :-

* આ તે જ લોકો છે જેમને બમણો બદલો આપવામાં આવશે, કારણ કે તેઓ સહનશીલ છે, ...

- (સૂ. ક્સસ આ. ૫૪)

* અને તમારામાંથી જે (સ્ત્રી-નબીની પત્ની) અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરશે તથા નેક અમલ બનાવી લાવશે તો અમે તેણીને તેનો બદલો પણ બમણો આપીશું.

- (સૂ. અહઝાબ આ. ૩૧)

હદીસ:-

(૪૫) જો તમે સબ્ર કરશો તો કઝા અને કદ્ર (ન્યાય અને તકદીર) તમારા માટે અમલમાં આવી જશે અને તમને તેનો (નેક) બદલો મળશે અને બેસબ્રી કરશો (ધીરજ ગુમાવી દેશો) તો પણ કઝા અને કદ્ર અમલમાં આવી જશે, પરંતુ તમે ગુનેહગાર બની જશો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ-૩ : ઇજારહ (મઝદૂરી)

પ્રકરણ – ૧ : ઇજારહ (મઝદૂરી)

કુરઆને મજીદ :-

* અમોએ આલોકના જીવનમાં તેમની વચ્ચે તેમની રોઝી વ્હેંચી આપી છે, અને અમોએ તેની માહેંના (તેઓમાંના) કેટલાકોને કેટલાકો પર દરજ્જા આપ્યા છે કે જેથી તેઓ માંથી કેટલાકો કેટલાકોને આજ્ઞાંકિત કરી રાખે: અને (અય પયગમ્બર) તારા પરવરદિગારની

રહેમત તે વસ્તુઓ કરતા કે જેનો તેઓ સંગ્રહ કરે છે કેટલીયે વધારે છે.

-(સૂ. ઝુખરૂફ આ. ૩૨)

* તે બંને પૈકી એકે (છોકરીએ) કહ્યું કે મારા પિતા એને કામે લગાડ, નિસંશય જે કોઈને પણ તું કામે લગાડવા માંગે તેઓમાં એ જ ઘણો સારો હશે જે મજબુત હોય અને ઈમાનદાર પણ.

-(સૂ. ક્સસ આ. ૨૬)

હદીસો :-

(૪૬) (ખુદાવંદે આલમનું ફરમાન છે : અમે તો તેઓની રોઝીને દુનિયાની ઝિંદગીમાં વહેંચી દીધી છે...) આનાથી જાણવા મળે છે કે ખુદાવંદે આલમે આપણને ખબર આપી છે કે મઝદૂરી એ લોકો માટે આજીવિકાનું એક સાધન છે. કારણ કે ખુદાવંદે તઆલાએ પોતાની સંપૂર્ણ હિકમત વડે લોકોની હિંમત, ઇરાદાઓ અને એક બીજાના સંજોગોને એકબીજાથી જુદા જુદા બનાવ્યા છે. તે (સંજોગો)ને જ મખ્લૂક માટે રોઝી કમાવાનો આધાર બનાવ્યો છે. તે પૈકી એક એ છે કે એક માણસ બીજા માણસ પાસેથી મઝદૂરી પર કામ લે છે..... જો આપણામાંથી દરેક માણસ તમામ વસ્તુઓ બનાવવાના કારીગર હોત તો જીવનના ક્રમમાં અવ્યવસ્થા ઉભી થાત

અને તેની પૂર્તતા કોઈ કરી શક્તે નહીં. બલ્કે દરેક માણસ તે (વ્યવસ્થાક્રમ)થી કંટાળી જાત. આ અલ્લાહ તઆલાની હિકમત અને નિશ્ચિત પ્રબંધ એ છે કે તેણે લોકોના વિચારો અને ઇરાદાઓને જુદા બનાવ્યા છે. આથી જ્યારે કોઈ માણસ એક કામ કરીને કંટાળી જાય છે અથવા તે કામ કરવાનું છોડી દે છે અને બીજા માણસ તે કામને અપનાવી લે છે. આવી રીતે લોકો એકબીજાની સામાજિક જીવનની જરૂરીયાતોને પૂરી કરે છે. જેના કારણે તેમની પિરસ્થિતિ સાનૂકુળ અને વ્યવસ્થિત રહે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ પોતાની જાતને મહેનતાણું લઈને સોંપી દેવી મકરૂહ છે.

પોતાની જાતને મહેનતાણું લઈને સોંપી દેવી મકરૂહ છે.

(૪૭) જેણે પોતાની જાતને મહેનતાણું લઈને કામે લગાડી તેણે રોઝીના દરવાઝા બંધ કરી દીધા. બીજી એક રિવાયતમાં છે કે (અલ્લાહ તઆલા) તેની ઉપર રોઝીના દરવાઝા બંધ કેમ ન કરી દે ? જ્યારે કે તે કંઈ કમાય છે તે તો તેને જેણે મહેનતણુ આપીને કામે રાખ્યો હોય તે તેના માલિક માટે થઈ જાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૪૮) હઝરત અલી (અલયહિસ્સલામ) તેમના કર્મચારીઓને લેખિતમાં ફરમાવતા હતા કે તમે મુસલમાનો પાસેથી ખિદમત (કામ) ન લ્યો, કારણકે એ રીતે તેઓને તમે ઝલીલ કરશો. અને જે તેની ફરજ ઉપરાંત તમારી પાસેથી કોઈ સવાલ કરશે તો તે ઝુલ્મ કરશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૪૯) અમ્માર સાબાતી કહે છે : મેં હઝરત ઈમામ જઅફર સાદિક (અલયહિસ્સલામ)ની ખિદમતમાં

અર્ઝ કરી કે એક માણસ વેપાર કરે છે જો તે પોતાની જાતને મહેનતાણું લઈને આપે તો શું તેને વેપારમાંથી કોઈ ભાગ મળશે ? ઈમામ (અલયહિસ્સલામ) એ ફરમાવ્યું : પોતાની જાતને મહેનતાણું લઈને ન આપે, પરંતુ ખુદા પાસે રોઝી મળવાની આશા રાખીને પોતે જ વેપાર કરે, કારણ કે જો તે પોતાની જાતને મહેનતાણું લઈને આપશે તો રોઝીના દરવાજા બંધ કરી દેશે.

(૫૦) હઝરત પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ પોતાની વફાતના સમયે હઝરત અલી (અલયહિસ્સલામ)ને વસીયત કરી :

અય અલી (અલયહિસ્સલામ) આપની હાજરીમાં ખેડુતો પર ઝુલ્મ ન થવો જોઈએ અને કોઈ મુસલમાન પાસેથી ખિદમત લેવાવી ન જોઈએ. એટલે કે મહેનતાણું આપીને તેમની પાસે કામ ન કરાવવું જોઈએ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૩ : મઝદૂરીમાં દલાલ બનવું.

(૫૧) મોહમ્મદ બિન મુસ્લિમ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અથવા હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે મેં આપને એવા માણસ વિશે પુછ્યું જે કોઈ કામ કરવાનું કબૂલે છે પરંતુ તે કામ પોતે નથી કરતો બલ્કે થોડો નફો લઈને (તે કામ) બીજાને સોંપી દે છે. આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તે એમ કરી શકતો નથી. હા અલબત્ત, જો તેણે પોતે પણ તેમાં કોઈ કામ કર્યું હોય (તો વાંધો નથી.)

(૫૨) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને એક એવા ઘર વિશે પૂછવામાં આવ્યું જે ઘરને એક માણસ ભાડેથી લે છે પછી તેને બીજો માણસ વધારે ભાડું આપીને લઈ લે છે તો શું એ યોગ્ય છે ? આપે ફરમાવ્યું : નહીં. અલબત્ત, તે ઘરમાં કોઈ વસ્તુનો વધારો કરી દે તો.....

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ – ૪ : મઝદૂર ઉપર ઝુલ્મ કરવો.

(૫૩) જે માણસ મઝદૂર પર ઝુલ્મ કરશે તો ખુદાવંદે આલમ તેના અમલને નકામો કરી નાખશે. અને તેની ઉપર બેહિશ્ત હરામ કરી દેશે જ્યારે કે બેહિશ્તની ખુશ્બુ પાંચસો વરસ દૂરના અંતરેથી આવે છે. (તે પણ સૂંઘી નહીં શકે).

(૫૪) ખુદાવંદે આલમ તમામ ગુનાહ માફ કરી દેનાર છે, પરંતુ જે કોઈએ દીનમાં નવી બાબત શરૂ કરી હોય (બિદઅત કરી હોય), અથવા મઝદૂરનો હક ગસબ કર્યો હોય અથવા આઝાદ ઇન્સાનને

વેચી દીધો હોય (ગુલામ બનાવ્યો હોય) (તે ગુનાહ માફ કરવામાં નહીં આવે.)

(૫૫) બેશક ખુદાવંદે આલમ બધા ગુનાહ માફ કરનાર છે. પણ કોઈ માણસે કોઈ મઝદૂરની મઝદૂરી ગસ્બ કરી હોય અથવા કોઈ સ્ત્રીની મહેર ગસબ કરી હોય. (તે ગુનાહ માફ કરવામાં નહીં આવે)

(૫૬) મઝદૂરની મઝદૂરી બારામાં ઝુલ્મ કરવો તે ગુનાહે કબીરામાંથી છે.

(૫૭) ખુદાવંદે આલમ ફરમાવે છે કે ત્રણ પ્રકારના લોકો એવા છે કે કયામતના દિવસે હું તેનો દુશ્મન હોઈશ, એક્તો એ માણસ કે જેણે મારી સાથે કરેલો અહદ તોડયો હોય, બીજો એ કે જે આઝાદ માણસને વેચીને તેની કિમત ખાઈ ગયો હોય , અને ત્રીજો એ કે જેણે કોઈને મઝદૂર બનાવી તેની પાસેથી પુરે પૂરેપૂરું કામ લીધુ પરંતુ પછી તેને મઝદૂરી અદા ન કરી હોય.

(૫૮) ખબરદાર, જેણે મઝદૂરની મઝદૂરી આપવા બાબત ઝુલ્મ કર્યો તેની ઉપર ખુદાની લાનત છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૫૯) અસબગ બિન નબાતા કહે છે : હું મસ્જિદે કુફામાં હઝરત અમીર (અલયહિસ્સલામ)ની સાથે બેઠો હતો ત્યારે બજીલહનો એક માણસ આવ્યો. તેની કુન્નીયત અબૂ ખદીજહ હતી. તેણે કહ્યું : અય અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) શું આપની પાસે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના કોઈ અસરાર (રહસ્યો)માંથી કોઈ છે જેને આપ અમને બયાન કરી શકો ? આપ (અલયહિસ્સલામ) એ ફરમાવ્યું : હા, (પછી કંબરને

ફરમાવ્યું) મને તે પત્ર લાવી દો ..... તે પત્રમાં આ મુજબનું લખાણ હતું.

""બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ. બેશક એ માણસ ઉપર ખુદા, તેના તમામ ફરિશ્તાઓ અને લોકોની લાનત છે જે પોતાના માલિક સિવાય બીજા કોઈ તરફ પોતાનું વલણ રાખે.

ખુદાની, તમામ ફરિશ્તાઓની, અને તમામ લોકોની લાનત એવા માણસ પર છે જે દીને ઇસ્લામમાં કોઈ બિદઅતની શરૂઆત કરે. ખુદાની, તમામ ફરિશ્તાઓની અને તમામ લોકોની લાનત એવા

માણસ ઉપર છે જે મઝદૂરને મઝદૂરી આપવા બાબતમાં તેની ઉપર ઝુલ્મ કરે.”

પ્રકરણ – ૫ : મઝદૂરી નક્કી કરવી જોઈએ.

(૬૦) જ્યારે તમારામાંથી કોઈ માણસ પાસેથી ખિદમત (કામ) લેવા માંગે ત્યારે પહેલા તેનું મહેનતાણું જણાવી દેવુ જોઈએ. (મઝદૂરી નક્કી કરી લેવી જોઈએ)

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૬૧) જે માણસ ખુદા અને આખેરત ઉપર ઈમાન રાખતો હોય તેણે કોઈ પાસેથી મહેનતાણું નક્કી કર્યા વગર કામ ન લેવું જોઈએ.

– હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૬૨) તમારે એ જાણી લેવું જોઈએ કે જે માણસ કોઈની સાથે નક્કી કર્યા વગર તમારું કોઈ કામ કરશે તો તમે તેને તેની મઝદૂરી કરતા ત્રણ ગણુ આપશો તો પણ તે એવું ગુમાન કરશે કે તમે તેને ઓછી મઝદૂરી આપી છે. તેવી જ રીતે જો તેને નક્કી કરેલી મૂળ મઝદૂરી જેટલું આપશો તો પણ તે શુક્રિયા અદા કરશે, અને જો તમે તેને નક્કી કરેલી રકમ કરતા એક દાણો (થોડુક) પણ વધારે આપશો તો પણ તે એમ સમજશે કે તમે તેને અસલ મઝદૂરી કરતા વધારે આપ્યું છે.

- હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : મહેનતાણું ચુક્વવાની રીત

(૬૩) મઝદૂરને તેનો પસીનો સુકાય તે પહેલા તેની મઝદૂરી ચુક્વી દો અને તેનું કામ ચાલુ હોય ત્યાં જ તેને મઝદૂરી વિશે વાકેફ કરી દો.

(૬૪) મઝદૂરને હજી તે પસીનામાં હોય ત્યાં મઝદૂરી ચુક્વી આપો.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૬૫) શોએબ કહે છે કે અમે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ના બાગ માટે કેટલાક મઝદૂરો લઈ આવ્યા. અને અસરના સમય સૂધીમાં કામ પૂરૂ કરી નાખ્યું ત્યારે ઈમામ (અલયહિસ્સલામ)એ તેમના કર્મચારીઓને કહ્યું : તેઓને તેમની મઝદૂરી તેમનો પસીનો સુકાય તે પહેલા ચૂકવી આપો.

પ્રકરણ - ૭ : ‘હું તમારી પાસેથી મઝદૂરી લેનાર છું’

(૬૬) તમારે એ વાત સારી રીતે જાણી લેવી જોઈએ કે હું તમારો બાપ છું, હું તમારો મૌલા છું અને તમારી પાસેથી મઝદૂરી લેનાર છું.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

કિતાબના સંપાદનનું મંતવ્ય : ઉપરની હદીસના અનુસંધાનમાં કુરઆને મજીદની નીચે મુજબની આયતોનો અભ્યાસ કરવા વિનંતી.

(૧) સૂ. શુરા આ. ૨૩, (૨) સૂ. સબા આ. ૪૭, (૩) સૂ. ફુરકાન આ. ૫૭

વિભાગ - ૪ : અજલ (મૌત-નિશ્ચિત સમય)

પ્રકરણ – ૧ : અજલ (નિશ્ચિત સમય)

(૬૭) ખુદાવંદે આલમે કેટલીક નિશ્ચિત મુદ્દત નક્કી કરી છે. જેમાંની કેટલીક લાંબી છે તો કેટલીક ટૂંકી, કેટલીક આગળની છે તો કેટલીક પાછળની છે અને મૌતની સાથે તેના કારણોને સાંકળી લીધા છે.

(૬૮) અજલ માણસને તેની અંતિમ મંઝિલ સૂધી ખેંચીને લઈ જાય છે. અને

તેનાથી ભાગવું અને મૌતને પામવું છે.

(૬૯) સૌથી સાચી વાત અજલ છે.

(૭૦) અજલથી વધારે સાચી બીજી કોઈ વાત નથી.

(૭૧) સૌથી નઝદીકની કોઈ વસ્તુ હોય તો તે અજલ છે.

(૭૨) શ્રેષ્ઠ દવા અજલ છે.

(૭૩) ઇન્સાનનો શ્વાસ એ તેની અજલ (મૌત) તરફનું એક ડગલું છે.

(૭૪) જે માણસ તેની અજલની રાહ જોતો હોય તે તેની નવરાશની દરેક પળને ઉત્તમ સમજે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૨ : અજલ એક મજબૂત કિલ્લો છે

કુરઆને મજીદ :-

* અને કોઈ જીવ અલ્લાહના હુકમ સિવાય મરણ પામતો નથી અને તે પણ ઠરાવેલા સમયે જ. (દરેકની મૌતનો સમય નિશ્ચિત કરાએલો હોય છે.)

- (સૂ. આલે ઇમરાન આ. ૧૪૫)

* કહે છે કે જો મામલામાં અમારો કોઈ અધિકાર હોત તો અમે આ સ્થળે માર્યા જતે નહીં, (હે રસૂલ) કહે કે જો તમે તમારા ઘરોમાં પણ હોત તો પણ

જેના માટે માર્યા જવાનું લખાઈ ચૂક્યું હતું તો (તેમના ઘરોમાંથી નિકળીને) પોતાના મરવાના સ્થળે જરૂર આવી જતે...

- (સૂ. આલે ઇમરાન - આ. ૧૫૪)

* અને કોઈ વૃધ્ધને વધારે વય આપવામાં નથી આવતી અને ન તેની વયમાં ઘટાડો કરવામાં આવે છે, સિવાય કે (જે વય) અલ્લાહના લખાણ (લવ્હે મહેફૂઝ)માં મૌજૂદ હોય (તે જ આપવામાં આવે છે.)

- (સૂ. ફાતિર આ. ૧૧)

હદીસો:-

(૭૫) બેશક, દરેક ઇન્સાનની સાથે બે ફરિશ્તા હોય છે જે તેનું રક્ષણ કરે છે, પરંતુ જ્યારે તદબીરે ઇલાહી (અલ્લાહનો હુકમ) આવી જાય છે ત્યારે તે બંને ઇન્સાન અને મૌતની વચ્ચેથી હટી જાય છે.અને એ વાતમાં શક નથી કે અજલ એક મજબૂત કિલ્લો છે

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૭૬) જ્યારે હઝરત અલી (અલયહિસ્સલામ)ને ડરાવવામાં આવ્યા ત્યારે આપે ફરમાવ્યું બેશક મારી ઉપર ખુદાની મઝબૂત ઢાલ છે. જ્યારે મારી મૌતનો દિવસ આવી જશે ત્યારે તે મારાથી દૂર થઈ જશે અને મને મૌતને હવાલે કરી દેશે. અને તે દિવસે ન તો કોઈ તીર ચૂકશે અને ન તો કોઈ ઝખ્મથી બચી શકીશ.

(૭૭) બચાવની દ્રષ્ટિએ અજલ પૂરતી છે, કારણ કે કોઈ માણસ એવો નથી કે જેની પાસે ખુદાની તરફથી રક્ષણ કરનાર મૌજૂદ ન હોય, તે રક્ષણ કરનાર તેનું રક્ષણ કરતો રહે છે કે ન તો તે ફૂવામાં

પડે છે અને ન તો તેની ઉપર દીવાલ પડે છે ન તો હિંસક પ્રાણી તેને શિકાર બનાવી શકે છે. પરંતુ જ્યારે અજલ આવી જાય છે ત્યારે તે રક્ષક તેની અને મૌતની વચ્ચેથી હટી જાય છે.

(૭૮) મૌતનો નિશ્ચિત સમય જે (પોતે જ) રક્ષણની દ્રષ્ટિએ પૂરતો હોય છે.

(૭૯) અજલ એ મજબૂત અને સુરક્ષિત કિલ્લો છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૦) સૈયદ બિન વહબ કહે છે કે અમે જંગે સિફ્ફીનમાં રાતના સમયે સઈદ બિન કૈસ સાથે

હાજર હતા. તે વખતે દરેક સમુહ પોત પોતાના સરદારની સામે જોઈ રહ્યા હતા. એટલામાં હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) તશરીફ લાવ્યા. અમે તેઓની ખિદમતમાં હાજર થયા. સઈદ બિન કૈસે અરજ કરી : અય અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) આપ આ સમયે ? આપને ડર નથી લાગતો ? આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું ડર કઈ વાતનો ? વાત એમ છે કે કોઈપણ માણસ એવો નથી હોતો જેની સાથે બે ફરિશ્તા નિયુક્ત કરાએલા ન હોય જેના કારણે ન તો તે કુવામાં પડી જાય છે અને ન કોઈ સવારી તેને નુક્સાન પહોંચાડે છે, તે ન પહાડ

ઉપરથી પડી જાય છે. આ હાલત તકદીરે ઇલાહીમાં હોય ત્યાં સૂધી બાકી રહે છે. જ્યારે તકદીરે ઇલાહી આવી જાય છે ત્યારે તે મૌત માટે રસ્તો સાફ કરી દે છે.

પ્રકરણ - ૩ દરેક વસ્તુની એક મુદ્દત નક્કી થએલી હોય છે

દરેક વસ્તુની એક મુદ્દત નક્કી થએલી હોય છે

(૮૧) દરેક વસ્તુની એક મુદ્દત અને અજલ હોય છે

(૮૨) દરેક તકદીર માટે એક અજલ છે.

(૮૩) ખુદાવંદે આલમે દરેક વસ્તુ માટે એક તકદીર અને દરેક તકદીર માટે અજલ નક્કી કરી હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ દરેક સમુહ માટે એક નિશ્ચિત સમય હોય છે

દરેક સમુહ માટે એક નિશ્ચિત સમય હોય છે

કુરઆને મજીદ :-

* અને દરેક ઉમ્મત માટે એક સમય નક્કી છે, પછી જ્યારે તેમનો ઠરાવેલો સમય આવી પહોંચે છે ત્યારે તેઓ એક ક્ષણ માટે પણ ન પાછળ રહેશે ન આગળ વધી શકશે.

- (સૂ. અઅરાફ આ. ૩૪)

* અને અમોએ કોઈ પણ વસ્તીનો નાશ નથી કર્યો કે જેની મુદ્દત (આગળથી) જાણીતી કરી દેવામાં આવી ન હોય. કોઈ ઉમ્મતને તેના ઠરાવેલા સમયથી ન આગળ વધશે અને ન પાછળ રહી જશે.

- (સૂ. હિજર આ. ૩-૪)

પ્રકરણ – ૫ : હતમી અને ગૈર હતમી અજલ (નિશ્ચિત અને અનિશ્ચિત મૌત)

કુરઆને મજીદ :-

પછી (તેણે) તમારા જીવનનો એક સમય નક્કી કર્યો અને એ નક્કી કરેલો સમય તમે જાણો છો છતાં તમે શંકા રાખો છો ?

- (સૂ. અન્આજ્આ.૨)

હદીસો :-

(૮૪) (આ આયતની તફસીરમાં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) ફરમાવે છે કે) જે ગયરે મુસમ્મા (જેનો સમય નિશ્ચિત ન કરવામાં આવ્યો હોય તેવી) અજલ હોય છે તે એ છે જે મોઅક્કફ (ગૈર હતમી) હોય છે જેને ખુદાવંદે આલમ મુકદ્દમ અને મોઅખ્ખર કરતો રહે છે, પરંતુ જે મોસમ્મા (હતમી) હોય છે તેને ખુદાવંદે આલમ શબે-કદ્રના પછીના વરસની શબે-કદ્ર સૂધી નક્કી કરી દે છે.....

પ્રકરણ - ૬ એ બાબતો જે અનિશ્ચિત અજલને ટાળી શકે છે

એ બાબતો જે અનિશ્ચિત અજલને ટાળી શકે છે

હદીસો :-

(૮૫) લોકો તેમની ઝિંદગીઓ થકી જીવતા હોય છે અને તેમની અજલના કારણે મરવા કરતા વધારે તેમના ગુનાહોના કારણે મરે છે.

- હઝરત ઈમામ જઅફર સાદિક (અલયહિસ્સલામ)

(૮૬) સદકા દ્વારા અજલના સમયને લંબાવી (દૂર કરી) શકાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૫ : આખેરત

પ્રકરણ - ૧ : આખેરત

કુરઆને મજીદ :-

* .....અને કયામતના દિવસ (આખેરત)માં (પણ) તેઓ સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

- (સૂ. બકરહ આ. ૪)

* તમે આ જગતના (નાશવંત) સાધનોને ચાહનારા છો, અને અલ્લાહ (તમારા માટે) આખેરતનું (સુખ) ચાહે છે ; અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

- (સૂ. અન્ફાલ આ. ૬૭)

* તમારામાંથી કેટલાક દુનિયાને ચાહનારા હતા અને તમારામાંથી કેટલાકો આખેરતને ચાહનારા હતા.

- (સૂ. આલે ઇમરાન આ. ૧૫૧)

* જે આખેરતની ખેતી ચાહે છે તેની ખેતીને અમે ઘણી વધારી દઈશું, અને જે દુનિયાની ખેતી ચાહે છે તેને અમે તેમાંજ આપી દઈશું, અને (પછી) આખેરતમાં તેનો કાંઈજ ભાગ (બદલો) હશે નહીં.

– (સૂ. શૂરા આ. ૨૦)

હદીસો :-

(૮૭) અય લોકો ! સાવધ થઈ જાવ ! દુનિયા એક હાજર અને મૌજૂદ બાબત છે. આમાંથી નેક અને ખરાબ બંને પ્રકારના લોકો ખાઈ રહ્યા છે. જ્યાં સૂધી આખેરતનો સંબંધ છે તો તે એક સાચો વાયદો છે જે અચૂક પૂરો થવાનો છે જે વિશે કાદિર બાદશાહ (પરવરદિગાર) ફેંસલો કરનાર છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૮૮) દુનિયાની પરિસ્થિતિ યોગાનુયોગ ઉપર છે અને આખેરતની હાલત હક સાબિત થવા ઉપર છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૯) દુનિયા પેટ ભરી ચૂકી છે અને અલવિદાઅ કરી ચૂકી છે, જ્યારે આખેરત આવી રહી છે અને પોતાના આગમનની જાણ કરી ચૂકી છે.તેથી આજનો દિવસ ઘોડા તૈયાર કરવાનો છે જ્યારે કાલનો દિવસ સામનો કરવાનો છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૦) જે આખેરત માટે હિર્સ (લાલચ) કરે છે તે માલિક હોય છે અને જે દુનિયા માટે હિર્સ કરે છે તે હલાક થઈ જાય છે.

(૯૧) દુનિયા બદબખ્ત લોકોની આરઝૂ છે અને આખેરત નેક લોકોની સફળતા છે.

(૯૨) તમારી આખેરતને માટે તમારી દુનિયામાંથી ભાગ ગણો.

(૯૩) આખેરતમાં તમને જે વસ્તુની સખત જરૂરત હશે અને તેના વગર બીજા કોઈ ઉપાય નહીં હોય,

(તો) તેના માટે તમે તમારી જાતને (દુનિયામાં) વ્યસ્ત રાખો.

(૯૪) આખેરતને અનિવાર્ય ગણી (સમજી) પ્રાપ્ત કરો, દુનિયા આપોઆપ તમારી સામે હલકી બનીને આવશે.

(૯૫) આજનો (દુનિયાનો) દિવસ અમલનો છે, જ્યારે કાલનો (આખેરતનો) દિવસ હિસાબનો દિવસ છે તેમાં અમલ (કરવાની તક) નથી.

(૯૬) એ દિવસ માટે તૈયારી કરો, જે દિવસે આંખો નકામી બની જશે, જે દિવસના ડરની અધિક્તાને

કારણે અકલ હૈરાન-પરેશાન થઈ જશે અને (અકલની) દ્રષ્ટિ કાંઈપણ નહીં કરી શકે.

(૯૭)....દુનિયા તમારાથી છુટી પડી જવાની છે જ્યારે આખેરત તમારાથી નઝદીક થનાર છે.

(૯૮) તમે આખેરતની તરફ જનાર છો અને તમારે ખુદાની સામે રજૂ થવાનું છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૨ : આખેરત વિશે (શનીદ નબૂદ માનિન્દ દીદન) જોયા સમાન સાંભળવું

કુરઆને મજીદ :-

* અને ખરેજ દરજ્જા શ્રેષ્ઠતાના સંબંધમાં આખેરત વધુ ઉત્તમ છે.

- (સૂ.બની ઇસરાઈલ આ.૨૧)

* જેથી કોઈ વ્યક્તિ આ વાત જાણતી નથી કે તેમની આંખોની ઠંડક માટેની કઈ કઈ વસ્તુઓ તેમના માટે સંતાડી રાખવામાં આવી છે.

- (સૂ. સજદા આ. ૧૭)

હદીસો:-

(૯૯) દુનિયાની દરેક વસ્તુ વિશે સંભાળવું તેના જોવા કરતા વધારે ઉચ્ચ છે, જ્યારે આખેરતની દરેક વસ્તુ જોવી તેના સાંભળવા કરતા ઉચ્ચ છે, તેથી જોવાને સાંભળવા કરતા બહેતર સમજો અને ગૈબ વિશેની ખબરને પૂરતી સમજો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૦૦) જે માણસ દુનિયાથી મોઢું ફેરવીને આખેરતના સવાબની સાથે દિલ બહેલાવે છે, તે

જાણે તુચ્છ વસ્તુથી મોઢું ફેરવીને ઉચ્ચ કક્ષાની વસ્તુ સાથે દિલ બહેલાવે છે, અને તેનાથી પણ વધારે એ કે તે પોતાના હાથમાંથી સરી જનાર વસ્તુને પોતાના માટે સલામતી અને એવી ઉપયોગી સમજે છે કે જેનાથી તેને મદદ મળતી હોય.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૦૧) .....એ માણસ કે જે દગાબાજીના પરિણામે દુનિયામાં સફળતા મેળવી લે છે તે એવા માણસ

સમાન થઈ શકતો નથી જેણે પોતાની હિંમતના કારણે આખેરતની સફળતા મેળવી લીધી હોય !

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ આખેરત, શાંતિ અને આત્મસંતોષનું ઘર છે.

આખેરત, શાંતિ અને આત્મસંતોષનું ઘર છે.

કુરઆને મજીદ :-

* એ મારી કૌમ ! આ સંસારી જીવન થોડો (સમય ટકનારો) લાભ છે, અને આખેરત એજ હંમેશ કાયમ રહેવાનું મકાન છે.

- (સૂ. મોઅમિન આ. ૩૯)

હદીસો :-

(૧૦૨) જે માણસે કાયમ રહેનારા ઘરને આબાદ કર્યું તે અકલમંદ છે.

(૧૦૩) આખેરત હંમેશા રહેવાનું સ્થાન છે.

(૧૦૪) આખેરત તમારા માટે કાયમી શાંતિ અને સ્વસ્થતાની જગ્યા છે તેથી આખેરત માટે એ વસ્તુ (અમલ) રવાના કરો, જે બાકી રહે.

(૧૦૫) .....આ દુનિયાના ટૂંકા દિવસોમાં તમારા તમામ પ્રયત્નો આખેરતના લાંબા દિવસોના ભાતા (મુસાફરીનો સામાન) મેળવવા માટે હોવા જોઈએ

કારણ કે દુનિયા અમલનું સ્થળ છે અને આખેરત કાયમી શાંતિ અને બદલો મેળવવાનું સ્થળ છે.

(૧૦૬) દુનિયા એક પ્રવાસનું સ્થળ છે જ્યારે આખેરત એ હંમેશાની શાંતિની જગ્યા છે. તેથી તમે તેના માટે (સામાનની) તૈયારી કરીને જાવ.

(૧૦૭) હંમેશાની શાંતિના સ્થળ વિશે બેદરકાર રહેવાથી બચો.

(૧૦૮) આખેરતનો અંત બાકી અને કાયમ છે.

(૧૦૯) આખેરતની દરેક વસ્તુ હંમેશા માટે બાકી રહેનારી છે.

(૧૧૦) જે માણસ પોતાની હંમેશા રહેનારી જગ્યા (આખેરત) માટે કોશિશ કરે છે તેનો અમલ ખાલિસ બની જાય છે અને તેના દિલમાં અલ્લાહનો ડર પણ વધારે હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : આખેરત જીવતા રહેવાનું ઘર છે

કુરઆને મજીદ :-

* અને નિસંશય આખેરતનું ઘર એ જ ખરૂ અમર જીવન છે, અગર તેઓ સમજે તો.

- (સૂ. અનકબૂત આ. ૬૪)

હદીસો :-

(૧૧૧) એ માણસ માટે કેટલું આશ્ચર્ય પામવા જેવું છે કે જે અનંત રહેનારી ઝિંદગીનું સમર્થન તો કરે

છે, પરંતુ ધોકો આપનાર ઘર (દુનિયા) માટે દોડધામમાં વ્યસ્ત રહે છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૧૨) દુનિયા એક ઉંઘ છે અને આખેરત જાગૃતિ છે અને આપણે તે બંનેની વચ્ચે (ડરામણા) દીવા સ્વપ્નમાં છીએ.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૫ : આખેરત શ્રેષ્ઠ છે

કુરઆને મજીદ :-

* તું કહે કે આ દુનિયાનો વૈભવ ક્ષણમાત્રનો છે અને અલ્લાહથી ડરનારા (પરહેઝગારો) માટે આખેરત તેનાથી ઘણી સારી છે.

- (સૂ. નિસા આ. ૭૭)

* પરંતુ તમે (લોકો) દુનિયાના જીવનને પસંદ કરો છો : જો કે આખેરત (કેટલીય) બેહતર અને બાકી રહેનારી છે.

- (સૂ. અઅલા આ. ૧૬, ૧૭)

હદીસો :-

(૧૧૩) જે માણસે પોતાની આખેરતને દુનિયાના બદલે ખરીદી લીધી તે બંને જહાન (દુનિયા અને આખેરત)માં ફાયદામાં રહેશે અને જેણે પોતાની દુનિયાને આખેરતના બદલામાં ખરીદી લીધી તે બંને જહાનમાં નુક્સાનમાં રહેશે.

(૧૧૪) જે માણસ આખેરતને દુનિયા ઉપર અગ્રતા નથી આપતો,તે મૂર્ખ છે.

(૧૧૫) તમારા તમામ પ્રયત્નો તમારી આખેરત માટે થતા રહેવા જોઈએ તેનાથી તમે તમારી આરામગાહને શણગારી લેશો, અને તમારી આખેરતને તમારી દુનિયાના બદલે ન વેચો.

(૧૧૬) આખેરતનો બદલો (દુનિયાની) કોઈ વસ્તુ હોઈ શક્તી નથી અને તમારા જીવની કિંમત આ દુનિયા બની શક્તી નથી.

(૧૧૭) જેણે પોતાની દુનિયાને આબાદ કરી તેણે પોતાના અંતને બરબાદ કર્યો અને જેણે પોતાની આખેરતને આબાદ કરી તે પોતાની આરઝૂઓ સૂધી પહોંચ્યો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : આખેરતની યાદ

(૧૧૮) આખેરતની યાદ દવા પણ છે અને શફા (ઉપાય) પણ છે જ્યારે દુનિયાની યાદ બધી બીમારી કરતા મોટી બીમારી છે.

(૧૧૯) જે માણસ આખેરતની યાદ વધારે પ્રમાણમાં કરે છે તેની (અલ્લાહની) નાફરમાનીઓમાં ઘટાડો થતો જાય છે.

(૧૨૦) (ઉમરુ બિન આસનો ઉલ્લેખ કરતા) ફરમાવ્યું : ખુદાની કસમ ! મૌતની યાદ મને બેકાર વાતોથી અટકાવે છે જ્યારે તેને (ઉમરુ બિન

આસને) આખેરતનું ભૂલાવી દેવું હક વાત કહેવાથી રોકે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૧) બેશક, અલ્લાહ તઆલા એ માણસને દુશ્મન રાખે છે જે દુનિયાને (તો) જાણે છે પણ આખેરતથી અજાણ છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ - ૭ : આખેરત માટે અમલ કરો

(૧૨૨) તમારા નફ્સ સાથે જેહાદ કરો અને તમારા તમામ પ્રયત્નો આખેરત માટે કરતા રહો.

(૧૨૩) તમારો ચહેરો આખેરત તરફ ફેરવી નાખો અને તમારા પ્રયત્નો અલ્લાહ (ની ખૂશી) માટે કરવાનું ચાલું રાખો.

(૧૨૪) તને આખેરત માટે પૈદા કરવામાં આવ્યો છે તેથી તેના માટે જ કામ કરતો રહે. તને દુનિયા માટે પૈદા કરવામાં આવ્યો નથી તેથી દુનિયાથી મોઢું ફેરવી દે.

(૧૨૫) તારે દુનિયામાં જે કાંઈ સાથે રાખવાની જરૂરત છે તેના પ્રમાણમાં તારે આખેરતમાં જે કાંઈ સાથે લઈ જવાનું છે તેના માટે સંઘર્ષ કરવાની વધારે જરૂર છે.

(૧૨૬) રાહનુમાએ (માર્ગદર્શકે) પોતાના સાથીદારો સાથે સાચું બોલવું જોઈએ, તેની અકલ હંમેશા હાજર (સ્વસ્થ) હોવી જોઈએ તે આખેરતના રહેવાસીઓમાંથી હોવા જોઈએ, કારણ કે તે ત્યાંથી આવે છે અને ત્યાં જ પાછા ફરીને જશે.

(૧૨૭) તમારી દુનિયા માટે એવી રીતે કામ કરો કે જાણે તમારે અહીં હંમેશા રહેવાનું હોય ! અને

તમારી આખેરત માટે એટલી હદ સૂધી કામ કરો કે (જાણે) તમને કાલે મૌત આવી જવાની હોય.

(૧૨૮) દુનિયામાં તમે ફક્ત શરીર સાથે રહો અને આખેરતમાં દિલ સાથે.

(૧૨૯) દુનિયાના ધુન્દ (ધૂંધળા અંધકાર)માં ફસાયેલો માણસ આખેરત માટે અમલ કઈ રીતે કરી શકે ?

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૦) દુનિયાની તૃષ્ણા સાથે આખેરત માટે અમલ કરવાનો કોઈ ફાયદો નથી.

(૧૩૧) (તમારી) કયામત માટે તમારી સંપૂર્ણ કાર્યક્ષમતાને વાપરી નાખો કારણકે તેમાં જ તમારી ભલાઈ છે.

(૧૩૨) (તમારી) આખેરત માટે તમારા તમામ પ્રયત્નો કરતા રહો, તેનાથી તમે તમારી આરામગાહ (કબ્ર)ને શણગારી લેશો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૮ : જેનો મૂળ હેતુ આખેરત છે.....

(૧૩૩) જે માણસ એવી રીતે સવાર અને સાંજ કરે કે તેનું સૌથી મોટુ લક્ષ્ય આખેરત હોય તો તેના લીધે ખુદાવંદે આલમ તેના દિલમાં (દુનિયાથી) બેપરવાઈ નાખી દે છે અને તેના વ્યવહારને એકત્ર કરે છે, જ્યાં સૂધી તે તેનું રીઝ્ક મેળવી નથી લેતો ત્યાં સૂધી તે આ દુનિયાથી જતો નથી. જે માણસ એ હાલતમાં સવાર-સાંજ કરે છે કે તેનો સૌથી મોટો હેતુ દુનિયા હોય છે તો ખુદાવંદે આલમ તેની બંને આંખોની વચ્ચે ફકીરી અને તંગદસ્તી મુકર્રર કરી દે છે અને તેના વ્યવહારને વેરવિખેર કરી

નાખે છે અને તેને આ દુનિયામાંથી તેના માટે વહેંચવામાં આવ્યું હોય તેટલું જ મળે છે.

(૧૩૪) જે માણસનું લક્ષ્ય આખેરત જ હોય તો ખુદાવંદે આલમ તેના તમામ વ્યવહારોને એકત્રિત કરી નાખે છે અને તેની આંખોની સામે તેના માટે (અન્યના આધારથી) સ્વતંત્ર કરી નાખે છે અને દુનિયા તેની પાસે નાક ઘસતી આવે છે.

જે માણસનું લક્ષ્ય દુનિયા હોય છે ખુદાવંદે આલમ તેના તમામ કામોને વેરવિખેર કરી નાખે છે અને તેની આંખોની સામે ગરીબાઈ અને ભૂખ લાવી દે

છે અને તેને દુનિયા પણ તેના માટે લખાઈ હોય તેટલી જ મળે છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૩૫) જેણે પોતાની બધીજ કોશિશો આખેરતના માટે વકફ કરી નાખી તે પોતાની આરઝૂઓમાં સફળ થઈ ગયો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૯ : આખેરત આવા લોકો માટે છે

કુરઆને મજીદ :-

* આ આખેરતનું ઘર અમે તે લોકો માટે નિર્માણ કરીએ છીએ કે જેઓ ન પૃથ્વી પર શેખી (બડાઈ) ચાહે છે અને ન ફસાદ; અને ઉમદા પરિણામ પરહેરઝગારો માટે જ છે.

- (સૂ. ક્સસ આ. ૮૩)

હદીસો :-

(૧૩૬) હફસ બિન ગેયાસ કહે છે કે : હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) એ ફરમાવ્યું : અય હફસ, મારી નજરમાં આ દુનિયાનું સ્થાન એક મુર્દાર જેવું છે જ્યારે માણસ અતિશય મજબૂર થઈ જાય છે ત્યારે તે મુર્દારને ખાઈ લે છે (ખાઈ શકે છે) પછી આપે ઉપરની આયત તિલાવત ફરમાવી. ત્યાર પછી આપે રડીને ફરમાવ્યું : આ આયતની તિલાવતની સાથે જ તમામ આરઝૂઓ સમાપ્ત થઈ ગઈ.

(૧૩૭) પછી જ્યારે મને ખિલાફત સોંપવામાં આવી ત્યારે કેટલાક લોકો નાકસીન (વિકૃત

મનોદશાવાળા) થઈને ઉઠયા અને વાયદાનો ભંગ કર્યો, કેટલાક તો દીનમાંથી નિકળી ગયા અને બીજાઓએ દુરાચાર અપનાવી લીધો જાણે કે તેઓએ ખુદાનો આ કૌલ સાંભળ્યો જ નથી ! /...સૂ. ક્સસ આ. ૮૩.../ હા ! બેશક તેઓએ તે સાંભળ્યો પણ છે અને યાદ પણ કરી લીધો છે. પરંતુ દુનિયા તેઓની સામે શણગારેલા સ્વરૂપમાં આવી ગઈ અને તેની શોભા તેમને લોભાવી ગઈ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૮) હું તમને અલ્લાહના તકવાની વસીયત કરૂ છું અને અલ્લાહ તરફથી તમોને મારા નઝીરે

મોબીન (સ્પષ્ટ રીતે ડરાવનાર) હોવાની ખબર આપવામાં આવી છે. ખુદાના બંદાઓ અને તેના શહેરોમાં ખુદાની વિરૂધ્ધ બંડખોરી ન કરો કારણ કે ખુદાવંદે આલમ આપણા બધા માટે ફરમાવે છે કે આ આખેરતનું ઘર અમે એવા લોકો માટે.....

- હઝરત રસુલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૩૯) અલ્લાહ તઆલાનો આ કૌલ (ઉપરની આયત) વિશે ફરમાવ્યું કે : આ આયત વાલીઓ વિશે, એવા લોકો વિશે નાઝીલ થઈ છે જેઓ અદલ અને નમ્રતા (ના ગુણ) ધરાવે છે. અને બીજા

લોકોમાંથી એવા લોકો વિશે કે જેઓ શક્તિ અને તાકત ધરાવે છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૪૦) એવી જ રીતે છે કે જે માણસને પોતાના બૂટની દોરી પણ આત્મપ્રશંસામાં ફસાવી દે, તેનો સમાવેશ પણ ઉપરની આયતમાં થઈ જાય છે.

(૧૪૧) આ પણ છે કે જે માણસને એ વાત આપવડાઈમાં ફસાવી દે કે તેના બૂટની દોરી તેના

સાથીના બૂટની દોરી કરતા સારી છે તો તે આ આયતમાં દાખલ થઈ જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૨) ‘અલવ ઓલૂ’નો અર્થ શરફ નેકી છે અને ફસાદનો અર્થ તેનો પાયો છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

વિભાગ - ૬ : અખુન (ભાઈ)

પ્રકરણ – ૧ : મોઅમિનો આપસમાં ભાઈ-ભાઈ છે

કુરઆને મજીદ :-

* મોઅમિનો આપસમાં ભાઈ છે.

- (સૂ. હોજોરાત આ. ૧૦)

હદીસો :-

(૧૪૩) તારા એવા ઘણા ભાઈઓ છે જેને તારી મા એ જન્મ આપ્યો નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૪) (હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ) એ કુમ અને આબાના રહીશોને સંબોધન કરીને લખ્યું) ઈમામ ફરમાવે છે કે : મોઅમિન, મોઅમિનના ભાઈ હોય છે, તેની મા અને બાપ તરફથી.

(૧૪૫) તમામ મોઅમિનો માતા અને પિતાના પક્ષથી ભાઈઓ હોય છે, જ્યારે તેઓમાંથી કોઈને પગમાં ઇજા થાય છે ત્યારે બીજા ભાઈ તેમની રાત જાગીને વીતાવે છે.

– હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૪૬) મોઅમિન, મોઅમિનના ભાઈ હોય છે તેની આંખ માર્ગદર્શકનું સ્થાન ધરાવે છે. તે ખયાનત નથી કરતો ન તો તેના (ભાઈ) પર ઝુલ્મ કરે છે, અને ન તો તેની સાથે એવો કોઈ વાયદો કરે છે, જેને તે પૂરો કરી શકતો ન હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૪૭) મોઅમિન, મોઅમિનનો એવો ભાઈ હોય છે કે જાણે બંનેનું શરીર એકજ હોય. શરીરના કોઈ પણ એક ભાગને તકલીફ થાય છે ત્યારે આખા

શરીરને તકલીફ થતી હોય છે, અને બંને (મોઅમિન ભાઈ)ની રૂહ પણ એક જ હોય છે.

(૧૪૮) દરેક જીવંત માટે કોઈને કોઈ વસ્તુ એવી હોય છે, જેનાથી તેને સાંત્વન મળતું હોય છે, મોઅમિનને તેના મોઅમિન ભાઈથી એવું જ સાંત્વન મળે છે જેવું સાંત્વન એક પક્ષીને તેની જેવા બીજા પક્ષીથી મળતું હોય છે.

– હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૯) જેવી રીતે તરસ્યા દિલને પાણીથી ઠંડક મળે છે, તેવી જ રીતે એક મોઅમિનને બીજા મોઅમિનને મળવાથી રાહત પહોંચે છે.

(૧૫૦) તમામ મોઅમિનો આપસમાં ભાઈ-ભાઈ હોય છે, કોઈ પણ ભાઈની દ્રષ્ટિમાં પોતાના ભાઈથી વધારે બીજી કોઈ વસ્તુને અગ્રસ્થાન હોતું નથી.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૫૧) તમામ મોઅમિનો પરસ્પર ભાઈ-ભાઈ છે. તે બધાનું લોહી એક સરખું હોય છે, તેઓ બધા

ગૈરોની સામે એક (બની જતા) હોય છે અને એક બીજાનું માન જાળવવા માટે પ્રયત્નશીલ રહેતા હોય છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ - ૨ : સાચા ભાઈ બનાવો...

(૧૫૨) તમારા માટે જરૂરી છે કે સાચા ભાઈ (હકીકી દોસ્ત) બનાવો અને સાચા મિત્રોની શોધ સતત ચાલુ રાખો કારણ કે તે સુખના સમયના સંગ્રહ સમાન હોય છે અને આઝમાઈશ (મુશ્કેલી)ના વખતે ઢાલ હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૩) જે માણસ વધુમાં વધુ ભાઈ બનાવવાના પ્રયત્ન નથી કરતો તેને નુકસાન ઉઠાવવું પડે છે.

(૧૫૪) ઇન્સાન પોતાના ભાઈઓના કારણે ઘણું ઘણું (મહત્વ) ધરાવતો હોય છે.

– હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૫) જે માણસ ઇસ્લામી ભાઈચારાને મજબૂત કરે છે તો ખુદાવંદે આલમ તેના માટે બેહિશ્તમાં એક બુર્જ (ઉચ્ચ સ્થાન) તૈયાર કરે છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૫૬) લોકોમાં સૌથી વધારે નબળો માણસ એ છે જે ભાઈ બનાવવા માટે લાચાર હોય, અને તેનાથી

પણ વધારે નબળો માણસ એ છે જે ભાઈ બનાવ્યા પછી તેને ગુમાવી દે.

(૧૫૭) જે ભાઈ પાસેથી તું ફાયદો મેળવે તે એ ભાઈ કરતા વધારે સારો છે, જેની પાસેથી તને વધારે ફાયદાની આશા હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૮) વધુમાં વધુ (મોઅમિન) ભાઈઓ બનાવો, કારણ કે કયામતના દિવસે દરેક મોઅમિનને શફાઅત કરવાનો અધિકાર હશે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ - ૩ : ભાઈઓની મોહબ્બત

(૧૫૯) તારી સાથે મોહબ્બત કરવામાં તારો ભાઈ તારાથી આગળ વધી ન જવો જોઈએ. (*તારે તેની મોહબ્બતમાં આગળ વધી જવું જોઈએ-અનુવાદક*)

(૧૬૦) જો તું તારા ભાઈ સાથે મોહબ્બત નથી કરતો, તો જાણે કે તું તેનો ભાઈ જ નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૧) માણસના દીનની સાથે મોહબ્બતની નિશાની એ છે કે તે પોતાના ભાઈની સાથે મોહબ્બત કરતો હોય છે.

– હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૬૨) મોઅમિન સાથેની મોહબ્બત ઈમાનના શ્રેષ્ઠ કારણો (નિશાનીઓ) માંથી છે.

(૧૬૩) તમારે જાણી લેવું જોઈએ કે જ્યારે બે મોઅમિન પરસ્પર રાહે ખુદામાં મોહબ્બત કરે છે અને ખુદા(ની ખૂશી માટે જ) તેના દિલ સાફ હોય છે તો તેઓ આપસમાં એક શરીર સમાન હોય છે.

જો તેઓમાંથી કોઈ એકના શરીરમાં તકલીફ થાય છે તો બીજો મોઅમિન પણ તેનું દર્દ અનુભવે છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૬૪) નેક લોકોની નેકીઓ સાથેની મોહબ્બત તેમના માટે સવાબનું કારણ બને છે. ખરાબ લોકોની નેક લોકો સાથેની મોહબ્બત નેક લોકોની ફઝીલત હોય છે. ખરાબ લોકોની, નેક લોકો સાથે દુશ્મની - નેક બંદાઓ માટે શોભારૂપ હોય છે અને નેક લોકોની ખરાબ લોકો સાથેની દુશ્મની તેમના માટે નિંદનીય હોય છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૬૫) તકવાને પાયારૂપ બનાવીને ભાઈઓ સાથે મોહબ્બત કરો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : મોહબ્બત બાકી રહેવાના કારણો

(૧૬૬) તારા ભાઈ સાથેની તારી આત્મીયતા કાયમ રહેવી જોઈએ, કારણ કે આત્મીયતાના અભાવને કારણે શરમ ચાલી જાય છે. આત્મીયતા બાકી રહેવાથી જ મોહબ્બત બાકી રહે છે.

(૧૬૭) જો તમે ઇચ્છતા હો કે તમારા ભાઈની (તમારી સાથેની) મોહબ્બત સાફ અને ખાલિસ રહે તો તમે હરગીઝ તેની સાથે મજાક, મશ્કરી ન કરો, તેની સાથે જીભા જોડી ન કરો, તેની સામે બડાઈ ન કરો અને તેને ક્યારેય ભોંઠો ન પાડો. – હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૬૮) તમારી જીભની રક્ષા કરો, તેના કારણે તમે તમારા ભાઈઓના માલિક બની શકશો.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૬૯) પરસ્પર ભાઈચારા માટે ત્રણ બાબતો જરૂરી છે. જો તમે તેની પાબંદી કરશો તો ભાઈચારો કાયમ રહેશે, નહીંતર તમે એકબીજાથી જુદા પડી જશો અને એક બીજાના દુશ્મન બની જશો. એ ત્રણ બાબતો આ પ્રમાણે છે. (૧) પરસ્પર ઇન્સાફ (૨) રહેમદીલી (૩) એક બીજા પ્રત્યે હસદ ન રાખવી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૭૦) ભાઈચારાના પર્દામાં, પોતાના ભાઈના હકને ઓળવી ન નાખો, કારણ કે જેનો હક અદા કરવામાં આવ્યો ન હોય તે તારો ભાઈ થઈ શકતો નથી.

(૧૭૧) અરસપરસ વિશ્વાસ એ મવદ્દત (મોહબ્બત) ભર્યું જીવન છે.

- હઝરત અલી (અલયિહિસ્સલામ)

(૧૭૨) હરિસ અઅવરએ અમીરૂલ મોઅમેનીન (અલયિહિસ્સલામ)ને અર્ઝ કરી : યા અમીરુલ

મોઅમેનીન ! ખુદાની કસમ, હું આપને મોહબ્બત કરૂ છું. આપે ઇરશાદ ફરમાવ્યું : હારિસ, જો તમે મને ચાહતા હો તો પછી તમે મારી સાથે લડાઈ ઝગડા ન કરો, ન હંસી-મજાક કરો અને ન પોતાની ફૌકીયત (શ્રેષ્ઠતા) બતાવવા માટે મુનાઝરા (દલીલ) કે ચર્ચા કરો. * ન અભિમાન (અહંકાર-શેખી) બતાડો, ન મને હલ્કો પાડવા માટે કોશિશ કરો અને ન તો મારી ઉપર પોતાની બડાઈ દેખાડો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

* આ હદીસમાં “લા તજારીની” શબ્દ આવ્યો છે. તેનો અર્થ એ થાય છે કે માણસ રિયાકારી (ઢોંગ, ડોળ) કરવા માટે બીજા લોકોની સામે કોઈ માણસને પોતાની ઇલ્મી શ્રેષ્ઠતા દેખાડવા કે બતાવવા માટે દલીલ કે ચર્ચા કરે. જેથી આ રીતે પોતાની શોહરત (ખ્યાતિ) થાય. કેટલીક જગ્યાએ “લા તહારબની” શબ્દ છે. જેનો અર્થ એ થાય છે કે મારી સાથે લડો નહીં, કેટલીક જગ્યાએ “લા તજાઝીની” શબ્દ છે જેનો અર્થ એ થાય છે કે મારી સાથે ભ્રામક (હકીક્ત ન હોય તેવી) વાતો ન કરો. અમૂક જગ્યાએ લાતજારબની શબ્દ છે. જેનો અર્થ એ થાય છે કે : મારી કસોટી ન કરો.

પ્રકરણ – ૫ : રાહે ખુદામાં મોહબ્બત

(૧૭૩) જે ભાઈની સાથે તારી મોહબ્બતત (ખુદાની ખૂશી માટે) હોય તો તેની સામે નજર કરવી પણ ઇબાદત છે.

- હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૪) જે માણસ પોતાના દીની ભાઈને રાહે ખુદામાં ફાયદો પહોંચાડે છે (તે જાણે કે) બેહિશ્તમાં એક ઘરનો ફાયદો મેળવે છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૭૫) જે માણસ ખુદા ઉપર ઈમાન સાથે, ખુદાની ખુશ્નોદી માટે કોઈના ભાઈચારાના હક્કોને અદા કરવાના હેતુસર પોતાના ભાઈને રાહે ખુદામાં ફાયદો પહોંચાડે તો તેણે જાણે કે ખુદાના નૂરના કિરણોથી ફાયદો મેળવ્યો.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૭૬) ઇસ્લામમાં પ્રવેશ્યા પછી કોઈ મુસલમાન પોતાના મુસલમાન ભાઈને રાહે ખુદામાં ફાયદો

પહોંચાડવા કરતા બીજી કોઈ બાબતથી વધારે ફાયદો મેળવી શકતો નથી.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૭૭) જેનો કોઈ દીની ભાઈ ચાલ્યો જાય તો જાણે કે તેનું સૌથી શ્રેષ્ઠ અવયવ (શરીરનો ટુકડો) નકામું થઈ ગયું.

(૧૭૮) રાહે ખુદામાં ભાઈચારો, બિરાદરીમાં વૃધ્ધિ થવાનું કારણ બને છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૬ : દુન્યવી સ્વાર્થ માટે ભાઈચારો, વિમુખતાનું કારણ બને છે

(૧૭૯) જે માણસની મોહબ્બત ખુદા(ની ખૂશી) માટે ન હોય તેનાથી બચીને રહો, કારણ કે તેની મોહબ્બત અધમતા અને તેનો સહવાસ દુર્ભાગ્ય છે.

(૧૮૦) એવી દરેક મોહબ્બત જે રાહે ખુદામાં ન હોય તે ગુમરાહી છે અને તેની ઉપર ભરોસો અશક્ય છે.

(૧૮૧) જે માણસ રાહે ખુદામાં મોહબ્બતથી કામ લેશે તે ફાયદામાં રહેશે અને જે દુનિયા માટે ભાઈચારો કરશે તે વંચિત રહેશે.

(૧૮૨) જે કૌમ ઝાતે ખુદાની ખુશ્નુ દીથી હટીને ભાઈચારો કાયમ કરશે, તો કયામતના દિવસે તે ભાઈચારો તેના માટે જીવની જંજાળ બની જશે.

(૧૮૩) તમામ લોકો આપસમાં ભાઈ ભાઈ છે, પરંતુ કયામતના દિવસે જેની મોહબ્બત ખુદાની ખૂશી સિવાય (ના હેતુ માટે) હશે, તો હકીક્તમાં તે દુશ્મની હશે. આ વિશે ખુદાવંદે આલમ ફરમાવે છે

કે : ""એ દિવસે મુત્તકીન સિવાયના તમામ દોસ્ત એક બીજાના દુશ્મન હશે."

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૭ : દીની ભાઈચારો જ મોહબ્બત બાકી રહેવાનું કારણ હોય છે

(૧૮૪) રાહે ખુદામાં જેટલો ભાઈચારો હશે તેટલી મોહબ્બતમાં ખુલૂસ હશે.

(૧૮૫) દીની ભાઈ જ મોહબ્બતને લાંબા સમય સૂધી બાકી રાખે છે. સાચા ભાઈ શ્રેષ્ઠ ખજાના (સમાન) છે.

(૧૮૬) જે લોકોનો ભાઈચારો ખુદાની રાહમાં હોય છે તેમની મોહબ્બત બાકી રહેવાનું અને સ્થાયી

રહેવાનું કારણ છે, કારણ કે તેમની મોહબ્બતનો હેતુ સ્થાયી હોય છે.

(૧૮૭) ખુદાની ખૂશી માટે બનાવવામાં (મેળવવામાં) આવેલો ભાઈ સૌથી નઝદીકનો સંબંધી હોય છે, અને તેનો સંબંધ મા-બાપના સંબંધથી વધારે નઝદીક હોય છે.

(૧૮૮) આખેરત સાથે સંબંધ રાખનાર લોકોની મોહબ્બત સ્થાયી હોય છે કારણ કે તેનો હેતુ સ્થાયી હોય છે.

(૧૮૯) આશા અને લાલચ પર આધારિત હોય તેવા તમામ ભાઈચારાનો અંત આવી જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૦) એવી દરેક મોહબ્બત જેની ગાંઠ આશા અને લાલચ ઉપર બંધાએલી હોય તેવી મોહબબત રાખનાર નિરાશ થઈ જાય છે.

(૧૯૧) દુનિયાદારી ઉપર આધારિત મોહબબતનો મામૂલી વાતમાં અંત આવી જાય છે.

(૧૯૨) જે માણસ તારી સાથે કોઈ સ્વાર્થના હેતુસર મોહબ્બત કરે તો તેનો સ્વાર્થ પૂરો થઈ જતા પીઠ ફેરવી લેશે.

(૧૯૩) શરારત કરનારા લોકોની મોહબ્બતનો અંત ઝડપથી આવી જતો હોય છે.
- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૮ : ભાઈચારાને બગાડનારી બાબતો

(૧૯૪) ઝુલ્મ ભાઈચારાનો નાશ કરે છે.

(૧૯૫) ઝુલ્મ કરવાથી બચતા રહો કારણ કે તે ભાઈચારાનો અંત લાવી દે છે અને ખુદા તથા લોકોની નારઝગીનું કારણ બને છે.

(૧૯૬) ભાઈચારાને ઝાલિમ પાસે ન શોધો, બલ્કે તેને હિફાઝત કરનારાઓ અને વફાદાર લોકોની પાસે શોધો.

(૧૯૭) ઝુલ્મ ઐબ છે અને ગુનાહ નાશ (કરનાર પરિબળ) છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૯ : કોઈની સાથે મોહબ્બત કરો તો

તેને જાણ કરો

(૧૯૮) જ્યારે તમારામાંથી કોઈ પોતાના સાથી અથવા ભાઈની સાથે મોહબ્બત કરે તો તે વાતની તેને જાણ કરી દે કારણકે તેનાથી પરસ્પરના સંબંધો સારા બને છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૯૯) જ્યારે તમારામાંથી કોઈ બીજા માણસ સાથે દોસ્તી કરે તો તેને તે વાતની જાણ પણ કરે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૦૦) એક માણસ મસ્જિદ પાસેથી પસાર થઈ રહયો હતો, ત્યાં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ) અને હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ) ત્યાં હાજર હતા. આપ (અલયિહિસ્સલામ)ની ખિદમતમાં એક માણસે અર્ઝ કરી : ખુદાની કસમ, હું આ માણસને દોસ્ત રાખુ છું અને તે વાતની ખાત્રી આપુ છું. ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ) એ ફરમાવ્યું : તો તમે એ

વાતની તેને જાણ કરો, કારણ કે તે તેના કારણે મોહબ્બત બાકી રહે છે અને ઉલ્ફત માટે તે બહેતર છે.

પ્રકરણ – ૧૦ : ભાઈચારો – બે ભાઈઓ વચ્ચે મોહબ્બતની દલીલ છે.

(૨૦૧) મોહબ્બત વિશે દિલોને સવાલ કરો, કારણ કે તે (દિલ) એવા ગવાહ છે કે જે કદી (લાંચ) રુશ્વત સ્વિકારતા નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૨) કોઈ માણસે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછ્યું : એક માણસ મને કહે છે કે તે મને મોહબ્બત કરે છે. મને એ વાતની ખબર કેવી રીતે પડે કે તે મને હકીકતમાં મોહબ્બત કરે છે

(કે નહીં?) ઈમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તારા દિલની પરીક્ષા કરી લે, જો તું તેને મોહબ્બત કરતો હોઈશ તો તે પણ તને ચાહતો હશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૩) કોઈએ હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછ્યું : એક શરીફ માણસ મને મળે છે અને ખુદાની કસમ ખાઈને કહે છે કે તે મને મોહબ્બત કરે છે, તો શું હું પણ કસમ ખાઈને કહુ કે તે તેની વાતમાં સાચો છે ? ઈમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તારા દિલની

પરીક્ષા કરી લે, જો તું તેને મોહબ્બત કરતો હો તો ખુદાની કસમ ખા, નહીંતર નહીં.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૨૦૪) તમારા દિલને જુવો, જો તે તમારા સાથીનો ઇન્કાર કરે તો સમજી લો કે તમો બંનેમાંથી કોઈ એકે કોઈ નવું કામ કર્યું છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૫) જેની સાથે તારે અણબનાવ છે, તેની પાસેથી સાફ દિલની આશા ન રાખ, જેના વિશે તું કુધારણા (ખરાબ વિચાર) રાખતો હોય તેની

પાસેથી ખૈરખ્વાહી (ભલાઈ)ની આશા ન રાખ, કેમકે જેવું તારૂ દિલ બીજા માણસ માટે હશે તેવું જ બીજા માણસનું દિલ તારા માટે હશે.

- હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)

(૨૦૬) મોહબ્બતના વિષયમાં તારા ભાઈ વિશે જે કાંઈ તારા દિલમાં હોય તેનાથી જ જાણી લે કે તેના દિલમાં પણ તે જ હશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૧૧ : ભાઈઓ સાથે સંબંધ તોડી નાખવા વિશે.

(૨૦૭) જ્યારે તમે તમારા કોઈ ભાઈ સાથેનો સંબંધ તોડી નાખવા ઇચ્છો તો તમારા તરફથી કોઈ એવી ગુંજાઈશ બાકી રાખો, જેથી કોઈ દિવસ સુલેહ કરવાની જરૂરત પડે તો તેની પાસે જઈ શકાય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૮) શંકાના કારણે તમારા ભાઈ સાથે દોસ્તીનો સંબંધ ન તોડી નાખો, તેને રાજી કરવા પહેલા

સંબંધ ન તોડો. જે માણસ તારી સાથે સખ્તી કરે, તું તેની સાથે નરમ વલણ રાખ, કારણ કે શક્ય છે કે તે પણ તારી સાથે નરમ વલણ દાખવે.

(૨૦૯) મેળ-મિલાપ કર્યા પછી કોઈ સાથે સંબંધ તોડી નાખવો એ ખરાબ વાત છે. ભાઈચારો બાંધ્યા પછી ઝુલ્મ કરવો એ મોટો ઐબ છે, દોસ્તી કર્યા પછી દુશ્મની કરવી એ પસંદ કરવા લાયક બાબત નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૦) મલઉન છે, મલઉન છે એ માણસ કે જેની તરફ તેનો ભાઈ સુલેહ માટે હાથ લંબાવે અને તે તેને તરછોડી દે.

(૨૧૧) જો તમારો ભાઈ તમારી સાથે સંબંધ તોડી નાખે તો તમે ધર્ષણનો માર્ગ ન અપનાવો કેમકે તેનાથી તેના તમારી તરફ પાછા ફરવા (તમારી સાથેનો સંબંધ પુનઃ સ્થાપિત કરવા)નો માર્ગ બંધ થઈ જશે. શક્ય છે કે અનુભવ તેને તારી તરફ પલટાવી દે.

(૨૧૨) જે કોઈએ અસ્થાને મોહબ્બત વ્યક્ત કરી તેણે સંબંધ તોડવા માટે તેને (પોતાને) રજૂ કરી દીધો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૧૨ : તારો ભાઈ સંબંધ તોડી નાખે,

તો પણ તું તેની સાથે સંબંધ કાયમ રાખ.

(૨૧૩) તારો ભાઈ તારી સાથે સંબંધ તોડી નાખે તો પણ તું તેની સાથે સંબંધ જાળવવા માટે તૈયાર રહે અને તે કંજુસાઈ કરે તો તેનાથી ઉલ્ટુ ખર્ચ કરવા માટે પણ તૈયાર રહે... પરંતુ યાદ રાખો, કદી અયોગ્ય સ્થાને એવો વ્યવહાર ન કરો અને અયોગ્ય માણસ સાથે પણ એવો વ્યવહાર ન કરો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૪) લોકોમાં સૌથી વધારે સંબંધ કાયમ રાખનાર માણસ એ હોય છે જે કોઈ સંબંધ તોડી નાખતું હોય છતાં તેની સાથે સંબંધ જાળવી રાખે.

- હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)

(૨૧૫) (એવું ન બને કે) તું સંબંધ તોડી નાખે, છતાં તારો ભાઈ સંબંધ જાળવી રાખવામાં તારાથી વધારે મજબૂત ન બની જાય, અને તું તેની બુરાઈ કરે છતાં તારી સાથે અહેસાન કરવામાં તારાથી આગળ ન વધી જાય.

(૨૧૬) તારો ભાઈ નાફરમાની કરે તો પણ તું તેની ફરમાબરદારી કર, તે તારી સાથે સંબંધ તોડી નાખે તો પણ તું તેની સાથે મેળ-મિલાપ રાખ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૧૩ : ભાઈઓના પ્રકાર

(૨૧૭) ભાઈઓ ત્રણ પ્રકારના હોય છે. એક ખોરાક જેવા હોય છે, જેની જરૂરત હંમેશા રહેતી હોય છે. અને તે છે અકલમંદ ઇન્સાન. બીજા બીમારી જેવા હોય છે તે મૂર્ખ. અને ત્રીજા દવાનું સ્થાન ધરાવે છે અને તે ડાહયો માણસ હોય છે.

(૨૧૮) ભાઈ ત્રણ પ્રકારના હોય છે. એક એ જે પોતાની જાનની કુરબાની આપી દે છે. બીજો એ જે પોતાના માલને કુરબાન કરી દે છે અને આ બંને (પ્રકારના ભાઈ જ) મોહબ્બતમાં સાચા ઇન્સાન હોય છે ત્રીજો એ જે પોતાનો સ્વાર્થ સાધવા માટે તમારી

સાથે ભાઈચારો કરે છે અને તે પોતાનો સ્વાર્થ તમારા મારફત પૂરા કરાવવાના પ્રયત્ન કરે છે. આ પ્રકારના માણસ ઉપર કદી પણ ભરોસો ન કરો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૧૯) ભાઈઓના બે પ્રકાર છે. એક ભરોસાપાત્ર ભાઈ અને બીજા હંસી મજાકના ભાઈ. ... જ્યારે તમને ભરોસાપાત્ર ભાઈ મળી જાય તો તેના માટે તમારી જાન અને માલ ખર્ચ કરો. પછી જેની સાથે તેની સચ્ચાઈ અને નિર્મળ ભાવના હોય તેની સાથે તમે પણ સચ્ચાઈ અને નિર્મળ ભાવના સાથે વ્યવહાર કરો. અને તેની જેની સાથે દુશ્મની હોય

તેની સાથે તમારે પણ દુશ્મની રાખવી જોઈએ. તેના રહસ્યો અને તેના ઐબોને છુપાવો, અને તેની નેકીઓને જાહેર કરતા રહો, પરંતુ અય સવાલ કરનાર, તમારે એ જાણી લેવું જોઈએ કે આ પ્રકારના લોકોની સંખ્યા બહુજ ઓછી હોય છે. લાલ ગંધક કરતા પણ ઓછી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૨૦) ભાઈ ચાર પ્રકારના હોય છે એક ભાઈ તો એ છે જે તમારા અને તેઓના ફાયદા માટે હોય છે, બીજા તમારા ફાયદા માટે હોય છે, ત્રીજા પ્રકારના ભાઈ તમારા નુક્સાન માટે હોય છે. અને ચોથા

પ્રકારના ભાઈ ન તો પોતાના ફાયદા માટે ભાઈ બને છે અને ન તો તમારા ફાયદા માટે.

- હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૧૪ : વિશ્વાસ પાત્ર ભાઈઓ બહુજ ઓછા છે.

(૨૨૧) આખરી ઝમાનામાં જે બાબત બહુ ઓછી જોવા મળશે, તે એવા ભાઈ જેની ઉપર ભરોસો કરી શકાય અથવા તો હલાલનો એક દિરહમ.

(૨૨૨) લોકો માટે એક ઝમાનો એવો આવશે કે જેમાં પ્રેમાળ ભાઈ અને હલાલના એક દિરહમની કમાણી, બીજી કોઈ વસ્તુથી માનવંત (ઉચ્ચ કક્ષાની) હશે.

-હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૨૩) મોહમ્મદ હારૂન જલ્લાબ કહે છે કે મેં હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)ને પુછ્યું અમે આપના વડવાઓ પાસેથી રિવાયત કરી છે કે લોકો પર એક એવો યુગ આવશે કે જેમાં પ્રેમ અને મોહબ્બત ધરાવનાર ભાઈ અને હલાલની કમાણીના દિરહમથી કોઈ વસ્તુ માનવંત નહીં હોય (એટલે કે તેની અછત હશે.)

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : માનવંત વસ્તુઓ મૌજૂદ તો છે, પણ તમે એવા ઝમાનામાં

છો, જેમાં હલાલ દિરહમ અને રાહે ખુદામાં (ખુદાની ખૂશી માટે મોહબ્બત કરે તેવો) મળે તેવો ભાઈ ઓછો મળે છે.

પ્રકરણ – ૧૫ : એવા લોકોને ભાઈ ન બનાવો...

(૨૨૪) જે તમારી તરફ લક્ષ આપે તેનાથી તમે મોઢું ન ફેરવી લો, જે તમારાથી મોઢું ફેરવી લે તેની તરફ તમે ધ્યાન ન આપો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૨૫) એ માણસ સાથેની મિત્રતામાં કોઈ ભલાઈ નથી, જે પોતાના માટે જે કાંઈ પસંદ કરતો હોય તે તમારા માટે પસંદ ન કરે.

(૨૨૬) જ્યાં સૂધી તમે કોઈના આવવા-જવાના સ્થળને સારી રીતે જાણી ન લ્યો ત્યાં સૂધી તેને ભાઈ ન બનાવો, જ્યારે તમે તેને સારી રીતે ચકાસી લ્યો અને તેની રહેણી-કરણીને તમને તમારી પસંદગી મુજબની યોગ્ય જણાય તો તે પછી તેને તમારો ભાઈ બનાવી લ્યો અને તેની ભૂલોને માફ કરતા રહો. તે તંગદસ્તીની હાલતમાં હોય ત્યારે તેની સંભાળ લ્યો.

- હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)

(૨૨૭) જે માણસ લાલચ, ભય, નફસાની ખ્વાહીશાત અથવા ખાવા-પીવાના હેતુથી તમારી

સાથે દોસ્તી કરવા માગતો હોય તો તમે તેની સાથે દોસ્તી કરવાથી બચો, અને મુત્તકી લોકોને ભાઈ બનાવવાના પ્રયત્નો કરો, ભલે તેને શોધવાના માટે તમારી આખી ઝિંદગી પૂરી થઈ જાય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૨૮) એ તારો ભાઈ નથી જેના કારણે તારે તકલીફ ઉઠાવવી પડે.

-હઝરત ઈમામ અલી (અલયહિસ્સલામ)

(૨૨૯) મોટો ભાઈ એ નથી જે તારી ખુશહાલીમાં તો તારી સાથે રહે પરંતુ તંગદસ્તીમાં તને છોડી દે.

(૨૩૦) ચાર પ્રકારના માણસો સાથે ન તો મેળ-મિલાપ રાખો, અને ન તો તેને ભાઈ બનાવો. ૧. મુર્ખ ૨. કંજૂસ ૩. બુઝદિલ અને ૪. જુઠ બોલનારને..... (*આ હદીસ અસલ કિતાબમાં અધૂરી છે.*)

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૨૩૧) મુસલમાનો માટે જરૂરી છે કે ત્રણ પ્રકારના ભાઈચારાથી દૂર રહે (૧) બેહયા (૨) મુર્ખ અને (૩) જૂઠ બોલનાર.

(૨૩૨) એવા માણસને કદી ભાઈ ન બનાવો જે તમારી ખૂબીઓને છુપાવે અને (તમારા) ઐબોને ફેલાવે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૧૬ : જૂના મિત્રોને હાથથી જવા ન દો

(૨૩૩) હંમેશા નવી વસ્તુ પસંદ કરો, પણ ભાઈ તો હંમેશા જૂના લોકોને બનાવો.

(૨૩૪) વીતી ગએલા ઝમાના માટે રડવું, વતન પ્રત્યે આકર્ષણ અને જૂના મિત્રોનું રક્ષણ આ ત્રણ બાબત ઇન્સાનની શરાફતની દલીલ છે.

(૨૩૫) હઝરતે દાવૂદ (અલયહિસ્સલામ)એ તેમના ફરઝંદ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : જ્યાં સૂધી શક્ય હોય જૂના મિત્રોને બદલે નવા મળનારા મિત્રોને ન અપનાવો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૩૬) ખુદાવંદ તબારક વ તઆલા જૂની દોસ્તીને ચાલુ રાખવાને પસંદ ફરમાવે છે, તેથી તમે પણ એ વાતની પાબંદી રાખો.

(૨૩૭) બેશક, ખુદાવંદે આલમ જૂની મિત્રતાના રક્ષણને પસંદ કરે છે.

-હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ – ૧૭ : આ તમારા સાચા ભાઈઓ છે...

(૨૩૮) તમારા સાચા ભાઈ એ છે, જે તમારી ભૂલોને માફ કરે, તમારી જરૂરતોને પૂરી કરે, તમારા બહાનાને માન્ય રાખે, તમારા ઐબોને છુપાવે, તમારા ડરને દૂર કરે અને તમારી ઇચ્છાઓને પૂરી કરે.

(૨૩૯) તમારા ભાઈ એ છે જે તમને મુશ્કેલીના વખતે તમને છોડી ન દે, ગુનાહોમાં તમારાથી ગાફિલ ન રહે (તમને ગુનાહ કરતા રોકે) અને જ્યારે તમે તેની પાસે માગણી કરો તો તે તમારી સાથે દગો ન કરે.

(૨૪૦) (ખાવા-પીવાના પ્રસંગોએ) ખાવા-પીવાને પસંદ કરનાર વધારે હોય છે અને ઝમાનાની મુશ્કેલીઓમાં મદદ કરનાર બહુજ ઓછા.

પ્રકરણ – ૧૮ : બેઐબ (દુર્ગુણ વગરના) માણસને દોસ્ત બનાવનાર...

(૨૪૧) જે માણસ તેના મિત્રના દરેક ગુનાહનો હિસાબ કરે છે, તેના મિત્ર ઓછાં હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૪૨) જે માણસ ઐબ વગરના માણસને મિત્ર બનાવશે તેના મિત્ર ઓછાં હશે.

(૨૪૩) લોકોના દીન વિશે જાસૂસી ન કરો, નહીંતર દોસ્ત વગરના રહી જશો. - હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૪૪) લોકો માટે એક જમાનો એવો આવશે કે જો તમે કોઈ માણસનું નામ સાંભળો તો (તેનું નામ સાંભળવા કરતા) તેની સાથે મુલાકાત કરવી બહેતર હશે, અને જ્યારે કોઈની મુલાકાત કરો તો તેને અજમાવવો બેહતર હશે અને જ્યારે તમે તેને અજમાવશો તો હકીકત તમારી નજરની સામે આવી જશે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ – ૧૯ : પોતાના ભાઈની ભૂલોને સહન કરો...

(૨૪૫) જ્યારે તમારો દુશ્મન તમારી ઉપર હુમલો કરે ત્યારે તમારા દોસ્તની ભૂલને સહન કરો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૪૬) મોઅમિનની ઓળખાણ આપતા ફરમાવ્યું : મોઅમિન તેના ભાઈની ભૂલના વખતે નરમાશ વ્યક્ત કરે છે અને જૂની દોસ્તીને ખાસ લક્ષમાં રાખે છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૪૭) જે (નબળાઈ) તમારા ભાઈમાં હોય તેને સહન કરો, વારંવાર તેને ઠપકો ન આપો કારણ કે તેના કારણે દ્વેષ પૈદા થાય છે અને જેને રાજી રાખવા જરૂરી હોય તેને રાજી રાખો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૪૮) એક માણસે ઇમામે રઝા (અલયહિસ્સલામ) પાસે પોતાના ભાઈની ફરિયાદ કરી ત્યારે આપે ફરમાવ્યું :

* તમારા ભાઈને તેના ગુનાહ માટે લાચાર સમજો અને તેના ઐબને ઢાંકો.

* નાદાન માણસના આક્ષેપો અને ઝમાનાના સંજોગો પર સબ્ર કરો.

* તમારી બુઝુર્ગીને લક્ષમાં લઈને તેને જવાબ ન દો અને ઝુલ્મ કરનારનો મામલો તેના હિસાબ કરનારને એટલે કે ખુદાને સોંપી દો.

(૨૪૯) સહન કરવું એ દોસ્તીની શોભા છે.

(૨૫૦) સહનશક્તિ શાનને વધારે છે.

(૨૫૧) સહનશીલ એ છે જે પોતાના ભાઈઓ (તરફથી પડતી તકલીફો)ને સહન કરે છે.

(૨૫૨) જે તમારા પર વીતે તેને સહન કરો કારણ કે તેનાથી ઐબો છૂપા રહે છે. બેશક, અકલમંદ માણસ અડધો સહનશીલ અને અડધો માફ કરનાર હોય છે.

(૨૫૩) સૌથી શ્રેષ્ઠ માણસ એ છે જે લોકોની સખ્તીઓને સહન કરે.

(૨૫૪) જે માણસ દોસ્તોની ભૂલોને સહન નથી કરતો તે એકાંતની મૌતમાં મરે છે.

(૨૫૫) જે માણસ પોતાના ભાઈઓને સહન નથી કરતો તે સરદાર બની

શક્તો નથી. - હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૨૦ : શ્રેષ્ઠ ભાઈ

(૨૫૬) શ્રેષ્ઠ ભાઈ એ છે કે જેની (ખૈરખ્વાહી)માં દેખાવ ઓછો હોય.

(૨૫૭) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે જે તારી સાથે સંપૂર્ણ સહકારથી વર્તે અને તેનાથી પણ વધારે સારો એ છે જે તારી તમામ જરૂરતોને પૂરી કરે.

(૨૫૮) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે જે ખુદાના હુકમ બજાવી લાવવા માટે તારી સાથે સખ્તાઈ કરે.

(૨૫૯) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે જ્યારે તને તેની જરૂરત પડે ત્યારે તે તારી તમામ જરૂરતોને પૂરી કરે અને જ્યારે તેને તારી જરૂરત પડે ત્યારે તે તને વધારે તકલીફ ન આપે.

(૨૬૦) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે તને સારો સહકાર આપે અને તેનાથી વધારે સારો એ છે કે જે તને બીજાથી લાપરવાહ (એટલે કે તારી હાજત માટે બીજાથી મુક્ત) કરી દે.

(૨૬૧) શ્રેષ્ઠ ભાઈ એ છે કે જેની મોહબ્બત ફક્ત અલ્લાહના માટે હોય.

(૨૬૨) શ્રેષ્ઠ ભાઈ એ છે જેનો ભાઈચારો અને મોહબ્બત દુનિયા(ના સ્વાર્થ અને દેખાવ) માટે ન હોય.

(૨૬૩) શ્રેષ્ઠ ભાઈ એ છે કે કદાચ તું તેને ગૂમાવી દે તો તું પોતે પણ જીવવાનું પસંદ ન કરે.

(૨૬૪) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે પોતે પણ નેકીઓની તરફ દોડે અને તને પણ તેની તરફ ખેંચીને લઈ જાય. તેમજ તને નેકી કરવાનો હુકમ આપે અને તે કામમાં તારી મદદ કરે.

(૨૬૫) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે પોતાની સાચી વાતો થકી તને (પણ) સાચું બોલવાનું નિમંત્રણ આપે અને (નેક) આમાલ થકી તને શ્રેષ્ઠ કાર્યો કરવાની પ્રેરણા આપે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૬૬) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે જે ખુદાની ઇતાઅતના સંબંધમાં તારી મદદ

કરે, તને ખુદાની નાફરમાની કરવાથી બચાવે અને ખુદાની ખૂશી(ના કામ કરવા) માટે તૈયાર કરે.

- હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૬૭) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે તને હિદાયતનો માર્ગ બતાવે, તને તકવા માટે તૈયાર કરે અને તારા નફસની ખ્વાહેશાતનું અનુસરણ કરવાથી રોકે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૬૮) શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે (તને) આખેરતના કાર્યોમાં તારી મદદ કરે.

- હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૬૯) શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે નેકીના કામોમાં સહકાર આપે.

(૨૭૦) શ્રેષ્ઠ ભાઈ એ છે કે ભાઈચારાથી દૂર ન જાય.

(૨૭૧) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે કે જે હક (વાત) માટે તારી ઉપર ગુસ્સે થતો હોય.

(૨૭૨) શ્રેષ્ઠ ભાઈ એ છે કે તેના ભાઈ તેની સિવાય બીજા (કોઈ)ના મોહતાજ ન હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૭૩) તમારો શ્રેષ્ઠ ભાઈ એ છે જે તમને તમારા ઐબો (દુર્ગુણો)થી વાકેફ કરે.

- હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૭૪) તારો શ્રેષ્ઠ ભાઈ એ છે જે તારી ભૂલોની જવાબદારી સ્વિકારી લે.... તારા અહેસાનને જાહેર કરે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ

(૨૭૫) મારો શ્રેષ્ઠ ભાઈ એ છે જે મારા ઐબથી મને વાકેફ કરે.

- હઝરત ઈમામ હસન અસ્કરી (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૨૧ : સંપૂર્ણ શ્રેષ્ઠ ભાઈનો પરિચય

(૨૭૬) લોકો, હું તમને મારા એક એવા ભાઈ વિશે જાણકારી આપું છું, જેની ઇઝઝત મારી નજરોમાં સૌથી વધારે હતી. તેની ઇઝઝતનું સૌથી મુખ્ય કારણ એ હતુ કે તેની નજરમાં દુનિયા બિલ્કુલ તુચ્છ હતી. તે પોતાના નફ્સની ખ્વાહિશ (મનોવાસના)થી બિલ્કુલ મુક્ત હતો. જે વસ્તુ તેને મળી શકે તેમ ન હોય તેની ખ્વાહિશ ન કરતો. જે વસ્તુ તેને મળી ગઈ હોય તેમાં વધારો થવાની આશા ન રાખતો. તે કામવાસનાના પ્રભાવથી પણ સુરક્ષિત હતો, જેના કારણે તેની અકલ કે અભિપ્રાય

હલકો થતો ન હતો. તે જહાલતની અસરોથી ઉચ્ચ હતો. તેથી તે પોતાના હાથ ફક્ત એજ જગ્યાએ લંબાવતો જ્યાંથી ફાયદો થવાની તેને સંપૂર્ણ ખાત્રી હોય.

તે કોઈ પાસેથી કોઈ વસ્તુની આશા રાખતો ન હતો અને ન તે કદી કોઈ ઉપર ગુસ્સે કે ક્રોધિત થતો હતો. તે સતત રોઝા પણ રાખતો હતો. જ્યારે તે વાત કરતો હતો ત્યારે તેની સામે વાત કરવાની કોઈની હિંમત ચાલતી ન હતી. તે કદી કોઈ સાથે જીભા જોડી કે વાદ-વિવાદ કરતો ન હતો. ન તો તે કોઈ સાથે ફિત્ના ફસાદમાં ભાગ લેતો હતો. ન તો

કોઈ બાબતમાં નિર્ણય માટે તેને ફકીહ પાસે જવું પડતું અને ન તો તેને કોઈ કાઝી પાસે જવું પડતું. તે કદી પોતાના કોઈ ભાઈની અવગણના કરતો ન હતો. અને પોતાના ભાઈઓને છોડીને પોતાના માટે કોઈ ખાસ વસ્તુને પસંદ કરતો ન હતો તે નબળો હતો, અને લોકો પણ તેને કમઝોર માનતા હતા, પણ પ્રયત્નો અને સંઘર્ષ કરવામાં તે એક બળવાન સિંહ જેવો હતો.

જ્યારે કોઈ કામ માટે તેની પાસે કોઈ કારણ રજૂ કરવામાં આવતું ત્યારે તે એ કામ માટે કોઈને જવાબદાર ગણીને ઉતારી પાડતો નહીં, જે કાંઈ તે

કહેતો તે જ કરતો, અને જે કાંઈ ન કહેતો તે પણ કરી છૂટવાનો પ્રયત્ન કરતો. જ્યારે તેની સામે એક સરખા બે કામ આવતા અને તે એ વાત સમજી ન શકતો કે કયું કામ વધારે સારૂ છે ? ત્યારે તે પોતાનો નફ્સ કહે તેનાથી ઉલ્ટું કામ કરતો.

તે પોતાના દર્દોની ફરિયાદ માત્ર એવા લોકોને જ કરતો હતો કે જેમની પાસેથી તેના ઇલાજની આશા હોય. તે એવા માણસની જ સલાહ લેતો જેની પાસેથી ઇલાજની આશા હોય. તે કોઈ ઉપર ક્રોધિત કે નારાજ થતો ન હતો. તે કોઈ બાબતની ફરિયાદ કરતો ન હતો કે ન તો કોઈ વસ્તુની લાલચ રાખતો

હતો. તે કોઈ પાસેથી બદલો લેતો ન હતો અને તે કોઈ દુશ્મનથી બેપરવાહ રહેતો ન હતો.

તમારા માટે પણ જરૂરી છે કે તમે પણ આ પ્રકારના મહેરબાની ભર્યા અખ્લાકને અપનાવી લો જો તમારામાં આ બધા અખ્લાક અપનાવવાની શક્તિ ન હોય તો તમે જેટલા અખ્લાકને અપનાવી શકો તેટલાને અમલમાં મુકો. કારણ કે થોડી બાબત ઉપર અમલ કરવો તે વધારે બાબતોને છોડી દેવા કરતા વધારે સારૂ છે.

- હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)

(૨૭૭) ભૂતકાળમાં, રાહે ખુદામાં મારો એક ભાઈ હતો. મારી નજરોમાં તેની ઉચ્ચતા ફક્ત એ માટે હતી કે તેની નજરોમાં દુનિયા હકીર હતી અને તે પોતે ખ્વાહિશે નફસથી મુક્ત હતો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૨૨ : સૌથી ખરાબ ભાઈ

(૨૭૮) સૌથી ખરાબ ભાઈ એ છે કે જેના માટે તારે તકલીફ ઉઠાવવી પડે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૭૯) હઝરત અમીર (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે કેવો સાથી સૌથી ખરાબ છે ? ત્યારે આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જે તમારી સામે ખુદાની નાફરમાની(ના કામો)ને સુંદર બનાવીને રજૂ કરે.

પ્રકરણ – ૨૩ : ભાઈઓની ચકાસણી

(૨૮૦) કોઈને પણ ભાઈ બનાવતા પહેલા તેની ચકાસણી કરી લો, કેમકે ચકાસણી એ એવું ધોરણ છે કે જે સારા અને ખરાબને જુદા પાડી દે છે.

(૨૮૧) કોઈને ભાઈ બનાવતા પહેલા તેને અજમાવી લો, પરંતુ એ આઝમાઈશ સાવધાનીમાં રાખવાનું ન છોડો, નહીંતર તમે ખરાબ લોકોની સોહબત કરવા માટે મજબૂર થઈ જશો.

(૨૮૨) જે કોઈ (ભાઈ બનાવવા માટે) સુંદર રીતે આઝમાઈશ કરે, અને પછી ભાઈ બનાવે તો તેની

દોસ્તી મજબૂત હોય છે, તેની મોહબ્બત પુખ્ત હોય છે. જે કોઈ આઝમાઈશ કર્યા વગર ભાઈ બનાવે તો તેને ખરાબ દોસ્તોનો સામનો કરવો પડે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૮૩) તમામ ભાઈને બે ખાસીયતથી અજમાવો જો તે બંને ખાસીયત તેનામાં જોવા મળે તો તે દોસ્તી (કરવા)ને પાત્ર છે, નહીંતર તેનાથી દૂર રહો. (૧) નમાઝમાં સમયની પાબંદી અને (૨) તંગી (મુશ્કેલી) અને આસાની (સુખ)ના સમયમાં પોતાના ભાઈઓ સાથે નેકીનો વ્યવહાર.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૮૪) જ્યારે તમે તમારા ભાઈમાં ત્રણ ખાસીયતો જુવો ત્યારે તમે તેની પાસેથી (વફાદારીની) આશા રાખો. (૧) હયા, (૨) અમાનત, અને (૩) સચ્ચાઈ. જો તેનામાં આ ખાસીયતો જોવા મળતી ન હોય તો તેની પાસેથી (કોઈ પ્રકારની) આશા ન રાખો.

- હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ – ૨૪ : ભાઈઓને માર્ગદર્શન

(૨૮૫) તમારા ભાઈને નિખાલસતા પુર્વક નસીહત કરો, ભલે તેને સારી લાગે કે ખરાબ.

(૨૮૬) તમને એ ડર તમારા ભાઈ સાથે આપસમાં મુલાકાત કરવાથી ન રોકે કે જો તમે તેના ઐબ તેની સામે બયાન કરશો તો તે પણ તમારા એવાજ પ્રકારના ઐબને તમારી સામે બયાન કરશે. કારણ કે તમે દુનિયાની મોહબ્બત કરીને તેને આખેરત ઉપર અગ્રતા આપવાની બાબતથી પાક છો.

(૨૮૭) જે કોઈ પોતાના ભાઈને એકાંતમાં નસીહત કરે છે, તો તેને શોભા આપે છે. અને જો તેને લોકોના સમુહ વચ્ચે નસીહત કરે છે તો તેને હલકો પાડે છે.

(૨૮૮) જો કોઈ પોતાના ભાઈને એવી હાલતમાં (એવા કામ કરતા) જુવે કે જે તેના મોભા કે પ્રતિષ્ઠાને અનુરૂપ ન હોય અને પોતાની શક્તિ હોવા છતાં તેને ન રોકે તો તેણે ખયાનત કરી ગણાશે.

- ઈમામ જઅફરે સાદિક(અલયિહિસ્સલામ)

(૨૮૯) મોઅમિન પોતાના મોઅમિન ભાઈ માટે અરીસા સમાન હોય છે, જો તે તેની સામે ન હોય તો પણ તેની ખૈરખ્વાહી (ભલાઈ)ની આશા રાખે છે. અને જ્યારે તે હાજર હોય છે, ત્યારે તેને અણગમતી હોય તેવી વસ્તુઓને દૂર કરે છે.

- હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ – ૨૫ : ભાઈઓની ઇઝઝત અને સન્માન

(૨૯૦) જે માણસ પોતાના મુસલમાન ભાઈની કોઈ એવા શબ્દ સાથે ઇઝઝત કરે, જેના કારણે તે મોઅમિનનું દિલ ખુશ થાય અથવા તો કોઈ એવી ભરી મહેફિલ (જનસમુહ) માં તેને માન આપે તો તે માણસ એ સમય સુધી અલ્લાહની રહેમતના છાયામાં રહેશે, જ્યાં સૂધી તે એ હાલતમાં રહેશે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૯૧) જો કોઈ માણસ પાસે તેનો મોઅમિન ભાઈ આવે અને તે મોઅમિન ભાઈની ઇઝઝત કરે તો જાણે કે તેણે અલ્લાહની ઇઝઝત કરી.

(૨૯૨) જો કોઈ પોતાના ભાઈને મરહબા (શાબાશ – વાહ, વાહ) કહે તો ખુદાવંદે આલમ તેને કયામતના દિવસ સૂધી મરહબા લખી નાખે છે.

(૨૯૩) જે માણસ દીનની અઝમત અને માન જાળવે છે, તે પોતાના ભાઈઓની ઇઝઝત અને સન્માન પણ કરે છે, જે માણસ પોતાના દીનને હકીર સમજે છે, તે પોતાના ભાઈઓને પણ હકીર સમજે છે.

(૨૯૪) મારી ઉમ્મતમાંથી જે કોઈ માણસ રાહે ખુદામાં પોતાના ભાઈ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવશે, તો ખુદાવંદે આલમ જન્નતના ખિદમતગારોને તેની ખિદમત માટે નક્કી કરશે. (નીમશે.)

(૨૯૫) મુસલમાનોની હુરમતનો ખયાલ એ માણસ જ કરશે, જેની હુરમતને ખુદાવંદે આલમે લોકોના દિલમાં કાયમ કરી દીધી હશે. જે માણસના દિલમાં ખુદા અને રસૂલની હુરમત જેટલી વધારે હશે તેટલી જ મુસલમાનોના દિલમાં પણ તેના માટે હુરમત હશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૨૬ : ભાઈઓની હાજત પૂરી કરવી

(૨૯૬) તમારામાંથી જ્યારે કોઈ તંગદસ્તી અનુભવે ત્યારે પોતાના ભાઈને જાણ કરે. (પોતાની જાતને મુશ્કેલીમાં ન મૂકે.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૯૭) જ્યારે તમને તમારા ભાઈની જરૂરતની જાણકારી મળી જાય ત્યારે તેને તેની જરૂરતો કહેવાની તકલીફ ન આપો. (એટલે કે તેના કહેવા પહેલા જ તેની જરૂરતોને પુરી કરી દેવી જોઈએ.)

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૨૯૮) સઈદ બિન હસન કહે છે કે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : શું તમારામાં કોઈ એવો માણસ છે કે જે પોતાના ભાઈની પાસે જઈને તેના ખીસ્સામાં હાથ નાખીને પોતાની જરૂરત પ્રમાણે(ની રકમ) તેમાંથી લે અને તેને તેનો ભાઈ રોકે નહીં ? મેં કહ્યું : અમારામાં તો કોઈ એવો માણસ નથી. ઈમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તો કોઈ વાત જ નથી. મેં કહ્યું : તો પછી તબાહી છે ?! ઈમામ

(અલયહિસ્સલામ)એ ઇરશાદ ફરમાવ્યું : આ રીતે તો કોઈ કૌમના સ્વપ્ન પૂરા થઈ શકશે નહીં.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૨૯૯) ભાઈઓના હક્કોને અદા કરવા એ મુત્ત કી લોકોના સૌથી શ્રેષ્ઠ અમલ હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૦૦) ..... ખુદાવંદે આલમે સમય સૂધી મોઅમિનની મદદ કરતો રહે છે, જ્યાં સૂધી તે પોતાના ભાઈની મદદ કરતો રહે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૩૦૧) જે માણસ પોતાના મોઅમિન ભાઈની એક હાજત પૂરી કરશે, ખુદાવંદે આલમ કયામતના દિવસે તેની એક લાખ હાજતો પૂરી કરશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૩૦૨) ખુદાવંદે આલમે એક ખાસ નેકી ત્રણ પ્રકારના લોકો માટે સુરક્ષિત રાખી છે. (૧) આદિલ ઈમામ માટે, (૨) એ મોઅમિન માટે કે જે પોતાના માલથી પોતાના ભાઈને મજબૂત કરતો હોય, (૩)

એ માણસ માટે કે જે પોતાના મોઅમિન ભાઈની હાજત પૂરી કરવા માટે પ્રયત્ન કરતો હોય.

(૩૦૩) જે માણસની પાસે તેનો ભાઈ અમૂક સંજોગોમાં રક્ષણ મેળવવાના હેતુથી આવે અને તે પોતાની શક્તિ હોવા છતાં તેને રક્ષણ ન આપે તો ખુદાવંદે આલમની વિલાયતની બહાર થઈ જશે.

- હઝરત ઈમામ મુસા કાઝીમ (અલયહિસ્સલામ)

(૩૦૪) જે કોઈ મોઅમિન પોતાના મોઅમિન ભાઈ સાથે નેકી કરશે, તો તેણે ખુદ રસૂલે પાક

(સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની સાથે નેકી કરી ગણાશે.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૩૦૫) કોઈને પોતાના ભાઈ ઉપર ભરોસો છે કે કેમ ? તે (જાણવા) માટે એટલુ પૂરતું છે કે તે તેની પાસે જઈને પોતાની હાજત બયાન કરે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૨૭ : ભાઈચારાના આદાબ

(૩૦૬) જ્યારે તમારી સાથે કોઈ માણસ ભાઈચારાનો વ્યવહાર કરવા માગે તો તેને તેનું નામ, તેના પિતાનું નામ, તેની કૌમ અને કબીલાની વિગત અને તેના રહેણાંકના સરનામાની વિગત પૂછી લ્યો. કારણ કે આ બાબતો નિખાલસ ભાઈચારાનો ભાગ છે. નહીંતર તમારી મિત્રતા એ મૂર્ખતા ગણાશે.

(૩૦૭) ત્રણ બાબતો સિતમ કરવા જેવી ગણાય છે, જેમાંની એક એ છે કે કોઈ માણસ બીજા કોઈ

માણસ સાથે રહે અને તેને તેનું નામ અને કુન્નીયત ન પૂછે ....

(૩૦૮) તમારા ભાઈને સસ્મિત મળો.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૩૦૯) જેની વિલાદત તેના પિતાના બિસ્તર ઉપર ન થઈ હોય (જે હરામઝાદો હોય) તેની બેઠક તેના ભાઈના હક (તરફેણ)માં ખરાબ હોય છે.

- હઝરત ઇમામે જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૩૧૦) પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની એ ટેવ હતી કે જો તેઓ પોતાના મિત્રલમાંથી કોઈ એકને ત્રણ દિવસ સૂધી ન જોતા તો તેના વિશે પૂછપરછ કરતા હતા. જો તે હાજર ન હોય તો તેના હકમાં દુઆ ફરમાવતા હતા. અને જો તે હાજર હોય તો તેને મળવા માટે જતા હતા, જો તે બીમાર હોય તો તેના ખબર અંતર પૂછવા માટે જતા હતા.

વિભાગ-૭ : અદબ

પ્રકરણ – ૧ : અદબ (શિષ્ટતા-સભ્યતા-સંસ્કાર)

(૩૧૧) અદબ (સારો વર્તાવ અને સભ્યતા) એ ઇન્સાનનો કમાલ છે.

(૩૧૨) ઇન્સાનની અકલ એ (તેના જીવનની) વ્યવસ્થા, અદબ એ તેનો સહારો, સચ્ચાઈ તેનો માર્ગદર્શક અને શુક્ર તેની કમાલ (માલે ઇન્સાનીયત) છે.

(૩૧૩) અય મોઅમિન ! ઇલ્મ અને અદબ એ તારા જીવની કિંમત છે. તેથી તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કર, કેમકે જેમ તારા ઇલ્મ અને અદબમાં વધારો થતો જશે તેટલી જ તારી કદ્રો કિંમતમાં વધારો થશે.

(૩૧૪) તને અદબ સાથે મોકલવામાં આવ્યો છે, તેથી હિલ્મ સાથે તેની શોભામાં વધારો કર.

(૩૧૫) જેની શ્રેષ્ઠ ટેવ અદબ નથી હોતી, તે સહેલાઈથી નાશ પામે છે.

(૩૧૬) અદબ શ્રેષ્ઠ ટેવ છે.

(૩૧૭) અદબ એ શ્રેષ્ઠ શરફ (સન્માન) છે.

(૩૧૮) મા-બાપ પોતાના સંતાનોને વારસામાં જે શ્રેષ્ઠ વસ્તુ આપી શકે છે, તે અદબ છે.

(૩૧૯) અદબ એ શ્રેષ્ઠ મદદગાર અને સાથી છે.

(૩૨૦) અદબ મેળવવા ઉત્સુક હોય તે (માણસ) દુનિયાનો માલ મેળવવા માટે ઉત્સુક હોય તેની કરતા વધારે હોંશિયાર છે.

(૩૨૧) લોકોને સોના ચાંદી કરતા પણ વધારે સારા સંસ્કાર (અદબ)ની જરૂર હોય છે.

(૩૨૨) ત્રણ બાબતો એવી છે જેના કરતા વધારે સારી બીજી કોઈ બાબત નથી: (૧) સારા સંસ્કાર, (૨) શંકાથી દૂર રહેવું, અને (૩) હરામ કામોથી બચવું.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૨૩) હઝરત રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ (જ્યારે હઝરત મઆઝને યમન તરફ મોકલ્યા ત્યારે) ફરમાવ્યું : અય મઆઝ, તમે એ લોકોને કિતાબે ખુદાની તાલીમ આપો અને નેક અખ્લાકના આધારે તેમને સારી સભ્યતા શીખવો.

પ્રકરણ – ૨ : અદબ બે શરાફતોમાંની એક છે

(૩૨૪) અદબ બે શરાફતમાંની એક છે.

(૩૨૫) શ્રેષ્ઠ ખાનદાની શરાફત અદબ છે.

(૩૨૬) (સારી) સભ્યતા એ ખાનદાની શરાફતની ભેટ છે.

(૩૨૭) અદબ એ શ્રેષ્ઠ વંશ અને સૌથી સારા સંબંધની નિશાની છે.

(૩૨૮) સભ્યતાપૂર્ણ વર્તન (અદબ) એ ખાનદાની શરાફતની સુંદરતા છે.

(૩૨૯) તમારા માટે જરૂરી છે કે તમે અદબથી વર્તો. કેમકે આ ખાનદાની શરાફતની શોભા છે.

(૩૩૦) થોડી સભ્યતા એ મોટા વંશ કરતા વધારે સારી છે.

(૩૩૧) સારો વ્યવહાર એ ખાનદાની શરાફતનું (સ્થાન લઈ શકતું) હોય છે.

(૩૩૨) કોઈ ખાનદાની શરાફત અદબથી વધારે ફાયદાકારક નથી.

(૩૩૩) અદબથી વધારે કોઈ શરાફત શ્રેષ્ઠ વંશ ધરાવનાર નથી.

(૩૩૪) દરેક પ્રકારની શરાફતની એક હદ હોય છે. પરંતુ અકલ અને અદબની (ઉચ્ચતાની) કોઈ હદ નથી.

(૩૩૫) સારો વ્યવહાર (અદબ) ખરાબ વંશને છુપાવી દે છે.

(૩૩૬) જેની પાસે અદબ નથી, તેની ખાનદાની શરાફત ફાસિદ (વિકૃત) છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૩ : અદબ હંમેશા આધુનિક પોષાકમાં હોય છે

(૩૩૭) અદબ હંમેશા શોભા આપનાર (નવા) પોશાક સમાન હોય છે.

(૩૩૮) ઇલ્મ એક શ્રેષ્ઠ વારસો છે, અદબ એ હંમેશા માટેનો નવો (રૂહાની) પોશાક છે.

(૩૩૯) અદબ તમારી શોભા છે.

(૩૪૦) જે અદબનું અનુસરણ કરે છે, તે પોતાના નફ્સને શોભા આપે છે.

(૩૪૧) આદાબ (સદવ્યવહાર) જેવો બીજો કોઈ સારો પોશાક નથી.

(૩૪૨) આદાબ જેવી બીજી કોઈ શોભા નથી.

-હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૪ : બેઅદબી (કુસંસ્કાર – અસભ્યતા)

(૩૪૩) બેઅદબીમાં કોઈ શરાફત નથી.

(૩૪૪) જે અદબમાં નબળો હોય છે, તેનામાં ખરાબીઓ વધારે હોય છે.

(૩૪૫) જેને અદબની હલકાઈ નીચે ઉતારી પાડે છે, તેને ખાનદાની શરાફત ઉંચે લાવી શક્તી નથી.

(૩૪૬) બેઅદબી એ સૌથી ખરાબ ફૂળની નિશાની છે.

(૩૪૭) બદઝબાન (ખરાબ બોલનાર) માણસમાં કોઈ આદાબ હોતા નથી.

(૩૪૮) નફ્સની ઉત્પત્તિ ધૃષ્ટતા પર થઈ છે, બંદાને સારા આદાબ કેળવવા માટે હુકમ આપવામાં આવ્યો છે. નફ્સની દોટ ખોટા માર્ગે હોય છે, અને બંદો તેને ખોટી ઇચ્છાઓ પૂરી કરવાની કોશિશ કરતો હોય છે. તેથી જે માણસ પોતાના નફ્સને લગામ વગરના ઘોડા જેવો બનાવી દે છે, તે તેની ખરાબીઓમાં ફસાઈ જાય છે, અને જે માણસ નફ્સની ખ્વાહિશો પૂરી કરવામાં

નફસને સાથ આપે છે, તે પોતાના નફસના કત્લમાં શરીક થાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૫ : અદબ અને અકલ

(૩૪૯) અદબનો શ્રેષ્ઠ સાથી અકલ છે

(૩૫૦) જેમ તરસી (જમીનને) ખેતી માટે પાણી જરૂરી છે, તેમ બુધ્ધિમાન લોકો માટે અદબ (સભ્યતા) જરૂરી છે.

(૩૫૧) અદબ અકલને નેક બનાવે છે.

(૩૫૨) દરેક વસ્તુ માટે અકલની જરૂર પડે છે, અને અકલને અદબની જરૂર રહે છે.

(૩૫૩) અદબ એ સમય સૂધી ઉપયોગી બની શક્તી નથી, જ્યાં સુધી તેની સાથે અકલ ન હોય.

(૩૫૪) આદાબ વિચારને સફળ કરે છે, અને વિચારશક્તિને ખોલે છે.

(૩૫૫) અદબ એ અકલનું પ્રતિબિંબ છે.

(૩૫૬) ઝાડ માટે મૂળનું જે સ્થાન હોય છે, તેવું સ્થાન ઇન્સાનની અકલ માટે અદબનું છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૫૭) સુંદર સભ્યતા એ અકલની શોભા છે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૩૫૮) આલિમોના આદાબમાંથી એક તેઓની અકલની વૃધ્ધિ છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૩૫૯) જેની પાસે અકલ નથી, તેની પાસે અદબ પણ નથી.

- હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)

(૩૬૦) અદબ અને દીન એ અકલનું પરિણામ છે.

(૩૬૧) શ્રેષ્ઠ અકલ અદબ છે.

(૩૬૨) જેની સભ્યતા, તેની અકલના પ્રમાણમાં હશે, તો તે સભ્યતા એ રખેવાળ સમાન છે, જે ઘણા બધા ઘેટા બકરાની રખેવાળી કરતો હોય.

(તેવી જ રીતે અદબ ઇન્સાનનું રક્ષણ કરે છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૬ : સભ્ય બનવું

(૩૬૩) તમારા નફસને સભ્ય બનાવવાનો નિશ્ચય કરી લો, તેની જરૂરિયાતની વચ્ચે સંતુલન રાખો.

(૩૬૪) તમારા દિલોને અદબની સાથે એવી રીતે પ્રકાશિત (ઝળહળિત) કરો, જેવી રીતે લાકડું સળગાવીને આગ પ્રગટાવવામાં આવે છે, અને તમારી વાતચીતને સાફ સ્વચ્છ અને સારી રીતે માપી – તોળેલી રાખો.

(૩૬૫) પોતાના નફસને તાલીમ આપીને સભ્ય બનાવનાર એ માણસ, બીજાને ઇલ્મ અને અદબ

શીખવનાર માણસ કરતા વધારે સન્માનને પાત્ર છે.

(૩૬૬) શ્રેષ્ઠ અદબ એ છે, જેની શરૂઆત તું તારા પોતાનાથી કર.

-હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૭ : અદબ કેવી રીતે મેળવાય

(૩૬૭) અખ્લાકની પાકીઝગીનું પરિણામ સારી સભ્યતા (અદબ) છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૬૮) અકલ એ ખુદાએ તઆલાની ભેટ છે, જ્યારે અદબ મેળવવું પડે છે. તેથી જે માણસ અદબ મેળવવા માટે પ્રયત્ન કરે છે તેને એ અવશ્ય મળી રહે છે. અને જે માણસ અકલ મેળવવા (વધારવાની) કોશિશ કરે છે તેને પ્રયત્નો કરવા સિવાય બીજુ કંઈ મળતું નથી.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૩૬૯) જે અદબ મેળવવા પ્રયત્નશીલ હોય છે, તેની ખરાબીઓ ઓછી હોય છે.

(૩૭૦) તારામાં અદબ ન હોય તો મૌન ધારણ કર.

(૩૭૧) જ્યારે તમે બીજા લોકોમાં ખરાબ અખ્લાક જુઓ તો તમે એવા અખ્લાકથી બચવાની કોશિશ કરો.

(૩૭૨) આખેરતની દ્રષ્ટિએ સૌથી વધારે વખાણવા લાયક, અંતની દ્રષ્ટિએ વધારે સ્વાદિષ્ટ, ખરાબ અદબને સૌથી વધારે દૂર કરનાર અને હેતુ પ્રાપ્તિ

માટે સૌથી વધારે મદદરૂપ સબ્ર કરતા વધારે બીજી કોઈ વસ્તુ નથી.

(૩૭૩) અકલ વગરના ઝમાના ઉપર અંકુશ મેળવી શકાતો નથી. અને અદબ ઉપર ચર્ચા (વિચારણા) સિવાય કાબૂ મેળવી શકાતો નથી. (જાહેરી રીતે અહીં અકલનો અર્થ ઇલ્મ છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૭૪) હઝરત ઇસા (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે આપને અદબ કોણે શીખવાડ્યું ? આપે જવાબ આપ્યો કે મને કોઈએ અદબ શીખવેલ

નથી, પણ હું જાહિલોની બુરાઈઓને જોતો અને તેનાથી બચતો હતો.

(૩૭૫) ખુદાવંદા ! ..... તું અમારો એવા લોકોમાં સમાવેશ કર કે જેઓએ કોશિશ કરીને ઇલ્મ મેળવ્યું અને ડહાપણ અને સમજણ શક્તિથી પોતાને સભ્ય બનાવ્યા.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ) (દુઆ)

(૩૭૬) જે અદબને વિશ્વસનીય ગણે છે, તે તેને મહત્વ આપે છે અને તેને શીખવાની તકલીફ ઉઠાવે

છે. જે તેને શીખવાની તકલીફ ઉઠાવે છે તેને તે મેળવવાની તડપ વધારે થાય છે. અને જેની તડપ વધારે હોય છે તેને તેનો ફાયદો મળી જ રહે છે. તેથી જો તમે પણ અદબ અપનાવવાની ટેવ પાડશો તો તમે તમારી પહેલાના લોકો સાથે મળી જશો, અને તમારી પછી આવનારા લોકો તમારાથી ફાયદો ઉપાડશે.

- હઝરત લુકમાન

(૩૭૭) તમારું ઉઠવાનું બેસવાનું આલિમો સાથે રાખો. તેના કારણે તમારા ઇલ્મમાં વધારો થશે અને અદબમાં સુંદરતા પૈદા થશે.

(૩૭૮) અદબ મારફત બુધ્ધિમાન લોકોની બુધ્ધિમાં વધારો થાય છે.

(૩૭૯) જ્યારે ઇન્સાનનું ઇલ્મ વધારે હોય છે, તો તેના અદબ પણ વધારે હોય છે. અને તેના કારણે તેને પોતાના ખુદાના ડરમાં પણ વધારો થાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૮૦) અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : તારા દિલને ખૌફે ખુદા થકી મોઅદદબ (અદબવાન) બનાવ.

પ્રકરણ-૮ : અદબનો અર્થ

(૩૮૧) તારી જાત માટે એટલું જ અદબ પૂરતું છે કે તું એવા કાર્યોથી બચતો રહે કે જે કાર્યો બીજા કોઈ કરતા હોય અને તે જોવાનું તને પસંદ ન હોય.

(૩૮૨) શોઅયબી કહે છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)એ એવી નવ (૯) સચોટ નસીહત ફરમાવી છે કે જેનાથી વિતાના ઉદભવસ્થાનના દરવાજા બંધ કરી દીધા. જેનાથી હિકમત યતીમ બની ગઈ. જો તેમાંથી ફક્ત એક જ વાક્યને અપનાવી લેવામાં આવે તો તેનાથી તમામ

દુનિયાથી બેનિયાઝ (મુક્ત-સ્વતંત્ર) થઈ શકાય છે. તેમાંથી ત્રણ *મુનાજાત* વિશે છે ત્રણ *હિકમત* વિશે છે અને ત્રણ *અદબ*ના સંબંધમાં છે.

* જે ત્રણ વાક્યો મુનાજાતને લગતા છે, તે આ મુજબ છે :

(૧) “બારે ઇલાહા, મારી ઇઝઝત માટે એ જ વાત પુરતી છે કે હું તારો બંદો છું.”

(૨) મારા ગર્વ માટે એ વાત ઘણી (વધારે) છે કે તું મારો રબ (પાલનહાર) છે.

(૩) તું એવો છે, જેવો હું ચાહું છું, તો તું મને જેવો ચાહે છે તેવો બનાવી દે.

* ત્રણ વાક્યો હિકમતને લગતા છે, તે આ મુજબ છે :

(૧) દરેક માણસની કિંમત એ છે કે જેને તે પોતે સારી સમજતો હોય

(૨) જે માણસે પોતાની કદ્ર જાણી લીધી હશે તે કદી હલાક નહીં થાય.

(૩) માણસ તેની જીભની પાછળ છુપાએલો છે.

* ત્રણ વાક્યો અદબ વિશે છે તે નીચે પ્રમાણે છે :

(૧) તમે જેની ઉપર અહેસાન કરશો, તેની ઉપર તમારી હુકુમત હશે.

(૨) જેની પાસે તમે તમારી જરૂરિયાતને રજૂ કરશો તેના તમે કૈદી બની જશો.

(૩) જેનાથી તમે બેનિયાઝ રહેશો (કોઈપણ પ્રકારની અપેક્ષા નહીં રાખો) તેના સમકક્ષ બની જશો.

(૩૮૩) ઇન્સાનના આદાબમાં એ વાત સમાએલી છે કે જે વસ્તુનો કોઇ વિકલ્પ ન હોય તે તેને છોડી ન દે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૮૪) મને મારા પિતાએ ત્રણ વાતો કહી છે.... મને ફરમાવ્યું કે :

(૧) જે માણસ ખરાબ સોહબત અપનાવશે, તે કદી સુરક્ષિત નહીં રહે.

(૨) જે માણસ પોતાના શબ્દો (જીભ) ઉપર કાબૂ નહીં રાખે તે ભોંઠપ અનૂભવશે.

(૩) જે માણસ ખરાબ જગ્યાએ પગ મુકશે તેના ઉપર તોહમત આવશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૩૮૫) બંદાના આદાબ માટે એટલી વાત પૂરતી છે કે તે પોતાની નેઅમતો અને હાજતોમાં પોતાના રબ સિવાય બીજા કોઈને શરીક ન કરે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૮૬) મા-બાપ પોતાના સંતાનો માટે જો કોઈ શ્રેષ્ઠ વારસો મૂકી શકે તો તે માલ નથી, પણ અદબ છે, કેમકે, માલ નાશવંત છે અને અદબ

કાયમ માટે બાકી રહેનાર છે. (સઅદહ કહે છે કે અદબ અહીં ઈમામ (અલયિહિસ્સલામ) એ ઇલ્મના અર્થમાં વર્ણવેલ છે.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૯ : શ્રેષ્ઠ આદાબ

(૩૮૭) શ્રેષ્ઠ આદાબ એ છે કે ઇન્સાન પોતાની હદ-મર્યાદામાં રહે અને પોતાના સ્થાન (હૈસિયત)થી આગળ પગલું ન ભરે.

(૩૮૮) શ્રેષ્ઠ અદબ એ છે કે જે તમને હરામ (કામ)થી અટકાવી રાખે.

(૩૮૯) સચ્ચાઈને અપનાવવી અને જૂઠથી દૂર રહેવું એ સારી ટેવ અને શ્રેષ્ઠ અદબ છે.

(૩૯૦) ખ્વાહિશ અને ખૌફના સમયે નફસને કાબૂમાં રાખવો એ શ્રેષ્ઠ અદબ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૧૦ : અવલાદને સંસ્કારી બનાવવી (૧)

(૩૯૧) હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : નવજવાનનું દિલ ખાલી (અનાજ વાવ્યા વગરની) જમીન જેવું હોય છે, તેમાં જે કંઈ નાખવામાં આવે તેને તે કબૂલ કરી લે છે. તેથી તમામ દિલ પુખ્ત થવા પહેલા અને તમારી અકલ સ્થિર થવા પહેલા જ મેં તમને અદબની વાતો શીખવવામાં ઉતાવળ કરી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૯૨) તમારા સંતાનોની ઇઝઝત કરો, તેમના આદાબ શ્રેષ્ઠ બનાવો, જેથી તમારા ગુનાહ માફ કરવામાં આવે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૩૯૩) હઝરત લુકમાને તેમના પુત્રને ફરમાવ્યું જો તું બાળપણથી જ સંસ્કારી બનીશ તો મોટો થઈને તેનો ફાયદો ઉઠાવીશ.

(૩૯૪) જો કોઈને (સંતાનમાં) એક જ દિકરી હોય અને તેને સારા સંસ્કારની તાલીમ આપે, તેને સાચી

રીતે ઇલ્મ આપીને શણગારે, અલ્લાહ તઆલાએ તેને જે નેઅમત તેના ઉપર નાઝીલ કરી છે તેને તેણી માટે વાપરે, તો તે દિકરી તેની માટે જહન્નમની સામે ઢાલ અને બચાવનું કારણ બનશે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૩૯૫) જે મોઅમિન પોતાના કુટુંબીજનોને ઇલ્મ અને નેક અદબની તાલીમ આપે છે, તે તેને બેહિશ્તમાં પહોંચાડે છે એટલે સુધી કે તેના કોઈ નાના-મોટા ખાદિમ કે પાડોશી પણ બાકી રહેતા નથી. અને જે ગુનેહગાર બંદો પોતાના

કુટુંબીજનોને ખરાબ આદાબ (કુસંસ્કાર) શીખવે છે, તે એ બધાને જહન્નમમાં લઈ જાય છે એટલે સૂધી કે નાના-મોટા ખાદિમ કે પડોશી પણ બાકી રહેતા નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૩૯૬) જ્યારે કુરઆને મજીદની આ આયત ""યા અય્યોહલ્લઝીન આમનૂ કુ અન્ફોસકુમ વ અહલીકુમ નારા" – (અય ઈમાનદારો, તમે પોતાને તથા તમારા અહલો અયાલને જહન્નમથી બચાવો) નાઝીલ થઈ ત્યારે પૂછવામાં આવ્યું કે અમે પોતાને તથા અહેલો અયાલને કેવી રીતે બચાવીએ ?

ફરમાવ્યું : તમે નેક અમલ કરો, અને તમારા અહલો અયાલને તેની હિદાયત કરો અને તેઓને ખુદાવંદે આલમની ઇતાઅત પર આધારિત હોય તેવા અદબની તાલીમ આપો.

(૩૯૭) ઉપર ઉલ્લેખ કરેલ આયતની તફસીરમાં છે કે તમે પોતાને તથા તમારા અહેલો અયાલને સારી વાતોની તાલીમ આપો. તેઓને સારા આદાબ શીખવો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૩૯૮) તમારા બાળકોને રોટલીનો ટુકડો અથવા મુઠ્ઠીભરીને અનાજ અથવા કોઈ અન્ય વસ્તુ – ભલે તે થોડી હોય તો પણ – તેના હાથે સદકો આપવાનો હુકમ કરો. કેમકે જે વસ્તુ રાહે ખુદામાં આપવામાં આવે તે સાચી નિયતથી આપવામાં આવી હોય તો થોડી વસ્તુ પણ મોટી છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૧૧ : અવલાદને સંસ્કારી બનાવવી (૨)

(૩૯૯) તમારા સંતાન જ્યારે સાત વર્ષની ઉંમરે પહોંચી જાય ત્યારે તેને નમાઝની તાલીમ આપો. દસ વર્ષના થાય (અને નમાઝ ન પડતા હોય) તો સજા આપો. અને તેમના બિસ્તર (સુવાની પથારી) જુદી કરી નાખો.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૪૦૦) ઘરમાં નાના બાળકોને મૌખિક રીતે નમાઝ અને તહારતની તાલીમ આપો. જ્યારે તે દસ

વર્ષનું થાય (અને નમાઝ-તહારતની પાબંદી ન કરે) તો એ બાબતમાં મારીને પણ કામ લો, પરંતુ ત્રણ ફટકા (ઝર્બ)થી વધારે ન મારો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૦૧) પંદર અને સોળ વર્ષની ઉમરે બાળકને રોઝા રાખતા શીખવો.

(૪૦૨) જ્યારે બાળક ત્રણ વર્ષનું થઈ જાય ત્યારે તેની પાસે *"લા એલાહા ઇલ્લલ્લાહ"* કહેવરાવો. અને પછી ત્રણ વર્ષ સૂધી તેને કાંઈ ન કહો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(નોંધ :- આ હદીસ અધૂરી છે. પૂરી હદીસનું વાંચન કરો.)

(૪૦૩) હસન તબરસી (ર.) મકારેમુલ અખ્લાકમાં કિતાબ મહાસીનમાં ઈમામ (અલયિહિસ્સલામ)થી રિવાયત કરી છે. આપ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું છ વર્ષ સુધી તમે તમારા બાળકને ગોદમાં ઉઠાવો. છ વર્ષની વયમાં તેને કિતાબ વાંચતા શિખવો પછી સાત વર્ષની વય સૂધી તમે તેને તમારી સાથે રાખો અને આદાબની તાલીમ આપો જો તે આદાબને શીખી લે અને પોતાનામાં તેની

યોગ્યતા ઉભી કરી લે (તો બહેતર છે) નહીંતર તેને તેના હાલ પર છોડી દો.

(૪૦૪) તમારા પુત્રને સાત વર્ષ સુધી રમવા દો, પછીના સાત વર્ષ તેને અદબ અને સારા-ખરાબની પરખ શીખવો અને પછીના સાત વર્ષ તેને તમારી સાથે રાખો. જો તે સમયગાળા દરમિયાન તે સફળ થઈ જાય તો સારૂ નહીંતર તેનામાં કોઈ વિશેષતા નહીં હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૪૦૫) પુત્ર પહેલા સાત વર્ષ સુધી સરદાર હોય છે. બીજા સાત વર્ષ સુધી ગુલામ હોય છે અને ત્રીજા સાત વર્ષ સુધી વઝીર (ભાર વ્હેંચીને ઉપાડનાર) હોય છે. જો તેની વય ૨૧ (એક્વીસ) વર્ષની થાય ત્યાં સુધીમાં તમે તેની ટેવોથી રાજી થાવ, તો બહેતર છે, નહીંતર તેના બંને પડખામાં ફટકા (ઝર્બ) મારવી જોઈએ, કેમકે તે પછી તે ખુદા પાસે લાચાર હશે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ-૧૨ : અદબ અને સભ્યતા શીખવવાની રીત

(૪૦૬) એક માણસ કહે છે કે મેં હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)ને મારા પુત્ર વિશે ફરિયાદ કરી ત્યારે ઈમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું તેને મારો નહીં, બલ્કે તેને તેના હાલ પર છોડી દો. અને તેની સાથે વધારે વાત ન કરો.

(૪૦૭) હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ગુસ્સાની હાલતમાં આદાબ શીખવવાની મનાઈ ફરમાવી છે.

(૪૦૮) ગુસ્સા અને આવેશની સાથે આદાબ (શીખવી શકાતા) નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૦૯)વધારે પડતા ધિક્કાર અને ટીકાથી કામ ન લ્યો કારણ કે તેનાથી દ્વેષ અને શત્રુતા પૈદા થાય છે.

(૪૧૦) તમારા તાબાના લોકોને સારી રીતે આદાબ શીખવો. ગુસ્સાથી વધારે કામ ન લ્યો. જો તેનાથી કોઈ ભૂલ ન થઈ હોય તો તેને ધુત્કારો નહીં. જો કોઈ માણસ તેના ગુનાહ બદલ ગુસ્સા અને

આવેશભર્યા વ્યવહારને લાયક હોય તો પણ માફી આપીને કામ લ્યો, કેમકે અદલ ઉપર આધારિત માફીની અસર મારવા કરતા વધારે પડે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૧૧) હઝરત અલી (અલયહિસ્સલામ)એ માલિકે અશ્તરના નામે લખેલા એક હિદાયતનામામાં લખ્યું : "... તમારી નજરોમાં સારા અને ખરાબ અખ્લાક વાળા લોકો એક સરખા ન હોવા જોઈએ કેમકે તેમ કરવાથી નેકી કરનારાઓને નેકી કરવાનું છોડી દેવાની અને બદકારોને તેની બુરાઈમાં વધારો કરવાની હિંમતમાં વધારો થશે. તેથી જે માણસે

પોતાના માટે (નેક કે બદ) જેવી રીત અપનાવી હોય તેવો વ્યવહાર તેની સાથે કરો. આ તમારા માટે તે લોકો તરફ અદબ વ્યક્ત કરવાની રીત બનશે.

(૪૧૨) નેક લોકોની સુધારણા તેમના પ્રત્યે માન વ્યક્ત કરીને અને ખરાબ લોકોની સુધારણા આદાબ વ્યક્ત કરીને થાય છે.

(૪૧૩) અકલમંદ માનથી નસીહત મેળવે છે જ્યારે જાનવરને મારી ને જ સુધારી શકાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

સંપાદકની નોંધ :- એક રિવાયતમાં છે કે તમે એવા લોકો માહેંના ન બનો, કે જેમને ધિક્કાર અને ટીકા – ટીપ્પણી કરીને નસીહત કરવામાં આવે, કેમકે અકલમંદ માણસ આદાબથી જ નસીહત મેળવે છે.

(૪૧૪) અકલમંદને ઇશારો કરવો એ સજા (આપવા) સમાન છે.

(૪૧૫) અકલમંદની સજા ઇશારો અને બેવકૂફની સજા જાહેરમાં (તેની સુધારણા) વ્યક્ત કરવામાં આવે તે છે.

(૪૧૬) અકલમંદ માણસથી મુખ ફેરવી લેવું તે પણ તેને સજા આપવા કરતા સખત છે.

(૪૧૭) નેક લોકોને (સારો) બદલો આપીને (તે રીતે) ખરાબ લોકોને સજા આપો.

(૪૧૮) તમારા ભાઈ ઉપર અહેસાન કરીને તેને સજા આપો અને તેની બુરાઈઓને તેને ઇનામ અને ઇકરામ આપીને તેની તરફ પાછી ફેરવો.

(૪૧૯) ખરાબ લોકોની સુધારણા નેક કામોથી કરો અને સુંદર વાતોથી તેઓને નેક રસ્તા ઉપર લાવો.
- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૧૩ : અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરોને આદાબની તાલીમ ફરમાવી

(૪૨૦) ખુદાવંદે આલમે પોતાના પયગમ્બરોને આદાબની શ્રેષ્ઠ રીતે તાલીમ આપી. તેઓની તરબીયત સુંદર રીતે કરી અને જ્યારે તેઓના આદાબ સંપૂર્ણતાએ પહોંચ્યા ત્યારે ફરમાવ્યું : ““ઈન્નક-લઅલા-ખોલોકીન-અઝીમ”(બેશક આપ (ખુલ્કે અઝીમ) ઉચ્ચ અખ્લાક સુધી પહોંચ્યા છો.” પછી અલ્લાહ તઆલાએ તેઓને ઉમ્મત ના કાર્યો સોંપ્યા. જેથી તેઓ ખુદાના બંદાઓને માર્ગદર્શન આપી શકે.

(૪૨૧) ખુદાવંદે આલમે પોતાના પયગમ્બરોને આદાબની તાલીમ ફરમાવી, એટલે સુધી કે તે જે દરજ્જાઓ સુધી તેઓને પહોંચાડવા ઈચ્છતો હતો ત્યાં સુધી પહોંચાડી દીધા પછી ફરમાવ્યું :” “વ અમ્ર બિલ માઅરૂફ વ અઅરૂઝ અનિલ જાહેલીન” (નેકીનો હુકમ આપો, અને જાહિલોથી મુખ ફેરવી લ્યો) જ્યારે પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ આ હુકમ ઉપર અમલ કર્યો ત્યારે ખુદાવંદે આલમે તેઓની શાનનું વર્ણન કરતા ફરમાવ્યું :” “વ-ઇન્નક-લઅલા-ખોલોકીન-અઝીમ” (બેશક, આપ ખુલ્કે અઝીમના દરજ્જા પર બિરાજો છો.)

(૪૨૨) પરવરદિગારે પોતાના પયગમ્બરને સારા આદાબની તાલીમ આપી. બહુજ સુંદર રીતે તેઓની તરબીયત કરી અને પછી ફરમાવ્યું : “”ખોઝુલ-અફવ-વ અઅમૂર બિલ-માઅરૂફે-વઅઅરીઝ-અનિલ જાહેલીન” (માફ કરી દેવાનું રાખો. નેકી કરવાનો હુકમ આપો, અને જાહિલોથી મુખ ફેરવી લ્યો.) જ્યારે આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ તે પ્રમાણે અમલ કર્યો ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : બેશક, આપના અખ્લાક અતિ ઉચ્ચ કક્ષાના છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૨૩) ખુદાવંદે આલમે પોતાના પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને મોહબ્બતથી આદાબની તાલીમ આપી અને ફરમાવ્યું : “ઇન્નક-લઅલા-ખોલોકીન-અઝીમ” (બેશક આપ (ખુલ્કે અઝીમ) ઉચ્ચ અખ્લાક સુધી પહોંચ્યા છો.)”

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૪૨૪) ખુદાવંદે આલમે મને આદાબની તાલીમ આપી અને મને સુંદર રીતે કેળવણી આપી.

(૪૨૫) “મને અલ્લાહે તઅબીયત (કેળવણી) આપી છે અને અલી મારી પાસે તરબીયત પામેલા છે.”

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૪૨૬) ખુદાવંદે આલમે પોતાના પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને આદાબની તાલીમ આપી, પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મને આદાબની તાલીમ આપી, હું મોઅમિનોને આદાબ શીખવુ છું અને બુઝુર્ગોના આદાબના વારસદાર બનાવું છું.

પ્રકરણ – ૧૪ : આદાબે ઇલાહી અપનાવી લ્યો

(૪૨૭) જે માણસ ઇલાહી આદાબને અપનાવી લે છે, ખુદાવંદે આલમ તેને કાયમી સફળતા સુધી પહોંચાડી દે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૨૮) જ્યારે આ આયત નાઝીલ થઈ : “વલા તમદદુન .....” અમે એ કાફિરોમાંથી કેટલાકને (દુનિયાની માલો દૌલતથી) ભરપૂર કરી દીધા છે, તમે તેની તરફ નજર પણ ન કરો. ત્યારે પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમ)એ એલાન કરનારાને એ વાતની જાહેરાત કરવાનો હુકમ આપ્યો કે જે કોઈ ઇલાહી આદાબને નહીં અપનાવે તે આ દુનિયામાંથી દુન્યવી હસરતો (ઇચ્છાઓ) પોતાની સાથે લઈને જશે.

(ફીકહે રઝા) - હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

(૪૨૯) ખુદાવંદે આલમે પોતાના મોઅમિન બંદાઓની ખુબ સૂંદર રીતે તરબીયત કરી છે. જેમકે ખુદ ખુદા કુરઆને મજીદમાં ફરમાવે છે કે ‘‘યહસબોહુમ-જાહેલ-અગ્ના-

મનીત્તીઅફ્ફ”(અજાણ્યા લોકો સવાલ ન કરવાના કારણે તમને અમીર સમજે છે.)

(૪૩૦) જે માણસ ખુદાઈ આદાબના આધારે પોતાની સુધારણા નથી કરતો, તે પોતાના વ્યતિગત આદાબને આધારે પણ (પોતાની) સુધારણા કરી શકતો નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૧૫ : અલ્લાહ તબારક વ તઆલા તરફથી નિશ્ચિત કરાએલ આદાબ

(૪૩૧) ઘણી વખત નેઅમતોમાં ફેરફાર થવો એ અલ્લાહ તઆલા તરફથી આદાબ શીખવવાનો એક પ્રકાર હોય છે.

- હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)

(૪૩૨) અલ્લાહ તઆલા તરફથી કરવામાં આવતી આઝમાઈશ ઝાલિમો માટે ચેતવણી અને સજા, મોઅમિનો માટે પરીક્ષા, અંબિયાઓ માટે (ઉંચા)

દરજ્જા અને અવલીયાને બુઝુર્ગી આપવા માટે હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૩૩) બારે ઇલાહા, મારી ઉપર તારા અહેસાનની વર્ષા કર અને (મારી) આઝમાઈશ કરીને મારી સુધારણા ન કર.

- હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)

(૪૩૪) બારે ઇલાહા મને સજા આપીને આદાબ ન શીખવજે અને મને ઓચિંતા આવી પડતા

અઝાબમાં સપડાવી ન દેજે. (દુઆએ અબૂ હમ્ઝા સોમાલી)

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૪૩૫) જ્યારે કોઈ કૌમ ઉપર મૂસીબત આવી પડે અને તેમ છતાં તે કૌમ તેનાથી બોધપાઠ ન મેળવે અને ગુનાહ કરવાનું બંધ ન કરે તો અલ્લાહ તઆલા તે (કૌમ)ને જે સૌથી મોટી સજા કરે છે તે એ છે કે તેની રોઝીમાં ઘટાડો કરી દે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

વિભાગ - ૮ : અઝાન

પ્રકરણ-૧ : અઝાન

(૪૩૬) (અય) બિલાલ ઉઠો, અને અમને નમાઝથી રાહત પહોંચાડો.

(૪૩૭) બેશક, શયતાન જ્યારે અઝાનનો અવાજ સાંભળે છે, ત્યારે ભાગી જાય છે.

(૪૩૮) આસમાન વાળાઓ-જમીનના રહેવાસીઓનો અઝાન સિવાયનો કોઈ અવાજ સાંભળતા નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૨ : મોઅઝ્ઝીન (અઝાન આપનાર)

(૪૩૯) મોઅઝ્ઝીનની અવાજ જ્યાં સૂધી નજર પહોંચે ત્યાં સૂધી મગફેરત છે, (દુનિયાની) દરેક સૂકી અને ભીની વસ્તુઓ તેનું સમર્થન કરે છે. તે (મોઅઝ્ઝીન)નો અવાજ સાંભળીને જે કોઈ નમાઝ પડવા માટે આવે છે, તેમાંથી એક નેકી તે અઝાન આપનારને મળે છે.

(૪૪૦) જે માણસ સૂકી અને ખાલી જમીનમાં હોય અને ત્યાં નમાઝના સમયે અઝાન કહીને નમાઝ કાયમ કરે તો તેની પાછળ એટલા બધા ફરિશ્તાઓ

નમાઝ પડે છે કે (તેની હરોળના) બંને છેડા જોઈ શકાતા નથી.

બીજી એક રિવાયતમાં છે કે : ..... જો એકામત કહીને નમાઝ પડે તો તેની પાછળ એટલી બધી ખલ્કે ખુદા નમાઝ પડે છે કે તેની સફના બંને છેડા જોઈ શકાતા નથી.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૪૪૧) તારી ઉપર મોઅઝઝીનનો એ હક છે કે તું એ વાત સારી રીતે જાણી લે કે તે (અઝાન

આપનાર) તને તારા રબની યાદ અપાવે છે, તને તારા હક તરફ બોલાવે છે. અને ખુદાઈ ફરજ બજાવવામાં તે તારી મદદ કરે છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૪૪૨) એવા માણસે અઝાન આપવી જોઈએ જે તમારામાંથી સૌથી વધારે ફસીહ (સ્પષ્ટ અને સરળ ભાષા ધરાવનાર) હોય અને નમાઝ એવા માણસે પડાવવી જોઈએ જે સૌથી વધારે ફકીહ (આલિમ) હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ – ૩ : અઝાનની તફસીર

(૪૪૩) હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)થી રિવાયત છે કે આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : અમે મસ્જિદમાં બેઠા હતા, ત્યારે મોઅઝઝીને મસ્જિદના મીનારા ઉપર જઈને અઝાન કહેવાનું શરૂ કર્યું. આ સાંભળીને હઝરત અલી (અલયહિસ્સલામ) રડવા લાગ્યા. તેઓ (અલયહિસ્સલામ)ના રડવાના કારણે અમે બધા પણ રડવા લાગ્યા. મોઅઝઝીને અઝાન પૂરી કરે ત્યારે હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તમે લોકો એ જાણો છો કે મોઅઝઝીન શું કહે છે ?

અમે કહ્યું : ખુદા, રસૂલ અને તેના વસી બહેતર જાણે છે. આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જો તમે એ વાત જાણતા હોત તો હાસ્ય ઓછું કરતે અને રૂદન વધારે કરતે.

જ્યારે મોઅઝ્ઝિને અઝાનમાં અલ્લાહો અકબર કહ્યું તો તેના ઘણા અર્થ છે. કેમકે મોઅઝ્ઝિનનું અલ્લાહો અકબર કહેવું એનો અર્થ અલ્લાહ તઆલા કદીમ, અઝલી, અબદી, આલિમ, કાદિર, કદીમ (સર્વ શક્તિમાન), હલીમ, કરીમ, જવાદ (આ બધી સિફાતે સુબૂતીયહની સિફાત છે.) અને તેણે જે નેઅમતો

આપી છે તેની અને તેના સૌથી ઉચ્ચ હોવાની નિશાની છે.

પ્રકરણ-૪ : કાનમાં અઝાન આપવી.

(૪૪૪) અય અલી (અલયહિસ્સલામ), જ્યારે તમારે ત્યાં કોઈ સંતાનની વિલાદત થાય ત્યારે તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહો. કેમકે તેનાથી શયતાન બાળકને કદી નુક્સાન પહોંચાડી શકતો નથી.

(૪૪૫) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) ફરમાવે છે કે મેં અસ્મા બિન્તે ઉમૈસ પાસેથી સંભાળ્યું અને તેમણે જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહા થી રિવાયત કરી કે આપ સલામુલ્લાહે અલયહાએ ફરમાવ્યું : જ્યારે

મારી કુખેથી હઝરત હસન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે પયગમ્બરે ઇસ્લામ હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) તશરીફ લાવ્યા અને તેમના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહી.....

.....અને પછીના વર્ષે જ્યારે હઝરત હુસૈન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પધાર્યા અને કહ્યું : અય અસ્મા મારા પુત્રને મારી પાસે લઈ આવો. જ્યારે હું તેમને સફેદ કપડામાં લપેટીને

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં લઈ ગઈ ત્યારે તેઓ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમએ તેમના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહી. જ્યારે મેં ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)ને તેઓ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ગોદમાં આપ્યા ત્યારે તેઓ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) રડવા લાગ્યા.

(૪૪૬) જે દિવસે ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ તેઓ (અલયહિસ્સલામ)ના

જમણા કાનમાં અઝાન કહી, જે નમાઝની પહેલા કહેવામાં આવે છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૪૪૭) જ્યારે તમારે ત્યાં સંતાનનો જન્મ થાય ત્યારે તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહો.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૪૪૮) જેના અખ્લાક બગડવા લાગે તેના જમણા કાનમાં અઝાન કહો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

વિભાગ - ૯ : ઇજા પહોંચાડવી

પ્રકરણ – ૧ : ઇજા પહોંચાડવી

(૪૪૯) ખુદાની કસમ, નેક લોકો સફળ થઈ ગયા, તમે જાણો છો કે તે (સફળ થનારા) લોકો કોણ છે ? (એ તે લોકો છે કે) જે કીડીને પણ ઇજા પહોંચાડતા નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૪૫૦) સૌથી હલ્કો માણસ એ છે જે લોકોને અપમાનિત કરે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ – ૨ : મોઅમિનને ઇજા પહોંચાડવી

કુરઆને મજીદ :-

* અને જે લોકો ઈમાનદાર પુરૂષો તથા ઈમાનદાર સ્ત્રીઓને તેમના કાંઈ કસૂર વિના (તોહમત મૂકી) ઇજા પહોંચાડે છે, તેઓ ખચિત જ દોષારોપણ અને ખુલ્લા ગુનાહોનો બોજ પોતાના શીરે વ્હોરે છે.

- (સૂ. અહઝાબ, આ. ૫૮)

હદીસો :-

(૪૫૧) જેણે કોઈ મોમિનને ઇજા (તકલીફ) પહોંચાડી, તેણે મને તકલીફ પહોંચાડી. - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૪૫૨) કોઈ મુસલમાન માટે, કોઈ મોઅમિનને ડરાવવાનું જાએઝ નથી.

(૪૫૩) જે મારા મોઅમિન બંદાને ઇજા પહોંચાડે છે તેણે મારી વિરૂધ્ધમાં જંગની જાહેરાત કરવી જોઈએ. (એટલે કે તે ઈમામ (અલયહિસ્સલામ)ની સામે જંગની જાહેરાત કરવા સમાન છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૫૪) જો કોઈ માણસ કોઈ મોઅમિનની સામે ડરામણી દ્રષ્ટિથી જુવે કે જેના કારણે તે ડરી જાય તો ખુદાવંદે આલમ પણ તેવા માણસને એ દિવસે ડરાવશે જે દિવસે તેના છાયા સિવાય બીજો કોઈ છાયો નહીં હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૪૫૫) ખુદાવંદે આલમ ફરમાવે છે કે જેણે મારા કોઈ વલીનું અપમાન કર્યુ હોય તેણે જાણે કે મારી સામે જંગ કરવા માટે હુમલો કર્યો.

(૪૫૬) એક માણસ કોઈ મોઅમિનને ગમગીન કર્યા પછી તેને બદલામાં આખી દુનિયા આપી દે, તો પણ તેનો કોઈ બદલો થઈ શકતો નથી. અને ન તો તેને તેનો કોઈ અજ્ર મળશે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ-૩ : ઇજા પહોંચાડવાથી બચવું.

(૪૫૭) લોકોને ઇજા પહોંચાડવાથી બચ. કેમકે, તે એક એવો સદકો છે જે તું તારા માટે આપી રહયો છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૪૫૮) કોઈને ઇજા ન પહોંચાડવી એ અકલની ઉચ્ચતાની દલીલ છે, અને દુનિયા અને આખેરતમાં શરીરની રાહત છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૪૫૯) જ્યારે કોઈ માણસ લોકોને ઇજા પહોંચાડવાથી પોતાના હાથ રોકી રાખે છે. ત્યારે તે તો લોકોથી પોતાનો માત્ર એક હાથ રોકે છે જ્યારે તેની ઉપર ઘણા હાથ અટકી જાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૪૬૦) મોઅમિનનો પોતાનો જીવ તો તકલીફમાં હોય છે, પણ લોકોને તેનાથી આરામ પહોંચતો હોય છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૪ : રાહે ખુદામાં તકલીફ સહન કરવી

કુરઆને મજીદ :-

* અને લોકોમાંથી કોઈ કોઈ એવા પણ છે જે (મોઢેથી) તો કહે છે કે અમે અલ્લાહ પર ઈમાન લઈ આવ્યા પણ જ્યારે અલ્લાહની રાહમાં તેને કાંઈ કષ્ટ પહોંચે તો તે કષ્ટને અલ્લાહના અઝાબ સમાન ગણે છે.

- (સૂ. અન્કબૂત આ, ૧૦)

* માટે જેઓએ હિજરત કરી અને પોતાના દેશમાંથી કાઢી મૂક્વામાં આવ્યા અને જેમને મારા માર્ગમાં ઇજા પહોંચાડવામાં આવી અને જેઓએ નાસ્તિકો સામે જેહાદ કર્યો અથવા માર્યા ગયા તો હું જરૂર તેમની બુરાઈઓ તેમનાથી વેગળી કરી દઈશ.

- (સૂ. આલે ઇમરાન આ, ૧૯૫)

* અને ખચિત જ તારી પહેલા ઘણાય નબીઓ જુઠલાવવામાં આવ્યા હતા પણ તેમણે પોતાને જુઠલાવવા પર સબ્ર કરી અને તેમને ઇજા અપાતી રહી, અહીં સૂધી કે અમારી મદદ તેમને આવી પહોંચી.

- (સૂ. અન્આરમ ઞઞ૪)

હદીસો :-

(૪૬૧) રાહે ખુદામાં મને જેટલી તકલીફો આપવામાં આવી છે, તેટલી તકલીફો બીજા કોઈને આપવામાં આવી નથી.
- હઝરત રસૂલે અકરમ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ-૧૦ : અત્તા રીખ (ઇતિહાસ)

પ્રકરણ - ૧ : સન હિજરીવર્ષની શરૂઆત

(૪૬૨) ઉમર બિન ખત્તાહબે લોકોને એ વાત નક્કી કરવા માટે એકઠા કર્યા “કે આપણે ઇતિહાસ કઈ તારીખથી લખવો જોઇએ ?” ત્યારે હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું : જે દિવસે હઝરત રસુલે પાક સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમએ હિજરત ફરમાવી અને આ શિર્કવાળી ઝમીનથી બહાર નીકળી ગયા તે દિવસથી.

(૪૬૩) સૌથી પહેલા હ. ઉમરે સનની તારીખ નક્કી કરી અને એ પ્રથા તેના બે વર્ષ અને છ માસના સત્તાકાળ દરમીયાન અમલમાં રહી. તેમણે આ કાર્ય હઝરત અલી (અલયહિસ્સલામ)ની સલાહ મુજબ હિજરીસન ૧૬ માં કર્યું.

(૪૬૪) હ. ઉમર પાસે એક લખાણ લખાવવામાં આવ્યું કે જેની ઉપર 'શઅબાન' લખેલ હતું. તેઓએ પૂછ્યું ક્યો શાઅબાન ? જે આવી રહ્યો છે-એ, કે જે ગયા વર્ષે આવી ચૂક્યો તે, કે આવતા વર્ષે આવનાર છે તે ?

પછી, તેમણે રસૂલ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમના સહાબીઓને કહ્યું : એવો કોઇ રસ્તો શોધી કાઢો કે જેના કારણે તે સાચી રીત જાણી શકાય. કેટલાક લોકોએ કહ્યું કે રૂમી તારીખ લખો, તેના જવાબમાં કેટલાક લોકોએ કહ્યું કે રૂમી તારીખ બહુજ મોટી હોય છે. કેમકે તેઓ ઝૂલકરનૈનની તારીખ લખતા હોય છે. કેટલાક લોકોએ કહ્યું ફારસીઓની તારીખ લખો, ત્યારે જવાબ આપવામાં આવ્યો કે તેઓની પધ્ધતિ એવી હોય છે કે : જ્યારે કોઇ નવો બાદશાહ સત્તા ઉપર આવે છે ત્યારે તે જૂના બાદશાહની તારીખને બદલી નાખે છે. તે પછી બધા લોકો એ વાત ઉપર એકમત થયા કે

હીજરીસનની તારીખ સ્વિકારવી જોઇએ. કેમકે, હિજરતના દસ વર્ષ સૂધી એમજ કરવામાં આવ્યું હતું. તેથી તેઓએ હિજરતે નબવીથી તારીખ લખવાની શરૂઆત કરી દીધી.

(૪૬૫) તબરી અને મુજાહિદે પોત પોતાના ઇતિહાસમાં એ વાત લખી છે કે ઉમર બિન ખત્તાદબ લોકોને એકઠા કરીને પૂછ્યું કે તારીખ લખવાની શરૂઆત કયા દિવસથી કરવી જોઇએ ?

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું જે દિવસે હઝરત રસૂલ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમએ હીજરત ફરમાવી અને શિર્કની

ઝમીનમાંથી નીકળીને અહીં તશરીફ લાવ્યા. જાણે એ આમ કહીને હઝરત અલી એ વાત પ્રત્યે ઇશારો કરવા માંગતા હતા કે તમારી મેળે કોઇ બિદઅત (નવી બાબત)ની શોધ કે શરૂઆત ન કરો. અને જે તારીખ લોકો હઝરત રસૂલે અકરમ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમના ઝમાનામાં લખતા હતા તેજ લખો. કેમકે જ્યારે હઝરત રસૂલે અકરમ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમ મદીના તશરીફ લાવ્યા હતા, ત્યારે તેઓએ આ બનાવથી જ તારીખ લખવાનો હુકમ આપ્યો હતો.

(૪૬૬)....જ્યારે હઝરત આદમ (અલયહિસ્સલામ) જન્નતમાંથી જમીન ઉપર આવ્યા અને આદમના સંતાનોએ તેમની તારીખ મુકર્રર કરી અને તેને અપનાવી લીધી. એટલે સૂધી કે હઝરત નૂહ (અલયહિસ્સલામ)નો ઝમાનો આવ્યો. ત્યારે લોકોએ તેઓની તારીખ અપનાવી લીધી. આ સિલસિલો હઝરત નૂહ (અલયહિસ્સલામ)ના ઝમાનામાં આવેલ તોફાન સૂધી ચાલતો રહ્યો. ત્યાર પછી લોકોએ હઝરત નૂહ (અલયહિસ્સલામ)ના ઝમાનામાં આવેલા તોફાનની તારીખને અપનાવી લીધી. એ પછી હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)ને નમરૂદે સળગાવેલી આગમાં નાખવાના ઝમાના સૂધી એ

ક્રમ ચાલતો રહ્યો. ઇસ્હાક (અલયિહિસ્સલામ)ના વંશજોએ આ સિલસિલો હઝરત યુસૂફ (અલયિહિસ્સલામ)ના ઝમાના સૂધી ચાલુ રાખ્યો. ત્યાર પછી તેઓની બેઅસતથી લઇને હઝરત મૂસા (અલયિહિસ્સલામ)ની બેઅસત સૂધી આજ તારીખને અપનાવવામાં આવી. હઝરત મૂસા (અલયિહિસ્સલામ)ની બેઅસત પછી, હઝરત સુલૈમાન (અલયિહિસ્સલામ)ની હુકુમત સૂધી બેઅસતે મૂસા (અલયિહિસ્સલામ)ની તારીખ જ અપનાવવામાં આવી. તે પછી હઝરત સુલૈમાન (અલયિહિસ્સલામ)ની બેઅસત પછી, હઝરત ઇસા (અલયિહિસ્સલામ)ની નબુવ્વત સૂધી અને તેઓની

નબુવ્વત પછી હઝરત પયગમ્બરે ઇસ્લામ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમની બેઅસત સૂધીની તારીખ અપનાવવામાં આવી.

અવલાદે ઇસ્માઇલ (અલયહિસ્સલામ)એ તેમની તારીખ હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)ને નમરૂદે આગમાં નાખી દેવાના બનાવથી નક્કી કરી. આ ક્રમ હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ) અને હઝરત ઇસ્માઇલ (અલયહિસ્સલામ)એ ખાનએ કાઅબાનું નિર્માણ કર્યું, ત્યાં સૂધી ચાલતો રહ્યો. તે પછી ખાનએ કાઅબાના નિર્માણની તારીખને અપનાવી લેવામાં આવી, એટલે સૂધી કે મઆદ

તેનાથી વિમુખ થઇ ગયા. જ્યારે તેઓ તહામહની સરઝમીનમાંથી નીકળ્યા ત્યારે તેઓએ ત્યાંથી નીકળવાની તારીખને અપનાવી લીધી. આ ક્રમ કઅબ બિન લૂઇની વફાત સૂધી ચાલુ રહ્યો. તે પછી કઅબની વફાતની તારીખને તારીખ તરીકે ગણી લેવામાં આવી. એટલે સૂધી કે હાથીઓનો બનાવ (અબ્રહા નામના રાજાએ હાથીઓના લશ્કર સાથે ખાનએ કાબા ઉપર હુમલો કર્યો હતો તે બનાવ) બન્યો તેથી એ બનાવને આમુલ ફીલ નામથી યાદ કરવામાં આવતો હતો. તેથી તે તારીખને અપનાવી લેવામાં આવી. આ સિલસિલો ઉમર બિન ખત્તાબે હીજરીના બનાવથી તારીખ નક્કી કરી ત્યાં સૂધી

ચાલુ રહયો. હીજરી ૧૭ અથવા હિજરી ૧૮ માં હીજરીના વર્ષને તારીખ તરીકે અપનાવી લેવામાં આવ્યું.

(૪૬૭) ઇબ્ને અસાકીરે અબ્દુલ અઝીઝ ઇમરાનથી નોંધ્યું છે કે લોકોએ સૃષ્ટિના સર્જનની શરૂઆતથી જ તારીખને અપનાવવાનું શરૂ કર્યુ છે. સૌથી પહેલા હઝરતે આદમ (અલયિહિસ્સલામ)ના જન્નતથી નાઝીલ થવાની તારીખને અપનાવવામાં આવી હતી. હઝરત નૂહ (અલયિહિસ્સલામ)ની બેઅસત સૂધી આ સિલસિલો શરૂ રહયો, પછી (અલયિહિસ્સલામ)ની તેમની કૌમની વિરૂધ્ધની

દુઆની તારીખને અપનાવવામાં આવી. તે પછી હઝરત નૂહ (અલયિહિસ્સલામ)ના જમાનામાં દરિયામાં આવેલા તોફાન સૂધી એ જ તારીખ ચાલુ રહી. ત્યાર પછી નમરૂદે સળગાવેલી આગમાં હઝરત ઇબ્રાહીમ (અલયિહિસ્સલામ)ને નાખવામાં આવ્યા. તે બનાવને તારીખ તરીકે અપનાવવામાં આવ્યો. પરંતુ અવલાદે ઇસ્માઈલ અલયિહિસ્સલામે ખાનએ કાઅબાના નિર્માણને તારીખ તરીકે અપનાવી લીધી. ત્યાર પછી, કઅબ બિન લૂઈની વફાત પછી, તે બનાવને તારીખ તરીકે સ્વિકારી લેવામાં આવ્યો. તે પછી આમુલ ફીલના બનાવને તારીખ તરીકે ગણવામાં આવ્યો. છેવટે

મુસલમાનોએ પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હિજરતને તારીખના સન તરીકે સ્વિકારી લીધી.

વિભાગ - ૧૧ : અર્ઝ (જમીન)

પ્રકરણ - ૧ : જમીન વિશેના હૂકમો

(૪૬૮) (બેશક જમીન ખુદાની મિલ્કીયત છે, તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે તેને પોતાનો વારસ બનાવી દે.- કુરઆને મજીદ) આ આયત વિશે ઇમામે જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જે અલ્લાહ વિશે છે, તે તેના રસૂલ માટે છે અને જે રસૂલ માટે છે તે રસૂલ પછી ઈમામ માટે છે.

(૪૬૯) હઝરત અલી (અલયહિસ્સલામ)ની કિતાબમાં અમે જોયું કે ઉપર જણાવેલી આયત (બેશક જમીન ખુદાની મિલ્કીયત છે, તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે તેને પોતાનો વારસ બનાવી દે અને શ્રેષ્ઠ અંત મુત્તકીઓ માટે છે.- કુરઆને મજીદ) હું અને મારી એહલેબૈત એ લોકોમાંથી છીએ કે જેમને અલ્લાહે પોતાની જમીનના વારસ બનાવ્યા છે. અમે જ મુત્તકી છીએ અને સમગ્ર જમીન અમારી જ છે. તેથી જે મુસલમાન તેને જીવંત (આબાદ) કરે તેના માટે જરૂરી છે કે તે તેનો અજ્ર (બદલો) અમારી

એહલેબૈતમાંથી થનાર ઇમામને અદા કરે. અને ઈમામ માટે તે ખાવું પીવું જાએઝ છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ-૨ : વેરાન ખેતરની જમીનને હરિયાળી બનાવનાર જમીનનો માલિક હોય છે.

(૪૭૦) જે માણસ મુર્દા જમીનને જીવંત કરે (વેરાન જમીનોને આબાદ કરે) તે જમીન તેની છે. અને ઝાલિમોને તેની હદ વાળી લેવાનો કોઈ અધિકાર નથી.

(૪૭૧) જમીન અલ્લાહની છે અને બંદાઓ પણ અલ્લાહના છે. તેથી જે માણસ મુર્દા જમીનને જીવંત કરે (વેરાન જમીનોને આબાદ કરે) તે જમીન તેની છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૪૭૨) બંદાઓ સઘળા અલ્લાહના જ છે. અને તમામ શહેરો પણ અલ્લાહના છે. તો જે માણસ જેટલી મુર્દા જમીનને જીવંત કરે (વેરાન જમીનને આબાદ કરે) તે જમીન તેની છે. અને ઝાલિમોને તેની હદ વાળી લેવાનો કોઈ અધિકાર નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૪૭૩) મુર્દા જમીન ખુદા અને તેના રસૂલની મિલ્કીયત હોય છે. તેથી જે માણસ જેટલી જમીનને આબાદ કરશે, તે તેનો માલિક થશે.

(૪૭૪) જે માણસ કોઈ એવી જમીનને આબાદ કરે કે જેનો કોઈ માલિક ન હોય તો તે માણસ તે જમીનનો સૌથી વધારે હકદાર છે.

(૪૭૫) જે માણસ સૌથી પહેલા એવી જમીનને આબાદ કરે, કે જેને કોઈ મુસલમાને આબાદ કરી ન હોય તો તે જમીન તેની છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૪૭૬) જે જગ્યાને તમે તમારા કબ્જામાં લઈ લીધી અને તેની ઉપર કામ પણ કર્યું તો તે તમારી છે, અને જે જગ્યાને કબ્જામાં લીધી નથી, તે ખુદા અને રસૂલની માલિકીની રહેશે.

પ્રકરણ - ૩ : આબાદ જમીનને બરબાદ કરવી

(૪૭૭) જે વનસ્પતિ જમીનમાં ઉગે છે, (તેની સાથે) ખુદા તરફથી એક ફરિશ્તો મોકલવામાં આવે છે. એ ફરિશ્તો તે વનસ્પતિ લણવામાં આવે ત્યાં સૂધી તેને પોતાના રક્ષણમાં રાખે છે. તેથી જો કોઈ માણસ તેને કચડી નાખે છે, તેની ઉપર તે ફરિશ્તો લાનત મોકલે છે. (એ વાત સ્પષ્ટ છે કે અહીં વનસ્પતિનો અર્થ ફાયદાકારક લીલોતરી વગેરે છે.- અનુવાદક)

(૪૭૮) અય અલી ! બહાર જઈને અલ્લાહની તરફથી (રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમ) તરફથી નહીં) એલાન કરી દો બોરડી કાપનાર ઉપર ખુદાની લાનત છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૪૭૯) જે કોઈ માણસ વેરાન જમીનમાં આવે, તેને સરખી કરે, તેમાં નહેર વહેતી કરે અને તેને હરિયાળી બનાવે, તો તે તેનો સદકો છે જો એ જમીનની માલિકી પહેલા બીજા કોઈ માણસની હોય અને તે જમીનને છોડીને ચાલ્યો ગયો હોય અને ગાયબ (ગૂમ) થઈ ગયો હોય અને તેના કારણે તે જમીન વેરાન થઈ ગઈ હોય, તેવો માણસ પાછો

ફરે અને તે જમીનની માંગણી કરવા લાગી જાય તો તેણે એ વાત જાણી લેવી જોઈએ કે જમીન ખુદાની છે, અને તેની છે જેણે તેને આબાદ કરી છે.
- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

વિભાગ-૧૨ અસીર (કૈદી)

પ્રકરણ - ૧ : પોતાની જાતે કૈદી થઈ જવું જાએઝ નથી

(૪૮૦) જ્યારે હઝરત રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ સૂ. બરાઅત આપીને હઝરત અલી (અલયહિસ્સલામ)ને મોકલ્યા ત્યારે તેઓની સાથે બીજા કેટલાક લોકોને પણ રવાના કર્યા અને ફરમાવ્યું કે જે કોઈ માણસ અતિ ગંભીર ઝખ્મ (કે જેના કારણે તે હાલી ચાલી

ન શકે) સિવાય કૈદ થઈ જાય, તો તે અમારામાંથી નથી.

- હ. ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૪૮૧) જે માણસ કોઈ ગંભીર ઇજાઓ (જેના લીધે તે હાલવા ચાલવા માટે શક્તિમાન ન રહે) તે સિવાય પોતાની મેળે કૈદી બની જાય તો તેને બૈતુલ માલમાંથી કોઈ ભાગ નહીં આપવામાં આવે. બલ્કે તેના સગા સંબંધી ઇચ્છે તો તેમના પોતાના માલમાંથી ફીદીયો અદા કરવામાં આવશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : કૈદી સાથે સદવ્યવહાર કરો..

કુરઆને મજીદ :-

* અને નિરાધાર તથા અનાથ તથા કૈદીને પોતાની ઇચ્છા છતાં ખાવાનું ખવડાવે છે.

- (સૂ. દહર આ. ૮)

* હે નબી ! જે બંદીવાનો તમારા કબ્જામાં છે તેમને કહી દો કે અગર અલ્લાહ તમારા અંત:કરણોમાં નેકી જોશે તો તમારી પાસેથી જે કાંઈ (લઈ) લેવામાં આવ્યું છે તે કરતા ય બહેતર તમને

આપશે અને તમારા ગુનાહ માફ કરી દેશે અને અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

- (સૂ. અન્ફાલ આ. ૭૦)

(૪૮૨) અસીરને જમાડવો તે એ માણસની ફરજ બને છે કે જેણે તેને અસીર બનાવ્યો હોય, ભલે પછી તે તેને બીજા દિવસે કત્લ કરી નાખવાનો ઇરાદો કેમ ન રાખતો હોય, તેથી કૈદીને ખાણું ખવરાવવું અને પાણી પીવરાવવું, તેની સાથે નરમાશ ભર્યો વ્યવહાર કરવો જરૂરી છે, ભલે પછી તે કાફિર કે કાફિર સિવાય પણ કેમ ન હોય.

(૪૮૩) કૈદીને ખાણુ ખવરાવવું અને તેની સાથે નરમાશભર્યું વર્તન રાખવું જરૂરી છે, ભલે પછી તેને બીજા દિવસે કત્લ કરી નાખવામાં આવે.

(૪૮૪) હઝરત અલી (અલયહિસ્સલામ) જેને કૈદ કરતા હતા, તેને મુસલમાનોના બૈતુલમાલમાંથી ખાણું ખવરાવતા હતા.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૪૮૫) (જ્યારે હઝરત અલી (અલયહિસ્સલામ)ને ઇબ્ને મુલજીમે તલવાર મારી ત્યારે આપે જનાબે હસનૈન શરીફૈન અલયહેમુસ્સલામને ફરમાવ્યું:) આ

કૈદીને તમારા કાબૂમાં રાખો, તને ખાણું ખવરાવો, પાણી પીવરાવો અને તેની સાથે સારો વ્યવહાર કરો.

વિભાગ-૧૩ : ઉસ્વહ (અનુસરવાને પાત્ર)

પ્રકરણ-૧ : ઉસ્વહ (અનુસરવાને પાત્ર)

કુરઆને મજીદ :-

* (હે લોકો!) ખચિત જ તમારા માટે અનુકરણ કરવાને સારામાં સારો નમૂનો ખૂદ અલ્લાહનો રસૂલ છે. (ખાસ કરીને) તે શખ્સ માટે કે જે અલ્લાહ તથા કયામતના દિવસની ઉમ્મીદ રાખતો હોય અને અલ્લાહની મોટા પ્રમાણમાં યાદ કર્યા કરતો હોય.

- (સૂ. અહઝાબ, આ. ૨૧)

* (હે મુસલમાનો!) તમારા માટે તો ઇબ્રાહીમ તથા તેમના સાથીઓનો (વાણી અને વર્તન, અનુકરણ કરવા માટે) ઉત્તમ નમૂનો મૌજૂદ છે.

- (સૂ. મુમ્તહેના આ. ૪)

* (મુસલમાનો!) ખરે જ તમારા માટે તે લોકો(ના કાર્યો)માં (અનુકરણ કરવા માટે) સારો નમૂનો છે. (ખાસ કરીને) તે લોકો માટે કે જેઓ અલ્લાહ તથા કયામતના દિવસની મુલાકાતની આશા રાખે છે.

- (સૂ. મુમ્તહેના આ. ૬)

હદીસો :-

(૪૮૬) લોકોમાં ખુદાની નઝદીક સૌથી વધારે ગુસ્સાને પાત્ર માણસ એ છે જે પોતાના ઇમામની સુન્નતનું અનુસરણ તો કરે છે પરંતુ તેમના કાર્યોનું અનુસરણ કરતો નથી.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૪૮૭) જે માણસ પોતાની જાતને બીજા લોકોના પેશ્વા૭(આગેવાન) બનાવે છે, તેના માટે જરૂરી છે કે તે બીજાઓને તાલિમ આપતા પહેલા પોતે તાલીમ લે. અને તેઓ (લોકો)ને જીભથી આદાબ શીખવતા પહેલા પોતાના અમલથી આદાબ શીખવે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૪ : ઉસૂલ (ઉસૂલે ફીકહ)

પ્રકરણ - ૧ : દરેક બાબતો સાચી છે

(૪૮૮) જ્યાં સૂધી કોઈ બાબત અંગે નસ્સ (સ્પષ્ટ હુકમ) આવી ન જાય ત્યાં સૂધી તે સહીહ છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૪૮૯) જ્યાં સૂધી કોઈ બાબત અંગે નહય (મનાઈ) ન આવી જાય ત્યાં સૂધી તે સહીહ છે.

(૪૯૦) તમારા માટે એ દરેક વસ્તુઓ હલાલ છે, જ્યાં સૂધી તમે તે હરામ હોવા વિશે જાણી ન લો,

અને જ્યારે તમને એ જાણ થઈ જાય કે તે હરામ છે, ત્યારે તેને છોડી દો..... તમામ બાબતો વિશે આ જ હુકમ છે, જ્યાં સૂધી તેનાથી વિરૂધ્ધનો કોઈ હુકમ ન મળી જાય અથવા તો કોઈ દલીલ મળી ન જાય.

(૪૯૧) તમામ વસ્તુઓ સહીહ છે, જ્યાં સૂધી કે તમારી પાસે તેને કરવાનો હુકમ અથવા મનાઈનો હુકમ પહોંચી ન જાય. અને દરેક એ બાબત કે જેમાં હરામ અથવા હલાલ(ની શક્યતા) હોય તે તમારા માટે એ સમય સૂધી હલાલ છે કે જ્યાં સૂધી તેના

હરામ હોવાનું ઇલ્મ ન થઈ જાય. અને જ્યારે તે હરામ હોવાનું ઇલ્મ થઈ જાય તો તેને છોડી દો.

(૪૯૨) જે વસ્તુ વિશે તે હરામ છે કે હલાલ (તે બાબત શક્યતા રહેતી હોય તો) તે તમારા માટે હંમેશા માટે હલાલ છે, જ્યાં સૂધી તેના હરામ હોવા વિશેની જાણકારી મળી ન જાય. અને જ્યારે તે હરામ હોવાની જાણકારી મળી જાય તો તેને છોડી દો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : દરેક વસ્તુ પાક છે

(૪૯૩) દરેક વસ્તુ પાક છે, જ્યાં સૂધી કે તમને તે નજીસ હોવાની જાણકારી ન મળી જાય. અને જ્યારે તમને તે વસ્તુ વિશે નજીસ હોવાની જાણકારી મળી જાય ત્યારે તેને નજીસ સમજીને છોડી દો, જ્યાં સૂધી તમને તેની જાણકારી મળી ન જાય. ત્યાં સૂધી કોઈ વાંધો નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩ : યકીનને શકથી તોડી શકાતું નથી

(૪૯૪) જ્યારે કોઈ માણસ યકીનની સ્થિતિમાં હોય અને પછી તેને શક થઈ જાય તો તે પોતાની યકીનની હાલ ઉપર બાકી રહે, કેમકે યકીનને શકની બદલે તોડી શકાતુ નથી. (યકીનને શકમાં બદલી શકાતુ નથી.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૪૯૫) (ઝરરાહની રિવાયત પ્રમાણે) ..... યકીનને ક્યારેય પણ શકથી તોડી શકાતું નથી. હા, અલબત્ત, તેને બીજા યકીનથી તોડી શકાય છે.

પ્રકરણ - ૪ : જે વસ્તુ પર ખુદા ગાલિબ હોય છે

(૪૯૬) જ્યારે કોઈ વસ્તુ ઉપર ખુદા કાબૂ મેળવી લે છે (અને બંદાને તેની જાણકારી હોતી નથી) ત્યારે ખુદા તેના બંદાના બહાનાને કબૂલ રાખે છે.

(૪૯૭) જે બાબત ઉપર ખુદા કાબૂ ધરાવતો હોય છે (અને બંદો તેના વિશે બે ખબર હોય છે) ત્યારે તેના વિશે બંદાના ઉઝર (બહાના) ને કબૂલ રાખે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૫ : જે કંઈ ખુદા તરફથી છુપું રાખવામાં આવ્યું છે

(૪૯૮) જે બાબતોનું ઇલ્મ ખુદાએ બંદાઓથી છુપું રાખ્યું છે (તેના ઉપર અમલ કરવાની જવાબદારી પણ) બંદાઓ ઉપરથી ઉપાડી લેવામાં આવી છે.

(૪૯૯) ખુદાવંદે આલમ તેના બંદાઓ ઉપર એ બાબતો વિશે હુજ્જત કાયમ કરશે, જેના વિશે તેની જાણકારી, અને માઅરેફત તેને આપવામાં આવી છે.

- ઈમામ જાફર સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : જુદા જુદા ઉસૂલ

(૫૦૦) મારો કોઇ એક માણસ ઉપરનો હુકમ એ લોકોના તમામ સમૂહ (આખી જમાત) પરનો હુકમ છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલાહો અલયહે વઆલેહી વસ્સલમ

(૫૦૧) જે વસ્તુ (ના હુકમની ખુદાએ સ્પષ્ટતા કરી નથી અને મોઘમ રાખેલ છે તે) ને તમે પણ તેના હાલ પર રહેવા દો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૫૦૨) તમામ લોકોને તેમના માલ ઉપર અધિકાર છે. (એટલે કે જે માલ જેના કબજામાં છે, તેનો તે માલ સમજવામાં આવશે.)

- હઝરત રસૂલે અકરમ સલલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમ્

(૫૦૩) કુરઆને મજીદમાં જે જે જગ્યાએ 'યા' (અથવા) શબ્દ આવ્યો છે, તે માટે માણસને ઇખ્તીયાર છે કે તે જે બાબતને ચાહે (તે વિકલ્પને) અપનાવી લે.

- હઝરત ઈમામ જાફરે સાદિક (અલયહિસ્સલામ)

(૫૦૪) કોઇ વસ્તુ એવી નથી, કે જેને ખુદાએ હરામ ગણાવી હોય પણ મજબૂરીની હાલતમાં માણસ માટે તે હલાલ ન હોય.

- હઝરત ઈમામ જાફરે સાદિક (અલયહિસ્સલામ)

(દરેક હરામ બાબત મજબૂર માણસ માટે હલાલ હોય છે. - અનુવાદક)

(૫૦૫) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને સવાલ કરવામાં આવ્યો કે એક માણસ જનાબતનું ગુસ્લ કરે છે. તેના ગુસ્લના

પાણીના છાંટા ઝમીન ઉપરથી ઉડીને એક વાસણમાં પડે છે (એવા પાણી વિશે શું હુકમ છે?) ઈમામ અલહ્વિસ્સલામે ફરમાવ્યું કોઇ વાંધો નથી કેમકે એવા કાર્યો વિશે અલ્લાહ ફરમાવે છે કે: “.....ખુદાવંદે આલમે તમારા માટે દીનમાં સખ્તી રાખી નથી.”

(૫૦૬) ..... જે જે વસ્તુઓ તેના અસલ સ્વરૂપમાં હોય, જો તેમાં કોઈ વસ્તુનો વધારો થઈ જાય અથવા તો તેમાંથી કોઈ વસ્તુ ઓછી થઈ જાય તો તે ઐબ ગણાય છે.

(૫૦૭) હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મદીનાના લોકોને ખજૂરોને પાણી પીવરાવવા બાબતે નિર્ણય આપતા ફરમાવ્યું કે : કોઈ વનસ્પતિની સિંચાઈ કરતા (પાણી પીવરાવતા) કે તેને તૃપ્ત કરતા રોકવામાં નહીં આવે. તેની સાથે ફરમાવ્યું : (ન તો કોઈનાથી નુકસાન ઉઠાવો અને ન તો કોઈને નુકસાન પહોંચાડો.)

(૫૦૮) મુસલમાનો તેમની શરતોના પાબંદ હોય છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

વિભાગ - ૧૫ : આફતો

પ્રકરણ - ૧ : આફતો

(૫૦૯) સહનશીલતાની આફત સખ્તી ઉઠાવવી, શુજાઅતની આફત બંડ, બક્ષીસની આફત ઉપકાર વ્યક્ત કરવો, ખૂબસૂરતીની આફત અભિમાન, ઇબાદતની આફત સુસ્તી (આળસ), વાતચીતની આફત જૂઠ, ઇલ્મની આફત ભૂલી જવું, ખાનદાની શરાફતની આફત ઘમંડ અને સખાવતની આફત ફુઝુલખર્ચી છે.

(૫૧૦) દીનની આફત નફસાની ખ્વાહીશો છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૫૧૧) દરેક વસ્તુ માટે એક આફત હોય છે. ઇલ્મની આફત ભૂલી જવું, ઇબાદતની આફત રીયાકારી (દેખાવ), અકલમંદીની આફત હું પદ, શરાફતની આફત તકબ્બુર, સહનશીલતાની આફત સખ્તી, સખાવતની આફત નકામો ખર્ચ, હયાની આફત નબળાઈ, સહનશીલતાની આફત અપમાન અને તાક્તની આફત બદઝબાની (ખરાબ ભાષાનો ઉપયોગ) અને બદ અમલી (દુર્વ્યવ્હાર) છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૫૧૨) બુઝદિલી આફત છે.

(૫૧૩) નફસાની ખ્વાહીશ અકલ માટે આફત છે.

(૫૧૪) ઈમાનની આફત શિર્ક છે.

(૫૧૫) યકીનની આફત શક છે.

(૫૧૬) નેઅમતોની આફત કુફ્રાને નેઅમત (નેઅમતોનો શુક્ર અદા ન કરવો તે) છે.

(૫૧૭) ઇતાઅતની આફત નાફરમાની છે.

(૫૧૮) શરાફતની આફત તકબ્બુર છે.

(૫૧૯) સમજણ અને બુધ્ધિની આફત મક્કારી (દુષ્ટતા) છે.

(૫૨૦) ઇબાદતની આફત રિયાકારી છે.

(૫૨૧) સખાવતની આફત ઉપકાર કરીને દેખાડવો છે.

(૫૨૨) દીનની આફત બદગુમાની છે.

(૫૨૩) અકલની આફત નફસાની ખ્વાહીશો (મનોવાસના) છે.

(૫૨૪) બુઝુર્ગીની આફત હાજતોને પૂરી ન કરવી તે છે.

(૫૨૫) નફસની આફત દુનિયાનો શોખ હોવો તે છે.

(૫૨૬) મશ્વે રાની આફત અભિપ્રાયને ઠુકરાવવું તે છે

(૫૨૭) બાદશાહોની આફત ખરાબ ચારિત્ર્ય છે.

(૫૨૮) વઝીરોની આફત ખરાબ નિયત છે.

(૫૨૯) આલિમોની આફત સત્તાપ્રાપ્ત કરી લેવાની લાલચ છે.

(૫૩૦) ઘમંડની આફત રાજકીય નબળાઈ છે.

(૫૩૧) લશ્કરની આફત સત્તાધિશોનો વિરોધ કરવો છે.

(૫૩૨) પરિશ્રમની આફત ટેવનો પ્રભાવ છે.

(૫૩૩) પ્રજાની આફત હુકમોની અવગણના કરવી તે છે.

(૫૩૪) પરહેઝગારીની આફત સંતોષનો અભાવ છે.

(૫૩૫) ફેંસલો કરવાની આફત લાલચ છે.

(૫૩૬) અદલ અને ઇન્સાફની આફત પરહેઝગારીનો અભાવ છે.

(૫૩૭) શુજાઅતની આફત સાવધાની છોડી દેવામાં આવે છે.

(૫૩૮) શક્તિશાળીની આફત દુશ્મનને કમઝોર સમજવામાં આવે છે.

(૫૩૯) ધૈર્ય અને સહનશીલતાની આફત પોતાને અપમાનિત કરવામાં છે.

(૫૪૦) અતા અને બક્ષિસની આફત પોતાને વિલંબ કરવામાં છે.

(૫૪૧) વચલો માર્ગ અપનાવવાની આફત કંજૂસી છે.

(૫૪૨) રોબ અને પ્રભાવની આફત મજાક છે.

(૫૪૩) ઇચ્છાની આફત નિષ્ફળતા છે.

(૫૪૪) મુલ્કની આફત તેના રક્ષણમાં કમઝોરી છે.

(૫૪૫) વાયદા અને વચનની આફત તેની નરમાશથી અદાયગી ન કરવામાં છે.

(૫૪૬) આગેવાનીની આફત અભિમાન અને ઘમંડ છે.

(૫૪૭) (હદીસ) નકલ કરવાની આફત ખોટી રિવાયત બયાન કરવી તે છે.

(૫૪૮) ઇલ્મની આફત તેના પર અમલ ન કરવામાં છે.

(૫૪૯) અમલની આફત ખુલૂસને છોડી દેવામાં છે.

(૫૫૦) ઉદારતા અને સખાવતની આફત તેની ઉપર અભિમાન અને ગર્વ કરવામાં છે.

(૫૫૧) જન સમૂહ (લોકો)ની આફત બદઅમલ આલિમ છે.

(૫૫૨) અદાલતની આફત ઝાલિમ અને અત્યાચારી બાદશાહ છે.

(૫૫૩) પ્રજાની આફત સત્તાધિશનો ઝુલ્મ છે.

(૫૫૪) શક્તિ અને સત્તાની આફત નેકી ન કરવી છે.

(૫૫૫) અકલની આફત સ્વાર્થ છે.

(૫૫૬) વાતચીતની આફત જુઠાણું છે.

(૫૫૭) કાર્યોની આફત કાર્ય કરવાની લાચારી છે.

(૫૫૮) આરઝુઓની આફત તે જલ્દી પૂરી થાય તેવી ઇચ્છા છે.

(૫૫૯) વફાની આફત દગાબાજી અને વાયદાનો ભંગ કરવો તે છે.

(૫૬૦) એહતિયાત (સાવધાની)ની આફત તકને ગુમાવી દેવી છે.

(૫૬૧) અમાનતની આફત ખયાતન છે.

(૫૬૨) ફોકહાની આફત અસાવધાની છે.

(૫૬૩) ઉદારતા અને સખાવતની આફત ફુઝુલખર્ચી છે.

(૫૬૪) કમાણીની આફત તેની ખોટી વ્યવસ્થા (સ્ત્રોત) છે.

(૫૬૫) વાણી (વાતચીત)ની આફત તેને લંબાવવી છે.

(૫૬૬) તવંગરીની આફત કંજુસાઈ છે.

(૫૬૭) ઇચ્છાઓની આફત તેને પુરૂ થવામાં મોડું થવું છે.

(૫૬૮) ભલાઈની આફત ખોટી સંગત છે.

(૫૬૯) સત્તાની આફત ઝુલ્મ અને ઉધ્ધતાઈ છે.

(૫૭૦) તમામ આફતો કરતા મોટી આફત દુનિયાને ઇચ્છા કરવી તે છે.

(૫૭૧) અકલની સૌથી ખરાબ આફત તકબ્બુર છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૬ : ખાવું-પીવું

પ્રકરણ - ૧ : ઓછું ખાવું

(૫૭૨) ઓછું ખાવું એ નફસની શરાફત અને તંદુરસ્તીની જાળવણી છે.

(૫૭૩) જેનો ખોરાક ઓછો હોય છે, તેનો રંજો ગમ પણ ઓછો હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૫૭૪) જે ઓછું ખાશે તેનો હિસાબ ઓછો થશે.

(૫૭૫) જે થોડું ખાશે તેનો હિસાબ પણ થોડો લેવાશે.

(૫૭૬) જેનો ખોરાક ઓછો હોય છે, તેનું પેટ તંદુરસ્ત અને દિલ સાફ હોય છે, જેનો ખોરાક વધારે હોય છે, તેનું પેટ બીમાર અને દિલ સખત હોય છે.(અલબત્ત, આ પાનામાં છે કે જેનો ખોરાક ઓછો હોય છે તેનું શરીર તંદુરસ્ત રહે છે..... અને જેનો ખોરાક વધારે હોય છે તેનું શરીર બીમાર હોય છે.....)

(૫૭૭) પોશાક પહેરો અને પેટ સાથે ન્યાય કરીને ખાવ, કેમકે આ બાબત નબુવ્વતનો ભાગ છે.

(૫૭૮) જેની તસ્બીહ અને તમ્હીદ (સુબ્હાનલ્લાહ અને અલહમ્દોલિલ્લાહ કહેવાનું) વધારે, અને ખાવા-પીવા અને સુવાનું ઓછું હોય છે, મલાએકા તેમના (તેમની) ઝિયારત માટે ઉત્સુક રહેતા હોય છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૫૭૯) ખુદાવંદે આલમ જ્યારે પોતાના કોઈ બંદાની સુધારણા કરવા ચાહે છે, ત્યારે તેને ઓછું બોલવા, ઓછું ખાવા અને ઓછું સુવાનું ઇલ્હામ (અંતરપ્રેરણા) કરે છે.

(૫૮૦) ઓછું ખાવું એ પાકદામની અને વધારે ખાવું એ ઇસ્રાણફનો ભાગ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : બિસ્યાર ખોરી (વધારે ખાવું)

(૫૮૧) વધારે ખાવું અને વધારે સુવું નફ્સને વિકૃત કરે છે.

(૫૮૨) વધારે ખાવાથી દુર્ગંધ પૈદા થાય છે.

(૫૮૩) જે વધારે ખાય છે તેની તંદુરસ્તી બગડે છે અને તેના નફ્સ ઉપરનો બોજો વધી જાય છે.

(૫૮૪) વધારે ખાવું તે બુરાઈ છે અને બુરાઈ એ ઐબ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૫૮૫) મોઅમિનના દિલ માટે વધારે ખાવા કરતા વધારે નુક્સાનકારક બીજી કોઈ બાબત નથી. વધારે ખાવાથી બે બાબતો પૈદા થાય છે:

(૧) દિલ સખ્ત બને છે અને

(૨) શહવાત (કામવાસનામાં ઉત્તેજના) પૈદા થાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૫૮૬) વધારે પડતું ખાઈ-પીને તમારા દિલોને મુર્દા ન કરો. કેમકે તેનાથી દિલ એવી રીતે મુર્દા

થઈ જાય છે જેવી રીતે વધારે પડતું પાણી સીંચવાથી ખેતી મુર્દા (નાશ) થઈ જાય છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૫૮૭) અય બની ઇસરાઈલ ! વધારે પડતું ન ખાવ, કેમકે જે વધારે ખાય છે તે વધારે સુવે છે અને જે વધારે સુવે છે તેની નમાઝોમાં ઘટાડો થઈ જાય છે. અને જેની નમાઝોમાં ઘટાડો થઈ જાય છે તેની ગણતરી ગાફેલીનમાં (પ્રમાદીઓમાં) થાય છે.

(૫૮૮) પેટ ભરીને ખાવાથી બચતા રહો. કેમકે તેનાથી શરીરમાં ખરાબી પૈદા થાય છે, બીમારી આવે છે અને ઇબાદતમાં સુસ્તી થવા લાગે છે.

(૫૮૯) જ્યારે પેટ ભરીને ખાલી હોય છે ત્યારે દિલ હિકમત મેળવવા આતુર બની જાય છે. અને જ્યારે પેટ ભરેલુ હોય છે ત્યારે હિકમતને બહાર ફેંકી દે છે.

(૫૯૦) ઇન્સાનના પેટ કરતા વધારે ખરાબ કોઈ વાસણને ભરી શકતો નથી.

(૫૯૧) પેટ ભરેલું હોય તેવા માણસ પાસે જમીન કે આસમાનના ફરિશ્તા આવતા નથી.

(૫૯૨) મોઅમિન એક આંતરડામાં ખાય છે જ્યારે કાફિર સાત આંતરડામાં ખાય છે.

(૫૯૩) બે વસ્તુઓ દીનને નુક્સાન પહોંચાડવા માટે બહુજ ખતરનાક હોય છે: (૧) બુઝદિલી અને (૨) પેટ ભરીને ખાવાની ઇચ્છા.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૫૯૪) પેટ ભરીને ખાવાની ઇચ્છા કરતા વધારે બીજી કોઈ બાબત અલ્લાહની નજરોમાં નફરતને પાત્ર નથી.

(૫૯૫) અલ્લાહ તઆલાને ગુસ્સે કરનાર, પેટ ભરીને ખાવાની ઇચ્છા કરતા વધારે બીજી કોઈ બાબત નથી.

(૫૯૬) જ્યારે ઇન્સાનનું પેટ ભરાઈ જાય છે, ત્યારે તે ખુદાથી બહુ જ દૂર થઈ જાય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૫૯૭) વધારે પડતું ખાવાથી બચતા રહો, કેમકે તે દિલને ઝહેરીલું, શરીરના અવયવોને (અલ્લાહની) ઇતાઅતની અદાયગીથી સુસ્ત અને કાનને વાએઝો નસીહત સાંભળવાથી બહેરા કરી દે છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૫૯૮) હ. યહયા (અલયહિસ્સલામ) અને ઇબ્લીસ વચ્ચે આ પ્રમાણે વાતચીત થઈ. હ. યહયા (અલયહિસ્સલામ)એ તેને પુછ્યું : આ ફંદા (ગાળીયા) કેવા છે ? ઇબ્લીસે જવાબ આપ્યો : આ ખ્વાહીશાતે નફસાની છે, જેનાથી હું અવલાદે

આદમને શિકાર કરૂ છું, આપ (અલયહિસ્સલામ)એ પુછ્યું : શું આમાં મારા માટે કોઈ ફંદો છે ? તેણે કહ્યું : જી હા, જ્યારે આપ પેટ ભરીને ખાવ છો, ત્યારે અમે આપને નમાઝ અને યાદે ઇલાહીથી ગાફીલ કરી રાખવાની કોશિશ કરીએ છીએ. હ. યહયા (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : હું ખુદા સાથે અહદ કરૂ છું કે ક્યારેય પેટ ભરીને નહીં ખાઉ, ઇબ્લીસે કહ્યું : હું પણ ખુદાની કસમ ખાઈને કહું છું કે ક્યારેય પણ કોઈ મુસલમાનને નસીહત નહીં કરૂ. ત્યાર પછી ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ..... જઅફરે સાદિક (અલયહિસ્સલામ) અને અવલાદે જઅફરે સાદિક

(અલયહિસ્સલામ) ખુદાનો વાસ્તો, કે તેઓ ક્યારેય પણ પેટ ભરીને ન ખાય. અને જઅફર અને અવ્લાદે જઅફરે (અલયહિસ્સલામ)ને ખુદાનો વાસ્તો કે તે ક્યારેય પણ દુનિયા માટે અમલ ન કરે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : ક્યારેક એક કોળીયો ઘણા કોળીયાને રોકી દેતો હોય છે

(૫૯૯) ઉમ્રુ બિન ઇબ્રાહીમે હઝરત અબૂલ હસન (અલયહિસ્સલામ)થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું : જો લોકો ખાવા-પીવામાં વચલો માર્ગ ધારણ કરી લે તો તેઓના શરીરોમાં સમતોલપણું પૈદા થઈ જાય. (અને 'મહાસિન'માં ફરમાવ્યું કે : તેઓના શરીર બિલ્કુલ સીધા થઈ જાય.)

(૬૦૦) કેટલીક વખત એક કોળિયો કેટલાય કોળિયાઓને રોકી દે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૦૧) ભરપેટ ખાવાથી બચતા રહો, કેમકે જે ધરાઈને ખાવાથી ટેવાઈ જાય છે, તેની બીમારીઓ વધી જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૦૨) જે ખાવાની બાબતમાં વચલો માર્ગ ધારણ કરે છે, તેની તંદુરસ્તીમાં વધારો થાય છે અને તને તેના વિચારો પવિત્ર થાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૦૩) ધરાઈને ખાવાથી હંમેશા બચતા રહો. કેમકે તેના કારણે કેટલાય પ્રકારની બીમારીઓ પૈદા થાય છે.

(૬૦૪) ભૂખ અને બીમારી એક જગ્યાએ ભેગી થઈ શક્તી નથી.

(૬૦૫) તંદુરસ્તી અને ભરપેટ ખાવું, આ બંને બાબતો એક જગ્યાએ ભેગી થઈ શક્તી નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૪ : પેટ ભરીને ખાવું તેમજ અક્કલ અને સમજણ

(૬૦૬) જે માણસ ધરાઈને ખાય છે, અને તેનું પેટ એટલું બધું ભરાઈ જાય છે કે તેને શ્વાસ લેવાની જગા પણ રહેતી નથી. જેની આવી હાલત થઈ જાય છે તેની અકલ અને સમજણ ઉપર પર્દા પડી જાય છે.

(૬૦૭) ધરાઈને ખાવાથી બચો, કેમકે જેને તેની ટેવ પડી જાય છે તેની બીમારીઓ વધી જાય છે અને તેને બિહામણા સ્વપ્ના આવે છે.

(૬૦૮) પેટ ભરીને ખાવાથી બચો. કેમકે તે દિલને સખત, નમાઝમાં સુસ્ત અને શરીરને વિકૃત બનાવી નાખે છે.

(૬૦૯) ધરાઈને ખાવું અને અકલ તથા સમજણ સાથે એકઠા થઈ શકતા નથી.

(૬૧૦) અકલ અને સમજણ તથા પેટ ભરીને ખાવું એ બંને વસ્તુઓ એક જ જગ્યાએ એકઠા થઈ શકતા નથી.

(૬૧૧) જ્યારે પેટ મુબાહ વસ્તુઓથી ભરાઈ જાય છે તો દિલ બહેતરીન (શ્રેષ્ઠ વાતો)થી આંધળુ બની જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૧૨) જે વધારે ખાવા-પીવાને પોતાની ટેવ બનાવી લે છે તેનું દિલ સખત બની જાય છે.

(૬૧૩) પેટ ભરીને ન જમો, નહીંતર તમારા દિલોમાંથી મઅરેફતનું નૂર બુઝાઈ જશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : પેટ ભરીને ખાવું પરહેઝગારી માટે નુક્સાનકર્તા છે

(૬૧૪) ધરાઈને ખાવું એ પરહેઝગારી માટે નુક્સાનકારક છે.

(૬૧૫) પેટ ભરીને ખાવું એ દાંતોની તેજીનું કારણ અને પરહેઝગારી માટે નુક્સાનકર્તા છે.

(૬૧૬) હંમેશા પેટ ભરીને ખાવું એ દાંતોને તેજ બનાવી દે છે અને પરહેઝગારી માટે નુક્સાનકર્તા છે.

(૬૧૭) પરહેઝગારીનો ખરાબ સાથી પેટ ભરીને જમવું તે છે.

(૬૧૮) ગુનાહો કરવા માટેનો શ્રેષ્ઠ સાથીદાર ધરાઈને ખાવું તે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : ભૂખ

(૬૧૯) ખુદાના બારામાં અકલમંદીથી કામ લેનાર, તેનાથી ડરનાર અને ખુદા(ની ખૂશી) માટે જ અમલ કરનાર ઇન્સાન પોતાને ભૂખ સહન કરવાની ટેવ પાડે છે. એટલે સૂધી કે તેને કદી પેટ ભરીને ખાવાની ઇચ્છા થતી નથી. જેવી રીતે મૈદાનમાં દોડનારા ઘોડાનું પેટ નાનું હોય છે. (તેવી રીતે)

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૬૨૦) એવા લોકો માટે ખુશખરી છે કે જેઓ ભુખ્યા રહેવાની કોશિશ કરે છે, પેટ ભરીને ખાવાથી બચતા રહે છે. અને સબ્રથી કામ લે છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૬૨૧) (વધારે સમય સૂધી) જાગતા રહેવા પછી, ઉંઘ ખુશગવાર લાગે છે, તેવી રીતે ભુખ્યા રહેવા પછી જમવાની લઝઝતમાં વધારો થાય છે.

- ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)

(૬૨૨) મેઅરાજની હદીસમાં અવલીયાની સિફત વિશે છે કે..... હલાલ ખાવાથી તેમના પેટ હળવા હોય છે.

(૬૨૩) (આ જ હદીસનમાં ખુદાના ખાસ બંદાઓનો ઉલ્લેખ છે) ..પયગમ્બરે અર્ઝ કરી, પરવરદિગારા ! તેઓની શું નિશાનીઓ છે ? ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું : તેઓ દુનિયામાં કૈદી હોય છે. તેઓએ પોતાની જીભને નકામી વાતોથી અને પોતાના પેટને નકામો ખોરાક (ખાવા)થી રોકેલા હોય છે.

પ્રકરણ - ૭ : ભૂખના હેતુ

(૬૨૪) ભૂખ હિકમતનું નૂર હોય છે અને ભરેલું પેટ અલ્લાહથી દૂર રહેવાનું કારણ બને છે..... પેટ ભરીને ન ખાવ, તેનાથી તમારા દિલોના નૂર બુઝાઈ જાય છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૬૨૫) (મેઅરાજની હદીસમાં છે કે) રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ અર્ઝ કરી: પરવરદિગારા ! ભૂખથી શું ફાયદાઓ મળે છે

? ખુદાવંદે ઝુલજલાલે ફરમાવ્યું : હિકમત દિલનું રક્ષણ, મારી નઝદીકી, કાયમી સંતાપ, લોકો ઉપર બોજરૂપ થવું, હક વાત કહેવી અને જીવન નિરાશા કે તંગીથી વીતી રહ્યું છે એ વાતથી નચિંત (બેપરવા) રહેવું.

(૬૨૬) (એ જ હદીસમાં ફરમાવ્યું) અય અહમદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ! બંદો જ્યારે પોતાના પેટને ખાલી (ભૂખ્યું) રાખે છે અને પોતાની જીભથી સુરક્ષા કરે છે, ત્યારે હું તેને હિકમતની તાલીમ આપું છું. ભલે તે કાફીર પણ

કેમ ન હોય. અલબત્ત , કાફીરની હીકમત તેના માટે જીવનું જોખમ બની જાય છે.

(૬૨૭) એ લોકો માટે ખુશખબર છે કે જેઓ પેટ ભરીને ખાવાથી બચે છે અને ભુખ્યા રહે છે કે : કયામતના દિવસે તેઓ તૃપ્ત હશે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૬૨૮) ભુખ્યા રહેવું એ નફસને કાબૂમાં રાખવા અને આદતોને તોડવા માટે શ્રેષ્ઠ મદદગાર બને છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૮ : ખાવામાં સમતોલપણું

(૬૨૯) જમવાની ઇચ્છા (પેટમાં ભૂખ) બાકી હોય ત્યાં હાથ રોકી લો. આ રીતે જમવું તમારા માટે ખુશગવાર થશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૩૦) જ્યારે જમવાની ઇચ્છા થાય (ભૂખ લાગે) ત્યારે જ જમો, અને ભૂખ બાકી હોય ત્યાં હાથને રોકી લો.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૬૩૧) જે વધારે ખાશે તેનું પોષણ નહીં બને અને જે યોગ્ય પ્રમાણમાં ખાશે એટલે કે વધારે કે ઓછું નહીં પણ માપસર, તે તેના માટે ફાયદાકારક બનશે. તેવી રીતે પાણી પીવાનું છે. તેની સાચી રીત એ છે કે યોગ્ય પ્રમાણમાં ખાવ, ધીમે ધીમે ખાવ, હજી ભુખ બાકી હોય ત્યાં હાથ રોકી લો. તેનાથી તમારી હોજરી અને તંદુરસ્તી જળવાઈ રહેશે. તમારી અકલ રૌશન બનશે અને શરીર બિલ્કુલ હળવું રહેશે.

(૬૩૨) જે માણસ એમ ઇચ્છતો હોય કે તે તંદુરસ્ત રહે અને તેનું શરીર બિલ્કુલ હળવું રહે તો તેણે રાત્રે ઓછું જમવું જોઈએ.

- હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૯ : દસ્તરખાનના આદાબ

(૬૩૩) દરતસ્ખાન વિશેની બાર બાબતો એવી છે કે જેને જાણવી દરેક મુસલમાન માટે જરૂરી છે. બારમાંથી ચાર સુન્નત, ચાર આદાબને લગતી અને ચાર ફર્ઝ છે. જે ચાર બાબતો ફર્ઝ છે તે આ મુજબ છે :

(૧) મઅરેફત, (૨) રઝા (અલ્લાહના હુકમ પર રાજી રહેવું), (૩) બિસ્મિલ્લાહ કહેવું, (૪) શુક્ર.

ચાર સુન્નત બાબતો આ પ્રમાણે છે :

(૧) જમવા પહેલા વુઝુ કરવું, (૨) ડાબી બાજુ (ડાબા પગ પર બેસવું), (૩) ત્રણ આંગળીઓથી ખાવું, (૪) જમ્યા પછી આંગળીઓને ચાટવી.

જે ચાર બાબતો આદાબને લગતી છે તે આ પ્રમાણે છે :

(૧) પોતાની સામે (રાખવામાં આવેલ વસ્તુઓમાં)થી ખાય, (૨) નાના નાના કોળિયા બનાવે, (૩) ખૂબજ ચાવીને ખાય, (૪) લોકોના ચહેરા સામે ઓછું જોવે.

(૬૩૪) જે માણસ એમ ઇચ્છતો હોય કે તે જે ખાણું ખાય તે તેને નુક્સાન ન પહોંચાડે, તો એ સમય સૂધી ન ખાય કે જ્યાં સૂધી તેને ભૂખ ન લાગે. અને તેની હોજરી (પેટ) ખાલી થઈ ચૂક્યું ન હોય. જ્યારે જમવાનું શરૂ કરે ત્યારે "બિસ્મિલ્લાહીર રહમા નીર રહીમ" કહે. ચાવી ચાવીને ખાય અને હજી ભૂખ બાકી હોય ત્યાં (જમવાનું) છોડી દે.

- ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૬૩૫) જે માણસ જમવાનું શરૂ કરતા પહેલા અને પુરૂ કરી લીધા પછી હાથને ધોઈ લે તો જમવામાં પહેલેથી છેલ્લે સૂધી બરકત રહેશે. તે જેટલા સમય

સૂધી જીવતો રહેશે ત્યાં સૂધી તેની રોજી બહોળી રહેશે. અને શારીરિક બલાઓથી તે સુરક્ષિત રહેશે.

- ઈમામ જઅફર સાદિક (અલયહિસ્સલામ)

(૬૩૬) જે માણસ જમવાનું શરૂ કરતા પહેલા 'બિસ્મિલ્લાહ... પડશે, તો હું એ વાત માટે જામિન છું કે તે જમણ તેને કોઈ તકલીફ નહીં પહોંચાડે.

(૬૩૭) જે માણસ જમવા પહેલા *બિસ્મિલ્લાહ* અને જમ્યા પછી *અલ હમ્દોલિલ્લાહ* કહે તો તેને નેઅમતો વિશેનો કોઈ સવાલ કરવામાં નહીં આવે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૩૮) જમવાની શરૂઆત નમક (મીઠા)થી કરો, કેમકે જો લોકોને એ વાતની જાણકારી મળી જાય કે નીમકમાં શું ફાયદાઓ છે ? તો તેઓ બીજી દવાઓને છોડીને તેને જ અપનાવી લેત.

(૬૩૯) જમતી વખતે ખુદાને વધારે યાદ કરો, તેમાં કોઈ ઢીલાશથી કામ ન લ્યો, કેમકે તે ખુદાની નેમઅતોમાંથી એક નેઅમત છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૪૦) દસ્તરખાન ઉપર વધારે સમય સૂધી બેસો, કેમકે તે એવો સમય હોય છે કે જેની ગણત્રી તમારી ઉમ્રમાં થતી નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૬૪૧) ગરમ ખાણાને ઠંડુ થવા દો. કારણ કે એક વખત જ્યારે રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં ગરમ ખાણું રજુ કરવામં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું કે તેને ઠંડુ થઈ જવા દો. જેથી તે ખાવાને પાત્ર બની જાય. કેમકે અલ્લાહ તઆલા આપણને આગ ખવરાવવા માંગતો નથી. અને ઠંડું ખાવામાં બરકત છે.

(૬૪૨) પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ જે બાબતની મનાઈ કરી હોય તેવી હદીસોમાંની એક હદીસમાં છે કે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ખાવા અને પીવાની ગરમ વસ્તુઓમાં ફુંક મારવાની મનાઈ કરી છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૬૪૩) કોઈ માણસ જમી રહયો હોય અને કોઈ બે આંખો વોળો જોઈ રહયો હોય અને તેને તેમાંથી કંઈ ન આપે, તો તે એવી બીમારીમાં ફસાઈ જશે કે જેની કોઈ દવા નથી.

-હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૬૪૪) નજીહ કહે છે કે મેં જોયું કે હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ) ખાણું ખાઈ રહ્યા છે અને તેઓની સામે કૂતરો ઉભો છે, જ્યારે આપ એક કોળિયો ખાતા હતા ત્યારે કૂતરાને પણ એક કોળિયો નાખતા હતા. મેં પૂછ્યું: ફરઝંદે રસૂલ, શું હું આ કૂતરાને મારીને ભગાડું ? આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ના, તેને એમ જ રહેવા દો. કેમકે મને ખુદાથી શરમ આવે છે કે હું ખાણું ખાઈ રહયો હોઉં

અને કોઈ સજીવ મને જોઈ રહયો હોય, અને હું તેને કંઈ ન ખવડાવું.

(૬૪૫) વાસણોને ખુલ્લા ન રહેવા દો. કેમકે જો વાસણોનું મુખ ઢાંકેલુ નહીં હોય તો શયતાન તેમાં થુંકશે અને તેમાંથી તે જેટલું ઇચ્છશે તેટલું ઉપાડી લેશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૬૪૬) હઝરત ઈમામ હસન (અલયિહિસ્સલામ)ને 'સુફલહ' (હલ્કા લોકો) વિશે પૂછવામાં આવ્યું. આપ

(અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : જે લોકો બજારમાં ખાતા રહેતા હોય. (તે હલ્કા લોકો છે.)

(૬૪૭) મોઅમિન પોતાના એહલો અયાલની પસંદગી પ્રમાણે ખાય છે. અને મુનાફિક ખૂદ પોતાની પસંદ પ્રમાણે ખાય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૧૭ : ઉલ્ફત

પ્રકરણ - ૧ : ઉલ્ફત

કુરઆને મજીદની આયતો :-

* તે (અલ્લાહ) એ જ છે જેણે પોતાની મદદ વડે તથા મોઅમિનોની (મદદ) વડે તને સબળ કર્યો છે અને તેમના અંત:કરણોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કરી દીધો છે ; અગર જમીનમાં જે કાંઈ છે તે સઘળું જ ખરચી નાખે તો પણ તેમના અંત:કરણોમાં તું પ્રેમ ઉત્પન્ન કરી શકશે નહીં, પણ અલ્લાહે તે

(મુસલમાનોના) દિલોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કર્યો છે. બેશક અલ્લાહ જબરદસ્ત હિકમત વાળો છે.

- (સૂ. અન્ફાલ, આ. ૬૨-૬૩)

* અને અલ્લાહની નેઅમત જે તેણે તમારા પર ઉતારી છે તેને યાદ કરતા રહો, (તે નેઅમત એ) કે જ્યારે તમે એક બીજાના દુશ્મન હતા ત્યારે તેણે તમારા મનમાં (એક બીજા માટે) પ્રેમ ઉત્પન્ન કર્યો જેથી તેની મહેરબાનીથી તમે એક બીજાના ભાઈ ભાઈ બની ગયા ;

- (સૂ. આલે ઇમરાન આ. ૧૦૩)

(૬૪૮) પરસ્પર નફરત કરનારા દિલોને ભેગા કરવા એ પહાડને તેની જગ્યાએથી હટાવવા કરતા પણ વધારે મુશ્કીલ હોય છે.

(૬૪૯) લોકોના દિલ જંગલી હોય છે. જે તેમની સાથે પ્રેમ કરે છે, તેમની તરફ ઢળી જતા હોય છે.

(૬૫૦) નેક લોકોના દિલ જ્યારે આપસમાં મળી જાય છે, ભલે તેઓ પોતાની જીભથી પોતાની મોહબ્બતની જાહેરાત કરતા નથી, તો પણ એટલી બધી ઝડપથી એક બીજા સાથે હળીમળી જાય છે, જેવી રીતે વરસાદના પાણીના ટીપા નહેરમાં મળી જાય છે. જ્યારે કે બદકાર લોકોના દિલ

એકબીજાથી દૂર હોય છે. જ્યારે તેઓ આપસમાં મળે છે - ત્યારે ભલે તેમની જીભથી પોતાની મોહબ્બતને વ્યક્ત કરે છે, તેમ છતાં જાનવરોની જેમ પરસ્પર ઉલ્ફતથી દૂર હોય છે. ભલે તે લાંબા સમય સૂધી એક જ નાંદ (કૂંડા)માંથી ચારો ખાતા હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ઉલ્ફત વગર કોઈ જ ભલાઈ નથી

પ્રકરણ - ૨ : ઉલ્ફત વગર કોઈ જ ભલાઈ નથી

(૬૫૧) તમારામાંથી નેક એ છે કે જેના અખ્લાક સારા હોય, જે બીજાઓ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરતો હોય, અને બીજાઓ તેનાથી.

(૬૫૨) સૌથી સારો મોઅમિન એ છે કે જે બીજા મોઅમિનોના પ્રેમનું કેન્દ્ર હોય. એ માણસમાં કોઈ ભલાઈ નથી કે જે ન તો પોતે બીજા કોઈ સાથે મોહબ્બત રાખતો હોય અને ન તો બીજું કોઈ તેને ચાહતું હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૬૫૩) એવા માણસ માટે ખુશખબરી છે કે જે હુકમે ખુદાની ઇતાઅતમાં લોકો સાથે મોહબ્બત કરતો હોય અને લોકો તેને ચાહતા હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૫૪) કાલે કયામતના દિવસે એ માણસ મારી સૌથી નઝદિક હશે કે જેના અખ્લાક સૌથી સારા હશે અને તે લોકોની સૌથી વધુ નજદીક હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૧૮ : અલ્લાહ

પ્રકરણ - ૧ : અલ્લાહ

કુરઆને મજીદ :-

* અગર તું તેમને પૂછે કે આકાશો તથા જમીનને કોણે પૈદા કર્યા છે તો તેઓ ખચિત જ કહેશે કે અલ્લાહે ;

- (સૂ. લુકમાન : આ. ૨૫, સૂ. ઝુમ્ર : આ. ૩૮)

(૬૫૫) 'અલ્લાહ'નો અર્થ એ છે કે જેના વિશે મખ્લૂક આશ્ચર્યમાં ડુબી જાય અને જેની તરફ રક્ષણ

શોધવામાં આવે. અલ્લાહ એ છે કે જે આંખ અને સમજણથી છુપો અને વહેમ અને ગુમાનથી દૂર છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૫૬) 'અલ્લાહ'નો અર્થ એ છે કે એવો માઅબૂદ કે મખ્લૂક જેની વાસ્તવિકતા અને હકીકતની સમજણ અને તેની કૈફીયત સમજવાથી લાચાર અને અશક્ત હોય.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૬૫૭) 'અલ્લાહ'એ ઝાત છે કે જ્યારે ઇચ્છાઓ પૂરી થવા અને મુશ્કેલીઓ દૂર કરવા માટે મખ્લૂક

ચારે બાજુથી લાચાર થઈ જાય અને તેની પાસે પનાહ લે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૫૮) અલ્લાહનો અર્થ એ છે કે તે બારીકમાં બારીક અને મોટામાં મોટી વસ્તુઓ ઉપર પ્રભાવી અને અંકુશ ધરાવે.

- ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

વિભાગ-૧૯ : હુકૂમત

પ્રકરણ - ૧ : હુકૂમત

(૬૫૯) (હુકુમતના કઝીયા વખતે ફરમાવ્યું) આ લોકો કહે છે કે હુકુમત પણ અલ્લાહ સિવાય બીજા કોઈની હોઈ શક્તી નથી. હકીક્તમાં કોઈનો હુકમ હોવો જરૂરી છે. જેની હુકુમતમાં મોઅમિન નેક અમલ કરશે અને દુરાચારી તેનાથી ફાયદો ઉપાડશે.

(૬૬૦) લોકોની સુધારણા સત્તાધિશ જ કરી દે છે, ભલે પછી તે સારો હોય કે ખરાબ.

(૬૬૧) “બેશક, મોઆવિયા તમારી ઉપર ટૂંક સમયમાં સત્તા મેળવી લેશે.” લોકોએ પુછ્યું : તો પછી આપ (હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ) તેની સાથે જંગ શા માટે કરો છો ? આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે: લોકો માટે કોઈ અમીરનું હોવુ જરૂરી છે. ભલે તે નેક હોય કે બદ.

(૬૬૨) આસિમથી રિવાયત છે કે (તેમણે) હઝરત અલી (અલયહિસ્સલામ) એ પૂછ્યું : હરૂરીયહ શું કહે છે ? લોકોએ કહ્યું કે “તેઓ કહે છે હુકુમત ફક્ત અલ્લાહ માટે જ છે.” ઇમામે ફરમાવ્યું : બેશક,

હુકુમત ફક્ત અલ્લાહ માટે જ છે, પરંતુ જમીન ઉપર સત્તાધીશો હોય છે, પરંતુ તે લોકો તો એમ કહે છે કે સત્તા પણ નથી. હકીકતમાં, લોકો માટે એક રાજ્ય વ્યવસ્થા હોવી જરૂરી છે. જો હુકુમત નેક અને સારી હશે તો મોઅમિન તેમાં સારા અમલ કરી શકશે. નહીંતર (જો ખરાબ હુકુમત હશે તો) તેવી હુકુમતમાં કાફીર અને બદકાર તેમાં લિજ્જત ઉઠાવશે અને અલ્લાહ તઆલા એ હુકુમતની વ્યવસ્થામાં દરેક વસ્તુને તેના અંતિમ તબક્કા સૂધી પહોંચાડી દેશે.

(૬૬૩) .... લોકો માટે એક હાકીમ હોવો જરૂરી છે, ભલે તે સારો હોય કે ખરાબ. (જો તે સારો હશે તો) મોઅમિન તેની હુકુમતમાં સારા અમલ કરી શકશે. અને (જો તે ખરાબ હશે તો) મોઅમિન તેની હુકુમતમાં લજ્જત ઉઠાવશે. અલ્લાહ તઆલા તેની હુકુમતમાં દરેક વસ્તુને તેની અંતિમ હદ સૂધી પહોંચાડી દેશે. આ હાકીમને કારણે જ માલ (મહેસૂલ અને ગનીમતનો માલ) એકઠો થાય છે. દુશ્મનો સાથે લડી શકાય છે. રસ્તાઓ શાંતિભર્યા હોય છે અને શક્તિશાળીઓ પાસેથી નિર્બળ લોકોનો હક અપાવી શકાય છે. એટલી હદ સૂધી કે નેક હાકિમ (મરીને કે પદભ્રષ્ટ થઈને) રાહત મેળવે છે

અને ખરાબ હાકીમ(ના મરવાથી કે પદભ્રષ્ટ થવાથી) બીજા લોકોને રાહત મળે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૬૪) એક માણસે મસ્જિદમાં દાખલ થઈને કહ્યું હુકુમત ફક્ત અલ્લાહ માટે છે ત્યારે હઝરત અલી (અલયહિસ્સલામ) એ તેજ પ્રમાણે ફરમાવ્યું અને સાથે સૂ. રૂમની આયત નં ૬૦ની તિલાવત કરી. .....અય પયગમ્બર! જે લોકો તમારી હુકુમતની તસ્દીક (સમર્થન) નથી કરતા તેઓ આપને હલ્કા ન કરી નાખે પછી ફરમાવ્યું "આપ લોકો જાણો છો કે આ શું કહેવા માંગે છે ? આ કહે છે કે સત્તા

ભોગવવાનો હક કોઈને નથી. યાદ રાખો, તમારી સુધારણા ફક્ત તમારા અમીર (હાકિમ) જ કરી શકે છે. ભલે પછી તે સારો હોય કે ખરાબ.”

આ સાંભળી લોકોએ પૂછ્યું : સારો હોય તો બરાબર છે, પરંતુ ખરાબ હોય તો ? આપે ફરમાવ્યું : “મોઅમિન અમલ કરી શકે છે અને દુરાચારીને પણ મોકો મળે છે. તમારા માર્ગ સુરક્ષિત બની જાય છે, તમારી બજારો આબાદ બને છે, તમારો માલ (ખિરાજ અને ગનીમતનો) ભેગો થાય છે, તમારા દુશ્મનો સાથે જંગ કરી શકાય છે અને

તમારા બળવાન લોકો પાસેથી નબળા લોકોનો હક અપાવી શકાય છે.

(૬૬૫) ઝાલિમ બાદશાહ કરતા ફાડી ખાનાર સિંહ સારો છે, અને કાયમી ફીત્ના કરતા ઝાલિમ બાદશાહ સારો છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : હુકૂમત

(૬૬૬) જ્યારે તમારા સત્તાધિશો નેક લોકો હશે, તમારામાંના શ્રીમંતો સખાવત કરનારા હશે, તમારા વ્યવહાર એક બીજા સાથે સલાહ મશ્વોરો કરીને નક્કી થતા હશે ત્યારે તમારા માટે જમીનની પીઠ તેના પેટ કરતા સારી હશે, અને જ્યારે તમારા શ્રીમંત લોકો કંજુસ હશે, તમારા વ્યવહાર સ્ત્રીઓની મારફત થતા હશે ત્યારે તમારા માટે જમીનનું પેટ તેની પીઠ કરતા વધારે સારૂ હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩ : હુકૂમતની કિંમત

(૬૬૭) હઝરત (અબ્દુલ્લાહ) ઇબ્ને અબ્બાસ, હઝરત અલી (અલયહિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયા. એ વખતે હઝરત અલી (અલયહિસ્સલામ) પોતાના જોડા સાંધી રહ્યા હતા. તેમણે આવીને કહ્યું : કેટલાક હાજીઓ આવ્યા છે, અને આપની પાસેથી થોડીક વાતો સાંભળવા માંગે છે.

હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : "ખુદાની કસમ ! હું અત્યારે એક જરૂરી કામમાં વ્યસ્ત છું જે મને તમારા આ હુકુમતના કાર્યોથી

વધારે પસંદ છે કે હું કોઈ હદ જારી કરૂ અથવા હદને બાતિલ કરૂ.”

(૬૬૮) ઇબ્ને અબ્બાસ (ર.અ.) કહે છે કે ‘ઝિકાર’ નામના સ્થળે હું હઝરત અલી (અલયિહિસ્સલામ)ની ખિદમતમાં હાજર હતો ત્યારે આપ (અલયિહિસ્સલામ) આપના જોડા સાંધી રહ્યા હતા. આપે મને પુછ્યું : અય ઇબ્ને અબ્બાસ, આ જોડાની શું કિંમત છે ? મેં કહ્યું : આની તો કોઈ કિંમત નથી. ત્યારે આપ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : ખુદાની કસમ ! આ મને તમારી હુકુમત કરતા વધારે પસંદ છે. પરંતું

આ (હુકુમત)થી હું હકને કાયમ કરૂ અથવા બાતિલનો નાશ કરૂં....

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૬૯) હઝરત અલી (અલયહિસ્સલામ)એ ઇબ્ને અબ્બાસને લખ્યું આ હુકુમતનો હેતુ તમારા માટે માલી ફાયદો ઉઠાવવો અને તમારા આક્રોશ અને ગુસ્સાને સંતોષવાનો ન હોવો જોઈએ, બલ્કે તમારો મુખ્ય હેતુ બાતિલનો નાશ અને હકને જીવંત કરવાનો હોવા જોઈએ.

વિભાગ-૨૦ : ઉમ્મીદવાર

પ્રકરણ - ૧ : ઉમ્મીદ (આશા) રહેમત છે

(૬૭૦) મારી ઉમ્મત માટે આશા રહેમત છે, જો આશા ન હોત તો કોઈ માતા પોતાના સંતાનને દૂધ પીવરાવત નહીં અને કોઈ ઝાડ વાવત નહીં.

- હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૬૭૧) આશા એક દિલાસો આપનાર દોસ્ત છે.

(૬૭૨) એક વખત હઝરત ઇસા (અલયહિસ્સલામ) બેઠા હતા. અને એક વૃધ્ધ માણસ જમીન ઉપર હળ ચલાવી રહયો હતો. હઝરત ઇસા (અલયહિસ્સલામ)એ દુઆ કરી કે : ખુદાવંદા આની આશાઓને મીટાવી દે. તે પછી તે વૃધ્ધ માણસે હળ ચલાવવાનું છોડી દીધું અને જમીન ઉપર સુઈ ગયો. અને એક કલાક સૂધી એમ જ પડયો રહયો. ત્યાર પછી તેઓ (અલયહિસ્સલામ)એ દુઆ કરી કે : પરવરદિગારા ! આની આશાઓને પાછી ફેરવ, તે પછી તે ઉભો થઈ ગયો અને પોતાના કામે લાગી ગયો.

(૬૭૩) યા રબ્બલ આલમીન ! યા અલ્લાહ ! હું તારી પાસે ... એવી આશાઓનો સવાલ કરૂ છું કે જેમાં હું સફળતા મેળવી શકું.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

પ્રકરણ-૨ : આશા અનંત છે

(૬૭૪) આશાઓનો કોઈ અંત નથી.

(૬૭૫) આરઝુઓનો કદી પણ અંત આવતો નથી.

(૬૭૬) તમારે એ જાણી લેવું જોઈએ કે તમારી (બધી) આરઝુઓ ક્યારેય પૂરી થઈ શકવાની નથી. ન તો તમે તમારી મૌતથી ભાગી શકવાના છો. તમે એવા લોકોના રસ્તે છો, કે જેઓ તમારી પહેલા પસાર થઈ ચુક્યા છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૭૭) જેને એવી આશા હોય કે તે કાલે જીવતો રહેશે તેને એવી આરઝુ રહેશે કે તે હંમેશા જીવતો રહેશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - 3 : જૂઠી આશાઓથી બચતા રહો

કુરઆને મજીદ :-

* (હે રસૂલ!) તેમને છોડી દે કે તેઓ ખાય પીવે અને (સંસારિક) લાભ મેળવે અને આશા તેમને ગફલતમાં નાખી મૂકે, ટુંક સમયમાં જ (તેના પરિણામની) તેમને જાણ થઈ જશે.

- (સૂ. હિજ્ર આ. 3)

હદીસો :-

(૬૭૮) જુઠી આરઝુઓથી બચતા રહો કેમકે ઘણા લોકો એવા હોય છે કે જેઓ દિવસ તરફ મોઢું તો કરે છે, પણ તેની પાછળ પીઠ નથી કરી શક્તા. (એટલે કે તેમની જીંદગીનો અંતિમ દિવસ હોય છે.- અનુવાદક) અને કેટલાક લોકો એવા પણ હોય છે કે રાતના પ્રથમ ભાગમાં લોકો તેમના વિશે રશ્ક (હકારાત્મક ઇર્ષા) કરે છે, પરંતુ રાતના અંતિમ ભાગમાં રૂદન કરે છે. (એટલે કે તેમના વિશે રશ્ક કરી શકાય તેવી તેમની જીંદગીની એ અંતિમ રાત હોય છે. - અનુવાદક)

(૬૭૯) આરઝુઓના ફરેબથી બચતા રહો, કેમકે કેટલાય લોકો એવા હોય છે કે દિવસના કોઈ ભાગમાં કોઈ વાતની આરઝુ કરે છે, પરંતુ તેમની આરઝુને પૂરી કરી શકતા નથી. મકાન બનાવે છે, પણ તેમાં રહેવાનું તેમને નસીબ થતું નથી. અને માલ ભેગો કરે છે, પણ તેમાંથી ખાઈ નથી શક્તા.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૮૦) આરઝુઓ મૃગજળ સમાન હોય છે, જે તેને જોનારને છેતરે છે અને આશા રાખનારાઓ સાથે બેવફાઈ કરે છે.

(૬૮૧) આરઝુઓ દગાબાજ, છેતરનારી અને નુક્સાનકારક હોય છે.

(૬૮૨) આરઝુઓ આંખો ઉપર પર્દા નાખી દે છે.

(૬૮૩) ગાફિલ લોકોના દિલો ઉપર, આરઝુઓ સલ્તનત જમાવી દે છે.

(૬૮૪) આરઝુઓ જુઠાણાની શરૂઆત હોય છે.

(૬૮૫) આરઝુઓનું ફળ અમલની ખરાબી હોય છે.

(૬૮૬) એ વાતમાં શંકા નથી કે આરઝુઓ દિલને ગાફિલ બનાવી દે છે, ખોટા વાયદાઓ કરે છે,

ગફલતને વધારી દે છે અને મૂસીબતનું કારણ બને છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૮૭) (અરફાના દિવસે એટલે કે નવમી ઝિલહજ્જના દિવસની હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)ની દુઆનો એક ભાગ છે) ... હું તારી પનાહ માંગું છું એવી દુનિયાથી કે જે આખેરતને રોકી દે છે, એવી જીંદગીથી કે જે શ્રેષ્ઠ મૌતમાં અવરોધરૂપ બને છે અને એવી આરઝુઓથી કે જે શ્રેષ્ઠ અમલથી રોકી રાખે છે...- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) /

હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) આ કિતાબમાં છે કે રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) દુઆઓમાં કહેતા હતા કે ખુદાવંદા ! હું તારી પનાહ માંગું છું.

(૬૮૮) આરઝુઓ અકલનો નાશ કરે છે, ખોટા વાયદા કરે છે અને લાલસાનું કારણ બને છે. તેથી તમે આરઝુઓને જુઠલાવો. (તેનું અનુસરણ ન કરો) કેમકે એ દગો આપે છે. અને આરઝુઓ ઉપર આધાર રાખનાર તેમાં ઘેરાઈ ચુક્યો હોય છે....

(૬૮૯) તમારે જાણવું જોઈએ કે આરઝુ અકલને ગાફિલ કરી નાખે છે. અને ખુદાની યાદ ભુલાવી દે છે તેથી આરઝુઓનું અનુસરણ ન કરો કેમકે એ દગો આપે છે અને આરઝુઓમાં રાચનાર ફરેબ ખાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૯૦) જેને ખોટી આરઝુઓ યાદે ખુદાથી ગાફિલ કરીને ખેલ-તમાશામાં લગાવી ન દે, એવા માણસ માટે ખુશખબરી છે.

(૬૯૧) અલ્લાહ તબારક વ તઆલા તરફથી (એવા) બંદાઓ માટે એવી કેટલીય નેઅમતો છે કે જે તેને આરઝુ કર્યા વગર મળી જાય છે. અને એવા કેટલાય આરઝુ કરનારાઓ છે કે જેમનો ઇખ્તયાર તેમના ગૈરના હાથોમાં હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : આરઝુ અને મૌત

(૬૯૨) જો બંદો પોતાની મૌત અને તેની તેજ ગતિને જોઈ લે તો કોઈ પ્રકારની આરઝુ કરવાનું પસંદ ન કરે.

(૬૯૩) (એ માણસની) મૌત સાચી (સફળ) થાય છે કે જે પોતાની આવતી કાલના દિવસને છેલ્લો દિવસ સમજે.

(૬૯૪) જે માણસ આરઝુઓના મેદાનમાં ચાલે છે તે મૌત સાથે ટકરાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૬૯૫) જો મૌત જાહેર થઈને આવત તો આરઝુઓ ફુખ્યાત બની જાત.

(૬૯૬) આરઝુઓ મૌતને ભુલાવી દે છે.

(૬૯૭) આશા મૌતનો પરદો છે.

(૬૯૮) આરઝુ અમલને ખરાબ તેમજ મૌતથી બે ખબર કરી દે છે.

(૬૯૯) સૌથી સાચી વસ્તુ મૌત અને સૌથી ખોટી વસ્તુ આરઝુ અને ઉમ્મીદ છે.

(૭૦૦) સૌથી નઝદીકની વસ્તુ મૌત અને સૌથી દૂરની વસ્તુ આરઝુ છે.

(૭૦૧) મૌત આરઝુઓને કાપી નાખે છે.

(૭૦૨) મૌત આરઝુઓને બદનામ કરી નાખે છે.

(૭૦૩) હું મારી આરઝુઓ સાથે જંગ કરૂ છું અને મારી મૌતની પ્રતિક્ષા કરૂ છું.

(૭૦૪) નફ્સને મૌત આવી ન જાય ત્યાં સૂધી તે આરઝુથી ખાલી નથી રહેતો. (ઉમ્મીદ તેને મૌત વિશે વિચારવાની તક જ આપતી નથી. - અનુ.)

(૭૦૫) ઇન્સાન પોતાની આરઝુઓ ઉપર જ નજર જમાવીને બેઠો હોય છે, તેના કારણે તેને મૌતનું અસ્તિત્વ નજરે પડતું નથી.

(૭૦૬) મૌત આરઝુઓની આફત છે.

(૭૦૭) સાવધ રહો, તમે તમારી આરઝુઓના એવા દિવસોની પાછળ છો કે જેની પાછળ મૌત છે. તેથી જે માણસ પોતાની આરઝુઓના દિવસોમાં મૌત આવવાની પહેલા અમલ (અમલે સાલેહ) બજાવી લાવે તેને તે અમલનો ફાયદો પહોંચાડશે. અને મૌત પણ કોઈ નુક્સાન નહીં પહોંચાડે.

(૭૦૮) જે માણસ પોતાની આરઝુઓની પરાકાષ્ઠાએ પહોંચી જાય છે તેણે પોતાની મૌતને પણ વધારે નઝદીક સમજવી જોઈએ.

(૭૦૯) રિવાયતમાં છે કે રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ પોતાની સામેથી ત્રણ લાકડીઓ ઉપાડી. તેમાંથી એકને જમીન ઉપર ખોડી દીધી. બીજીને પોતાની બાજુમાં રાખી અને ત્રીજીને દૂર ફેંકી દીધી. પછી ફરમાવ્યું : જાણો છો કે આ શું છે ?

લોકોએ કહ્યું કે ખુદા અને તેનો રસૂલ જ વધારે સારી રીતે જાણે છે.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : આ ઇન્સાન છે, અને આ મૌત. અને આ ત્રીજી ઇન્સાનની આરઝુ છે જેને ઇબ્ને આદમ પૂરી કરવાના પ્રયત્નો કરે છે, પણ તેને અચાનક મૌત આવી જાય છે. અને તેની આરઝુઓ એમ જ બાકી રહી જાય છે.

(૭૧૦) આરઝુઓની સરખામણીએ મૌત ઇન્સાનની વધારે નઝદીક હોય છે.

(૭૧૧) જ્યારે તમે તમારી આરઝુઓની પરાકાષ્ટાએ પહોંચી જાવ ત્યારે અચાનક આવી પડનારી મૌતને પણ ન ભૂલો.

(૭૧૨) જ્યારે મૌત આવી જાય છે, ત્યારે આરઝુ બદનામ થઈ જાય છે.

(૭૧૩) જ્યારે હ. આદમ (અલયહિસ્સલામ)થી તર્કે અવલા (સારૂ કામ ન કરી શક્વાની ભૂલ) થયા ન હતા ત્યારે મૌત તેની સામે અને આરઝુઓ તેની પાછળ રહેતી હતી. પરંતુ જ્યારે તેઓથી તર્કે અવ્લા થઈ ગયા ત્યારે ખુદાએ તેમની આરઝુ તેમની સામે અને મૌતને તેઓની પાછળ કરી નાખ્યું. તેથી મરવાના સમય સૂધી તેઓ આરઝુઓમાં વ્યસ્ત રહ્યા.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૫ : લાંબી આરઝૂઓના પરિણામ

(૭૧૪) જે બંદાએ લાંબી આશા રાખી, તેણે પોતાના અમલને બરબાદ કર્યા.

(૭૧૫) હઝરત મૂસા (અલયહિસ્સલામ)એ જ્યારે પોતાના રબને મુનાજાત કરી ત્યારે ખુદાએ ફરમાવ્યું : અય મૂસા ! દુનિયા વિશેની તમારી આરઝુઓને ન લંબાવો નહીંતર તમારું દિલ સખ્ત થઈ જશે. અને જેનું દિલ સખ્ત થઈ જાય છે તે મારાથી દૂર થઈ જાય છે.

(૭૧૬) લોકોમાં જેમની આરઝુઓ વધારે હોય છે, તેમને મૌતની યાદ ઓછી આવે છે.

(૭૧૭) લોકોમાં જેમની આરઝુઓ વધારે લાંબી હોય છે તેમના કાર્યો ખરાબ હોય છે.

(૭૧૮) જેની આરઝુઓ વિશાળ હોય છે, તેના અમલ ટુંકા હોય છે.

(૭૧૯) લાંબી આરઝુઓ પણ હંમેશા આખેરતને ભુલાવી દે છે.

(૭૨૦) જે (આવતી) કાલે જીવતા રહેવાની આશા રાખે છે તે જાણે કે કાયમ જીવતા રહેવાની આશા

રાખે છે, અને જેને હંમેશા જીવતા રહેવાની આશા હોય છે, તેનું દિલ સખ્ત થઈ જાય છે અને દુનિયાની ઇચ્છા કરવામાં લાગી જાય છે.

પ્રકરણ - ૬ : ટૂંકી આરઝૂઓ

(૭૨૧) જેને એ વાતની ખાત્રી હોય છે કે તેણે મિત્રો અને સ્નેહીઓને છોડી દેવાના છે, માટીના ઘરમાં (કબ્રમાં) સ્થાયી થવાનું છે, હિસાબનો સામનો કરવાનો છે, જે પાછળ છોડી જશે તેની જરૂરત નહીં રહે, અને જે આગળ મોકલી દેશે તે જ તેને કામ લાગશે. (આ બધી બાબતોને લક્ષમાં રાખનાર માણસ) એ વાતને લાયક છે કે તે પોતાની આરઝુઓને ટુંકી અને પોતાના આમાલને લાંબા (દીર્ઘકાલીન) રાખે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૭૨૨) આરઝુઓને ટુંકી કરીને દુનિયામાંથી (આખેરતનું) ભાતુ લઈ જાવ.

(૭૨૩) ઝોહદ (ત્યાગ)ની મીઠાસની મજા આરઝુઓને ટૂંકી કરીને ચાખો.

- ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૭૨૪) ઇબ્ને મસ્ઉવદને ફરમાવ્યું : તમે તમારી આરઝુઓને ટૂંકી કરી નાખો. જ્યારે સવાર પડે તો કહો "હું સાંજ નહીં કરૂ (એટલે કે હું સાંજ સૂધી જીવવાનો નથી.) અને જ્યારે સાંજ કરો ત્યારે કહો કે હું સવાર નહીં કરૂ." દુનિયાને છોડવા માટે કમર

કસી લો અને ખુદાની મુલાકાત (કરવાની બાબત)ને દોસ્ત રાખો.

(૭૨૫) ભરોસાપાત્ર કાર્યોને અપનાવી લો, અને આરઝુઓથી છેતરાવાથી બચો. આવનારી કાલના ગમને આજે તમારી પાસે આવવા ન દો. ... જો તમારું દિલ આરઝુઓથી ખાલી હશે તો તમે નવા કાર્યો કરી શકશો. આજ તમારી આંખોની સામે પ્રત્યક્ષ આવનારી આરઝુઓ કાલે બે ચહેરાઓની સાથે તમને નુક્સાન પહોંચાડશે. એકતો તમારા કાર્યો બદલ પસ્તાવું પડશે. અને બીજુ તમારા રંજો ગમમાં વધારો થશે.

(૭૨૬) મને એ ઝાતની કસમ, કે જેના કબ્ઝએ કુદરતમાં મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની જાન છે, મારી આંખ જ્યારે પણ પલકારો કરે (ઝબકે) છે, ત્યારે હું સમજી લઉ છું કે આ બીજી વખત ઝબક્વા પહેલા ખુદા મારી રૂહને ખેંચી લેશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૭ : ખુદા સિવાય કોઈ પાસે ઉમ્મીદ ન રાખો

(૭૨૭) (હદીસે કુદસીમાં) ખુદાવંદે આલમ ફરમાવે છે કે હું એવા દરેક મોઅમિનની ઉમ્મીદોને કાપી નાખીશ, જે મારી સિવાય બીજા કોઈ પાસેથી ઉમ્મીદ રાખે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૨૮) લોકો સાથેનો સંપર્ક કાપીને ખુદાના બની જાવ, કારણ કે તે ફરમાવે છે કે મને મારી ઇઝઝત

અને જલાલની કસમ, જે કોઈ મારી સિવાય બીજા કોઈ પાસે પોતાની આશા જોડી રાખશે, હું તેની ઉમ્મીદોને નિરાશામાં પરિવર્તિત કરી નાખીશ.

(૭૨૯) જે માણસ કોઈ ઇન્સાન પાસે પોતાની ઉમ્મીદ રાખશે તો તેનાથી ડરતો પણ રહેશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૧ : ઉમ્મત

પ્રકરણ - ૧ : શ્રેષ્ઠ ઉમ્મત

કુરઆને મજીદ:-

* જે ઉમ્મતો લોકોની હિદાયત માટે પૈદા કરવામાં આવી છે તેઓમાં તમે સર્વશ્રેષ્ઠ હોવાના કારણે.....

- (સૂ. આલે ઇમરાન આ. ૧૧૦)

હદીસો :-

(૭૩૦) મારી ઉમ્મત એ એક બરકત વાળી ઉમ્મત છે, તેના વિશે એ જાણકારી નથી કે તેનો પ્રારંભ ભલાઈ છે કે તેનો અંત ?

(૭૩૧) મારી આ ઉમ્મત રહેમત પામેલી ઉમ્મત છે.

(૭૩૨) તમે ૭૦ (સિત્તેર) ઉમ્મતોમાંથી આખરી ઉમ્મત છો જે ખુદાની નજદીક સૌથી બહેતર અને માનવંત ઉમ્મત છે.

(૭૩૩) આ ઉમ્મતને ઉન્નતિ દીન, પ્રતિષ્ઠા, રક્ષણ અને જમીનમાં શક્તિશાળી હુકુમત હોવાની ખૂશખબરી આપી દો.

(૭૩૪) મારી ઉમ્મતને જેટલી યકીનની દૌલત આપવામાં આવી છે, (એટલા બધા પ્રમાણમાં) કોઈ ઉમ્મતને યકીનની દૌલત અર્પણ કરવામાં નથી આવી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨ : મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો

(૭૩૫) *મલએ આઅલા* માં જે બાબતની મને જાણકારી આપવામાં આવી છે તેમાંથી આ પણ છે કે મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો એ છે કે જેઓ પોતાના રબની વિશાળ રહેમત હોવાના કારણે જાહેરમાં તો હંસે છે, પરંતુ (પોતાના રબના ખૌફના કારણે) છુપાઈને રડે છે. ... અને એ જ કિતાબમાં છે. "... પોતાના રબની રહમતથી જાહેરમાં તો ખૂશ રહેતા હોય છે પણ તેના દર્દનાક અઝાબના ખૌફથી છૂપાઈને રડે છે. ..."

(૭૩૬) મારી ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ લોકો એ છે કે જેઓ દુનિયાથી મોઢુ ફેરવીને આખેરત તરફ ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે.

(૭૩૭) મારી ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ લોકો એ છે કે જેઓ પોતાની યુવાનીનો કાળ દુઆની ઇતાઅતમાં વીતાવી દે છે, પોતાને દુનિયાની લઝઝતોથી દૂર રાખે છે, આખેરતની ફીકરમાં વ્યસ્ત રહેતા હોય છે, અલ્લાહ તરફથી એવા લોકોનો બદલો જન્નતમાં ઊંચા દરજ્જાઓ છે.

(૭૩૮) મારી ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ લોકો એ છે કે જ્યારે તેમને સુખ (વિશાળતા) મળી જાય છે ત્યારે

અભિમાન કરીને અકડાઈ જતા નથી અને જ્યારે તંગી આવી પડે છે ત્યારે કોઈની પાસે માગતા (સવાલ કરતા) નથી.

(૭૩૯) મારી ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ લોકો એ છે કે જ્યારે તેમની સાથે કોઈ નાદાની ભર્યો વ્યવહાર કરે છે, ત્યારે તેઓ સહન કરી લે છે અને જ્યારે તેમના ઉપર બળજબરી (અતિશયતા) કરવામાં આવે છે ત્યારે માફ કરી દે છે, અને જ્યારે તેમને ઇજા પહોંચાડવામાં આવે છે ત્યારે સબ્ર કરે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩ : ઉમ્મતે વસ્ત (વચલી ઉમ્મત)

કુરઆને મજીદ :-

* આવીજ રીતે અમોએ તમને વચલી ઉમ્મત બનાવી છે કે જેથી બીજા લોકોની સરખામણીમાં તમે સાક્ષી બનો અને રસૂલ તમારા ઉપર સાક્ષી રહે.

- (સૂ. બકરહ આ. ૧૪૩)

હદીસો :-

(૭૪૦) અલ્લાહ તઆલાના આ કૌલ વિશે ફરમાવ્યું ... અમે જ વચલી (આદિલ) ઉમ્મત છીએ, અમે જ ખુદાના તરફથી તેની મખ્લૂક પર ગવાહ છીએ અને અમે જ તેની જમીન ઉપર તેની હુજ્જત છીએ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૭૪૧) અમે જ ખુદાની મખ્લૂક પર તેના તરફથી ગવાહ છીએ, અમે જ તેની જમીન ઉપર તેની હુજ્જત છીએ, અને અમે જ તે છીએ કે જે વિશે

કુરઆનમાં ખુદાએ ફરમાવ્યું છે કે : *"વ કઝાલેક જઅલનાકુમ ઉમ્મતુંવ વુસ્તા..*

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૭૪૨) અબૂ બસીર કહે છે કે મેં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા : અમે જ હિજાઝના ભાવિ સમુહ છીએ. મેં પુછ્યું કે : હિજાઝનો ભાવિ સમુહ શું છે? આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : વચલી ઉમ્મત, કે જેના વિશે ખુદાએ ફરમાવ્યું છે કે : *"વ કઝાલેક જઅલનાકુમ ઉમ્મતુંવ વુસ્તા..* પછી ફરમાવ્યું :

આગળ વધી જનારા અમારી તરફ પાછા ફરશે અને પાછળ રહી જનારા અમને આવીને મળશે.

(૭૪૩) અલ્લાહ તઆલાના આ કૌલ વિશે ફરમાવ્યું : .“... વજઅલ્ના ... આનો જવાબ અર્થ એ ઉમ્મત છે કે જેના માટે હઝરત ઇબ્રાહીમ (અલયિહિસ્સલામ)ની દઅવતનો જવાબ આપવો વાજિબ છે, અને તે એવી ઉમ્મત છે કે જે ઉમ્મતની વચ્ચે હઝરત બારી તઆલા એ હઝરત ઇબ્રાહીમ (અલયિહિસ્સલામ)ને મોકલ્યા, નબી તરીકે નિમ્યા અને હઝરત ઇબ્રાહીમ (અલયિહિસ્સલામ)ને બેઅસત આપી. તે જ વચલી

(આદિલ) ઉમ્મત છે. અને તે જ શ્રેષ્ઠ ઉમ્મત છે કે જે લોકો માટે પૈદા કરવામાં આવી છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૭૪૪) અબૂ સઈદે હઝરત રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી રિવાયત કરી છે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : “.. વકઝાલેક... આ આયતમાં જે ઉમ્મતનો ઉલ્લેખ થયો છે, તેઓ અર્થ આદિલ ઉમ્મત છે.

પ્રકરણ-૪ : મારી ઉમ્મત ખૈર પર રહેશે

(૭૪૫) મારી ઉમ્મત એ સમય સૂધી ખૈર (ભલાઈ) પર રહેશે, જ્યાં સૂધી મારી ઉમ્મતના લોકો પરસ્પર મોહબ્બત કરતા રહેશે, એક બીજાને હિદાયત કરતા રહેશે, અમાનતો અદા કરતા રહેશે, હરામથી બચતા રહેશે, મહેમાન નવાઝીની ફરજનું પાલન કરતા રહેશે, નમાઝ પડતા રહેશે અને ઝકાત અદા કરતા રહેશે.

(૭૪૬) મારી ઉમ્મત એ સમય સૂધી ખૈર (ભલાઈ) ઉપર રહેશે, જ્યાં સૂધી તે પરસ્પર ખયાનત નહીં કરે, અમાનત અદા થતી રહેશે, ઝકાત અપાતી

રહેશે અને જ્યારે આ કામ કરવાનું છોડી દેશે ત્યારે દુકાળ અને અછતમાં ફસાઈ જશે.

(૭૪૭) આ ઉમ્મત ખુદાની રહેમતમાં અને તેના રક્ષણમાં એ સમય સૂધી રહેશે જ્યાં સૂધી તેના અમીરો કુરઆનના કારીઓ સાથે છેતરપીંડી નહીં કરે, તેના બદકાર લોકો, આલિમોને તેના સ્થાનેથી નહીં હટાવે, અને તે ઉમ્મતના બદમાશ લોકો શરીફ લોકોને હડધૂત નહીં કરે, જ્યારે તેઓ આમ કરવાનું શરૂ કરી દેશે ત્યારે ખુદાવંદે આલમ તેના ઉપરથી પોતાની રહેમતનો હાથ ઉઠાવી લેશે અને તેમની ઉપર ઝાલિમ સત્તાધિશોને હુકુમત આપશે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ - ૫ : બેહિશ્તમાં ઉમ્મતે મુસ્લેમહની સંખ્યા વધારે હશે

(૭૪૮) કયામતના દિવસે તમામ નબીઓ કરતાં મારા માનનારાઓ વધારે હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૪૯) બેહીશ્તમાં જનારાઓની એકસો એંસી હરોળ હશે, જેમાં મારી ઉમ્મતની એંસી હરોળ હશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૭૫૦) જન્નતમાં જનારાઓની એક્સો વીસ હરોળ હશે, જેમાંથી મારી ઉમ્મતની એંસી હરોળ હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૬ : મારી ઉમ્મતનો એક સમુહ પ્રભાવી રહેશે

(૭૫૧) આ દીન હંમેશા બાકી રહેશે અને કયામત આવવા સૂધી મુસલમાનનો એક સમુહ તેના માટે લડતો રહેશે.

(૭૫૨) મારી ઉમ્મતનો એક સમુહ હંમેશા પ્રભાવી રહેશે, એટલે સૂધી કે તેમના સૂધી અલ્લાહનો હુકમ પહોંચી જશે (કયામત આવી જશે) તેમ છતાં, તે સમુહ પ્રભાવી રહેશે.

(૭૫૩) મારી ઉમ્મતનો એક સમુહ હંમેશા ખુદાના હુકમ પર અડગ અને કાર્યશીલ રહેશે. અને તેમને કોઈ વિરોધ નુકસાન પહોંચાડી નહીં શકે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૫૪) રબીઅ બિન અનસ કહે છે કે : હઝરત નબી અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ આ આયતની તિલાવત કરી.....સૂ. અઅરાફ આ. ૧૮૧ “અને તે લોકોમાંથી કે જેમને અમોએ પૈદા કર્યા છે એક એવું ટોળું પણ છે કે જે

સત્યધર્મની હિદાયત કરે છે અને હકની સાથે ન્યાય પણ કરે છે.”

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

ત્યાર પછી ફરમાવ્યું : મારી ઉમ્મતમાં એક કૌમ હક ઉપર કાયમ રહેશે એટલે સૂધી કે હઝરત ઇસા બિન મરિયમ (આસમાનમાંથી) નાઝીલ થશે.

(૭૫૬) એક દિવસ મોઆવિયાએ ઊભા થઈને ખુત્બો આપ્યો અને કહ્યું : તમારા આલિમો ક્યાં છે? તમારા આલિમો ક્યાં છે? કેમકે, મેં હઝરત રસૂલે અકરમ

(સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું છે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : કયામતના આવવા સૂધી મારી ઉમ્મતનો એક સમુહ લોકો ઉપર પ્રભાવિત રહેશે. અને એ વાતની પરવા નહીં કરે કે કોઈ તેમને છોડી રહ્યું છે કે તેની રક્ષા કરી રહ્યું છે.

પ્રકરણ-૭ : બીજી ઉમ્મતો તમારી વિરૂધ્ધ એક થઈ જશે

(૭૫૭) “એ જમાનો પણ આવનાર છે કે : તમારા વિરૂધ્ધ જે રીતે જમવાના પ્યાલા માટે આમંત્રણ આપવામાં આવે છે તેવી રીતે બીજી ઉમ્મતોને આમંત્રણ આપવામાં આવશે.”

એક માણસે કહ્યું : તો શું એ વખતે અમારી સંખ્યા ઓછી હશે ? આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : ના, તમે મોટી સંખ્યામાં હશો, પણ (એવા) કચરા સમાન હશો કે જેને પૂર તાણીને લઈ જાય છે. અને ખુદાના દુશ્મનોના દિલમાંથી

તમારો ખૌફ કાઢી નાખશે. અને તમારા દિલોમાં કમજોરી નાખી દેશે.

પછી કોઈએ પુછ્યું : અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)! એ કમઝોરી શું હશે? આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહીએ ફરમાવ્યું : દુનિયાની મોહબ્બત અને મૌતથી અણગમો.

(૭૫૮) જ્યારે મારી ઉમ્મત દુનિયાને અગ્રતા આપવા માંડશે ત્યારે ખુદા તેમના દિલોમાંથી ઇસ્લામની અઝમત અને હૈબતને કાઢી નાખશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૮ : મને મારી ઉમ્મત માટે ડર છે

(૭૫૯) મને મારી ઉમ્મત વિશે ત્રણ બાબતનો ડર છે. કંજુસાઈનો કે તેનું અનુસરણ (કંજુસાઈ) કરશે. ખ્વાહીશાતનો, કે તેઓ ખ્વાહીશાતનું અનુસરણ કરશે. માર્ગદર્શકો, કે જેઓ ગુમરાહ હશે.

(૭૬૦) મને મારી ઉમ્મત વિશે ત્રણ બાબતોનો ડર છે. મઅરેફત મેળવી લીધા પછી ગુમરાહીનો. ગુમરાહ કરનાર ફીત્નાઓનો અને શર્મગાહ અને પેટની શહવત (ભૂખ)નો.

(૭૬૧) મારા પછી, મારી ઉમ્મત માટે મને ત્રણ બાબતનો ડર છે : આલિમોની ગુમરાહીનો, કુરઆન મારફતે મુનાફીકની વ્યર્થ વાદ વિવાદનો અને કઝા કદ્ર (અલ્લાહે નિર્માણ કરેલી બાબતો)ને જુઠલાવવાનો.

(૭૬૨) મારા પછી મારી ઉમ્મત વિશે મને ત્રણ બાબતોનો ભય છે : ખ્વાહીશાતની ગુમરાહીનો, પેટ અને શર્મગાહની શહવાતનો અને મઅરેફત મેળવ્યા પછી ગફલતમાં પડી જવાનો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૬૩) અનસ કહે છે કે : હું હુઝુર સરવરે કાએનાત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં હાજર થયો. મેં જોયું કે આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ચટાઈ પર સૂતા હતા. અને ચટાઈના નિશાન આપના પડખામાં દેખાઈ રહ્યા હતા. મને જોઈને હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તમારી સાથે બીજું કોઈ છે ? મેં કહ્યું ના, આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇરશાદ ફરમાવ્યું : તમારે જાણવું જોઈએ કે હું મૌતની નઝદીક પહોંચી ગયો છું, મને મારા રબ અને મારી

પહેલાના નબીઓ ભાઈઓ સાથેની મુલાકાતનો શોખ વધી ગયો છે.

પછી ફરમાવ્યું : મારી નજરોમાં મૌતથી વધારે પ્રિય બીજી કોઈ બાબત નથી, અને મોઅમિન ખુદાની મુલાકાત પહેલા ક્યારેય સાંત્વન મેળવી શકતો નથી. આમ કહીને આપ રડવા લાગ્યા. મેં કહ્યું : કે આપ શા માટે રડો છો ? આપે ફરમાવ્યું : હું કેમ ન રડું ? જ્યારે કે હું એ વાત જાણું છું કે મારી ઉમ્મત પર કઈ કઈ મૂસીબત પડવાની છે ? મેં પુછ્યું : આપના પછી આપની ઉમ્મત પર કઈ મૂસીબતો પડવાની છે ? આપે ફરમાવ્યું : વિવિધ

ખ્વાહીશો, કત્એસ્હેમી, માલ અને હોદ્દા પ્રત્યે આકર્ષણ અને બિદઅત (દીનમાં નવી વાત) વ્યક્ત કરવી.

પ્રકરણ - ૯ : મને મારી ઉમ્મત માટે જે બાબતોનો સૌથી વધારે ભય છે . .

(૭૬૪) મને મારી ઉમ્મત વિશે ત્રણ બાબતોનો સૌથી વધારે ભય છે. આલિમોની ભૂલોનો, કુરઆન મારફતે નકામા વાદ વિવાદનો અને દીનના નામે એકબીજાની ગરદનો ઉડાવી દેવાનો. જ્યારે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે તમે તમારી જાતને જ કસુરવાર સમજ્જો.

(૭૬૫) મારી પછી મને મારી ઉમ્મત વિશે જે બાબતનો વધારે ડર છે, તે છે હરામ વેપાર, છૂપી ખ્વાહીશો અને વ્યાજ.

(૭૬૬) હા, સાવધ રહેજો, મને તમારા વિશે બે બાબતનો બહુજ ભય છે. એક તો ખ્વાહીશાતની પૈરવી કરવી અને બીજુ લાંબી આશાઓ. ખ્વાહેશાતની પૈરવી માણસને હકથી ફેરવી નાખે છે અને લાંબી આશાઓ આખેરતને ભૂલાવી દે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૬૭) મને તમારા વિશે જે બાબતનો વધારે ડર જણાય છે, તે શીર્કે અસગર (નાનુ શિર્ક) છે. લોકોએ પુછ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ! શિર્કે અસગર શું છે ? આપે

ફરમાવ્યું : ‘રીયા’ (એટલે કે અલ્લાહ સિવાય, લોકોની ખૂશી માટે ઇબાદત અને બીજા નેક કામ કરવા)

(૭૬૮) મને મારા પછી તમારા વિશે ઇલ્મી જીભ રાખનારાઓ (આલિમો)ની મુનાફેકત (દંભ)નો બહુજ ડર છે.

(૭૬૯) મને મારી ઉમ્મત વિશે ગુમરાહ માર્ગદર્શકોથી બહુજ ડર છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૭૦) હ. ઉમરે કઅબને કહ્યું : હું તમને એક વાત પૂછવા માંગું છું, તેનો સાચે સાચો જવાબ આપજો, અને કોઈ વાત છુપાવતા નહીં, તેમણે કહ્યું : ખુદાની કસમ, હું જે કંઈ જાણું છું તેમાંથી કાંઈ પણ વાત તમારાથી છુપાવીશ નહીં, હ. ઉમરે કહ્યું : ઉમ્મતે મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) વિશે આપને કઈ વાતનો વધારે ડર છે ? તેમણે કહ્યું : ગુમરાહ માર્ગદર્શકોનો. હ. ઉમરે કહ્યું : આપે બિલ્કુલ સાચી વાત કહી. આ વાત મને રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ રહસ્ય તરીકે કહી હતી.

(૭૭૧) મને મારી ઉમ્મત વિશે જે બાબતનો સૌથી વધારે ડર હોય તો તે દુનિયાની ઠાઠમાઠ અને તેમાં વધારો કરવાનો.

(૭૭૨) મારી ઉમ્મત વિશે મને જે વાતનો વધારે ડર છે, તે એ છે કે તેમની પાસે માલ વધારે હશે, અને તેના કારણે તેઓ એક બીજાની ઇર્ષા કરશે અને ખુના મરકી વધારે પ્રમાણમાં કરશે.

(૭૭૩) મને મારી ઉમ્મત વિશે ત્રણ બાબતોનો વધારે ડર છે. આલિમોની ભૂલો, સત્તાધિશો (વિદ્વાનો)નું ખોટું વલણ અને ખોટા અર્થઘટન.

(૭૭૪) મને મારી ઉમ્મત માટે ત્રણ બાબતોનો બહુ જ ડર છે. ખ્વાહીશાતને કારણે ગુમરાહ થવું, પેટ અને શર્મગાહોની ખ્વાહેશાતની પૈરવી અને આત્મપ્રશંસા.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૧૦ : મને મારી ઉમ્મત વિશે ડર રહે છે

(૭૭૫) મને મારા પછી, મારી ઉમ્મત વિશે એક તો એવા માણસનો ડર રહે છે કે જે કુરઆનનું ખોટુ અર્થઘટન કરશે, અને બીજો એવો માણસ કે જે એમ સમજતો હશે કે તે એ વસ્તુનો બીજા કરતા વધારે હકદાર છે.

(૭૭૬) મને મોટે ભાગે વાતનો ડર રહે છે કે ખુદાવંદે આલમ તમારા માટે જમીનની બરકતો જાહેર કરી દેશે. સવાલ કરવામાં આવ્યો હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ! અમારા

માટે જમીનની બરકતોનો શું અર્થ છે ? આપે ફરમાવ્યું : દુનિયાની રોનક.

વિભાગ - ૨૨ : ઇમામત (૧) - ઇમામતે આમ્મહ

પ્રકરણ - ૧ : ઇમામત

કુરઆને મજીદ:-

* અને તેઓ કે જેઓ આ અરજ કરે છે કે હે પરવરદિગાર! અમને અમારી પત્નીઓ તરફથી તથા અમારી ઔલાદો તરફથી આંખોમાં ટાઢક અર્પણ કર, અને અમને પરહેઝગારોના આગેવાન (ઇમામ) બનાવી દે.

- (સૂ. ફુરકાન આ. ૭૪)

(૭૭૭) અલ્લાહ તઆલાએ આ હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને હકની તરફ બોલનાર અને મખ્લૂકની ગવાહી આપનાર બનાવીને મોકલ્યા, આપે પોતાના પરવરદિગારના સંદેશાને પહોંચાડયો, અને તેમાં સુસ્તી કે આળસ ન કરી, અને અલ્લાહની રાહમાં તેના દુશ્મન સાથે જેહાદ કરી. તેમાં ન તો કોઈ નબળાઈ દેખાડી અને ન તો કોઈ બહાના બનાવ્યા. તેઓ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પરહેઝગારોના ઈમામ

અને હિદાયત મેળવનારાઓની (આંખો માટે) હૃદયની દ્રષ્ટિ છે.

(૭૭૮) એટલે સૂધી કે ઇલાહી શરફ (હોદ્દો) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) સૂધી પહોંચ્યો, તેઓએ એવા સાથીદારોથી, કે જેઓ વૃધ્ધિની દ્રષ્ટિએ શ્રેષ્ઠ હતા. અને એવા મૂળથી જે પ્રભાવશાળી હતા. .... જેની ડાળીઓ કે જે દૂર સુદૂર સૂધી (ફેલાએલી) હતી અને ફળો પહોંચથી દૂર હતા. તેઓ પરહેઝગારોના ઈમામ અને હિદાયત ચાહનારાઓ માટે અંતરદ્રષ્ટિનું ઝરણું છે. તેઓની સીરત (અંધાધૂંધીમાં પડયા વગર) સીધા માર્ગ

ઉપર ચાલવાની અને સુન્નતની હિદાયત કરવાની છે. તેઓની વાત હક અને બાતિલની વચ્ચે ફેંસલો કરનાર અને તેમનો હુકમ સ્પષ્ટ ન્યાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ઇમામત દીનની પુર્ણતા છે

કુરઆને મજીદ :-

* .. આજે મેં તમારા માટે તમારો દીન પરિપૂર્ણ કરી દીધો છે અને મારી નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઇસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે.....

- (સૂ. માએદાહ, આ. 3)

(૭૭૯) ... ખુદાવંદે આલમે હજ્જતુલ વિદાઅના પ્રસંગે પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમ)ના જીવનના આખરી દિવસોમાં અલ યવ્મ અકમલતો .....ની આયત નાઝીલ કરી. આમ, ઇમામત દીનની પૂર્ણતા છે.

- હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

(૭૮૦) એક ફરજ પછી બીજી ફરજ નાઝીલ થાય છે, પરંતુ વિલાયતની ફરજ છેલ્લી હતી. તેથી ખુદાવંદે આલમે 'અલ યવ્મ અકમલ્તો...'ની આયત નાઝીલ ફરમાવી. જાણે કે ખુદાવંદે આલમે એ વાત જણાવી દીધી કે મેં તમામ ફરજો નાઝીલ કરી દીધી. હવે કોઈ ફરજ (વિશેનો હુકમ) બાકી રહેતો નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૭૮૧) ગદીરે ખૂમના દિવસે ૧૮મી ઝિલહજ્જના દિવસે રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “મન કુન્તો મવ્લાહો ફહાઝા અલીય્યુન મવ્લાહો.” (જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે.) ત્યારે ખુદાવંદે આલમે ‘અલયવ્મ અકમલ્તો...’ની આયત નાઝીલ ફરમાવી.

પ્રકરણ - ૩ : ઇમામત ઇસ્લામની બુનિયાદ છે

(૭૮૨) બેશક ઇમામત એ ઇસ્લામની વૃધ્ધિ અને પ્રસારનું મૂળ છે અને (ઇસ્લામની) ઊંચી ડાળી છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૭૮૩) ઇસ્લામની બુનિયાદ પાંચ વાતો ઉપર છે. નમાઝ, ઝકાત, રોઝા, હજ અને વિલાયત. પરંતુ જે રીતે વિલાયત વિશે તાકીદ કરવામાં આવી છે તેટલી બીજી કોઈ બાબતમાં તાકીદ કરવામાં આવી નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૭૮૪) ઇસ્લામની બુનિયાદ પાંચ બાબતો પર છે. નમાઝ, ઝકાત, હજ, રોઝા અને વિલાયત. ઝરારહ કહે છે કે મેં અર્ઝ કરી : આ તમામ બાબતોથી અફઝલ કઈ વાત છે ? ઈમામ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : વિલાયત, કેમકે તે બધી બાબતોની ચાવી છે અને વલી તે બાબતનું માર્ગદર્શન આપે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ-૪ : ઇમામત દરેક નેકીઓનું મૂળ છે

(૭૮૫) મોહમ્મદ બિન મન્સૂર કહે છે કે : મેં અબ્દે સાલેહ (હઝરત ઈમામ કાઝીમ (અલયહિસ્સલામ)ને ખુદાવંદે અઝઝ વ જલ્લના આ કૌલ કુરઆને મજીદની સૂરએ અઅરાફની આયત નં. 33 વિશે પૂછ્યું : "(હે રસૂલ!) તું કહે કે મારા પરવરદિગારે નિર્લજપણાના કાર્યો કે જે ખુલ્લા હોય અથવા છૂપા હોય તેને હરામ કર્યા છે.....

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : કુરઆનના અર્થનું એક જાહેર છે અને એક બાતિન (આંતિરક) છે. ખુદાવંદે આલમે જે હરામ ગણાવ્યું છે તે તેનું

જાહેર છે અને તેનું બાતિન ઝાલિમ (કહેવાતા-બની ગએલા) ઇમામો છે. તેવીજ રીતે ખુદાએ કુરઆનમાં જે કંઈ હલાલ ગણાવ્યું છે, તે તેનું જાહેર છે અને તેનું બાતિન હક (સાચા) ઇમામો છે. - હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૭૮૬) અમે દરેક નેકીઓની બુનિયાદ છીએ. અને તમામ નેકીઓ અમારી ફુરૂઅ (ડાળ) છે. અને નેકીઓમાં તૌહીદ, નમાઝ અને રોઝા, ગુસ્સાને પી જવો, ગુનેહગારને માફ કરવો, ફકીર ઉપર રહેમ કરવો, પાડોશીનું ધ્યાન રાખવું અને એહલે ફઝલો કરમની ફઝીલતનું સ્વિકાર કરવાનો સમાવેશ થાય

છે. અને અમારા દુશ્મનો તમામ બુરાઈઓની જડ છે. અને તમામ બુરાઈઓ અને દુષ્ટતા તેમની ડાળો છે. જુઠ, કંજુસાઈ, ચુગલખોરી, કત્એરૂહેમી, વ્યાજખોરી, યતિમોનો માલ નાહક ખાઈ જવો, ખુદાએ નક્કી કરેલી હદને ઓળંગી જવી, બદકારીઓ કરવી - ભલે તે જાહેર હોય કે ખાનગી, એ બધાનું મૂળ આ લોકો જ છે.

તેથી, જે લોકો એમ સમજતા હોય કે તેઓ અમારી સાથે છે, પણ અમારા દુશ્મનોના મૂળ (એટલે કે તેમની જેવા કાર્યો) સાથે સંબંધ ધરાવતા હોય તો તે જુઠા છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૫ : ઇમામત ઉમ્મતની વ્યવસ્થા છે

(૭૮૭) ઇમામત દીનની લગામ, મુસલમાનોનો નિઝામ, દુનિયાની ભલાઈ, અને મોઅમિનોની ઇઝઝત છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૭૮૮) ઇમામત ઉમ્મતની વ્યવસ્થા છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૭૮૯) જેને ખુદાએ ઇમામત અતા ફરમાવી છે તમે તેના હુકમને સાંભળો અને તેમની ઇતાઅત કરો કેમકે એ જ ઇસ્લામનો નિઝામ છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૯૦) ઉમ્મતના કાર્યો સંભાળનારનું સ્થાન મોતીઓના હારમાં આવેલા દોરા જેવું હોય છે. તે દોરો મોતીઓને એક લાઈનમાં બાંધી રાખે છે. જો તે દોરો તુટી જાય તો તમામ મોતીઓ વિખેરાઈ જાય છે. અને પછી તેના મૂળ સ્વરૂપમાં એકઠા થઈ શકતા નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૬ : ઇમામત રબની પ્રણાલિકા છે

કુરઆને મજીદ :-

* (હે રસૂલ!) કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર માટે) તમારી પાસે કાંઈ મહેનતાણું માંગતો નથી, સિવાય મારા નિકટના સગા વ્હાલાઓ (એહલેબૈત) સાથેની મોહબ્બત.

- (સૂ. શુરા આ. ૨૩)

* તું કહે કે (તબ્લીગે રિસાલતનો) જે બદલો મેં માંગ્યો છે તેનો ફાયદો તો તમારા માટે જ છે :

- (સૂ. સબા આ. ૪૭)

* (હે રસૂલ!) તું કહે કે હું તો તમારી પાસે તે (સંદેશા પહોંચાડવા)નું કાંઈ મહેનતાણું માંગતો નથી, સિવાય એ કે જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો (સીધો) માર્ગ ધારણ કરે.

- (સૂ. ફુરકાન આ. ૫૭)

(૭૯૧) ... તેઓ તારી ઝાત સૂધી પહોંચવાનો રસ્તો અને તારી રઝા (રાજીપો) મેળવવાના માધ્યમ હતા. (દુઆએ નુદબહ)

- હઝરત ઈમામ મહદી (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)

(૭૯૨) અમો એહલેબૈત (અલયહેમુસ્સલામ)ની મોહબ્બત - એજ ફક્ત દીનનો નિઝામ છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૯૩) અમો એહલેબૈત (એહલેબૈતે રસૂલ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) છીએ. ખુદાવંદે આલમ કોઈ એવા બંદાના અમલને કબૂલ નહીં કરે કે જે અમારા વિશે શક કરતા હોય.

- હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)

(૭૯૪) ... મને એ ઝાતની કસમ, કે જેણે મને બરહક નબી બનાવીને મોકલ્યો છે, જો કોઈ સિત્તેર નબીઓના અમલ લઈને પહોંચી જાય પરંતુ મારી એહલેબૈતમાંથી વલીએ અમ્રની વિલાયતનો સ્વિકાર ન કરતો હોય, તો ખુદાવંદે આલમ તેના કોઈ પણ અમલને કબૂલ નહીં ફરમાવે.

(૭૯૫) અમો એહલેબૈતની મોહબ્બતને જરૂરી સમજો... કેમકે મને એ ઝાતની કસમ, જેના કબ્ઝએ કુદરતમાં મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની જાન છે. અમારી મઅરેફત વગર કોઈ

પણ માણસને તેનો અમલ કોઈ ફાયદો નહીં પહોંચાડે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૯૬) અલ્લાહ તઆલા એ માણસના કોઈપણ નેક અમલને કબૂલ નહીં ફરમાવે જે એવા ઝાલિમ અને અત્યાચારી ઇમામની વિલાયતને માનતો હોય જેને ખુદાવંદે આલમે નીમ્યો ન હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૭૯૭) ખુદાની કસમ ! જો કોઈ માણસ *રૂકન* અને *મકામ*ની વચ્ચે ઉભો રહીને નમાઝ પડે, પરંતુ અય અહલેબૈત અલયહેમુસ્સલામ! જો તે તમારી સાથે દુશ્મનીની હાલતમાં દુનિયાથી ખુદાની હુઝુરમાં પહોંચે તો તે સીધો જહન્નમમાં જશે. - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૭૯૮) જો કોઈ માણસ ખુદાવંદે આલમની એટલી બધી ઇબાદત કરે કે તેનો જીવ જોખમમાં નાખી દે, પરંતુ ખુદાની તરફથી નક્કી કરવામાં આવેલા ઇમામોને ન માનતો હોય તો તેની તમામ કોશિશો

નકામી થઈ જશે. તે ગુમરાહ, હૈરાન અને પરેશાન થઈ જશે. ખુદાવંદે આલમ તેના કાર્યોને પસંદ નહીં કરે. તેનું ઉદાહરણ એ બકરી જેવું છે જે પોતાના રખેવાળ અને ટોળાથી જુદી પડી ગઈ હોય અને જ્યાં ત્યાં ભટકતી હોય.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ - ૭ : ઇમામત નૂર છે.

(૭૯૯) ઇમામત નૂર છે, કેમકે ખુદાવંદે આલમ અઝઝો જલ્લે ઇરશાદ ફરમાવ્યું છે કે : “માટે અલ્લાહ તથા તેના રસૂલ પર તથા તે નૂર (કુરઆન) પર કે જેને અમોએ ઉતાર્યુ છે, ઈમાન લાવો. (અને તે નૂર ઈમામ છે.)

- (સૂ. તગાબુન આયત ૮)

(૮૦૦) ખુદાની કસમ, અલ્લાહ તઆલાનો આ કૌલ ““માટે અલ્લાહ તથા તેના રસૂલ પર તથા તે નૂર (કુરઆન) પર કે જેને અમોએ ઉતાર્યુ છે, ઈમાન

લાવો.”માં નૂરનો અર્થ કયામત સૂધી એહલેબૈત અલયહેમુસ્સલામ છે. અને ખુદાની કસમ, તેઓ એ નૂર છે જેને ખુદાએ નાઝીલ કર્યુ છે, ખુદાની કસમ, તેઓ જમીન અને આસમાનમાં અલ્લાહના નૂર છે... ખુદાની કસમ, મોઅમિનના દિલોમાં ઇમામનું નૂર દિવસના ઝળહળતા સુર્ય કરતા પણ વધુ પ્રકાશિત છે. ....

પ્રકરણ - ૮ : ઇમામત નબુવ્વત કરતા ઉચ્ચ છે.

કુરઆને મજીદ :-

* અને (તે સમયને યાદ કરો) જ્યારે ઇબ્રાહીમની તેના પરવરદિગારે થોડાક શબ્દોથી પરિક્ષા લીધી અને ઇબ્રાહીમ તેમાં પૂરો ઉતર્યો; (અલ્લાહે) ફરમાવ્યું કે નિસંશય હું તને મનુષ્ય માત્રનો ઈમામ બનાવનાર છું.

- (સૂ. બકરહ આ. ૧૨૪)

(૮૦૧) અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ (અલયહિસ્સલામ)ને પોતાના (બંદા) બનાવ્યા, રસૂલ બનાવતા પહેલા નબી બનાવ્યા ખલીલ બનાવતા પહેલા રસૂલ બનાવ્યા, અને જ્યારે આ તમામ ગુણો તેમનામાં એકઠા થઈ ગયા ત્યારે અલ્લાહે તેમના હાથ રોકી લીધા ત્યારે તેમને સંબોધીને ફરમાવ્યું : હું તને ઈમામ બનાવું છું.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૯ : હુજ્જતે ખુદાની જરૂરત

કુરઆને મજીદ :-

* (હે રસૂલ!) સિવાય તેના કંઈ નથી કે તું તો (કેવળ એક - ખુદાથી) ડરાવનારો છે અને દરેક કામ માટે એક હિદાયત કરનારો હોય છે.

-(સૂ. રઅદ આ. ૮)

* અને ખરેજ અમોએ તે (મક્કાવાસી)ઓ પાસે આ કુરઆનને પહોચાડી દીધું છે કે કદાચ તેઓ બોધ ગ્રહણ કરે.

- (સૂ. ક્સસ આ. ૫૧)

(૮૦૨) જ્યારે અમે એ વાત સાબિત કરી દીધી કે અમારો ખાલિક અને નિર્માતા એક છે, જે અમારા માટે તમામ મખ્લૂક કરતા ઉચ્ચ છે ... પછી એ વાત સાબિત છે કે દરેક યુગ અને ઝમાનામાં રસૂલ અને અમ્બિયા દલીલો લઈને આવતા રહ્યા, જેથી જમીન ખુદાની હુજ્જતથી ખાલી ન રહે, એવી હુજ્જત કે જેમની પાસે એવી નિશાનીઓ હોય કે જે તેમની વાતો સાચી હોવાની અને (તેઓના) ન્યાયીપણાને સાબિત કરે.

(૮૦૩) જમીન ક્યારેય પણ ઇમામથી ખાલી રહેતી નથી, જેથી ક્યારેક કોઈ મોઅમિન કોઈ બાબતમાં અતિશ્યોશક્તિથી કોઈ કામ લે તો તેને (તેની મૂળ જગ્યાએ પહોંચાડી) પાછો ફેરવી દે અને જો તેના કામમાં કમી રહી જાય તો તેને પૂરી કરી નાખે.

(૮૦૪) ખુદાવંદે આલમે જમીનને ક્યારેય કોઈ આલિમ વગરની રાખી નથી, જો એમ ન હોત તો હક અને બાતિલની પરખ થઈ શકતે નહીં.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૦૫) જ્યારથી જમીન અસ્તિત્વમાં આવી છે, ત્યારથી તે હુજ્જત (હુજ્જતે ખુદા)થી ક્યારેય પણ ખાલી રહી નથી, કેમકે જ્યારે પણ લોકો હકને નાબુદ કરવાની કોશિશ કરે છે, ત્યારે તેઓને હક જીવંત કરે છે.

પછી આપે સૂ. સફની આયત નં ૮ની તિલાવત કરી. એટલે કે ... તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢેથી (ફુંકો મારી) હોલવી નાખે...

(૮૦૬) જમીન ક્યારેય પણ આલિમ (આલિમે રબ્બાની)થી ખાલી નથી હોતી. જેમની લોકોને

જરૂરત હોય છે. અને તેમને લોકોની જરૂરત હોતી નથી. તેઓ હલાલ અને હરામને જાણતા હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૦૭) તમારામાંથી દરેક માણસ જ્યારે એક ફરસખ (આશરે સાડા પાંચ કીલોમીટર)નો પ્રવાસ કરવા માટે બાહર નિકળે છે, ત્યારે તે માર્ગદર્શકને શોધે છે, જ્યારે તું જમીનના રસ્તાઓ કરતા આસમાનના રસ્તાઓથી વધારે બે ખબર છે. (શું તને તે માટે માર્ગદર્શકની જરૂરત નથી?) તેથી તારા માટે જરૂરી છે કે તે માટે પણ કોઈ માર્ગદર્શકની શોધ કર.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૮૦૮) જો કોઈ માણસ એમ પૂછે કે ઉલિલ અમ્ર નક્કી કરવાની શું જરૂર છે? અને તેમની ઇતાઅત કરવી કોના માટે ફરજીયાત કરવામાં આવી છે? તો તેને કહેવામાં આવશે કે: તેના કેટલાય કારણો છે. એ કારણો પૈકી એક તો એ છે કે જ્યારે મખ્લૂકને એક નક્કી કરવામાં આવેલી હદ ઉપર રોકી દેવામાં આવી, તો તેને હુકમ આપવામાં આવ્યો કે તે હદથી આગળ ન વધે. કેમકે તેમાં તેમનું પોતાનું નુકસાન છે. આ વાત એ સમય સૂધી સાબિત અને સ્થિર

રહી શક્તી નથી. જ્યાં સૂધી મખ્લૂકમાંથી કોઈ એક ‘અમીન’ મુકર્રર કરવામાં ન આવે...

એક કારણ એ પણ છે કે ઐતિહાસિક રીતે, કોઈ સમુહ કે કૌમ એવી જોવા મળતી નથી કે જેમનું અસ્તિત્વ અને જીંદગી કોઈ માર્ગદર્શક અને સરપરસ્ત વગરનું હોય. કેમકે એવી હસ્તીનું અસ્તિત્વ જરૂરી હોય છે અને તેમના વગર કૌમનું અસ્તિત્વ કાયમ રહી શકતું નથી.

તેનું એક કારણ એ પણ છે કે લોકો માટે કોઈ ઈમામ (એવા) હોવા જોઈએ જે તેઓને રાહે-રાસ્ત પર અડગ રાખે. જેઓ અમીન, રક્ષક અને

વિશ્વસનીય હોય. જો તેમ ન હોય તો મીલ્લતનું નામો નિશાન નાબુદ થઈ જાય. દીન વિદાય થઈ જશે અને સુન્નતમાં પરિવર્તન થઈ જશે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૮૦૯) હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે : લોકોને નબી અને ઇમામની શું જરૂરત હોય છે? આપે ફરમાવ્યું: તેથી આલિમ તેની સાચી હાલત પર કાયમ રહે, અને તે એ રીતે કે જ્યાં સૂધી જમીન પર નબી અથવા ઈમામ મૌજૂદ હોય છે, અલ્લાહ

તઆલા જમીન ઉપરથી પોતાનો અઝાબ રોકી રાખે છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૦ : ઈમામ હુજ્જત છે

અને તેઓની મઅરેફત હોવી જરૂરી છે

(૮૧૦) ખુદાની હુજ્જત ખલ્કે ખુદા ઉપર જીવતા ઈમામ વગર કાયમ રહી શકતી નથી (જ્યાં સૂધી) તેઓની મઅરેફત મેળવવામાં ન આવે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૧૧) ખુદાની હુજ્જત ખલ્કે ખુદા ઉપર તેઓને ઓળખવામાં ન આવે ત્યાં સુધી પૂરી થઈ શકતી નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૮૧૨) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે શું જમીન જીવતા અને જાહેર આલિમ (ઇમામ) વગર - કે જેની લોકોનો હરામ અને હલાલ વચ્ચે ફર્ક કરવા માટે જરૂર હોય છે તેના વગર બાકી રહી શકે છે? ઈમામ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : એવા સંજોગોમાં ખુદાની ઇબાદત કરી શકાતી નથી.

(૮૧૩) જે માણસ એવી હાલતમાં મરી જાય કે તેના કોઈ જીવતા અને જાહેર ઈમામ ન હોય તો તે જાહેલીયતની મૌતે મરે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ-૧૧ : હુજ્જતે ખુદા ક્યારેક છુપા રહે છે

(૮૧૪) ... હા, તો જમીન કોઈ એવા ઇન્સાનથી ખાલી નથી હોતી કે ખુદા તરફથી તેની હુજ્જત સાથે કયામ કરે અથવા તો તે જાહેર અને મશહુર હોય અથવા તો ખૌફના કારણે લોકોની આંખોથી છુપા હોય, જેથી ખુદાની હુજ્જતના પુરાવા વધારે સ્પષ્ટ અને તેની દલીલો બાતિલ ન થઈ જાય.

(૮૧૫) અય અલ્લાહ તારી જમીનમાં તારી હુજ્જતનું હોવું જરૂરી છે એટલે કે એકના પછી બીજી હુજ્જતનું હોવું જરૂરી છે, જેથી કરીને તારા અવલીયાને અનુસરનારાઓ ટુકડાઓમાં વહેંચાઈ

ન જાય. એ હુજ્જત જાહેર હશે, ભલે પછી લોકો તેમની ઇતાઅત ન (પણ) કરે, અથવા ભયના કારણે છૂપી (ગાએબ) હશે, તેમના ઝહુરનો ઇન્તેઝાર કરવામાં આવશે. જો કે બાતિલ હુકુમતમાં (તેમનું શરીર લોકોની આંખોથી) છુપું હશે, પણ તેઓએ ફેલાવેલ ઇલ્મ અને આદાબ લોકોની નજરોમાં છૂપા નહીં હોય...

(૮૧૬) ખુદાવંદા ! હું એ અમ્ર (અમ્રે ગયબ*) (*આ શબ્દ મૂળ કિતાબમાં આવ્યો નથી. અન્ય એક કિતાબમાં આ પ્રમાણે લખાણ છે. “કાં તો એ હુજ્જત જાહેર હશે અને લોકો તેમની ઇતાઅત કરશે

અથવા તો ભયના કારણે ગાએબ હશે પરંતુ... અને અસલી કિતાબમાં આ પ્રમાણે પણ છે : “તે હુજ્જત જાહેર હશે અને તેમની ઇતાઅત પણ કરવામાં આવશે અથવા પછી ડરના કારણે ગાએબ હશે અને તેમની ઇતાઅત કરવામાં નહીં આવે.”) ને જાણું છું કે જ્યાં સૂધી બધુજ ઇલ્મ સમેટી લેવામાં નહીં આવે અને ન તો ઇલ્મી સ્ત્રોત કપાઈ જશે. કેમકે તું તારી જમીનને તારી મખ્લૂક ઉપર કાયમ હુજ્જતથી ક્યારેય પણ ખાલી નથી રાખતો. એ હુજ્જત કાં તો જાહેર હશે જેની લોકો ઇતાઅત કરશે અથવા તો પછી ખૌફના કારણે ગાયબ હશે, જેમની ઇતાઅત કરવાનું લોકો છોડી દેશે. આમ એ માટે થશે કે

તારી હુજ્જત બાતિલ ન થાય અને તારી હિદાયત પછી તારા અવલિયા ગુમરાહ ન થાય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૧૭) જ્યારથી ખુદાવંદે આલમે હઝરતે આદમ (અલયહિસ્સલામ)ને પૈદા કર્યા છે, ત્યારથી જમીન ક્યારેય પણ હુજ્જતે ખુદાથી ખાલી રહી નથી. એ હુજ્જત કાંતો જાહેર અને મશહૂર હોય છે, અથવા ગાયબને છૂપી હોય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૮૧૮) આ જમીન ઈમામ વગર ક્યારેય રહી શક્તી નથી. એ કાં તો જાહેર હશે અથવા તો છૂપા હશે. - હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૨ : જો ઈમામ ન હોય તો જમીન ધસી જાય

(૮૧૯) જો જમીન ઇમામથી ખાલી હોય તો તેના રહેવાસીઓની સાથે ધસી જાય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૨૦) જો એક ઘડી માટે પણ જમીન ઉપરથી ઇમામને ઉઠાવી લેવામાં આવે તો, જમીન તેના રહેવાસીઓ સાથે એવા ઉછાળા મારવા લાગે કે જેવી રીતે સમુદ્રના (પાણીના) મોજા ઉછાળા મારે છે.

(૮૨૧) અઇમ્મા અલયહેમુસ્સલામની સિફતોનું વર્ણન કરતા ફરમાવ્યું : ... અલ્લાહ તબારક વ તઆલાએ તેમને જમીનના સ્તંભ બનાવ્યા છે. જેથી જમીન તેના રહેનારાઓ સહિત હીલોળા મારવાથી સુરક્ષિત રહે. તેમજ તેઓને ઇસ્લામના સ્તંભ અને પોતાની હિદાયતના માર્ગના સબંધકર્તા બનાવ્યા છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૮૨૨) જેઓની પનાહ લઈ શકાય તેવા ઈમામ વગર જમીન એક દિવસ માટે પણ બાકી રહી શક્તી નથી.

(૮૨૩) જમીન હુજ્જતે ખુદા વગર બાકી નથી હોતી, કેમકે હુજ્જતે ખુદા જ લોકોની અને જમીનની સુધારણા કરે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૩ : કયામતના દિવસે દરેક ઉમ્મતને

તેમના ઈમામ સાથે બોલાવવામાં આવશે

કુરઆને મજીદ :-

* જે દિવસે અમે દરેક ટોળાને તેના ઈમામ (આગેવાનના નામ) સાથે બોલાવીશું...

- (સૂ. બની ઇસરાઈલ આ. ૭૧)

* પણ તે સઘળાઓએ ફિરઔનની આજ્ઞાનું પાલન કર્યું (અને મૂસાની એક પણ વાત ન માની) જો કે ફિરઔનની આજ્ઞા સીધા માર્ગે (લઈ જનારી) ન

હતી. કયામતના દિવસે તે (ફિરઔન) પોતાની કૌમની આગળ આગળ ચાલશે અને તે સઘળાઓને જહન્નમની તરફ લાવી મુકશે, અને તે ખરાબ ઉતારાની જગ્યા હશે કે જ્યાં તેઓ ઉતરશે.

- (સૂ. હુદ, આ. ૯૭-૯૮)

(૮૨૪) જ્યારે કયામતનો દિવસે હશે... ત્યારે અલ્લાહ તઆલા તરફથી અવાજ આવશે, સાવધ થઈ જાવ, કે જે માણસે દુનિયામાં જે ઇમામની ઇમામતનો સ્વિકાર કર્યો હતો તે હવે તે જ્યાં લઈ જાય તેની પાછળ જાય. એ વખતે કેટલાક

અનુસરનારાઓ એવા હશે કે જેઓ એવા લોકો પ્રત્યે નફરત કરશે, કે જેમની તેઓ ઇતાઅત કરતા હતા.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૨૫) ખુદાવંદે તઆલાનો આ કૌલ “જે દિવસે અમે દરેક ટોળાને...”ની તફસીરમાં ફરમાવ્યું દરેક કૌમને તેમના જમાનાના ઈમામ તેમના રબની કિતાબ અને નબીની સુન્નત સાથે બોલાવવામાં આવશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૮૨૬) વાત એમ છે કે દુનિયામાં જે કૌમે પોતાના કોઈ ઇમામની ઇમામત સ્વિકારી હશે તે કયામતના દિવસે, પોતાના ઇમામત પર લઅનત કરી રહી હશે અને તેના ઈમામ તેની કૌમ પર લઅનત કરી રહ્યા હશે. સિવાય તમારા લોકો, જેઓ તમારા જેવી હાલતમાં હશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૮૨૭) (ખુદાવંદે આલમના આ કૌલ "જે દિવસે અમે દરેક ટોળાને..."ની તફસીરમાં ફરમાવ્યું) એક ઈમામ તો એ હોય છે કે જે હિદાયતની તરફ બોલાવે છે, અને લોકો તેમની વાતને માની લે છે

અને એક એ હોય છે કે જે ગુમરાહીની તરફ બોલાવે છે તો લોકો તેની વાતોને પણ માની લે છે. પરંતુ પહેલા પ્રકારના લોકો બેહીશ્તમાં જશે અને બીજા પ્રકારના લોકો જહન્નમમાં હશે, અને ખુદાવંદે આલમ પણ તેવાજ લોકો વિશે ફરમાવે છે કે એક સમૂહ જન્નતમાં હશે અને એક જહન્નમમાં હશે.

(૮૨૮) બારે ઇલાહા ! તે દરેક જમાનામાં કોઈને કોઈ ઈમામ મારફત તારા દીનનું સમર્થન કરેલ છે. જેમને તે જ તારા બંદાઓ માટે (હિદાયતની) નિશાની બનાવેલ છે. તારા શહેરોમાં (રાહે-રાસ્ત પર ચાલનારાઓ માટે) મીનારા (દીવાદાંડી

સમાન) બનાવ્યા છે, ત્યાર પછી તેં તેમની દોરીને તારી દોરી સાથે મેળવી દીધી અને તેઓને તારી ખૂશી મેળવવાના માધ્યમ બનાવ્યા.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૪ : ઇમામની મઅરેફત

(૮૨૯) તે જેને ચાહે છે હિકમત (સદબુધ્ધિ) આપે છે, અને જેને (અલ્લાહના તરફથી) હિકમત અર્પવામાં આવી છે તો ખરે જ તેને ખૂબીઓની મહાન દૌલત આપવામાં આવી છે.... સુ. બકરહની આયત નં ૨૬૯ વિશે ફરમાવ્યું: આ આયતમાં હિકમતનો અર્થ ખુદાની ઇતાઅત અને ઇમામની મઅરેફતના અર્થમાં છે.

- ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૩૦) શું તે કે જે મુર્દા હતો, પછી તેને અમે સજીવન કર્યો તથા તેને અમોએ પ્રકાશ આપ્યો કે જેના કારણે લોકોમાં હરે ફરે છે.... (સૂ. અન્આ મ્મા. ૧૨૨)ની તફસીરમાં ફરમાવ્યું : “મૈયત તે છે કે જે કાંઈ પણ જાણતો ન હોય અને નૂર એ ઈમામ છે કે જેની ઇતાઅત કરવામાં આવતી હોય.”

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૮૩૧) હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે ખુદાની મઅરેફત શું હોય છે ? આપે ફરમાવ્યું દરેક જમાનાના લોકો પોતાના

ઇમામની મઅરેફત, જેઓની ઇમામત તેમના પર વાજિબ હોય છે.

(૮૩૨) અમે એ લોકો છીએ કે જેમની ઇતાઅત કરવી ખુદાએ ફર્ઝ કરેલ છે અને તમે એવા માણસની ઇમામત કરો છો જેમની મઅરેફત ન હોવા વિશે તમારું બહાનુ કબુલ કરવામાં નહીં આવે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૩૩) તમારી ઉપર એ લોકોની ઇતાઅત વાજિબ છે, જેની મઅરેફત ન હોવા વિશે તમારા બહાના કબૂલ કરવામાં નહીં આવે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૧૫ : ઇમામની મઅરેફત રાખનારાઓ અને ન રાખનારાઓ ...

(૮૩૪) ફક્ત એ જ ઇન્સાન ખુદાવંદે આલમને ઓળખીને તેની ઇબાદત કરે છે, જે અલ્લાહ અને અમો એહલેબૈતમાંથી પોતાના ઇમામની મઅરેફત ધરાવતો હોય...

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૮૩૫) જે અમારી મઅરેફત ધરાવે છે, તે મોઅમિન છે. અને જે અમારો ઇન્કાર કરે છે, તે મુન્કીર છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૮૩૬) સૂ. અન્આઅમની ૧૨૨મી આયતમાં છે તે મુજબ... “એવા માણસની જેવો હોઈ શકે છે જે (ચારે બાજુથી) અંધકારમાં ઘેરાએલ હોય અને તેમાંથી બહાર નિકળી શકતો ન હોય.” તેની તફસીરમાં ફરમાવ્યું તેનો અર્થ એ છે કે જે ઇમામની મઅરેફત ધરાવતો ન હોય.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૮૩૭) ઈમામ ખુદા અને તેની મખ્લૂકની વચ્ચે એક નિશાની હોય છે. અને જે તેનો ઇન્કાર કરે છે, તે કાફિર (મુન્કીર) છે.

પ્રકરણ - ૧૬ : જમાનાના ઇમામની મઅરેફત વગર મરી જનાર ...

(૮૩૮) જે માણસ પોતાના જમાનાના ઇમામની મઅરેફત વગર મરી જાય છે, તે જાહેલિયતની મૌત મરે છે.

- હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૮૩૯) જે માણસ એવી હાલતમાં રાત વીતાવે કે તે પોતાના જમાનાના ઇમામને ઓળખતો ન હોય, તે જાહેલીય્યતની મૌત મરશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૪૦) જે માણસ એવી હાલતમાં મરણ પામે કે (પોતાના ઇમામની) બયઅતમાં ન હોય, તો તે જાહેલિય્યતની મૌત મરશે.

(૮૪૧) જે માણસ ઈમામ વગર મરી જાય તે જાહેલિય્યતની મૌત મરશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૭ : જે ઇમામને ઓળખતો નથી અને ઇન્કાર પણ નથી કરતો ...

(૮૪૨) જે માણસ ન તો અમને જાણે (ઓળખે) છે, અને ન તો અમારો ઇન્કાર કરે છે, તે એ સમય સૂધી ગુમરાહ છે જ્યાં સૂધી તે એ હિદાયત તરફ પાછો ન ફરે, જેને અલ્લાહે તેની ઉપર અમારી ઇતાઅતના સ્વરૂપમાં નાઝીલ કરેલ છે. જો તે પોતાની આ ગુમરાહી સાથે મૃત્યુ પામે તો અલ્લાહ તેની સાથે જેવો ચાહે તેવો વ્યવહાર કરશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૪૩) જો તેઓને ન ઓળખે અને તેઓ સાથે દુશ્મની રાખે તો તે મુશ્રિ કછે. અને જો તેઓ આ વિશે અજ્ઞાન હોય અને તેઓ સાથે દુશ્મની ન રાખે અને ન તો તેમના દુશ્મનો સાથે દોસ્તી રાખે તો તે ઇન્સાન અજ્ઞાન ગણાશે, મુશ્રિમક્કનહીં ગણાય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૮ : ઇમામતની શરતો અને ઇમામતની ખાસિયતો

કુરઆને મજીદ :-

* અને જ્યારે તેમણે ધીરજ ધરી તથા અમારી આયતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો ત્યારે અમોએ તેઓમાંથી એવા ઈમામ (આગેવાન) બનાવ્યા કે જે અમારી આજ્ઞા પ્રમાણે હિદાયત કરતા હતા.

- (સૂ. સજદહ આ. ૨૪)

* શું તે કે જે સત્ય સૂધી પહોંચાડી દે, તે તેનો વધુ હકદાર છે કે તેની તાબેદારી કરવામાં આવે અથવા તે કે જેને બીજો કોઈ માર્ગ દેખાડે નહીં ત્યાં સૂધી તેને કોઈ માર્ગ જડે નહીં ? છતાં તમને શું થઈ ગયું છે, કેવો ન્યાય કરો છો ?

- (સૂ. યૂનુસ આ. ૩૫)

* ... બેશક અલ્લાહે તેને તમારા પર ફઝીલત આપી (ચૂંટી કાઢયો) છે. અને તેને જ્ઞાન તથા શારીરિક બળમાં પુષ્કળ કર્યો છે.

- (સૂ. બકરહ આ. ૨૪૭)

(૮૪૪) આ અમ્ર (અમ્રે ઉમ્મત) માટે ફક્ત એ જ લાયક બની શકે છે જે સબ્ર બસીરત (અંતરદ્રષ્ટિ) અને ખાલિકે અમ્રના ઇલ્મના માલિક હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૪૫) ઇમામની સિફત વિશે ફરમાવ્યું : ઈમામ ઇમામતની ફરજ બજાવવામાં (પોતાની) તમામ શક્તિ લગાવીને કામ લે છે અને રાજ્ય વ્યવસ્થા સારી રીતે જાણે છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૮૪૬) ઈમામ અકલમંદ દિલ, મીઠી જીભ અને હકની સ્થાપના માટે હિંમતવાન દિલ ધરાવતા હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૪૭) (અઇમ્માની સિફત વિશે ફરમાવ્યું) : તેઓએ પૂરે પૂરી શોધખોળ અને સંપૂર્ણ સૂજ બુઝ સાથે દીનને સ્વિકારેલ છે, તેઓએ સાંભળેલી વાતોને દીન સમજી લીધેલ નથી, કેમકે ઇલ્મને બયાન કરનારા વધારે હોય છે અને તેની જાંચ પડતાલ કરનારા ઓછાં હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૪૮) જે માણસ પોતાની જાતને લોકોનો ઈમામ જાહેર કરે, તો તેના માટે જરૂરી છે કે તે બીજા લોકોને તાલિમ આપે. અને જો તે કોઈને તાલિમ આપવા માંગે તો જીભની સાથે પોતાની સીરતથી પણ તાલિમ આપે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૪૯) ખુદાવંદે આલમના અમ્ર (હુકમ)ને એ જ માણસ સ્થાપી (કાયમ કરી) શકે છે કે જે હક વાતમાં (એટલે કે હક વાત પર અમલ

કરાવવામાં) ન તો કોઈની સાથે નરમી ભર્યો વ્યવહાર કરે, ન બહાના અને અશક્તિ વ્યક્ત કરે અને ન તો લાલચ અને આશાઓની પૈરવી કરે.

(૮૫૦) ઈમામ એ હોય છે કે જેના મુખ, પેટ અને સદાચાર (સુશીલતા) વિશે કોઈ પણ માણસ ટીકા કરવા માટે જીભ ખોલી ન શકે. અને એમ ન કહી શકે કે તે ખોટા છે અથવા તો લોકોનો માલ ખાઈ જાય છે.

(૮૫૧) ઇમામની નિશાનીની સ્પષ્ટતા કરતા ફરમાવ્યું તેની વિલાદત પાકીઝા, તેની પરવરિશ

સૌથી શ્રેષ્ઠ રીતે થઈ હોય અને તે નકામા (રમત ગમત વગેરેના) કામ સાથે સંબંધ રાખતા ન હોય.

(૮૫૨) ... પહેલેથી એ જ ચાલ્યું આવે છે અને હાલમાં પણ એમ જ છે કે ઉમ્મતના કાર્યોને સંભાળવા માટે સૌથી હકદાર વ્યક્તિ એ છે કે જે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી વધારે નઝદીકનો સંબંધ ધરાવતો હોય, કિતાબનો સૌથી વધારે આલિમ હોય, દીનને સૌથી વધારે સમજતો હોય, સૌથી પહેલા ઇસ્લામ (પર ઈમાન) લાવ્યો હોય, જેહાદમાં સૌથી વધારે અફઝલ હોય, અને ઉમ્મતના કાર્યોના સંચાલન વિશે અઇમ્મા પર

મુક્વામાં આવેલી જવાબદારીને સંપૂર્ણ શક્તિથી શ્રેષ્ઠ રીતે નિભાવી શકતો હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૫૩) ત્રણ સિફતો એવી છે કે જે સિફતો તેનામાં જોવા મળે તે સાચા અર્થમાં ઈમામ બનવાની લાયકાત ધરાવતો હશે. જ્યારે પોતાના કોઈ નિર્ણય (ફેસલા)માં ન્યાય (અદાલત)થી કામ કરે ત્યારે તે પોતાને સોંપવામાં આવેલી અમાનતમાં સખ્તીથી વ્યવહાર કરે. પોતાની અને પોતાના તાબાના લોકો વચ્ચે રખેવાળ-દરવાન-નું અંતર ન રાખે. નઝદીક અને દૂરના દરેક માટે કિતાબે ખુદા

કાયમ કરે. (એટલે કે કિતાબે ખુદાના હુકમ મુજબ અમલ કરે.)

(૮૫૪) હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)એ કુફાના લોકોને સંબોધીને લખેલા એક પત્રમાંથી
“““... મને મારી ઝિંદગીની કસમ, ઈમામ ફક્ત એ જ હોઈ શકે છે કે જે કિતાબે ખુદા પ્રમાણે ફેંસલો કરે, અદલ અને ઇન્સાફ પર કાયમ રહે, દીને હક પર ચાલે અને તે બધી બાબતોમાં ફક્ત ખુદાની ખૂશી માટે પોતાની ઉપર કાબૂ રાખતો હોય.”

(૮૫૫) ઇમામની કેટલીક નિશાનીઓ હોય છે, તે સૌથી વધારે આલિમ હોય, સૌથી વધારે (સારા)

ફૈંસલા કરનાર હોય, સૌથી વધારે મુત્તકી હોય, સૌથી વધારે સહનશીલ હોય, સૌથી વધારે શુજાઅ હોય... સૌથી વધારે સખી હોય અને સૌથી વધારે ઇબાદત કરનાર હોય.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૮૫૬) ઇમામની ક્ષમતા એ જ ધરાવે છે, જેનામાં ત્રણ વિશેષતા જોવા મળતી હોય. (૧) પરહેઝગારી: જે તેને હરામ કામોથી રોકે, (૨) હિલ્મ (સહનશીલતા): જેનાથી ગુસ્સા પર કાબુ મેળવે અને (૩) પોતાની રૈયત સાથે - રૈયતના બાપ

જેટલા નરમદિલ હોય (નરમદિલ બાપની જેમ નરમાશ ભર્યું વર્તન હોય)

- ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૮૫૭) ઇમામતના હોદ્દા માટે સૌથી વધારે હકદાર એ હોય છે, જે એ બાબતમાં સૌથી વધારે શક્તિશાળી હોય, અને અમ્રે ઇલાહી (અલ્લાહના હુકમ)ને સૌથી વધારે જાણતો હોય, કેમકે, જો કોઈ તેની પાસે શરણે થઈને આવે તો તેને માફ કરે. અને જો કોઈ ઇન્કાર કરે તો તેની સાથે જંગ કરે. (અને તેને સીધા રસ્તા પર લાવે.)

(૮૫૮) ... હકીક્તની બસીરત પર આધારિત ઇલ્મ તેની પાસે (દરિયાના મોજાની જેમ) ઉછાળા મારતું હોય છે, રૂહુલ યકીનની સાથે હંમેશા જોડાએલા રહેતા હોય, અને નેઅમતોના કારણે ઘમંડી બની જનારા માણસો જે વાતને મુશ્કીલ સમજતા હોય, તે કામને તે સહેલું સમજતા હોય... એ જ લોકો ખુદાની જમીનમાં તેમના વારસદાર (ખલીફા) છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૫૯) જે ઈમામ ઇમામતના હકદાર હોય છે, તેમની કેટલીક નિશાનીઓ છે. એમાંની એક એ છે કે તે જાણતા હોય છે કે તે નાના-મોટા તમામ

ગુનાહોથી પાક છે. ફત્વો આપવામાં ભૂલ નથી કરતા. ખોટો જવાબ નથી આપતા. તેમનાથી ભૂલ ચૂક થતી નથી. અને ન તો તેનામાં ચૂક કે ભુલકણાપણું હોય છે. અને ન તો તેઓ દુન્યવી કામમાં મશ્ગુલ રહેતા હોય છે.

બીજું એ કે તે ખુદાના હરામ અને હલાલને તમામ લોકો કરતા વધારે સારી રીતે જાણે છે, તેવી જ રીતે તેના તમામ અહકામ, અમ્ર અને નહીને તમામ દુનિયાથી વધારે સારી રીતે સમજે છે. ટુંકમાં, જે બાબતોની દુનિયાને જરૂરત હોય છે તેને (જાણવા-સમજવા) માટે તે ઇમામના મોહતાજ હોય છે. અને

ઈમામ દુનિયાથી બેનિયાઝ (સ્વતંત્ર-નિસ્પૃહ) હોય છે.

ત્રીજું એ કે ઈમામ બધા લોકોથી વધારે શુજાઅ (બહાદુર) હોય છે, કેમકે તે મોઅમિનો માટે મરજઅ (રક્ષાસ્થાન)ની હૈસિયત ધરાવે છે. જો તેઓ મૈદાને જંગથી ભાગી જાય તો તેના કારણે બીજા લોકો પણ ભાગી જશે.

ચોથી બાબત એ કે ઈમામ તમામ લોકો કરતા વધારે સખી હોય છે, ભલે આખી દુનિયા કંજૂસ થઈ જાય. કેમકે જો ઈમામ કંજુસ થઈ જાય તો તે તેના

કબ્જામાં હોય તેવા મુસલમાનોના કામમાં પણ કંજુસાઈથી કામ લેશે.

પાંચમું એ કે ઈમામ તમામ ગુનાહોથી મઅસુમ હોય છે અને તેથી જ તે ગૈર મઅસૂમ માનનારાઓ ઉપર અગ્રતા ધરાવે છે. કેમકે જો તે મઅસૂમ ન હોય તો તેના માટે બીજા લોકોની જેમ તબાહ કરનારા ગુનાહમાં ફસાઈ જવાની શક્યતા રહેત અને તે પણ લઝઝતો અને કામવાસનામાં ફસાઈ જતે.

(૮૬૦) એ ઈમામ કે જેની ઇતાઅત તમામ લોકો પર ફર્ઝ કરવામાં આવી છે તે વિલાયતની સૌથી

મોટી મર્યાદા એ છે કે તેને એ વાતની જાણ હોય કે તે ભૂલચુક અને જાણી જોઈને કરવામાં આવતા તમામ સગીરા અને કબીરા ગુનાહોથી મઅસૂમ હોય છે. ઈમામ ભૂલચુક કરતા નથી. તેને એવા કાર્યો પોતાની તરફ આકર્ષી શકતા નથી જેનાથી દીનની તબાહી થાય, તેને કોઈ પણ પ્રકારની નકામી વાતો આકર્ષી શક્તી નથી. તે ખુદા તરફથી નક્કી થએલા હરામ અને હલાલની ફરજો અને સુન્નતને તમામ દુનિયા કરતા વધારે જાણે છે. તે તમામ દુનિયાથી બેનિયાઝ હોય છે. અને બીજા લોકો તેના મોહતાજ હોય છે તે તમામ દુનિયા કરતા વધારે સખી અને શુજાઅ હોય છે.

(૮૬૧) ઇમામત જે બાબતોની હકદાર હોય છે, તેમાંની એક તો તહારત અને બીજા એવા ખતરનાક અત્યાચાર અને ગુનાહોથી પાક હોવું છે, જે જહન્નમમાં જવા માટે કારણરૂપ બનતા હોય છે. ત્રીજું ઉમ્મતને જરૂર પડતો હોય તેવી તમામ હલાલ અને હરામ તમામ બાબતોનું રૌશન ઇલ્મ ધરાવતા હોય છે, ચોથું કિતાબે ખુદાની ખાસ, આમ, સ્પષ્ટ, મુતશાબેહ (ગૂઢાર્થવાળી), તેમજ તેની ઇલ્મી ઊંડાણ, ગુંચવણભરી બાબતોનું અર્થઘટન, અને નાસીખ અને મન્સૂખ બાબતોનું પણ ઇલ્મ ધરાવતા હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૯ : ઇમામતમાં અવરોધરૂપ બનતા કાર્યો

(૮૬૨) અય લોકો ! તમારે એ વાત જાણી લેવી જોઈએ કે ઇઝઝત, ખુન, માલે ગનીમત, ઇસ્લામના હુકમો(ના અમલી કરણ) માટે એ વાત કોઈપણ રીતે યોગ્ય નથી કે હાકીમ બખીલ (કંજૂસ) હોય, કેમકે જો તેમ હશે તો તેના દાંત મુસલમાનોના માલ ઉપર લાગેલા રહેશે. તે જાહિલ ન હોવો જોઈએ. કેમકે જો તે જાહિલ હશે તો તે મુસલમાનોને પોતાની જાહેલીયતથી ગુમરાહ કરી દેશે. તે દુષ્ટચરિત ન હોવો જોઈએ. કેમકે, તેમ હશે

તો તે ઉધ્ધતાઈ કરતો રહેશે. તે માલ-દૌલતમાં અવળા માર્ગ અપનાવનાર હોવો જોઈએ. કેમકે તેનાથી તે અમુક લોકોને આપશે અને અમુક લોકોને વંચિત રાખશે. તે ન્યાય કરવા માટે રૂશ્વત લેનાર પણ ન હોવો જોઈએ, કેમકે તેનાથી તે બીજાઓના હકને પાયમાલ કરી નાખશે અને તેને યોગ્ય જગ્યાએ પહોંચવા દેશે નહીં. અને ન તો તે સુન્નતને બેકાર કરી દેનાર હોવો જોઈએ. તેનાથી તે ઉમ્મતને તબાહ અને બરબાદ કરી નાખશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૬૩) ખુદાવંદે આલમે હ. દાવૂદ (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : “મારા માટે એ વાત હરામ છે કે હું એવા માણસને મુત્તકી લોકોના ઈમામ બનાવું કે જેનું દિલ કામવાસના અને ઇચ્છાઓને દોસ્ત રાખતો હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૦ : ઇમામે આદિલની ફરજો

(૮૬૪) ખુદાવંદે આલમે મને તેની મખ્લૂકનો ઈમામ બનાવેલ છે. અને મારી ઉપર એ ફરજ કરેલ છે કે મારો ખોરાક અને મારો પોષાક નબળા લોકો જેવો હોય. જેથી ગરીબ લોકો મારૂ અનુકરણ કરી શકે. અને અમીર લોકોને તેમની અમીરી બગાવત કરનાર ન બનાવી દે.

(૮૬૫) ખુદાવંદે આલમે અઇમ્મા ઉપર એ વાત ફર્ઝ કરેલ છે કે તેઓ નબળા વર્ગ જેવું જીવન વિતાવે કે જેથી ફકીરો તેમની ફકીરીથી પરેશાન ન થઈ જાય.

(૮૬૬) અઇમ્માએ બરહક માટે જરૂરી છે કે તેઓ ખોરાક અને પોષાકની બાબતમાં તેઓની રૈયતમાંથી આર્થિક રીતે સૌથી નબળા લોકોની જેમ જીંદગી વિતાવે. અને તેમના ઉપર કોઈ પ્રકારની અગ્રતા જાહેર ન કરે, કે જેથી જ્યારે કોઈ ગરીબ ઇન્સાન તેમને જુવે ત્યારે પોતાની હાલત પર ખુદાથી રાજી થાય, અને કોઈ અમીર માણસ તેમને જુવે તો તેમના શુક્ર, નમ્રતા અને ત્યાગની ભાવનામાં વધારો થાય.

(૮૬૭) ખુદાના માલમાંથી ખલીફા માટે ફક્ત “બે કાસા” (ભાગ) હલાલ છે. એક જેમાંથી તે પોતે અને

તેનું કુટુંબ ખાય, અને બીજો ભાગ જેમાંથી તે બીજા લોકોને ખવરાવે.

(૮૬૮) જાણી લેવું જોઈએ કે દરેક પૈરવી કરનાર માટે એક ઈમામ હોય છે. જેની તે પૈરવી કરે છે અને જેના ઇલ્મના નૂરથી તે પ્રકાશ મેળવે છે. તમારે એ વાતથી પણ માહિતગાર રહેવું જોઈએ કે તમારા ઇમામે આ દુનિયામાંથી બે ચાદર ઉપર અને તેના ખોરાકમાં ફક્ત બે રોટલી પર સંતોષ કરેલ છે.

(૮૬૯) ઈમામ માટે ફક્ત એ કાર્યો કરવા જરૂરી હોય છે, કે જે તેને તેના રબ તરફથી સોંપવામાં

આવ્યા હોય છે. અને તે કામ આ છે: લોકોને સંપૂર્ણ રીતે નસીહત કરવી, લોકોની ખૈર ખ્વાહી માટે સંપૂર્ણ પ્રયાસો કરવા, લોકોને તેમનો ભાગ આપવો.

(૮૭૦) જ્યારે હાકીમ અને વાલીની ખ્વાહીશાત વધી જાય છે ત્યારે એવા સંજોગોમાં તે (ખ્વાહીશાતો) તેને અદલ અને ઇન્સાફ કરવાથી રોકી દે છે. તેથી તમારા માટે એ જરૂરી છે કે લોકોના વ્યવહારને તમે એક સમાનતાથી જુઓ. (હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે 'અસ્વદ બિન કત્બહ'ને સંબોધીને લખેલ એક પત્રમાંથી)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૭૦) હ. મોહમ્મદ બિન અબૂ બકરને સંબોધીને લખેલ એક પત્રમાં ફરમાવ્યું: જો લોકોને કોઈ કામમાં તારી જરૂર પડે તો તમે એ બધાને એક સમાન સ્થાન આપો અને તે બધાને એક સમાન નજરે જુઓ. તમારા નઝદીકના અને દૂરના લોકો તમારા માટે એક સમાન હોવા જોઈએ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૧ : ઈમામ અને ઉમ્મતના હક્કો અને ફરજો

(૮૭૨) ઇમામની ફરજ છે કે તે ખુદાઈ ફરમાન મુજબ ફેંસલો કરે અને અમાનતને અદા કરે. જ્યારે તે પ્રમાણે કરશે ત્યારે લોકોની એ ફરજ બની જાય છે કે તેઓ તેમની ઇતાઅત કરે અને જ્યારે તેઓને બોલાવે ત્યારે 'લબ્બૈક' કહે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૭૩) બેશક, સત્તાધિશોને એ હક છે કે તેઓને (ખુદાની તરફથી) મળેલી ફઝીલત અને તેના તરફથી પ્રાપ્ત થએલી વિશેષ મહેરબાની તેને ફેરવી ન નાખે. અલ્લાહ તઆલાએ તેને જે નેઅમતો અતા ફરમાવી છે, તે તેને ખુદાના

બંદાઓથી વધારે નઝદીક કરી અને પોતાના ભાઈઓ સાથે નરમી ભર્યા વ્યવહાર માટે કારણરૂપ બને.

જાણી લો કે તમારો મારી પર એ હક છે કે હું તમારાથી યુધ્ધના રહસ્યો સિવાય બીજી કોઈ વાત ન છુપાવું. તમારા માટે કોઈના હકને તેની જગ્યાએથી ન ફેરવું. કોઈ હકદારને છોડીને કોઈ ગૈર મુસ્તહકને ન આપું. અને હકના મામલામાં તમને બધાને એક સરખા સમજું.

જ્યારે હું એ પ્રમાણે કરીશ, ત્યારે તમારી ઉપર અલ્લાહની નેઅમત અને મારી ઇતાઅત ફર્ઝ બની જશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૭૪) ... અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ તમારી ઉપર મારી વિલાયતનો હક નિશ્ચિત કર્યો છે. (કે તમે મારી ઇતાઅત કરો.) અને તમારા માટે મારી ઉપર એ જ પ્રકારનો હક નક્કી કર્યો છે. (કે હું તમારા તમામ કામોમાં એક સમાન સમજું)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૨૨ : તમારા અઇમ્મા તમારાથી આગળ હશે

(૮૭૫) ખુદ ખુદા સૂધી પહોંચવા માટે તમારા અઇમ્મા તમારાથી આગળ હશે. તેથી તમે તમારા દીનમાં અને તમારી નમાઝમાં બહુ જ સમજી વિચારીને અનુસરણ કરો.

(૮૭૬) ખુદા સૂધી પહોંચવા માટે તમારા અઇમ્મા જ તમારા માર્ગદર્શક છે. તેથી બહુ જ સમજી વિચારીને તમારા દીન અને તમારી નમાઝમાં કોઈનું અનુસરણ કરો.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૩ : ઇમામે બરહકને છોડીને

બીજા કોઈને ઈમામ બનાવનારા

(૮૭૭) જે માણસ ખુદા તરફથી મુકર્રર કરવામાં આવેલ ઇમામની સાથે બીજા કોઈ એવા માણસને શરીક કરશે, કે જેને ખુદાએ ઈમામ બનાવેલ નથી. તો તે મુશ્રીક (શિર્ક કરનાર) છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૭૮) અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યું છે કે : હું દરેક એવા ઇસ્લામી ટોળાને અઝાબ

આપીશ, કે જે એવા ઝાલિમ ઇમામની ઇતાઅત કરશે કે જેને ખુદા તરફથી નીમવામાં ન આવ્યો હોય. ભલે તે ટોળું તેના કાર્યોના હિસાબે નેક અને મુત્તકી જ કેમ ન હોય ? ...

(૮૭૯) અલ્લાહ તબારક વ તઆલાનો ઇરશાદ છે : હું એ દરેક રૈયતને અઝાબ આપીશ જે એવા ઇમામની ઇમામતને કબૂલ કરે છે જે ખુદાની તરફથી ન હોય.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૪ : જહન્નમવાળાઓના ઇમામ

કુરઆને મજીદ :-

* અને અમોએ તેમને (ગુમરાહોના) એવા સરદાર બનાવ્યા કે જેઓ (લોકોને) જહન્નમ તરફ બોલાવે છે..

- (સૂ. ક્સસ આ. ૪૧)

હદીસ :-

(૮૮૦) અલ્લાહ તઆલાએ સૂ. બકરહની આ. ૧૬૬માં ફરમાવ્યું : "જ્યારે (કયામતના દિવસે)

તેઓ કે જેમની તાબેદારી કરવામાં આવી હતી, તેઓ તેમની તાબેદારી કરનારાઓ પ્રત્યે ધૃણા (બેઝારી) દર્શાવશે...” આ આયત વિશે ફરમાવ્યું : ખુદાની કસમ, તે ઝાલિમ ઈમામ અને તેને અનુસરનારાઓ હશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૮૮૧) મોહમ્મદ બિન મન્સૂર કહે છે કે મેં ઈમામ (અલયહિસ્સલામ)ને ખુદાવંદે આલમના આ કૌલ.... (સૂ. અઅરાફ આ. ૨૮) એટલે તે લોકો જ્યારે કોઈ ખરાબ કામ કરે છે ત્યારે કહે છે કે અમે આ રસ્તા

પર અમારા બાપ-દાદાઓને જોયા... વિશે પુછ્યું ... ત્યારે આપે ફરમાવ્યું : તે ઝાલિમ અઇમ્મા વિશે છે.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયિહિસ્સલામ)

(૮૮૨) ખુદાવંદે આલમની નજરોમાં સૌથી ખરાબ માણસ એ ઝાલિમ અને અત્યાચારી પેશ્વા છે જે પોતે ગુમરાહ હોય અને (બીજા) લોકોને પણ ગુમરાહ કરે અને બીદઅતે મતરૂકહ (છોડી દેવામાં આવેલી બિદઅત)ને જીવંત કરે. મેં હુઝુર રિસાલત મઆબ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું છે કે કયામતના દિવસે ઝાલિમ અને અત્યાચારી ઈમામ

(પેશ્વા)ને એવી રીતે લાવવામાં આવશે કે તે વખતે ન તો કોઈ મદદગાર હશે અને ન તો તેના માટે બહાનું રજુ કરનાર કોઈ હશે. અને તે વખતે તેને જહન્નમમાં નાખી દેવામાં આવશે. તે જહન્નમમાં એવી રીતે ધુમ્યા કરશે જેવી રીતે ચક્કીની ધરી ફરે છે. તેને જહન્નમના ઊંડાણમાં બાંધી દેવામાં આવશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૮૮૩) એ વાતમાં શંકા નથી કે અત્યાચારી પેશ્વાઓ અને તેને અનુસરનારાઓ દીને ખુદાના હકથી સેંકડો કોસ (ખૂબ જ) દૂર છે. તેઓ જે કાંઈ અમલ કરે છે, તેને તબાહ અને બરબાદ કરી નાખે

છે. તેઓના એ કાર્યો એવી રીતે બરબાદ થઈ જાય છે, જેવી રીતે એ રાખના ઢગલાને આંધીનો મોટો સપાટો ઉડાવી દે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૨૫ : ઇમામના જૂઠા દાવેદાર

(૮૮૪) અલ્લાહ તઆલાના આ કૌલ ""જે લોકોએ ખુદા પર ખોટા બોહતાન બાંધ્યા તેઓને તમે કયામતના દિવસે જોશો કે તેમના ચહેરા કાળા હશે." આ આયત વિશે ફરમાવ્યું: આનો અર્થ એ લોકો છે કે જેઓ (પોતે) ઈમામ ન હોવા છતાં પોતાને ઈમામ કહે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૮૮૫) ત્રણ પ્રકારના લોકો એવા છે કે કયામતના દિવસે ખુદાવંદે આલમ ન તો તેમના પર નઝર

(નઝરે રહમત) ફરમાવશે, બલ્કે તેમના માટે દર્દનાક અઝાબ હશે. (૧) એક તો એ માણસ કે જે ખુદાના તરફથી ઈમામ ન હોવા છતાં ઇમામતનો દાવો કરે, (૨) એ કે જે ખુદા તરફથી મુકર્રર કરવામાં આવેલ ઇમામનો ઇન્કાર કરે. અને (૩) કે જે એમ સમજે કે એ બંનેનો ઇસ્લામમાં કોઈ ભાગ નથી.

(૮૮૬) જે માણસ ઇમામતને લાયક ન હોવા છતાં ઇમામતનો દાવો કરે, તે કાફિર છે.
- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૬ : ઝાલિમ ઇમામો વિશેની મનઘડત હદીસો

(૮૮૭) જેણે અમીર (હાકીમ-સરદાર) ની ઇતાઅત કરી તેણે મારી ઇતાઅત કરી અને જેણે અમીરની નાફરમાની કરી તેણે મારી નાફરમાની કરી.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૮૮૮) તારા માટે (અમીરની વાતો) સાંભળવી અને તેની ઇતાઅત કરવી ફર્ઝ છે. ભલે તું તંગીની હાલતમાં કરે કે આસાનીની હાલતમાં તારી ખૂશીથી

કર કે અણગમાથી, ભલે તે તારી મરજીની વિરૂધ્ધ પણ હોય.

(૮૮૯) તમારી મિલ્લતને કાફીર ન કહો, ભલે તે ગુનાહાને કબીરા પણ કેમ ન કરતી હોય, બધા ઇમામની પાછળ નમાઝ પડો. બધી મય્યતને નમાઝે જનાઝા પડો. અને બધા અમીરની સાથે મળીને જેહાદ કરો.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૮૯૦) ત્રણ વસ્તુઓની ગણત્રી સુન્નતમાં થાય છે. બધા ઇમામની પાછળ નમાઝ (પડવી.) એમ કરવાથી તમારી નમાઝ થઈ જશે અને રહી ગયા ગુનાહ તો તે એ ઈમામ ઉપર થશે. દરેક અમીર સાથે મળીને જેહાદ કરવી. એ રીતે તમારી જેહાદ થઈ જશે. પણ તેની જવાબદારી તે ઇમામની રહેશે.

(૮૯૧) તમારી ફરજ એ છે કે તમે દરેક અમીરની સાથે મળીને જેહાદ કરો. ભલે તે નેક હોય કે બદ, ભલે તે ગુનાહે કબીરા પણ કેમ ન કરતો હોય. તમારા માટે દરેક મુસલમાનની પાછળ નમાઝ

પડવી વાજિબ છે. ભલે તે નેક હોય કે બદ. અને ગુનાહે કબીરા કરનાર પણ હોય.

(૮૯૨) દરેક મુસલમાન પાછળ નમાઝની ફરજ અદા કરવી વાજિબ છે. ભલે તે સારો હોય કે ખરાબ અને ગુનાહે કબીરા પણ કરતો હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૮૯૩) વાત એમ છે કે : તમારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે અને એવા કાર્યોનો સામનો કરવો પડશે કે જે તમને પસંદ નહિ હોય.

લોકોએ પુછ્યું : “યા રસૂલલ્લાહ, અમારામાંથી જે માણસ એ જમાનામાં હોય તેના માટે આપનો શું હુકમ છે ?”

આપે ઇરશાદ ફરમાવ્યું : તમે લોકો તમારી ઉપર લોકોના જે હક હોય તેને અદા કરી દેજો પરંતુ તમારા હક્કો માટે ખુદા પાસે દુઆ માંગતા રહેજો.

(૮૯૪) મારા પછી તમારે કેટલીય મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. તેથી તમે લોકો જ્યાં સૂધી મારી પાસે હૌઝે ક્વસર પર ન પહોંચી જાવ, ત્યાં સૂધી સબ્ર કરજો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૮૯૫) સલમા બિન યઝીદ કહે છે : એક માણસે હુઝુર રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને પૂછ્યું : જો અમારી ઉપર કોઈ સત્તાધિશ હુકુમત કરવા લાગે કે જે જ્યારે અમે અમારા હક માંગીએ, પણ તે અમારા હકને અદા ન કરે. તો તે બાબતમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી સલલ્લમનો શું હુકમ છે ?

આ સાંભળીને આં જનાબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મોઢું બીજી બાજુ ફેરવી લીધું.

તેણે ફરી તે જ સવાલ કર્યો. પણ આપે ફરી વાર મોઢું ફેરવી લીધું. ત્રીજી વખત પણ આ પ્રમાણે થયું. છેવટે અશઅસ બિન કૈસે તે માણસને પોતાની તરફ ખેંચી લીધો અને કહ્યું : તું તેની ઇતાઅત કર અને તે તેની કરણી-ભરણીનો અને તું તારો જવાબ આપીશ.

એક બીજી રિવાયતમાં છે કે અશઅસે પોતાની તરફ ખેંચ્યો અને આપે ફરમાવ્યું : તું તેની ઇતાઅત કર.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૮૯૬) મારા પછી કેટલાક એવા હશે, પેશ્વાકજે મારી હિદાયત પર અમલ નહીં કરે. અને ન તો મારી સુન્નતને અપાવશે. નઝદીકમાં જ એવા લોકો હાકિમ બનશે. જેમના શરીરો શયતાન જેવા હશે. રાવીએ પુછ્યું : યા રસૂલલ્લાહ જો હું તેવા લોકોના જમાનામાં હોઉ તો મારે શું કરવું જોઈએ ? હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: અમીરની ઇતાઅત કરો, ભલે પછી તે તમારી પીઠ પર કોરડા મારે, અને તમારો માલ આંચકી લે, બધા જ સંજોગોમાં તમારે તેની ઇતાઅત કરવી જોઈએ.

(૮૯૭) જે માણસ પોતાના અમીરની કોઈ એવી વાત જુએ કે જે તેને અણગમો ઉપજાવે તો તેણે તે વાતને સહન કરી લેવી જોઈએ કેમકે જે માણસ જમાઅતથી એક વેંત જેટલો પણ દૂર રહીને મરે તે જાહેલીય્યતની મૌત મરશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૮૯૮) તમારો સૌથી ખરાબ પેશ્વાહએ છે કે જેને તમે દુશ્મન રાખો. અને તે તમને (દુશ્મન) રાખે, તમે તેની ઉપર લઅનત કરો, તે તમારી ઉપર લઅનત કરે. પૂછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ, શું

અમે તેની સામે તલવાર લઈને જંગ માટે ન નિકળી પડીએ ?

આપે ફરમાવ્યું : ના, જ્યાં સૂધી તે નમાઝ પડતો રહે, તમારે એમ ન કરવું જોઈએ. જ્યાં સૂધી તમે તમારા સત્તાધિશોને હુકુમત એવા કામ કરતા ન જુઓ કે જે તમને અણગમો ઉપજાવતા હોય. તો તમે ફક્ત એ કાર્યો પુરતા જ તેમને ના પસંદ કરો. પરંતુ તેમની ઇતાઅત કરવાનું બંધ ન કરો.

સંપાદકનું નિવેદન :- આ પ્રકારની (સી.નં. ૮૮૭ થી ૮૯૮ સૂધીની હદીસો જેવી) કેટલીય જાલી અને મનઘડત હદીસો છે.

પ્રકરણ - ૨૭ : જે ખુદાની ઇતાઅત નથી કરતા તેમની ઇતાઅત કરવી ફર્ઝ નથી

કુરઆને મજીદ :-

* અને કહેશે હે અમારા પરવરદિગાર, નિસંશય અમોએ અમારા સરદારો તથા અમારા વડવાઓની આજ્ઞા માની હતી, જેથી તેમણે અમને સન્માર્ગથી રખડાવી દીધા.

- (સૂ. અહઝાબ આ. ૬૭)

(૮૯૯) ખબરદાર! બચો, બચો તમારા એવા સરદારો અને એવા મોટેરાઓની ઇતાઅત કરવાથી કે જેઓ પોતાના વંશ અને કૂળને વધારે ઉચ્ચ ગણાવતા હોય. કેમકે, એવા લોકો પૂર્વાગ્રહના આધાર પર બનાવવામાં આવેલી તલ્વારો, ફીત્નાને પાયામાં રાખીને બનાવવામાં આવેલા સ્તંભ અને જાહેલિયતથી પ્રભાવિત થએલી દિવાલો છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૦૦) જે માણસ ખુદાની ઇતાઅત કરતો નથી, તેની ઇતાઅત કરવી ફર્ઝ નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૦૧) તમારા દીનના મામલામાં ત્રણ પ્રકારના લોકોથી ડરો : (૧) એ માણસથી, કે જેને ખુદાએ કુરઆનનું ઇલ્મ અતા કર્યું. (૨) એવા માણસથી કે જેને ખુદાએ સલ્તનત આપી.... અને (૩) "જે (કુરઆનનો સહારો લઈને) કહે કે જેણે મારી ઇતાઅત કરી તેણે ખુદાની ઇતાઅત કરી અને જેણે મારી નાફરમાની કરી તેણે ખુદાની નાફરમાની કરી.- એવો માણસ જુઠું બોલે છે. કેમકે ખાલિકને

છોડીને તેની (બીજા કોઈની) ઇતાઅત જાએઝ નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૦૨) તમારા દીનના મામલામાં ત્રણ પ્રકારના લોકોથી ડરો, જેને ખુદાએ સલ્તનત આપી અને જે એમ સમજવા લાગ્યો કે તેની ઇતાઅત એ ખુદાની ઇતાઅત છે. અને તેની નાફરમાની ખુદાની નાફરમાની છે. હકીકતમાં તે માણસ જુઠ્ઠો છે. કેમકે ખાલિકના ગુનાહ કરવામાં મખ્લૂકની ઇતાઅત કરી શકાતી નથી... ઇતાઅત માત્ર અલ્લાહની અથવા

રસૂલની અથવા તો ઉલિલ અમ્રની (થઈ શકે) છે. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલની ઇતાઅતનો હુકમ ફક્ત એ માટે આપ્યો છે કે તેઓ મઅસૂમ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૦૩) ચાર બાબતો એવી છે કે જે લોકોની કમર તોડી નાખે છે... એ સત્તાધિશો અને પેશ્વા , જેઓ પોતે તો ખુદાની નાફરમાની કરે છે પરંતુ મખ્લૂક પણ તેની ઇતાઅત કરે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૦૪) હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે (કોઈ હેતુ માટે) એક લશ્કરને રવાના કર્યુ. અને તેઓ માટે એક અમીરને નક્કી કર્યો. લશ્કરને હુકમ આપ્યો કે તે લોકો તે (અમીર)ની વાતોને સાંભળે અને તેની ઇતાઅત કરે. લશ્કરના અમીરે આગ સળગાવી અને લશ્કરીઓને હુકમ આપ્યો કે તેમાં કુદી પડે. કેટલાક લોકોએ તેમ કરવાનો ઇન્કાર કરી દીધો. અને કહ્યું કે:(જહન્નમની) આગથી બચવા માટે તો ભાગ્યા છીએ (અને આપ અમને) તેમાં નાખવા માંગો છો! કેટલાક લોકોએ તેમાં કુદી પડવાનો ઇરાદો કર્યો.

જ્યારે આ વાત આ હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) સૂધી પહોંચી ત્યારે આપે ઇરશાદ ફરમાવ્યું: જો તેઓ તેમાં સળગી જાત તો તે પછી તેમાંથી ક્યારેય પણ બહાર આવી શક્તે નહીં અને સાથે એમ પણ ફરમાવ્યું: ખુદાની નાફરમાની કરીને કોઈની ઇતાઅત થઈ શક્તી નથી. કોઈની પણ ઇતાઅત માત્ર અને માત્ર નેકીઓ વિશે (નેકીઓના વ્યવહારમાં) જ થઈ શકે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૨૮ : ઝાલિમ ઇમામોની વિરૂધ્ધ

બળવો કરવો વાજિબ છે

(૯૦૫) નઝદીકમાં જ ઇસ્લામની ચક્કી ધુમવા લાગશે. તેથી જે બાજુ કુરઆન જાય તમે પણ તેની સાથે ચાલતા રહેજો. શક્ય છે કે સુલતાન અને કુરઆનની આપસમાં લડાઈ થઈ જાય અને તે બંને એક બીજાથી જુદા થઈ જાય.

નઝદીક છે કે તમારી ઉપર એવા બાદશાહ હુકુમત કરશે કે જે તમારા માટે તો કોઈ જુદો ફેંસલો કરશે અને બીજા લોકો માટે બીજો ફેંસલો કરશે. જો તમે

તેની ઇતાઅત કરશો તો તે તમને ગુમરાહ કરી નાખશે. અને જો તમે તેની નાફરમાની કરશો તો તે તમને મારી નાખશે.

લોકોએ પુછ્યું : યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ), અમારા માટે એવા સંજોગો ઊભા થાય તો અમારે શું કરવું જોઈએ ? ત્યારે રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : તમારે હઝરત ઇસા (અલયહિસ્સલામ)ના સાથીઓ જેવો વ્યવહાર કરવો જોઈએ. તેઓને કરવતથી કાપવામાં આવ્યા. (શુળીની) લાકડી પર લટકાવવામાં આવ્યા.

ઇતાઅત (ઇતાઅતે ઇલાહી)માં મૌત આવી જાય તો તે એવી જીંદગીથી વધારે સારી છે કે જે અલ્લાહના ગુનાહ કરવામાં પસાર થતી હોય.

(૯૦૬) એ વાતમાં શક નથી કે ઇસ્લામની ચક્કી ધુમી રહી છે અને એ વાતમાં પણ શક નથી કે બહુજ જલ્દી કુરઆન અને સુલતાન એકબીજાથી વિખુટા પડી જશે. પરંતુ તમારી એ ફરજ છે કે તમે એ બાજુ જાવ કે જે બાજુ કુરઆન જાય. નઝદીકમાં જ તમારી ઉપર એવા ઈમામ હાકિમ થશે કે જો તમે તેની ઇતાઅત કરશો તો તે તમને ગુમરાહ

કરી દેશે જો તમે તેની નાફરમાની કરશો તો તે તમને મારી નાખશે.

લોકોએ પુછ્યું : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) તો પછી અમારે શું કરવું જોઇએ ? આપે ફરમાવ્યું : તમારે હઝરત ઇસા (અલયહિસ્સલામ)ના સાથીઓ જેવા થવું જોઈએ. જેઓને (શુળીએ) લટકાવવામાં આવ્યા. અને કરવતોથી (તેમના શરીર) કાપવામાં આવ્યા. ખુદાની ઇતાઅત માં મૌત આવી જવી, તે એવી જીંદગીથી બહેતર છે કે જે તેની નાફરમાનીમાં પસાર થાય.

(૯૦૭) નઝદીકમાં જ તમારા પેશ્વાદતમારા રીઝકના માલિક બની જશે. તમારી સાથે વાત કરશે તો જુઠ બોલશે. કાર્યો કરશે તો તેમના કાર્ય ખરાબ હશે. જ્યાં સૂધી તમે તેની બુરાઈઓની હા-માં-હા નહીં મેળવો ત્યાં સૂધી તે તમારાથી ખૂશ નહીં થાય. તેથી તમે હકની હદ સૂધી તેમને રાજી રાખો. જો તેઓ તેનાથી વધારાની ઇચ્છા રાખે તો તેમની ઇચ્છાને પૂરી ન કરો. જો આ બારામાં તે કોઈને કત્લ પણ કરી નાખે તો જે પણ તે માર્ગમાં મરી જશે તે શહીદ થશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૦૮) અબી અતા કહે છે કે એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ બહાર નિકળ્યા તો તેમના ઉપર ગમના ચિહ્નો જણાતા હતા. આપે લાંબી આહ ભરીને ફરમાવ્યું : એ વખતે તમારી કેવી હાલત થશે કે જ્યારે એવો જમાનો આવશે કે અલ્લાહના હુકમો પર અમલ કરવા માટેની તમારા ઉપર પાબંદી મૂકવામાં આવશે. બયતુલ માલને અંગત સંપત્તિ ગણવામાં

આવશે. ખુદાના દોસ્તો સાથે દુશ્મની અને ખુદાના દુશ્મનો સાથે દોસ્તી કરવામાં આવશે.

અમે પુછ્યું : મૌલા, જો અમે તે જમાનામાં હોઈએ તો અમારે શું કરવું જોઈએ ?

આપે ફરમાવ્યું : તમારે હઝરત ઇસા (અલયહિસ્સલામ)ના દોસ્તો જેવું વલણ અપનાવવું જોઈએ. જેઓને કરવતથી કાપવામાં આવ્યા અને શૂળી પર લટકાવવામાં આવ્યા. અલ્લાહ અજ્જ વ જલ્લની ઇતાઅતમાં મૌત પણ આવી જાય તો તે એવી ઝીંદગીથી બહેતર છે કે જે તેની નાફરમાનીમાં વીતે.

(૯૦૯) તમારામાં આલિમો પણ છે, ફોકહા પણ છે, શરીફ લોકો પણ છે, હાકીમો પણ છે, કિતાબમાં માનનારો પણ છે. રાત ભર ઇબાદત કરનારાઓ પણ છે. અને તિલાવતે કુરઆન કરીને મસ્જિદની રૌનક વધારનારાઓ પણ છે. તો શું તમે એ વાત માટે નારાજી અને નફરત વ્યક્ત કરતા નથી કે નાદાન, નીચ અને હલકા લોકો હુકુમતના વ્યવહારમાં તમારી સાથે લડાઈ ઝગડા કરે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૯ : ઈમામ ક્યારે ક્યામ નથી કરતા ?

(૯૧૦) ખુદાની કસમ, અય સુદૈર ! જો મારા શીઆઓની સંખ્યા આ ઘેટાઓ જેટલી હોય તો પણ હું ક્યારેય બેસી ન રહેત. (અને જરૂર ક્યામ કરતે.)

એ પછી અમે એ જગ્યાએ પડાવ નાખ્યો અને નમાઝ અદા કરી. જ્યારે નમાઝ અદા કરી ચુક્યા તો મેં ઘેટાઓ તરફ ફરીને જોયું અને તેની સંખ્યા ગણી, તો તે કુલ સત્તર (૧૭) હતા.

(૯૧૧) જ્યારે ઇમામની પાસે બદરના રહેવાસીઓની સંખ્યા જેટલા ૩૧૩ લોકો ભેગા થઈ

જશે ત્યારે તેઓ (જેહાદ માટે) ક્યામ કરશે. અને (ફાસિક વ્યવસ્થાતંત્રમાં) પરિવર્તન વાજિબ થઈ જશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૯૧૨) મુફઝઝલ બિન કૈસ કહે છે કે મને હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)એ પૂછ્યું કુફામાં અમારા શીઆઓની સંખ્યા કેટલી છે ? મેં કહ્યું : પચાસ હજાર.

(અમારી વચ્ચે) વાતો થતી રહી. છેલ્લે ઈમામ (અલયિહિસ્સલામ) એ ફરમાવ્યું : *ખુદાની કસમ મને*

એ વાત પસંદ છે કે કુફામાં પચીસ માણસ એવા હોય કે જે અમારી મઅરેફત ધરાવતા હોય અને તેઓ અમારા વિશે હક વાત સિવાય બીજુ કાંઈ કહેતા ન હોય.

પ્રકરણ - ૩૦ : મોઅતઝલાહની દ્રષ્ટિએ ઝાલિમ ઇમામોની સામે કયામ કરવો

* ઇબ્ને અબીલ હદીદ કહે છે કે : અમારા સહાબીઓની નજરોમાં ઝાલિમ ઇમામોની વિરૂધ્ધમાં ક્યામ કરવો વાજિબ છે. અને એ પણ છે કે ફાસિક હાકિમ, જે કોઈ પણ શંકા વગર પ્રભુત્વ મેળવી લે તો એ જાએઝ નથી કે-જે માણસ તેની વિરૂધ્ધમાં બગાવત કરે અને તે દીન પ્રત્યે પોતાનો સંબંધ દર્શાવતો હોય અને અમ્ર બિલ મઅરૂફ અને નહય અનિલ મુન્કર કરતો હોય. તેની સામે તેનું રક્ષણ કરવું જોઈએ, બલ્કે તેની વિરૂધ્ધ બગાવત

કરનારની મદદ કરવામાં આવશે. ભલે પછી તે કોઈ પણ દીની બાબતોમાં શંકાને કારણે અકીદો રાખવામાં ગુમરાહ હોય....

** અનુવાદકની નોંધ:- ઉપર જણાવેલ બાબતનો અકીદો શીઆઓનો નથી, પણ મોઅતઝલહ એટલે કે એહલે સુન્નત વલ જમાઅતનો છે.*

વિભાગ - ૨૨ : ઇમામત (૨) - ઇમામતે ખાસ્સહ

પ્રકરણ - ૧ : ઇમામની પસંદગી

(૯૧૩) સઅદ બિન અબ્દુલ્લાહ કુમ્મી કહે છે : ..... મેં હઝરત હુજ્જતુલ્લાહ ઇમામુલ અસ્રબ અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફની ખિદમતમાં અર્ઝ કરી કે: મૌલા, એ વાત ઇરશાદ ફરમાવો કે લોકોને પોતાના ઈમામ પોતાની મેળે પસંદ કરી લેવાથી શા માટે રોકવામાં આવ્યા છે ?

ઇમામે ઝમાના (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)એ ફરમાવ્યું: સાલેહ કે ગૈર સાલેહ ? (એટલે કે સારા ઈમામ કે ખરાબ) મેં કહ્યું: સાલેહ, ત્યારે આપ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)એ ફરમાવ્યું : એ વાત બધા જાણે છે કે કોઈ માણસ કોઈના દિલની વાત જાણતું નથી, કે કોના દિલમાં સારી વાત છે અને કોના દિલમાં ખરાબ વાત છે ? એ રીતે જ્યારે કોઈને (ઇમામ તરીકે) પસંદ કરી લેશે, તો શું એ વાત શક્ય નથી કે તે કોઈને સાલેહ સમજીને પસંદ કરી લે અને પછી ગૈર સાલેહ સાબિત થાય.

મેં કહ્યું : બિલ્કુલ શક્ય છે, ઈમામ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)એ ફરમાવ્યું કે તેનું કારણ એ જ છે. હવે હું તારી સામે એક દલીલ રજુ કરૂં છું, જેને તારી અકલ કબૂલ કરી લેશે. હવે મને એ પયગમ્બર વિશે કહે કે જેને ખુદાએ ખાસ (પસંદ કરેલા) બનાવ્યા, તેઓ પર કિતાબો નાઝીલ થઈ તેઓને વહી અને ઇસ્મત થકી સમર્થન આપ્યું. અને તેઓ સૃષ્ટિના તમામ લોકો કરતા (અમલી રીતે પણ) મહાન અને ઉચ્ચ દરજ્જો ધરાવે છે. તેઓ બીજા લોકો કરતા સારી પસંદગી કરી શકે કે નહીં ? જેમકે હ. મૂસા (અલયિહિસ્સલામ) અને હ. ઈસા (અલયિહિસ્સલામ)માં અકલની ઉચ્ચતા

(પ્રચૂરતા) અને ઇલ્મમાં પૂર્ણ હોવા પછી, શું એ શક્ય છે કે તેઓ કોઈને મોઅમિન સમજીને પસંદ કરે પણ પાછળથી તે મુનાફિક સાબિત થાય ? મેં કહ્યું : ના.

ઇમામ (અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફ)એ ફરમાવ્યું : હ. મૂસા (અલયહિસ્સલામ) એ તેમની સંપૂર્ણ અકલ, કમાલે ઇલ્મ અને તેમની ઉપર વહી નાઝીલ થતી હતી (આટલો બધો મરતબો હોવા) છતાં પોતાના રબ સાથેની મુલાકાત માટે પોતાની કૌમના કેટલાક લોકો અને લશ્કરના સરદારોમાંથી સિત્તેર માણસોને પસંદ કર્યા, જેમના ઈમાન અને

ઇખ્લાસમાં રતિભાર પણ શક કરી શકાય તેમ ન હતું. તેમ છતાં, તેમની પસંદગી એ જાહેર કરે છે કે તે લોકોમાં મુનાફિક પણ હતા. ખુદાવંદે આલમ અઝઝ વ જલ્લનો ઇરશાદ છે, અને મૂસાએ પોતાની કૌમમાંથી સિત્તેર માણસો અમારી મુલાકાતના ઠરાવેલા સમય માટે પસંદ કરી લીધા.... (સૂ. અઅરાફ આ.૧૦૦) આમ, આપણા માટે એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઈ જાય છે કે એક ખાસ નબી સાલેહની પસંદગીમાં સાલેહની જગ્યાએ ગૈર સાલેહ પણ હોઈ શકે છે. હકીક્તમાં, તેઓ તેમને ગૈર સાલેહ નહીં પણ સાલેહ સમજતા હતા. આમ, અમે એ તારણ કાઢીએ છીએ કે પસંદગીનો

હક ફક્ત એને જ છે જે દિલના છૂપા રહસ્યોને જાણે છે.

પ્રકરણ-૨ : “હું તમારી વચ્ચે બે ભારે વસ્તુ છોડીને જઈ રહયો છું...”

“હું તમારી વચ્ચે બે ભારે વસ્તુ છોડીને જઈ રહયો છું...”

(૯૧૪) હું તમારી વચ્ચે બે ભારે વસ્તુઓ મૂકીને જઈ રહયો છું. જ્યાં સૂધી તમે તે બંનેને મજબૂતીથી પકડી રાખશો ક્યારેય પણ ગુમરાહ નહીં થાવ. તેમાંથી દરેક એક બીજાથી મોટી છે. એક કિતાબે

ખુદા (કુરઆન) છે જે આસમાનથી જમીન સૂધીની એક લાંબી રસ્સી છે અને બીજી મારી ઇતરત છે એટલે કે મારી એહલેબૈત છે. યાદ રાખો! આ બંને મારા સૂધી હૌઝે કવસર પર પહોંચતા પહેલા કદાપિ જુદા નહીં થાય.

નોંધ :- મૂળ કિતાબમાં આ હદીસના ૨૫ (પચ્ચીસ)થી વધારે હવાલા આપવામાં આવ્યા છે.

પ્રકરણ - ૩ : તમારા પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની એહલેબૈતની સાથે રહો

(૯૧૫) તમારા પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની એહલેબૈત અલયહેમુસ્સલામને જુઓ, તેમની સાથેની દીશાને અપનાવો. તેમના બતાવેલા માર્ગે ચાલો. કેમકે, તે તમને હિદાયતથી બહાર જવા નહીં દે, ન તો તે તમને વિનાશ(ના માર્ગ) તરફ ફેરવશે. જો તેઓ ક્યાંય બેસી જાય તો તમે પણ બેસી જાવ. જો તેઓ ઊભા થઈ જાય તો તમે પણ ઊભા થઈ જાવ.

(એટલે કે બધી જ બાબતોમાં તેમનું અનુસરણ કરો.)

(૯૧૬) ખબરદાર! આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)નું ઉદાહરણ આસમાની સિતારાઓ સમાન છે. જ્યારે કોઈ એક સિતારો ડુબી જાય છે કે તુરત જ બીજો સિતારો ઉગી નિકળે છે. જાણે અલ્લાહ તઆલા તરફથી તમારા માટે તમામ અહેસાનાત પૂર્ણતા સૂધી પહોંચી ચુક્યા છે. અને જે વસ્તુની તમારી આરઝુ હતી તેને ખુદાએ પૂરી કરી દીધી છે.

(૯૧૭) અમે નબુવ્વતના વૃક્ષો, રિસાલત નાઝીલ થવાની જગ્યા, ફરિશ્તાઓના આવવા-જવાની જગ્યા, ઇલ્મની ખાણો, અને હિકમતોના ઝરણા છીએ. ...

(૯૧૮) ખુદાની કસમ, મને ખુદાઈ સંદેશો પહોંચાડવા, વાયદાઓને પુરા કરવા, અને આયતોની સાચી તાવીલ (અર્થઘટન) કરવાનું શ્રેષ્ઠ ઇલ્મ છે. અને અમો એહલેબૈત (અહલેબૈતે નબુવ્વત)ની પાસે ઇલ્મ અને મઅરેફતના દરવાજા અને શરીયતના ઝળહળતા માર્ગ છે.

(૯૧૯) અમારા વિશે ખોટી વાતો ઉપજાવી કાઢનારાઓ અને અમારી સામે બંડ પોકારીને જે લોકોએ - અમારી સિવાય બીજા લોકોને 'રાસેખુન ફીલ ઇલ્મ' સમજી લીધા છે, એવા લોકો ક્યાં છે ? ... અમારા જ માધ્યમથી હિદાયતની ભીખ માંગી શકાય છે. અને (ગુમરાહીઓના) અંધાપાને દૂર કરી શકાય છે.

(૯૨૦) એવા લોકો વિશે ફરમાવ્યું કે જેઓએ એહલેબૈતે પયગમ્બર અલયહેમુસ્સલામને છોડી દીધા હતા. "આ લોકોએ દુનિયાને અગ્રતા આપી અને આખેરતને પીઠ પાછળ નાખી દીધી. સ્વચ્છ

અને નિર્મળ પાણીને છોડી દુર્ગંધ મારતું અને ડહોળું પાણી પી લીધું. જાણે કે હું ફાસિક (અને ફાજિર)ને જોઈ રહયો છું કે જેઓ બુરાઈઓનો સાથ આપી રહ્યા છે અને તેઓથી પ્રભાવિત થઈ ગયા છે.....”

(૯૨૧) એક ખુત્બામાં અઇમ્મા અલયહેમુસ્સલામના જીવન અને તેમના ગુણોનું વર્ણન કરતા ફરમાવ્યું : “... તેમને અલ્લાહ તઆલાએ લોકો માટે જીંદગી, અંધકારમાં પ્રકાશ, વાતચીત માટેની ચાવી અને ઇસ્લામ માટે સ્તંભરૂપ બનાવ્યા છે.”

(૯૨૨) તેઓ (અઇમ્મએ એહલેબૈત અલયહેમુસ્સલામ) ઇલ્મ માટે જીવનની પુંજી અને

જહાલત માટે મૌતના કારણરૂપ છે. એ લોકો તે જ છે કે જેમની હિકમતો તેમના ઇલ્મના, તેમનું મૌન તેમની વાતચીતની અને તેમનું જાહેર તેમના આંતિરકની સાક્ષી આપે છે. તેઓ ન તો દીનની વિરૂધ્ધમાં કોઈ કાર્ય કરે છે. અને ન તો તેમાં વિવાદ ઊભા કરે છે. તેઓ વચ્ચે દીન એ સાચો સાક્ષી અને ખામોશ વક્તા છે.

(૯૨૩) અઇમ્મએ અત્હાર ખુદાની તરફથી તેમની મખ્લૂકમાં અલ્લાહે નીમેલા હાકિમ, અને તેમના બંદાઓની મઅરેફત ધરાવનારા છે. જન્નતમાં માત્ર તે જ માણસ દાખલ થશે જે અઇમ્માની મઅરેફત

ધરાવતો હશે. અને અઇમ્મા તેમને ઓળખતા હશે. તેવી જ રીતે જહન્નતમમાં માત્ર એ જ માણસ હશે કે જે ન તો અઇમ્માને ઓળખતો હશે અને ન તો અઇમ્મા તેનાથી વાકેફ હશે.

(૯૨૪) અમે જ પયગમ્બરના સૌથી વધારે નઝદીક અને (તેમના) અસ્હાબમાં હિકમતના ખઝાનાઓ, અને (ઇલ્મના) દરવાજા છીએ. અને ઘરોમાં દરવાજામાંથી જ પ્રવેશી શકાય છે. જે માણસ દરવાજા સિવાય ક્યાંયથી દાખલ થાય તે ચોર કહેવાશે.

(૯૨૫) તેઓ (અહલબૈત અલયહેમુસ્સલામ) કુરઆનમાં જેમની ખુબીઓનું વર્ણન થયું છે, તેવા લોકો છે, જેઓ ખુદાવંદે રહમાનના ખઝાનાઓ છે. જ્યારે તેઓ બોલે છે ત્યારે સાચું બોલે છે, અને જો મૌન રહે છે તો કોઈ તેમના પર અગ્રતા મેળવી શકતું નથી.

(૯૨૬) (અમે) અહલેબૈત જ એ વિશ્વાસના કેન્દ્ર છીએ કે પાછળના લોકોએ અમારી સાથે આવીને મળી જવું જોઈએ અને આગળ વધી ગયેલાઓએ અમારી તરફ પાછું ફરવું જોઈએ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૨૭) અમારી પાસે હકનો પરચમ (ધ્વજ) છે, જે તેની પાછળ આવશે તે તેની સાથે મળી જશે અને જે તેનાથી ફરી જશે તે ડૂબી જશે. ખબરદાર, અમારી મારફત જ દરેક મોઅમિનની અસલીયતને પારખી શકાય છે. અને અમારા કારણે જ તમારી ગરદનો પરથી ઝીલ્લતની રસ્સીને ખોલવામાં આવે છે. તમારાથી નહી, પણ અમારાથી જ ખુદાએ દીનનો પ્રારંભ કર્યો છે. અને તમારા થકી નહીં પણ અમારા થકી જ દીન તેની પૂર્ણતાએ પહોંચી જશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૯૨૮) મારી એહલેબૈતની મિસાલ નુહની કશ્તી સમાન છે. જે તેમાં સવાર થયો, તેણે મુક્તિ મેળવી અને જે તેનાથી પાછળ રહી ગયો એટલે કે સવાર ન થયો. તે ડુબી ગયો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૨૯) આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઝિક્ર કરતા ઇરશાદ ફરમાવ્યું : તેઓ ખુદાના હુકમના અમાનતદાર અને તેના દીનનું રક્ષણસ્થાન છે. ઇલ્મે ઇલાહીના ખજાના અને હિકમતોના કેન્દ્ર છે. (આસમાની) કિતાબોની ખીણો

અને દીનના પહાડ છે. તેમની મારફત અલ્લાહે દીનની પીઠને સીધી (મજબૂત) કરી છે. અને તેમના પહેલુમાંથી અશક્તિની ધ્રુજારીને દૂર કરી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૩૦) ખબરદાર, જે માણસની પાસે હક અને સચ્ચાઈ છે, તેણે અમો એહલેબૈત અલયહેમુસ્સલામ પાસેથી જ મેળવેલ છે. અને જે માણસ હક અને અદલના જરૂરિયાતને પૂરી કરે છે, તેની ચાવી દરવાજા અને શરૂઆત હઝરત અમીરૂલ

મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબની સુન્નત જ છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ-૪ : તેઓથી જ પ્રારંભ અને તેઓથી જ પૂર્ણતા

(૯૩૧) અય અલી, ખુદાવંદે આલમે જે રીતે અમારી મારફત દીનનો પ્રારંભ કર્યો છે, તેવી જ રીતે અમારી મારફત દીનને તેની સંપૂર્ણતા સૂધી પહોંચાડશે. અને અમારી જ મારફત લોકોના દિલમાં તમારી સામેના બુગ્ઝ અને અદાવત પછી (તમારા પ્રત્યેની) મોહબ્બત પૈદા કરે છે.

(૯૩૨) હઝરત અલી (અલયહિસ્સલામ)ની સામે ફીત્નાઓનો ઉલ્લેખ કરીને ફરમાવ્યું : "એટલે સૂધી કે તેમની પાસે અદલ પહોંચી જશે."

(હઝરત અલી (અલયહિસ્સલામ) ફરમાવે છે કે): મેં અર્ઝ કરી: યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ), એ અદલ અમારા તરફથી હશે કે બીજા કોઈ તરફથી હશે?

ફરમાવ્યું: બલ્કે અમારા તરફથી, ખુદાવંદે આલમ અમારા તરફથી અમારી મારફત પ્રારંભ કરે છે, અને અમારી જ મારફત પૂર્ણ કરે છે. અમારી જ મારફત ખુદાએ (લોકોના દિલોમાં તેમના) શિર્ક પછી મોહબ્બત પૈદા કરી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૩૩) આઝમાઈશોની શરૂઆત પહેલા અમારાથી થાય છે પછી તમારાથી. અને આસાનીઓની શરૂઆત પણ પહેલા અમારાથી થાય છે, પછી તમારાથી. મને એ ઝાતની કસમ જેની (ખુદાની) કસમ ખાવામાં આવે છે. અલ્લાહ તબારક વ તઆલા તમારી મારફત મદદ કરશે. જે રીતે તેણે (અબાબીલની) કાંકરીઓથી (અસ્હાબે ફીલ ઉપર) પ્રભૂત્વ મેળવી લીધું હતું.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૫ : અમારી ઉપર લોકો ઝુલ્મથી હુકૂમત કરતાં હોવાનું કારણ

(૯૩૪) લોકોએ અમારા સ્થાન અને મરતબા વિશે અમારા ઉપર ઝુલ્મ કર્યો, હકીકતમાં વંશ અને ફૂળના હિસાબે પણ અમો સૌથી ઉચ્ચ અને ઉત્તમ છીએ. અને રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) સાથે પણ અમારો ગાઢ સંબંધ છે. તેનું કારણ એ છે કે આ એક એવો હુકમ છે, કે જેના વિશે અમુક લોકોએ કંજુસાઈ કરી છે અને અમુક લોકોએ દરિયાદિલી દર્શાવી છે. અને ફેંસલો ખુદાના હાથમાં છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : અમારે સલ્તનતી જરૂરત નથી..

(૯૩૫) ખુદાવંદા, તું જાણે છે કે જે કાંઈ અમે કર્યું છે તે કોઈ સલ્તનત માટે નથી કર્યું અને ન તો અમારે એવી કોઈ બેકાર અને ફુઝૂલ વસ્તુની કોઈ જરૂરત હતી. જો અમે હુકુમતને કબૂલ કરી તો ફક્ત એ માટે કે તારા દીન અને ઓલૂમ અને મઅરેફતને તેના મૂળ સ્થાને પલટાવીએ અને તારા શહેરોમાં (મઝહબી) વાતાવરણની સુધારણા કરીએ, જેથી તારા મઝલૂમ બંદાઓને સુખનો શ્વાસ લેવાનું નસીબ થાય, અને તારી બરતરફ થએલી હદોને કાયમ કરી શકાય.

- હઝરત ઈમામ અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૭ : જો લોકોનો દીન છોડી જવાનો ભય ન હોત તો ...

(૯૩૬) મેં નજર દોડાવી તો મારા એહલેબૈત સિવાય ન તો કોઈ મારા સહાયક છે અને ન તો મદદગાર. તેથી મેં તેમના મૌતના ભયના કારણે સબ્ર કરી. જ્યારે મારી આંખોંમાં (ગમ અને ઉદાસી) ખટક હતી અને હલ્કમાં ગમ અને નિરાશાના ફંદા હતા.....

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૩૭) ખુદાની કસમ, ન તો મેં કલ્પના કરી અને ન તો મારા દિલમાં એ ખ્યાલ આવ્યો કે અરબના રહેવાસીઓ અમ્ર (અમ્રે ખિલાફત)ને પયગમ્બરે ઇસ્લામ પછી તેના એહલેબૈત અલયહેમુસ્સલામથી દૂર કરી દેશે... એટલે સૂધી મેં જોયું કે કેટલાક લોકો ઇસ્લામથી હટી ગયા અને દીને મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને નાબૂદ કરવા માટે બોલાવવા લાગ્યા ત્યારે મને શંકા થઈ કે જો હું ઇસ્લામ અને મુસલમાનોનું રક્ષણ નહીં કરૂં તો દીનમાં તીરાડ પડવાને અને તેનો નાશ થવાની શક્યતા છે. તેથી એ વખતે મારા માટે તે કરતાય વધારે આ મોટી મૂસીબત હશે.

(૯૩૮) ખુદાની કસમ, જો મુસલમાનોને કુફ્ર તરફ ફરી જવાનો અને દીનને છોડી જવાનો ભય ન હોત (તો હું ખિલાફત માટેનો હક મેળવવા માટે ઉભો થઈ જાત.) પરંતુ અમે એ ધારણાને બદલી નાખી અને તેઓને કુફ્રની તરફ જતા અટકાવ્યા.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૩૯) સુલૈમાન બિન ખાલિદ કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી : લોકો કહે છે કે જો અલીનો હક હતો તેમને જેહાદ કરતા કઈ વસ્તુ અટકાવતી હતી ? ઈમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું :

જેહાદ કરવા માટે ફક્ત એક જ માણસને હુકમ મળ્યો હતો અને તે હઝરત રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ), જેમના વિશે (ખુદાએ ફરમાવ્યું) છે. અય રસૂલ, ખુદાની રાહમાં જેહાદ કરો અને તમે તમારી ઝાત સિવાય બીજા કોઈના જવાબદાર નથી.

પ્રકરણ - ૮ : બાર ઇમામ

(૯૪૦) (દીનનો) આ હુકમ એ સમય સૂધી પૂરો નહીં થાય જ્યાં સૂધી તેમાં બાર ખલીફા ન જઈ જાય.

(૯૪૧) લોકોનો વ્યવહાર એ સમય સૂધી ચાલતો રહેશે કે જ્યાં સૂધી તેમના પર બાર માણસો હુકુમત કરતા રહેશે, અને તે બધા કુરૈશમાંથી હશે.

(૯૪૨) મારા પછી મારા ખલીફાની સંખ્યા હઝરત મૂસા (અલયહિસ્સલામ)ના નકીબોની સંખ્યા જેટલી હશે.

(૯૪૩) જ્યાં સૂધી બાર ખલીફા રહેશે, આ દીન કાયમ રહેશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૯૪૪) સય્યદ અબ્દુલ અઝીમ હસની કહે છે કે હું મારા મૌલા હઝરત ઈમામ હઝરત અલી નકી (અલયહિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો. ત્યારે તેઓ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : અય અબુલ કાસિમ આવો તમે અમારા સાચા દોસ્ત છો. મે કહ્યું : અય ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) હું ઇચ્છુ છું કે આપની સમક્ષ મારો દીન પેશ કરૂં.

હું કહું છું : અલ્લાહ તઆલા વહદહુ લાશરીક છે, ... હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અલ્લાહના બંદા, તેના રસૂલ અને ખાતેમુન્નબીય્યીન છે, તેમના પછી કયામત સૂધી કોઈ નબી નહીં થાય.

હું એમ પણ કહું છું કે તેમના પછી ઉમ્મતના ઇમામ, પયગમ્બરના જાનશીન અને વલીએ અમ્ર અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) છે. તેમના પછી હઝરત હસન (અલયહિસ્સલામ) ઈમામ છે. પછી હઝરત હુસૈન (અલયહિસ્સલામ) ઈમામ છે. પછી હઝરત ઝયનુલ

આબેદીન (અલયહિસ્સલામ) ઈમામ છે. પછી હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ) પછી હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) પછી હઝરત મૂસા કાઝિમ (અલયહિસ્સલામ) પછી હઝરત અલી રઝા (અલયહિસ્સલામ) પછી હઝરત મોહમ્મદ તકી (અલયહિસ્સલામ) અને આપ છો.

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : પછી મારા ફરઝંદ હસન અસ્કરી (અલયહિસ્સલામ) ઈમામ થશે. અને તેમના પછી તેમના ફરઝંદ વિશે લોકોની કેવી હાલત હશે ?

મેં અરજ કરી : મૌલા એ કઈ રીતે ? ઈમામ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : કેમકે એ લોકો તેમને નહીં જોઈ શકે, અને તેમનું નામ લઈને તેમનો ઝિક્ર કરવો પણ જાએઝ નહીં હોય, એટલે સૂધી કે તેઓ ઝહૂર ફરમાવશે. અને જમીનને અદલો ઇન્સાફથી ભરી દેશે, પછી ઈમામ (અલયિહિસ્સલામ)એ ઇરશાદ ફરમાવ્યું : એ અબૂલ કાસિમ, ખુદાની કસમ, આજ ખુદાનો દીન છે જેને તેણે પોતાના બંદાઓ માટે પસંદ ફરમાવ્યો છે તમે તેના વિશે પર અડગ રહો. ખુદા તમને દુનિયા અને આખેરત પર સાબિત કદમ રાખે.

પ્રકરણ - ૯ : ઇમામનું ઇલ્મ

(૯૪૫) જ્યારે ખુદાવંદે આલમ પોતાના કોઈ બંદાને પોતાની મખ્લૂક માટે પસંદ કરી લે છે, તો એ બાબત માટે તેની છાતી પણ વિશાળ કરી દે છે, તેના દિલમાં પોતાની હિકમતના ઝરણા વહાવી દે છે અને તેને ઇલ્હામ (અંતર પ્રેરણા)ની એવી શ્રેષ્ઠતા આપે છે કે જેનાથી તે કોઈના જવાબથી ન તો લાચાર થાય છે અને ન તો સવાબના માર્ગથી આમ-તેમ ફંટાય છે.

- હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)

(૯૪૬) હઝરત અલી (અલયહિસ્સલામ) આલિમ હતા, અને તે જ ઇલ્મ વારસારૂપે (અઇમ્મહમાં) આવતું રહ્યું છે, કોઈ આલિમ એ સમય સૂધી આ દુનિયાથી વિદાય લેતા નથી, જ્યાં સૂધી બીજા આલિમ મૌજૂદ ન હોય, અથવા જેમ ખુદા ચાહે.

(૯૪૭) ખુદાની કસમ, હું કિતાબ (કિતાબે-ખુદા)ને તેના પહેલેથી છેલ્લે સૂધી બહુજ સારી રીતે જાણું છું, જાણે કે તે મારી હાથની હથેળીમાં છે. જેમાં આસમાન અને જમીન.... ની ખબરો છે. ખુદાવંદે આલમ ફરમાવે છે કે: આમાં દરેક વસ્તુનું સંતોષકારક બયાન છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

વિભાગ - ૨૨ : ઇમામત (૩) - ઇમામતે ખાસ્સહ

પ્રકરણ - ૧ : અલી (અલયહિસ્સલામ)ની મોહબ્બત

(૯૪૮) હઝરત અલી (અલયહિસ્સલામ)ની મોહબ્બત ગુનાહોને એવી રીતે ખાઈ જાય છે, જેવી રીતે કે આગ લાકડીઓને ખાઈ જાય છે.

(૯૪૯) મોઅમિનની કિતાબ (નામએ-આઅમાલ)નો વિષય હઝરત અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)ની મોહબ્બત છે.

(૯૫૦) અલ્લાહ તઆલાએ કોઈ મોઅમિનના દિલમાં હઝરત અલી (અલયહિસ્સલામ)ની મોહબ્બત એટલા માટે નથી રાખી કે તેના પગ લપસી જાય, જ્યારે કયામતના દિવસે જ્યારે મોઅમિનના પગ લપસવા લાગશે, ત્યારે ખુદાવંદે તઆલા તેને લપસવા નહીં દે.

પ્રકરણ - ૨ : મોઅમિન તમારાથી દુશ્મની અને

મુનાફિક તમારાથી મોહબ્બત નહીં રાખે...

(૯૫૧) (હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અય અલી (અલયહિસ્સલામ) તમારી સાથે મોઅમિન સિવાય કોઈ મોહબ્બત નહીં કરે અને મુનાફિક સિવાય કોઈ દુશ્મની નહીં રાખે.

(૯૫૨) જો હું મોઅમિનના નાક ઉપર તલવાર રાખીને મારી સાથે દુશ્મની કરવાનું કહું તો તે એમ હરગીઝ નહીં કરે. તેવી જ રીતે મુનાફિકની સામે

આખી દુનિયાની સંપતિ રાખીને મારી સાથે દોસ્તી કરવાનું કહું તો તેમ નહીં કરે. કેમકે આ વાત નબીએ ઉમ્મી, સરકારે રિસાલત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની પવિત્ર જીભથી જાહેર થઈ ચુકી છે કે "અય અલી (અલયહિસ્સલામ)! તમારી સાથે મોઅમિન દુશ્મની નહીં રાખે અને મુનાફિક દોસ્તી નહીં કરે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : હઝરત અલી (અલયહિસ્સલામ) નેક લોકોના ઈમામ છે

(૯૫૩) હઝરત અલી (અલયહિસ્સલામ) નેક લોકોના ઈમામ અને દુષ્ટ લોકોના કાતિલ છે. જે તેઓની મદદ કરશે તેમની પણ (ખુદાની તરફથી) મદદ કરવામાં આવશે અને જેઓ તેઓને છોડી દેશે તેમને પણ છોડી દેવામાં આવશે.

(૯૫૪) (હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) હઝરત અલી (અલયહિસ્સલામ)ને ફરમાવે છે: "મુસલમાનોના સરદાર અને મુત્તકીઓના ઈમામ આવો."

(૯૫૫) અય અલી ! અલ્લાહ તઆલાએ ... આપને મીસ્કીનોની મોહબ્બત અતા ફરમાવી છે. અને તે આપની ઇમામત પર રાજી અને ખૂશ છે. અને હું તેમનાથી (આપના પૈરવકાર તરીકે) ખૂશ છું.

(૯૫૬) અલી વિશે મને વહી થઈ છે કે તે મુસલમાનોના સરદાર, મુત્તકીઓના ઇમામ, પ્રકાશિત કપાળ અને પ્રકાશિત હાથ વાળા લોકોના સરદાર છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪ : હઝરત અલી (અલયહિસ્સલામ) તમારા ઈમામ છે

(૯૫૭) શું હું તમને એ બાબતની જાણ ન કરૂં કે જેના વિશે તમને પૂછવામાં આવે તો તમે વિનાશથી બચી જાવ ? (તે બાબત આ છે કે) બેશક તમારો વલી અલ્લાહ છે. અને તમારા ઈમામ અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) છે. તેથી તમે તેઓ સાથે ખૈરખ્વાહીની સાબિતી આપો. અને તેઓનું સમર્થન કરો. કેમકે આ વાત મને જિબ્રઈલે જણાવી છે.

(૯૫૮) અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત અલી (અલયહિસ્સલામ) વિશે મને એક પરિપક્વ વાત કહેવાની ઇચ્છા કરી ત્યારે મેં અર્ઝ કરી : ખુદાવંદા ઇરશાદ ફરમાવ. ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : સાંભળ, મેં અર્ઝ કરી : સાંભળી રહયો છું. ફરમાવ્યું : અલી હિદાયતના પરચમ, મારા અવ્લીયાના ઇમામ, મારી ઇતાઅત કરનારા બંદાઓના નૂર અને મારા એ કલમા છે જેને મેં મુત્તકી લોકો માટે જરૂરી ગણાવ્યા છે. જે તેઓ સાથે મોહબ્બત કરશે તે મારી સાથે મોહબ્બત કરશે અને જે તેઓની ઇતાઅત કરશે તે મારી ઇતાઅત કરશે.

(૯૫૯) અલ્લાહ તબારક વ તઆલાએ મને અલી વિશે એક પરિપક્વ વાત કહેવા ચાહી, તો મેં અર્ઝ કરી : પરવરદિગાર બયાન ફરમાવ. ઇરશાદ ફરમાવ્યું : સાંભળ, મેં અર્ઝ કરી સાંભળી રહયો છું. ફરમાવ્યું : અલી હિદાયતના પરચમ અને મારા અવલીયાના ઈમામ છે તેથી તમે પણ તેને આ વાતની ખૂશખબરી સંભળાવી દો. હઝરત અલી (અલયહિસ્સલામ) આવી ગયા. અને મેં તેઓને આ ખુશખબરી સંભળાવી દીધી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : હઝરત અલી (અલયહિસ્સલામ) મારા ખલીફા છે

(૯૬૦) બેશક, મારા ભાઈ, મારા વઝીર, મારા અહલ અને મારા પછી મારા શ્રેષ્ઠ વારસામાં મારા ખલીફા, મારા કર્ઝને અદા કરનાર અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) છે.

(૯૬૧) મારી પાસે જિબ્રઈલ આવ્યા અને કહ્યું : "અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ), આપનો રબ આપને ફરમાવે છે કે અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ), આપના

વસી અને આપના એહલેબૈત અને ઉમ્મત પર આપના ખલીફા છે....”

(૯૬૨) હઝરત અલી (અલયહિસ્સલામ) તરફ ઇશારો કરીને ફરમાવ્યું : “બેશક, આ મારા ભાઈ, મારા વસી, અને તમારામાં મારા ખલીફા છે. તેથી તમે તેઓ(ની વાતો)ને સાંભળો અને તેઓની ઇતાઅત કરો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૬ : હઝરત અલી (અલયહિસ્સલામ) મારા વસી છે

(૯૬૩) મારા વસી, મારા રહસ્યના સ્થાન હું જે કાંઈ મારી પાછળ મુકી જઈશ, તે બધાથી શ્રેષ્ઠ અને મારા વાયદાઓને પૂરા કરનાર અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) છે.

(૯૬૪) દરેક નબીના એક વસી હોય છે અને અલી (અલયહિસ્સલામ) મારા વસી અને વારસદાર છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૭ : જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે

(૯૬૫) જેમનો હું મૌલા છું, તેના અલી (અલયહિસ્સલામ) મૌલા છે.

(૯૬૬) ... અય બુરૈદહ, શું હું મોઅમિનોના નફસ પર તેમના કરતાં શ્રેષ્ઠ નથી ? મેં કહ્યું : જરૂર, યા રસૂલલ્લાહ. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે.

(૯૬૭) અબ્દુરરહેમાન બિન અબી લૈલા કહે છે : મેં અલી (અલયહિસ્સલામ)ને જોયા કે આપ લોકોને

કસમ આપીને કહી રહ્યા હતા. “હું તમને ખુદાની કસમ આપીને કહું છું કે જેમણે ગદીરે ખુમની જગ્યાએ પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને *‘મન કુન્તો મવ્લાહો ફ હાઝા અલીય્યુન મવ્લાહ’* કહેતા સાંભળ્યા અને જોયા હોય તે ઊભા થઈ જાય.

અબ્દુર રહેમાન કહે છે કે તે વખતે બાર અસ્હાબ ઊભા થયા તેમાંથી એકે શલવાર પહેરી હતી. તેમણે કહ્યું : અમે ગવાહી આપીએ છીએ કે રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને અમે ગદીરે ખુમમાં આમ કહેતા

સાંભળ્યા હતા : *અલસ્તો અવલા બિલ મોઅમેનીન* - શું હું મોઅમિનોથી અધિકારમાં શ્રેષ્ઠતા ધરાવતો નથી ? ત્યારે અમે બધાએ કહ્યું : યા રસૂલલ્લાહ નિશંક આપ અવલા બિત્તસર્રૂફ (અધિકારમાં શ્રેષ્ઠતા ધરાવો) છો. ત્યારે આં જનાબે ફરમાવ્યું : તો જેનો હું મવલા છું તેમના આ અલી મવલા છે. અય અલ્લાહ જે અલીને દોસ્ત રાખે તું તેને દોસ્ત રાખ અને જે અલી સાથે દુશ્મની રાખે તેની સાથે તું પણ દુશ્મની રાખ.

પ્રકરણ-૮ : મારા પછી અલી (અલયહિસ્સલામ) તમામ મોઅમિનોના વલી છે

(૯૬૮) એ વાતમાં કોઈ શક નથી કે અલી મારાથી છે અને હું અલીથી છું. અને તે મોઅમિનોના વલી છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૬૯) ઉમર બિન હસીનનું કહેવું છે કે રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ એક લશ્કર મોકલ્યું, જેના અમીર હઝરત અલી

(અલયિહિસ્સલામ)ને નીમ્યા. તેઓએ પ્રવાસમાં એવું કામ કર્યું જે અમને ગમતુ ન હતું. જ્યારે અમે સફરમાંથી પાછા ફર્યા ત્યારે રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં પહોંચ્યા અને તેઓને સલામ કરી, અમારામાંથી એક માણસે આગળ વધીને કહ્યું : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ), અલીએ આ કામ કર્યું છે. બીજો એક માણસ ઉભો થઈને એ જ વાત કહેવા લાગ્યો, જે પહેલા માણસે કહી હતી. એટલે સૂધી કે ચાર માણસો એક પછી એક ઊભા થયા. પરંતુ આપે દરેકથી મોઢું ફેરવી લીધું. ચોથા માણસને

સંબોધીને રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું. તે વખતે આપના ચહેરાનો રંગ બદલાઈ ગયો હતો. “અલી (અલયહિસ્સલામ)ની વાત ન કરો. અલી (અલયહિસ્સલામ)નો ઝિક્ર (કરવાનું) રહેવા દયો. કેમકે અલી (અલયહિસ્સલામ) મારાથી છે, અને હું અલી (અલયહિસ્સલામ)થી છું. અને તે મારા પછી મોઅમિનોના વલી છે.

(૯૭૦) વહબ બિન હમ્ઝા કહે છે : મેં મદીનાથી મક્કા સૂધીનો પ્રવાસ હઝરત અલી (અલયહિસ્સલામ) સાથે કર્યો. પ્રવાસમાં મેં હઝરત

અલી (અલયહિસ્સલામ)નો એક એવો અમલ જોયો જે મને અણગમતો લાગ્યો. મેં નક્કી કર્યું કે જ્યારે આ હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં જઈશ ત્યારે તેઓ પાસે હઝરત અલી (અલયહિસ્સલામ)ની ફરિયાદ કરીશ. જ્યારે હું પાછો ફરીને આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો ત્યારે તેમના વિશે ફરિયાદ કરી. એ સાંભળીને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું : આ વાત વિશે હરગીઝ ન કરો. કેમકે અલી મારા પછી તમારા વલી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૭૧) બુરૈદહ અસ્લેમા કહે છે : રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ અમને હુકમ આપ્યો કે અમે હઝરત અલી (અલયહિસ્સલામ)ને *અમીરૂલ મોઅમેનીન* કહીને સલામ કરીએ. એ વખતે અમે સાત માણસો હતા. અને હું તેઓ બધામાં સૌથી નાનો હતો.

પ્રકરણ - ૯ : અલી હકની સાથે છે

(૯૭૨) અલી (અલયહિસ્સલામ) હકની સાથે છે અને હક અલી (અલયહિસ્સલામ)ની સાથે છે. જે બાજુ અલી (અલયહિસ્સલામ) ફરે છે, હક પણ તે બાજુ ફરે છે.

- હઝરતે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૯૭૩) હક તેઓની સાથે છે, એક તેઓની સાથે છે. એટલે કે હક હઝરત અલી (અલયહિસ્સલામ)ની સાથે છે.

(૯૭૪) અલી (અલયહિસ્સલામ) જે બાજુ ફરશે હક તેઓની સાથે હોય છે.

(૯૭૫) ખુદાયા ! હકને એ બાજુ ફેરવી દે જે બાજુ હઝરત અલી (અલયહિસ્સલામ) ફરે.

(૯૭૬) હક અલી (અલયહિસ્સલામ)ની સાથે છે, અને અલી (અલયહિસ્સલામ) હકની સાથે છે. તે બંને કયામતના દિવસે મારી પાસે હૌઝે કવ્સર પર પહોંચતા પહેલા એક બીજાથી જુદા નહીં થાય.
- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૦ : અલી કુરઆનની સાથે છે

(૯૭૭) અલી (અલયહિસ્સલામ) કુરઆનની સાથે છે, અને કુરઆન અલી (અલયહિસ્સલામ)ની સાથે છે, એ બંને મારી પાસે હૌઝે કવ્સર પર પહોંચતા પહેલા એકબીજાથી જૂદા નહીં થાય.

(૯૭૮) અલી (અલયહિસ્સલામ) હક અને કુરઆનની સાથે છે અને હક અને કુરઆન અલી (અલયહિસ્સલામ)ની સાથે છે. એ બંને મારા સૂધી હૌઝે કવ્સર પર પહોંચતા સૂધી જુદા નહીં થાય.

(૯૭૯) ... અલી (અલયહિસ્સલામ) કુરઆનની સાથે છે, અને કુરઆન અલી (અલયહિસ્સલામ)ની સાથે છે. આ બંને જ્યાં સૂધી મારી પાસે હૌઝે કવ્સર પર પહોંચી નહીં જાય ત્યાં સૂધી એકબીજાથી જુદા નહીં થાય. હું જે કાંઈ તેઓ બંનેની મારફત છોડીને જઈ રહયો છું, તમે ખૂદ તેઓને જ પુછજો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૧ : અલી હુજ્જતે ખુદા છે

(૯૮૦) અનસ કહે છે : હું હઝરત રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની પાસે બેઠો હતો. યોગાનુયોગ હઝરત અલી (અલયહિસ્સલામ) પણ ત્યાં તશરીફ લાવ્યા. તેઓને જોઈને હઝરત નબીએ પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : અનસ ! આ (એટલે કે હઝરત અલી અલયહિસ્સલામ) અને હું ખુદાની મખ્લૂક પર ખુદાના હુજ્જત છીએ.

પ્રકરણ - ૧૨ : અલી મારા ઇલ્મનું પ્રવેશદ્વાર છે

(૯૮૧) હું ઇલ્મનું શહેર છું અને અલી (અલયહિસ્સલામ) તેના દરવાજા છે. જે ઇલ્મ મેળવવા માંગતું હોય તેણે દરવાજામાંથી આવવું જોઈએ.

(૯૮૨) અલી (અલયહિસ્સલામ) મારા ઇલ્મનું પ્રવેશાર છે.

(૯૮૩) હું કિહમતનું ઘર છું અને અલી (અલયહિસ્સલામ) તેના દરવાજા છે.

(૯૮૪) અલી (અલયહિસ્સલામ) મારા ઇલ્મના દરવાજા છે, હું જે બાબતો સાથે રિસાલતના હોદ્દા પર નીમવામાં આવ્યો છું, મારા પછી અલી (અલયહિસ્સલામ) તેને બયાન કરશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૩ : મારા પછી અલી સૌથી વધારે હાકિમ છે

(૯૮૫) મારા પછી ઉમ્મતના સૌથી મોટા હાકિમ અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) છે.

(૯૮૬) અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) ખુદાને સૌથી વધારે જાણે છે. અને *લાએલાહા ઇલ્લલ્લાહ* કહેવાના કારણે - અને તેનું માન જાળવવાના કારણે તેના બંદાઓને પણ જાણે છે.

(૯૮૭) અલી (અલયહિસ્સલામ) મારા ઇલ્મના દરવાજા છે, અને મારા પછી એ બાબતોને બયાન

કરનારા છે, જે બાબતો સાથે મને રિસાલતના હોદ્દા પર નીમવામાં આવ્યો છે.

(૯૮૮) હું ઇલ્મનું શહેર છું અને અલી (અલયહિસ્સલામ) તેના દરવાજા છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૪ : હું અને અલી એકજ વૃક્ષમાંથી છીએ.

(૯૮૯) હું અને અલી એકજ વૃક્ષમાંથી છીએ અને બાકીના લોકો જુદા જુદા વૃક્ષમાંથી છે.

(૯૯૦) અય અલી ! બીજા લોકો જુદા જુદા વૃક્ષમાંથી છે, જ્યારે તમે અને હું એક જ વૃક્ષમાંથી છીએ.

(૯૯૧) જાબિર કહે છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) અરફામાં હતા અને અલી તેમની સામે હતા. (ત્યારે) આં હઝરત

(સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ ફરમાવ્યું : અય અલી, મારી નઝદીક આવી જાવ, અને મારા પંજામાં તમારો પંજો આપો. અય અલી તમે અને હું એક જ વૃક્ષમાંથી છીએ, હું તેનું મૂળ છું, તમે થડ છો અને હસન અને હુસૈન (અલયહિસ્સલામ) તેની ડાળીઓ છે. તેથી જે માણસ તેની કોઈ પણ ડાળને પકડી લેશે તેને ખુદાવંદે આલમ બેહીશ્તમાં પહોંચાડી દેશે.

પ્રકરણ - ૧૫ : યા અલી ! તમે મારા ભાઈ છો ...

(૯૯૨) અનસ કહે છે : મેં રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું છે કે (અલી અલયહિસ્સલામને) ફરમાવી રહ્યા હતા : તું દુનિયા અને આખેરતમાં મારો ભાઈ છે.

(૯૯૩) હું પણ એ જ રીતે કહુ છું જેવી રીતે મારા ભાઈ મૂસા (અલયહિસ્સલામ)એ કહ્યું હતું ... અય મારા પરવરદિગાર ! મારી છાતીને વિશાળ કરી દે, મારા વ્યવહારને સરળ કરી દે અને મારા અહલમાંથી અલી (અલયહિસ્સલામ)ને મારા વઝીર બનાવીને તે થકી મારી કમરને મજબૂત કરી દે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૯૯૪) જ્યારે રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ તેઓના સહાબીઓ વચ્ચે ભાઈચારો કાયમ કર્યો ત્યારે હઝરત અલી (અલયહિસ્સલામ)ને કોઈના ભાઈ ન બનાવ્યા. હઝરત અલી (અલયહિસ્સલામ)એ રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં અર્ઝ કરી : "જ્યારે મેં જોયું કે આપે મને છોડીને બીજા સહાબીઓની સાથે આ ભાઈચારો કાયમ કર્યો, ત્યારે મારો જીવ નિકળી

ગયો અને મારી કમર તૂટી ગઈ, જો આપનો આ નિર્ણય મારા ઉપરની કોઈ નારાઝગીના કારણે છે તો હું માફી ચાહું છું અને આપના કરમનો તલબગાર છું.” રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : એ ઝાતની કસમ, કે જેણે મને બરહક (નબી) બનાવ્યો છે, મેં તમને મારા (ભાઈ બનાવવા) માટે બાકી રાખ્યા છે. તમે મારા માટે એ જ હૈસિયત ધરાવો છો જે હારૂનની હૈસિયત હ. મૂસા (અલયહિસ્સલામ) માટે હતી. અલબત્ત, મારા પછી કોઈ નબી નથી અને તમે મારા ભાઈ અને વારસ છો.

પ્રકરણ - ૧૬ : અલી મારાથી છે અને હું અલીથી છું

(૯૯૫) અલી (અલયહિસ્સલામ) મારાથી છે અને હું તેમનાથી છું.

(૯૯૬) હઝરત અલી (અલયહિસ્સલામ)ને સંબોધીને ફરમાવ્યું : “તમે મારાથી છો અને હું તમારાથી છું.”

(૯૯૭) અલી (અલયહિસ્સલામ)નો મારી સાથે એ જ સંબંધ છે જે માથાનો શરીર સાથે હોય છે.

(૯૯૮) અલી (અલયહિસ્સલામ)નું ગોશ્ત મારૂં ગોશ્ત છે અને તેમનું લોહી મારૂં લોહી છે.

(૯૯૯) તું (હઝરત અલી અલયહિસ્સલામ) મારાથી છે અને હું તારાથી છું. અને તું મારો ભાઈ અને સાથી છે.

પ્રકરણ - ૧૭ : મારા અને અલી સિવાય બીજું કોઈ મારી ફરજોને અદા કરી શકતું નથી

(૧૦૦૦) નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ સૂરએ બરાઅત આપીને (એક માણસને) મોકલ્યો, પછી (તેની પાસેથી પાછી લઈને) અલી (અલયહિસ્સલામ)ને આપી દીધી અને ફરમાવ્યું : મારા તરફથી મારા અથવા મારી એહલેબૈતમાંથી કોઈ માણસ સિવાય બીજું કોઈ આ ફરજને અદા કરી શકતું નથી.

(૧૦૦૧) અલી (અલયહિસ્સલામ) મારાથી છે અને હું અલી (અલયહિસ્સલામ)થી છું. અને મારા તરફથી

મારા અથવા અલી (અલયહિસ્સલામ) સિવાય બીજું કોઈ (આ ફરજ) અદા કરી શકતું નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૮ : તમે હારૂન જેવું સ્થાન ધરાવો છો

(૧૦૦૨) હઝરત અલી (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : તમે મારાથી એ જ સંબંધ ધરાવો છો જેવો સંબંધ હારૂનને મૂસા સાથે હતો. અલબત્ત મારા પછી કોઈ નબી નથી.

(૧૦૦૩) હઝરત અલી (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : શું તમે એ વાત માટે રાજી નથી કે મારી પાસે તમારું એ જ સ્થાન છે જે સ્થાન હારૂનનું મૂસાની પાસે હતું, પરંતુ તમે નબી નથી. હકીકત એ છે મારા માટે એ યોગ્ય નથી કે હું ક્યાંય જાઉં અને તમે મારી જગ્યાએ મારા ખલીફા ન હો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૦૦૪) નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું : હું મારા પછી તમને ખલીફા તરીકે મૂકીને જઈ રહયો છું. મેં કહ્યું : યા રસૂલલ્લાહ આપ મને છોડીને જઈ રહ્યા છો ?

આપે ફરમાવ્યું : શું તમે એ વાત પર રાજી નથી ? કે તમારો મારી સાથે એવો જ સંબંધ છે જેવો હારૂનનો મૂસાની સાથે હતો ? ફર્ક માત્ર

એટલો જ છે કે મારા પછી કોઈ નબી નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૯ : જો તમે અલીને હાકિમ માની લ્યો..

(૧૦૦૫) જો તમે અલીને હાકિમ માની લેશો, તો તમે તેઓને હાદી અને મહદી (હિદાયત કરનાર અને હિદાયત પામેલા) જોશો અને તેઓ તમને સીધા રસ્તા પર ચલાવશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૦૦૬) જો તમે અલીને ખલીફા માની લો, તો તેઓની હાદી અને મહદી જોશો, પરંતુ મને નથી લાગતું કે તમે એવું કરશો.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૦૦૭) નબીએ કરીમની સામે અમીર અથવા ખલીફા થવાની વાત નિકળી ત્યારે આપે ફરમાવ્યું : જો તમે તેની ખિલાફત (આગેવાની) અલીના હાથમાં આપો, તો તમે તેઓને હાદી અને મહદી જોશો અને તેઓ તમને સીધા રસ્તા પર ચલાવશે.

પ્રકરણ - ૨૦ : અલી (અલયહિસ્સલામ)નો પરિચય નબી (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના સ્વમુખે

(૧૦૦૮) જે માણસ આદમ (અલયહિસ્સલામ)ને તેમના ઇલ્મમાં, નૂહને તેમની બુધ્ધિ અને સમજદારીમાં, ઇબ્રાહીમને તેમની સહનશીલતામાં, યહયા બિન ઝકિરયાને તેમના ઝોહદમાં અને મૂસા બિન ઇમરાનને તેમના બળ અને શક્તિમાં જોવા માંગતો હોય તે અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)ને જોઈ લે.

(૧૦૦૯) અલી મોઅમિનોના સરદાર છે.

(૧૦૧૦) અલી દીનના સ્તંભ છે.

(૧૦૧૧) આ અલી એ છે કે લોકો સાથે હક માટે તલવાર લઈને લડશે.

(૧૦૧૨) અય અલી, તમારી શાન *કુલ હો વલ્લાહ* જેવી છે., તેથી જે માણસ તમારી સાથે દિલથી મોહબ્બત રાખશે તો જાણે કે ત્રીજા ભાગનું કુરઆન પડ્યું, જે તમારી સાથે દિલથી મોહબ્બત કરશે અને જીભથી તેની મદદ કરશે તો તેણે જાણે કે બીજા ભાગનું કુરઆન પડ્યું, અને જે તમારી સાથે દિલથી

મોહબ્બત રાખશે, જીભથી તેની મદદ કરશે અને હાથથી તમારી મદદ કરશે તેણે જાણે કે આખુ કુરઆન પડ્યું.

(૧૦૧૩) લોકો, અલીની ફરિયાદ ન કરો, કેમકે તે ઝાતે ખુદા અને રાહે ખુદા માટે બહુજ સખ્ત બાબત છે.

(૧૦૧૪) જેણે અલી (અલયહિસ્સલામ)ને દુ:ખ પહોચાડ્યું તેણે મને દુ:ખ પહીચાડ્યું.

(૧૦૧૫) અલી મોઅમિનોના *રઈસે આઝમ* છે, અને માલ મુનાફિકોનો *રઈસે આઝમ* છે.

(૧૦૧૬) જેવો હક પુત્રનો પિતા પર હોય છે, તેવો હક અલી (અલયહિસ્સલામ)નો ઉમ્મત પર છે.

(૧૦૧૭) મારા રહસ્યોના માલિક અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૦૧૮) મને પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ કહ્યું છે : તમે અને તમારા શીઆઓ જન્નતમાં હશો.

(૧૦૧૯) એ વાતમાં શક નથી કે અલી અને તેમના શીઆઓ જ કયામતમાં સફળ અને સમૃધ્ધ છે.

(૧૦૨૦) અલી (અલયહિસ્સલામ)નો ઝિક્ર ઇબાદત છે.

(૧૦૨૧) અદલ અને ઇન્સાફ વિશે મારો અને અલી (અલયહિસ્સલામ)નો હાથ એકસમાન છે.

(૧૦૨૨) જે માણસ એવો અકીદો ન રાખે કે અલી (અલયહિસ્સલામ) તમામ દુનિયાથી શ્રેષ્ઠ છે તો તે કાફિર (ઇન્કાર કરનાર) છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

પ્રકરણ-૨૧ : અલી (અલયહિસ્સલામ)નો પરિચય અલી (અલયહિસ્સલામ)ના પોતાના મુખે

(૧૦૨૩) મારી ઝાત એ ઝાત કરતા ઉચ્ચ છે કે કોઈ હાજતમંદ મારી પાસે આવે અને મારી સખાવત તેની હાજતને પૂરી ન કરે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૦૨૪) મારી ઝાત એ કરતા ઉચ્ચ છે કે લોકોને (બુરાઈઓથી) રોકું અને હું પોતે તેનાથી ન રોકાઉ, અથવા તેમને (નેકીઓનો) હુકમ આપુ અને મારા પોતાના અમલ થકી તેમના પર અગ્રતા ન મેળવું.

અથવા તેમના માટે એવી વાત પર રાજી થઈ જાઉં જેનાથી ખુદા રાજી ન હોય.

(૧૦૨૫) હું તમને એની ઇતાઅતનો હુકમ એ સમય સૂધી નથી કરતો જ્યાં સૂધી હું પોતે તે કામ પર અગ્રતા ન મેળવી લઉં. અને (તમને) બુરાઈથી ત્યાં સૂધી રોકતો નથી, જ્યાં સૂધી હું પોતે તમારી પહેલા તેનાથી દૂર ન રહું

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૦૨૬) ખુદાની કસમ, હું યકીન સાથે કહી શકું છું કે જો હું એ લોકોને એવી હાલતમાં મળું કે તેઓ

માનવબળમાં સંખ્યાની દ્રષ્ટિએ તમામ જમીનના લોકો જેટલા હોય, તો પણ ન તો મને તેમની પરવા હશે અને ન તેઓથી ડરી જઈશ. તેઓની અજ્ઞાનતા અને ગુમરાહી છતાં, મારી હિદાયતની મદદથી જેના પર (જે સ્થાને) હું છું, મારા નફસની બસીરત અને મારા રબ પર યકીનની હાલતમાં કાયમ છું.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૦૨૭) હું મારી આરઝુઓ સાથે લડનારો અને મારી મૌતની રાહ જોનાર છું.

(૧૦૨૮) હું મારી રોઝી પૂરે પૂરી મેળવું છું, મારા નફ્સ સાથે જેહાદ કરૂં છું અને મારી કિસ્મત પર રાજી રહું છું.

(૧૦૨૯) હું ખુદાની હુજ્જતોને કાયમ કરવા માટે, દલીલોની સાથે ઝગડું છું અને તેના દીનના રક્ષણ માટે જેહાદ કરૂં છું.

(૧૦૩૦) અય લોકો, મારૂં સ્થાન તમારી વચ્ચે એવું છે, જેવું સ્થાન આલે ફિરઔનમાં હારૂનનું હતું, બની ઇસ્રાઇલમાંબાબે હુત્તહ (બક્ષીસના દરવાજા)નું અને નૂહની કૌમમાં નૂહની કશ્તીનું હતું. હું જ નબાએ આઝમ (બહુજ મોટી ખબર) અને સીદ્દીકે

અકબર છું. નઝદીકમાં જ એ વાતની જાણકારી થઈ જશે કે જેનો તમારી સાથે વાયદો કરવામાં આવ્યો છે.

(૧૦૩૧) હું ક્યારેય પણ મૈદાને જંગથી ભાગ્યો નથી અને જે પણ મારા મુકાબલામાં આવ્યો તેના લોહીથી મેં જમીનને તરબોળ કરી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૨ : મારા ગુણ આ છે

(૧૦૩૨) હું દુનિયાને તેના મોઢાભેર પછાડનાર છું, તેના પ્રમાણનો અંદાજ કરનાર છું અને તેની હકીક્તને સ્પષ્ટ રીતે જોઈ રહયો છે.

(૧૦૩૩) હું એ છું કે દુનિયાને હકીર (તુચ્છ) સમજું છું.

(૧૦૩૪) મેં બચપણમાં અરબોની છાતીઓને જમીન પર લગાવી છે. અને રબીયા અને મુઝીરના સવારોને માટીમાં મેળવી દીધા છે. અને તમે એ પણ જાણો છો કે રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની નઝદીકમાં મારૂં શું સ્થાન છે ? ... મારી વાતમાં કોઈએ જુઠાણું જોયું નથી.

અને મારા કાર્યોમાં ભૂલ જોઈ નથી. હું રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની પાછળ એ રીતે ચાલું છું, જેવી રીતે ઊંટણીનું બચ્ચું તેની (ઊંટણીની) પાછળ ચાલે છે... હું વહી અને રિસાલતનું નૂર નિહાળતો હતો. અને નબુવ્વતની ખૂશ્બુ સુંઘતો હતો.

(૧૦૩૫) હું મોઅમિનોનો અમીર છું જ્યારે માલ ઝાલિમોનો અમીર છે.

(૧૦૩૬) હું રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)નો ભાઈ, સૌથી પહેલો મુસલમાન, બુતોને તોડનાર, કાફીરો સાથે જેહાદ

કરનાર અને (ઇસ્લામના) વિરોધીઓનો નાશ કરનાર છું.

(૧૦૩૭) હું તમારો સાક્ષી છું અને કયામતના દિવસે તમારો વિરોધ કરીશ.

(૧૦૩૮) હું અને મારા એહલેબૈત જમીનવાળાઓ માટે એવા સંરક્ષક છીએ. જેવી રીતે સિતારાઓ આસમાનવાળાઓ માટે અમાન છે.

(૧૦૩૯) હું હિદાયતનો પરચમ, તકવાની પનાહગાહ (આશ્રયસ્થાન), સખાવતનું કેન્દ્ર,

દરિયાદિલીનો સમુદ્ર અને અકલમંદીનો ઊંચો પહાડ છું.

(૧૦૪૦) હું ખુદા તરફથી જન્નત અને જહન્નમને વહેંચનાર છું. જે કોઈપણ જન્નત કે જહન્નમમાં જશે તે મારી વ્હેંચણીથી જ જશે. હું ફારૂકે અકબર છું અને હું જ મારા પછી આવવાવાળાઓ માટે પેશ્વાર અને મારી પહેલાના લોકો તરફથી અદા કરનાર છું.

(૧૦૪૧) હું કયામતના દિવસે જહન્નમની વ્હેંચણી કરીશ.

(૧૦૪૨) મેં જ ફીત્નાની આંખો ફોડી છે, જો હું ન હોત તો નહેરવાન અને જમલના (ફીત્ના કરનારાઓ) કત્લ ન થાત.

(૧૦૪૩) હું ખુદાનો બંદો છું, રસૂલનો ભાઈ છું, હું જ સીદ્દીકે અકબર છું. મારા પછી ફક્ત જુઠ્ઠો અને ખોટો આરોપ મુકનાર જ આ વાતનો ખોટો દાવો કરશે.

(૧૦૪૪) હું ખુદાનું ઇલ્મ છું અને હું જ ખુદાને યાદ રાખનાર દીલ છું. તેની બોલનારી જીભ છું, ખુદાની આંખ છું, ખુદાના (પહલુ)ની દિશા છું. અને હું જ ખુદાનો હાથ છું.

(૧૦૪૫) હું જ હિદાયત કરનાર છું, અને હિદાયત પામેલ છું, હું યતિમો અને મીસ્કીનોના પિતા છું, વિધવાઓનો આધાર છું. અને દરેક નિર્બળનું આશ્રયસ્થાન છું, હું દરેક ડરેલાઓ માટે શાંતિની જગ્યા છું. હું જ જન્નત માટે મોઅમિનો માટેનો સરપરસ્ત છું, હું જ ખુદાની મજબૂત રસ્સી છું, તકવાનો હુકમ છું, હું ખુદાની આંખ, તેની સાચી જીભ છું, અને તેના હાથ છું.

(૧૦૪૬) હું હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના ગુલામોમાંથી એક ગુલામ છું, આ રિવાયતના પ્રારંભમાં છે કે : એક નસરાની

આલિમ હઝરત અલી (અલયહિસ્સલામ)ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે : શું આપ નબી છો ? ત્યારે આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ખુદા તને સમજે ! હું તો મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના ગુલામોમાંથી એક ગુલામ છું.

(૧૦૪૭) હું મોઅમિનોનો અમીર છું અને હું જ પાછળના લોકોમાંથી પહેલો માણસ છું, હું જ રબ્બુલ આલમીનના રસૂલનો ખલીફા છું. હું જ જન્નત અને દોઝખને વહેંચનાર છું. અને હું જ *સાહેબે એઅરાફ* છું.

(૧૦૪૮) હું હુજ્જતે ખુદા છું, હું ખલીફએ ખુદા છું, હું રાહે-ખુદા છું, હું ખુદા (તરફ જવા)નું દ્વાર છું. હું ઇલ્મે ખુદાનો ખજાનો છું, હું રાહે ખુદાનો અમીન છું અને અલ્લાહ તઆલાની શ્રેષ્ઠ મખ્લૂક છું. નબીએ રહમત હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પછી ખલ્કે ખુદાનો ઈમામ છું.

(૧૦૪૯) હું રસૂલલ્લાહનો ખલીફા, વઝીર અને વારસ છું, હું રસૂલે ખુદાનો ભાઈ, વસી અને હબીબ છું, હું રસૂલે ખુદાએ પસંદ કરેલ અને તેઓનો સાથી છું. હું રસૂલે ખુદાનો પિતરાઈ ભાઈ, તેની પુત્રીનો પતિ અને તેમના પુત્રોનો પિતા છું. હું અવસીયાનો

સરદાર અને સય્યદુલ અંબિયાનો વસી છું. હું ખુદાની અઝીમ હુજ્જત, તેની બહુજ મોટી નિશાની અને મહાન ઉદાહરણ અને નબી મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ (ના ઇલ્મ)નું દ્વાર છું. હું જ મજબૂત કુમક અને તકવાનો શબ્દ છું અને દુનિયાવાસીઓ માટે ખુદાવંદે તઆલાનો અમીન છું.

(૧૦૫૦) ... હું જ એ ઝીક્ર છું જેનાથી તે લોકોએ મુખ ફેરવી લીધું અને તે માર્ગ છું જેનાથી લોકો ફરી ગયા અને એ ઈમાન છું જેનો લોકોએ ઇન્કાર કરી દીધો, એ કુરઆન છું જેને તેઓ છોડી ચૂક્યા, એ

દીન છું જેને તેઓએ જુઠલાવી દીધો. અને એ સેરાતે મુસ્તકીમ છું જેનાથી તેઓ ફરી ગયા.

(૧૦૫૧) હું ખુદાની આંખ છું, હું ખુદાના હાથ છું, હું ખુદાની દિશા છું અને હું જ ખુદાનું દ્વાર છું.

(૧૦૫૨) 'ખુદાવંદે આલમ મોઅમિનોથી રાજી થયો જ્યારે તેઓ ઝાડ નીચે આપની બયઅત કરી રહ્યા હતા.' આ આયતના અનુસંધાનમાં હું તે પહેલો માણસ છું જેણે આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની બયઅત કરી.

(૧૦૫૩) હું ખુદાની મજબૂત રસ્સી છું અને તેનો કલેમએ-તકવા છું.

(૧૦૫૪) આ ફરમાને ખુદા 'તેને યાદ રાખનાર કાન જ તેને યાદ રાખે છે.' આ આયત વિશે ફરમાવ્યું : હું જ એ કાન છું જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૧૦૫૫) હું જ એ ઇન્સાન છું જેને જમીન પોતાની ખબરો બયાન કરશે.

(૧૦૫૬) હું જ ખુદાનો બંદો અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)નો ભાઈ છું.

(૧૦૫૭) હું એ પહેલો માણસ હોઈશ, જે કયામતના દિવસે પોતાના પરવરદિગાર સમક્ષ દાવો રજૂ કરવા માટે ઉભો થઈશ.

પ્રકરણ - ૨૩ : મેં સૌથી પહેલા ઇસ્લામ સ્વિકાર્યો

(૧૦૫૮) હઝરત રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને સોમવારે રસૂલ તરીકે નીમવામાં આવ્યા અને મેં મંગળવારે ઇસ્લામનો સ્વિકાર કર્યો.

(૧૦૫૯) મેં સૌથી પહેલા ઇસ્લામનો સ્વીકાર કર્યો.

(૧૦૬૦) મેં સૌથી પહેલા હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની સાથે નમાઝ પડી.

(૧૦૬૧) હુબ્બતુલ અરની કહે છે કે એક દિવસ મેં હઝરત અલી (અલયહિસ્સલામ)ને હસતા જોયા. એટલું બધું હંસતા મેં તેઓને કદી જોયા ન હતા. એટલે સૂધી કે તેઓના દાંત મુબારક દેખાવા લાગ્યા અને ફરમાવ્યું : ખુદાવંદા ! આ ઉમ્મતમાં તારા નબી સિવાય મને કોઈ માણસ એવો જોવા મળતો નથી કે જેણે મારી પહેલા તારી ઇબાદત કરી હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૪ : મારી પાસે સૌથી પહેલા અને સૌથી છેલ્લાનું ઇલ્મ છે

(૧૦૬૨) ખુદાની કસમ, (એવી) કોઈ આયત નાઝીલ થઈ નથી કે જેને હું જાણતો ન હોઉં, કે તે કઈ વસ્તુ વિશે છે, ક્યાં અને કોની ઉપર નાઝીલ થઈ છે ? બેશક, મારા રબે મને અકલમંદ દિલ, બોલનારી અને સવાલ કરનારી જીભ અતા ફરમાવી છે.

(૧૦૬૩) ... પયગમ્બરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ઉપર કોઈ એવી આયત દિવસ કે રાતમાં, જમીન ઉપર કે આસમાન

ઉપર દુનિયા અથવા આખેરત વિશે નાઝીલ થઈ નથી કે જે તેઓએ મને વંચાવી અથવા મારી પાસે લખાવી ન હોય. અથવા મેં તેને મારા હાથો વડે લખી ન હોય. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ કયામત સૂધીની તાવીલ (અર્થઘટન), તફસીર (વિવરણ), નાસીખ-મન્સૂખ (રદ કરાએલી), મોહકમ (સ્પષ્ટ), મોતશાબેહ (ગૂઢાર્થવાળી) તેમજ ખાસ અને આમની તાલીમ આપી ન હોય. આ ઉપરાંત એ પણ ફરમાવ્યું કે : એ ક્યાં નાઝીલ થઈ અને કઈ બાબત વિશે નાઝીલ થઈ છે.

(૧૦૬૪) જ્યારે આપ (હઝરત અલી અલયહિસ્સલામ)ની ખિલાફતની બયઅત કરવામાં આવી ત્યારે આપે એક વખત એક ખુત્બો આપ્યો. જેમાં ફરમાવ્યું : અય લોકો, મારા આ દુનિયાથી ચાલ્યા જવા પહેલા મને જે પૂછવું હોય તે પૂછી લ્યો. તમે મને પૂછો કેમકે મારી પાસે સૌથી પહેલાથી લઈને સૌથી છેલ્લા સૂધીનું ઇલ્મ છે. ખબરદાર, ખુદાની કસમ, મને ફેંસલો કરવાનું કહેવામાં આવે તો હું તોરૈતવાળાઓ વચ્ચે તોરૈતથી ફેંસલો કરીશ.

પછી ફરમાવ્યું : મને પૂછો, એ પહેલા કે મને ન પામો, મને એ ઝાતની કસમ, જેણે દાણાઓ ઉગાડયા છે, અને ઇન્સાનને પૈદા કર્યો છે. જો તમે મને એક આયત વિશે પૂછો તો તમને તેના નાઝીલ થવાનો સમય પણ જણાવી દઈશ અને એ પણ જણાવી દઈશ કે તે કોના કોના વિશે નાઝીલ થઈ છે.

(૧૦૬૫) મારામાં ખુદાનું ગુપ્ત ઇલ્મ ઠાંસી ઠાંસીને ભર્યું છે. જો એ ઇલ્મ જાહેર થઈ જાય તો તમે એવા ગુંચવણમાં પડી જાવ કે જેવી રીતે ડોલ સાથે બાંધેલી લાંબી રસ્સી વળ ખાઈ જતી હોય છે.

(૧૦૬૬) ... અને અહીં (પોતાની છાતી તરફ ઇશારો કરીને) ઇલ્મનો સમુદ્ર ધૂધવી રહયો છે, પરંતુ તેને મેળવનારા બહુજ ઓછાં છે. નઝદીકમાં જ તમે મને ગુમાવીને શરમિંદા થશો.

(૧૦૬૭) હું ખાત્રીપુર્વક કહું છું કે મને રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ હલાલ અને હરામના એક હજાર પ્રકરણની તાલીમ આપી છે, જે બની ચુક્યા છે અથવા તો કયામત સૂધી બનનારા છે.અને દરેક પાઠમાંથી બીજા એક હજાર પાઠના પ્રકરણ ખૂલે છે. એટલે સૂધી કે મને મૌત, આઝમાઈશ અને વક્તવ્યનું પણ ઇલ્મ આપ્યું છે.

(૧૦૬૮) મારા માટે તમામ દરવાજાઓ ખોલી નાખવામાં આવ્યા છે, મને તમામ કારણોનું ઇલ્મ આપવામાં આવ્યું છે. મારા માટે વાદળાઓ ચલાવવામાં આવ્યા અને મૌત, આઝમાઈશ અને ખિતાબ (સંબોધન)ના વિષયનું ઇલ્મ સોંપવામાં આવ્યું.

પ્રકરણ - ૨૫ : હું હંમેશા મઝલૂમ રહયો છું

(૧૦૬૯) જ્યારથી પરવરદિગારે હઝરત મોહમ્મદે મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને રિસાલતના હોદ્દા પર નીમ્યા છે, ત્યારથી મેં સુખ જોયું નથી. આ વાત માટે હું ખુદાનો શુક્ર અદા કરૂ છું. ખુદાની કસમ, હું બાળપણમાં ભયમાં રહ્યો અને યુવાનીમાં જેહાદમાં વ્યસ્ત રહયો.

(૧૦૭૦) જ્યારથી હઝરત રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની વફાત થઈ છે હું મઝલૂમ સ્થિતિમાં રહ્યો છું.

(૧૦૭૧) જે (મૂસીબતો)ની સાથે મેં મુલાકાત કરી છે, બીજા કોઈ માણસે કરી નથી.

(૧૦૭૨) હું એ જોઈ રહયો છું કે સત્તાધિશો રૈયત પર ઝુલ્મ કરી રહ્યા છે, પરંતુ તમે છો કે જેઓ રય્યત થઈને હાકીમ પર ઝુલ્મ કરી રહ્યા છો.

(૧૦૭૩) (હઝરત અલી (અલયહિસ્સલામ)એ મોઆવિયાને લખેલા પત્રમાંથી એક ભાગ) “તું એમ કહે છે કે બયઅત કરવા માટે મને એવી રીતે ખેંચવામાં આવે છે, જેવી રીતે ઊંટના નાકમાં નકીલ* (*ઊંટને અંકુશમાં રાખવા માટે નાખવામાં આવતી દોરી) નાખવામાં આવે છે. મને હયાતે

ખુદાની કસમ, આ રીતે તું મને ઉતારી પાડવા માંગતો હતો પણ તેનાથી તો તેં મારા વખાણ કરી નાખ્યા, મને હડધૂત કરવાની બદલે તું જ હડધૂત થઈ ગયો. મુસલમાન માટે મઝલુમ રહેવામાં ઝીલ્લત કે શાનમાં કમી થતી નથી, પણ તેની શર્ત એ છે કે તે પોતાના દીનમાં શંકા કરતો ન હોય, અને તેનું યકીન ડામાડોળ ન હોય.

(૧૦૭૪) જ્યારથી મારી માતાએ મને જન્મ આપ્યો છે હું મઝલુમ જ રહ્યો છું એટલે સૂધી કે (ભાઈ) અકીલને જ્યારે આંખના દુ:ખાવાની તકલીફ થતી ત્યારે તેઓ કહેતા કે જ્યાં સૂધી અલીની આંખમાં

દવા ન નાખો ત્યાં સૂધી મારી આંખોમાં દવા ન નાખતા. આમ, મારી આંખમાં દુ:ખાવો ન હોવા છતાં દવા નાખવામાં આવતી હતી.

(૧૦૭૫) હઝરત અલી (અલયહિસ્સલામ)થી રિવાયત છે કે એક માણસે મને કહ્યું : અય ફરઝંદે અબૂ તાલિબ, આપ (આ ખિલાફત)ના મામલામાં કેટલી લાલચ ધરાવો છો ?

મેં જવાબ આપ્યો : નહીં, બલ્કે ખુદાની કસમ, તું મારા કરતા વધારે લાલચું અને (પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી વધારે દૂર છે, જ્યારે કે હું તેનો (ખિલાફતનો) સૌથી વધારે

હકદાર અને પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી વધારે નઝદીક છું. મેં તો ફક્ત મારો હક માંગ્યો છે, જ્યારે તું તો મારા અને મારા હકની વચ્ચે આડશ બની ગયો છે, અને તે બાબતથી મારૂં ધ્યાન (બીજે) ફેરવી રહયો છે. ખુદાવંદ, હું તારી પાસે કુરૈશ અને તેમના સાથીદારોની વિરૂધ્ધમાં મારૂં રક્ષણ ચાહું છું, કેમકે તેઓએ મારી સાથે કત્એણ રહમ કર્યો, મારી ઉચ્ચ કક્ષાની કદ્રો મન્ઝેલતને હલકી સમજી અને એ બાબત માટે મારી સામે વિરોધ કર્યો જે મારો હક છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(ઇબ્ને અબીલ હદીદ કહે છે કે આ વિષયની પણ ઘણી રિવાયતો છે...)

(૧૦૭૬) ... કુરૈશને ગુમરાહીમાં રહેવા દો. ... કેમકે, આમ પણ તેઓ આ પહેલા રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની સામે જંગ કરવા એકઠા થયા હતા, તેવી રીતે મારી વિરૂધ્ધ જંગ કરવા માટે એકઠા થયા છે. કુરૈશને મારા તરફથી બદલો લેનાર બદલો આપે. કેમકે તેઓએ મારી સાથે કત્એપ રહમી કરી. અને મારા ભાઈજાનની હુકુમતને મારી પાસેથી આંચકી લીધી.

પ્રકરણ - ૨૬ : મૌલા અલી (અલયહિસ્સલામ)નો પરિચય અલી (અલયહિસ્સલામ)ના સ્વમુખે

(૧૦૭૭) અસ્હાબે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)માંથી સારી યાદશક્તિ ધરાવનારને એ વાતની જાણ હશે કે : મેં આખી ઉમ્ર દરમિયાન ઘડીભર માટે પણ ખુદા અને રસૂલના હુકમને ટાળ્યો નથી. મેં કેટલીયે જંગમાં મારા જીવને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ માટે રજૂ કરી દીધો, જ્યાંથી મોટા મોટા બહાદૂરો પીછેહટ કરી ચૂક્યા હતા. એ

(બાબત)ની ખુદાએ મને ભેટ આપી છે, અને મારી ઇઝઝતમાં વધારો કર્યો છે.

(૧૦૭૮) મેં ન તો કદી જૂઠ બોલ્યું છે, અને ન તો મારી કોઈ વાતને જુઠલાવવામાં આવી છે, ન તો હું ક્યારેય ગુમરાહ થયો છું, અને ન તો મારા લીધે કોઈ ગુમરાહ થયું છે.

(૧૦૭૯) જ્યારે હું રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને સવાલ પૂછતો તો તેઓ મને જવાબ આપતા હતા. અને જ્યારે હું ખામોશ થઈ જતો ત્યારે તેઓ પોતે વાતની શરૂઆત કરતા હતા.

(૧૦૮૦) ખુદાવંદે આલમે ફરમાવ્યું : આપ ડરાવનાર છો, દરેક કૌમના એક હાદી હોય છે, મુન્ઝીર (ડરાવનાર) તો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તો ડરાવનાર છે. અને હું હાદી (હિદાયત કરનાર) છું.

(૧૦૮૧) રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મને યમનવાસીઓ માટે કાઝી બનાવીને મોકલ્યો ત્યારે મેં અર્ઝ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) આપ મને મોકલી તો રહ્યા છો, પરંતુ હું યુવાન છું, અને કઝા (ન્યાય કરવા)ના પ્રશ્નો બહુજ

મુશ્કીલ હોય છે, આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મારી છાતી ઉપર હાથ રાખીને ફરમાવ્યું : ખુદાવંદા, આના દિલને રાહે રાસ્ત પર કાયમ રાખ, અને તેની જીભ પર હક જારી કર, ત્યારથી અત્યાર સૂધી બે વ્યક્તિ વચ્ચે મેં જે કોઈ નિર્ણય આપ્યો, ફેંસલો કર્યો તેમાં મને કદી કોઈ શંકા રહી નથી.

(૧૦૮૨) રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : યા અલી, આપ ન હોત તો મારા પછી મોઅમિનની ઓળખ રહેતે નહીં.

(૧૦૮૩) નાબેગહના પુત્રનું એવું ગુમાન છે કે હું દીલ્લગી, હંસી મજાકની વાતો, અને નકામી વાતો કરૂં છું, અથવા તો લડાઈ ઝગડાથી કામ લઉં છું, પરંતુ આ બધી વાતો મારાથી કોસો (ઘણા માઈલ) દૂર છે. તેનાથી મૌતનો ડર, હશ્ર અને નશ્ર તથા હિસાબ અને કિતાબની યાદ રોકી રાખે છે.

(૧૦૮૪) જ્યારે ખિલાફતના હેતુથી આપની બયઅત કરવામાં આવી તેના બીજા દિવસે આપે ખુત્બામાં ઇરશાદ ફરમાવ્યો અને કહ્યું : હું પણ તમારામાંથી જ એક માણસ છું. તમારો ફાયદો એ

મારો ફાયદો છે તમારું નુકસાન એ મારૂં નુકસાન છે.

(૧૦૮૫) ન તો હું ગુમરાહ થયો છું અને ન તો મારા કારણે બીજું કોઈ ગુમરાહ થયું છે. મારી પાસેથી જે વાયદો લેવામાં આવ્યો છે, તેને હું ભુલ્યો નથી, હું મારા રબ તરફથી એ દલીલ અને સાબિતી પર કાયમ છું જે તેણે પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) અને મારા માટે બયાન ફરમાવી છે. અને હું રાહે-રાસ્ત (સીધા માર્ગ) પર છું.

(૧૦૮૬) તમે લોકોએ મારી બયઅત કરી છે, તે અચાનક નથી થઈ, અને ન તો તમારો અને મારો મામલો એકસરખો છે. હું તમને ખુદાની ખૂશી માટે ચાહું છું, અને તમે મને તમારા નફસની ખુશ્નુદી માટે (ચાહો છો.) અય લોકો, તમે તમારા નફસની વિરૂધ્ધ જઈને મારી સાથે સહકાર કરો. હું ખુદાની કસમ ખાઈને કહું છું કે હું મઝલુમની સાથે ઇન્સાફ કરીશ, ઝાલિમ પાસેથી મઝલુમને તેનો હક અપાવીશ. ઝાલિમને નકીલ (ઊંટના નાકમાં નાખવામાં આવતી દોરી) નાખીને ખેંચીશ. એટલે સૂધી કે તેને હકના માર્ગ પર નાખી દઈશ. ભલે પછી તે તેને પસંદ કરે કે ન કરે.

(૧૦૮૭) ખુદાની કસમ, હું *સઅદાન* નામની કાંટાળી ઝાડી પર જાગીને રાત વિતાવું અથવા મને તૌક અને જંઝીરોમાં કૈદ કરીને ખેંચવામાં આવે તો પણ એ બધી વાતો મને વધારે પસંદ છે કયામતના દિવસે ઝાલિમ બનીને ખુદા અને તેના રસૂલની મુલાકાત કરૂં. (એટલે કે ઝુલ્મ કરવા કરતા એ બધી સખ્તીઓ ઉપાડવાનું ઈમામ પસંદ ફરમાવે છે.)

અને ખુદાની કસમ, સાત પ્રદેશો(ના આસમાનો)ની નીચે જે કંઈ છે તે મને એ શરતે આપી દેવામાં આવે કે હું કીડીના મુખમાંથી જવનું છીલ્કુ આંચકી

લઈને ખુદાની નાફરમાની કરૂં તો હું એવું હરગીઝ નહીં કરૂં...

(૧૦૮૮) તમારા વચ્ચે મારો દાખલો એવો છે કે જેવી રીતે અંધકારમાં દીવાનું સ્થાન હોય છે. જે અંધકારમાં હોય છે તે તેનાથી પ્રકાશ મેળવે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૦૮૯) અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) અવારનવાર ફરમાવતા હતા કે ખુદાની કોઈ આયત મારા કરતાં મોટી નથી અને કોઈ ખબર મારાથી વધારે ઉચ્ચ નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૦૯૦) જ્યારથી મેં ખુદાને ઓળખ્યો છે, તેનો કદી ઇન્કાર નથી કર્યો.

(૧૦૯૧) જ્યારથી મને હક દેખાડવામાં આવ્યું છે મેં તેના વિશે કદી શક કર્યો નથી.

- હઝરત અલી (અલયિહિસ્સલામ)

વિભાગ - ૨૨ : ઇમામત (૪) - ઇમામતે ખાસ્સહ ઉમ્મુલ અઇમ્મહ ફાતેમહ ઝહેરા સલામુલ્લાહે અલયહા

પ્રકરણ - ૧ : ફાતેમા સલામુલ્લાહે અલયહા

મારો ટુકડો છે

(૧૦૯૨) ફાતેમા મારો ટુકડો છે, જે તેને ખૂશ કરશે તે મને ખૂશ કરશે, જે તેને રંજ પહોંચાડશે, તે મને રંજ આપશે. ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહા મને તમામ લોકો કરતા અઝીઝ છે.

(૧૦૯૩) એ વાતમાં શક નથી કે ફાતેમા મારો ટુકડો છે, મારી આંખોનું નૂર છે. અને મારા દિલનો મેવો છે, જે કોઈ તેમને શોકમગ્ન (રંજીત) કરશે, તે મને રંજ પહોંચાડશે અને જે તેમને ખૂશ કરશે, તે મને ખૂશ કરશે. મારી એહલેબૈતમાંથી ફાતેમા સલામુલ્લાહે અલયહા જ સૌથી પહેલા આવીને મને મળશે.

- હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૨ : સય્યદતુન્નીસાઈલ આલમીન

(૧૦૯૪) ખુદાવંદ તઆલાએ ઔરતોમાંથી ચાર સ્ત્રીઓને પસંદ કરી લીધી છે. અને તે છે (૧) હ. મરીયમ (અલયહિસ્સલામ), (૨) હ. આસીયાહ (અલયહિસ્સલામ), (૩) હ. ખદીજા (અલયહિસ્સલામ), અને (૪) જ. ફાતેમા સલામુલ્લાહે અલયહા.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૦૯૫) જમીનવાળાઓમાં, મારા અને મારા પિતા પછી હસન અને હુસૈન (અલયહિસ્સલામ) અફઝલ છે. અને તેઓની પછી તેમની માતા જમીનના તમામ રહેવાસીઓમાં શ્રેષ્ઠ છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૦૯૬) મારી દિકરી ફાતેમા સલામુલ્લાહે અલયહા દુનિયાની તમામ સ્ત્રીઓની સરદાર છે.

(૧૦૯૭) મારી પુત્રી ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહા સૌથી પહેલાથી લઈને સૌથી છેલ્લે સૂધીની દુનિયાની તમામ સ્ત્રીઓની સરદાર છે.

પ્રકરણ-૩ : અઝમતે ફાતેમા સલામુલ્લાહે અલયહા અઝમતે ખુદા

(૧૦૯૮) બેશક, ફાતેમા સલામુલ્લાહે અલયહાના ગુસ્સે થવાના કારણે ખુદા ગઝબનાક થાય છે, અને તેની રઝામંદી એ ખુદાની રઝામંદી છે.

(૧૦૯૯) રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહાને ફરમાવ્યું : તમારા ગઝબનાક થવાથી ખુદા ગઝબનાક થાય છે. અને તમારી રઝામંદીથી ખુદા રાજી થાય છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૨૨ : ઇમામત (૫) - ઇમામતે ખાસ્સહ હસનૈન શરીફૈન અલયહેમુસ્સલામ

પ્રકરણ - ૧ : હસનૈન શરીફૈનનું નામ મુબારક રાખવું.

(૧૧૦૦) જ્યારે હસન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે મેં તેનું નામ 'હરબ' રાખ્યું, પરંતુ જ્યારે પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તશરીફ લાવ્યા ત્યારે તેઓએ ફરમાવ્યું : મારો ફરઝંદ મને આપી દો. તમે તેનું નામ શું રાખ્યું છે ?

મેં અર્ઝ કરી : મેં તેનું નામ ‘હરબ’ રાખ્યું છે. આપે ફરમાવ્યું : બલ્કે તેનું નામ ‘હસન’ છે..

તેવી જ રીતે જ્યારે હુસૈન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે પણ મેં તેમનું નામ ‘હરબ’ રાખ્યું, પરંતુ જ્યારે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તશરીફ લાવ્યા ત્યારે ફરમાવ્યું : મારો ફરઝંદ મને બતાવો, તેનું નામ શું રાખ્યું છે ? મેં અર્ઝ કરી કે તેનું નામ ‘હરબ’ રાખ્યું છે. આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : બલ્કે તે ‘હુસૈન’ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૧૦૧) જ્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહે અલયહાથી હઝરત હસન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે તેઓએ હઝરત અલી (અલયહિસ્સલામ)ને અર્ઝ કરી : આ બાળકનું નામ રાખો. તેઓએ ફરમાવ્યું: આનું નામ રાખવામાં રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પર અગ્રીમતા નહીં કરૂં.

જ્યારે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) તશરીફ લાવ્યા ... અને હઝરત અલી (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું આપે આમનું નામ શું રાખ્યું ? તેઓએ ફરમાવ્યું હું નામ રાખવામાં

આપના પર અગ્રતા કરી શકતો નથી. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : હું આમનું નામ રાખવામાં મારા રબ અજ્જ વ જલ્લ ઉપર અગ્રતા લઈ શકતો નથી. ખુદાવંદે આલમે જિબ્રઇલને વહી કરી : મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના ઘરે ફરઝંદની વિલાદત થઈ છે તમે જાવ, તેઓને મારા તરફથી સલામ પહોંચાડો, હદીયએ તબર્રુક પેશ કરો, અને તેઓને કહો કે અલીને આપની સાથે એ જ સંબંધ છે જેવો હારૂનને મૂસા સાથે હતો. તેથી આપના ફરઝંદનું નામ હારૂનના ફરઝંદ સમાન રાખો.

જિબ્રઇલે અમીન નાઝીલ થયા અને મુબારકબાદ પેશ કર્યા પછી કહ્યું કે ખુદાવંદે આલમ આપને હુકમ આપે છે કે આપ આમનું નામ હારૂનના પુત્ર જેવું રાખો. આપે ફરમાવ્યું : હારૂનના ફરઝંદનું નામ શું હતું? જિબ્રઇલે કહ્યું : *શબ્બર.*

આં હઝરતે ફરમાવ્યું કે મારી ભાષા તો અરબી છે, તેમણે કહ્યું : આપ તેમનું નામ '*હસન*' રાખો. તેથી આપે તેમનું નામ હસન રાખ્યું. પછી જ્યારે હુસૈન (અલયહિસ્સલામ)ની વિલાદત થઈ ત્યારે જિબ્રઇલે અમીન નાઝીલ થયા અને ખુદાના તરફથી ફરઝંદની વિલાદતની મુબાકબાદી પેશ કરી. પછી

કહ્યું : અલીનો આપની સાથે એ જ સંબંધ છે જેવો સંબંધ હારૂનનો મૂસા સાથે હતો. તેથી આપ આપના આ ફરઝંદનું નામ હારૂનના ફરઝંદ સમાન રાખો. આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પૂછ્યું કે તેમનું નામ શું હતું ? જિબ્રઇલે કહ્યું : *શબ્બીર.* આપે ફરમાવ્યું : મારી ભાષા તો અરબી છે. જિબ્રઇલે કહ્યું તો પછી આપ તેમનું નામ '*હુસૈન*' રાખી દો. તેથી આપે તેમનું નામ હુસૈન રાખ્યું.

(૧૧૦૨) અન્ય એક રિવાયતમાં છે કે ... હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમ)એ હઝરત અલી (અલયહિસ્સલામ)ને ફરમાવ્યું: આપે મારા ફરઝંદનું નામ શું રાખ્યું ? તેઓએ જવાબ આપ્યો: યા રસૂલલ્લાહ, હું તેનું નામ રાખવામાં આપના કરતાં અગ્રતા ન કરી શકું. અલબત્ત, હું ચાહતો હતો કે તેનું નામ 'હરબ' રાખું. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : તેમનું નામ રાખવામાં હું પણ મારા રબ પર અગ્રતા કરી શકતો નથી.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : જન્નતના જવાનોના સરદાર

(૧૧૦૩) હસન અને હુસૈન (અલયહેમુસ્સલામ) જન્નતના જવાનોના સરદાર છે. અને તેમના પિતા તેમનાથી અફઝલ છે.

(૧૧૦૪) હસન અને હુસૈન (અલયહેમુસ્સલામ) જન્નતના જવાનોના સરદાર છે.

(૧૧૦૫) બેશક, હસન અને હુસૈન (અલયહેમુસ્સલામ) જન્નતના જવાનોના સરદાર છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩ : હસનૈન-શરીફૈનની મોહબ્બત

(૧૧૦૬) જે માણસ મારી સાથે મોહબ્બત કરતો હોય તેના માટે જરૂરી છે કે મારા આ બંન્ને પુત્રો સાથે મોહબ્બત કરે. કેમકે, અલ્લાહે મને તેઓ સાથેની મોહબ્બત (રાખવા)નો હુકમ આપ્યો છે.

(૧૧૦૭) ખુદાવંદા, તું હસન (અલયહિસ્સલામ) અને હુસૈન (અલયહિસ્સલામ)ને દોસ્ત રાખ, અને જે તેઓને દોસ્ત રાખે તેઓને પણ દોસ્ત રાખ.

(૧૧૦૮) જે હસન (અલયહિસ્સલામ) અને હુસૈન (અલયહિસ્સલામ)ને દોસ્ત રાખશે તે મને દોસ્ત

રાખશે. અને જે તેઓથી દુશ્મની રાખશે તેઓ મારી સાથે દુશ્મની રાખશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪ : પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની હસનૈન (અલયહિસ્સલામ)ને ભેટ

(૧૧૦૯) હસન (અલયહિસ્સલામ)ને હું (મારો) રોઅબ, દબદબો અને ઇલ્મ અતા કરૂં છું અને હુસૈન (અલયહિસ્સલામ)ને સખાવત અને રહમત અતા કરૂં છું.

(૧૧૧૦) હસન માટે મારો રોબ, દબદબો અને સરદારી છે, જ્યારે હુસૈન માટે મારી શુજાઅત (બહાદૂરી) અને સખાવત છે.

(૧૧૧૧) રહ્યા હસન તો તેઓને રોબ અને દબદબો તથા ઇલ્મ અતા કરૂં છું અને રહ્યા હુસૈન તો હું તેમને સખાવત અને રહમત એનાયત કરૂં છું.

(૧૧૧૨) ઝયનબ બિન્તે અબી રાફેઅ, હઝરત ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહાથી રિવાયત કરે છે કે જનાબે ઝહેરા સલામુલ્લાહે અલયહા પોતાની જીંદગીના આખરી દિવસોમાં પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની પાસે હસન અને હુસૈન (અલયહિસ્સલામ)ને લઈને આવ્યા અને અર્ઝ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમ), આપ આમને કઈ વસ્તુના વારસ બનાવશો ?

આં જનાબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : હસન (અલયિહસ્સલામ) માટે મારો રોબ, દબદબો અને સરદારી છે. જ્યારે હુસૈન (અલયિહસ્સલામ) માટે મારી હિમ્મત અને સખાવત છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : આ બંને ઈમામ છે

(૧૧૧૩) ઇબ્ને શહર આશોબ તેઓની કિતાબ 'મનાકિબ'માં લખે છે કે: બંને જુદા જુદા ફિરકાઓ અને જુદા જુદા સમુહોએ આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી બાર ઇમામો વિશેની જે હદીસોનો ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે હસનૈન શરીફૈન (અલયહેમુસ્સલામ)ની ઇમામત માટે નસ્સ (સ્પષ્ટ હુકમ) સાબિત થઈ શકે છે અને તે માટેની દલીલ આપી શકાય છે.

આ ઉપરાંત એ બાબતની દલીલ પણ આપી શકાય છે કે ખૂદ હસનૈન અલયહિસ્સલામ ઇલ્મે ઇમામતના

માલિક હતા અને (તેઓએ) પોતાની ઇમામતનો દાવો કર્યો. તેઓ અલયહિસ્સલામના જમાનામાં મોઆવિયા અને યઝીદ સિવાય બીજું કોઈ ઇમામતનો દાવો કરનાર ન હતું. જ્યારે એ બંને (એટલે કે યઝીદ અને મોઆવિયા)ના દુરાચાર જ નહીં કુફ્ર પણ સાબિત છે. તેથી ઇમામત હસન અને હુસૈન અલયહેમુસ્સલામ માટે હોવાનું સાબિત છે.

એહલેબૈતના ઇજમાઅ (કોઈ એક બાબતમાં એકમત થવું)થી પણ દલીલ મળે છે કે એહલેબૈતે તેઓની ઇમામત પર ઇજમાઅ કરેલ છે. અને એહલેબૈત અલયહેમુસ્સલામનો ઇજમાઅ હુજ્જત છે.

આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની આ મશહૂર હદીસે પાકથી પણ સાબિતી આપી શકાય છે, જેમાં આપે ફરમાવ્યું: મારા આ બંન્ને પુત્રો ઈમામ છે, ભલે પછી તે ઊભા હોય કે બેઠા હોય.

વિભાગ - ૨૨ : ઇમામત (૬) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)

પ્રકરણ-૧ : હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ (સ્પષ્ટ સાબિતી)

(૧૧૧૪) જ્યારે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)ની શહાદતનો સમય નઝદીક આવ્યો ત્યારે આપે આપના ફરઝંદ હસને મુજતબાને ફરમાવ્યું : તમે મારી પાસે આવો, જેથી

હું તમોને એ રહસ્યો કહી દઉં, જે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મને કહ્યા હતા. અને જે બાબતો માટે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મને અમીન બનાવેલ હતો, તે બાબતો માટે હું તમને અમીન બનાવી દઉં.

(૧૧૧૫) સલીમ બિન કૈસ કહે છે કે હઝરત અમીર (અલયહિસ્સલામ)એ તેમના ફરઝંદ હઝરત હસન (અલયહિસ્સલામ)ને વસીયત ફરમાવી ત્યારે હું પણ ત્યાં મૌજૂદ હતો. જનાબે અમીર (અલયહિસ્સલામ)એ તે વસીયત પર હુસૈન

(અલયહિસ્સલામ), મોહમ્મદ (હનફીયાહ) પોતાના તમામ સંતાન, શીઆ આગેવાનો અને પોતાની એહલેબૈતને ગવાહ નીમ્યા, ત્યારપછી હસન (અલયહિસ્સલામ) ને કિતાબ અને હથિયારો સોંપ્યા.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : હસન (અલયહિસ્સલામ) મારાથી છે

(૧૧૧૬) હસન મારાથી છે અને હું હસનથી છું. ખુદા તેને દોસ્ત રાખે છે જે હસનને દોસ્ત રાખે. હસન અને હુસૈન મારા બે નવાસા (દોહિત્ર) છે.

(૧૧૧૭) મીકદામ બિન મઅદ યકરીબ અને ઉમ્રૂ બિન અસવદ 'કન્સરીન' પહોંચ્યા ત્યાં મોઆવીયાએ મીકદામને કહ્યું : શું તને ખબર છે કે હસન બિન અલીની વફાત થઈ ગઈ છે ? આ સાંભળીને ઉમ્રૂવએ*ઇન્નાલિલ્લાહ.....* પડ્યું. મોઆવિયાએ તેમને કહ્યું : શું તમે હસન

(અલયહિસ્સલામ)ની વફાતને મૂસીબત સમજો છો ?

મીકદામે કહ્યું : હું એ વાતને મૂસીબત કેમ ન સમજું ? મને યાદ છે કે તેઓને રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ખોળામાં રાખીને ફરમાવ્યું હતું : *આ મારાથી છે.....*

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩ : હસન (અલયહિસ્સલામ)નો મોહબ્બત

(૧૧૧૮) હસને મુજતબા તરફ ઇશારો કરીને ફરમાવ્યું : જે માણસ મારી સાથે મોહબ્બત કરવા માંગતો હોય તેણે આની સાથે મોહબ્બત કરવી જોઈએ.

(૧૧૧૯) એવી જ રીતે ફરમાવ્યું : પરવરદિગાર, હું આની સાથે મોહબ્બત કરૂં છું, તું પણ તેની સાથે મોહબ્બત કર. અને તેની સાથે મોહબ્બત કરનારાઓ સાથે પણ મોહબ્બત કર.

(૧૧૨૦) ખુદાવંદા, હું આની સાથે મોહબ્બત કરૂં છું તું પણ તેની સાથે મોહબત કર.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪ : સૌથી વધારે ઇબાદત કરનાર

(૧૧૨૧) હસન બિન અલી બિન અબી તાલિબ (અલયહેમુસ્સલામ) તેમના જમાનાના સૌથી વધારે આબિદ, સૌથી વધારે ઝાહિદ, અને સૌથી શ્રેષ્ઠ ઇન્સાન હતા.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૨ : ઇમામત (૭) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ (સ્પષ્ટ સાબિતી)

(૧૦૨૨) મારી વફાત અને મારા શરીર અને રૂહમાં જુદાઈ થવા પછી હુસૈન ઇબ્ને અલી (અલયિહિસ્સલામ) જ ઈમામ થશે. અલ્લાહ તઆલાની નઝદીક તેની કિતાબમાં છે કે

પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના વારસ તરીકે આ ઇમામત તેમને મળશે. ખુદાવંદે આલમે તેની સાથે તેમના પિતા અને માતાના વારસાને પણ મેળવી આપ્યો. આમ, તેઓ મારા પછી દરેક રીતે ઉમ્મતના ઈમામ થશે. કેમકે, એ વાત ઇલ્મે ખુદામાં આવી ચુકી છે કે તમે લોકો (એહલેબૈતે ઇસ્મત) અલ્લાહની શ્રેષ્ઠ મખ્લૂક છો. તેથી જ ખુદાએ તમારામાંથી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને પસંદ કર્યા, હઝરત મોહમ્મદે મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલયહિસ્સલામ)ને પસંદ કર્યા, હઝરત અલી

(અલયિહિસ્સલામ)એ ઇમામત માટે મને પસંદ કર્યો અને મેં હુસૈન (અલયિહિસ્સલામ)ને પસંદ કર્યા.

- હઝરત ઈમામ હસન (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : હુસૈન (અલયિહિસ્સલામ) મારાથી છે.

(૧૧૨૩) હુસૈન (અલયિહિસ્સલામ) મારાથી છે અને હું હુસૈન (અલયિહિસ્સલામ)થી છું, ખુદા એને દોસ્ત રાખે છે હુસૈન (અલયિહિસ્સલામ)ને દોસ્ત રાખે. હુસૈન (અલયિહિસ્સલામ) મારા દોહિત્ર છે.

(૧૧૨૪) બરાઅ બિન આઝીબ કહે છે. મેં રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને જોયા કે તેઓ હુસૈન (અલયિહિસ્સલામ)ને ઉપાડેલા હતા અને કહી રહ્યા હતા : ખુદાવંદા, હું આને દોસ્ત રાખું છું. તેથી તું પણ તેને દોસ્ત રાખ.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૨૨ : ઇમામત (૮) ઇમામતે ખાસ્સહ ઇમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૨૫) જ્યારે હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)ની શહાદતનો સમય નઝદીક આવ્યો ત્યારે આપે આપના મોટા દુખ્તર જનાબે ફાતેમા બિન્તુલ હુસૈન (અલયિહિસ્સલામ)ને બોલાવ્યા અને એક પત્ર લપેટીને આપ્યો. તેમજ

જાહેરી રીતે વસીયત કરી. તે વખતે હઝરત અલી ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) બીમાર હતા.અને બધાને તેઓની ચિંતા હતી. તે પત્ર ફાતેમા બિન્તુલ હુસૈન (અલયહિસ્સલામ)એ ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)ને આપ્યો. ખુદાની કસમ, એ જ પત્ર અમારી પાસે મૌજૂદ છે. ... ખુદાની કસમ, તેમાં અવ્લાદે આદમની ઉત્પત્તિથી લઈને દુનિયાના અંત સૂધીની તમામ બાબતો મૌજૂદ છે.

- ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) ક્યાં છે ?

(૧૧૨૬) જ્યારે કયામતનો દિવસ હશે ત્યારે એક અવાજ આપનારો અવાજ આપશે ઝયનુલ આબેદીન (ઇબાદત કરનારાઓની ઝીનત) ક્યાં છે ? અને જાણે કે હું મારા ફરઝંદ અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)ને જોઈ રહયો છું કે તેઓ હરોળ ચીરીને આગળ વધી રહ્યા છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૧૨૭) જ્યારે કયામતનો દિવસ હશે ત્યારે એક અવાજ આપનારો અવાજ આપશે : “ઝયનુલ આબેદીન (ઇબાદત કરનારાઓની ઝીનત) ક્યાં છે ?” અને જાણે કે હું મારા ફરઝંદ અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)ને જોઈ રહયો છું કે તેઓ હરોળ ચીરીને આગળ વધી રહ્યા છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૨ : ઇમામત (૯) ઇમામતે ખાસ્સહ ઇમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ-૧ : હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૨૮) અબૂ ખાલિદ કહે છે. : મેં ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી : આપના પછી ઈમામ કોણ થશે ? આકા (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : (મારા પછી ઇમામ)

મારા ફરઝંદ મોહમ્મદ છે. જે ઇલ્મને ચીરીને બહાર કાઢશે.

(૧૧૨૯) હઝરત ઈમામ અલી બિન હુસૈન ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) જ્યારે અંતિમ બીમારીમાં હતા ત્યારે આપે આપના તમામ ફરઝંદો મોહમ્મદ, હસન, અબ્દુલ્લાહ, ઉમર, ઝયદ અને હુસૈનને એકઠા કર્યા. અને આપના ફરઝંદ મોહમ્મદ બિન અલી (અલયહિસ્સલામ)ને વસીયત કરી. તેઓને બાકીરનો લકબ આપ્યો અને તમામ ઉમૂર તેમને સોંપી દીધા.

પ્રકરણ - ૨ : ઇલ્મને ચીરશે (વિસ્તૃત કરશે)

(૧૧૩૦) એક દિવસ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ જાબિર બિન અબ્દુલ્લાહને ફરમાવ્યું : જાબિર, તમે મારા ફરઝંદ મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)ની ઝિયારત કરશો, એ સમય સૂધી જીવતા રહેશો, જેઓનું મુળનામ તોરૈતમાં 'બાકર' મશહુર છે. જ્યારે તમે તેઓની મુલાકાત કરો, ત્યારે તેઓ સૂધી મારા સલામ પહોંચાડી આપજો.

- ઈમામ જઅફર સાદિક (અલયહિસ્સલામ)

(૧૧૩૧) જાબિર બિન અબ્દુલ્લાહ કહે છે કે મેં રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને ફરમાવતા સાંભળ્યા કે : જાબિર નઝદીકમાં જ તમે અમારા એક શખ્સની મુલાકાત કરશો, જે મારા હમનામ હશે. તેઓની શકલો-સૂરત મને મળતી આવતી હશે. તેઓ ઇલ્મને ખૂબજ સારી રીતે વિસ્તૃત કરશે.

(૧૧૩૨) તેઓ (જાબિર)થી રિવાયત છે : હું રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં મૌજૂદ હતો... આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : મારા

ફરઝંદ હુસૈનને ત્યાં એક ફરઝંદ પૈદા થશે. જેમનું નામ અલી હશે. કયામતના દિવસે એક અવાજ આપનારો અવાજ આપશે કે ‘સૈયદુલ આબેદીન’ ઊભા થઈ જાય. ત્યારે અલી ઈબ્નિલ હુસૈન ઊભા થઈ જશે. એ જ અલી ઈબ્નિલ હુસૈનને ત્યાં એક ફરઝંદ પૈદા થશે જેનું નામ મોહમ્મદ હશે. જાબિર, તમે તેમને જુઓ તો તેમને મારા સલામ આપશો. અને તમારે એ વાત જાણવી જોઈએ કે તેમની મુલાકાત પછી તમારી ઝિંદગીના દિવસો પણ બહુજ ટૂંકા રહેશે.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૦) ઇમામતે ખાસ્સહ ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૩૩) જ્યારે મારો ફરઝંદ જઅફર બિન મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ) પૈદા થાય તો તમે તેમનું નામ 'સાદિક' રાખજો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૧૩૪) મોહમ્મદ બિન મુસ્લિમ કહે છે કે : હું અબૂ જઅફર મોહમ્મદ બિન અલી (ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ)ની પાસે મૌજૂદ હતો. અચાનક તેઓના ફરઝંદ 'જઅફર (અલયહિસ્સલામ)' અંદર આવ્યા, તેમના માથા પર ઝુલ્ફા (વાંકડીયા વાળ) હતા. અને તેમના હાથમાં લાકડી હતી, જેનાથી તેઓ રમી રહ્યા હતા. ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)એ તેમને પકડ્યા અને છાતીએ વળગાડયા. પછી ફરમાવ્યું :

મારા મા-બાપ તમારા પર કુરબાન, તમે દુન્યવી ખેલ-કુદ માટે નથી.

ત્યારપછી, ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)એ મને ફરમાવ્યું : અય મોહમ્મદ, મારા પછી આ તમારા ઈમામ છે. તેથી તમે તેઓની પૈરવી કરજો. અને તેઓના ફૈઝથી ફૈઝ મેળવજો. ખુદાની કસમ, તેઓ જ સાદિક છે. તેઓના ગુણ સરકારે રિસાલત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમએ બયાન ફરમાવ્યા છે. એ વાતમાં શક નથી કે શીઆઓને દુનિયા અને

આખેરતમાં અલ્લાહ તબારક વ તઆલા તરફથી રક્ષણ નસીબ થશે.

પ્રકરણ - ૨ : આપની સીરત અને શ્રેષ્ઠ અખ્લાક

(૧૧૩૫) મોહમ્મદ બિન ઝીયાદ અઝદી કહે છે કે : મેં મદીનામાં ફરીહ બિન માલિક બિન અનસ પાસેથી સાંભળ્યું. તેઓ કહી રહ્યા હતા : હું જ્યારે પણ જઅફર બિન મોહમ્મદ સાદિક (અલયિહિસ્સલામ) પાસે જતો ત્યારે તેઓ મારી સમક્ષ તકીયો ધરી દેતા અને મારી ઇઝઝત કરતા હતા અને ફરમાવતા હતા કે : માલિક ! હું તમને દોસ્ત રાખું છું. આ વાતથી હું ખૂશ થઈ જતો હતો અને અલ્લાહ તઆલાની હમ્દ બજાવી લાવતો.

માલિક કહે છે : તેઓ એવા ઇન્સાન હતા કે જેઓ ત્રણ સિફતોથી ખાલી ન હતા. તેઓ રોઝા અથવા નમાઝની હાલતમાં રહેતા અથવા તો ઝિક્રે ખુદામાં વ્યસ્ત રહેતા હતા. તેઓની ગણત્રી ઉચ્ચ કક્ષાના ઇબાદતગુઝારોમાં થતી હતી. તેઓ ટોચ કક્ષાના ઝાહેદોમાંથી હતા કે જેઓ ખુદાથી ડરતા હતા. આપે ખૂબ જ મોટા પ્રમાણમાં હદીસો બયાન કરી છે. તેઓ (અલયહિસ્સલામ)ની મહેફીલ ખૂબજ પાકીઝા રહેતી હતી. અને ત્યાંથી મોટા પ્રમાણમાં ફાયદો મેળવી શકાતો હતો.

(૧૧૩૬) “અય નવયુવાન લોકો(ના સમુહ) ! ખુદાથી ડરો અને ધનવાન લોકો પાસે ન જાવ, તેઓને તેમની હાલત પર છોડી દો, કે જેથી તેઓ તમારી પાછળ ચાલે. ખુદાને છોડીને લોકોને તમારા મદદગાર ન સમજો. ખુદાની કસમ, હું તમારા માટે એ લોકો કરતાં બહેતર છું. ત્યાર પછી આપ (અલયહિસ્સલામ)એ આપનો હાથ પોતાની છાતી તરફ માર્યો.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૧) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયિહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૩૭) સફવાન જમ્માલ કહે છે : મેં ઈમામ સાદિક (અલયિહિસ્સલામ)ને આ અમ્ર (અમ્રે ઇમામત) વિશે સવાલ કર્યો, આપ (અલયિહિસ્સલામ)એ જવાબ આપ્યો : આ અમ્ર (ઇમામત)ના માલિક દુન્યવી ખેલકુદથી વિમુખ

હોય છે. એટલામાં હઝરત મૂસા બિન જઅફર (કાઝિમ) (અલયિહિસ્સલામ) આવ્યા. તે સમયે સમયે આપ બાળક હતા. આપ (અલયિહિસ્સલામ)ના હાથમાં મક્કાનું એક નાનકડું જાનવર હતું અને આપ (અલયિહિસ્સલામ) તેને કહી રહ્યા હતા કે "તારા રબને સિજદો કર."

ત્યારપછી ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)એ તેમને પોતાની છાતી સાથે વળગાડી લીધા અને ફરમાવ્યું : મારા મા-બાપ આપની ઉપર કુરબાન, કે જેઓ દુન્યાવી ખેલ-ફૂદથી વિમુખ હોય છે.

પ્રકરણ-૨ : ઈમામ કૈદખાનામાં ..

(૧૧૩૮) અલી બિન સોવૈદ કહે છે : મેં એક વખત અબૂલ હસન મૂસા (કાઝિમ) (અલયિહિસ્સલામ)ની ખિદમતમાં એક પત્ર લખ્યો, જ્યારે તેઓ કૈદખાનામાં હતા. એ પત્રમાં મેં તેઓ (અલયિહિસ્સલામ)ના ખબર અંતર પૂછયા હતા, અને ઘણા મસાએલ પણ પૂછયા હતા. ઘણા મહિનાઓ સૂધી એ પત્રનો જવાબ ન મળ્યો, છેવટે એક દિવસ તે પત્રનો જવાબ મળ્યો, જેમાં લખ્યુ હતું :

બિસ્મિલ્લાહિર રહમા નીર રહીમ ... અમ્મા બઅદ,

તમે એવા માણસ છો જેને ખુદાવંદે આલમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની બાબતમાં વિશેષ સ્થાન બક્ષ્યું છે. જેથી તમારો દીન સુરક્ષિત છે...

(૧૧૩૯) અલી બિન સુવૈદ જ રિવાયત કરે છે કે હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)એ મને કૈદમાંથી આ પત્ર લખ્યો : અય અલી ! તમે એ વાતનો ઉલ્લેખ કર્યો છે કે તમે તમારો દીન કોઈ ગૈર શીઆ પાસેથી મેળવો, તો યાદ રાખો કે તમારી દીની જાણકારી ક્યારેય પણ કોઈ ગૈર શીઆ પાસેથી નહીં મેળવતા. જો તમે તેમ કરશો તો તમે તમારા દીનમાં ખયાનત કરવા લાગશો.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૨) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ અલીરઝા (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૪૦) અબ્દુર રહેમાન બિન હજ્જાજ કહે છે : હઝરત અબૂલ હસન મૂસા બિન જઅફર (ઇમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામ) એ તેમના ફરઝંદ અલી (રઝા)ને વસીયત કરી અને તેમના માટે એક

પત્ર પણ લખ્યો જેમાં મદીનાના ૬૦ (સાઠ) વિશ્વાસુ લોકોને સાક્ષી બનાવ્યા.

પ્રકરણ - ૨ : આપ (અલયહિસ્સલામ)ને વલી અહદી (ખલીફાના પ્રતિનિધિ) બનવા માટે મજબૂર કરવામાં આવ્યા..

(૧૧૪૧) અબૂ સલત હરવા કહે છે કે : મામૂને હઝરત અલી બિન મૂસા રઝા (અલયહિસ્સલામ)ને કહ્યું કે : ... અય ફરઝંદે રસૂલ ! મેં નિર્ણય કર્યો છે કે હું ખિલાફત છોડીને આપને ખલીફા બનાવી દઉં અને આપની બયઅત કરી લઉં.

હઝરત રઝા (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જો આ ખિલાફત તમારા માટે છે અને ખુદાએ તમને ખલીફા બનાવ્યા છે, તો પછી એ વાત જાએઝ નથી કે જે પોષાક ખુદાએ તમને પહેરાવ્યો છે, તે ઉતારીને બીજા કોઈને પહેરાવી દો. તેવી જ રીતે જો ખિલાફત તમારા માટે નથી તો પછી તમારા માટે તો પછી તમારા માટે એ જાએઝ નથી કે જે વસ્તુ તમારી માલિકીની નથી તે તમે બીજા કોઈને આપી દો.

મામૂને કહ્યું : ફરઝંદે રસૂલ, આ હુકમ (હોદ્દો) આપે જરૂર કબૂલ કરવો પડશે. ઈમામ (અલયહિસ્સલામ)

એ ફરમાવ્યું : આ વાત હું સ્વેચ્છાએ ક્યારેય કબૂલ કરીશ નહીં... તમારો હેતુ એ છે કે લોકો મારા વિશે એમ કહે કે અલી બિન મૂસા અત્યાર સૂધી તો દુનિયાથી દૂર રહેતા હતા અને દુનિયા તેઓની પાછળ દોડતી રહી, પરંતુ હવે તેઓએ ખિલાફતની લાલચમાં વલી અહદી કબૂલ કરી લીધી.

આ સાંભળીને મામૂનને ગુસ્સો આવી ગયો. અને તેણે કહ્યું : હું ખુદાની કસમ ખાઈને કહું છું કે જો આપે વલી અહદી કબૂલ ન કરી તો હું આપને બળજબરી પૂર્વક મનાવીશ. અને તે છતાં પણ

આપ સંમત નહીં થાવ તો આપની ગરદન ઉડાડી દઈશ.

પ્રકરણ - ૩ : *સરખસ*ના કૈદખાનામાં ...

(૧૧૪૨) હરવા કહે છે કે : હું સરખસના કૈદખાનાના દરવાજા પાસે આવ્યો જ્યાં ઇમામે રઝા (અલયહિસ્સલામ) કૈદ હતા. મેં કેદખાનાના રખેવાળ પાસે (અંદર જવાની) રજા માંગી ત્યારે તેણે કહ્યું કે : આપ લોકોને રજા આપી શકાતી નથી.

મેં કહ્યું : શા માટે ? તેણે કહ્યું : તેઓ (ઇમામ અલયહિસ્સલામ) દિવસ અને રાતમાં એક હજાર રકાત નમાઝ અદા કરે છે. અને બરાબર બપોરે એટલે કે ઝવાલના સમયેની થોડી વાર પહેલા અને સુર્યાસ્ત પહેલા તેઓને થોડી ફુરસદ મળે છે, પરંતુ

તે સમયે પણ તેઓ મુસલ્લા પર બેસીને પોતાના રબની મુનાજાત કરવામાં વ્યસ્ત રહે છે.

મેં કહ્યું : તમે તેઓ (અલયહિસ્સલામ) પાસેથી એ જ સમયમાં મારા માટે મુલાકાતની રજા મેળવો. એ રીતે મેં ઈમામ (અલયહિસ્સલામ)ની મુલાકાતની રજા મેળવીને તેઓ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો. ત્યારે મેં જોયું કે ઈમામ (અલયહિસ્સલામ) મુસલ્લા પર બેસીને કંઈક વિચારી રહ્યા છે.

પ્રકરણ - ૪ : ઈમામ (અલયહિસ્સલામ) વિવિધ ભાષાઓ જાણતા હતા ...

(૧૧૪૩) અબૂ સલત અલ હરવા કહે છે કે : હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ) લોકો સાથે વિવિધ ભાષાઓમાં વાતો કરતા હતા. ખુદાની કસમ, ઈમામ (અલયહિસ્સલામ) તે લોકોની સાથે (ફસીહ અને બલીગ) વધારે વિદ્વતાપૂર્ણ અને સરળભાષામાં વાતો કરતા હતા. અને તે લોકોની ભાષા - તે લોકો કરતા વધારે સારી રીતે જાણતા હતા. એક દિવસ મેં ઈમામ (અલયહિસ્સલામ)ને

પુછ્યું : ફરઝંદે રસૂલ, આપ આ લોકોની વિવધ ભાષાઓ જાણો છો તે વાતનું મને આશ્ચર્ય થાય છે.

ઇમામે ફરમાવ્યું : અબૂ સલ્ત, હું ખુદાની મખ્લૂક પર તેની હુજ્જત છું, અને ખુદાવંદે આલમ કોઈ કૌમ માટે એવી હુજ્જતને નથી મોકલતો કે જેને તેની કૌમની ભાષાનું ઇલ્મ ન હોય. શું તમને એ વાતની ખબર નથી કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું છે કે “અમને વક્તવ્યની શ્રેષ્ઠતાનું ઇલ્મ આપવામાં આવ્યું છે” અને વક્તવ્યની શ્રેષ્ઠતા ભાષાઓના જ્ઞાન અને મઅરેફત સિવાય બીજુ શું છે ?

પ્રકરણ - ૫ : તલવારમાંથી લોહી ટપકી રહ્યું છે.

(૧૧૪૪) હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરવામાં આવ્યું : આપ તો આ ઇરશાદ ફરમાવો છો કે તલવારમાંથી લોહી ટપકી રહ્યું છે. આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ખુદાવંદે આલમે સોનાનો એક પ્રદેશ બનાવ્યો છે જેના રક્ષણનું કામ કીડી જેવી નબળી મખ્લૂકને સોપ્યું છે. એટલે સૂધી કે ઝડપી ગતિ ધરાવતા *રબખાતી* ઊંટ ત્યાં જવાનો ઇરાદો કરે તો ત્યાં પહોંચી શકતા નથી.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૩) ઇમામતે ખાસ્સહ ઇમામ મોહમ્મદ તકી જવાદ (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ મોહમ્મદ તકી જવાદ (અલયિહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૪૫) અબ્દુલ્લાહ બિન જઅફર કહે છે : હું અને સફવાન બિન યહ્યા હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયા. તો જોયું કે હઝરત અબૂ જઅફર મોહમ્મદ બિન અલી (મોહમ્મદ તકી અલયિહિસ્સલામ) ઊભા હતા. તે

વખતે તેઓની વય ત્રણ વર્ષ જેટલી હતી. મેં હઝરત રઝા (અલયહિસ્સલામ)ને અર્ઝ કરી : ખુદા કરે અમે આપ પર કુરબાન થઈએ. જો ખુદાના ખાસ્તા, કોઈ અકસ્માત બની જાય તો આપના પછી ઈમામ કોણ થશે ?

ઇમામે ફરમાવ્યું : મારા ફરઝંદ, (આમ કહીને) ઈમામ મોહમ્મદ તકી (અલયહિસ્સલામ) તરફ ઇશારો કર્યો. અમે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : અને તે પણ આ બચપણમાં !

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જી હા, આ બચપણમાં! અલ્લાહ તઆલાએ તો હઝરત ઇસા બે

વર્ષના હતા ત્યારે તેઓ થકી હુજ્જત પૂર્ણ કરી હતી.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૪) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૪૬) સફર ઇબ્ને દલફ કહે છે કે મેં અબૂ જઅફર મોહમ્મદ બિન અલી રઝા એટલે કે ઈમામ મોહમ્મદ તકી (અલયહિસ્સલામ) પાસેથી સાંભળ્યું કે: આપે ફરમાવ્યું: મારા પછી મારા ફરઝંદ અલી નકી (અલયહિસ્સલામ) ઈમામ થશે. તેમનો હુકમ

મારો હુકમ છે, તેમનો કૌલ એ મારો કૌલ છે, તેઓની ઇતાઅત એ મારી ઇતાઅત છે, તેઓ પછી ઇમામત તેઓના ફરઝંદ પાસે હશે.

પ્રકરણ - ૨ : ઈમામ કૈદખાનામાં ...

(૧૧૪૭) ઇબ્ને ઉરમહ કહે છે કે : મુતવક્કીલ અબ્બાસીના શાસન કાળ દરમ્યાન હું *સુર્રેમન રાય* ગયો. અને ત્યાં સઈદ રાબાન પાસે પહોંચ્યો, તે વખતે મુતક્કિલે ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)ને કત્લ કરવાનું કામ સુએદ દરવાનને સોંપ્યું હતું. જ્યારે હું સુએદ પાસે પહોંચ્યો, ત્યારે તેણે મને પુછ્યું : તું તારા મઅબૂદને જોવા માંગે છે ? મેં કહ્યું : એ ઝાત પાક છે, જેને આપણે જાહેરી આંખોથી જોઈ શકતા નથી. તેણે કહ્યું એ જ માણસ(ની વાત છે) કે જેને તમે તમારા

ઈમામ માનો છો ! મેં કહ્યું : મને તેઓ (અલયહિસ્સલામ)ની ઝિયારત કરવાનો કોઈ ઇન્કાર નથી. તેણે કહ્યું : મને તેઓ (અલયહિસ્સલામ)ને કત્લ કરવાનો હુકમ મળી ચુક્યો છે. અને એ હુકમને હું અમલમાં મુકીશ. (તેની પાસે સંદેશો લાવનાર માણસ પણ મૌજૂદ હતો.) જ્યારે આ માણસ બહાર જાય ત્યારે તમે તમારા ઈમામ પાસે જજો.

થોડી વાર પછી તે માણસ ચાલ્યો ગયો ત્યારે તેણે મને કહ્યું: જાવ. ઇમામને જે મકાનમાં કૈદ રાખવામાં આવ્યા હતા, તે મકાનમાં હું ગયો. મેં જોયું કે

આપની પાસે એક કબ્ર ખોદેલી હતી. મેં અંદર પ્રવેશીને સલામ કરી. અને હું અનાયાસે રડવા લાગ્યો અને (ઇમામની એ હાલત ઉપર) બેહદ રૂદન થઈ આવ્યું.

ઇમામે ફરમાવ્યું : શા માટે રડે છે ? મેં કહ્યું : આપની હાલત જોઈને (મને રડવું આવે છે) ઇમામે ફરમાવ્યું : રડો નહીં, આ લોકો તેમના હેતુમાં સફળ થનાર નથી. આ સાંભળીને મને શાંતિ થઈ. ઇમામે ફરમાવ્યું: બે દિવસથી વધારે પસાર નહીં થાય કે ખુદા આ માણસ અને તેના માલિક કે જેને તમે જોયો છે - તે બંનેનું લોહી વહાવી દેશે.

રાવી કહે છે કે : ખુદાની કસમ, હજી બે જ દિવસ પસાર થયા હતા ત્યાં તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા.

(૧૧૪૮) 'અલ વાહેદહ' કિતાબના રાવી કહે છે કે મને મારા ભાઈ હુસૈન બિન મોહમ્મદે કહ્યું : મારો એક વિવેકી અને સંસ્કારી મિત્ર અથવા ગુલામ હતો. - આ શંકા રાવી તરફથી છે. તેણે મને કહ્યું કે : દારૂલ ખિલાફતથી પાછા ફરતી વખતે મને સત્તાધિશે કહ્યું કે અમીરૂલ મોઅમેનીન (તે જમાનાના ખલીફા) એ તે માણસને ગિરફ્તાર કર્યો છે કે જેને લોકો ઇબ્નર રઝા કહે છે (એટલે કે

ઈમામ અલી નકી અલયહિસ્સલામને) અને તેઓને *અલી બિન કરકર*ને સોંપી દીધા છે. મેં તેમને એવું કહેતા સાંભળ્યા છે કે: અલ્લાહની નજરોમાં મારી કદ્રો મંઝેલત નાકએ સાલેહ (સાલેહ પયગમ્બરની ઊંટણી)થી પણ ઘણી વધારે છે. તમે તમારા ઘરમાં ત્રણ દિવસ ખૂશીથી વિતાવો. આ એવો વાયદો છે કે જેને જુઠલાવી શકાતો નથી.

મારી સમજમાં એ વાત આવતી ન હતી કે આ આયત છે કે તેઓના પોતાના શબ્દો છે ! મેં અર્ઝ કરી : ખુદા આપને ઇઝઝત આપે, આ રીતે આપ

મોટી ધમકી આપી રહ્યા છો. હું જોવા માંગુ છું કે ત્રણ દિવસ પછી શું થશે ?

સવાર થઈ ત્યારે કેદખાનાના રખેવાળે આપને મુક્ત કરી દીધા, અને માફી પણ માંગી. ત્રીજા દિવસે ખલીફા (એ જમાનાના સત્તાધિશ) પર *યાગઝ, યગલૂન અને તામિશ* અને તેઓની સાથે બીજા ઘણા લોકો તૂટી પડ્યા અને તેને કત્લ કરી નાખ્યો, અને તેની જગ્યાએ તેના દીકરા મુન્તસીરને ખલીફા બનાવી દીધો.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૫) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ હસન અસ્કરી (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧ : હઝરત ઈમામ હસન અસ્કરી (અલયિહિસ્સલામ)ની ઇમામત પર નસ્સ

(૧૧૪૯) સફર બિન દલફ કહે છે : મેં હઝરત ઈમામ અલી (નકી) બિન મોહમ્મદ (તકી) બિન અલી (રઝા) (અલયિહિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા : મારા પછી હસન (અસ્કરી) ઈમામ થશે અને તેમના પછી તેમના ફરઝંદ હઝરત કાએમ

(અલયહિસ્સલામ) થશે. તેઓ જમીનને અદલો-ઇન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.

પ્રકરણ-૨ : ઈમામ કૈદખાનામાં ...

(૧૧૫૦) અહમદ બિન મોહમ્મદ બિન અય્યાશની કિતાબમાં છે કે તેઓ કહે છે કે અબૂ હાશીમ જઅફરી હઝરત અબી મોહમ્મદ ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)ની સાથે કૈદખાનામાં હતો અને તે જમાનાના સત્તાધિશ ખલીફા મોઅતીઝે તેમને હી. ૨૫૮ બીજા ઘણા તાલેબીન (અવલાદે અબૂ તાલિબ)ની સાથે કૈદ કરેલા હતા.

રાવી કહે છે : અમને ... એ રિવાયત કરી કે : હું આ કૈદખાનામાં કૈદ હતો. જે "હબસે ખશીશ"ના નામથી જાણીતું હતું. અને જૌશક અહમરમાં હતા.

એ કૈદખાનામાં હુસૈન બિન મોહમ્મદ અકીકી, મોહમ્મદ બિન ઇબ્રાહીમ અમરી, અને બીજા અમૂક માણસો કૈદ હતા. અચાનક અમારી પાસે અબૂ મોહમ્મદ હસન (અસ્કરી) (અલયિહિસ્સલામ) અને તેમના ભાઈ જઅફરને લાવવામાં આવ્યા. કેદખાનામાં રખેવાળનું નામ સાલેહ બિન વસીફ, એ જ કૈદખાનામાં 'જમહી' કબીલાનો એક માણસ પણ હતો. જે પોતાને અલવી કહેતો હતો.

રાવીનું બયાન છે કે : હઝરત અબૂ મોહમ્મદ અસ્કરી (અલયિહિસ્સલામ)એ અમને સંબોધીને ફરમાવ્યું : જો તમારામાં એવો માણસ ન હોય, કે જે

તમારામાંથી ન હોય તો હું તમને એ કહી દઉં કે તમને આ કૈદખાનામાંથી મુક્તિ ક્યારે મળશે ? પછી ‘જમહી’ માણસ તરફ ઇશારો કરીને ફરમાવ્યું કે તે બહાર ચાલ્યો જાય, તેથી તે બહાર ચાલ્યો ગયો.

હ. અબૂ મોહમ્મદ અસ્કરી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : આ માણસ તમારામાંથી નથી. તેનાથી સાવધ રહેજો, તેના કપડામાં એ બધી વાતો લખેલી મૌજૂદ છે, જે તેને બાદશાહ પાસે લઈ જશે. અને તમારી તમામ વાતચીતની જાણ કરી દેશે. તે પછી એક માણસ ઉભો થયો. તેણે તેના કપડાની તપાસ કરી તો તેમાંથી એ વાત જોવા મળી જે તે

બાદશાહને જણાવી દેત. તેમાં અમારી તમામ બાબતો લખેલી હતી.

(૧૧૫૧) અબૂ હાશિમ જઅફરી કહે છે : હું ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)ની સાથે મહદી બિન વાસિકના કૈદખાનામાં હતો. ઇમામે મને ફરમાવ્યું : અબૂ હાશિમ આ તાગૂત (મહદી નામનો બાદશાહ) આ રાતમાં ખુદાની સાથે નકામું કામ કરવા માંગે છે. હકીક્તમાં, ખુદાએ તેની ઉમર ટુંકી કરી નાખી છે, અને તેના પછીની હુકુમતને અલ્લાહે "હઝરત કાએમ" માટે મુકર્રર કરી છે. -તેને પુત્ર ન

હતો.- અને નઝદીકના સમયમાં જ ખુદા મને પુત્ર અતા કરશે.

અબૂ હાશિમ કહે છે કે જ્યારે સવાર પડી ત્યારે તુર્ક લોકોએ બળવો કરીને મહદી બાદશાહને કત્લ કર્યો. અને તેની જગ્યાએ મોઅતમીદ સત્તા પર આવ્યો. અને ખુદાએ અમને બચાવી લીધા.

(૧૧૫૨) જ્યારે હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ) કૈદખાનામાં હતા અને કૈદખાનાનો રખેવાળ સાલેહ બિન વસીફ હતો ત્યારે કેટલાય અબ્બાસી માણસો એક બાજુ સાલેહ બિન અલી વગેરે બીજા વિરોધીઓની સાથે, બીજી

બાજુએથી સાલેહ બિન વસીફની પાસે આવ્યા. અને તેને કહ્યું કે: અબૂ મોહમ્મદ અસ્કરી ઉપર બની શકે તેટલા ઝુલ્મ કરો, અને તેને નિરાંતનો દમ લેવા ન દો. સાલેહ બિન વસીફે કહ્યું : હું બીજું શું કરૂં ? મેં બે સૌથી ખરાબ માણસોને તેમના પર સખ્તી કરવા માટે નીમ્યા છે. પરંતુ તેમની હાલત એ થઈ ગઈ છે કે તે મોટા ઇબાદત ગુઝાર અને ગાઝી બની ગયા છે.

વિભાગ - ૨૨ : ઇમામત (૧૬) ઇમામતે ખાસ્સહ હઝરત ઈમામ કાએમ અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ શરીફ

પ્રકરણ - ૧ : હઝરત (અલયિહિસ્સલામ)ના પવિત્ર નામો

(૧૧૫૩) (અબૂ હમ્ઝા શેમાલી) કહે છે : મેં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)ને પૂછ્યું : યબ્ન રસૂલલ્લાહ, શું આપ બધા (મઅસૂમ) કાએમીન બિલ હક (હકની સાથે ક્યામ કરનારાઓ) નથી ? આપે ફરમાવ્યું : બિલ્કુલ છીએ. મેં કહ્યું : તો

પછી હઝરત કાએમે આલે મોહમ્મદ (ઇમામ મહદી) (અલયહિસ્સલામ)ને “કાએમ” શા માટે કહેવામાં આવે છે ? આપે ફરમાવ્યું : જ્યારે મારા પવિત્ર દાદા હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)ને શહીદ કરવામાં આવ્યા ત્યારે ફરિશ્તાઓ મોટા અવાજે રડીને અલ્લાહની બારગાહમાં ફરિયાદ કરી રહ્યા હતા કે અય અમારા મઅબૂદ અને સરદાર, તારા માનવંત બંદાના ફરઝંદ અને તારી શ્રેષ્ઠ મખ્લૂકને શહીદ કરી નાખવામાં આવે અને તને તેની પરવાહ પણ નથી! ત્યારે ખુદાવંદે આલમે તેમના તરફ વહી ફરમાવી હતી કે અય મારા મલાએકા, તમારા દિલોને

સાંત્વન મળવું જોઈએ. કેમકે મને મારી ઇઝઝત અને જલાલની કસમ, હું હુસૈન (અલયહિસ્સલામ)ના કાતિલોનો બદલો અવશ્ય લઈશ. ભલે તે એક બહુજ લાંબી મુદ્દત પછી પણ કેમ ન હોય !

ત્યારપછી, ખુદાવંદે આલમે ફરિશ્તાઓની સામેથી તમામ પરદાઓ હટાવી દીધા અને અવલાદે હુસૈન (અલયહિસ્સલામ)માંથી તમામ અઇમ્મા અલયહેમુસ્સલામની ઝિયારત કરાવી, જેનાથી મલાએકા ખૂશ થયા. અઇમ્મએ અત્હારમાંથી એક ઈમામ ઊભા રહીને નમાઝ પડી રહ્યા હતા. ખુદાવંદે અજ્જ વ જલ્લે ફરમાવ્યું : આ *કાએમ*

(ઉભેલા ઇમામ) મારફતે ઇમામે હુસૈન (અલયહિસ્સલામ)ના કાતિલોનો બદલો લઈશ.

(૧૧૫૪) અબૂ સઈદ ખુરાસાની કહે છે કે : મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી કે શું મહદી અને કાએમ એક જ શખ્સનું નામ છે ?

આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું: હા, મેં કહ્યું: તો પછી તેઓને *મહદી* શા માટે કહેવામાં આવે છે ? આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું: એ માટે કે તેઓ દરેક છૂપા હુકમ સૂધી પહોંચી જશે... (એટલે કે બધા રહસ્યો જાણતા હશે.)

(૧૧૫૫) અલ્લાહ તઆલાનું ફરમાન છે : જે માણસ મઝલૂમ મરી જાય તો અમે તેના વારસદારોને (કાતિલ ઉપર બદલાની) સત્તા આપી છે. તેને જોઈએ કે કત્લ (ખૂનનો બદલો લેવામાં) અતિરેક ન કરે. બેશક તે "મન્સૂર" છે. (જેની મદદ કરવામાં આવશે.) કે તે કત્લ જ કરે અને માફ ન કરે.

- (સૂ. બની ઇસરાઈલ આ. 33)

આ આયતમાં હઝરત મહદી (અલયહિસ્સલામ)નું નામ અલ્લાહ તઆલાએ "મન્સૂર" રાખ્યું છે. જેવી રીતે આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમનું નામ અહમદ, મોહમ્મદ, અને મહમૂદ છે અથવા જેવી રીતે ઇસા (અલયિહિસ્સલામ)નું નામ ‘મસીહ’ છે.

પ્રકરણ - ૨ : હઝરત મહદી (અજ્જલલ્લાહો ફરજહૂ)ની ઇમામત પર નસ્સ

(૧૧૫૬) મોહમ્મદ બિન ઉસ્માન અમરી કુદસલ્લાહ રવ્હહુ કહે છે કે : મેં મારા પિતાને એમ કહેતા સાંભળ્યા કે હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)ને એક સવાલ કરવામાં આવ્યો અને તે વખતે હું પણ ત્યાં હાજર હતો. પૂછવામાં આવ્યું : આપના પછી હુજ્જતે ખુદા અને ઈમામ કોણ થશે ? આપે ફરમાવ્યું : મારા ફરઝંદ, મોહમ્મદ, અને તેઓ પછી ઈમામ અને મારી હુજ્જત થશે. જે કોઈ માણસ તેમની મઅરેફત

વગર મરી જશે તે જાહેલીયતની મૌત મરશે. તેઓને ગૈબત નસીબ થશે. જેમાં જાહિલ લોકો હેરાન થઈ જશે અને જુઠલાવનારા લોકો માટે હલાકત હશે. ઝહુરનો સમય નક્કી કરનારાઓ જુઠાઓ હશે. ત્યારપછી તેઓ ઝહુર ફરમાવશે. હું જોઈ રહયો છું કે જાણે કે તેમના માથા ઉપર સફેદ અલમ ફરકી રહયો છે.

પ્રકરણ - 3 : હઝરત ઈમામ મહદી (અલયિહિસ્સલામ)

(૧૧૫૭) એ ફાતેમા ! આપને ખૂશ ખબરી થાય મહદી આપનાથી હશે.

(૧૧૫૭) તમને મહદીની ખૂશ ખબરી થાય કે તેઓ ખાનદાને કુરૈશ અને મારી ઇતરતમાંથી થશે. તેઓ એ સમયે ઝહુર ફરમાવશે જ્યારે લોકોમાં વિવાદ થતા હશે અને ધરતીકંપ થતા હશે. (તેઓ) જમીનને એવી રીતે અદલો ઇન્સાફથી ભરી દેશે, જેવી રીતે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.

- હઝરત રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

(૧૧૫૯) મહદી મારી ઔલાદમાંથી થશે તેમનો ચહેરો ચમકતા ચાંદ જેવો હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૧૬૦) મહદી અમારામાંથી અને (ઝહેરા સલામુલ્લાહે અલયહા)થી થશે.

(૧૧૬૧) ... અમારા મહદીની સાથે હુજ્જતો પૂરી થઈ જશે અને તેઓ ખાતેમુલ અંબિયાની ઉમ્મતને

નજાત આપનારા અને સર્વશ્રેષ્ઠ નુરાનીયત વાળા હશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : ખુદાની જમીન પર બકીયતુલ્લાહ

કુરઆને મજીદ :-

* બકીયતુલ્લાહ ... તમારા માટે બહેતર છે.

- (સૂ. હુદ આ. ૮૬)

હદીસો :-

(૧૧૬૨) તેઓએ (મહદીએ) હિકમતની ઢાલ પહેરી રાખી હશે અને તમામ આદાબથી સુશોભિત હશે... ખુદાની બાકીની હુજ્જતોમાંથી છેલ્લી હુજ્જત હશે

અને નબીઓના ખલીફાઓમાંથી (છેલ્લા) ખલીફા હશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૧૬૩) હું ખુદાની જમીનમાં બકીયતુલ્લાહ છું અને દુશ્મનો પાસેથી બદલો લેનાર છું.

- હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)

(નોંધ :- આ રીવાયતના પ્રારંભમાં આ શબ્દો છે. આ હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ) બહાર નિકળ્યા અને તેમના ખભા પર એક બાળક બેઠા હતા... તે બાળકે કહ્યું)

(૧૧૬૪) જ્યારે હઝરત મહદી ઝહુર ફરમાવશે ત્યારે ખાનએ કાઅબાની દીવાલથી ટેકો લગાવેલો હશે અને તેઓની પાસે ૩૧૩ (ત્રણસો તેર) પુરૂષો એકઠા થએલા હશે. તેમના મુખમાંથી સૌથી પહેલા આ શબ્દો નિકળશે: બકીય્યતુલ્લાહે ખૈરૂલ્લકુમ ઇન કુન્તુમ મુઅમેનીન. (જો તમે મોઅમિન હો તો, બકીય્યતુલ્લાહ તમારા માટે સૌથી શ્રેષ્ઠ છે.) પછી કહેશે હું બકીય્યતુલ્લાહ છું. હું ખુદાની હુજ્જત છું અને તમારા માટે તેનો ખલીફા છું. જે કોઈ તેઓને સલામ કરશે તે આ શબ્દો કહેશે : અસ્સલામો અલયક યા બકીય્યતુલ્લાહે ફીઅરઝેહી (એ ખુદાની

જમીનના બકીય્યતુલ્લાહ! અમારા તરફથી આપના પર સલામ થાય.)

- ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૫ : ઝહૂરે મહેદી (અલયહિસ્સલામ)ના ઝહૂર પહેલા કયામત આવશે નહીં

(૧૧૬૫) જ્યાં સૂધી જમીન ઝુલ્મ અને અત્યાચારથી ભરાઈ નહીં જાય ત્યાં સૂધી કયામત થશે નહીં. પછી મારી ઇતરતમાંથી એક માણસ ઝહુર ફરમાવશે જે જમીનને અદલો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જે રીતે જમીન પહેલા ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે. (ત્યાર પછી કયામત આવશે.)

(૧૧૬૬) જ્યાં સૂધી મારી એહલેબૈતમાંથી એક માણસ હુકુમત નહીં કરે ત્યાં સૂધી કયામત આવશે નહીં તેનું નામ મારા સમાન હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૬ : મારી એહલેબૈતમાંથી એક માણસ જમીનને અદલથી ભરી દેશે

(૧૧૬૭) જો જમાના (કાળ)માં એક જ દિવસ બાકી રહેશે તો પણ ખુદાવંદે આલમ મારી એહલેબૈતમાંથી એક માણસને મોકલશે જે જમીનને એવી રીતે ન્યાયથી ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.

(૧૧૬૮) મારા પછી ખલીફાઓ થશે, તેમના પછી અમીર થશે, અમીરો પછી બાદશાહો થશે અને બાદશાહો પછી ઝાલિમો અને અત્યાચારીઓ થશે. તે પછી મારી એહલેબૈતમાંથી અક માણસ ઝહુર

ફરમાવશે જે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી જમીનને અદલથી ભરી દેશે.

(૧૧૬૯) જો દુનિયા(ની ઝીંદગી)ને માત્ર એક જ રાત બાકી રહી જશે તો પણ તેમાં મારી એહલેબૈતમાંથી એક માણસ જરૂર હુકુમત કરશે.

પ્રકરણ-૭ : તેઓ મારા નામ સમાન અને તેમના પિતા મારા પિતાના નામ સમાન હશે...

(૧૧૭૦) દુનિયાનો એ સમય સૂધી અંત નહીં આવે, જ્યાં સૂધી મારી એહલેબૈતમાંથી એક માણસ હુકુમત ન કરે જેનું નામ મારા સમાન હશે.

(૧૧૭૧) મારી એહલેબૈતમાંથી એક માણસ હુકુમત કરશે જેનું નામ મારા નામ સમાન હશે. જો દુનિયાના જીવનનો માત્ર એક જ દિવસ બાકી રહી જશે તો ખુદાવંદે આલમ તે દીવસને તેટલો લાંબો કરી દેશે કે તે હુકુમત કરશે.

(૧૧૭૨) જો દુનિયાના જીવનને માત્ર એકજ દિવસ બાકી રહી જશે તો (પણ) ખુદાવંદે આલમ તે દીવસને એટલો બધો લાંબો કરી દેશે કે તેમાં મારી એહલેબૈતમાંથી એક માણસ નીમવામાં આવશે. જેનું નામ મારા નામ સમાન અને તેના પિતાનું નામ મારા પિતાના સમાન હશે. તેઓ જમીનને એવી રીતે અદલો ઇન્સાફથી ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

પ્રકરણ - ૮ : કાએમે (આલે મોહમ્મદ અલયહિસ્સલામ)ની બે ગયબત

(૧૧૭૩) હઝરત કાએમે (આલે મોહમ્મદ)ની બે ગૈબત હશે. જેમાંથી એક લાંબી અને બીજી ટુંકી હશે. પહેલી ગૈબતમાં તેમના રહેણાંકની જાણ અમૂક ખાસ શીઆઓને હશે. અને બીજી ગૈબતમાં તેમના મકાન વિશે તેઓના ખાસ દીની ચાહનારાઓ સિવાય કોઈને જાણકારી નહીં હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૧૭૪) હઝરત કાએમે (આલે મોહમ્મદ અલયહિસ્સલામ)ની બે ગૈબત હશે, જેમાંથી એકમાં કહેવામાં આવશે કે તેઓ આ દુનિયાથી વિદાય થઈ ચુક્યા છે અને એ વાતની ખબર નથી કે તેઓ કયા પ્રદેશમાં ચાલ્યા ગયા છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૧૭૫) તે સાહેબે અમ્રની બે ગૈબત હશે જેમાંની એક બહુ જ લાંબી હશે. એટલે સૂધી કે કેટલાક લોકો કહેશે કે તેઓ અહીંથી જઈ ચુક્યા છે, અને કેટલાક લોકો કહેશે કે તેઓને કત્લ કરી નાખવામાં આવ્યા છે. એટલે સૂધી કે તેમના જીવતા રહેવાની

માન્યતા વિશે તેઓના સહાબીઓમાંથી પણ બહુ જ ઓછાં લોકો અડગ રહેશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૯ : હાથમાં કાંટાની જેમ

(૧૧૭૬) આપના સહાબીઓને ફરમાવ્યું : તમે મારા સહાબીઓ છો, મારા ભાઈ એ લોકો છે કે જેઓ આખરી જમાનામાં હશે. જેઓ મને જોયા વગર (મારી ઉપર) ઈમાન લાવશે. તેઓ તેમના દીનમાં એવી રીતે દૃઢ હશે કે: જાણે કે તેઓ અંધારી રાતમાં પોતાના હાથમાં કાંટા અથવા તો સખત લાકડાના અંગારા લઈને ઊભા રહેનાર સમાન હશે. (એટલે કે સખત મુશ્કેલીઓમાં પણ તેઓ દીનને નહીં છોડે.) તેવા લોકો જ અંધકારના દીવા હશે.

અલ્લાહ તઆલા તેવા લોકોને તમામ ધુંધળા અંધકાર મય ફિત્નાઓથી બચાવી રાખશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૧૭૭) તમારા પછી એક કૌમ એવી આવશે કે તેની એક એક વ્યક્તિનો અજ્ર તમારા પચાસ પચાસ વ્યક્તિઓ જેટલો મળશે.

સહાબીઓએ અર્ઝ કરી : યા રસૂલલ્લાહ, અમે બદ્ર, ઓહદ અને હુનૈન (જેવી લડાઈઓ)માં આપની સાથે રહ્યા હતા અને અમારા વિશે કુરઆને મજીદ

(પણ) નાઝીલ થયું હતું. તો પછી એ લોકો અમારા કરતાં અફઝલ કઈ રીતે થશે ? આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : એ લોકો ઉપર જે મુસીબતો પડશે તેને તેઓ સહન કરશે, જેને તમે સહન નહીં કરી શકો.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૧૭૮) હઝરત સાહેબુલ અમ્ર (અલયહિસ્સલામ)ની ગૈબતના જમાનામાં પોતાના દીનને મજબૂતીથી પડકનાર એવો હશે, જાણે કે તેના હાથમાં કાંટા હોય. પછી આપે પોતાના

હાથથી ઇશારો કરીને ફરમાવ્યું : ‘આ રીતે’ ત્યારપછી થોડી વાર સૂધી માથું નમાવી રાખ્યું અને ફરમાવ્યું હઝરત સાહેબુલ અમ્ર ગાએબ થઈ જશે. તેથી ઇન્સાને તેઓની ગૈબતના યુગમાં તકવા અપનાવવો જોઈએ અને પોતાના દીનને મજબૂતીથી પકડી રાખવો જોઈએ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૧૭૯) જે માણસ કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની ગૈબતના જમાનામાં અમારી વિલાયત પર કાએમ રહેશે તેને ખુદાવંદે આલમ બદ્ર અને હુનૈનના હજાર શહીદો જેટલો અજ્ર

આપશે. (આ કિતાબમાં એમ પણ છે કે જે માણસ અમારી વિલાયત પર મૃત્યુ પામે...)

(૧૧૮૦) ... મને એ જાતની કસમ જેણે મને બરહક, બશીર અને નઝીર બનાવીને મોકલ્યો છે, સાહેબુલ અમ્ર (અલયહિસ્સલામ)ની ગૈબતના જમાનામાં પોતાના વાયદામાં સાચા હોય તેવા માણસની કિંમત શુધ્ધ લાલ સોના કરતા પણ વધારે હશે.

- હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૦ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના ગયબતના જમાનાની દુઆ

(૧૧૮૧) અબ્દુલ્લાહ બિન સનાન કહે છે : હું અને મારા પિતા હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયા. ઇમામે ફરમાવ્યું : એ જમાનામાં તમારી કેવી હાલત થશે કે જ્યારે તમે એ હાલત પર સબ્ર કરશો કે જે વખતે જાહેરી રીતે તમારા કોઈ ઈમામ નહીં હોય અને ન તો તમારા માટે (હિદાયતનું) કોઈ ઇલ્મ નજરે પડશે ? એ વખતે મૂંઝવણભરી સ્થિતિથી

માત્ર એ જ માણસ મુક્તિ મેળવશે જે ‘દુઆએ ગરીક’ને પોતાનો વિર્દ બનાવી રાખશે.

મારા પિતાએ કહ્યું : આ તો બહુ મોટી આઝમાઈશ હશે. હું આપના પર કુરબાન થાઉં, તેવા સમયે અમે શું કરીએ ?

આપે ફરમાવ્યું : જ્યારે એવા સંજોગો ઊભા થાય જ્યારે તમે તેઓના સૂધી પહોંચી ન શકો ત્યારે તમારી પાસે જે (દીન) હોય તેને પકડી રાખો એટલે સૂધી કે પરિસ્થિતિ અનુકુળ બની જાય.

(૧૧૮૨) અબ્દુલ્લાહ બિન સનાન કહે છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)એ ઇરશાદ ફરમાવ્યું : નઝદીકના સમયમાં જ તમારા માટે શંકાસ્પદ સંજોગો ઊભા થશે. એ વખતે તમારી હાલત એવી થશે કે તમને (હીદાયતનું) ઇલ્મ નજરે નહીં પડે અને (જાહેરી રીતે) કોઈ ઈમામ (હીદાયત) નહીં હોય. એ સમયે માત્ર એ માણસ બચી શકશે જે દુઆએ ગરીકને પોતાનો વિર્દ બનાવી લેશે.

મેં કહ્યું : દુઆએ ગરીક કેવી રીતે પડવામાં આવે છે ? આપે ફરમાવ્યું : યા અલ્લાહો, યા રહમાનો યા

રહીમ, યા મોકલ્લેબલ કોલુબે સબ્બીત કલ્બી અલા દીનેક

(અય અલ્લાહ, અય રહમાન, અય રહીમ, અય દીલોને ફેરવનાર ! મારા દીલને તારા દીન ઉપર દ્રઢ નિશ્ચયી રાખ) મેં કહ્યું : યા મોકલ્લેબલ કોલુબે વલ યલ અબ્સાર સબ્બીત કલ્બી અલા દીનેક. ઇમામે ફરમાવ્યું : બેશક ખુદા 'મુકલ્લેબલ કોલુબ વલ અબ્સાર' છે. પરંતુ તમને મેં જે કહ્યું છે તે પ્રમાણે જ કહો, 'યા મુકલ્લેબલ કોલૂબે સબ્બીત કલ્બી અલા દીનેક'.

પ્રકરણ - ૧૧ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના ઝહુર પહેલા કયામ (૧)

(૧૧૮૩) મને એ જાતની કસમ, જેના કબ્ઝએ કુદરતમાં અલી (અલયહિસ્સલામ)ની જાન છે. જે લોકોનો સમુહ મારા માટે, અથવા મારી સિવાય બીજા કોઈ માટે હકની વાત કરશે અથવા અમારાથી ઝુલ્મને દૂર કરશે - તેવા લોકો ઉપર મૂસીબતોના પહાડ તુટી પડશે. એટલે સૂધી કે તેઓની મદદે એ લોકો પણ આવી પહોંચશે જેઓ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની સાથે બદ્ર(ની લડાઈ)માં શરીક હતા

તો પણ તેઓ તેમના કત્લ થએલાઓ સૂધી પહોંચી નહીં શકે અને ન તો તેમના ઘાયલ થએલાઓનો ઇલાજ કરી શકશે અને ન તો તેમના કત્લ થએલા લોકોને દફન કરી શકશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૧૮૪) જાણી લો કે જે લોકોના સમુહ ઝુલ્મને દૂર કરશે અથવા દીનને મજબૂત કરશે તેવા લોકોને મૂસીબતો પછાડી દેશે. એટલે સૂધી કે તે લોકો પણ આવી જાય કે જેઓ રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની સાથે બદ્રની લડાઈમાં શામિલ હતા. તે લોકો પણ તેમના

કાતિલોને દફન નહીં કરી શકે અને ન તો તેમના ઝખ્મી થએલા લોકોનો ઇલાજ કરી શકશે.

રાવી કહે છે કે મેં કહ્યું : તે કોણ લોકો હશે ? આપે ફરમાવ્યું : 'મલાએકા'.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૧૮૫) હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની પહેલા, અમો એહલેબૈતમાંથી જે કોઈ (ઝાલિમ હુકુમતની વિરૂધ્ધ) કયામ કરશે તે એવો હશે જાણે કે પક્ષીનું બચ્ચુ હોય અને (પોતાના માળામાંથી નિકળીને) ઉડવા લાગે અને કોઈ

દિવાલના કાણામાં ભરાઈ જાય અને બાળકો તેનાથી રમવા લાગે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૧૮૬) હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના કયામ પહેલા અમો એહલેબૈતમાંથી જે કોઈ માણસે (અત્યાચારી હુકુમતની વિરૂધ્ધ) ઝુલ્મને મીટાવવા માટે અથવા હકની સ્થાપના માટે કાયમ કર્યો, તેને મૂસીબતો પછાડી દેશે અને તેઓ એ ક્યામ અમારા માટે મૂસીબતોનું કારણ બનશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૧૮૭) અલ્લાહની નજરોમાં તમારામાંથી વધારે માનવંત એ હશે જે 'તકય્યા' પર વધારે અમલ કરશે. પૂછવામાં આવ્યું ફરઝંદે રસૂલ ! આમ ક્યાં સૂધી રહેશે. આપે ફરમાવ્યું આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના કયામ સૂધી. જે કોઈ માણસ અમારા કાએમ (અલયહિસ્સલામ)ના કયામની પહેલા કયામ કરશે તે અમારામાંથી નહીં હોય.

- હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)

પ્રકરણ-૧૨ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના ઝહુર પહેલા ક્યામ (૨)

(૧૧૮૮) હું અને મારા શીઆઓ એ સમય સૂધી શાંતિ અને સલામતીમાં રહેશું, જ્યાં સૂધી આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)માંથી એક માણસ કયામ ન કરે અને હું એ વાતને પસંદ કરૂં છું કે આલે મોહમ્મદમાંથી કોઈ માણસ કયામ કરે અને હું તેના કુટુંબીજનોના ભરણપોષણની જવાબદારી લઉં.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૧૮૯) ... તમે એમ ન કહો કે હ. ઝૈદે ખુરૂજ કર્યુ કારણ કે તેઓ સાહેબે ઇલ્મ અને સત્ય નિષ્ઠ-ઈમાનદાર-ઇન્સાન હતા. તેઓએ તમને પોતાના સ્વાર્થ માટે નિમંત્રણ નથી આપ્યું પણ આલે મોહમ્મદની ખૂશીમાં તમને બોલાવ્યા છે. જો તેઓ પ્રભાવ મેળવી લેત તો તેઓ તેમના નિમંત્રણના એલાન પર પૂરે પૂરો અમલ કરતે. તેઓએ (ઝાલિમ સત્તાધિશોની) સામુહિક તાક્તને તોડવા માટે કયામ કર્યો છે....

પ્રકરણ - ૧૩ : ઝહૂરનો ઇન્તેઝાર ..

(૧૧૯૦) (કાએમે આલે મોહમ્મદ અલયહિસ્સલામના) ઝહુરનો ઇન્તેઝાર કરો. અને ખુદાની રહમતથી નિરાશ ન થાવ, કેમકે અલ્લાહ તઆલાની નજરોમાં શ્રેષ્ઠ અમલ, તેઓ (અલયહિસ્સલામ)ના ઝહુરનો ઇન્તેઝાર કરવો છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૧૯૧) આપ જનાબના ઝહુરનો ઇન્તેઝાર કરવો એ (ઘણી મોટી મૂસીબતોથી) મુક્તિ મેળવવાનું કારણ છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૧૯૨) ઝહુરનો ઇન્તેઝાર પોતે એક વિશાળતા છે.

- હઝરત અલી (અલયિહિસ્સલામ)

(૧૧૯૩) સબ્ર (અને શાંતિ) સાથે ઝહુરનો ઇન્તેઝાર કરવો ઇબાદત છે.

- હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૧૯૪) અઇમ્મએ અત્હાર (અલયિહિસ્સલામ)ના દીનમાં નીચેની બાબતો શામેલ છે.

૧) પરહેઝગારી

૨) ઇફ્ફત (સદાચારી) અને પાકદામની

૩) નેકી અને ભલાઈ, તથા ધીરજ અને શાંતિ સાથે ઝહુરનો ઇન્તેઝાર કરવો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૪ : ઝહુરનો ઇન્તેઝાર શ્રેષ્ઠ ઇબાદત છે

(૧૧૯૫) ખુદાવંદે આલમ તરફથી ઝહુરના કારણોની પ્રતિક્ષા કરવી, એ મારી ઉમ્મતનો શ્રેષ્ઠ અમલ છે.

(૧૧૯૬) અલ્લાહ તઆલા તરફથી ઝહુરના કારણોનો ઇન્તેઝાર કરવો એ મારી ઉમ્મતનો સૌથી સારો અમલ છે.

(૧૧૯૭) ઝહુરનો ઇન્તેઝાર શ્રેષ્ઠ ઇબાદત છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૧૯૮) અલ્લાહ તઆલા તરફથી (નિશ્ચિત કરાએલ) ઝહુરના કારણોનો ઇન્તેઝાર મોઅમિનની શ્રેષ્ઠ ઇબાદત છે.

પ્રકરણ - ૧૫ : ઈમામ મહદી (અલયહિસ્સલામ)નો ઇન્તેઝાર કરનારાઓ

(૧૧૯૯) બારમા (ઇમામ)નો ઇન્તેઝાર કરનારાઓનું ઉદાહરણ એવા માણસ જેવું છે કે જે હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું રક્ષણ પોતાની મ્યાનમાંથી તલવાર કાઢીને કરી રહયો હોય.

(૧૨૦૦) જે માણસ હઝરત સાબેહુલ અમ્ર (અલયહિસ્સલામ)નો ઇન્તેઝાર કરતાં કરતાં મૃત્યુ પામે, તે એવા માણસ સમાન છે કે જે હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની સાથે

ખૈમામાં હોય, બલ્કે એવા માણસ સમાન છે કે જે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તરફેણમાં જેહાદ કરી રહયો હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૬ : લોકો બિલ્કુલ નિરાશ થઈ જવા પછી કાએમે આલે મોહમ્મદ (અલયિહિસ્સલામ)નો ઝહૂર થશે

(૧૨૦૧) હઝરત સાહેબુલ અમ્ર (અલયિહિસ્સલામ)નો ઝહુર લોકોના નિરાશ થઈ જવા પછી થશે અને ખુદાની કસમ, આમ એ માટે થશે કે તમારી ઓળખ થઈ શકે.

(૧૨૦૨) ખુદાની કસમ, જે બાબત તરફ તમે મીટ માંડી રહ્યા છો (ઝહુરનો ઇન્તેઝાર કરી રહ્યા છો) તે

લોકોના નિરાશ થઈ જવા પછી જ અમલમાં આવશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૨૦૩) હઝરત સાહેબુલ અમ્ર (અલયિહિસ્સલામ)નો ઝહુર નિરાશ થઈ જવા પછી થશે.

- હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૭ : (ઝહૂરનો) સમય નકકી કરનાર જૂઠો છે

(૧૨૦૪) ફઝલથી રિવાયત છે કે : મેં હઝરત ઈમામ અબૂ જઅફર (હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ)ને પુછ્યું : સાહેબુલ અમ્રના ઝહુરનો કોઈ નિશ્ચિત સમય છે ? આપે જવાબ આપ્યો : સમય નિશ્ચિત કરનારા જુઠા છે - જુઠા છે.

(૧૨૦૫) નિશ્ચિત સમયની આગાહી કરનારા જુઠા છે. અમે ન તો ભૂતકાળમાં સમય નકકી કર્યો છે અને ન તો ભવિષ્યમાં કોઈ સમય નકકી કરીશું.

(૧૨૦૬) સાહેબુલ અમ્રના ઝહુરના નિશ્ચિત સમય વિશે કોઈ તમને કહે તો તેને જુઠલાવવામાં ડર ન અનુભવો. કેમકે, અમે કોઈને નિશ્ચિત સમય જણાવ્યો નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૮ : ગયબતના કારણો

(૧૨૦૭) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને કાએમે આલે મોહમ્મદ (અલયિહિસ્સલામ)ની ગૈબતના કારણો પૂછવામાં આવ્યા. આપે ફરમાવ્યું : તેનું કારણ એક એવો હુકમ છે જેને તમારા માટે બયાન કરવાની અમને ઇજાઝત નથી.

રાવીએ પુછ્યું : તો પછી તેમની ગૈબતમાં કઈ હિકમત છે. અલબત્ત કાએમે આલે મોહમ્મદની ગૈબતની હિકમત તેઓના ઝહુર થવા પછી સ્પષ્ટ થશે.... આ ઇલાહી હુકમ છે. અને આ ખુદાઈ

રહસ્યોમાંનું એક રહસ્ય છે. તેમજ ખુદાઈ ગૈબોમાંનું એક ગૈબ છે. જ્યારે કે આપણે એ વાત સારી રીતે જાણીએ છીએ કે ખુદાવંદે તઆલા હકીમ છે. (અને તેનું કોઈ કામ હિકમતથી ખાલી હોતું નથી.) તો પછી આપણે એ વાતનું સમર્થન પણ કરવું પડશે કે તેના બધા જ કાર્યો હિકમત (ઉપર આધારીત) છે, ભલે તેના કારણો આપણને સ્પષ્ટ રીતે જાણવા મળે કે ન મળે.

(૧૨૦૮) રહયો ગયબતનો પ્રશ્ન તો આ વિષયમાં ખુદાવંદે આલમ ઇરશાદ ફરમાવે છે કે ""એ ઈમાન લાવનારાઓ એવી બાબતો વિશે સવાલ ન કરો કે

જે તમને જાણવા મળી જાય તો તમને ખરાબ લાગે.”

- (સૂ. આલે ઇમરાન આ. ૧૦૧)

વાત એમ છે કે મારા પિતા અને દાદાઓમાંથી જે બુઝુર્ગવાર થઈ ચુક્યા છે તેમના ઉપર તેમના જમાનાના તાગૂત (ઝાલિમ શાસકો, શૈતાનો)એ તેમની બયઅત કરવા માટે દબાણ કર્યું હતું. હું જ્યારે ઝહુર કરીશ ત્યારે મારી ઉપર કોઈ તાગૂતની બયઅત માટેનું દબાણ નહીં હોય.

- હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)

(૧૨૦૯) જાણે કે હું મારા ત્રીજા પુત્રના જમાનાના શીઆઓને જોઈ રહયો છું, જ્યારે તે લોકોથી તેમના ઈમામ વિખુટા પડી ચુક્યા હશે અને તેઓનું કોઈ આશ્રય સ્થાન નહીં હોય.

રાવી કહે છે મેં પુછ્યું : ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ! તેવું શા માટે થશે ? આપે ફરમાવ્યું : એ માટે કે તેઓના ઈમામ તેમનાથી ગાએબ થઈ જશે. પછી મેં પૂછ્યું : આ ગયબત શા માટે હશે ? આપે ફરમાવ્યું : એ માટે કે તેઓ તલવાર લઈને કયામ કરે અને તેઓની ગરદન ઉપર કોઈની બયઅત ન હોય.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૨૧૦) એ યુવાન (ઇમામ) માટે ગયબત જરૂરી છે. સવાલ કરવામાં આવ્યો કે યા રસૂલલ્લાહ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમ ! શા માટે? ફરમાવ્યું : કેમકે તેમના કત્લ થઈ જવાનો ભય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૧૧) કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) એ સમય સૂધી ઝહુર નહીં ફરમાવે જ્યાં સૂધી ખુદાની અમાનતો જાહેર ન થઈ જાય. (આનો અર્થ

એવા મર્દે મોઅમિન છે કે જેઓ કાફિરોની પીઠમાંથી પેદા થનાર છે.) અને જ્યારે અમાનતો જાહેર થઈ જશે ત્યારે તેઓ ખુદાના જે જે દુશ્મનો ઉપર કાબૂ મેળવી લેશે તે બધાને કત્લ કરી નાખશે.

(૧૨૧૨) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે શું હઝરત અલી (અલયહિસ્સલામ) ખુદાના દીન વિશે શક્તિમાન ન હતા.

આપે ફરમાવ્યું : બેશક હતા, પછી પૂછવામાં આવ્યું : જો તેઓ લોકો ઉપર પ્રભાવી હતા તો પછી તે

લોકોને કત્લ કેમ કરી ન નાખ્યા ? એમ કરવામાં કઈ બાબતની રૂકાવટ હતી ?

ઇમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ખુદાની આ આયત સૂરએ ફત્હ, આ. ૨૫ ... જો તેઓ (ઈમાનદાર કુફ્ફારથી) જુદા થઈ જાય તો તેઓમાંથી જે લોકો કાફર હતા તેમને અમે દર્દનાક અઝાબની સજા જરૂર આપતે....

આમ, કાફિરો અને મુનાફિકોની પીઠમાં (મોઅમિનો) ખુદાની અમાનતો સમાન હતા અને અલી (અલયહિસ્સલામ) તેમના બાપ-દાદાઓને એ સમય સૂધી કત્લ કરી શકતા ન હતા જ્યાં સૂધી

તેમનામાંથી ખુદાની અમાનતો બહાર ન આવી ગઈ ત્યારે જે લોકો ઉપર આપે પ્રભાવ મેળવી લીધો તેમને પછાડી દીધા. આજ બાબત કાએમે આલે મોહમ્મદની થશે. તેઓ પણ એ સમય સૂધી હરગીઝ ઝહુર નહીં ફરમાવે જ્યાં સૂધી ખુદાની અમાનતો જાહેર ન થઈ જાય. જ્યારે આ અમાનતો જાહેર થઈ જશે ત્યારે તેઓ ઝહુર ફરમાવશે અને જે લોકો ઉપર કાબૂ મેળવી લેશે તેમને મોતને ઘાટ ઉતારી દેશે.

(૧૨૧૩) અબ્દુલ્લાહ બિન બકીર કહે છે : હઝરત અબુલ હસન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જ્યારે

તમારામાં બની સંખ્યા જેટલા મોઅમિનો થશે ત્યારે અમારા કાએમ ઝહુર કરશે...

(૧૨૧૪) આ પરિસ્થિતિ આ રીતે ચાલુ રહેશે અને લોકોમાંથી કોઈપણ જાતિ એવી નહીં હોય જે સત્તા ઉપર ન આવે, જેથી કોઈને એમ કહેવાની તક ન મળે કે જો અમે સત્તા ઉપર હોત તો અદલ અને ઇન્સાફથી કામ લેત, છેવટે કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) ઝહુર ફરમાવશે, જેઓ (હકીકતમાં) અદલ અને ઇન્સાફ કાએમ કરશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૯ : ગયબતના યુગમાં લોકોનો ઈમામ મહદી (અલયહિસ્સલામ) પાસેથી ફાયદો મેળવવો

(૧૨૧૫) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને પૂછવામાં આવ્યું : શું હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની ગયબતના જમાનામાં શીઆઓને તેમનાથી ફાયદો થશે ?

આપે ફરમાવ્યું : હા, એ ઝાતની કસમ જેણે મને પયગમ્બર બનાવીને મોકલ્યો છે. તેઓ તેમનાથી અવશ્ય ફાયદો મેળવશે, અને તેઓની વિલાયતના નૂરથી એવી રીતે પ્રકાશ મેળવશે જેવી રીતે

સૂરજથી પ્રકાશ મેળવવામાં આવે છે, ભલે પછી સૂરજ વાદળાની પાછળ છુપાએલો હોય.

(૧૨૧૬) અઅમશ, હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે તેઓએ ફરમાવ્યું : આ જમીન કયામત થવાના દિવસ સૂધી હુજ્જતે ખુદાથી ખાલી રહી શકતી નથી. જો જમીન હુજ્જતે ખુદાથી ખાલી થઈ જાય તો કોઈપણ ખુદાની ઇબાદત ન કરે.

સુલેમાન કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને વિનંતી કરી : લોકો ગાએબ અને અદ્રશ્ય હુજ્જતથી ફાયદો કેવી રીતે ઉઠાવી

શકે ? ઇમામે ફરમાવ્યું : જેવી રીતે વાદળા પાછળ છુપાએલા સૂરજથી ફાયદો ઉઠાવે છે. (તેવી રીતે)

(૧૨૧૭) ... રહી મારી ગયબતની હાલતમાં ફાયદો ઉઠાવવાની રીત : તો એવું છે જેવી રીતે વાદળાઓની પાછળ સૂરજ આંખોથી ઓઝલ રહેવા છતાં તેનાથી ફાયદો ઉઠાવવામાં આવે છે. અને હું જમીનવાળાઓ માટે એવી રીતે અમાન છું જેવી રીતે આસમાનવાળાઓ માટે સિતારાઓ અમાન છે.

પ્રકરણ - ૨૦ : હઝરત ઈમામ મેહદી (અલયિહિસ્સલામ)ના ઝહૂરની નિશાનીઓ

(૧૨૧૮) જ્યારે (લોકોને હક વાત કહેવા માટે) સંબોધન કરવાવાળાને મારી નાખવામાં આવશે ત્યારે સંસારના લોકો અવળા થઈ જશે, દિલોની હાલત એવી હશે કે તે સમૃધ્ધિ અને અનાવૃષ્ટિ બદલાતા રહેશે. આશાઓ રાખનારા (પોતાની આશાઓ સાથે) આ દુનિયાથી વિદાય લેશે. સુસ્ત રહેનાર લોકો સુસ્તીનો શિકાર બની જશે. માત્ર ગણ્યાં ગાઠયા મોઅમિન બાકી રહેશે. જેની સંખ્યા ત્રણ અથવા તેનાથી કંઈક વધારે હશે. તેઓની

સાથે મળીને એવા લોકોના સમુહ જેહાદ કરશે જેઓએ બદ્રના દિવસે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) સાથે મળીને જેહાદ કરી હતી. તેમને ન તો કોઈ માણસ શહીદ કરશે અને ન તો તેઓ પોતાની મૌતથી મરશે.

(૧૨૧૯) ખુદાની કસમ, ખુદાની કસમ, તમે જે વસ્તુની રાહ જૂઓ છો તમે તેને જોઇ નહીં શકો. એટલે સૂધી કે તમે ખુદાને પણ તમારા ભવાં અથવા તમારા હાથોના ઇશારાથી બોલાવશો. બલ્કે જમીન ઉપર પણ ફક્ત તમારા પગ રાખવા જેટલી તમારી મિલ્કત હશે, બલ્કે તમારા શસ્ત્ર રાખવાની

જગ્યા તમારી પીઠ હશે. એ સંજોગોમાં ફક્ત ખુદા જ મલાએકા મારફત અથવા એવા લોકો મારફત મારી મદદ કરશે જેમના દિલો ઉપર ઈમાન લખી દેવામાં આવ્યું છે.

(૧૨૨૦) અલી બિન મહઝીયારે કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)થી રિવાયત કરતા કહ્યું : મેં પુછયું : મારા આકા, ઝહૂરનો આ બનાવ ક્યારે બનશે ? આપે ફરમાવ્યું: જ્યારે તમારી અને ખાનએ કાઅબાની વચ્ચે અંતરાય ઉભો કરી દેવામાં આવશે.

(૧૨૨૧) હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)એ તેમના છેલ્લા નાયબ સમરીને નામે લખેલા એક પત્રમાં ફરમાવ્યું : ખુદાવંદે આલમ તમારા વિશે તમારા ભાઇઓના અજ્રમાં વધારો કરે, મારી વાત સાંભળો, તે વાત આ છે કે તમે છ દિવસની અંદર મૃત્યુ પામશો જેથી તમારા તમામ પ્રશ્નો (વ્યવહાર)ને એકઠા કરી લ્યો. અને તમારા પછી કોઈને તમારા નાયબ બનાવવા માટે વસીયત કરતા નહીં. કેમકે હવે મારી ગયબત (ગયબતે કુબરા) અમલમાં આવશે. પછી જ્યારે ખુદાવંદે આલમનો હુકમ થશે ત્યારે મારો ઝહુર અમલમાં આવશે. અને તે એ વખતે બનશે કે

જ્યારે આશાઓ લાંબી થઈ જશે. દીલો સખ્ત થઈ જશે અને જમીન ઝુલ્મ અને અત્યાચારથી ભરાઈ જશે.

- હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)

(૧૨૨૨) જ્યારે તમે અઅરાબીને બદલાએલી સુરતમાં એક લશ્કરે જર્રારમાં જુઓ ત્યારે તમારા માટે અને તમારા શીઆ મોઅમિનો માટે વિશાળતાનો ઇન્તેઝાર કરો. જ્યારે સૂરજને ગ્રહણ લાગે ત્યારે તમારી નજરોને આસમાન તરફ ઉપાડો અને જુઓ કે ખુદાવંદે આલમ ગુનેહગારો સાથે કેવો વ્યવહાર કરે છે.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયિહિસ્સલામ)

(૧૨૨૩) મોહમ્મદ બિન મુસ્લિમ કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા કે : કાએમે આલે મોહમ્મદ (અલયિહિસ્સલામ)ના ઝહુરની કેટલીક નિશાનીઓ ખુદાએ મોઅમિનો માટે મુકર્રર કરી દીધી છે.

મેં પુછ્યું : હું આપના પર ફુરબાન થાઉં, તે કઈ નિશાનીઓ છે ? ઇમામે ફરમાવ્યું : ખુદાવંદે આલમનો આ કૌલ કે તમને (મોઅમિનોને કાએમે આલે મોહમ્મદના ઝહુર પહેલા) થોડા ડર, ભૂખ અને માલ, જાનો (જીવો) અને ફળો (ઔલાદ)ના

નુકસાનથી અજમાવશું અને સબ્ર કરનારાઓને ખૂશ ખબરી સંભળાવી દયો.

(૧૨૨૪) હઝરત મહદી (અલયહિસ્સલામ)એ વખતે ઝહુર ફરમાવશે જ્યારે ત્રીજા ભાગના લોકો કત્લ થઈ જશે, ત્રીજા ભાગના લોકો કુદરતી મૌતે મરી જશે અને ત્રીજા ભાગના લોકો બચી જશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૨૫) મોહમ્મદ બિન મુસ્લિમ અને અબૂ બસીર કહે છે કે અમે ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને ફરમાવતા સાંભળ્યા : હઝરત

ઈમામ મહદી (અલયિહિસ્સલામ)એ વખતે ઝહુર ફરમાવશે જ્યારે ત્રીજા ભાગના લોકો આ દુનિયાથી વિદાય થઈ ગયા હશે.

અમે કહ્યું : જ્યારે ત્રીજા ભાગના લોકો વિદાય થઈ જશે તો પછી બાકી શું રહેશે ? ઇમામે ફરમાવ્યું : શું તમે ત્રીજા ભાગના લોકોને પૂરતા સમજતા નથી ?

પ્રકરણ - ૨૧ : હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)ના ઝહૂરનો સમય (૧)

(૧૨૨૬) જ્યારે આસમાનથી અવાજ આપનાર અવાજ આપશે કે : આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) હક છે. તે વખતે હઝરત મહદી (અલયહિસ્સલામ) લોકોની સામે આવી જશે. લોકો મહદી (અલયહિસ્સલામ)ની મોહબ્બતના જામ પીશે અને દરેક માણસની જબાન ઉપર મહદી (અલયહિસ્સલામ)નો ઉલ્લેખ થતો હશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૨૭) ... જ્યારે ઝહુર થઈ જશે અને અમારા મહદી પધારશે ત્યારે દરેક શીયા સિંહથી પણ વધારે બહાદુર અને ભાલાની અણી કરતા પણ વધારે તેજ હશે. અમારા દુશ્મનોને પગ નીચે કચડી નાખશે. અને તેમના મોઢા ઉપર થપ્પડ મારશે. આ બધું ખુદાની રહમતના નાઝીલ થવા પછી અને ખુદાના બંદાઓના દુ:ખો દૂર થવા પછી બનશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૨૨૮) જ્યારે આસમાનમાંથી અવાજ આપનાર અવાજ આપશે કે : આલે મોહમ્મદ હક છે, ત્યારે લોકોની વચ્ચે મહદી (અલયહિસ્સલામ) પધારશે,

લોકો આનંદીત થઈ જશે. લોકોના મોઢે હઝરત મહદી (અલયહિસ્સલામ) વિશેની ચર્ચા થશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૨ : હઝરત ઈમામ મેહદી (અલયહિસ્સલામ)ના ઝહૂરનો સમય (૨)

(૧૨૨૯) જ્યારે અમારા કાએમ ઝહુર ફરમાવશે ત્યારે ખુદાવંદે આલમ અમારા શીયાઓની જોવા અને સાંભળવાની શક્તિમાં એટલો બધો વધારો કરી દેશે કે તેમના અને કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની વચ્ચે એક મંઝિલ (બલ્કે તેનાથી પણ ઓછું અંતર) રહી જશે. હઝરત મહદી (અલયહિસ્સલામ) તેમની જગ્યા ઉપર બેસીને તે લોકો સાથે વાતો કરશે ત્યારે તે લોકો સાંભળી

શકશે, અને મહદી (અલયહિસ્સલામ)ને જોઈ પણ શકશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૩ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની સાથે કયા લોકો હશે

(૧૨૩૦) હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ની સાથે બહુ જ ઓછાં અરબ લોકો હશે. પૂછવામાં આવ્યું કે કેટલાક લોકો તો કહે છે કે તેઓની સાથે ઘણા અરબ લોકો હશે. ઇમામે ફરમાવ્યું : લોકોની ચકાસણી તેમની લાયકાત અને ઓળખ થવી જરૂરી છે. જાણે કે તેઓને ચારણામાંથી (સખત પરિક્ષણમાંથી) પસાર થવું પડશે અને તે પરિક્ષણમાંથી બહુજ ઓછાં લોકો

પસાર થઈ શકશે. (બહુ જ ઓછાં લોકો બાકી રહેશે.)

(૧૨૩૧) જ્યારે કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) ઝહુર ફરમાવશે ત્યારે એવા લોકો (તેમના નિકટના વર્તુળમાંથી) બહાર નિકળી જશે જેઓ પોતાને તેને યોગ્ય (પાત્ર) સમજતા હશે. અને તેમાં સૂરજ અને ચાંદની પૂજા કરનારા લોકોનો સમાવેશ પણ થઈ જાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૪ : ઝહૂર વખતે આપનું કામ શું હશે ?

(૧૨૩૨) જો લોકોને એ વાતની ખબર પડી જાય કે હઝરત કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) ઝહુર ફરમાવશે ત્યારે શું કરશે ? તો મોટા ભાગના લોકો તેઓના હાથે કત્લ થઈ જવાના ડરને લીધે તેઓને જોવાનું પણ પસંદ નહીં કરે... એટલે સૂધી કે ઘણા લોકો તો એમ કહેશે કે આ તો આલે મોહમ્મદમાંથી છે જ નહીં, કેમકે જો આ આલે મોહમ્મદમાંથી હોત તો રહેમ કરત.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૨૩૩) ... કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) એ લોકો ઉપર તલવાર ચલાવશે. તેઓ ઘટનાઓ અને આપત્તિઓથી ભરેલા આઠ મહિના સૂધી પોતાના ખભા ઉપર તલવાર લઈને ફરશે એટલે સૂધી કે લોકો એમ કહેવા લાગશે કે : ખુદાની કસમ, આ ઔલાદે ઝહેરા (સલામુલ્લાહે અલયહા)માંથી હોત તો અમારી ઉપર જરૂર રહેમ કરત...

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૫ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) નવી વસ્તુઓ લઈને આવશે

(૧૨૩૪) કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ) નવી વસ્તુ, નવી કિતાબ અને નવો ફેંસલો લઈને આવશે. તેઓ અરબો માટે બહુ જ સખ્ત હશે. તેઓની શાન તલવારથી હશે, તેઓ કોઈની તૌબાને કબૂલ નહીં કરે અને રાહે ખુદામાં કોઈપણ ટીકા કરનારની ટીકાથી ડરશે નહીં.

પ્રકરણ - ૨૬ : ઈમામ મહદી (અલયહિસ્સલામ)ના ઝહૂર પછી દુનિયાની હાલત

(૧૨૩૫) જ્યારે અમારા કાએમ કયામ કરશે ત્યારે ખુદાવંદે આલમ અમારા શીઆઓની આફતોને દૂર કરી દેશે. તેઓના દિલોને પોલાદના ટુકડાની જેવા મજબૂત કરી દેશે. તેમની દરેક તાકાત ચાલીસ માણસો જેટલી કરી દેશે અને તે વખતે તેઓ (શીઆઓ) જમીનના સત્તાધિશો અને આગેવાનોમાંથી હશે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૨૩૬) જો અમારા કાએમ (અલયહિસ્સલામ)નો ઝહૂર થઈ જાય તો આસમાનમાંથી વરસાદ વરસવાનું શરૂ થઈ જાય, જમીન તેની લીલોતરીને જાહેર કરી દે. બંદાઓના દિલોમાંથી બુગ્ઝ અને કીનો દૂર થઈ જશે. જંગલી/હીંસક પ્રાણીઓ અને શાકાહારી પ્રાણીઓ સંપીને રહેશે. એટલે સૂધી કે કોઈ સ્ત્રી શણગાર કરીને (તોહફુલ ઉકૂલ નામની કિતાબમાં છે કે માથા ઉપર ટોપલી રાખીને) ઈરાકથી શામ (દમાસ્ક્સ-સિરીયા) સૂધી ચાલીને પ્રવાસ કરશે તો તેનું એકે એક પગલું લીલોતરી અને વનસ્પતિ પર પડશે. અને તેને કોઈ હિંસક

પ્રાણીનો ડર નહીં હોય અને તેને કોઈ હિંસક પ્રાણી ડરાવી નહીં શકે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૩૭) એ વાતમાં કોઈ પણ શંકા નથી કે મહદી (અલયહિસ્સલામ) મારી ઉમ્મતમાંથી જ ઝહુર ફરમાવશે. તેઓ પાંચ અથવા સાત અથવા નવ વર્ષ સૂધી તેમાં રહેશે. તેમની પાસે લોકો આવશે અને દરેક જણ કહેશે કે: મહદી (અલયહિસ્સલામ) ! આપ અમને કંઈક આપો. ત્યારે તે લોકો પોતાના કપડાં ફેલાવશે અને જેટલું ઉપાડી શકશે તેટલું લઈ જશે.

(૧૨૩૮) આખરી જમાનામાં એક ખલીફા હશે જેઓ માલની વહેંચણી કરશે, પરંતુ તેની ગણતરી નહીં કરે.

(૧૨૩૯) ... પછી તેઓ જમીન જે રીતે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે તેને ન્યાયથી ભરી દેશે. આસમાન વરસાદ વરસાવવામાં એક ટીપું પણ રોકશે નહીં અને ન તો જમીન તેની લીલોતરીને રોકશે.

(૧૨૪૦) મારી ઉમ્મતના અંતમાં (આખરી જમાનામાં) મહદી (અલયહિસ્સલામ) જાહેર થશે. જેમને ખુદાવંદે આલમ વર્ષાથી તૃપ્ત કરશે અને

જમીન તેની લીલોતરીને સંપૂર્ણ રીતે જાહેર કરી દેશે. તેઓ સાચી રીતે માલ અતા કરશે. માલ અને જાનવરો ખૂબ જ પ્રમાણમાં જશે અને તેની ઉમ્મત મહાન હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૪૧) તેઓ મનોવાસના (ખ્વાહીશાતે નફસાની)ને હીદાયતની તરફ ફેરવી નાખશે. જ્યારે કે તેમની પહેલાના લોકોએ હિદાયતને મનોવાસના તરફ ફેરવી નાખી હશે. તેઓ તેમના (ઇલાહી) ઇલ્મ પ્રમાણે કુરઆનનું સાચું અર્થઘટન જાહેર કરશે.

જ્યારે કે લોકોએ કુરઆનનો અર્થ પોતાના અંગત અભિપ્રાય પ્રમાણે ફેરવી નાખ્યો હશે. તેમના માટે જમીન પોતાના જીગરના ટુકડા (આંતિરક ખજાનાઓ) બહાર કાઢી નાખશે અને ઇતાઅતની સાથે પોતાની ચાવીઓ તેઓ (અલયહિસ્સલામ)ને સુપ્રત કરી દેશે. તેઓ તેમને પોતાની સીરતની સાથે અદલ અને ઇન્સાફનો પરિચય કરાવી દેશે અને જે અમલ કિતાબ અને સુન્નત પ્રમાણે નહીં હોય, એટલે કે જે અમલ મૃત થઈ ચુક્યો હશે, તેને પુન:જીવિત કરશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૪૨) સૂ. આલે ઇમરાન આ. ૮૨, જ્યારે આકાશો અને જમીનમાં જે કાંઈ છે તે તે ઇચ્છા કે અનિચ્છાએ તેને તાબે થાય છે. અને તેની જ તરફ પાછા ફેરવામાં આવશે.

આ વિશે ફરમાવ્યું : જ્યારે કાએમે આલે મોહમ્મદ ઝહુર ફરમાવશે તો જમીનનો કોઈપણ ભાગ એવો નહીં હોય કે જ્યાં '*અશહદો-અલ-લાએલાહ-ઇલ્લલાહ-વ-અશહદો-અન્ન-મોહમ્મદર-રસૂલુલ્લાહ*'ની અવાજ પહોંચી ન હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૨૪૩) જ્યારે કાએમે આલે મોહમ્મદ ઝહુર ફરમાવશે ત્યારે દરેક નાસબી સમક્ષ ઈમાન રજુ કરવામાં આવશે. જો તે તેમાં સાચી રીતે દાખલ થઈ જશે તો બહેતર થશે. નહીંતર કાંતો તેની ગરદન ઉડાડવી મુકવામાં આવશે. અથવા તેને આજના (ઇમામના) જમાનામાં, કાફીરે ઝીમ્મી જે રીતે ટેક્ષ ચુકવી રહ્યા છે તે રીતે ટેક્ષ આપવાનું કબૂલવું પડશે. અને તેઓની પીઠ ઉપર રસ્તાની ખાધા ખોરાકી બાંધીને તેઓને ગામડાઓમાં મોકલી આપવામાં આવશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

પ્રકરણ-૨૭ : કાએમે આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના જમાના પછી

(૧૨૪૪) અબ્દુલ્લાહ બિન હારીસથી રિવાયત છે કે : મેં હઝરત અલી (અલયહિસ્સલામ)ની ખિદમતમાં પ્રશ્ન કર્યો કે : યા અમીરલ મોઅમેનીન, (અલયહિસ્સલામ), આપ મને એ કહો કે જનાબ કાએમે આલે મોહમ્મદના પછી કયા બનાવો બનશે ?

હઝરતે ફરમાવ્યું : ફરઝંદે હારીસ, આ એક એવી બાબત છે કે જે ખૂદ તેઓને (કાએમે આલે મોહમ્મદ અલયહિસ્સલામને) સોંપવામાં આવી છે,

અને રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મારી પાસેથી વાયદો લીધો છે કે હું આ વાત હસન (અલયહિસ્સલામ) અને હુસૈન (અલયહિસ્સલામ) સિવાય બીજા કોઈને ન કરૂં.

વિભાગ - ૨૩ : ઈમાન

પ્રકરણ - ૧ : ઈમાન

કુરઆને મજીદ :-

* અલ્લાહે ઈમાનને તમારા માટે પ્રિય બનાવ્યું છે, અને તે (ઈમાન)ને તમારા અંત:કરણોમાં શોભાયમાન કરી રાખ્યું છે.

- (સૂરએ હોજેરાત આ. ૭)

હદીસો :-

(૧૨૪૫) ઈમાન હકની પૂંજી છે, હક હિદાયતનો માર્ગ છે. તેની તલવાર સંપૂર્ણ સજ્જતા અને દુનિયા તેની લડાઈનું મેદાન છે.

(૧૨૪૬) ઈમાન સાથેના નેક કાર્યો માટે દલીલ રજૂ કરી શકાય છે અને નેક કાર્યો સાથે ઈમાન ઉપર (દલીલ રજૂ કરી શકાય છે) તેથી ઈમાન મારફત જ ઇલ્મનો વિસ્તાર કરી શકાય છે... આ જ કિતાબમાં છે કે ... અને નેક કાર્યો સાથે ફીકહનો ફેલાવો થઈ શકે છે.

(૧૨૪૭) ઈમાન બે અમાનતોમાંથી શ્રેષ્ઠ અમાનત છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ઈમાન અને ઇસ્લામ

કુરઆને મજીદ :-

બદદુઓ કહે છે કે અમે ઇસ્લામ લાવ્યા; (પણ) કહે કે તમે ઈમાન નથી લાવ્યા, બલ્કે તમે એમ કહો કે અમે ઇસ્લામ લાવ્યા, કેમકે ઈમાન તો તમારા અંત:કરણોમાં હજુ સૂધી પ્રવેશ્યું જ નથી..

- (સૂ. હોજેરાત આ. ૧૪)

હદીસો :-

(૧૨૪૮) મને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : યા અલી (અલયહિસ્સલામ), લખો. મેં પુછ્યું : હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ શું લખું ? આપે ફરમાવ્યું : લખો, બિસ્મિલ્લા હિરરહમા નિરરહીમ, ઈમાન એ છે જે દીલોમાં પ્રવેશી જાય અને કાર્યો તેનું સમર્થન કરે. જ્યારે ઇસ્લામ એ છે જે માત્ર જીભ સૂધી મર્યાદીત રહે, અને તેનાથી શાદી-વિવાહ હલાલ થઈ જાય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૪૯) ઈમાન એ છે જે દિલમાં હોય, જ્યારે ઇસ્લામ એ છે જેના ઉપર નિકાહ અને વારસાનો આધાર હોય છે અને તેનાથી ખૂન સુરક્ષિત રહે છે. ઈમાન ઇસ્લામ સાથે જોડાયેલું છે, જ્યારે ઇસ્લામ ઈમાન સાથે જોડાયેલું નથી.

(૧૨૫૦) ઈમાન સ્વિકાર (ઇકરાર) અને અમલનું નામ છે જ્યારે ઇસ્લામ અમલ વગર (માત્ર) સ્વિકારનું નામ છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૨૫૧) અબૂ બસીર કહે છે કે : મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને ઈમાન વિશે સવાલ કર્યો, આપે ફરમાવ્યું : અલ્લાહ ઉપર ઈમાન લાવવાનો અર્થ એ છે કે તેની નાફરમાની કરવામાં ન આવે.

મેં અર્ઝ કરી તો પછી ઇસ્લામ શું છે ? આપે ફરમાવ્યું : જે અમારી જેવી ઇબાદત કરે અને અમારી જેમ ઝબીહા (ફુરબાની) કરે.

(૧૨૫૨) ઈમાન એ છે કે જે દિલમાં પ્રવેશેલું હોય અને ઇસ્લામ એ છે કે જેના ઉપર નિકાહ અને

વારસાનો આધાર હોય છે. તેમજ ખૂન સુરક્ષિત રહે છે.

(૧૨૫૩) અલાહનો દીન જેનું નામ ઇસ્લામ છે, તે એ સમયથી અસ્તિત્વમાં છે જ્યારે તમે ન હતા અને એ સમય સૂધી બાકી રહેશે જ્યારે તમારું અસ્તિત્વ નહીં હોય, તેથી જે માણસ ખુદાના દીનનો સ્વિકાર કરે તે મુસલમાન છે અને જે તેના હુકમ પર અમલ કરે તે મોઅમિન છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩ : ઈમાનનું મૂળ

(૧૨૫૪) ઈમાન એક ઝાડ છે, યકીન તેનું મૂળ છે, તકવા તેની ડાળી છે, હયા (શરમ) તેનું નૂર છે અને સખાવત તેના ફળ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૫૫) ઈમાનનું મૂળ ઇલાહી હુકમોની સામે માથું ઝુકાવી દેવું તે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : ઈમાનની હકીકત (૧)

(૧૨૫૬) કિંમતી કપડા પહેરવાથી, તમન્નાઓ અને આરઝુઓથી ઈમાન મેળવી શકાતું નથી. બલ્કે ઈમાન એ હોય છે કે દીલમાં ખુલુસ હોય અને કાર્યો તેનું સમર્થન કરે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૨૫૭) ઈમાન દીલની મઅરેફત, જીભથી કહેવું અને તેના હુકમો પર અમલ કરવાનું નામ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(અને આ કિતાબમાં છે ... જીભથી સ્વિકાર)

(૧૨૫૮) ઈમાન દીલનો અકીદો, જીભથી સ્વિકાર અને શરીરના અવયવોથી અમલ કરવાનું નામ છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૨૫૯) ઈમાન જીભથી સ્વિકાર, અમલથી કાર્ય અને અક્કલની સાથે મઅરેફતનું નામ છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૬૦) ઈમાન જીભથી સ્વિકાર અને શરીરના અવયવોથી અમલનું નામ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૬૧) ઈમાન દીલ અને જીભની સાથે હોય છે. તેમાં નફસ અને માલને છોડવો પડે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલલાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ-૫ : ઈમાનની હકીકત (૨)

(૧૨૬૨) ઈમાન (એ ખાસ પ્રકારના) ખાલીસ અમલનું નામ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૬૩) ઈમાન હરામ કામોથી પાકદામની તેમજ લાલચ અને તમ્અ(લોભ, અભિલાષા)થી મુક્ત રહેવાનું નામ છે.

(૧૨૬૪) ઈમાન સબ્ર અને સખાવતનું નામ છે.

(૧૨૬૫) ઈમાનના બે ભાગ છે : સબ્ર અને શુક્ર.

- હઝરત રસૂલે અકરમ સલ્લલાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૬૬) ઈમાન બલાઓ ઉપર સબ્ર અને નેઅમતો પર શુક્ર કરવાનું નામ છે.

(૧૨૬૭) ઈમાન ઉચ્ચ પ્રકારના સત્યનું નામ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : ઈમાનની હકીકત (૩)

(૧૨૬૮) ઈમાનની હકીકત એ છે કે હકને બાતિલ ઉપર અગ્રતા આપો, ભલે પછી હકથી તમને નુક્સાન થતુ હોય અને બાતિલથી ફાયદો થતો હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૬૯) ત્રણ બાબતો ઈમાનની હકીક્તમાંથી છે. નાદારીની હાલતમાં (રાહે ખુદામાં) ખર્ચ કરવો, પોતાની જાત વિશે લોકો સાથે ઇન્સાફ કરવો અને તાલિબે ઇલ્મ માટે ઇલ્મની બક્ષિસ કરવી. - હઝરત

રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૨૭૦) એક માણસે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસે આવીને અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! હું આપની પાસે આવ્યો છુ જેથી ઇસ્લામ ઉપર આપની બયઅત કરૂં.

આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ ફરમાવ્યું : હું તારી પાસેથી એ વાત ઉપર (એ શરતે) બયઅત લઉં છું કે તું તારા પિતાને કત્લ કરે. તેણે કહ્યું : ભલે, આ સાંભળીને

સરકારે રિસાલત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : અમે તમને તમારા પિતાને કત્લ કરવાનો હુકમ આપતા ન હતા, પરંતુ તમારામાં ઈમાનની હકીકત જોવા માંગતા હતા, મને એ વાતની જાણ થઈ ગઈ છે તમે ખુદા સિવાય બીજા કોઈને તમારા વિશ્વાસપાત્ર મિત્ર બનાવતા નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૨૭૧) એક દિવસ સવારે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની હારીસ સાથે મુલાકાત થઈ... આપ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમે પુછ્યું : હારીસ ! તમે સવાર કઈ રીતે કરી ?

તેણે કહ્યું : મેં સાચા મોઅમિન તરીકે સવાર કરી. રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : દરેક મોઅમિનની એક હકીકત હોય છે, તમારા ઈમાનની હકીકત શું છે ?

તેણે કહ્યું : હું દુનિયાથી મુખ ફેરવી ચુક્યો છું, રાત્રે જાગું છું (ઇબાદત કરૂ છું) અને દિવસે તરસ્યો રહું છું. (રોઝા રાખું છું.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૨૭૨) પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને એક વખત પ્રવાસમાં કેટલાક ઘોડે સવાર માણસો સાથે મુલાકાત થઈ. આપે તેઓને પુછ્યું : તમે કોણ છો ?

તેઓએ કહ્યું : અમે મોઅમિન છીએ. હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પુછ્યું : તમારા ઈમાનની હકીકત શું છે ?

તેઓએ કહ્યું : ખુદાની કઝા (નિર્ણય) પર રાજી રહેવું, ખુદાના હુકમની સામે માથું ઝુકાવી દેવું અને પોતાના તમામ કાર્યો ખુદાને સોંપી દેવા.

આ સાંભળીને સરકારે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : આ લોકો આલિમો અને હિકમતવાળાઓ છે. અને હિકમતની દ્રષ્ટિએ નબીઓથી નઝદીક છે. પછી તે લોકોને સંબોધીને ફરમાવ્યું : જો તમે તમારી વાતમાં સાચા હો તો જે ઘરોમાં તમારે રહેવાનું નથી તેને બનાવો નહીં, જે તમારે ખાવાનું નથી તેને એકઠું ન કરો. અને એ ખુદાનો તક્વો ઇખ્તેયાર કરો જેની તરફ તમારે પાછા ફરવાનું છે.

પ્રકરણ - ૭ : ઈમાનની હકીકત (૪)

(૧૨૭૩) દરેક બાબતનો એક હકીકત હોય છે, અને (ઈમાનની) હકીકત સૂધી ઇન્સાન એ સમય સૂધી પહોંચી શકતો નથી જ્યાં સૂધી તેને એ વાતનું ઇલ્મ ન થઈ જાય કે જે વસ્તુ તેના સૂધી પહોંચી છે તે તેનાથી દૂર થઈ શકવાની નથી. અને જે વસ્તુ તેનાથી દૂર થઈ ગઈ છે તે તેના સૂધી પહોંચી શકતી નથી.

(૧૨૭૪) અય અબૂઝર ! તમે ઈમાનની હકીકત સુધી પહોંચી શકવાના નથી, જ્યાં સૂધી તમે એ વાત જાણી ન લ્યો કે તમામ લોકો દીનના

મામલામાં મુર્ખ અને દુનિયાના મામલામાં અકલમંદ છે.

(૧૨૭૫) બંદો એ સમય સૂધી ઈમાનની હકીકતથી મુસ્તહક હશે (સાચા અર્થમાં મોઅમિન કહેવાશે) જ્યાં સૂધી તે અલ્લાહના ગઝબથી દૂર અને અલ્લાહના રાજીપાથી નજદીક રહેશે.

(૧૨૭૫) તમારામાંથી કોઈ માણસ એ સમય સૂધી ઈમાનની હકીકત સૂધી પહોંચી નહીં શકે જ્યાં સૂધી તે પોતાનાથી દૂરતરીન ... માણસને રાહે ખુદામાં દોસ્ત ન રાખે અને પોતાના સહુથી નઝદીકના માણસને રાહે ખુદામાં દુશ્મન ન રાખે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૨૭૭) તમારામાંથી કોઈ માણસ ઈમાનની હકીકત સૂધી એ સમય સૂધી પહોંચી શકતો નથી જ્યાં સૂધી તેનામાં આ ત્રણ સિફતો ન હોય. એટલે કે તે મૌતને જીંદગી કરતા, ફકીરી અને તંગદસ્તીને તવંગરી કરતા અને બીમારીને તંદુરસ્તી કરતા વધારે પસંદ ન હોય.

અમે કહ્યું : એવું કોણ હોઈ શકે છે ?

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તમે બધા. પછી ફરમાવ્યું: તમારા માટે કઈ વસ્તુ બહેતર છે ?

શું બીમારી અને દુશ્મનીમાં જીવન ? અમે જવાબ આપ્યો : ખુદાની કસમ, આપની મોહબ્બતમાં મૌત અમને સૌથી વધારે પસંદ છે. ઇમામે ફરમાવ્યું : એવી જ રીતે ફકીરી અને તંગદસ્તીનું છે, મેં કહ્યું : ખુદાની કસમ, બિલ્કુલ સાચી જ વાત છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૮ : ઈમાનની હકીકત (૫)

(૧૨૭૮) કોઈ બંદા ઈમાનની મંઝિલ સૂધી એ સમય સૂધી સાચી રીતે પહોંચી શકતો નથી જ્યાં સૂધી તે ભરોસા અને (સંપૂર્ણ) આત્મવિશ્વાસની મંઝિલ સૂધી પહોંચી ન જાય, (અને એ વાત જાણી લે કે) જે કાંઈ ખુદાના હાથમાં છે તે બધું તેનાથી વધારે ભરોસાપાત્ર છે. જે કાંઈ ખુદ તેના પોતાના હાથમાં છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૭૯) તમારે એ વાત જાણી લેવી જોઈએ કે ખુદાના બંદાઓમાંથી કોઈ બંદો એ સમય સૂધી મોઅમિન બની શકતો નથી જ્યાં સૂધી કે તે ખુદાની રઝા ઉપર રાજી ન હોય અને પોતાની અંગત પસંદગીની પરવા ન કરે.

(૧૨૮૦) તમે એ સમય સૂધી મોઅમિન બની શકતા નથી જ્યાં સૂધી તમે ખુદાથી ડરનારા અને તેની પાસેથી આશા રાખનારા ન બની જાવ, તમારામાં આ સિફત એ સમય સૂધી પૈદા થઈ શક્તી નથી જ્યાં સૂધી ડર અને આશાની સાથે અમલ બજાવી ન લાવો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૨૮૧) કોઈ બંદો એ સમય સૂધી મોઅમિન થઈ શકતો નથી કે જ્યાં સૂધી જે ભલાઈની વાત પોતાના માટે પસંદ કરતો હોય તે જ વાત લોકો માટે પસંદ કરે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૮૨) કોઈ મોઅમિન એ સમય સૂધી (સાચો) મોઅમિન બની શકતો નથી જ્યાં સૂધી એ પોતાના (મોઅમિન) ભાઈ માટે એક શરીર સમાન બની ન

જાય. જ્યારે શરીરની કોઈ એક રગને તકલીફ પહોંચે છે ત્યારે બધી રગોને તેની (તકલીફની) અસર થાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૨૮૩) ઇન્સાન એ સમય સૂધી મોઅમિન બની શકતો નથી જ્યાં સૂધી તેનું દિલ તેની જીભની સાથે એકરૂપ ન થઈ જાય. જીભ દિલની મિત્ર ન થઈ જાય, તેનો કૌલ અને અમલ (કરણી અને કથની) એક સરખા ન હોય તથા તેના પાડોશી તેની તકલીફોથી સુરક્ષિત હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૯ : ઈમાન અને અમલ

(૧૨૮૪) ઈમાન અને અમલ બે જોડીયા ભાઈઓ સમાન છે, ખુદાવંદે આલમ બેમાંથી કોઈ એકને કબૂલ કરતો નથી.

(૧૨૮૫) ઈમાન અમલ વગર અને અમલ ઈમાન સિવાય કબૂલ થવાને પાત્ર નથી.

(૧૨૮૬) ઈમાન સ્થિર છે અને અમલ વધતો ઘટતો રહે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૮૭) મલઉન છે, મલઉન છે એ માણસ કે જે એમ કહેતો હોય કે અમલ વગરનું ઈમાન પણ કબૂલ થાય છે.

(૧૨૮૮) જો ઈમાન ફક્ત જીભથી સ્વિકારવાનું નામ હોત તો પછી નમાઝ, રોઝા અને હલાલ-હરામ નાઝીલ કરવાની જરૂરત રહેત નહીં.

(૧૨૮૯) ઈમાન એ સંપૂર્ણ રીતે અમલનું જ નામ છે, અને કૌલ પણ અમલ જ છે. જે ખુદા તરફથી

ફર્ઝ કરવામાં આવ્યું છે, અને જેને અલ્લાહે પોતાની કિતાબમાં સપષ્ટ કરી દીધું છે.

(૧૨૯૦) જો બંદો જીભથી હકનો સ્વિકાર કરે અને તેના પર અમલ પણ કરે, પરંતુ તેનો દિલી અકીદો એમ ન હોય કે તે હક છે તો તેનાથી કોઈ ફાયદો થશે નહીં.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૧૦ : મરજુઅહ

(૧૨૯૧) મરજુઅહ ઉપર સિત્તેર નબીઓની જીભથી લાનત કરવામાં આવી છે. અને મરજુઅહ એ લોકો છે જે એમ કહે છે કે : “ઈમાન અમલનું નહીં કૌલ (ફક્ત જીભથી કહેવા)નું નામ છે.”

(૧૨૯૨) મારી ઉમ્મતના બે સમૂહો એવા છે જેની ઉપર સિત્તેર નબીઓની જીભથી લાનત કરવામાં આવી છે. પહેલુ કદરીયહ, બીજુ મરજુઅહ, તેઓ કહે છે કે ઈમાન એ ફક્ત સ્વિકાર છે, અમલ નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૧ : ઈમાન અને ગુનાહ (૧)

(૧૨૯૩) હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે શું ગુનાહને કબીરા કરવાના કારણે ઇન્સાન ઈમાનની બહાર નિકળી જાય છે ?

આપે ફરમાવ્યું : હા, અને તેના કરતા ઓછાં ગુનાહ કરવાથી પણ. રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું કે: ઝીનાકાર મોઅમિન થઈને ઝીના (વ્યભિચાર) કરતો નથી. અને ચોર મોઅમિન થઈને ચોરી કરતો નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૨૯૪) હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ને હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના આ કૌલ વિશે પૂછવામાં આવ્યું : ઇન્સાન ગુનાહ કરે છે ત્યારે રૂહે-ઈમાન તેનાથી જુદી થઈ જાય છે. ત્યારે આપે ફરમાવ્યું: ખુદાવંદે આલમે ફરમાવ્યું છે કે: ખાસ પોતાની રૂહ વડે તેનું સમર્થન કર્યું તો એ જ તે રૂહ છે કે જે ઇન્સાનથી જુદી થઈ જાય છે. (સૂ. મુજાદેલહ, આ. ૨૨)

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૨૯૫) ... મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી કે આપે હઝરત રસૂલે સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો આ કૌલ સાંભળ્યો છે કે તેઓ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું હતુ કે ઝાની મોઅમિન થઈને ઝીના કરતો નથી. ત્યારે ઈમામે ફરમાવ્યું : ઝીના કરનારના ઈમાનમાંથી રૂહ ખેંચી લેવામાં આવે છે.

મેં પુછ્યું : તે ઈમાનની રૂહ કઈ વસ્તુ છે ?

આપે ફરમાવ્યું: તે એક ખાસ વસ્તુ હોય છે. પછી ફરમાવ્યું: બહેતર છે કે તમે એ વાતને સમજી લ્યો.

શું તમે નથી જોયું કે ઇન્સાન કોઈ બાબતનો ઇરાદો કરે છે, પરંતુ તેના દીલમાં એક ખાસ વસ્તુ (લાગણી) પૈદા થઈ જાય છે. જે તેને એ કામ કરવાથી બળપુર્વક રોકી રાખે છે ? ! મેં કહ્યું : જી હા, એવું બને છે. આપે ફરમાવ્યું : તે એ જ વસ્તુ હોય છે.

(૧૨૯૬) હઝરત ઈમામ અબુલ હસન (અલયહિસ્સલામ)ને ઈમાન વિશે પૂછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું : હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે : ઝાની મોઅમિન થઈને ઝીના કરતો નથી,

શરાબી મોઅમિન થઈને શરાબ પીતો નથી. આ સાંભળીને લોકો એકબીજાની સામે જોવા લાગ્યા.

ઉમર બિન ઝર્રે કહ્યું : તો પછી અમે તેને શું નામ આપીએ ?

ઇમામે ફરમાવ્યું : એ એજ જે ખુદાએ તેમના કાર્યો પ્રમાણે તેમનું નામ રાખ્યું છે એટલે કે ... ચોર પુરૂષ અને ચોર સ્ત્રી ... વ્યભિચારી પુરૂષ અને વ્યભિચારી સ્ત્રી.

(૧૨૯૭) ઝાની જ્યારે ઝીના કરે છે ત્યારે મોઅમિન રહેતો નથી. તેવી જ રીતે ચોર જ્યારે ચોરી કરે છે

ત્યારે મોઅમિન હોતો નથી અને શરાબી જ્યારે શરાબ પીવે છે ત્યારે મોઅમિન હોતો નથી. પછી તેની તૌબા પણ કબૂલ કરવામાં આવતી નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૨૯૮) અલ્કમહ બિન કૈસ કહે છે : મેં હઝરત અલી (અલયહિસ્સલામ)ને કુફાના મિમ્બર ઉપરથી ફરમાવતા સાંભળ્યા : મેં હઝરત રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને સાંભળ્યા કે તેઓએ ફરમાવ્યું: ઝાની જ્યારે ઝીના કરે છે ત્યારે મોઅમિન નથી હોતો...

રાવીએ પુછ્યું : યા અમીરલ મોઅમેનીન (અલયિહ્સ્સલામ) ! જે માણસ ઝીના કરે છે શું તે કાફિર બની જાય છે ?

હઝરત અલી (અલયિહ્સ્સલામ)એ ફરમાવ્યું : રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અમને ફરમાવ્યા કરતા હતા કે અમે (રજા આપવામાં આવી હોય તેવી) છુટછાટવાળી હદીસોને છૂપી રાખીએ. ઝાની જો ઝીનાનો હલાલ સમજીને ન કરતો હોય. (તો તે કાફિર નથી.) અને જો તે હલાલ સમજીને તે કાર્ય કરતો હોય તો તે કાફીર બની જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૨ : ઈમાન અને ગુનાહ (૨)

(૧૨૯૯) જે બંદો લા એલાહા ઇલ્લલ્લાહ કહીને (ઈમાન સાથે) મરશે, તે જન્નતમાં જશે. ભલે તે ઝીના કરે અને ચોરી પણ કરે. અબૂઝરની ખ્વાહિશ કરતા ઉલ્ટું.

(૧૩૦૦) જે રીતે કોઈ માણસ શિર્ક કરે તો તેને કોઈ નેકી ફાયદો પહોંચાડતી નથી, તેવી રીતે જે માણસ લાએલાહા ઇલ્લલ્લાહ કહે છે તેને કોઈપણ ગુનાહ નુક્સાન પહોંચાડતા નથી.

(અનુવાદકની નોંધ :- હદીસ નં ૧૨૯૯ અને ૧૩૦૦નો સંદર્ભ કિતાબ કન્ઝુલ ઉમ્માલ છે.)

(૧૩૦૧) જેવી રીતે શિર્ક કરનાર માણસને કોઈ વસ્તુ ફાયદો પહોંચાડી શકતી નથી તેવી જ રીતે ઈમાન લાવનારને પણ કોઈ વસ્તુ નુક્સાન પહોંચાડી શક્તી નથી.

(૧૩૦૨) જેવી રીતે કોઈ નેકી કાફરને તેના કુફ્રથી બહાર કાઢી શકતી નથી તેવી જ રીતે મોઅમિનને કોઈ ગુનાહ તેના ઈમાન(ના વર્તુળ)માંથી બહાર કાઢી શકતા નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૩ : ઈમાન અને ગુનાહ (3)

(૧૩૦૨) જાબિરને ફરમાવ્યું : જઈને લોકો વચ્ચે એલાન કરી દો કે જે માણસ યકીન અથવા ખુલુસની સાથે લાએલાહ ઇલ્લલ્લાહની ગવાહી આપશે, તેના માટે જન્નત છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૦૪) ખુદાવંદે આલમે મારી પાસેથી અહદ લીધો છે કે તારી ઉમ્મતનો જે કોઈ પણ બંદો લાએલાહા ઇલ્લલ્લાહની સાથે મારી પાસે આવશે

અને પોતાના એ (કલમા)ના કૌલ સાથે બીજી કોઈ વસ્તુને નહીં ભેળવે તો તેના માટે જન્નત વાજિબ થશે.

સહાબીઓએ અર્ઝ કરી : યા રસૂલલ્લાહ, લાએલાહા ઇલ્લલ્લાહના કલમાની સાથે કઈ વસ્તુઓ ન મેળવવી ? આપે ફરમાવ્યું : દુન્યવી લાલચ, દુનિયાની સંપતિઓનો સંગ્રહ અને તેને રોકી રાખવી, તે વાતો તો નબીઓ જેવી કરતો હોય પણ અમલ ઝાલિમ લોકો જેવો કરતો હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૦૫) જે માણસ ખુલૂસે દિલની સાથે લાએલાહ ઇલ્લલાહ કહે અને તેનું દીલ પણ તેને કથનની સાક્ષી આપતું હોય તો તે (તેવો માણસ) જન્નતમાં જે દરવાજેથી પ્રવેશવું હોય તેમાંથી પ્રવેશી શકશે.

(૧૩૦૬) જે માણસ ખુલૂસ દિલ સાથે લાએલાહ ઇલ્લલ્લાહ કહેશે તો તે જન્નતમાં જશે.

પૂછવામાં આવ્યું : ખુલૂસનો અર્થ શું છે ?

ફરમાવ્યું : એ વાક્યને (કલમાને) ખુદાની હરામ કરેલી વાતોથી બચાવી રાખવો.

(૧૩૦૭) લાએલાહ ઇલ્લલ્લાહનો કલમો લોકોને ખુદાની નારજગીથી એ સમય સૂધી બચાવી રાખે છે જ્યાં સૂધી કે તેઓ પોતાની દુનિયાની રંગીનીઓને પોતાની આખેરતની ઝીંદગી ઉપર અગ્રતા આપવાને લાયક નથી સમજતા. (અગ્રતા આપતા નથી.)

(૧૩૦૮) જ્યાં સૂધી લોકો દીનથી બેપરવાહ થઈને દુનિયાને સુધારવાની કોશિશમાં નહીં પડે ત્યાં સૂધી લાએલાહ ઇલ્લલ્લાહનો કલમો તેમને ખુદાના ગઝબથી બચાવી રાખશે.

(૧૩૦૯) લાએલાહ ઇલ્લલ્લાહ કહેનારાઓને તે સમય સૂધી તેનો ફાયદો નહીં પહોંચે જ્યાં સૂધી તેને (તે કલમાને) તે લોકો હલકો સમજતા રહેશે. તેને હલકો સમજવાનો અર્થ એ છે કે : તેઓ ગુનાહના કાર્ય કરતા રહે, તેના પ્રત્યે અણગમો જાહેર ન કરે અને ન તો તેમનામાં કોઈ પરિવર્તન આવે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૪ : સંપૂર્ણ ઈમાન

(૧૩૧૦) ધઉંને સાફ કરો, તેને પાકો-પાકીઝા કરો, તેનો ઝીણો લોટ તૈયાર કરો તો તેમાંથી સુગંધ પણ આવશે અને તેનું ખાણું ખાવાથી તમને મજા આવશે. ઈમાન પણ એવીજ રીતે છે તેથી ઈમાનને શુધ્ધ અને સંપૂર્ણ કરશો તો તમને તેની મીઠાશનો અનુભવ થશે અને તેનો અંત પણ તમને ફાયદો પહોંચાડશે.

(૧૩૧૧) ત્રણ વસ્તુઓ એવી છે કે જે કોઇ માણસમાં સંપૂર્ણ નહીં મળી શકશે: (૧) ઈમાન, (૨)અકલ, અને (૩) ઇજતેહાદ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૫ : સંપૂર્ણ ઈમાનનું માધ્યમ (૧)

(૧૩૧૨) જ્યારે કોઇ માણસમાં ત્રણ બાબતો જોવા મળે ત્યારે તેનું ઈમાન સંપૂર્ણ થશે :

(૧) જ્યારે તે કોઈના ઉપર રાજી થાય તો તેનો રાજીપો તેને જુઠ/નાહક વાતમાં દાખલ ન કરી દે, (૨) જ્યારે તે કોઈના પર ગુસ્સે થાય ત્યારે તેનો ગુસ્સો તેને હકની બહાર ન કાઢી નાખે. અને (૩) જ્યારે તેને શક્તિ પ્રાપ્ત થઈ જાય ત્યારે તેની ન હોય એવી કોઈ વસ્તુ તરફ હાથ ન લંબાવે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૩૧૩) ત્રણ વસ્તુઓ એવી છે કે જે કોઈનામાં જોવા મળે તો તેનું ઈમાન સંપૂર્ણ છે :

(૧) ઇન્સાન રાહે ખુદામાં, કોઈ ટીકા કરનારની ટીકાથી ડરે નહીં.

(૨) પોતાના અમલમાં રીયાકારી (દેખાવ-દંભ) વ્યક્ત ન કરે.

(૩) જ્યારે તેની સામે બે કામ રજૂ થાય તો એક દુનિયા અને બીજુ આખેરત માટે હોય તો દુનિયાના કામો ઉપર આખેરતના કામને પ્રાથમિક્તા આપે.

- હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૧૪) જે માણસમાં ચાર બાબતો જોવા મળે તેનું ઇસ્લામ સંપૂર્ણ હશે. તેના ગુનાહ ધોવાઈ જશે. તે ખુદાની હુજુરમાં એવી હાલતમાં પહોંચશે કે ખુદા તેનાથી રાજી હોય. તે ચાર બાબતો આ છે :

(૧) લોકો સાથે વાયદો કરે તો તેને ખુદાની ખુશ્નુ દી માટે પુરો કરે છે.

(૨) લોકોની સાથી વાચ કહેતો હોય.

(૩) ખુદાની અને લોકોની નજરોમાં જે બાબતો ખરાબ હોય તે કરવામાં શરમ અનુભવે.

(૪) પોતાના કુટુંબીજનો (ઘરવાળાઓ) સાથે તેનો વ્યવહાર સારો હોય.

(૧૩૧૫) એક માણસે હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને અર્ઝ કરી, હું ઈચ્છું છું કે મારું ઈમાન સંપૂર્ણ થાય. (તો શું કરૂં?) આપે ફરમાવ્યું : તારા અખ્લાક સારા બનાવ, તારૂ ઈમાન સંપૂર્ણ થઈ જશે.

(૧૩૧૬) તમારામાંથી જે માણસના અખ્લાક સૌથી સારા હશે તેનું ઈમાન પણ સૌથી સંપૂર્ણ હશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૧૭) જે માણસમાં આ ત્રણ બાબતો જોવા મળે તેનું ઈમાન સંપૂર્ણ હશે, અકલ, હિલ્મ અને ઇલ્મ.

(૧૩૧૮) મુસલમાનના દીનની સંપૂર્ણતાની ઓળખ એ વાતમાં છે કે તે એવી વાત મોઢામાંથી ન કાઢે જે તેના વ્યક્તિત્વને અનુરૂપ ન હોય, વાતચીતના ઝગડા, (વાદ-વિવાદ)માં ઓછો પડતો હોય,

સહનશીલ, ધીરજવાન અને સુંદર અખ્લાકનો માલિક હોય છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૬ : સંપૂર્ણ ઈમાનનું માધ્યમ (૨)

(૧૩૧૯) કોઈ બંદો એ સમય સૂધી ઈમાનની હકીકત સૂધી, એ સમય સૂધી પહોંચી શકતો નથી, જ્યાં સૂધી તેનામાં ત્રણ વિશેષતા જોવા મળતી ન હોય. એટલે કે : દીનના કાર્યોમાં ચિંતનનું મનન, ગુનાહોના વિષયમાં અલલાહના હુકમોનું પાલન અને મુસીબતોમાં સબ્ર.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૩૨૦) બંદાનું ઈમાન એ સમય સૂધી સંપૂર્ણ હોય છે જ્યાં સૂધી તેનામાં ત્રણ વિશેષતા જોવા મળતી

હોય: (૧) તંગદસ્તીમાં ખર્ચ કરવો, (૨) પોતાની ઝાત વિશે લોકોમાં ન્યાય કરવો અને (૩) ઇસ્લામનો પ્રચાર કરવો.

(૧૩૨૧) બંદો એ સમયે પોતાના ઈમાનને સંપૂર્ણ કરે છે જ્યારે તેના અખ્લાક સારા હોય, પોતાનો ગુસ્સો બીજા કોઈ ઉપર ન ઉતારે અને જે વસ્તુ પોતાના માટે પસંદ કરે તે જ બીજાઓ માટે પણ પસંદ કરે.

કેટલાક લોકો અમલ કર્યા વગર જન્નતમાં જઈ ચૂક્યાં છે, પરંતુ એ કારણે કે તેઓ ઇસ્લામમાં માનનારાઓના ખૈરખ્વાહ (ભલુ ઇચ્છનારા) હતા.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૨૨) કોઈ બદાનું ઈમાન એ સમય સૂધી સંપૂર્ણ હોઈ શકતું નથી જ્યાં સૂધી કે તે પોતાના માટે જે વસ્તુ પસંદ કરતો હોય તે જ પોતાના ભાઈ માટે પણ પસંદ કરે અને જ્યાં સૂધી તે મજાકમાં અને ગંભીરતામાં અલ્લાહથી ન ડરે.

(૧૩૨૩) બંદો પોતાના ઈમાનની હકીકતને એ સમય સૂધી હરગીઝ સંપૂર્ણ કરી શકતો નથી. જ્યાં સૂધી પોતાની કામનાઓ અને મનોવાસનાઓ ઉપર પોતાના દીનને અગ્રતા ન આપે અને એવી જ રીતે

તે તબાહ અને બરબાદ થઈ શકતો નથી જ્યાં સૂધી તે પોતાની મનોવાસના અને કામનાઓને દીન ઉપર અગ્રતા ન આપતો હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૨૪) મોઅમિન એ સમય સૂધી મોઅમિન બની શકતો નથી અને તેનું ઈમાન એ સમય સૂધી સંપૂર્ણ થઈ શકતું નથી, જ્યાં સૂધી તેનામાં ત્રણ બાબતો જોવા મળતી ન હોય: (૧) ઇલ્મ પ્રાપ્તિ, (૨) મૂસીબતો પર સબ્ર અને (૩) રોઝી કમાવવામાં નરમી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૭ : સંપૂર્ણ ઈમાનનું માધ્યમ (3)

(૧૩૨૫) કોઈ બંદામાં ઈમાન તે સમય સૂધી સંપૂર્ણ થઈ શકતું નથી જ્યાં સૂધી તે એ વસ્તુને પસંદ ન કરે જેને ખુદા પસંદ કરે છે, અને એ વસ્તુ સાથે અણગમો ન રાખે જે ખુદાને નાપસંદ છે.

(૧૩૨૬) મોઅમિનનું ઈમાન એ સમયે સંપૂર્ણ થાય છે જ્યારે તે સમૃધ્ધિ (અમીરી)ને અજમાઈશ, તેમજ આઝમાઈશ અને બલાઓને નેઅમત સમજે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૨૭) કોઈ બંદાનું ખુદા ઉપરનું ઈમાન એ વખતે સંપૂર્ણ થાય છે જ્યારે તેનામાં પાંચ ખાસીયતો મૌજૂદ હોય:

(૧) ખુદા ઉપર ભરોસો, (૨) પોતાના વ્યવહારો ખુદાને સોંપી દેવા, (૩) ખુદાના હુકમની સામે માથું ઝુકાવી દેવું, (૪) ખુદાની કઝા (નિર્ણય) ઉપર રાજી રહેવું (૫) ખુદા તરફથી થતી આઝમાઈશ ઉપર સબ્ર કરવી.

આ ઉપરાંત એ માણસ કે જે ખુદા(ની ખૂશી) માટે કોઈની સાથે દોસ્તી કરે અને ખુદા માટે જ કોઈની સાથે દુશ્મની કરે, ખુદાની રાહમાં કોઈને આપે અને

ખુદા માટે જ કોઈને ન આપે તો તેનું ઈમાન સંપૂર્ણ છે.

(૧૩૨૮) જ્યારે બંદામાં ચાર વિશેષતાઓ જોવા મળે ત્યારે તેનું ઈમાન સંપૂર્ણ હોય છે.

(૧) તેના અખ્લાક સારા હોય, (૨) પોતાને હકીર સમજે, (૩) વધારે વાતોને પોતાની પાસે રોકી રાખે. પરંતુ, (૪) પોતાના વધારાના માલને કાઢી નાખે (એટલે કે સખાવત કરે.)

(૧૩૨૯) જ્યાં સૂધી મોઅમિનમાં ૧૦૩ સિફતો જોવા ન મળે ત્યાં સૂધી તેનું ઈમાન સંપૂર્ણ હોતુ નથી, કાર્ય, અમલ, નિયત, બાતીન, જાહેર.....

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૮ : ઈમાન અને દિલની શાંતિ

કુરઆને મજીદ :-

* તે એજ છે જેણે મોઅમિનોના દિલમાં સાંત્વન ઉતાર્યુ કે જેથી તેમની આસ્થા સાથે વધુ આસ્થા વધે.

- (સૂ. ફત્હ આ. ૪)

હદીસ :-

(૧૩૩૦) ... આ આયત વિશે ફરમાવ્યું : (તેનો અર્થ) 'ઈમાન' જ થાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૯ : ઈમાનમાં વધારો થાય છે

કુરઆને મજીદ :-

* ... જ્યારે મોઅમિનની સામે તેની આયતો પડવામાં આવે છે ત્યારે તેમના ઈમાનને વધારી મુકે છે.

- (સૂ. અન્ફાલ આ. ૨)

* અને જે વખતે કોઈ પ્રકરણ (સૂરા) ઉતારવામાં આવે છે, ત્યારે તેઓમાંથી કોઈ કોઈ એવા પણ છે કે જે કહે છે કે તમારામાંથી એવો કોણ છે કે જેનું

ઈમાન આ પ્રકરણે વધારી દીધું હોય ? હવે જે લોકો ઈમાન લાવ્યા છે તેમનું ઈમાન તો (તે પ્રકરણે) વધારી જ દીધું છે અને તેઓ ખૂશ પણ થઈ રહ્યા છે.

- (સૂ. તૌબા આ. ૧૨૪)

હદીસ :-

(૧૩૩૧) ઈમાનના દિલમાં એક સફેદ બિંદુ સમાન જાહેર થાય છે. અને પછી તે જેટલુ વધારે હોય છે તેટલુ તે બિંદુ પણ મોટું થતું જાય છે.

(૧૩૩૨) ઈમાન દિલમાં એક સફેદ બિંદુની જેમ જાહેર થાય છે. ઈમાન જેટલું વધતું જાય છે તે સફેદી પણ એટલી જ વધતી જાય છે, અને જ્યારે ઈમાન સંપૂર્ણ થઈ જાય છે ત્યારે આખું દિલ પણ સફેદ (નુરાની) થઈ જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૦ : ઈમાનના દરજ્જાઓ

કુરઆને મજીદ :-

* તેમના તો અલ્લાહની પાસે મોટા દરજ્જા છે; અને તેઓ જે કાંઈ કરે છે તે અલ્લાહ નિહાળે છે.

- (સૂ. આલે ઈમરાન આ. - ૧૬૩)

હદીસ :-

(૧૩૩૩) ઈમાનનો સૌથી ઉચ્ચ કક્ષાનો દરજ્જો ફક્ત એકજ છે જે તેના સૂધી પહોંચી જાય, તે સફળ થઈ ગયો અને તેની મનોકામનાને પામી ગયો

અને તે એ છે કે માણસ પોતાના બાતિનની ટોચ (સૌથી ઉચ્ચ કક્ષા)ની સુધારણા કરે. એટલે સૂધી કે તેના બાતિનનું રહસ્ય જાહેર થઈ જાય તો પણ તેની તેને પરવા ન હોય અને જો તે ગુપ્ત રહે તો તેને તેની સજાનો ડર ન હોય.

(૧૩૩૪) ઈમાન એક સીડી સમાન છે, જેના દસ પગથિયા હોય. જેની ઉપર માણસ એક પછી એક પગથીયું ચઢે છે..... મીકદાદ તેના આઠમા દરજ્જા પર, અબુઝર તેના નવમાં દરજ્જા પર અને સલમાન દસમા દરજ્જા પર બિરાજમાન છે.

(૧૩૩૫) (સામાન્ય રીતે) મોઅમિનો સાતમાં દરજ્જા ઉપર છે તેમાંથી કેટલાક ખુદાના તરફથી ઉપરના દરજ્જા ઉપર બિરાજમાન છે.

(૧૩૩૬) ખુદાવંદે આલમે ઈમાનને સાત ભાગોમાં મુકર્રર કર્યુ છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨૧ : શ્રેષ્ઠ ઈમાન

(૧૩૩૭) શ્રેષ્ઠ ઈમાન એ છે કે તમે એ વાત પર યકીન કરી લો કે તમે જ્યાં પણ છો, ત્યાં ખુદા તમારી સાથે છે.

(૧૩૩૮) શ્રેષ્ઠ ઈમાન એ છે કે જ્યારે તમે કોઈ સાથે મોહબ્બત કરો તો ખુદા માટે અને દુશ્મની કરો તો ખુદા માટે. તમારી જીભને ખુદાના ઝીક્ર માટે વાપરો. જે તમારા માટે પસંદ કરો છો એ જ બીજાઓ માટે પસંદ કરો. જે તમારા માટે પસંદ નથી કરતા તે બીજાઓ માટે પસંદ ન કરો અને સારી વાત કહો, નહીંતર ચૂપ રહો.

(૧૩૩૯) શ્રેષ્ઠ ઈમાન સબ્ર અને માફ કરી દેવું છે.

(૧૩૪૦) શ્રેષ્ઠ ઈમાન સદવર્તાવ છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૪૧) શ્રેષ્ઠ ઈમાન સારું યકીન છે.

હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૨ : ઈમાનના વિભાગો

(૧૩૪૨) ઈમાનના સિત્તેરથી વધુ ભાગો છે જેમાં સૌથી શ્રેષ્ઠ લા એલાહ ઇલ્લલ્લાહ કહેવું, જ્યારે કે સૌથી નીચેનો વિભાગ માર્ગમાંથી તકલીફ (આપનાર વસ્તુઓ)ને દૂર કરી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૩ : ઈમાનના સ્તંભો

(૧૩૪૩) ઈમાન ચાર સ્તંભો પર રહેલું છે, ખુદા ઉપર ભરોસો, પોતાના કાર્યોને ખુદાને સોંપી દેવા, ખુદાના હુકમોની સામે માથું ઝુકાવી દેવું અને ખુદાની રઝા ઉપર રાજી રહેવું.

(૧૩૪૪) ઈમાન ચાર સ્તંભો ઉપર રહેલું છે, યકીન, સબ્ર, અદલ અને જેહાદ.

(૧૩૪૫) ઈમાન દસ વસ્તુઓમાં છે, અને તે દસ વસ્તુઓ આ છે: મઅરેફત, ઇતાઅત, ઇલ્મ, અમલ, પરહેઝગારી, સખત, કોશિશ, સબ્ર, યકીન, રઝા અને

તસ્લીમ. આમાંની કોઈપણ (એક) પોતાના સાથીને છોડી દેશે તો ઈમાનનું સમગ્ર વ્યવસ્થાતંત્ર ભાંગી પડશે.

(૧૩૪૬) પાકદામની અને કોઈ વસ્તુ ઉપર તેના યોગ્ય પ્રમાણમાં રાજી રહેવુ એ પણ ઈમાનના સ્તંભો માંથી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૪ : ઈમાનનો સૌથી વધારે મજબૂત મુદ્દો

(૧૩૪૭) ઈમાનનો સૌથી મજબૂત પાયો આ છે: અલ્લાહની રાહમાં દોસ્તી, ખુદા માટે મોહબ્બત, ખુદા માટે જ દુશ્મની.

- હઝરત રસૂલે અકરમ સલ્લલલાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૪૮) હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને પૂછવામાં આવ્યું કે: ઈમાનનો સૌથી વધારે મજબૂત પહેલું...- મુદ્દો-

કયો છે ? આપે ફરમાવ્યું : રાહે ખુદામાં મોહબ્બત અને રાહે ખુદામાં દુશ્મની.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૩૪૯) ઈમાનના સૌથી વધારે મજબૂત મુદ્દાઓમાં આ વાત છે કે કોઈની સાથે ખુદા(ની ખૂશી) માટે જ મોહબ્બત અને ખુદા માટે જ દુશ્મની કરવામાં આવે, રાહે ખુદામાં કોઈને આપવામાં આવે અને ખુદા માટે જ કોઈને ન આપવામાં આવે.

(૧૩૫૦) હઝરત રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ તેમના સહાબીઓને પૂછ્યું :

ઈમાનની કઈ વાત સૌથી વધારે મજબુત છે? તેઓએ કહ્યું : અલ્લાહ અને તેના રસૂલ વધારે સારી રીતે જાણે છે. કેટલાકે કહ્યું : નમાઝ, કેટલાકે કહ્યું : ઝકાત.

પરંતુ ખૂદ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તમોએ જે કંઈ ફરમાવ્યું તેની ફઝીલતના સ્થાને છે. પરંતુ મેં જે પુછ્યું છે તેનો જવાબ તમે આપ્યો નથી, સાંભળો, ઈમાનનો સૌથી મજબૂત મુદ્દો ખુદાની રાહમાં મોહબ્બત, ખુદાની રાહમાં દુશ્મની તેના અવલીયા સાથે દોસ્તી અને તેના દુશ્મનોથી દૂર રહેવું છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૩૫૧) (ઈમાનનો) સૌથી મજબૂત મુદ્દો 'તકવા'નો શબ્દ છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૫ : સંપૂર્ણ અને સોંપાએલુ ઈમાન

કુરઆને મજીદ :-

* અને તે એ છે કે જેણે તમને એક જ વ્યક્તિમાંથી પૈદા કર્યા છે, પછી દરેક માણસ માટે (દુનિયાના) નિવાસનું સ્થાન તથા અંતકાળનું સ્થાન (કબર) પણ નકકી (કર્યા) છે....

- (સૂ. અન્આઇમ આ. ૯૮)

હદીસ :-

(૧૩૫૨) કુરઆને મજીદમાં ‘કરારની જગા’ અને ‘તફવીઝની જગા’નો ઉલ્લેખ છે, તેમાં કરારની જગ્યા એટલે સંપૂર્ણ અને સાબિત ઈમાન છે. જ્યારે તફવીઝનો અર્થ સોંપવામાં આવેલું ઈમાન છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૩૫૩) ઈમાનનો એક પ્રકાર તો એ છે કે તે દિલોમાં સાબિત અને દૃઢ હોય અને એક પ્રકાર એ છે કે જે અમુક નિશ્ચિત સમય સૂધી દિલ અને છાતી વચ્ચે હોય છે. જે એક ખાસ સમય સૂધી રહે છે, જો તમારે કોઈ માણસ વિશે જાણવું હોય કે તેનું ઈમાન પાકટ અને દૃઢ છે કે નહીં તો તેને મરવા સૂધી

તૌફીકથી કામ લ્યો. જ્યારે તેનું મૌત આવી જશે તો બધી વાતો જાણવા મળી જશે.

પ્રકરણ - ૨૬ : જે બાબતથી ઈમાન સાબિત રહે છે

(૧૩૫૪) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે કઈ બાબતથી ઈમાન સાબિત રહે છે ? આપે ફરમાવ્યું : ઈમાનને સાબિત રાખનાર બાબત પરહેઝગારી છે. અને જે બાબતે તેને તેના સ્થાનથી હટાવી દે છે તે લાલચ છે.

(૧૩૫૫) જેનું કાર્ય તેના કૌલ (કથન) પ્રમાણે હોય તો તેના માટે - તે મુક્તિનું કારણ અને તેનું ઈમાન દૃઢ હોય છે, અને જેનું કાર્ય તેના કૌલ પ્રમાણે ન હોય તો તેનું ઈમાન હંગામી અને અસ્થિર હોય છે.

(૧૩૫૬) ખુદાવંદે અઝઝ વ જલ્લ આદિલ છે તેણે પોતાના બંદાઓને કુફ્રનું નહીં, પણ તેના ઉપર ઈમાન ઈમાન લાવવા માટે નિમંત્રણ આપ્યું છે તેથી જે માણસ ખુદા ઉપર ઈમાન લાવશે અને ખુદાની દ્રષ્ટિએ પણ તેનું ઈમાન સાબિત અને સંપૂર્ણ હશે તો ખુદાવંદે આલમ તેના ઈમાનને કુફ્રની તરફ ફેરવશે નહીં.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૩૫૭) અય કુમૈલ, જ્યારે તમે સ્પષ્ટ રસ્તો અપનાવી લ્યો કે જે તમને અવળા માર્ગ તરફ ન લઈ જાય અને જે માર્ગની અમોને તમને હિદાયત

કરીને માર્ગદર્શન આપ્યું છે તેનાથી તમને ફેરવી ન નાખે, તો એ સંજોગોમાં તમે સંપૂર્ણ ઈમાનને પાત્ર કહેવાને લાયક બનશો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૫૮) મોઅમિનોનું ઈમાન ફક્ત તેના અમલથી સાબિત થાય છે અને અમલ ઈમાનનો ભાગ છે.

(૧૩૫૯) ખુદાવંદે તબારક વ તઆલા એ પોતાના નબીઓની ખાસિયતમાં નબુવ્વતને શામિલ કરી છે. તેથી તેઓ ક્યારેય પણ તેનાથી ફરશે નહીં, અવસીયાની ખાસીયતમાં વારસાને શામેલ કર્યો છે.

તેથી તેઓ ક્યારેય કોઈ સંજોગોમાં તેમના માર્ગથી હટી નહીં શકે. તેવી જ રીતે કેટલાક મોઅમિનોની ખાસિયતમાં ઈમાનને શામેલ કર્યુ છે. તેથી તેઓ હરગીઝ તેનાથી ફરશે નહીં અને કેટલાક મોઅમિનો એવા છે કે જેમનું ઈમાન હંગામી હોય છે. તેથી તેઓ તેમની દુઆઓમાં આજીજી અને રૂદનથી કામ લેતા રહે તો તેમની મૌત ઈમાન ઉપર થશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨૭ : જે લોકો ઈમાનની મજા ચાખશે

(૧૩૬૦) ત્રણ વિશેષતાઓ ધરાવનાર ઈમાનની મજા ચાખશે :

(૧) તેમની નજરોમાં ખુદા અને રસૂલથી વધારે કોઈ વસ્તુ પ્રિય નહીં હોય, (૨) તેમની નજરોમાં દીનથી ફરી જવા કરતા આગમાં સળગી જવું વધારે સારૂ હશે, (૩) કોઈની સાથે મોહબ્બત અથવા દુશ્મની ખુદાની ખૂશી માટે કરતા હશે.

(૧૩૬૧) જે માણસમાં ત્રણ બાબતો જોવા મળે તે ઈમાનની મીઠાશનો અનુભવ કરી શકશે : (૧) તેને

ખુદા અને રસૂલ કરતાં કોઈ વસ્તુ વધારે પ્રિય ન હોય. (૨) માત્ર ખુદાની ખૂશી માટે કોઈ સાથે મોહબ્બત રાખતો હોય. (૩) જ્યારે તેને કુફ્રના અંધકારમાંથી કાઢીને ઈમાનની રોશની સૂધી પહોંચાડી દેવામાં આવ્યો છે, ત્યારે તે ફરી કુફ્ર તરફ પાછા ફરવા પ્રત્યે એટલો અણગમો રાખશે, જેટલો અણગમો આગથી સળગાવવા માટે રાખવામાં આવે છે.

(૧૩૬૨) જે માણસ ત્રણ કામ કરતો હોય તે ઈમાનની મજા ચાખશે :

(૧) ખુદાએ વહદહુ લા શરીકની ઇબાદત કરે. (૨) ખુદા સિવાય બીજું કોઈ ઇબાદતને લાયક નથી, તેવું ઈમાન રાખે. (૩) પોતાના માલની ઝકાત ખૂશીથી આપે... અને પોતાના નફસની સુધારણા કરે.

(૧૩૬૩) એ માણસ ઈમાનની મજા ચાખશે જે અલ્લાહ(ના પાલનહાર હોવા) પર ઈમાન રાખે, ઇસ્લામ દીન હોવાનો અને હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના રસૂલ હોવા ઉપર રાજી હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૮ : જે લોકો જે ઈમાનની મજા નહીં ચાખે

(૧૩૬૪) કોઈ બંદો એ સમય સૂધી ઈમાનની મજા ચાખી શકતો નથી જ્યાં સૂધી તે ગંભીરતા અને મજાકની હાલતમાં જુઠ બોલવાનું છોડી ન દે.

(૧૩૬૫) કોઈ બંદો એ સમય સૂધી ઈમાનની મજા નહીં ચાખે જ્યાં સૂધી તે એ વાતનું યકીન કરી ન લે કે તેના સૂધી જે વસ્તુ પહોંચી છે તે તેને જ મળવાની જ હતી. અને જે વસ્તુ તેના સૂધી પહોંચી નથી તે તેના સૂધી પહોંચવાની ન હતી અને તે

તેના ભાગમાં ન હતી. નફો અને નુકસાન ફક્ત ખુદાના જ હાથમાં છે.

(૧૩૬૬) ઇન્સાનમાં જ્યાં સૂધી ત્રણ વિશેષતા ન હોય ત્યાં સૂધી તે ઈમાનની વાસ્તવિક મજા ચાખી શકતો નથી. એટલે કે દીનમાં ચિંતન અને મનનથી કામ લેવું મૂસીબતોમાં સબ્ર કરવું અને સમાજના વ્યવહારમાં સદવ્યવહારથી કામ લેવું.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૩૬૭) ચાર બાબતો એવી છે જેને ઇન્સાન કબૂલ ન કરે ત્યાં સૂધી તે ઈમાનની મજા ચાખી શકતો નથી.

(૧) ખુદા સિવાય બીજું કોઈ ઇબાદતને લાયક નથી.

(૨) હું (હઝરત મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ખુદાનો બરહક રસૂલ છું.

(૩) મૌત બરહક છે અને મરવા પછી ફરીથી ઉઠાડવામાં આવશે.

(૪) ખુદાની તમામ શક્તિઓ ઉપર ઈમાન.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૬૮) બંદો સ્પષ્ટ ઈમાન સૂધી એ સમય સૂધી પહોંચી શકતો નથી, જ્યાં સૂધી તે ફક્ત ખુદાની જ ખૂશી માટે દોસ્તી અને દુશ્મની ન કરે. તેથી જ્યારે તે પોતાની મોહબ્બત અને દુશ્મનીનું ધોરણ ખુદાની રઝામંદીને બનાવી લેશે ત્યારે ખુદાની દોસ્તીને પાત્ર બની જશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહ અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૯ જે લોકો ઈમાનની મીઠાસ અનુભવી નહીં શકે

જે લોકો ઈમાનની મીઠાસ અનુભવી નહીં શકે

(૧૩૬૯) જે માણસ (જીવનનો) મુખ્ય હેતુ પોતાની ખ્વાહીશાતને પૂરી કરવાનો હશે તેના દિલમાંથી ઈમાનની મીઠાસ ખેંચી લેવામાં આવશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૭૦) જ્યાં સૂધી તમે દુનિયાથી મોઢું નહીં ફેરવી લ્યો, ત્યાં સૂધી તમારા દિલોમાં ઈમાનની મીઠાસનો અનુભવ હરામ રહેશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૩૭૧) જ્યાં સૂધી ઇન્સાન દુનિયાની લઝઝતોથી મુક્ત થઈ જશે નહીં ત્યાં સૂધી તેના દિલમાં ઈમાનની મીઠાશ અનુભવી શકશે નહીં.

(૧૩૭૨) ઇન્સાન એ સમય સૂધી ઈમાનની મીઠાશ પામી નહીં શકે, જ્યાં સૂધી તેની ભલાઈ અને

બુરાઈની તકદીર (નિશ્ચિતતા) ઉપર ઈમાન રાખતો ન હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩૦ : ઈમાનનો સૌથી નીચો દરજ્જો

(૧૩૭૩) બંદાનો મોઅમિન હોવાનો ઓછાંમાં ઓછો દરજ્જો એ છે કે ખુદાવંદે આલમ તેને પોતાની મઅરેફત કરાવે ત્યારે તે તેની ઇતાઅતનો સ્વિકાર કરે, નબી (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની મઅરેફત કરાવે તો તેઓની ઇતાઅતનો સ્વિકાર કરી લે, તેને ઈમામ અને પોતાની જમીનમાં પોતાની હુજ્જત તેમજ પોતાની મખ્લૂક ઉપર, પોતાના સાક્ષી હોવાની મઅરેફત કરાવે તો તેની ઇતાઅતને કબૂલ કરી લે.

સલીમ કહે છે કે મેં પુછ્યું : યા અમીરુલ મોઅમેનીન (અલયિહિસ્સલામ), જો તે બાકીની વસ્તુઓથી જાણકાર ન રહે અને ફક્ત એ જ બાબતોનો સ્વિકાર કરી લે, જે આપે બયાન કરી છે, તેમ છતાં ?

ઇમામ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : હા, જ્યારે તેને હુકમ આપવામાં આવે તો તેની ઉપર અમલ કરે અને જ્યારે તેને રોકવામાં આવે ત્યારે રૂકી જાય.

- હઝરત અલી (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩૧ : જે બાબતો ઈમાનથી બહાર કરી દે છે

(૧૩૭૪) ... પાંચ વસ્તુઓ કરવાથી ઇન્સાન ઈમાનની બહાર થઈ જવાની શકયતા રહે છે. આ બધી વસ્તુઓ પ્રખ્યાત અને એકબીજાને મળતી આવે છે. કુફ્ર, શીર્ક, ગુમરાહી, દુરાચાર અને ગુનાહાને કબીરા કરવા.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩૨ : એ બાબતો જે ઈમાનથી ઓછાંમાં ઓછાં દરજ્જાથી બહાર કરી દે છે

(૧૩૭૫) ઇન્સાનને ઈમાનની બહાર કરી નાખનારી નાનામાં નાની બાબત એ છે કે ઇન્સાન કોઈ સાથે દીનની બુનિયાદ ઉપર ભાઈચારો કાયમ કરે અને પછી તેની ક્ષતિઓ અને ભૂલોને ફક્ત એ માટે ભેગી કરતો (યાદ રાખતો) રહે કે કોઈક દિવસ તેના મુખ ઉપર એ વાતો કહી શકાય. (તેના મોઢા ઉપર એ વાતોને મારી શકાય.)

(૧૩૭૬) નાનામાં નાનું કુફ્ર એ છે કે ઇન્સાન પોતાના કોઈ ભાઈની વાતોને સાંભળીને એ માટે

યાદ રાખે કે તેને હલ્કો પાડી શકાય. એવા લોકોનો (ઈમાનમાં) કોઈ ભાગ નથી.

(૧૩૭૭) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે એવી નાનામાં નાની કઈ વાત છે કે જેનાથી માણસ કાફિર થઈ જાય છે ?

રાવી કહે છે કે ઇમામે એક કાંકરી ઉપાડી અને ફરમાવ્યું : (દીનમાં) કોઈ નવું કામ કરવું, તેની ઉપર કાયમ રહી જવું અને જે કોઈ તેનો વિરોધ કરે તેની પ્રત્યેથી વિમુખ થઈ જવું. (તેનાથી નફરત કરવી)

(૧૩૭૮) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે એવી કઈ નાનામાં નાની વસ્તુ છે જેના કારણે બંદો કાફિર બની જાય છે ?

રાવી કહે છે કે ઇમામે જમીન ઉપરથી એક કાંકરી ઉપાડી અને ફરમાવ્યું : તે આ કાંકરી માટે એમ કહે છે કે આ (કાંકરી નથી) ગોટલી છે અને જે કોઈ તેનો વિરોધ કરે તેનાથી વિમુખ થઈ જાય.

(૧૩૭૯) જે નાનામાં નાની બાબતથી ઇન્સાન ઈમાનની બહાર લઈ જાય છે તે એ છે કે ઇન્સાન કોઈ *ગાલી* (અતિયોશક્તિ કરનાર) પાસે બેસે, તેની

વાતોને ધ્યાનથી સાંભળે અને પછી તેનું સમર્થન કરે....

પ્રકરણ - ૩૩ : એ બાબતનો કે જેનાથી

ઈમાનની સુરક્ષા કરવી જોઈએ

કુરઆને મજીદ :-

* હે ઈમાન લાવનારાઓ ! પોતાના (માણસો) સિવાય અન્યોને વિશ્વાસુ મિત્ર બનાવો નહીં.

- (સૂ. આલે ઇમરાન આ. ૧૧૮)

* હે ઈમાન લાવનારાઓ ! તમે તેમના જેવા ન થાઓ કે જેઓ (ઈમાનથી) ફરી ગયા છે અને પોતાના ભાઈબંધોના સંબંધમાં જ્યારે કે તેઓ

મુસાફરીમાં ગયા (હોય) અથવા જેહાદ કરવામાં રોકાએલ (હોય ત્યારે) આ કહેવા લાગે છે કે જો તેઓ અમારી પાસે (રહ્યા) હોત તો ન મૃત્યુથી મરણ પામતે અને ન માર્યા જતે.

- (સૂ. આલે ઇમરાન આ. ૧૫૬)

* હે ઈમાન લાવનારાઓ ! આ તમારા માટે હલાલ નથી કે તમે બળજબરીથી સ્ત્રીઓને પણ વારસામાં લઈ લો.

- (સૂ. નિસા આ. ૧૯)

* હે ઈમાન લાવનારાઓ ! તમે આપસમાં એક બીજાનો માલ નાહક ખાઈ જાઓ નહીં..

- (સૂ. નિસા આ. ૨૯)

* હે ઈમાન લાવનારાઓ મોઅમિનો મૂકી નાસ્તિકોને મિત્ર બનાવો નહીં.

- (સૂ. નિસા આ. ૧૪૪)

* હે ઈમાન લાવનારાઓ ! યહૂદી તથા નસારાઓને તમારા મિત્ર બનાવો નહીં.

- (સૂ. માએદાહ આ. ૫૧)

* હે ઈમાન લાવનારાઓ ! તે લોકો કે જેમને તમારી પહેલા કિતાબ આપવામાં આવી છે તેઓ માહેંના જે લોકો તમારા ધર્મને હાંસી અને રમકડું ગણે છે તેમને તથા નાસ્તિકોને દોસ્ત બનાવો નહીં.

- (સૂ. માએદાહ આ. ૫૭)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહે તમારા માટે જે પાક વસ્તુઓ હલાલ ઠરાવી છે તેને હરામ ન ઠરાવો,..

- (સૂ. માએદાહ આ. ૮૭)

* હે ઈમાન લાવનારાઓ ! તે વસ્તુઓ વિશે સવાલ ન કરો જે કદાચને તમારી સામે જાહેર કરીને વર્ણવવામાં આવે તો તેથી તમને દુ:ખ થાય.

- (સૂ. માએદાહ આ. ૧૦૧)

* હે ઈમાન લાવનારાઓ ! જે વેળા તમે ઈમાન નહીં લાવનારાઓને ટોળાબંધ (તમારી સામે લડવા) આવતા જુઓ ત્યારે તેમને પીઠ દેખાડો નહીં.

- (સૂ. અન્ફાલ આ. ૧૫)

* હે ઈમાન લાવનારાઓ ! તમે અલ્લાહ અને તેના રસૂલનો વિશ્વાસઘાત ન કરો, અને તમારી અમાનતોને પણ જાણી જોઈને વિશ્વાસઘાત ન કરો.

- (સૂ. અન્ફાલ આ. ૨૭)

* હે ઈમાન લાવનારાઓ ! તમારા બાપદાદાઓ તથા તમારા ભાઈબંધોને અગર તેઓ ઈમાનના મુકાબલામાં કુફ્રને પસંદ કરતા હોય તો (તમારા) મિત્ર બનાવો નહીં.

- (સૂ. તૌબા આ. ૨૩)

* હે ઈમાન લાવનારાઓ ! તમે મારા શત્રુઓને તથા તમારા શત્રુઓને મિત્ર ન બનાવો.

- (સૂ. મુમ્તહેના આ. ૧)

* હે ઈમાન લાવનારાઓ ! જ્યારે તમે નશા (કેફ)ની હાલતમાં હો તો જ્યાં સૂધી તમે જે કાંઈ કહો છો તે સમજવા લાગો નહીં... ત્યાં સૂધી નમાઝની પાસે જશો નહીં.

- (સૂ. નિસા આ. ૪૩)

* હે ઈમાન લાવનારાઓ ! શયતાનના કદમ પર ન ચાલો.

- (સૂ. નૂર આ. ૨૧)

* હે ઈમાન લાવનારાઓ ! તમે તેમના જેવા ન થાઓ કે જેમણે મૂસા (અલયહિસ્સલામ)ને તકલીફ આપી હતી પછી અલ્લાહે તેઓ (લોકો)ના આરોપોમાંથી તેને નિર્દોષ ઠરાવ્યો હતો.

- (સૂ. અહઝાબ આ. ૬૯)

* હે ઈમાન લાવનારાઓ ! કોઈ કૌમ બીજી કૌમની હાંસી ઉડાડે નહીં...

- (સૂ. હોજેરાત આ. ૧૧)

* હે ઈમાન લાવનારાઓ ! જ્યારે તમે ખાનગીમાં સલાહ કરો તો ગુનાહ તથા અત્યાચાર તથા રસૂલની નાફરમાની(ના સંબંધ)માં સલાહ ન કરો. પણ નેકી તથા પરહેઝગારીના સંબંધમાં સલાહ કરો.

- (સૂ. મુજાદેલહ આ. ૯)

* હે ઈમાન લાવનારાઓ ! (ખબરદાર!) તમને અલ્લાહની યાદથી ન તમારી સંપત્તિ ગાફીલ કરવા ન પામે ન તમારી સંતતિ.

- (સૂ. મુનાફેકૂન આ. ૯૦)

* હે ઈમાન લાવનારાઓ ! શરાબ તથા જુગાર તથા સ્થાપિત કરેલી મુર્તિઓ (સામે કરવામાં આવતી કુરબાની) તથા બાણ પર લેવામાં આવતી સોરટી એ શૈતાનના નાપાક કાર્યો માહેંના (કાર્યો) છે. માટે તમે તેનાથી બચતા રહો કે કદાચને તમે સફળતા પામો.

- (સૂ. માએહદ આ. ૯૦)

હદીસો :-

(૧૩૮૦) કંજુસાઈ અને ઈમાન કદી કોઈ બંદાના દિલમાં એકઠા થઈ શકતા નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૩૮૧) જેના ભાગમાં મુર્ખાઈ અને અજ્ઞાનતા આવે તેનાથી ઈમાન છુપાઈ (દૂર થઈ) જાય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૩૮૨) મોઅમિનમાં બે વિશેષતાઓ એકઠી થઈ શકતી નથી. કંજુસાઈ અને રીઝક વિશે બદગુમાની.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૩૮૩) મોઅમિનમાં બે આદતો એકઠી થઈ શકતી નથી. કંજુસાઈ અને બદ અખ્લાકી.

(૧૩૮૪) મોઅમિન બીજી ખાસિયતોમાં ઢળી શકે છે, પણ બે ખાસિયતોમાં ક્યારેય ઢળી શકતો નથી. જુઠ અને ખયાનત.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૮૫) મોઅમિન બદલો લેનાર હોતો નથી.

(૧૩૮૬) છ બાબતો મોઅમિનમાં હોતી નથી. સખ્તાઈ, જીદ, હસદ, લઝઝતો માણવી, જૂઠ અને બંડખોરી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩૪ : ઈમાનની જરૂરીયાત

કુરઆને મજીદ :-

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી એવા ડરો જેવો કે તેનાથી ડરવાનો હક છે. અને હરગીઝ મૃત્યુ પામો નહીં પણ એવી હાલતમાં કે તમો (દીને) ઇસ્લામ પર હો.

- (સૂ. આલે ઇમરાન આ. ૧૦૨)

* હે ઈમાન લાવનારાઓ ! ધીરજ ધરો અને સહનશીલતામાં એક બીજાની હરીફાઈ કરો અને

(જેહાદ માટે) કમર કસી લો : અને અલ્લાહથી ડરતા રહો કે કદાચને તમે સફળતા પામો.

- (સુ. આલે ઇમરાન આ. ૨૦૦)

* હે ઈમાન લાવનારાઓ ! તમે હંમેશા ન્યાયને વળગી રહી અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, ..

- (સૂ. નિસા આ. ૧૩૫)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહ(ની ખૂશી) માટે ન્યાયસર સાક્ષી આપવાને તૈયાર રહો, ..

- (સૂ. માએદાહ આ. ૮)

* હે ઈમાન લાવનારાઓ ! (આપેલા) વાયદા પૂરા કરો.

- (સૂ. માએદાહ આ. ૧)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસૂલની આજ્ઞા માનો અને તેના તરફથી મોઢું ફેરવીને ચાલતા થાઓ નહીં.

- (સૂ. માએદાહ આ.૧)

* હે ઈમાન લાવનારાઓ ! જ્યારે રસૂલ તમને તે તરફ બોલાવે કે જે તમારા જીવનમાં નવીન ચેતન

લાવનાર હોય તો અલ્લાહની તથા તેના રસૂલની આજ્ઞા માની લ્યો.

- (સૂ. અન્ફાલ આ. ૨૪)

* હે ઈમાન લાવનારાઓ ! જો તમે અલ્લાહથી ડરતા રહેશો તો તે તમને એક સત્ય અસત્ય (પારખવા)નું જ્ઞાન આપશે.

- (સૂ. અન્ફાલ આ. ૨૯)

* હે ઈમાન લાવનારાઓ ! જ્યારે કોઈ ટોળા સાથે તમારો સામનો થઈ જાય મક્કમ રહ્યા કરો અને અલ્લાહને ઘણો ઘણો યાદ કર્યા કરો.

- (સૂ. અન્ફાલ આ. ૪૫)

* હે ઈમાન લાવનારાઓ ! નાસ્તિકોમાંથી કે જેઓ તમારી નજીક છે. તેમની સાથે લડો, તેઓ તમારા (તરફ)થી સખ્તાઈ અનુભવે (એ) જરૂરી છે.

- (સૂ. તૌબા. આ. ૧૨૩)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહની યાદ ઘણા મોટા પ્રમાણમાં કરતા રહો.

- (સૂ. અહઝાબ આ. ૪૧)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો અને જે કાંઈ બોલો તે વ્યાજબી જ બોલો.

- (સૂ. અહઝાબ આ. ૭૦)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો: અને દરેક વ્યક્તિએ ધ્યાન રાખવું જોઈએ કે તે કાલે (કયામત)ના માટે શું મોકલી ચુક્યો છે ?

- (સૂ. હશ્ર આ. ૧૮)

* હે ઈમાન લાવનારાઓ ! તમે અલ્લાહના મદદગાર બની જાઓ.

- (સૂ. સફ આ. ૧૪)

* હે ઈમાન લાવનારાઓ ! તમારા પોતાને અને તમારા બાલ બચ્ચાઓને તે આગથી બચાવો કે જેનું બળતણ માણસો તથા પથ્થર છે.

- (સૂ. તહરીમ આ. ૬)

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહની હજૂરમાં નિર્મળ મનથી પશ્ચાતાપ કરો.

- (સૂ. તહરીમ આ. ૮)

* હે ઈમાન લાવનારાઓ ! તમને તો તમારા પ્રાણોનું રક્ષણ કરવું લાઝીમ છે. જ્યારે તમે હિદાયત પામી ચુક્યા છો તો જે લોકો ગુમરાહ છે તેઓ તમને કાંઈ હાનિ પહોંચાડી શકશે નહીં.

- (સૂ. માએદાહ આ. ૧૦૫)

પ્રકરણ - ૩૫ : મોઅમિનને મોઅમિન ગણવાનું કારણ

(૧૩૮૭) શું હું તમને એ વાતની જાણકારી ન આપું કે મોઅમિનને મોઅમિન શા માટે કહેવામાં આવ્યો છે ? આ એ માટે છે કે લોકો તેનાથી પોતાના માલ અને જાન બાબતમાં (ડર્યા વગર) સુરક્ષિત હોય છે.

(૧૩૮૮) મોઅમિનને એ માટે મોઅમિન કહેવાય છે કે તે પોતાના ઈમાનને અમાનત રૂપે ખુદાને સોંપી દેતો હોય છે અને ખુદા એ અમાનતને કબૂલ કરી લેતો હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૮૯) મોઅમિનને મોઅમિન એ માટે કહેવાય છે કે તે ખુદાના અઝાબથી સુરક્ષિત હોય છે. પોતાના ઈમાનને કયામત સૂધી ખુદાને સોંપી દે છે અને ખુદા તેને કબૂલીયતનો દરજ્જો આપે છે.

પ્રકરણ - ૩૬ : મોઅમિનની અઝમત

(૧૩૯૦) મોઅમિનની હુરમત ખાનએ કાઅબાથી પણ વધારે છે.

નોંધ :- આ પ્રકારની ઘણી હદીસો મળે છે.

(૧૩૯૧) હઝરત પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ખાનએ કાબા તરફ ઇશારો કરીને ફરમાવ્યું: આ ઘરની કેટલી મહાનતા છે, અય ખુદાના ઘર તું કેટલું અઝીમ/મહાન છે અને ખુદાની નઝરોમાં તારી હુરમત કેટલી ઉચ્ચ છે. પરંતુ ખુદાની કસમ, મોઅમિનની હુરમત તારા

કરતા પણ વધારે અઝમત ધરાવે છે, કારણ કે ખુદાએ તારી હુરમત એક રીતે કરી છે, જ્યારે મોઅમિનની હુરમત ત્રણ રીતે છે. એટલે કે તેના માલની, તેના લોહીની અને તેના વિશે બદગુમાની કરવાની.

(૧૩૯૨) ખુદાવંદે આલમે મોઅમિનને ત્રણ ખૂબીઓ અર્પણ કરી છે, દુનિયા અને દીનમાં ઇઝઝત, આખેરતમાં સફળતા, અને દુનિયાના લોકોના દિલો ઉપર રોબ.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૩૯૩) મોઅમિન પોતાના કુટુંબીજનો સાથે જેટલો જાણીતો હોય છે તેટલો જ આસમાનમાં પણ મશહૂર હોય છે. અને અલ્લાહ તઆલાની નજરોમાં તે કોઈ માનવંતા ફરિશ્તાથી પણ વધારે ઇઝઝત ધરાવે છે

(૧૩૯૪) અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે : મને મારી ઇઝઝત અને જલાલની કસમ, મેં જે કોઈ સૃષ્ટિ પૈદા કરી છે, તેમાં મારો મોઅમિન બંદો મને જેટલો પ્રિય હોય છે, તેટલી બીજી કોઈ વસ્તુ પ્રિય નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૯૫) ખુદાએ પૈદા કરેલી સૃષ્ટિ નીચે મુજબની હસ્તીઓની હકીકત સૂધી પહોંચી શકતી નથી : ખુદા, રસૂલે ખુદા, ઈમામ અને મોઅમિન.

(૧૩૯૬) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) ખુદા તરફથી ખબર આપે છે કે ખુદાવંદે તઆલા ફરમાવે છે કે જો પૃથ્વીના પડ ઉપર પુર્વથી લઈને પશ્ચિમ સૂધી માત્ર બે માણસ સિવાય મારી કોઈ મખ્લુક ન હોત તો પણ મારા માટે એ બે માણસની ઇબાદત પૂરતી હોત, એક મોઅમિન બંદો અને બીજો ઇમામે આદિલ, જેની

સાથે તે મોઅમિન બંદો હોય અને તે બે ના કારણે સાતેય આસમાન અને જમીન સ્થિર રહી શકે છે.

(૧૩૯૭) મોઅમિનની ઇઝઝત ખુદાની નજરોમાં માનવંતા ફરિશ્તાઓથી વધારે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩૭ : તમામ મોઅમિનો એક શરીર જેવા છે

(૧૩૯૮) મોઅમિનો પરસ્પર નેકી કરવા, એક બીજા સાથે રહેમ કરવા અને મોહબ્બત ભર્યા વ્યવહારને કારણે એક શરીર સમાન છે. જ્યારે શરીરના એક અવયવને તકલીફ થાય છે ત્યારે (શરીરના) બીજા અવયવો તેની સાથે તકલીફ અનુભવે છે અને જાગૃતિ અને તાવમાં બધા અવયવો સાથે હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૩૯૯) ખુદાની કસમ, કોઈ મોઅમિન એ સમય સૂધી (સાચા અર્થમાં) મોઅમિન કહી શકતો નથી, જ્યાં સૂધી તે પોતાના (મોઅમિન ભાઈ માટે એક શરીર સમાન ન હોય, જ્યારે શરીરના કોઈ એક ભાગને ચોટ લાગે છે ત્યારે તમામ ભાગો ચીસ પાડી ઉઠે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૪૦૦) મોઅમિનો એકબીજાના લોહીની સુરક્ષા કરે છે. પોતાના ઉપરાંત બીજા લોકોના મુકાબલામાં એક તાકત હોય છે અને તેમાંનો નાનામાં નાનો વ્યક્તિ પોતાના તરફથી જવાબદારી લઈ શકે છે.

(૧૪૦૧) મોઅમિનો એકબીજાનું ભલું ઇચ્છનાર અને આપસમાં શિરોશકર (દુધ અને ખાંડના મિશ્રણ જેવું) હોય છે. ભલે તેમના ઘરો અને શરીરો એકબીજાથી દૂર હોય. જ્યારે દુરાચારીઓ એકબીજા માટે દિલમાં ખોટ ધરાવે છે. અને (જરૂરતના સમયે) એકબીજાને છોડી દે છે. ભલે તેમના ઘર અને શરીરો એકબીજાની સાથે હોય.

પ્રકરણ - ૩૮ : મોઅમિન કેવો હોય છે ?

કુરઆને મજીદ :-

* મોઅમિન માત્ર તેઓ જ છે કે જ્યારે અલ્લાહનું નામ લેવામાં આવે છે ત્યારે તેમના હૃદય (તેના પ્રભાવ અને જલાલથી) કંપી ઉઠે છે. અને જ્યારે તેની આયતો તેની સામે પડવામાં આવે છે ત્યારે તેમના ઈમાનને વધારી મુકે છે અને તેઓ કેવળ પોતાના પરવરદિગાર ઉપર જ ભરોસો રાખે છે.

જેઓ (નિયમિત) નમાઝ પડતા રહે છે અને તેમને જે કાંઈ અમોએ આપ્યું છે તેમાંથી (અમારા માર્ગમાં) ખરચતા રહે છે.

વાસ્તવમાં તેઓ જ મોઅમિનો છે; તેમના માટે તેમના પરવરદિગાર પાસે દરજ્જા તથા ક્ષમા છે અને માનવંત રોજી પણ.

- (સૂ. અન્ફાલ આ. ૧ થી ૪)

હદીસો :-

(૧૪૦૨) મોઅમિનની ખૂશી તેના ચહેરા ઉપર અને ગમ તેના દિલમાં હોય છે, તેની છાતી વિશાળ હોય

છે, તે પોતાના નફસને હલકો ગણે છે, તે અભિમાન અને ગર્વને પસંદ કરતો નથી. પોતાના પ્રચારને દુર્ગુણ સમજે છે. તેનો ગમ લાંબો હોય છે. તેના ઇરાદા ઉચ્ચ હોય છે. મોટા ભાગે તે મૌન રહે છે. તે હંમેશા કામમાં વ્યસ્ત હોય છે, તે હંમેશા શુક્ર અને સબ્ર કરનારો હોય છે. તે ચિંતન અને મનનમાં ડુબેલો રહે છે. દોસ્તીનું રક્ષણ કરે છે. નરમ સ્વભાવનો હોય છે, તેના અખ્લાક સારા હોય છે, તે મહેનતું હોય છે, અને ગુલામોથી પણ વધારે ફરમાબરદાર હોય છે.

(૧૪૦૩) મોઅમિન મૂસીબતોના સમયે પ્રતિષ્ઠા જાળવનારો હોય છે. સખ્તીઓના સમયે અડગ રહે છે બલાઓના સમયે સબ્ર કરે છે. નેઅમતો મળે ત્યારે શુક્ર કરે છે. ખુદાએ આપેલી રોઝી પર સંતોષ રાખે છે. દુશ્મનો પર ઝુલ્મ નથી કરતો અને દોસ્તો માટે બોજારૂપ નથી બનતો. તેનો પોતાનો જીવ જોખમમાં હોય છે, છતાં લોકોને તેના તરફથી શાંતિ રહે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૦૪) મોઅમિન તો માત્ર એ હોય છે કે જ્યારે તે કોઈનાથી રાજી થાય છે, તો તેનો એ રાજીપો તેને

ગુનાહો કરવા કે બાતિલ કાર્યો કરવા માટે પ્રેરણા આપતો નથી, અને જ્યારે કોઈથી નારાજ થાય છે ત્યારે તેની એ નારાજી તેને હક વાત કહેવાથી રોકતી નથી. મોઅમિન એ હોય છે કે તેને જ્યારે સત્તા મળે છે ત્યારે તે સત્તા તેને ઝુલ્મ અને અન્યાય કરવા તરફ લઈ જતી નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૪૦૫) મોઅમિન લોકોનો મદદગાર હોય છે. તેનો ખર્ચ ઓછો હોય છે. તે પોતાના જીવન નિર્વાહ માટે સારી વ્યવસ્થા કરે છે, અને તેને એક બીલ (સુરાખ-દર)થી બે વખત કરડતું નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૪૦૬) મોઅમિન બધા સંજોગોમાં રાજી રહે છે. જ્યારે તેના પડખામાંથી રૂહ ખેંચવામાં આવી રહી હોય છે ત્યારે પણ તે ખુદાની હમ્દ બજાવતો રહે છે.

(૧૪૦૭) મોઅમિન બેહદ મહેરબાન અને દયાળુ હોય છે.

(૧૪૦૮) એક મોઅમિન બીજા મોઅમિનનો ભાઈ હોય છે, અને કોઈ પણ સંજોગોમાં તેની ભલાઈ ઇચ્છવાથી દૂર રહેતો નથી.

(૧૪૦૯) મોઅમિનને દુનિયાની મૂસીબતો માટે ધિક્કારી શકાતો નથી બલ્કે કાફરને ધિક્કારી શકાય છે.

(૧૪૧૦) મોઅમિન અતિશય પ્રમાણમાં નરમ સ્વભાવનો અને નરમ ટેવવાળો હોય છે. એટલે સૂધી કે લોકો તેને બેવકુફ સમજે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૪૧૧) મોઅમિન (ખૂબજ સ્વમાની) અને શરીફ હોય છે, લોકોને તેના ઉપર ભરોસો હોય છે. તે

મધ્યમ માર્ગ ધારણ કરનારો હોય છે. અને રંજો ગમમાં ફસાયેલો રહે છે.

(૧૪૧૨) મોઅમિનને તેના નફસ ઉપર કાબૂ હોય છે અને તે પોતાની ઇચ્છાઓ અને લાગણીઓ ઉપર કાબૂ ધરાવતો હોય છે.

(૧૪૧૩) જ્યારે મોઅમિન ઉપર મૂસીબત આવે છે ત્યારે (તેને સ્વિકારીને અણગમતી બાબતોથી) અટકી જાય છે. જ્યારે તેને (ગુનાહોથી) ડરાવવામાં આવે છે ત્યારે ડરી જાય છે. જ્યારે (તેને બીજાઓથી) બોધપાઠ આપવામાં આવે છે ત્યારે બોધપાઠ મેળવે છે. જ્યારે તેને (ખુદાની) યાદ

દેવરાવવામાં આવે ત્યારે તે વ્યસ્ત બની જાય છે અને જ્યારે તેના ઉપર ઝુલ્મ કરવામાં આવે છે ત્યારે તેને માફ કરી દે છે.

(૧૪૧૪) પરહેઝગારી મોઅમિનની ટેવ હોય છે. તેનો હેતુ ઈમાનદારી (સત્યનિષ્ઠા) હોય છે. તેની ઇઝઝત તેના સંતોષમાં હોય છે. તેના બધા જ પ્રયત્નો આખેરત માટે હોય છે. તેની નેકીઓ વધારે હોય છે. તેના દરજ્જા ઉંચા હોય છે. તે પોતાની સફળતા અને નજાતની ધૂનમાં રહેતો હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૧૫) મોઅમિન (નકામી વાતોથી) બચી શકાય તે માટે મૌન રહે છે. અને બીજાના ફાયદા માટે જ બોલતો હોય છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૪૧૬) મોઅમિનની શક્તિ દીનમાં હોય છે. (દીની બાબતોમાં તે શક્તિશાળી હોય છે) નરમીમાં વચલો માર્ગ ધારણ કરે છે. તેના ઈમાનમાં યકીન હોય છે, તેની લાલચ ફીકહમાં હોય છે. તે હિદાયતથી ખૂશ થતો હોય છે... અને નમાઝમાં મશગૂલ અને વ્યસ્ત રહેતો હોય છે.

(૧૪૧૭) મોઅમિન સહનશીલ હોય છે, પરંતુ જાહિલ હોતો નથી. જો તેની સાથે જાહેલીયત ભર્યો વ્યવહાર કરવામાં આવે તો તે સહનશીલતાથી કામ લે છે. તે કોઈના ઉપર ઝુલ્મ કરતો નથી. જો તેની ઉપર ઝુલ્મ કરવામાં આવે તો તે માફ કરી દે છે. મોઅમિન કંજૂસ નથી હોતો. જો તેની સાથે કંજુસાઈથી કામ કરવામાં આવે તો તે સબ્રથી કામ લે છે.

(૧૪૧૮) મોઅમિનનો વ્યવસાય પાકીઝા હોય છે, તેના અખ્લાક સારા હોય છે, તેનું બાતિન (અંત:કરણ) સાફ હોય છે, તે પોતાની માલિકીના

માલમાંથી ખર્ચ કરે છે અને પોતાની પાસેથી વાતોને રોકી રાખે છે.

(૧૪૧૯) મોઅમિન દીની દ્રષ્ટિકોણથી માનવંત હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૨૦) મોઅમિનનું ઇલ્મ તેના હિલ્મની સાથે જોડાયેલું હોય છે, તે કોઈપણ જગ્યાએ ઇલ્મ મેળવવાના હેતુસર જ બેસે છે. સહી સલામત રહેવાના હેતુથી ચુપ રહે છે. અને સમજવાના ઇરાદાથી વાત કરે છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૪૨૧) ખુદાની કસમ, મોઅમિન ખુબ જ સ્વમાની હોય છે.

(૧૪૨૨) મોઅમિન સ્વમાની અને દયાળુ હોય છે, જ્યારે દુરાચારી દગાબાજ અને હલકો હોય છે.

- હઝરત રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે આલેહી વસલ્લમ

(૧૪૨૩) મોઅમિન હંમેશા (ખુદાના) ઝીક્રમાં મશગૂલ રહેતો હોય છે. બહુજ વિચારે છે. નેઅમતો

મળે ત્યારે શુક્ર કરનાર હોય છે, અને બલાઓમાં સબ્ર કરનાર હોય છે.

(૧૪૨૪) મોઅમિન સંદેહ અને શંકાઓથી પોતાના દિલને પાક રાખે છે.

(૧૪૨૫) મોઅમિન હંમેશા જાગૃત હોય છે, તે બે નેકીઓમાંથી એક (બજાવી લાવવા) માટે આતુર હોય છે.

(૧૪૨૬) મોઅમિન તવંગરીમાં પાક દામન અને દુનિયાથી દૂર રહેનારો હોય છે.

(૧૪૨૭) મોઅમિન ખૂશીઓમાં શુક્ર કરનાર, બલાઓમાં ધીરજવાન અને સારી હાલતમાં ખુદાથી ડરનારો હોય છે.

(૧૪૨૮) મોઅમિન પાસે માંગવામાં આવે છે ત્યારે તે પાલવ ભરી દે છે. (ભરપૂર આપે છે.) અને પોતે સવાલ કરે છે ત્યારે તંગ કરતો નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૨૯) મોઅમિનના સાથમાં હંમેશા ફાયદો થતો હોય છે. જો તમે તેની સાથે ચાલો તો તમને ફાયદો પહોંચાડે અને જો તેની સાથે ભાગીદારી કરો તો

પણ તમને ફાયદો પહોંચાડે છે. તેની દરેક વાતોમાં ફાયદો જ ફાયદો હોય છે.

(૧૪૩૦) મોઅમિન એ હોય છે જેને લોકો પોતાના લોહી (જીવ) અને માલ મિલ્કત માટે સુરક્ષિત સમજે.

સંપાદકની નોંધ :- આ પ્રકારની અન્ય પણ ઘણી હદીસો છે.

(૧૪૩૧) મોઅમિન એ હોય છે કે તેનો પોતાનો નફસ તંગીમાં હોવા છતાં બીજા લોકો તેનાથી રાહતમાં રહેતા હોય છે.

(૧૪૩૨) મોઅમિન પોતાના કુટુંબીજનોની ઇચ્છા મુજબ ખાતો હોય છે. જ્યારે મુનાફીક પોતાની ઇચ્છાઓની અસર નીચે તેના કુટુંબોજનોને ખાઈ જતો હોય છે.

(૧૪૩૩) મોઅમિન પોતે સલામ કરવાની શરૂઆત કરે છે (પહેલા સલામ કરતો હોય છે.) અને મુનાફીક કહે છે કે (લોકોએ) તેને પહેલા સલામ કરવી જોઈએ.

(૧૪૩૪) મોઅમિન દુનિયામાં અજાણ્યા માણસની જેમ રહે છે. પોતાની ઇજ્જતની હાલતમાં કોઈનાથી

પ્રભાવિત થતો નથી અને પોતાની ઝીલ્લતની હાલતમાં પણ કોઈનાથી ગભરાતો નથી.

(૧૪૩૫) કુરઆને મજીદે મોઅમિનને તેની વધારે પડતી ખ્વાહિશો પૂરી કરવાથી રોક્યો છે.

(૧૪૩૬) મોઅમિન એક આંતરડામાં ખાય છે જ્યારે કાફિર સાત આંતરડામાં ખાય છે.

(૧૪૩૭) (એક) મોઅમિન બીજા મોઅમિન માટે અરીસા સમાન હોય છે.

(૧૪૩૮) જ્યારે તેનાથી દૂર હોય છે ત્યારે તેની ભલાઈ ઇચ્છે છે. જ્યારે તેની પાસે હોય છે ત્યારે

તેનાથી અણગમતી વાતોને દૂર કરે છે. અને તેના માટે બેસવાની (વધારે) જગા કરી આપે છે.

(૧૪૩૯) એક મોઅમિન બીજા મોઅમિન માટે એક બુનિયાદ સમાન હોય છે જેનાથી એક બીજાને તાકત મળતી હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૪૪૦) મોઅમિન એ હોય છે જે પોતાના દીનને પોતાની દુનિયા થકી બચાવે છે અને દુરાચારી એ

હોય છે જે પોતાની દુનિયાને પોતાના દીન થકી બચાવે છે.

(૧૪૪૧) મોઅમિન બીજાઓ સાથે મોહબ્બત ધરાવતો હોય છે. અને બીજા લોકો તેના પ્રત્યેની લાગણી ધરાવતા હોય છે. જે માણસમાં આ સીફત ન હોય તેનામાં કોઈ ભલાઈ નથી. શ્રેષ્ઠ ઇન્સાન એ હોય છે કે જે બીજાઓને વધુમાં વધુ ફાયદો પહોંચાડે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૪૪૨) મોઅમિન ઉપર તેની શર્મગાહ કાબૂ મેળવતી નથી. (તે નફસાની ખ્વાહિશોને તાબે થતો નથી.) અને તેને પેટ હલ્કા કામ કરવા માટે પ્રેરતું નથી. (તે પેટ ભરવા માટે) હલકા રસ્તા અપનાવતો નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૪૩) મોઅમિનને જેની સાથે દુશ્મની હોય છે તેની ઉપર ઝુલ્મ કરતો નથી અને જેની સાથે મોહબ્બત હોય છે તેના માટે ગુનાહ કરતો નથી અને જો તેની સાથે અન્યાય ભર્યો વ્યવહાર કરવામાં આવે તો સબ્રથી કામ લે છે એટલે સૂધી કે

ખુદાવંદે તઆલા તેની (અત્યાચાર કરનારની) પાસેથી બદલો લે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૪૪) મોઅમિન લોકો પ્રત્યે પ્રેમ ધરાવતો હોય છે અને લોકો તેના પ્રત્યે લાગણી ધરાવતા હોય છે.

(૧૪૪૫) મોઅમિન સમજદાર, અકલમંદ અને હોશિયાર હોય છે.

(૧૪૪૬) મોઅમિન ઓછો ખર્ચ કરનાર હોય છે.

(૧૪૪૭) મોઅમિન એ હોય છે જેને લોકો પોતાના જાન અને માલ માટે અમાનતદાર બનાવતા હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૪૪૮) મોઅમિન એ હોય છે જેના માટે આખેરત સુશોભીત હોય છે, અને તે આખેરત તરફ નજર માંડતો હોય છે. જેનાથી તેને શાંતિ મળે. આખેરતની ઇચ્છા, તેની અને જીંદગીની લજ્જતો વચ્ચે પડદા સમાન હોય છે, અને તે તેના તરફ રાત્રિના અંતિમ ભાગમાં ચાલી નિકળે છે. (વહેલી

સવારમાં ખુદાની ઇબાદતમાં વ્યસ્ત થઈ જતો હોય છે.) જે રીતે દૂર સૂધી જનારો મુસાફર ઘોડા પર સવાર થઈને પોતાની નિશ્ચિત મંઝિલ તરફ રવાના થઈ જતો હોય છે જેનાથી તેના દિવસની શરૂઆત દુ:ખોથી અને રાત્રિની શરૂઆત રંજોગમથી થાય છે.

- હઝરત મૂસા (અલયહિસ્સલામ)ને ખુદા તરફથી

કરવામાં આવેલી નસીહતોમાંથી.

પ્રકરણ - ૩૯ : મોઅમિન કોણ છે ?

(૧૪૪૯) અકલ મોઅમિનની મિત્ર, ઇલ્મ તેનું વઝીર, સબ્ર તેના લશ્કરનો સરદાર અને અમલ તેનો આગેવાન હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૫૦) તમે મોઅમિનને જોશો કે જે વસ્તુ મેળવવાની શક્તિ હોય છે તેના માટે કોશિશમાં વ્યસ્ત રહેતો હોય છે અને જે વસ્તુ મેળવવાની તેનામાં તાકત હોતી નથી તેના માટે આશા રાખતો નથી.

(૧૪૫૧) જેને નેકીઓ ખૂશ કરે અને બુરાઈઓ ગમગીન કરે તે મોઅમિન હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૪૫૨) ખુદાવંદે આલમે મોઅમિનને ત્રણ ખૂબીઓ આપી છે, દુનિયા અને દીનમાં ઇઝઝત, આખેરતમાં સફળતા અને કામયાબી અને દુનિયામાં લોકો ઉપર રોબ અને દબદબો.

- હઝરત ઈમામ મોહમ્મદ (અલયહિસ્સલામ)

(૧૪૫૩) મોઅમિનના ગુણો :- તેના કાર્યો સુંદર અને તેનો અનુભવ મીઠો હોય છે... તે ઉચ્ચ કક્ષાના કાર્યોનો તલબગાર હોય છે. શ્રેષ્ઠ અખ્લાકનો માલિક હોય છે. તે ક્યારેય ગુનાહ કરતો નથી... તેનો બોજ ઓછો હોય છે. તે બીજાઓને વધુમાં વધુ મદદરૂપ થતો હોય છે. પોતાના અમલને પોતે નિહાળી રહયો હોય તે રીતે સુંદર બનાવે છે. પોતાની નજરોને નીચી રાખે છે. તેના હાથ સખાવત કરનારા હોય છે. તેની પાસેથી કોઈ માંગનાર ખાલી હાથે પાછો ફરતો નથી. પોતાની વાતોને માપી તોળીને કરે છે. અને પોતાની જીભને બંધ રાખે છે, પોતાના મિત્રની ખોટી વાતોને કબૂલ

કરતો નથી. અને પોતાના દુશ્મનોની હક વાતને ઠુકરાવતો નથી. પોતાની જાણકારી માટે ઇલ્મ મેળવે છે. અને અમલ કરવા માટે માલૂમાત.. મેળવે.. છે. જો તે દુનિયાવાળાઓ સાથે ચાલે છે તો તે બધા સાથે વધારે સમજદાર હોય છે. અને આખેરત વાળાઓ સાથે ચાલે છે તો તે બધાથી વધારે પરહેઝગાર હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૪૫૪) કોઈ માણસ એ સમય સૂધી મોઅમિન બની શકતો નથી જ્યાં સૂધી તેનામાં ત્રણ

ખાસીયતો જોવા મળતી ન હોય. અલ્લાહનો કાનૂન, રસૂલના ફરમાન અને વલીએ ખુદાની પૈરવી.

અલ્લાહની સુન્નતનો અર્થ એ છે કે રહસ્યોને છુપાવવા, પયગમ્બરની સુન્નતનો અર્થ લોકો સાથે સારો વર્તાવ કરવો અને વલીએ ખુદાની સુન્નતનો અર્થ મુશ્કેલીઓમાં સબ્રથી કામ લેવું.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૪૫૫) ખુદાવંદે અઝઝ વ જલ્લે મોઅમિનની પાકીઝગી અને ઈમાનને તેનું પ્રતિબિંબ ગણાવેલ

છે. જેના થકી તે ક્યારેક મોઅમિનની ખૂબીઓ તરફ જુવે છે. અને ક્યારેક ઝાલિમ પ્રકારના લોકોની તરફ નજર કરે છે. એ રીતે તેની કૈફીયત નાજૂક હોય છે. અને તેના દિલમાં મઅરેફતની તડપ હોય છે. તે પોતાની બુધ્ધિમત્તાના કારણે યકીનની હાલતમાં હોય છે. ...(?) *હદીસ અધૂરી છે.*

(૧૪૫૬) અય ખુદાના બંદાઓ, તમારે જાણવું જોઈએ કે મોઅમિન સવાર અને સાંજ એ હાલતમાં ફરે છે કે જેનું નફસ તેની નજરોમાં ઝન.. અને ગુમાનમાં વ્યસ્ત રહેતો હોય છે, તે હંમેશા પોતાના

નફસને ઠપકો આપતો હોય છે અને નેક કાર્યોના સંબંધમાં કોશિશ કરતો રહેતો હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪૦ મોઅમિન ખડક કરતાયે વધારે મજબૂત હોય છે

મોઅમિન ખડક કરતાયે વધારે મજબૂત હોય છે

(૧૪૫૭) મોઅમિન પહાડથી પણ વધારે મજબૂત હોય છે, કેમકે પહાડને કાપી શકાય છે, પરંતુ મોઅમિનના દીનને કાપી શકાતો નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૪૫૮) મોઅમિન પોલાદના ટુકડા કરતા પણ વધારે મજબૂત હોય છે, કેમકે જ્યારે પોલાદના ટુકડાને આગમાં નાખવામાં આવે છે ત્યારે તેનો

રંગ બદલાઈ જાય છે, પરંતુ જો મોઅમિનને કત્લ કરી નાખવામાં આવે અને ફરીથી જીવતો કરવામાં આવે અને ફરીથી કત્લ કરવામાં આવે તો પણ તેના દિલમાં (ઈમાનના સંબંધમાં) કોઈ પ્રકારનો ફેરફાર થતો નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૫૯) મોઅમિન પહાડથી પણ વધારે મજબુત હોય છે, પહાડને તો કોદાળીથી તોડી શકાય છે પણ મોઅમિનને કોઈ સંજોગોમાં તોડી શકાતો નથી.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪૧ મોઅમિન સામે તમામ બાબતો હલ્કી હોય છે

મોઅમિન સામે તમામ બાબતો હલ્કી હોય છે

(૧૪૬૦) મોઅમિનની સામે દરેક વસ્તુ લાચાર અને ડર અનુભવતી હોય છે, પછી ફરમાવ્યું : જ્યારે તે ખુદા(ની ખૂશી) માટે મુખ્લીસ હોય છે ત્યારે ખુદા દરેક વસ્તુને તેનાથી ડરાવે છે એટલે સૂધી કે જમીનની વનસ્પતિઓ, હિસંક પ્રાણીઓ, આસમાનનના પક્ષીઓ અને સમુદ્રની માછલીઓ પણ.

(૧૩૬૧) મોઅમિનની સામે દરેક વસ્તુઓ લાચાર હોય છે કારણ કે તે ખુદાના દીનનો પાબંદ હોય છે અને તે કોઈ વસ્તુથી ડરતો નથી. આ બાબત જ મોઅમિનની નિશાની છે.

(૧૩૬૨) મોઅમિન એ હોય છે કે જેનાથી દરેક વસ્તુ ડરે છે. એટલે સૂધી તે જમીનની વનસ્પતિ અને આસમાનના પક્ષીઓ પણ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪૨ :મોઅમિન દરેક કસોટીમાંથી સફળતાપુર્વક પસાર થાય છે

કુરઆને મજીદ :-

* જો કે અમારા બંદાઓમાંથી ઉપકાર માનનારા થોડા ઘણા છે.

- (સૂ. સબા, આ. ૧૩)

* અને (સાચા ઈમાનદાર અને નેક) બહુ જ ઓછાં છે.

- (સૂ. સાદ આ. ૨૪)

* અને તેની (નૂહની) સાથે ઘણા જ થોડા ઈમાન લાવ્યા હતા.

- (સૂ. હુદ આ. ૪૦).

* પરંતુ તેઓ માંહેના ઘણા ખરા સમજતા નથી.

- (સૂ. અન્કબૂત આ. ૧૩)

નોંધ :- કુરઆને મજીદમાં આ વિષયની ૬૦ થી પણ વધુ આયતો છે.

હદીસ :-

(૧૪૬૩) મોઅમિન સ્ત્રી, મોઅમિન પુરૂષ કરતા વધારે માનવંત છે અને મોઅમિન પુરૂષ શુધ્ધા લાલ સોના કરતા પણ વધારે કિંમતી છે. શું તમારામાંથી કોઈએ શુધ્ધ લાલ સોનું જોયું છે ?

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૬૪) દરેક વ્યક્તિ જે અમારી વિલાયતનો દાવો કરતી હોય છે તે મોઅમિન હોતી નથી. અમારી વિલાયતના દાવેદાર એ મોઅમિન હોય છે જે બીજા મોઅમિન સાથે મોહબ્બત રાખતા હોય.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૧૪૬૫) અય લોકો ! હિદાયત કરનારા લોકોની અછતના કારણે હિદાયતના માર્ગ ઉપર (ચાલવાથી) ગભરાવ નહીં. કેમકે લોકો એવા દસ્તરખાનો ઉપર તુટી પડે છે જેમાં પેટ ભરવાનું ઓછું હોય અને ભૂખ વધારે હોય છે.

(૧૪૬૬) ... ખુદાની જમીન ક્યારેય પણ એવા આલિમથી ખાલી નથી રહી જેના ઇલ્મની દુનિયાને જરૂરત હોય છે. અને ન તો નજાત માટેની ઇચ્છા ધરાવનાર, એવા પ્રવાસી - તાલિબે ઇલ્મથી ખાલી રહી છે. પરંતુ એવા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી રહી છે. ખુદાવંદે આલમે એવા સંજોગોને

નબીઓની ઉમ્મતોમાં વર્ણન કર્યુ છે અને તેમના પછી આવનારા વંશ માટે નમુના રૂપ ગણાવ્યું છે. જેમકે ફરમાવ્યું : નૂહ ઉપર બહુ જ ઓછાં લોકો ઈમાન લાવ્યા હતા.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪૩ : મોઅમિનની નિશાનીઓ

(૧૪૬૭) મોઅમિનની પાંચ નિશાનીઓ હોય છે... એકાંતમાં હોય ત્યારે પરહેઝગાર હોય છે, નાદાર હોય ત્યારે સદકો આપે છે, મૂસીબતમાં હોય ત્યારે સબ્ર કરે છે, ગુસ્સે થાય ત્યારે સહનશીલતાથી કામ લે છે અને ભયમાં હોય છે ત્યારે સાચું બોલે છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૪૬૮) ઈમાનની નિશાની એ છે કે જ્યારે જુઠ તમને ફાયદો પહોંચાડે અને સત્ય તમને નુક્સાન

પહોંચાડી રહ્યું હોય ત્યારે તમે સત્યને જૂઠ ઉપર અગ્રતા આપો, વાત કરતી વખતે તમારા ઇલ્મ કરતા વધારીને ન બોલો, અને જ્યારે કોઈ બીજા માણસ તરફથી વાત ન કરો ત્યારે ખુદાના તકવાને ધ્યાનમાં રાખો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૬૯) ત્રણ બાબતો મોઅમિનની નિશાનીઓમાંથી છે: (૧) ખુદા વિશેનું ઇલ્મ, (૨) પોતાને પસંદ હોય તેવા માણસ વિશેનું ઇલ્મ (3) અણગમતા માણસ વિશેનું ઇલ્મ

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૪૭૦) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે કોઈ માણસ વિશે તે મોઅમિન છે કે નહીં તે કેવી રીતે જાણી શકાય છે? આપે ફરમાવ્યું તેને ખૂશી અથવા ગમ થાય (સુખમાં કે દુ:ખમાં હોય) ત્યારે તેના ઇલાહી નિર્ણય સામે માથું જુકાવી દેવા અને અલ્લાહની રઝા ઉપર રાજી રહેવાથી.

પ્રકરણ - ૪૪ : મોઅમિન કોણ છે ?

(૧૪૭૧) મોઅમિન એ છે કે જેનો નફ્સ પાકીઝા હોય છે. જેની ઇચ્છાઓ ઓછી હોય છે. તેની પાસેથી લોકોને ભલાઈની આશા હોય છે અને જેના નુકસાનથી લોકો સુરક્ષિત હોય છે.

(૧૪૭૨) મોઅમિનો હંમેશા પોતાની જાતને ઠપકો આપતા રહેતા હોય છે, પોતાની ભૂલો માટે ભયભીત રહેતા હોય છે, દુનિયાથી અલગ રહેતા હોય છે. આખેરતની અભીલાષા રાખતા હોય છે અને ઇતાઅત કરવામાં (ખુદાના હુકમનું પાલન કરવામાં) જલ્દી કરતા હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૭૩) મોઅમિનો નરમ અને કોમળ સ્વભાવના હોય છે.

- હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)

પ્રકરણ - ૪૫ : શ્રેષ્ઠ મોઅમિન

(૧૪૭૪) શ્રેષ્ઠ મોઅમિન એ હોય છે જે જાન, કુટુંબ અને માલની દ્રષ્ટિએ બધા મોઅમિનો કરતા (ભલાઈ માટે) અગ્ર હોય.

(૧૪૭૫) ઈમાનની દ્રષ્ટિએ બધા મોઅમિનોમાં સૌથી શ્રેષ્ઠ મોઅમિન એ હોય છે જેની લેણદેણ અને ખૂશી તથા નારાજગી બધું અલ્લાહ માટે હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૭૬) શ્રેષ્ઠ મોઅમિન એ હોય છે જેના અખ્લાક સારા હોય.

(૧૪૭૭) ઈમાનની દ્રષ્ટિએ સૌથી શ્રેષ્ઠ મોઅમિન એ હોય છે કે જ્યારે તેની પાસે (કંઈ માગવા માટે) સવાલ કરવામાં આવે ત્યારે તે આપે છે, જ્યારે તેને કંઈ ન મળે ત્યારે બેપરવાહ રહે છે. (લાલચ રાખતો નથી.)

(૧૪૭૮) શ્રેષ્ઠ મોઅમિન એ છે જેની ખરીદી અને વેચાણ, ફેંસલા અને લેણી રકમની માંગણી સખાવતની સાથે હોય.

(૧૪૭૯) શ્રેષ્ઠ મોઅમિનો એ હોય છે કે જેનું દિલ (ઇર્ષા અને દ્વેષ) જેવી ખરાબીઓથી પાક અને સાફ તેમજ જેની જીભ સાચી હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪૬ : મને જોનારા લોકોના ઈમાન વિશે આશ્ચર્ય પામવા જેવું નથી.

(૧૪૮૦) જે ઈમાન લાવ્યો, તેનું ઈમાન આશ્ચર્ય પમાડે તેવું નથી, પરંતુ સૌથી વધારે આશ્ચર્ય પમાડે તેવું ઈમાન તેવા લોકોનું છે કે જેઓ (લખેલા) કાળા અક્ષરોને જોઈને તે ઉપર પહેલેથી છેલ્લે સુધી ઈમાન લાવ્યા.

(૧૪૮૧) 'હું મારા ભાઈઓ સાથે ક્યારે મુલાકાત કરીશ ?'

(સહાબીઓએ) પુછ્યું : શું અમે આપના ભાઈઓ નથી ? આપે ફરમાવ્યું : (ના) બલ્કે તમે મારા સહાબીઓ છો અને મારા ભાઈઓ એ લોકો છે જેઓ મને જોયા વગર મારી ઉપર ઈમાન લાવશે. મને તેઓ સાથે મુલાકાત કરવાનો બહુજ શોખ છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૪૮૨) હઝરત રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ પુછ્યું : તમારા લોકોની દ્રષ્ટિએ ઈમાનની હૈસિયતથી કઈ મખ્લૂક સૌથી વધારે આશ્ચર્ય પમાડનાર છે ?

સહાબીઓએ કહ્યું : ‘ફરિશ્તા !’ આપે ફરમાવ્યું : તેમનામાં શું (કમાલ) છે ? કેમકે તેઓતો પોતાના રબની પાસે જ રહે છે. સહાબીઓએ કહ્યું : તો પછી નબીઓ છે. આપે ફરમાવ્યું : તેમના ઉપર વહી નાઝીલ થતી હતી ? તો પછી તેઓ ઈમાન ન લાવે તેવું કેમ બને. સહાબીએ કહ્યું : તો પછી અમે છીએ. આપે ફરમાવ્યું : તમારી વચ્ચે હું મૌજૂદ છું, તો પછી તમે ઈમાન ન લાવો એવું કેમ ન બને. પછી આપે ફરમાવ્યું : યાદ રાખો, ઈમાન લાવવાની દ્રષ્ટિએ તમામ મખ્લુકાતમાં આશ્ચર્ય પમાડનાર એ લોકો છે જેઓ તમારા પછી આવશે અને કિતાબો વાંચીને (મારા ઉપર) ઈમાન લાવશે.

વિભાગ - ૨૪ : અમાનત

પ્રકરણ - ૧ : અમાનત

કુરઆને મજીદ :-

* અને તેઓ (પણ સફળ થઈ ગયા કે) જેઓ પોતાની અમાનતોનું તથા વચન - વાયદાનું પાલન કરે છે.

- (સૂ. મોઅમેનૂન, આ. ૮)

હદીસો :-

(૧૪૮૩) શ્રેષ્ઠ ઈમાન અમાનત છે, સૌથી મોટી બદઅખ્લાકી ખયાનત (અમાનત ઓળવી જવી) છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૮૪) ત્રણ વિશેષતાઓ એવી છે કે જેમાં ખુદાવંદે આલમે કોઈ છુટ આપી નથી.

(૧) સારા અને ખરાબ લોકોને તેમની અમાનત પાછી આપવી.

(૨) સારા અને ખરાબ લોકો સાથે કરવામાં આવેલ વાયદાઓને પાળવા.

(૩) સારા અને ખરાબ મા-બાપ સાથે નેકી કરવી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૪૮૫) (લોકોને) વધારે નમાઝો, વધારે રોઝાઓ, વધારે હજ તથા નેકીઓ તથા રાતની વધારે ઇબાદતથી ન જુઓ પણ તેમની વાતમાં સચ્ચાઈ અને અમાનતદારીને જુઓ.

(૧૪૮૬) અમાનત અદા કરવી એ તવંગરી છે.

(૧૪૮૭) ... જુઓ કે હઝરત અલી (અલયહિસ્સલામ)એ સરકારે રિસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી

શું મેળવ્યું ? તેથી તમે પણ તેમ કરવા માટે પ્રયત્ન કરો. હઝરત અલી (અલયહિસ્સલામ)એ આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી તેમની વાતોમાં સચ્ચાઈ અને અમાનત અદા કરી દેવા(નો બોધ) મેળવ્યો છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : અમાનત અદા કરી દેવી વાજિબ છે

(૧૪૮૮) હઝરત અલી (અલયહિસ્સલામ) ઉપર તલવારનો ઘા કરનાર અને તેઓનો કાતિલ પણ મને અમાનત આપે અને મને નસીહત કરવાનું કહે તેમજ મારી સલાહ માંગે અને હું તેને કબૂલ કરૂં, તો બેશક તેને તેની અમાનત પાછી આપી દઈશ.

(૧૪૮૯) ખુદાથી ડરો તમારી ઉપર લોકોની એ અમાનત અદા કરવી વાજિબ છે. જે તમને અમીન સમજીને તમને અમાનત રૂપે સોંપે. જો અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)નો કાતિલ મને અમાનત દે તો હું તેની અમાનત પરત કરી દઈશ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૯૦) અમાનતોને પાછી આપી દો, ભલે પછી તે નબીઓના સંતાનોના કાતિલ પણ કેમ ન હોય ?

(૧૪૯૧) અમાનત અદા કરો, ભલે પછી તે હુસૈન ઇબ્ને અલી (અલયહિસ્સલામ)ના કાતિલની પણ કેમ ન હોય ?

(૧૪૯૨) જે તમને અમાનત સોંપે, તેની સાથે ખયાનત ન કરો, ભલે પછી તે તમારી સાથે ખયાનત કરે.

(૧૪૯૩) હું કસમ ખાઈને કહું છું કે મેં હઝરત પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી તેમની વફાતના થોડા સમય પહેલા સાંભળ્યું અને તેઓએ મને ત્રણ વખત કહ્યું : અય અબૂલ હસન, તમામ સારા અને ખરાબ લોકોની અમાનતોને પાછી આપી દયો, ભલે તે ઓછી હોય કે વધારે, તે દોરો હોય કે કપડું.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૪૯૪) ખુદાવંદે આલમે જે કોઈ નબીને મોકલ્યા તેમની સાચી વાત કહેવા અને સારા અને ખરાબ

લોકોની અમાનત પાછી આપવાના (હુકમની) સાથે મોકલ્યા છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૪૯૫) સૂ. આલે ઇમરાનની આ. ૭૫..... એહલે કિતાબમાંથી કેટલાક લોકો એવા પણ છે કે જો તમે રૂપિયા પૈસાના ઢગલાઓ તેઓની પાસે રાખી દયો તો પણ તેને (જ્યારે પણ ઇચ્છો ત્યારે એજ સ્વરૂપમાં) આપના હવાલે કરી દેશે અને કેટલાક એવા છે કે એક અશરફી (સિક્કો) પણ અમાનત તરીકે મુકો, તો જ્યાં સૂધી આપ સતત તેના (માથા ઉપર) ઊભા નહીં રહો, ત્યાં સૂધી આપને પરત નહીં

કરે. - (ગૈર વ્યવહાર એ કારણથી છે કે તેમનો આ કૌલ છે કે (અરબના) જાહિલો(નો હક મારી ખાવો) વિશે અમારા ઉપર કોઈ આક્ષેપ નથી.

જ્યારે હઝરત પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ આ આયતની તિલાવત કરી તો તેના વિશે ફરમાવ્યું : ખુદાના દુશ્મનોએ ખોટું કહ્યું છે અજ્ઞાનતાના યુગમાં જે કાંઈ હતુ તે મારા પગ નીચે છે. (એટલે કે મેં તેના ઉપર રદ બાતિલ કરવાની નિશાની કરી નાખી છે.) પરંતુ અમાનત વિશે તો હુકમ તેની જગ્યાએ મૌજૂદ છે.

કેમકે તમામ સારા અને ખરાબ લોકોને અમાનત અદા કરવી દરેક સંજોગોમાં જરૂરી છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૪૯૬) ખુદાથી ડરો, અને ગોરા અને કાળા (તમામ લોકો)ની અમાનતોને પાછી આપો. ભલે પછી તે ખારજી (બહિષ્કૃત) હોય. કે શામી (શામનો રહેવાસી) હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : જે અમાનતનું ધ્યાન રાખતો નથી તેનું ઈમાન સંપૂર્ણ નથી

(૧૪૯૭) જે અમાનતનું ધ્યાન રાખતો નથી તેનું ઈમાન સંપૂર્ણ નથી.

(૧૪૯૮) જે માણસ દુનિયાની કોઈપણ અમાનતમાં ખયાનત કરે છે, તેને તેના માલિકને પાછી આપતો નથી અને તેને મૌત આવી જાય તો તે મારી મિલ્લત (ઇસ્લામ) પર મરશે નહીં, તે માણસ ખુદા સાથે એવી હાલતમાં મુલાકાત કરશે કે ખુદા તેની ઉપર ગઝબનાક હશે.

(૧૪૯૯) એ માણસ મારામાંથી નથી જે અમાનતને હલ્કી સમજીને ખર્ચ કરી નાખતો હોય, અથવા વેડફી નાખતો હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૦૦) જેનામાં ઈમાન નથી તે અમાનતનું ધ્યાન રાખતો નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : અમાનતની નિશાનીઓ

(૧૫૦૧) ઈમાનદારી સચ્ચાઈ તરફ લઈ જાય છે.

(૧૫૦૨) જ્યારે ઈમાનદારી પુખ્ત બની જાય છે ત્યારે સચ્ચાઈમાં વધારો થાય છે.

(૧૫૦૩) ઈમાનદારી અને વાયદો પાળવો એ સાચા (લોકોના) કાર્યો છે.

(૧૫૦૪) અમાનત રોજીને ખેંચી લાવે છે. અને ખયાનત ફકીરી અને તંગદસ્તીને. (ખેંચીને લાવે છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૦૫) અમાનત તવંગરી માટે કારણરૂપ છે અને ખયાનત ફકીરી માટે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૦૬) અય મારા વહાલા પુત્ર ! અમાનત અદા કર, તેનાથી તારી દુનિયા અને આખેરત સહી સલામત રહેશે અને અમીન બનશો તો તવંગર રહેશો.

- હઝરત લુકમાન (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૫ : એવા લોકોને અમીન ન બનાવો

(૧૫૦૭) જે લોકો બેઈમાન માણસને પોતાનો અમીન બનાવશે, તેની જામિનગીરી ખુદા પણ આપશે નહીં કેમકે ખુદાએ એવા માણસને અમીન બનાવવાની મનાઈ ફરમાવી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૦૮) તંગદીલ (કંજૂસ) માણસને અમીન ન બનાવો.

(૧૫૦૯) જે માણસને તમે અમીન બનાવો તેના ઉપર વહેમ કરવો યોગ્ય નથી અને જો તેને બદદાનતીમાં અજમાવી ચુક્યા હો તો તેને અમીન ન બનાવો.

(૧૫૧૦) અમીન તમારી સાથે ખયાનત નહીં કરે, એ શરતે કે ખયાનત કરનારને તમે અમીન સમજ્યો હોય.

(૧૫૧૧) જે માણસે ખુદાના કોઈ બંદાની વાતોમાં જૂઠ સાંભળ્યું અને તેની અમાનતમાં ખયાનત જોઈ, તે પછી પણ જે તેને ખુદાની અમાનત સોંપે તો ખુદાને એ વાતનો હક પહોંચે છે કે તેને આ

આઝમાઈશમાં નાખે અને પછી તેનો બદલો કે અજ્ર પણ ન આપે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૫૧૨) જે માણસ જાણતો હોય કે કોઈ શરાબી છે. તેમ છતાં તેને ખુદાની અમાનત સોંપે તો ખુદા તેનો જામિન નહીં થાય, પછી તેને તેનો કોઈ અજ્ર કે બદીલો મળશે નહીં.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૧૩) જે માણસ ગૈર મોઅમિનને અમીન બનાવે તો ખુદા ઉપર તેની કોઈ હુજ્જત બાકી રહેતી નથી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૫૧૪) જો તમે ખયાનત કરનાર અથવા (અમાનતને) વેડફી નાખનાર માણસને અમીન બનાવ્યો તો હું તેનો જવાબદાર નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : અમાનતે ઇલાહી

કુરઆને મજીદ :-

* નિશંક અમોએ (ન્યાય અને આજ્ઞાપાલનની) જવાબદારીનો બોજો આકાશો તથા પૃથ્વી તથા પર્વતો સમક્ષ રજૂ કર્યો, પણ તે સર્વેએ તેને ઉંચકવાનો ઇન્કાર કર્યો, અને તેઓ તેનાથી ડરી ગયા, પણ મનુષ્યે તે ઇન્યાકી લીધો ; બેશક, મનુષ્ય પોતાના હકમાં મોટો જુલમગાર અને અજ્ઞાન છે.

- (સૂ. અહઝાબ આ. ૭૨)

હદીસ :-

(૧૫૧૫) ... પછી અમાનત અદા કરવી તે છે. જે કોઈ પોતાને અમાનત (સાચવવા)ને પાત્ર ન બનાવી શકે તે નિષ્ફળ અને નામુરાદ છે. આ અમાનતને મજબૂત આસમાનો, પથરાએલી જમીનો અને લાંબા પહોળા ખોડાએલા પહાડોને સોંપવામાં આવી. શું આનાથી વધારે કોઈ વસ્તુ લાંબી, પહોળી, ઉંચી અને મોટી હોઈ શકે ? તો જો કોઈ વસ્તુ લાંબી, પહોળી અથવા શક્તિ અને પ્રભાવમાં ઉચ્ચતા મેળવી શકતી હોય તો આ અગ્રતા મેળવી શકતી હતી. પરંતુ આ તો તેના પ્રભાવ અને

પ્રકોપથી ડરી ગયા અને તેનાથી નીચી કક્ષાની મખ્લૂક, એટલે કે ઇન્સાન સમજી ન શક્યો, બેશક ઇન્સાન ઘણો અન્યાયી અને ઘણો અજ્ઞાન છે.

(૧૫૧૬) એક ઝીન્દીકે (ગૈર મુસ્લિમે) હઝરત અલી (અલયહિસ્સલામ)ને કહ્યું હું ખુદાવંદે આલમને એમ કહેતો જોઉં છું કે અમે અમારી અમાનત... (આખી આયત)... તો આ કઈ અમાનત છે અને તે માણસ કોણ છે ? અઝીઝ અને હકીમ ખુદાની શાનથી એ વાત દુર છે કે તે પોતાના બંદાઓથી કોઈ હકીકતને છૂપાવી રાખે.

આ સાંભળીને હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : જે અમાનતનો તમે ઉલ્લેખ કર્યો છે તે એ અમાનત છે જે ફક્ત અમ્બિયા અને અવસિયામાં જ જોવા મળે છે.

(૧૫૧૭) હદીસમાં છે કે જ્યારે નમાઝનો સમય થઈ જતો હતો ત્યારે હઝરત અલી (અલયહિસ્સલામ) બેકરાર થઈને ધ્રુજવા લાગતા હતા અને આપનો રંગ બદલાઈ જતો હતો. આપને પૂછવામાં આવતું : યા અમીર! આપને શું થઈ ગયું છે ?

આપ જનાબ ફરમાવતા હતા : નમાઝનો સમય થઈ ગયો છે આ તે અમાનતની અદાયગીનો સમય છે જે અલ્લાહ તઆલાએ આસમાનો અને જમીનો ઉપર રજૂ કરી પરંતુ તે ડરી ગયા હતા.

(૧૫૧૮) ઇસ્હાક કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછ્યું : કોઈ માણસ કોઈને એમ કહીને રવાના કરે કે તમે મારા માટે કપડું ખરીદીને લઈ આવો, અને તે તેના માટે તપાસ કરે, પરંતુ (બજારમાં ન મળવાથી) તેને પોતાના તરફથી આપી દે તો એવા માણસ માટે શું હુકમ છે ?

ઇમામ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : તે એવા કામની પાસે ન જાય અને પોતાને મેલથી મેલો ન કરે. કેમકે ખુદાવંદે અઝઝ વ જલ્લએ ફરમાવ્યું છે... ભલે તેની પાસે બજારમાં મળતા કપડા કરતા વધારે સારૂ કેમ ન હોય પરંતુ તે પોતાના તરફથી ન આપે.

વિભાગ - ૨૫ : અમાન (રક્ષણ)

પ્રકરણ - ૧ : અમાન (રક્ષણ)

કુરઆને મજીદ :-

* સિવાય કે જેઓ એવી કૌમ સાથે જઈ મળ્યા હોય કે તમારી અને તે કૌમ વચ્ચે કૌલ કરાર થયા હોય અથવા તમારી પાસે એવી હાલતમાં આવે કે તમારી સાથે લડવામાં અથવા પોતાની કૌમ સાથે લડવામાં તેમના મન સંકોચાતા હોય (તો તેમને ઇજા ન પહોંચાડો)

- (સૂ. નિસા આ. ૯૦)

હદીસ :-

(૧૫૧૯) જ્યારે કોઈ માણસ તમારી પાસે તેના ખુન (તેની જાન) માટે અમાન (પનાહ) માંગે તો તેને કત્લ ન કરો.

(૧૫૨૦) જે માણસ કોઈ સાથે કરાર થએલા માણસને કત્લ કરી નાખશે તે બેહિશ્તની ખૂશ્બુ પણ નહીં સૂંઘી શકે, જે ખૂશ્બુ ૪૦ વર્ષના પ્રવાસના અંતર સૂધી પહોંચી જાય છે.

(૧૫૨૧) જે માણસ કોઈને અમાન આપ્યા પછી, કત્લ કરી નાખે તો હું તે કાતિલથી દૂર છું. ભલે કત્લ થઈ જનાર કાફર હોય.

(૧૫૨૨) જે માણસ કોઈને અમાન આપ્યા પછી કત્લ કરી નાખે તો કયામતના દિવસે પોતાના હાથમાં દગાબાજીનો ધ્વજ ઉપાડેલી હાલતમાં હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨ અમાનતની જવાબદારીને સારી રીતે નિભાવો

અમાનતની જવાબદારીને સારી રીતે નિભાવો

(૧૫૨૩) જેવી રીતે ખીલીઓ ખોડવામાં આવે છે, તેવી રીતે અમાનતની જવાબદારીને નીભાવો.

(૧૫૨૪) માલિકે અશ્તરના નામે લખેલા દસ્તાવેજના શબ્દો.... જો તમારા દુશ્મન સાથે કોઈ કરાર (સંધી) કરો, તેને આશરો આપો તો પછી વાયદાનું પાલન કરો અને વાયદાઓને લક્ષમાં રાખો. તમારા કૌલ અને કરારના રક્ષણ માટે

તમારી જાનને ઢાલ બનાવો. કેમકે અલ્લાહ તઆલાએ નકકી કરેલી ફરજોમાં વાયદાનું પાલન કરવા જેવી બીજી કોઈ બાબતને અગ્રતા આપી નથી, કે જેના ઉપર દુનિયા પોતાના અલગ અલગ દ્રષ્ટિકોણ અને જુદી જુદી વિચારધારાઓની સાથે એકમત હોય..?

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - 3 નાનામાં નાના માણસ પણ અમાન આપી શકે છે

નાનામાં નાના માણસ પણ અમાન આપી શકે છે

(૧૫૨૫) મારી ઉમ્મતનો નાનામાં નાનો માણસ પણ અમાન આપી શકે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૨૬) .... બધા મુસલમાનો પરસ્પર ભાઈ-ભાઈ છે. જે એક બીજાના ખૂનના રક્ષક છે. તેમાંનો એક અદના માણસ પણ કોઈને અમાન આપી શકે છે

અને તે બધા જ પોતાના સિવાય બીજાઓ ઉપર પ્રભાવી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૨૭) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પયગમ્બરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના આ કૌલ વિશે પૂછવામાં આવ્યું 'તેઓમાંથી અદના માણસ પણ અમાન આપી શકે છે...' નો અર્થ શું થાય ?

આપે ફરમાવ્યું : જો મુસલમાનોનું એક લશ્કર કોઈ કૌમને ઘેરી લે અને મુશ્રી કોમાંથી એક માણસ માથું ઉપાડીને કહે કે મને પનાહ આપો જેથી હું તમારા સરદાર સાથે વાતચીત કરૂં, અને મુસલમાનોના લશ્કરમાંથી એક અદના દરજ્જાનો માણસ તેને પનાહ આપી દે, તો તેમાના અદના માણસ ઉપર પણ વાયદો પાળવો જરૂરી છે.

વિભાગ - ૨૬ : મોહબ્બત

પ્રકરણ - ૧ : મોહબ્બત

(૧૫૨૮) જાહિલ એ વસ્તુથી ડર અનુભવે છે જેને અકલમંદ ચાહતો હોય.

(૧૫૨૯) તમારે ફક્ત હક સાથે મોહબ્બત હોવી જોઈએ અને ફક્ત બાતિલથી ડરવું જોઈએ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૩૦) (કોઈની સાથે) મોહબ્બત થઈ જતા (તેનાથી) ડર દૂર થઈ જાય છે.

(૧૫૩૧) મોહબ્બતના કારણે ડર દૂર થઈ જાય છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૫૩૨) ત્રણ પ્રકારના લોકો સાથે મોહબ્બત હોય છે: (૧) એક સમાન સ્વભાવની પત્ની, (૨) નેક અવલાદ, (૩) સાફ દિલ વાળા મિત્રો (નિખાલસ મિત્રો)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ખુદાની સાથે મોહબ્બત

(૧૫૩૩) અય અલ્લાહ ! તું તારા દોસ્તો સાથે મોહબ્બત કરનારાઓમાં સૌથી વધારે મોહબ્બત કરનાર છે.... જ્યારે એકાંતમાં તેઓને ગભરામણ થાય છે ત્યારે તારો ઝિક્ર તેનું દિલ બહેલાવે છે. જ્યારે મૂસીબત પડે છે ત્યારે તે તારા દામનમાં રક્ષણ મેળવવા માટે આતુર રહેતો છે.

(૧૫૩૪) ખુદા સાથેની મોહબ્બતનું પરિણામ એ છે કે લોકો (સાથેના સંપર્ક)થી જીવ ગભરાવવા લાગે છે અને તેનાથી ડર અનુભવાય છે.

(૧૫૩૫) જે માણસ લોકોથી ગભરાતો નથી તે ખુદાને મોહબ્બત કેવી રીતે કરી શકે.

(૧૫૩૬) જે ખુદા સાથે મોહબ્બત કરે છે તે લોકોથી ડર અનુભવે છે.

(૧૫૩૭) જે લોકોથી અલગ દૂર રહેતો હોય છે તે અલ્લાહ સુબ્હાનહુ સાથે મોહબ્બત કરતો હોય છે.

(૧૫૩૮) ખુદાની સાથે મોહબ્બત હોવાની નિશાની લોકોથી ડર અનુભવવો છે.

(૧૫૩૯) જે ગુનાહની ઝીલ્લતમાંથી નિકળીને તેની (ખુદાની) ઇતાઅતની ઇઝઝતમાં દાખલ થઈ જાય છે તો ખુદા પણ તેની સાથે મોહબ્બત કરે છે. તેથી તેને બીજા કોઈ મોહબ્બત કરનારાની જરૂરત રહેતી

નથી. અને ખુદાવંદે આલમ કોઈપણ પ્રકારના સામાન વગર તેની મદદ કરે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૪૦) ખુદાવંદે આલમ મોઅમિનને તેના ઇમામનો મદદ કરનારો ગણાવે છે જેનાથી મોઅમિન શાંતિ અનુભવે છે એટલે સૂધી કે તે પહાડની ટોચ ઉપર એકલો હોય તો પણ હરગીઝ ગભરાતો નથી.

(૧૫૪૧) આહ આહ ! ... મને એવા લોકો માટે અફસોસ થાય છે જેઓ નૂરથી પ્રકાશિત હતા તેઓની દ્રષ્ટિએ દુનિયા એક સૌથી ખરાબ કાબરચીતરા સાપ અને મુંગા દુશ્મન જેવી હતી, તેઓ ખુદા સાથે મોહબ્બત કરતા હતા અને એશપરસ્ત દુનિયાદાર લોકો જેમને ચાહતા હતા તેઓ તેનાથી ડર અનુભવતા હતા.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૭ : ઇન્સાન

પ્રકરણ - ૧ : ઇન્સાન (૧)

કુરઆને મજીદ :-

* અને ખરે જ અમે આદમની ઔલાદને ઇઝઝત - આબરૂ આપી છે અને ખુશ્કી તથા તરીમાં તેમને (વહાણ તથા જાનવરો પર) સવાર લઈ જઈએ છીએ, અને સારી વસ્તુઓથી તેમને રોઝી આપીએ છીએ અને અમારી સર્જેલ ઘણી યે મખ્લૂક (પ્રાણીઓ) પર તેને ઘટતી શ્રેષ્ઠતા આપી છે.

- (સૂ. બની ઇસરાઈલ આ. ૭૦)

હદીસ :-

(૧૫૪૨) ‘અલ્લાહ તઆલાની નઝદીક આદમના ફરઝંદથી વધારે કોઈ વસ્તુ ઇઝઝતને પાત્ર નથી.’ પૂછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ! શું ફરિશ્તાઓ પણ નથી ?

આપે ફરમાવ્યું : ફરિશ્તાઓ તો સૂરજ અને ચાંદની જેમ (ઇબાદત કરવા માટે) મજબૂર છે.

(૧૫૪૩) કોઈ વસ્તુ પોતાની સમાન વસ્તુ સાથે એટલી મોહબ્બત ધરાવતી નથી જેટલી ઇન્સાન. (ધરાવે છે.)

(૧૫૪૪) જ્યારે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને મેઅરાજ કરાવવામાં આવી અને ત્યાં નમાઝનો સમય આવ્યો ત્યારે જિબ્રઈલે અઝાન અને એકામત કહી અને અર્ઝ કરી : યા મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) નમાઝ માટે આગળ તશરીફ લાવો, આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : આપ આગળ વધો.

તેમણે જવાબ આપ્યો : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) આપ જ આગળ વધો, કેમકે જ્યારથી અમને આદમ

(અલયહિસ્સલામ)ને સિજદો કરવાનો હુકમ મળ્યો છે, અમે આદમના સંતાનોથી આગળ વધી શકતા નથી.

(૧૫૪૫) એક લાંબી હદીસમાં અબૂ હમ્ઝા શેમાલી હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે જેમાં હઝરત આદમ (અલયહિસ્સલામ)ની વફાતના ઉલ્લેખ પછી છે કે હઝરત આદમ (અલયહિસ્સલામ)ની વફાત થઈ ગઈ અને તેમની નમાઝે જનાઝા પડવાનો સમય થયો ત્યારે તેના ફરઝંદ હબ્તુલ્લાહે કહ્યું : : જિબ્રઈલ આગળ આવો અને આમની નમાઝ પડો.

જીબ્રઈલે કહ્યું : યા હબ્તુલ્લાહ ખુદાવંદે આલમે અમને જન્નતમાં હુકમ આપ્યો હતો કે અમે તમારા પિતા જનાબે આદમ (અલયહિસ્સલામ)ને સજદો કરીએ. તેથી અમે ઔલાદે આદમમાંથી કોઈની ઇમામત કરી શકતા નથી.

(૧૫૪૬) જે કોઈ વસ્તુ પોતાના જેવી વસ્તુ સાથે મોહબ્બત ધરાવે છે તેમાંથી અમે મોઅમિનો સિવાય બીજા કોઈને બહેતર સમજતા નથી.

-હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૪૭) ખુદાવંદે આલમે મોઅમિનથી વધારે બીજી કોઈ વસ્તુને માનવંત બનાવી નથી. કેમકે ફરિશ્તાઓ મોઅમિનની ખિદમત કરનારા હોય છે.

પ્રકરણ - 3 : ઇન્સાન (3)

(૧૫૪૮) અબ્દુલ્લાહ બિન સેનાન કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને પુછ્યું : ફરિશ્તાઓ અફઝલ છે કે આદમની ઔલાદ ?

ઇમામે ફરમાવ્યું : હઝરત અમીરૂલ મોએમનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલયિહિસ્સલામ) ફરમાવે છે કે ખુદાવંદે અઝઝ વ જલ્લે ફરિશ્તાઓને અકલ આપી છે, પરંતુ શહવત (મનોવાસના) આપી નથી. જાનવરોને શહવત આપી છે પરંતુ અકલ આપી નથી. જ્યારે આદમની

ઔલાદને બંને વસ્તુઓ આપવામાં આવી છે એટલે કે અકલ અને શહવત બંને. તેથી જ્યારે કોઈ માણસની અકલ તેની શહવત ઉપર પ્રભાવ મેળવી લે ત્યારે તે ફરિશ્તાઓ કરતા ઉંચો બની જાય છે, અને જેની શહવત તેની અકલ ઉપર કાબુ મેળવે છે ત્યારે તે જાનવર કરતા પણ બદતર થઈ જાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૪૯) ખુદાએ ઇન્સાનને ખ્વાહીશાત ધરાવનારા નફસ સાથે બનાવ્યો છે. જો તે ઇલ્મની સાથે તેને પવિત્ર રાખે તો તેની સરખામણી અવ્વલીન

ઇલ્લતના જવેરાત સમાન બની જાય છે. જ્યારે તેનો સ્વભાવ પરિવર્તિત થઈ જાય છે અને બીજી જીદોથી અલગ પડી જાય છે ત્યારે તેની સાથે સાત મજબૂત આસમાનો શરીક થઈ જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : ઇન્સાનને પૈદા કરવાનો હેતુ

કુરઆને મજીદ :-

* અને (હે રસૂલ !) જ્યારે તારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું કે પૃથ્વી ઉપર હું (મારો) પ્રતિનિધી નીમનાર છું....

(સ. બકરહ આ. ૩૦)

* અને મેં જીન્નાતો તથા ઇન્સાનોને (અમસ્તા) પૈદા કર્યા નથી પણ એ માટે કે તેઓ મારી ઇબાદત કરે.

- (સૂ. ઝારેઆત આ. ૫૬)

* પણ તેઓ મતભેદ કર્યા જ કરશે: સિવાય કે જેમના પર તારા પરવરદિગારે કૃપા કરી હોય: અને એ જ (મતભેદ કરવા) માટે તેમને પૈદા કર્યા છે:

- (સૂ. હુદ આ. ૧૧૮-૧૧૯)

હદીસ :-

(૧૫૫૦) ...તમને તકવા ઇખ્તેયાર કરવાનો હુકમ આપવામાં આવ્યો છે અને તમને ખુદાની ઇતાઅત અને નેકી કરવા માટે પૈદા કરવામાં આવ્યા છે.

(૧૫૫૧) એક નાસ્તિકે સવાલ કર્યો : ખુદાએ મખ્લૂકને શા માટે પૈદા કરી છે ? જ્યારે કે તે તેનો

મોહતાજ નથી, અને ન તો તેને પૈદા કરવા માટેની કોઈ મજબુરી છે અને ન તો આપણને બેકાર અને નકામા પૈદા કરવાની જરૂરત છે.

ઇમામે ફરમાવ્યું : મખ્લૂકને એ માટે પૈદા કરવામાં આવી કે અલ્લાહ પોતાની હિકમતને જાહેર કરે, પોતાના ઇલ્મને અમલમાં મુકે અને પોતાના હુકમને અમલમાં મૂકે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૫૨) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ લોકોને જેહાદની દાવત

આપતા ફરમાવ્યું : ખુદાવંદે તઆલાએ તમને પોતાના દીનની સાથે ઇઝઝત બક્ષી છે અને તમને તેની ઇબાદત માટે પૈદા કર્યા છે. તેથી તમે પણ તમારી જાનને તેનો હક અદા કરવા માટે મજબૂર કરો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૫૩) ખુદાવંદે તઆલા (હદીસે કુદસીમાં) ફરમાવે છે : અય આદમના પુત્ર ! મેં તને એ માટે પૈદા નથી કર્યો કે તારી પાસેથી કઈ ફાયદો મેળવું, પરંતુ મેં તને એ માટે પૈદા કર્યો છે કે તું મારી પાસેથી ફાયદો ઉઠાવે, તેથી તું બીજા તમામ લોકો

તરફથી મુખ ફેરવીને તેના બદલામાં મને (મારી તાબેદારી) અપનાવી લે કેમકે દરેક બાબત માટે હું તારો મદદગાર છું.

(૧૫૫૪) અય લોકો, ખુદાવંદે અઝઝ વ જલ્લે બંદાઓને પોતાની મઅરેફત (મેળવવા) માટે પૈદા કર્યા છે. તેથી જ્યારે તેની ઝાતને ઓળખી લેશે તો તેની ઇબાદત કરશે તો ખુદા સિવાય બીજા કોઈની ઇબાદત કરવાથી દૂર રહેશે.

એક માણસે અર્ઝ કરી : ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ! મારા મા-બાપ આપના પર કુરબાન થાય, ખુદાની મઅરેફત શું છે

? આપે ફરમાવ્યું : દરેક જમાનાના લોકોની તેમના ઇમામની મઅરેફત કે જેની ઇતાઅત તે લોકો ઉપર વાજિબ છે.

- હઝરત ઈમામ હુસૈન (અલયહિસ્સલામ)

(૧૫૫૫) અલ્લાહ તઆલાના આ કૌલ વમા ખલકતુલ જિન્ન ... વિશે ફરમાવ્યું : ખુદાએ લોકોને પોતાની ઇબાદત માટે પૈદા કર્યા છે.

(૧૫૫૬) આજ આયત વિશે ફરમાવ્યું : લોકોને અમ્ર અને નહીની ફરજ અદા કરવા માટે પૈદા કરવામાં આવ્યા છે. તેઓને બળજબરીથી પૈદા

કરવામાં આવ્યા નથી, અને તેમને અલ્લાહની ઇબાદત કરવાની ફરજ પાડવામાં આવી નથી. પરંતુ તેમને અમ્ર અને નહીં દ્વારા અજમાવવા માટે પૈદા કરવામાં આવ્યા છે.

(૧૫૫૭) ખુદાવંદે આલમના આ કૌલ (સૂ. હુદ આ. ૧૧૮-૧૧૯) એટલે કે લોકો હંમેશા આપસમાં મતભેદ પાડશે પરંતુ જેના ઉપર તમારો પરવરદિગાર રહેમ ફરમાવે અને તે માટે જ તેણે લોકોને પૈદા કર્યા છે... આ વિશે ફરમાવ્યું : ખુદાવંદે આલમે લોકોને એ માટે પૈદા કર્યા છે કે

તેઓ એવા કામ કરે જે ખુદાની રહેમતનું કારણ બને. તેથી તે પણ લોકો ઉપર રહેમ કરે.

(૧૫૫૮) ખુદાવંદે આલમે જે કાંઈ પૈદા કર્યું છે તે પોતાની સલ્તનતને મજબૂત કરવા માટે અથવા તેને જમાનામાં બનાવોનો ભય હતો. (તે માટે નહીં) અને ન એ માટે કે તેના કોઈ સમોવડીયાએ તેને સલાહ આપી હોય, અને ન તો કોઈ બહુમતીને કારણે કે ન તો કોઈ વિરોધીના સહકારથી પૈદા કરેલ છે પરંતુ બધી મખ્લૂક રોઝી મેળવનાર અને તેના નમ્ર અને તુચ્છ બંદાઓ છે... ?

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૫૯) ખુદાવંદે તબારક વ તઆલાએ પોતાની મખ્લૂકને નિરર્થક પૈદા કરેલ નથી અને ન તો તેને બેકાર છોડી દીધી છે પરંતુ પોતાની કુદરત વ્યક્ત કરવા માટે પૈદા કરી છે. જેથી તે મખ્લૂક ઉપર પોતાની ઇતાઅત કરવાની ફરજનો હુકમ આપી શકે. જેથી લોકોને તેની રઝામંદી અને ખુશ્નુનદી મેળવે. એ માટે પૈદા નથી કરી કે તેનાથી અલ્લાહ તઆલાને કોઈ ફાયદો મળે અથવા તે પોતાના કોઈ નુકસાનનું વળતર મેળવે. બલ્કે એ માટે પૈદા કરી છે કે તે પોતાની મખ્લૂકને ફાયદો પહોંચાડે અને તેને અનંત નેઅમતોથી માલામાલ કરે.

(૧૫૬૦) ખુદાવંદે આલમના આ કૌલ.. ખુદાવંદે આલમે લોકોને એ માટે પૈદા કર્યા છે કે લોકો તેમના માટે કામ કરે જેનાથી તે પોતાના રબની રહેમતના મુસ્તહક બને અને ખુદા પણ તેમના ઉપર પોતાની રહમત નાઝીલ ફરમાવે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૬૧) એક માણસે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછ્યું : યા અબા અબ્દિલ્લાહ (અલયહિસ્સલામ) ! અમારૂ સર્જન પણ અજાયબી પમાડી દે તેવી રીતે થયું છે ?

ઇમામે ફરમાવ્યું : તમારે ખુદા પાસેથી શું જોઈએ છે ?

તેણે કહ્યું : તેણે આપણને ફના થવા માટે પૈદા કર્યા છે. ઈમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ના, ભત્રીજા ! તેણે આપણને બાકી રહેવા માટે પૈદા કર્યા છે.

પ્રકરણ - ૫ : ઇન્સાનની ઉત્પત્તિની શરૂઆત

કુરઆને મજીદ :-

* તે એ જ છે જેણે તમને પ્રથમ માટીમાંથી પૈદા કર્યો, પછી વીર્યબિંદુ માંથી, પછી માંસના લોચા માંથી, પછી તમને બાળક બનાવી કાઢયા કે જેથી તમે તમારી સંપૂર્ણ શક્તિએ પહોંચી જાઓ..

- (સૂ. મોઅમિન આ. ૬૭)

પ્રકરણ - ૬ : ઇન્સાનને અશક્ત પૈદા કરવામાં આવ્યો છે

કુરઆને મજીદ :-

* ઇન્સાનને અશક્ત પૈદા કરવામાં આવ્યો છે...

- (સૂ. નિસા આ. ૨૭)

હદીસ :-

(૧૫૬૨) આદમ પુત્ર બીચારો કેટલો લાચાર છે. મૌત તેનાથી છુપું, બિમારી તેની જાણકારી બહાર અને તેના અઅમાલ સુરક્ષિત છે, મચ્છર કરડતા તે

ચીસ પાડી ઉઠે છે. અુછુ (ફંદો) લાગવાથી મૃત્યુ પામે છે અને પસીનો તેમાંથી દુર્ગંધ પૈદા કરે છે.

પ્રકરણ - ૭ : ઇન્સાન ત્રાજવા સમાન છે

(૧૫૬૩) ઇન્સાન ત્રાજવા સાથે વધારે સમાનતા ધરાવે છે, તેનું એક પલ્લું જાહેલીયતના કારણે ઉંચું થઈ જાય છે, અથવા તો ઇલ્મના કારણે એક પલ્લું વજનદાર થઈ જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૮ ઇન્સાન બે નાની વસ્તુઓ સાથે અસ્તિત્વ ધરાવે છે

ઇન્સાન બે નાની વસ્તુઓ સાથે અસ્તિત્વ ધરાવે છે

(૧૫૬૪) ઇન્સાન બે (૨) નાની વસ્તુઓની સાથે અસ્તિત્વ ધરાવે છે. જો તે (કોઈની સાથે) લડે છે તો દિલ(ની શક્તિ)ની સાથે અને જો (કોઈની સાથે) વાત કરે છે તો (જીભની) તો બયાન સાથે.

(૧૫૬૫) ઇન્સાનની બે જ વિશેષતાઓ છે: (૧) અકલ (૨) બોલવાની શક્તિ. અકલ દ્વારા તે પોતે

ફાયદો ઉઠાવે છે અને બોલવાની શક્તિ દ્વારા તે બીજાઓને ફાયદો પહોંચાડે છે.

(૧૫૬૬) ઇન્સાનની પાયાની બાબત તેની સમજણ શક્તિ છે, તેનો દીન તેની અકલ છે, અને જ્યાં તે તેનો ઉપયોગ કરે છે તેનાથી તેની સજ્જનતા જાણી શકાય છે.

(૧૫૬૭) ઇન્સાનની વાતચીતથી તેનું વજન કરી શકાય છે અને તેના કામો થકી તેની કિંમત આંકી શકાય છે.

(૧૫૬૮) ઇન્સાનની કદ્રો કિંમત તેની અકલથી છે, ન કે તેની શકલો સૂરતથી. તેની હિંમત અને કોશિશથી તેનું ધોરણ જાણી શકાય છે, ન કે તેણે ભેગી કરેલી માલો દૌલત થી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૯ : ઇન્સાને કામિલ (સંપૂર્ણ માનવ)

(૧૫૬૯) જેણે પોતાની અકલને એટલી હદ સૂધી જીવંત કરી અને પોતાના નફસને એટલી હદ સૂધી માર્યો કે મોટામાં મોટા કાર્યો પણ તેના માટે મામૂલી બની ગયા, મુશ્કેલીમાં મુશ્કિલ વાત પણ તેના માટે સહેલી થઈ ગઈ અને નૂરની ચમક તેને સ્પષ્ટ દેખાવા લાગી તો ખુદાવંદે આલમ પણ તેના માટે સીધો રસ્તો સ્પષ્ટ કરી દે છે અને તે એ જ રસ્તા ઉપર તેને ચલાવે છે.

(૧૫૭૦) દરેક યુગમાં અને દરેક જમાનામાં ખુદાના કેટલાક બંદાઓ અવશ્ય મૌજૂદ હોય છે જેના

વિચારોમાં તેઓ મગ્ન હોય છે અને તેની અકલોમાં વાતો બેસારી દે છે... તેવા લોકો તેમના જમાનામાં અંધકારમાં દીવાદાંડીનું કામ કરે છે. અને શંકાઓથી બચવા માટે માર્ગદર્શન આપે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૮ : વાસણ

પ્રકરણ - ૧ : સોના ચાંદીના વાસણ

(૧૫૭૧) ઇબ્ને બઝીઅ કહે છે કે મે હઝરત અબુલ હસન અલી બિન મૂસા રઝા (અલયહિસ્સલામ)ને સોના અને ચાંદીના વાસણો વિશે સવાલ કર્યો ત્યારે આપે તે બંને(ના ઉપયોગ)ને નાપસંદ ફરમાવ્યું.

(૧૫૭૨) સોના અને ચાંદીના વાસણોમાં ખાવ (પીવો) નહીં.

- હઝરત જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૭૩) સોના - ચાંદીના વાસણો એવા લોકોની સંપતિ હોય છે જેઓને (ખુદા ઉપર) યકીન હોતું નથી.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

વિભાગ - ૧ : બુખ્લ

પ્રકરણ - ૧ : બુખ્લ (કંજુસાઈ)

કુરઆને મજીદ :-

* જેઓ પોતે કંજુસાઈ કરે છે અને લોકોને પણ કંજુસાઈ કરવાની આજ્ઞા આપતા રહે છે અને અલ્લાહે પોતાની કૃપાથી તેમને જે કાંઈ આપ્યું છે તેને સંતાડે છે.

- (સૂ. નિસા આ. ૩૭)

* લ્યો સાંભળો પણ છો ? તમે તે છો કે જેમને અલ્લાહની રાહમાં કાંઈ ખરચ કરવા માટે બોલાવવામાં આવે છે. પણ તમારામાં કોઈ કોઈ એવો પણ છે જે કંજુસાઈ કરે છે, અને જે કંજુસાઈ કરશે તે પોતાની જ જાત માટે કંજુસાઈ કરશે અને અલ્લાહ તવંગર છે, અને તમે તેના મોહતાજ છો.

- (સૂ. મોહમ્મદ આ. ૩૮)

હદીસો :-

(૧૫૭૪) કંજુસાઈ તમામ દુર્ગુણોનો સમુહ છે. તે એવી લગામ છે જે દરેક બુરાઈઓ તરફ ખેંચી જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૭૫) મને એ વાતથી શરમ આવે છે કે મારા કોઈ (હાજતમંદ) ભાઈને જોઉં અને તેના માટે જન્નતની દુઆ કરૂં અને હું પોતે કંજુસાઈ કરીને તેને દીરહમ અથવા દીનાર ન આપું. કેમકે જ્યારે કયામતનો દિવસ હશે ત્યારે મને કહેવામાં આવશે કે જો જન્નત પણ તમારા કબ્જામાં હોત તો પણ

તમે આનાથી વધારે કંજુસ હોત, અને વધારે કંજુસ હોત.

- હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)

(૧૫૭૬) કંજુસાઈ નીંદાને પાત્ર ખાસીયત છે.

- હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)

(૧૫૭૭) કંજુસાઈ ઝીલ્લત (અપમાનિત થવું) છે.

(૧૫૭૮) કંજુસાઈ માંગનાર બનાવી દે છે.

(૧૫૭૯) કંજુસાઈ ઇઝઝતના પાલવના ચીરે ચીરા કરી નાખે છે.

(૧૫૮૦) જો કોઈ વસ્તુમાં (તે હોય ત્યારે) કંજુસાઈ કરવામાં આવે તો તે પોતાના મઅબૂદ પ્રત્યેની બદગુમાનીની દલીલ છે.

(૧૫૮૧) જે માણસ પોતાના માલમાં કંજુસાઈ કરે છે તે અપમાનિત થાય છે અને જે પોતાના દીનમાં કંજુસાઈ કરે છે (એટલે કે બરબાદ થતો બચાવે છે) તે માનવંત થઈ જાય છે.

(૧૫૮૨) કંજુસાઈના કારણે ગાળો (સાંભળવી) પડે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૮૩) કંજુસાઈથી બચવાની શક્ય તેટલી કોશિશ કરો, કેમકે કંજુસાઈ એ એવી આફત છે જે આઝાદ અને ઈમાનદાર માણસમાં જોવા મળતી નથી, કેમકે આ ઈમાનનો વિરોધી ગુણ છે.

(૧૫૮૪) જો એ વાતનું યકીન છે કે ખુદા તરફથી બદલો ચોક્કસ મળનાર છે તો પછી કંજુસાઈ શા માટે ?

(૧૫૮૫) જે માણસ કંજુસાઈથી છુટકારો મેળવી લે છે તે શરાફત અને બુઝુર્ગી મેળવે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : કંજુસ

(૧૫૮૬) કંજુસ પોતાના વારસદારોનો ખજાનચી હોય છે.

(૧૫૮૭) કંજુસ પોતાના સાથીદારોને અપમાનિત કરે છે અને ગૈર લોકોને ઇઝઝત બક્ષે છે.

(૧૫૮૮) કંજુસ પોતાની જાત માટે તો થોડી વસ્તુમાં પણ કંજુસાઈથી કામ લે છે, પરંતુ (પોતાના મરવા પછી) પોતાના વારસદારો માટે બધો માલ સખાવત કરીને જાય છે.

(૧૫૮૯) કંજુસ પોતાની કંજુસાઈના કારણે પોતાની ઇઝઝત ઓછી બચાવે છે અને વધારે ગુમાવે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૯૦) કંજુસ ખુદાથી દૂર હોય છે અને લોકોથી પણ, જ્યારે કે તે જહન્નમની નજદીક હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૯૧) કંજુસની તરફ જોવું દિલ સખ્ત બની જવાનું કારણ બને છે.

(૧૫૯૨) કંજુસનો કોઈ મિત્ર હોતો નથી.

(૧૫૯૩) મને એવા કંજુસથી બહુજ આશ્ચર્ય થાય છે કે જે ફકીરી અને નાદારીથી તે ભાગતો હોય છે હકીકતમાં તે દુનિયામાં ફકીરોની જેમ બહુ ઝડપથી તેની તરફ જઈ રહયો હોય છે અને જે તવંગરીનો તે ઇચ્છુક હોય છે તેને ગુમાવી દે છે. તે દુનિયાની ફીકર - ચિંતામાં રહેતો હોય છે, પરંતુ આખેરતમાં તેની પાસેથી શ્રીમંતો જેવો હિસાબ લેવામાં આવશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૯૪) મને એ માણસથી આશ્ચર્ય થાય છે જે દુનિયાની દૌલત માટે કંજુસાઈ કરે છે અને તેના પીઠ ફેરવી જવા (ચાલ્યા જવા) બાબતમાં કંજુસાઈથી કામ લે છે. કેમકે દુનિયાના આવવાના સમયે ખર્ચ કરવાનું તેને નુકસાન પહોંચાડતું નથી. અને દુનિયાના ચાલ્યા જવાના સમયે માલને રોકી રાખવો તેને ફાયદો પહોંચાડતું નથી.

(૧૫૯૫) લોકો માટે તવંગરી અને શ્રીમંતાઈની ઇચ્છા કરવાના - કંજુસો વધારે હકદાર છે. કેમકે જો તમામ લોકો માલદાર બની જશે તો તેનો માલ

બચી જશે. (કેમકે એ રીતે લોકોને તેમના માલની કોઈ જરૂરત રહેશે નહીં.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૯૬) કંજુસ અને કંજુસાઈ માટે એટલું જ પૂરતું છે કે તે પોતાના રબ સાથે બદગુમાની કરે છે. જે માણસને બદલો મળવાનું યકીન હોય છે તે ખર્ચ કરવામાં દરિયાદિલી રાખે છે.

(૧૫૯૭) કંજુસ પાસેથી સીલે રહેમીની આશા રાખવી ન જોઈએ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૯૮) તમારામાંથી મારાથી સૌથી વધારે દૂર કંજૂસ, બદ અખ્લાક અને બદ કલામ (ખરાબ જીભવાળો) હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૯૯) તમારે કોઈ કંજુસ પાસે પોતાની હાજત લઈને જવું તે સૌથી ઠંડા પ્રદેશમાં જવા કરતા પણ ઠંડુ (દુ:ખ દાયક) છે.

- હ. અલી (અલયહિસ્સલામ)

(૧૬૦૦) જહન્નમની આગ ત્રણ પ્રકારના લોકોને સંબોધન કરશે. માલદારને કહેશે તને અલ્લાહ તઆલાએ પૂરતા પ્રમાણમાં દુનિયા અતા કરી હતી, અને તે પછી તારી પાસેથી કર્ઝના સ્વરૂપમાં થોડું મળવાની ઇચ્છા રાખી હતી, પરંતુ તે તારી કંજુસાઈના કારણે તેને આપવાનો ઇન્કાર કરી દીધો હતો. આમ કહીને તેને (જહન્નમની આગ) ગળી જશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨ : કંજુસ

(૧૫૮૬) કંજુસ પોતાના વારસદારોનો ખજાનચી હોય છે.

(૧૫૮૭) કંજુસ પોતાના સાથીદારોને અપમાનિત કરે છે અને ગૈર લોકોને ઇઝઝત બક્ષે છે.

(૧૫૮૮) કંજુસ પોતાની જાત માટે તો થોડી વસ્તુમાં પણ કંજુસાઈથી કામ લે છે, પરંતુ (પોતાના મરવા પછી) પોતાના વારસદારો માટે બધો માલ સખાવત કરીને જાય છે.

(૧૫૮૯) કંજુસ પોતાની કંજુસાઈના કારણે પોતાની ઇઝઝત ઓછી બચાવે છે અને વધારે ગુમાવે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૯૦) કંજુસ ખુદાથી દૂર હોય છે અને લોકોથી પણ, જ્યારે કે તે જહન્નમની નજદીક હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૯૧) કંજુસની તરફ જોવું દિલ સખ્ત બની જવાનું કારણ બને છે.

(૧૫૯૨) કંજુસનો કોઈ મિત્ર હોતો નથી.

(૧૫૯૩) મને એવા કંજુસથી બહુજ આશ્ચર્ય થાય છે કે જે ફકીરી અને નાદારીથી તે ભાગતો હોય છે હકીકતમાં તે દુનિયામાં ફકીરોની જેમ બહુ ઝડપથી તેની તરફ જઈ રહયો હોય છે અને જે તવંગરીનો તે ઇચ્છુક હોય છે તેને ગુમાવી દે છે. તે દુનિયાની ફીકર - ચિંતામાં રહેતો હોય છે, પરંતુ આખેરતમાં તેની પાસેથી શ્રીમંતો જેવો હિસાબ લેવામાં આવશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૫૯૪) મને એ માણસથી આશ્ચર્ય થાય છે જે દુનિયાની દૌલત માટે કંજુસાઈ કરે છે અને તેના પીઠ ફેરવી જવા (ચાલ્યા જવા) બાબતમાં કંજુસાઈથી કામ લે છે. કેમકે દુનિયાના આવવાના સમયે ખર્ચ કરવાનું તેને નુકસાન પહોંચાડતું નથી. અને દુનિયાના ચાલ્યા જવાના સમયે માલને રોકી રાખવો તેને ફાયદો પહોંચાડતું નથી.

(૧૫૯૫) લોકો માટે તવંગરી અને શ્રીમંતાઈની ઇચ્છા કરવાના - કંજુસો વધારે હકદાર છે. કેમકે જો તમામ લોકો માલદાર બની જશે તો તેનો માલ

બચી જશે. (કેમકે એ રીતે લોકોને તેમના માલની કોઈ જરૂરત રહેશે નહીં.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૯૬) કંજુસ અને કંજુસાઈ માટે એટલું જ પૂરતું છે કે તે પોતાના રબ સાથે બદગુમાની કરે છે. જે માણસને બદલો મળવાનું યકીન હોય છે તે ખર્ચ કરવામાં દરિયાદિલી રાખે છે.

(૧૫૯૭) કંજુસ પાસેથી સીલે રહેમીની આશા રાખવી ન જોઈએ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૫૯૮) તમારામાંથી મારાથી સૌથી વધારે દૂર કંજૂસ, બદ અખ્લાક અને બદ કલામ (ખરાબ જીભવાળો) હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૫૯૯) તમારે કોઈ કંજુસ પાસે પોતાની હાજત લઈને જવું તે સૌથી ઠંડા પ્રદેશમાં જવા કરતા પણ ઠંડુ (દુ:ખ દાયક) છે.

- હ. અલી (અલયહિસ્સલામ)

(૧૬૦૦) જહન્નમની આગ ત્રણ પ્રકારના લોકોને સંબોધન કરશે. માલદારને કહેશે તને અલ્લાહ તઆલાએ પૂરતા પ્રમાણમાં દુનિયા અતા કરી હતી, અને તે પછી તારી પાસેથી કર્ઝના સ્વરૂપમાં થોડું મળવાની ઇચ્છા રાખી હતી, પરંતુ તે તારી કંજુસાઈના કારણે તેને આપવાનો ઇન્કાર કરી દીધો હતો. આમ કહીને તેને (જહન્નમની આગ) ગળી જશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪ : કંજુસને નિરાંત નથી હોતી.

(૧૬૦૭) જેને સૌથી ઓછી નિરાંત મળે છે તે કંજુસ હોય છે.

(૧૬૦૮) કંજુસને કોઈ રીતે ચેન હોતું નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૬૦૯) હઝરત અલી (અલયહિસ્સલામ) ફરમાવતા હતા : અય અલ્લાહ ! તે તારી કુદરતથી મખ્લૂકને પૈદા કરી છે. તેમાં કેટલાક લોકો સખી છે અને કેટલાક કંજુસ. સખી બહુ જ

નિરાંત (શાંતિ)માં છે અને કંજુસ હંમેશા બેચૈન રહે છે.

- હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૫ : સૌથી મોટો કંજુસ

(૧૬૧૦) સૌથી મોટો કંજુસ એ છે જે ખુદા તરફથી મુકવામાં આવેલ ફરજો બાબતમાં કંજુસાઈથી કામ લે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૬૧૧) સૌથી વધારે કંજુસ માણસ એ છે જે પોતાના માલને પોતાના માટે ખર્ચ કરતો નથી, બલ્કે તેને પોતાના વારસદારો માટે મુકી જાય છે.

(૧૬૧૨) સૌથી મોટો કંજુસ એ છે જે માલ બાબતમાં ખુદાવંદે આલમ તરફથી નકકી કરવામાં આવેલી ફરજો અદા કરવામાં કંજુસાઈથી કામ લે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૧૩) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ એક માણસને પાંચ ગાંસડી (ઊંટ ઉંચકી શકે તેટલી) ખજૂર મોકલી, તે વખતે એક માણસે કહ્યું : યા હઝરત, ખુદાની કસમ, આ માણસે આપની પાસે માંગ્યા ન હતા છતાં આપે

તેને પાંચ ગાંસડી ખજૂર મોકલ્યા. હકીકતમાં તો તેના માટે એક ગાંસડી પૂરતી હતી.

આપે ફરમાવ્યું : ખુદા મોઅમિનોમાં તારા જેવા માણસોના નમૂનામાં વધારો ન કરે, કેમકે હું આપી રહયો છું અને કંજુસાઈ તું કરે છે.

(૧૬૧૪) દિલનો સખી એ હોય છે જે એવી વસ્તુઓથી બેનિયાઝ (મુક્ત) હોય છે. જે બીજાના હાથોમાં હોય. આ બાબત સખાવતથી વધારે ફઝીલત ધરાવે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૧૫) સૌથી વધારે કંજુસ એ છે જે સલામ કરવામાં કંજુસાઈ કરે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૬ : કંજુસાઈની નિશાની

(૧૬૧૬) બિમારીઓનું પ્રમાણ વધારે હોવુ એ કંજુસાઈની નિશાની છે.

(૧૬૧૭) કંજુસ જુદા જુદા બહાનાઓ રજૂ કરીને પોતાના માલને રોકી રાખે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨ : બિદઅત

પ્રકરણ - ૧ : બિદઅત

(૧૬૧૮) કોઈ બિદઅત એવી નથી જેનાથી સુન્નત છોડવામાં આવી ન હોય, તેથી બિદઅતોથી બચતા રહો અને સ્પષ્ટ રસ્તા ઉપર ચાલતા રહો કેમકે દૃઢ અને હિંમતવાન કાર્યો શ્રેષ્ઠ હોય છે. નવી શોધવામાં આવેલી બિદઅતો નુકસાન પૈદા કરે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૧૯) સૌથી ખરાબ કાર્ય બિદઅત છે. યાદ રાખો, દરેક બિદઅત ગુમરાહી છે અને દરેક ગુમરાહી જહન્નમમાં લઈ જાય છે.

(૧૬૨૦) (અલ્લાહના) હુકમનું પાલન કરવામાં વ્યસ્ત રહો અને બિદઅતની શોધ ન કરો. કેમકે ઇતાઅત કરવા માટે તમારી પાસે ઘણું મૌજૂદ છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૬૨૧) બિદઅતોએ જેટલો દીનને બરબાદ કર્યો છે તેટલો બીજી કોઈ વસ્તુએ કર્યો નથી.

(૧૬૨૨) કોઈપણ બિદઅતનો પાયો નાખવાથી બચો, કેમકે જ્યારે બંદો કોઈ બિદઅતનો પાયો નાખે છે ત્યારે તે બિદઅતના ગુનાહ અને તેના ઉપર અમલ કરનારાઓના ગુનાહ તેમના હિસાબમાં લખવામાં આવે છે.

(૧૬૨૩) હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને એવા માણસ વિશે પૂછવામાં આવ્યું જે બિદઅત શોધે અથવા કોઈ એવા માણસને પનાહ આપે જે બિદઅત શોધવા માટે જવાબદાર હોય તો તેના માટે શું હુકમ છે ?

આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું: જે માણસ ઇસ્લામમાં કોઈ બિદઅતની શોધ કરે, અથવા શરઈ રીતે હદ જારી કરવા (સજા આપવા) સિવાય કોઈના શરીરના અવયવો કાપી નાખી, અથવા એવી લુંટમાર મચાવે જેની તરફ તમામ મુસલમાનનું ધ્યાન ખેંચાય, અથવા કોઈ બિદઅતી માણસની તરફેણ કરે અથવા તેમાં સહકાર આપે. (તે બધા ગુનેહગાર છે.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : બિદઅત કરનારાઓ

(૧૬૨૪) બિદઅત કરનારાઓ તમામ લોકો, બલ્કે તમામ મખ્લૂક કરતા પણ ખરાબ છે.

(૧૬૨૫) અલ્લાહ તઆલાનો આ કૌલ ... સૂ. અન્આ૧મ આ. ૧૫૯ એટલે જે લોકોએ દીનમાં વિખવાદ ઉભો કર્યો અને કેટલાય સમુહમાં વહેંચાઈ ગયા... વિશે ફરમાવ્યું : તેઓ બિદઅત કરનારાઓ નફસની ખ્વાહીશાતના બંદાઓ છે જેના માટે તૌબા(ની ગુંજાઈશ) નથી. તેવો લોકોથી હું દૂર છું. અને તેઓ મારાથી દૂર છે.

(૧૬૨૬) બિદઅત કરનારાઓ જહન્નમવાળાઓના કૂતરાઓ છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩ : બિદઅતનો અર્થ

(૧૬૨૭) ... રહ્યા બિદઅત કરનારાઓ તો તેઓ ખુદાના હુકમ, કિતાબે ખુદા અને રસૂલે ખુદાના વિરોધીઓ છે અને પોતાની ઇચ્છા અને ખ્વાહીશાતો પર અમલ કરનારા છે. ભલે તેની સંખ્યા બહુ જ વધારે કેમ ન હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૨૮) જે માણસ લોકોને પોતાની તરફ બોલાવે, ત્યારે તે લોકોમાં તેના કરતા વધારે આલિમ મૌજૂદ હોય તો તે બિદઅતી અને ગુમરાહ છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૪ : બિદઅતીથી મુખ ફેરવી લેવું

(૧૬૨૯) જ્યારે તમે કોઈ બિદઅત કરનારાને જુઓ ત્યારે તેનાથી મોઢું ફેરવી લ્યો.

(૧૬૩૦) જે માણસ બિદઅત કરનારની સામે સ્મિત કરે તો તે તેના દીનની તબાહીમાં તેનો સાથીદાર ગણાશે.

(૧૬૩૧) જે માણસ બિદઅત કરનારને ભયભીત કરી દે તો ખુદા તેના દિલને ઈમાન અને શાંતિથી ભરી દેશે.

(૧૬૩૨) જે માણસ કોઈ બિદઅતીને જોઈને મોઢું ફેરવી લે તો ખુદાવંદે આલમ તેના દીલને શાંતી અને ઈમાનથી માલામાલ કરી દેશે.

(૧૬૩૩) જે માણસ કોઈ બિદઅતીને જોઈને તેનાથી મુખ ફેરવી લે તો ખુદા તેના દિલને યકીન અને રઝા (પોતાના રાજીપા)થી ભરી દેશે.

(૧૬૩૪) જે માણસે કોઈ બિદઅતી પાસે જઈને તેને માન આપ્યું તો તેણે જાણે કે ઇસ્લામની બરબાદીનું કામ કર્યું.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૬૩૫) જ્યારે તમે મારા પછી શંકા કરનારાઓ અને બિદતીઓને જૂઓ ત્યારે તેના પ્રત્યે તમારો વિરોધ વ્યક્ત કરો. તેને ધિક્કારો, તેની ઉપર લાનત કરો, તેને જીભથી જબરદસ્ત કોરડા મારો જેથી તે લોકો ઇસ્લામમાં ફસાદ ઉભો કરવાની ઇચ્છાઓ અટકી જાય, અને લોકોને પણ તેવા લોકોથી દૂર રાખવાની કોશિશ કરો, જેથી બીજા લોકો બિદઅત અપનાવવાથી બચે. આ રીતે તમારા નામએ આમાલમાં ફક્ત નેકીઓ લખવામાં

આવશે અને આખેરતમાં તમારા દરજ્જા બુલંદ કરવામાં આવશે. (આ કિતાબમાં જીભથી કોરડા લગાવો - ની જગ્યાએ ખૂબજ ભયમાં મુકો એવા શબ્દો છે.)

પ્રકરણ - ૫ : બિદઅત કરનારાઓ અને ઇબાદત

(૧૬૩૬) જે માણસ બિદઅત કરવા લાગે છે ત્યારે શૈતાન તેને ઇબાદતમાં લગાવી દે છે અને તેની ઉપર ખુઝુઅ અને ખુશુઅ તેમજ રૂદનની હાલત પૈદા કરી દે છે. (એટલે કે તે બહુજ ખુઝુઅ અને ખુશુઅની સાથે ઇબાદત કરે છે અને રડતો રહે છે, પરંતુ આ શૈતાની ખુલૂસ અને શૈતાની રૂદન હોય છે.)

(૧૬૩૭) જ્યારે કોઈ બંદામાં દુરાચાર તેની પરાકાષ્ટાએ પહોંચી જાય છે ત્યારે તે પોતાની

આંખો ઉપર કાબૂ મેળવી લે છે અને તેની ઇચ્છા થાય ત્યારે રડાવે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૬૩૮) હું ખુદાની કસમ ખાઈને કહું છું કે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી મેં આ પ્રમાણે સાંભળ્યું : જ્યારે શૈતાન કોઈ કૌમને વ્યભીચાર, શરાબખોરી, વ્યાજખોરી, ખરાબ ભાષા બોલવા અને ગુનાહો જેવી બદકારી માટે પ્રેરણા આપે છે ત્યારે પહેલા લોકોમાં જબરદસ્ત ઇબાદત, ખુલૂસ અને ખુઝુઅ તેમજ

રૂકુઅ અને સિજદાઓનો શોખ પૈદા કરે છે. પછી તેમને એવા ઇમામોની ઇમામત કબૂલ કરવા માટે તૈયાર કરે છે જે જહન્નમ તરફ બોલાવે છે. (એ રીતે તે લોકો આગળ જણાવેલ બદકારીઓના શિકાર બની જાય છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૩૯) મોઅમિનનું રૂદન અને આજીજી તેના દિલમાંથી હોય છે અને મુનાફિકોનું રૂદન તેમના માથામાંથી હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૬ : બિદઅત કરનારાઓના અમલ કબૂલ થવાને પાત્ર નથી.

(૧૬૪૦) ખુદાવંદે આલમ બિદઅત કરનારાઓની નમાઝ, રોઝા, સદકો, હજ, ઉમ્રહ, જેહાદ એટલે સૂધી કે તેના કોઈ અમલ કબૂલ ફરમાવશે નહીં.

(૧૬૪૧) સુન્નત પ્રમાણે કરવામાં આવેલો થોડો અમલ, બિદઅત મુજબ કરવામાં આવેલો વધારે અમલથી બહેતર છે.

(૧૬૪૨) અમલ વગરનો કોઈપણ કૌલ કબૂલ થવાને પાત્ર નથી, નીય્યત વગરનો કોઈપણ કૌલ

અને અમલ, સુન્નત પ્રમાણે કર્યા વગર કોઈ અમલ કે નિય્યત કબૂલ થવાને પાત્ર નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

પ્રકરણ - ૭ : બિદઅત કરનારની તૌબા

(૧૬૪૩) ખુદાવંદે આલમે બિદઅત કરનારની તૌબ કબૂલ કરવાનો ઇન્કાર કરી દીધો છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૮ : જ્યારે બિદઅતો જાહેર થઈ જાય...

(૧૬૪૩) જ્યારે મારી ઉમ્મતમાં બિદઅતો જાહેર થઈ જાય ત્યારે આલિમની એ ફરજ છે કે તે પોતાના ઇલ્મને જાહેર કરે. જો તે તેમ નહીં કરે તો તેની ઉપર ખુદાની લઅનત થશે.

(૧૬૪૫) જ્યારે બિદઅતો જાહેર થઈ જાય અને તે ઉમ્મતમાં પછી આવેલા લોકો પહેલાના લોકો ઉપર લાનત કરવા લાગે ત્યારે જેની પાસે ઇલ્મ હોય તે તેનો પ્રચાર અને પ્રસાર કરે, કેમકે તે દિવસે પોતાના ઇલ્મને છુપાવનાર એવો હશે, જાણે કે તે હઝરત મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલલમના ઉપર ખુદા તરફથી નાઝીલ થએલ બાબતોને છુપાવનારો હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૬૪૬) એક રિવાયતમાં છે કે યૂનુસ ઇબ્ને અબ્દુર રહેમાન કહે છે : અમે હઝરત (માસૂમીન) સાદીકીન અલયહેમુસ્સલામથી રિવાયત કરી છે કે તેઓએ ફરમાવ્યું : જ્યારે બિદઅત જાહેર થઈ જાય ત્યારે આલિમ માટે જરૂરી છે કે તે પોતાના ઇલ્મને જાહેર કરે. જો તે તેમ નહીં કરે તો તેમના ઈમાનનું નૂર ખેંચી લેવામાં આવશે.

વિભાગ - ૩ : બદાઅ...

પ્રકરણ - ૧ : બદાઅ... (ફેરફારને પાત્ર બાબતો)

(૧૬૪૭) ખુદાવંદે આલમે બદાઅ જેવી અઝમત બીજી કોઈ વસ્તુને આપી નથી.

(૧૬૪૮) ખુદાને જેટલી જેટલી ઇબાદત બદાઅ થકી થઈ છે તેટલી બીજી કોઈ વસ્તુ થકી થઈ નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : બદાઅનો અર્થ

(૧૬૪૯) અલ્લાહ તબારક વ તઆલા પાસે બે પ્રકારના ઇલ્મ છે. એક જેને તે છુપું અને ગુપ્ત રાખે છે. જેને તે પોતે જ જાણે છે અને તેનાથી બદાઅ....જાહેર થાય છે. બીજું એ જેને ફરિશ્તાઓ, પયગમ્બરો અને નબીઓને તાલિમ ફરમાવ્યું છે. અને અમે પણ તેને જાણીએ છીએ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : અશક્ય બદાઅ

(૧૬૫૦) જે માણસ એમ માનતો હોય કે અલ્લાહ તઆલાને બદાઅ એવી રીતે થાય છે કે (ગઈ) કાલે તેની એક વાતનું ઇલ્મ ન હતું અને આજે તે વાતનું ઇલ્મ આવી થયું છે, તો તમે તેવા માણસથી દૂર રહેજો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૪ : બદાઅનું વિવરણ

‘બદાઅ’ (બે ઉપર ઝબર - મદ સાથે)નો શાબ્દિક અર્થ એ છે કે કોઈ બાબતને - તે છૂપી હોવા પછી, તે જાહેર થયા બાદ જાણી લેવામાં આવે.

કેટલાક લોકો સિવાય ઉમ્મતે મુસ્લેમા એ વાત ઉપર એક મત છે કે ‘બદાઅ’નો સંબંધ અલ્લાહની ઝાત સાથે જોડવો યોગ્ય નથી, જે લોકો આ બાબતમાં મઝહબે ઇમામીયા ઉપર આક્ષેપ કરે છે. તેઓ મોટા જુઠાણાથી કામ લે છે. મઝહબે ઇમામીયા એવા લોકોના જુઠાણાઓથી દૂર છે.

અઇમ્માની હદીસો અને આલમોના કથનથી એ વાત જાહેર છે કે બદાઅનો સબંધ અમુક અર્થ માટે છે અને ખુદાની ઝાત વિશે આ શબ્દોનો ઉપયોગ નીચે પ્રમાણે કરવો સહીહ છે :

(૧) કોઈ વસ્તુને જાહેર કરવી અને અસ્તિત્વમાં લાવવી અને તેના અસ્તિત્વ માટે શરતો અને મસ્લેહતના કારણે તકદીર અને ઇરાદાને જોડવો, આમ રોજ બરોજના બનાવો સાથે આ પ્રકારના અર્થને સંબંધ છે. અલબત્ત 'અકરખ' (બહેરાસ) 'અબરસ' (કોઢ) અને 'અઅમા' (અંધાપો) ધરાવતા લોકો વિશે વારિદ થએલી હદીસો માટે ઇબ્ને અસીર

કહે છે અસીરનો કૌલ પણ આ જ અર્થની બહુ જ નિકટ છે કે : તેમના વિશે ખુદાની 'બદાઅ' એ જ છે કે ખુદા તેમને અજમાવે. અહીં બદાઅનો અર્થ 'કઝા' છે. એટલે કે ખુદાનો ફેંસલો એ જ છે કે એવા લોકોને અજમાવે. કેમકે કઝા, બદાની પહેલા હોય છે. અને કોઈ અજાણી વાત વિશે ઇલ્મ થઈ ગયા પછી સલાહ લેવાનું નામ બદાઅ છે. પરંતુ આ બાબત અલ્લાહ તઆલા માટે અશક્ય છે અને સાચી નથી.

કદાચ ઇબ્ને અસીરે કઝાના અસ્તિત્વના હુકમનો અર્થ તેનું પહેલેથી જ અસ્તિત્વમાં હોવું અને તેનું

ઇલ્મ અગાઉથી હોવું એવો કર્યો હોય. આ બાબતમાં તેના પછી જે નિશાનીઓનો ઉલ્લેખ થયો છે તેનો જાહેરી રીતે ઇશારો આ બાબત તરફ છે.

(૨) બે સમાન વસ્તુઓ માટે અનિશ્ચિત ઇરાદો કરવો અને તેમાંથી કોઈ એક બાબતને બીજી બાબત ઉપર અગ્રતા આપવી અને તેને અસ્તિત્વમાં લાવવાનો હુકમ આપવો. આ અગ્રતા અને હુકમનું એ કારણ હોય છે કે એક બાબતની શરતો અને મસ્લેહત બીજી વસ્તુની શરતો અને મસ્લેહત ઉપર અગ્રતા ધરાવે છે. જેમકે દુઆ કરનારની દુઆની કબુલીયાત અને તેની હાજતોને પૂરી કરવી, સીલે

રહેમીના કારણે આયુષ્યમાં વધારે થવો, કોઈ કૌમનો નાશ કરવાનો ઇરાદો કર્યા પછી તેનો નાશ ન કરવો વગેરે બાબતો આ પ્રકારમાં આવે છે.

(૩) મર્યાદિત સમય અગાઉથી જાણ હોય તેવી શરતો અને ખાસ મસ્લેહતના કારણે કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી ગયા પછી તેનો નાશ કરી દેવો, જ્યારે સમય પૂરો થઈ જાય અને તેની શરતો અને મસ્લેહતનો તકાઝો હોય તો તે અસ્તિત્વમાં હોય તે બાબત (વસ્તુ)ને રદ કરી નાખવી. અલબત્ત એ જરૂરી નથી કે પરિવર્તન (બદલાવ) અને મસ્લેહતની શરતો મૌજૂદ હોય કે ન હોય, આમ

પૈદા કરવું, મારવું અને પૈદા કરવા વિશેના કાર્યમાં કોઈ વસ્તુનો બંદોબસ્ત કરવો, તકલીફી (દુક્ષ્વારી ભર્યા) કાર્યોમાં પરિવર્તન હોવા અથવા ન હોવાના કારણે કોઈ વસ્તુને રદ કરવી વગેરે.

'મનસૂખ' (રદ) કરવાનો સંબંધ પણ બદાઅ સાથે છે. જે બાબતે હ. શૈખ સદૂક (ર.અ.)એ તેમની બે કિતાબો 'અત્તવહીદ' અને 'એઅતકાદાત'માં આ વાતનું વિગતવાર વર્ણન કર્યું છે.

સંપાદકની નોંધ :- આ વિષયની વિગતવાર ચર્ચાનો અભ્યાસ કરવા વિનંતી છે.

અનુવાદકની નોંધ :- બદાઅનો વિષય બહુજ ઉંડાણ ભર્યો છે તેથી આલિમે દીન પાસેથી વધારે વિગત જાણવા વિનંતી છે.

વિભાગ - ૪ : ઇબ્દાલ (બુઝુર્ગ)

પ્રકરણ - ૧ : ઇબ્દાલ (બુઝુર્ગ)

(૧૬૫૧) ત્રણ સિફતો એવી છે, જે કોઈનામાં જોવા મળે તો તેની ગણતરી બુઝુર્ગમાં થાય છે. (૧) ખુદાની કઝા ઉપર રાજી રહેવું. (૨) ખુદાએ હરામ કરેલી બાબતોથી દૂર રહેવું. (૩) ખુદાની ખુશ્નુ દી માટે કોઈ ઉપર ગુસ્સે થવું.

(૧૬૫૨) મારી ઉમ્મતના બુઝુર્ગ પોતાના કાર્યોના કારણે જન્નતમાં જશે નહીં, બલ્કે ખુદાની રહમત, સખાવતે નફસ, ખુલુસે કલ્બ (દિલની નિર્મળતા)

અને તમામ મુસલમાનો ઉપર મહેરબાન હોવાના કારણે જ બેહિશ્તમાં જશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૫ તબ્ઝીર (ઇસ્રારફ - નકામો ખર્ચ કરવો)

પ્રકરણ-૧ : તબ્ઝીર (ઇસ્રાફ - નકામો ખર્ચ કરવો)

કુરઆને મજીદ :-

* અને ઉડાઉપણે ખર્ચ ન કર, નિ:સંશય ઉડાઉ ખર્ચ કરનારા શૈતાનોના ભાઈબંધો છે.

- (સૂ. બની ઇસરાઈલ આ. ૨૬, ૨૭)

હદીસ :-

(૧૬૫૩) સખી બનો, નકામો ખર્ચ કરનારા ન બનો, અંદાજ પ્રમાણે ખર્ચ કરો અને કંજુસાઈથી કામ ન લો.

(૧૬૫૪) નકામો ખર્ચ ભુખમરાનું કારણ બને છે. નકામો ખર્ચ કરવો એ ગરીબાઈનો સાથીદાર છે.

(૧૬૫૫) નકામો ખર્ચ મુફલીસીનો સાથીદાર છે.

(૧૬૫૬) જે નકામો ખર્ચ કર્યા પછી અભિમાન કરે છે તે ગરીબાઈની સાથે (ગરીબ થઈને) હડધૂત થાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ઇસ્રાેફનો અર્થ

(૧૬૫૭) ખુદાવંદે તઆલાના આ કૌલ ‘ફુઝુલ ખર્ચી કરનાર ન બનો’ તે વિશે ઇરશાદ ફરમાવ્યું : જે માણસ ખુદાની ઇતાઅત સિવાયના કામોમાં ખર્ચ કરે છે તેને ફુઝુલ ખર્ચ કરનાર સમજવામાં આવશે, અને જે ભલાઈના માર્ગમાં ખર્ચ કરશે તો તેને વચલો માર્ગ ધારણ કરનાર સમજવામાં આવશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૬૫૮) અબૂ બસીર કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને ખુદાવંદે

આલમના આ કૌલ ‘ફુઝુલ ખર્ચી કરનાર ન બનો’ વિશે પ્રશ્ન કર્યો. આપ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું: માણસ પોતાનો બધો માલ ખર્ચી નાખે અને જ્યારે માલ ખલાસ થઈ જાય ત્યારે તે બેસી જાય, પછી પૂછ્યું : શું હલાલમાં પણ ફુઝુલ ખર્ચી છે ? ફરમાવ્યું : હા.

વિભાગ - ૬ : બીરર (નેકી)

પ્રકરણ - ૧ : બીરર (નેકી)

કુરઆને મજીદ :-

* અને નેકી તથા પરહેઝગારીમાં એકબીજાને સહાય કરો, અને ગુનાહ તથા શત્રુતામાં એકમેકની સહાય કરો નહિ.

- (સૂ. માએદાહ આ. ૨)

* પણ નેકી તથા પરહેઝગારીના સંબંધમાં સલાહ કરો.

- (સૂ. મુજાદેલહ આ. ૯)

હદીસ :-

(૧૬૫૯) ફક્ત નેકી જ આયુષ્યમાં વધારો કરે છે.

(૧૬૬૦) જે સારી બાબતનો સવાબ તુરંત જ મળે છે તે નેકી છે અને જે બાબત જલ્દી અઝાબ થવાનું કારણ બને છે તે બદી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૬૬૧) ગુપ્ત રીતે નેકી કરવી અને સદકો આપવો ફકીરી અને તંગદસ્તીને દૂર કરે છે, આયુષ્યમાં વધારો કરે છે અને ૭૦ (સિત્તેર) પ્રકારની ખરાબ રીતે થનારી મૌતથી બચાવે છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૬૬૨) જે માણસ પોતાના ભાઈઓ અને ઘરવાળાઓ સાથે નેક વ્યવહાર કરે છે તેની આયુષ્ય વધારે હોય છે.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૧૬૬૩) નેકી જુની થતી નથી. (હંમેશા તાજી રહે છે.) અને ગુનાહ ભુલવામાં આવતા નથી. (યાદ રહે છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૬૪) ભાઈઓ સાથે નેકી અને તેમની હાજત પૂરી કરવા માટેના પ્રયત્નો કરવાની ગણતરી સાલેહ અઅમાલમાં થાય છે. તેનાથી શૈતાનનું નાક રગદોળવામાં આવે છે, જહન્નમથી મુક્તિ મળે છે અને બેહીશ્તમાં પ્રવેશ મળે છે, આ વાત તમારા નેક સાથીદારોને જણાવી દયો. એટલે કે એવા લોકો, જે તંગી અને આસાની બંને હાલતમાં

પોતાના ભાઈઓ સાથે નેકી કરે છે તેને જહન્નમથી મુક્તિ અને બેહીશ્તમાં પ્રવેશ મળે છે.

(૧૬૬૫) કયામતના દિવસે એક વજનદાર વસ્તુ આવશે. જે મોઅમિનને પાછળ કરી દેશે અને તે (વજનદાર વસ્તુ) બેહીશ્તમાં લઈ જશે અને કહેવામાં આવશે આ નેકી છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૬૬૬) નેકી સુધારણા કરનાર અમલ છે.

- હઝરત અલી (અલયિહિસ્સલામ)

(૧૬૬૭) તમારા વાલેદૈન (માતા - પિતા) સાથે નેકી કરો તો તમારા સંતાન તમારી સાથે નેકી કરશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : નેકીના દરવાજા

(૧૬૬૮) ત્રણ બાબતો નેકીના દરવાજા છે: (૧) દિલની સખાવત (૨) વાણીની પવિત્રતા (૩) દુ:ખોમાં સબ્ર.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૬૯) ચાર બાબતો જન્નતના ખજાનાઓ છે: (૧) હાજતો છુપાવવી (૨) છુપાવીને સદકો આપવો (૩) દર્દને છુપાવવું અને (૪) મૂસીબતોને છુપાવવી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - 3 : નેક માણસની નિશાની

કુરઆને મજીદ :-

* તમે તમારા મુખ પુર્વ અથવા પશ્ચિમ તરફ કરો એમાં સદગુણ નથી, બલ્કે સદગુણ તો એ જ છે કે અલ્લાહ તથા કયામતના દિવસ પર તથા ફરિશ્તાઓ પર તથા (આકાશી) કિતાબો પર અને નબીઓ પર ઈમાન લાવવું.

- (સૂ. બકરહ આ. ૧૭૭)

* અને તમે મકાનોમાં તેની પાછળથી (એહરામની હાલતમાં) દાખલ થાઓ એ સદગુણ નથી પણ સદગુણ તો એ છે કે ગુન્હાઓથી બચીને ચાલવું, અને મકાનોમાં તેમના સામેના દરવાજાઓમાંથી દાખલ થાઓ. અને અલ્લાહથી ડરતા રહો. જેથી તમે સફળતા પામો.

- (સૂ. બકરહ આ. ૧૮૯)

હદીસ :-

(૧૬૭૦) ... અલબત્ત નેક માણસની દસ નિશાનીઓ છે. કોઈ સાથે અલ્લાહ માટે દોસ્તી

કરવી, અલ્લાહ માટે દુશ્મની કરવી, અલ્લાહના નામ ઉપર કોઈને સહકાર આપવો, અલ્લાહ માટે કોઈને માફ કરવું, અલ્લાહ માટે ગુસ્સે થવું, અલ્લાહ માટે રાજી થવું, અલ્લાહ માટે અમલ કરવો, અલ્લાહની તરફ બોલાવવું, અલ્લાહના ખૌફથી તેની સામે માથુ ઝુકાવવું, અલ્લાહ તબારક વ તઆલાથી ડરવું અને ડરાવવું, દિલોનું પાક અને ખાલીસ હોવું, અલ્લાહથી શર્મો હયા કરવી, હંમેશા સજાગ રહેવું અને ખુદાની ખૂશી માટે ભલાઈ કરવી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૪ : શ્રેષ્ઠ નેકી

(૧૬૭૧) દરેક નેકી ઉપર બીજી નેકી હોય છે. એટલે સૂધી કે માણસ ખુદાની રાહમાં (કત્લ થઈ) મરી જાય તો તેના કરતા વધારે સારી બીજી કોઈ નેકી નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : પરસ્પર નેકીની હિદાયત કરો

(૧૬૭૨) પરસ્પર સંપ રાખો, નેકી કરો, રહેમ કરો અને નેક ભાઈ બનીને રહો. આ બાબતનો અલ્લાહે તમને હુકમ આપ્યો છે.

(૧૬૭૩) પરસ્પર સંપીને રહો, રહેમ કરો અને મહેરબાની ભર્યો વર્તાવ રાખો.

(૧૬૭૪) ખુદાથી ડરો અને નેક ભાઈ બની જાવ. ખુદાની ખૂશી માટે એક બીજા સાથે મોહબ્બત કરો અને એક બીજા સાથે સંપ રાખો અને એક બીજા ઉપર રહમ કરો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૬ : સંપૂર્ણ નેકી

(૧૬૭૫) સંપૂર્ણ નેકી એ છે કે તમે જે કામ જાહેરમાં કરો છો, ખાનગીમાં પણ તેજ કરો.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

વિભાગ-૭ : બરઝખ

પ્રકરણ - ૧ : બરઝખ

કુરઆને મજીદ :-

* અને તેમની આગળ તે દિવસ સૂધી કે જે દિવસે તેઓને પાછા ઉઠાડવામાં આવશે એક બરઝખ (આડ) રહેશે.

- (સૂ. મોઅમેનૂન આ. ૧૦૦)

હદીસ :-

(૧૬૭૬) અલી બિન ઇબ્રાહીમની તફસીરમાં છે કે બરઝખ બે બાબતોની વચ્ચેનો હુકમ છે. તે દુનિયા અને આખેરતની વચ્ચે સવાબ અને અઝાબ છે. આ વિષયમાં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) ફરમાવે છે : મને તમારા વિશે માત્ર બરઝખના બારામાં જ ડર છે.

(૧૬૭૭) ખુદાવંદે આલમના આ કૌલ 'વરાએહીમ-બરઝખ...' વિશે ફરમાવ્યું : બરઝખનો અર્થ કબ્ર છે જેમાં લોકોની ઝીંદગી બહુજ સખ્તી અને તંગીમાં હશે. ખુદાની કસમ, કબ્ર જન્નતના બાગોમાંથી એક

બાગ છે. અથવા જહન્નમના ખાડાઓમાંથી એક ખાડો છે.

- હઝરત ઈમામ મહદી (અલયહિસ્સલામ)

(૧૬૭૮) બરઝખ કબ્ર છે અને તે જ દુનિયા અને આખેરતની વચ્ચે સવાબ અને અઝાબ છે.

(૧૬૭૯) ખુદાની કસમ - હું તમારા વિશે બરઝખથી ડરૂં છું. રાવીએ પુછ્યું: બરઝખ શું છે ? ફરમાવ્યું : કબ્ર. મરવાના દિવસથી લઈને કયામત સૂધી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૬૮૦) તેઓ બરઝખના પેટમાં જઈ ચુક્યા છે, તેમના ઉપર જમીન આવી ગઈ છે અને તેમનું ગોશ્ત ખાઈ ચુકી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : બરઝખમાં અહીંના શરીરો જેવા શરીર હશે.

(૧૬૮૧) અબી વીલાદ હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે મેં ઈમામ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી : હું આપના ઉપર ફુરબાન થાઉં, લોકો એવી રિવાયત કરે છે કે મોઅમિનોની રૂહો સૌથી ઉપરના આસમાન પર ઉપર લીલા પક્ષીઓના ઝુંડ વચ્ચે છે. (શું આ વાત સાચી છે ?) ઇમામે ફરમાવ્યું : એવી વાત નથી, કેમકે ખુદાની નજરોમાં મોઅમિનની શાન તેનાથી ઘણી વધારે છે કે તે

કોઈ પક્ષીના ઝુંડમાં હોય. બલ્કે તેઓની રૂહો દુનિયાના શરીરો જેવા શરીરમાં હોય છે.

(૧૬૮૨) એક રિવાયતમાં છે કે જ્યારે ખુદાવંદે આલમ મોઅમિનની રૂહ કબ્ઝ કરી લે છે ત્યારે તેની દુનિયાના શરીર જેવા શરીરમાં પરિવર્તિત કરી નાખે છે. એ સ્વરૂપમાં તે ખાઈ-પીવે છે અને તેની પાસે કોઈ આવી જાય તો તેને એવી રીતે ઓળખી લે છે જેવી રીતે તે દુનિયામાં હતો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : બરઝખની હાલતમાં મોઅમિનોનો રૂહો.

કુરઆને મજીદ :-

* અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે તેમને હરગિઝ હરગિઝ મરણ પામેલા સમજો નહીં, બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસ જીવતા હોઈ (ઉત્તમ) રોજી મેળવે છે.

- (સુ. આલે ઇમરાન આ. ૧૬૯)

હદીસ :-

(૧૬૮૩) હમ્માદ બિન ઉસ્માન, હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે આપની સામે રૂહોનો ઉલ્લેખ થયો અને મોઅમિનોની રૂહોનો ઉલ્લેખ થયો ત્યારે આપે ફરમાવ્યું : તે (રૂહો) પરસ્પર મળતી રહે છે. મેં પુછ્યું : શું પરસ્પર મળતી પણ રહે છે ? ફરમાવ્યું : હા, બલ્કે એકબીજાના ખબર અંતર પણ પૂછે છે અને એકબીજાને ઓળખે પણ છે. એટલે સૂધી કે જો તમે તેને જુઓ તો કહી શકો કે આ ફલાણો માણસ છે.

(૧૬૮૪) મોઅમિનોની રૂહો જન્નતમાં ઓરડાઓમાં છે. જન્નતનું ખાણું ખાય છે અને તેનું પીણું પીવે છે. એક બીજા સાથે મળતી રહે છે. અને કહે છે કે અય અમારા પરવરદિગાર ! કયામત બરપા ફરમાવ અને તારા એ વાયદાઓને પૂરા ફરમાવ જે તે અમારી સાથે કર્યા છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૬૮૫) ... અય ફરઝંદે નોબાતહ ! આ જગ્યા (એટલે કે નજફે અશરફ)ની પાછળની બાજુએ તમામ મોઅમિન પુરૂષો અને મોઅમિન સ્ત્રીઓની રૂહો નૂરના માળખા અને નૂરના મિમ્બરો ઉપર છે.

(૧૬૮૬) (બીજી એક રિવાયતમાં છે કે) એ ફરઝંદે નબાતહ ! જો તમારી નજરોની સામેથી પરદાઓ હટાવી દેવામાં આવે તો તમે પાછળની બાજુએ મોઅમિનોની રૂહોને જોઈ શકશો જે સમુહમાં એક બીજાને મળે છે અને વાતો કરી રહી છે. યાદ રાખો કે અહીં પાછળની બાજુએ (વાદીઉસ્સલામમાં) મોઅમિનોની રૂહો મૌજૂદ છે. જ્યારે કે વાદીએ બરહુતમાં કાફરોની રૂહો મૌજુદ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૮૭) ... જાણી લેવું જોઈએ કે જમીનનો પુર્વ અને પશ્ચિમનો કોઈ મોઅમિન એવો નથી (જેની

રૂહને) ખુદાવંદે આલમ વાદીઉસ્સલામમાં ન બોલાવે. મેં પુછ્યું : વાદીઉસ્સલામ ક્યાં છે ?

આપે ફરમાવ્યું : કુફાની પાછળની બાજુએ, તમને એ વાતની ખબર હોવી જોઈએ કે હું તેઓને જોઈ રહયો છું અને તેઓ સમુહમાં બેસીને વાતો કરી રહ્યા છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : કાફરોની રૂહો

કુરઆને મજીદ :-

* પછી જે ચાલબાજીઓ તેઓ ચાલ્યા તેની ખરાબીઓથી અલ્લાહે તેને બચાવી રાખ્યો, અને ખરાબ અઝાબે ફિરઔનના આખા કુટુંબને ચારે બાજુથી ઘેરી લીધું. (યાને) આગ, જેની સામે તેમને સવાર સાંજ ઊભા કરવામાં આવે છે, અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે (હુકમ કરવામાં આવશે કે) ફિરઔનીઓને સખતમાં સખત અઝાબમાં દાખલ કરી દો.

- (સૂ. મોઅમિન આ. ૪૫, ૪૬)

(૧૬૮૮) (કાફિરોની રૂહો વિશે ફરમાવ્યું કે) તે જહન્નમના ઓરડાઓમાં છે. ત્યાંનું ખાણું ખાઇ રહી છે અને ત્યાંનું પીણું પી રહી છે, એકબીજાને હળતી મળતી રહે છે અને કહે છે : એ અમારા પરવરદિગાર ! તું કયામતને બરપા કરતો નહીં કે તારા એ વાયદાઓ પુરા ન થઇ જાય જે તે અમને કર્યા છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૬૮૯) કાફિરોની રૂહો જહન્નમમાં છે અને જહન્નમની આગ તેમની સામે રજુ કરવામાં આવે છે ત્યારે તે (રૂહો) કહે છે : એ મારા રબ કયામત બરપા ન ફરમાવ કે તારા એ વાયદાઓ પૂરા ન થઇ શકે જે તે અમારી સાથે કર્યા છે. અને અમારા અંતને અમારા પ્રારંભ સાથે મેળવી ન દે.

- હઝરત ઈમામ જાઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૬૯૦) હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વસ્સલમ વિશે છે કે તેઓ જંગે બદ્રમાં કત્લ થએલાઓની પાસે આવીને ઊભા રહ્યા અને ફરમાવ્યું : અય અબુજહલ ! અય અત્બહ ! અય

શયબહ ! અને અય ઉમય્યા ! શું તમે એ બરહક વાયદાઓને જોઇ લીધા જે તમારા રબે તમારી સાથે કર્યા હતા. જ્યારે કે મેં તો મારા રબના બરહક વાયદા સંપૂર્ણ રીતે જોઇ લીધા.

હ. ઉમરે કહ્યુ : આપ એવા શરીરો સાથે વાતો કરી રહ્યા છો જેમનામા રૂહો નથી.

હુઝૂરે ગીરામી કદ્રે ફરમાવ્યું : મને એ ઝાતની કસમ, જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે, મારી વાતોને તમારી સરખામણીમાં આ લોકો વધારે સાંભળી રહ્યા છે. અલબત્ત એ એક જૂદી વાત છે કે તેઓ જવાબ આપી શકતા નથી.

વિભાગ - ૮ : બરકત

પ્રકરણ - ૧ : બરકતવાળો ઇન્સાન

કુરઆને મજીદ :-

* અને જ્યાં પણ હું હોંઉં મને બરકત વાળો બનાવ્યો છે.

- (સૂ. મરીયમ આ. ૩૧)

* પરવરદિગાર ! મને બરકતવાળા ઉતારા પર ઉતારજે.

- (સૂ. મોઅમેનૂન આ. ૨૯)

હદીસ:-

(૧૬૯૧) ખુદાવંદે આલમના આ કૌલ-સૂરએ મરીયમ આ. ૩૧ વિશે ફરમાવ્યું : આ આયતમાં 'મુબારક'નો અર્થ વધારે ફાયદો પહોંચાડનાર છે.

- હઝરત ઈમામ જાઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : બરકતના માધ્યમો....

કુરઆને મજીદ:-

* અને જો તે વસ્તીવાળાઓ ઈમાન લઇ આવતે તથા ડરતા રહેતે તો અમે તેમના પર આકાશ તથા જમીનની બરકતો(ના દ્વાર) ઉઘાડી નાખતે.

-(સૂ. અઅરાફ આ. ૯૬)

હદીસ:-

(૧૬૯૨) રજઅત વિશેની એક લાંબી હદીસમાં ફરમાવ્યું : ... એ વખતે આસમાન અને જમીનથી

બરકત નાઝીલ થશે, એટલે સૂધી કે ઝાડમાં પણ એવા ફળ આવશે જેવા અલ્લાહ ચાહે, અને શીયાળાના ફળો ઉનાળામાં અને ઉનાળાના ફળો શીયાળામાં ખાવામાં આવશે અને ખુદાના એ કૌલ અર્થ છે.

- હઝરત ઈમામ હુસૈન (અલયિહિસ્સલામ)

(૧૬૯૩) તમારી ખાવાની વસ્તુઓને તોલતા રહો, કેમકે તોલવાથી માલમાં બરકત થાય છે.

(૧૬૯૪) ત્રણ વસ્તુઓમાં બરકત હોય છે : નકકી કરાએલી મુદ્દતનો સોદો, બીજાને કર્ઝ આપવું અને

વેચવા માટે નહીં પણ, ઘરમાં ઉપયોગ માટે ઘઉંમાં જવ મેળવવા.

- હઝરત રસૂલે અકરમ સલલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમ

(૧૬૯૫) ખુદાવંદે આલમે એક નબીની તરફ વહી મોકલી : જો મારી ઇતાઅત કરવામાં આવે તો હું રાજી થઇશ, જો હું રાજી થઇશ તો બરકતો નાઝીલ કરીશ અને મારી બરકતોનો કોઇ અંત નથી...

- હઝરત ઈમામ અલી રઝા (અલયહિસ્સલામ)

(૧૬૯૬) બરકતના દસ ભાગો છે. જેમાંથી નવ ભાગ વેપારમાં છે, બાકીનો ભાગ બીજા વ્યવસાયમાં છે.

(૧૬૯૭) અદલો ઇન્સાફને કારણે બરકતો બમણી થઇ જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : બરકત અટકાવનારા કારણો

કુરઆને મજીદ:-

* પરંતુ તેમણે (રસૂલોને) જૂઠલાવ્યા, પછી તેમની કરણીઓના કારણે અમોએ તેમની ધરપકડ કરી.

- (સુરએ અઅરાફ આ. ૯૬)

હદીસ:-

(૧૬૯૮) ચાર આદતો એવી છે કે જે કોઇમાં તે બાબતો પૈકીની એક પણ આદત પ્રવેશી જાય તો તેને બરબાદ કરી નાખે છે અને તેની પાસેથી

બરકત ચાલી જાય છે. ખયાનત, ચોરી, શરાબનું સેવન અને વ્યભીચાર.

- હઝરત રસૂલે અકરમ સલલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમ

(૧૬૯૯) દાઉદ ઝરમી કહે છે કે અબુલ હસન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : અય દાઉદ, હરામમાં કદી વધારો થતો નથી, જો તેમાં વધારો થાય તો તેમા બરકત હોતી નથી. જો તેમાંથી (રાહે ખુદામાં) ખર્ચ કરવામાં આવે તો તેનો અજ્ર મળતો નથી અને તેમાંથી મરનારની પાછળ જે રહી જાય તે તેના માટે જહન્નમનું ભાતું છે.

(૧૭૦૦) જ્યારે ખયાનત ખુલ્લેઆમ કરવામાં આવે ત્યારે બરકત પણ ઉઠાવી લેવામાં આવશે.

વિભાગ - ૯ : બુરહાન (દલીલ)

પ્રકરણ - ૧ : તમારા રબ તરફથી દલીલ

કુરઆને મજીદ :-

* હે લોકો ! બેશક તમારા પાસે તમારા પરવરદિગાર તરફથી (સત્ય ધર્મની ખુલ્લી) દલીલ આવી ચુકી છે અને અમોએ તમારા તરફ સત્ય ખુલ્લું કરી દેખાડી દેનાર નૂર (કુરઆન) ઉતાર્યું છે.

- (સૂ. નિસા આ. ૧૭૫)

* હવે તારા પાલનકર્તા તરફથી (તને અપવામાં આવેલ તારી નબુવ્વતના) આ બે ચમત્કારો ફિરઔન તથા તેના બે દરબારી માટે છે; નિસંશય તેઓ દુરાચારી લોકો છે.

- (સૂ. કસસ આ. ૩૬)

પ્રકરણ - ૨ : લાવો, તમારી દલીલો રજૂ કરો.

કુરઆને મજીદ :-

* અને તે કોણ છે જે આકાશ તથા જમીનમાંથી તમને રોજી આપે છે ? શું અલ્લાહ સાથે બીજો પણ કોઈ માઅબૂદ છે ? (હરગીઝ નહીં) તું કહે કે જો તમે સાચા છો તો તમારી દલીલો રજૂ કરો.

- (સૂ. નમ્લ આ. ૬૪)

- (સૂ. મોઅમેનૂન આ. ૧૧૭)

* આ (માત્ર) તેમની ખોટી કલ્પનાઓ જ છે; તું કહે જો તમે સાચા હો તો તમારી દલીલ રજુ કરો.

- (સૂ. બકરહ આ. ૧૧૧)

* અને અમે દરેક ઉમ્મતમાંથી એક એક સાક્ષી જુદો પાડી દઈશું, પછી અમે (મુશ્રીકોને) કહીશું કે તમે પોત પોતાની (બચાવની) દલીલો રજૂ કરો.

- (સૂ. કસસ, આ. ૭૫)

વિભાગ-૧૦ : બિશ્ર (હસતા ચહેરે મળવું)

પ્રકરણ - ૧ : બિશ્ર (હસતા ચહેરે મળવું)

(૧૭૦૧) હસતા મુખે મળવાથી દિલોમાંથી બુગ્ઝ અને કીનો દૂર થાય છે.

(૧૭૦૨) તમારા ભાઈઓ સાથે હસતા મુખે મુલાકાત કરો.

(૧૭૦૩) હસતા મુખે મળવું એ મોહબ્બતની જાળ છે.

(૧૭૦૪) હસતા મુખે મળવું એ મોહબ્બતનું મુલ્ય છે.

(૧૭૦૫) સસ્મિત મળવું એ શરીફ લોકોનો રિવાજ છે.

(૧૭૦૬) સસ્મિત મળવું એ શરીફ લોકોની ટેવ છે.

(૧૭૦૭) હસતો ચહેરો એ પહેલી સફળતા છે.

(૧૭૦૮) હસતો ચહેરો એ એવો પ્રાથમિક ઉપકાર છે જેના માટે કાંઈ ખર્ચ કરવો પડતો નથી.

(૧૭૦૯) હસતો ચહેરો બે ભેટ માંની એક ભેટ છે.

(૧૭૧૦) હસતો ચહેરો બે નીકટતામાંની એક નીકટતા છે.

(૧૭૧૧) સસ્મિત મુખ એ ખૂબ જ રોનકવાળું વાતાવરણ અને ઉમદા અખ્લાક છે.

(૧૭૧૨) તેઓ (લોકો) સાથે હસતા ચહેરે મળો, તો દ્વેષ દૂર થઈ જશે.

(૧૭૧૩) હસતો ચહેરો અને વિશાળ મુખ દ્વારા બક્ષીસની શ્રેષ્ઠ તક મળે છે.

(૧૭૧૪) હસતો ચહેરો એ મોહબ્બતનું કારણ (બને છે.)

(૧૭૧૫) તંગદીલી અને હસતો ચહેરો બંને સાથે હોઈ શકતા નથી.

(૧૭૧૬) મોઅમિનનું સ્મિત તેના ચહેરા પર હોય છે, તેની તાકત તેના દીનમાં હોય છે અને તેનો ગમ તેના દિલમાં હોય છે.

(૧૭૧૭) તમારું સ્મિત તમારી વ્યક્તિગત શરાફતનું પ્રતિબિંબ હોય છે.

(૧૭૧૮) સારી રીત - ભાત સાથે મળવાથી ભાઈચારો મજબૂત થાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૧૯) તમે તમારા માલ દ્વારા લોકોને (પોતાના બનાવવા માટે) પ્રભાવમાં લેવાની શક્તિ ધરાવતા નથી. (બલ્કે હસતા મુખે પ્રભાવશાળી ચહેરા સાથે એમ કરી શકો છો.) તેથી તમે તેમની સાથે હસતા અને પ્રભાવશાળી ચહેરે મુલાકાત કરો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૨૦) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ફરમાવતા હતા કે ખુદાવંદે આલમ એવા માણસને બહુજ ના પસંદ ફરમાવે છે

જે પોતાના ભાઈઓ સાથે બદ અખ્લાકી ભર્યો વ્યવહાર કરતો હોય.

(૧૭૨૧) (મોઅમિનો સિફતોનું વર્ણન કરતા ફરમાવ્યું) ખુબજ પ્રસન્ન અને પ્રફુલ્લ રહેતા હોય છે ન કે નાખુશ થઈને અથવા બદ અખ્લાકી સાથે કડવાશ ભર્યા અને ભવા ચડાવેલા ચહેરા સાથે હોય છે.

(૧૭૨૨) જ્યારે તમે તમારા ભાઈઓ સાથે મુલાકાત કરો તો મુસાફેહા કરો, તેમની સાથે હસીને અને સ્મિત ભર્યા ચહેરે મુલાકાત કરો. તેવી જ રીતે જ્યારે તમે તેનાથી જુદા પડો ત્યારે પણ તેવો જ

વ્યવહાર કરો, તો તમારા ગુનાહ ખત્મ થઈ ચુક્યા હશે.

(૧૭૨૩) જે બાબતો દવારા દોસ્તોના દિલોને અપનાવી શકાય છે અને દુશ્મનોના દિલોમાંથી દ્વેષને દૂર કરી શકાય છે તે બાબતો આ પ્રમાણે છે. તેમની સાથે મુલાકાત કરતી વખતે સ્મિત કરવુ, તેમની ગેરહાજરીમાં તેમના ખબર અંતર પૂછવા, અને તેમની હાજરીમાં સ્મિત સાથેનો વ્યવહાર કરવો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ગુનાહોથી ડરાવવું એ જન્નતની ખૂશખબરી આપવા સમાન છે.

(૧૭૨૪) જેણે તને (ગુનાહોથી ડરાવ્યો, તે એવા માણસ જેવો છે જેણે તને (જન્નતની) ખુશ ખબરી આપી હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૧ : બસીરત (અંતરદ્રષ્ટિ - અકકલમંદી)

પ્રકરણ - ૧ : બસીરત

કુરઆને મજીદ :-

* શું તેઓ ભુમિ પર ચાલ્યા ફર્યા નથી, (કે જેથી જોઈને) તેમના મન એવા થઈ જાય કે જેનાથી તેઓ સમજે અથવા તેમના માટે એવા કાન થઈ જાય કે જે વડે સાંભળી શકે ? એ માટે માત્ર આંખો જ આંધળી હોતી નથી, બલ્કે હૈયા કે જે છાતીની અંદર છે તે પણ આંધળા બની જાય છે.

- (સૂ. હજ આ. ૪૬)

* તેઓ પણ અંત:કરણ ધરાવે છે, પરંતુ તે વડે (સારૂં નરસું) સમજતા નથી, અને તેમના ચક્ષુઓ છે છતાં તે વડે તેઓ દેખતા નથી અને તેમના કાન (પણ) છે પરંતુ તે વડે સાંભળતા નથી; (માટે) તેઓ પશુઓ સમાન છે બલ્કે તે કરતાંય વધુ ગુમરાહ.

- (સૂ. અઅરાફ આ. ૧૭૯)

હદીસ :-

(૧૭૨૫) આંખોની રૌશની ત્યાં સૂધી ફાયદો પહોંચાડતી નથી, જ્યાં સૂધી બસીરત (દિલની દ્રષ્ટિ) આંધળી હોય.

(૧૭૨૬) બસીરત વગરના માણસની નજર ખરાબ હોય છે.

(૧૭૨૭) બસીરત ધરાવનાર એ હોય છે, જે સાંભળે, સમજે, જુએ અને દિલની દ્રષ્ટિથી કામ લે, બોધપાઠથી ફાયદો ઉઠાવે, પછી સ્પષ્ટ રસ્તાઓ ઉપર ચાલે જેના લીધે તે તબાહીના ખાડામાં પડતા બચી જશે.

(૧૭૨૮) તમારા માટે દેખાઈ શકે તેવા સાધનો આપી દેવામાં આવ્યા છે જો તમે જોવા ઇચ્છો તો તમારી હિદાયતના સાધનો ઉપલબ્ધ કરી દેવાયા છે. - જો તમે હિદાયત મેળવવા ઇચ્છતા હો તો.

(૧૭૨૯) જાહેરી આંખોથી જોવાને (સાચા અર્થમાં) દ્રષ્ટિ કહેવામાં આવતી નથી, કેમકે આ આંખો કયારેક પોતાના હામિલ (બોજ - વજન ઉંચકનાર) ને જુઠ પણ કહી શકે છે પરંતુ જ્યારે અકલથી નસીહત માટે સલાહ લેવામાં આવે ત્યારે તે સાચું કહે દે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૩૦) આંધળો માણસ એ નથી જેની (આંખની) દ્રષ્ટિ ન હોય બલ્કે (સાચા અર્થમાં) આંધળો એ છે જેને દિલની આંખો ન હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૩૧) જાહેરી આંખોની દ્રષ્ટિ ગુમાવી દેવી તે દિલની દ્રષ્ટિ ગુમાવવા કરતા વધારે સહેલું છે.

(૧૭૩૨) હિદાયતથી બસીરતમાં વધારો થઈ શકે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : સૌથી વધારે બસીરત ધરાવનાર માણસ

(૧૭૩૩) સૌથી વધારે બસીરત ધરાવનાર માણસ એ છે જે પોતાના ઐબોને જુએ અને પોતાના ગુનાહોને નિસ્તોનાબૂદ કરે.

(૧૭૩૪) બહુજ ધ્યાનથી સાંભળો સૌથી શ્રેષ્ઠ જોનાર આંખ એ છે જે ખૈર (ભલાઈ) પર જઈને અટકી જાય. અને શ્રેષ્ઠ સાંભળનારા કાન એ છે જે નસીહતને સાંભળે અને તેને કબૂલ કરે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૨ : બાતિલ

પ્રકરણ - ૧ : બાતિલ

કુરઆને મજીદ :-

* આવી રીતે અલ્લાહ સત્ય અને અસત્યના દાખલા આપે છે, પછી જે ફીણ હોય છે તે નકામું જાય છે, અને તે કે જે લોકોને લાભ પહોંચાડે છે તે જમીનમાં રહી જાય છે; એવી રીતે અલ્લાહ દાખલા આપે છે.

- (સૂ. રઅદ આ. ૧૭)

* અને આ કહે કે સત્ય આવી ચૂક્યું છે અને અસત્ય નષ્ટ પામ્યું છે, બેશક અસત્ય નષ્ટ પામનાર જ છે.

- (સૂ. બની ઇસરાઈલ આ. ૮૧)

* બલ્કે અમે તો સત્યને અસત્ય ઉપર ફેંકી મારીએ છીએ કે જેથી તે (સત્ય) તે (અસત્ય)નું માથું ભાંગી નાખે છે, પછી એકાએક તે અસત્ય અદ્રશ્ય થઈ જાય છે.

- (સૂ. અમ્બિયા, આ. ૧૮)

* બલ્કે અમે તો સત્યને અસત્ય ઉપર ફેંકી મારીએ છીએ કે તે (સત્ય) તે (અસત્ય)નું માથું ભાંગી નાખે છે, પછી એકાએક તે અસત્ય અદ્રશ્ય થઈ જાય છે.

- (સૂ. સબા. આ. ૪૯)

* પરંતુ અલ્લાહ પોતાની વાણીથી અસત્યનો નાશ કરે છે અને સત્યને સ્થાપે છે.

- (સૂ. શૂરા, આ. ૨૪)

હદીસ :-

(૧૭૩૫) જૂઠ નબળો સાથીદાર છે.

(૧૭૩૬) જૂઠ દગાની આડ છે.

(૧૭૩૭) ... બાતિલ તોફાની ઘોડો છે. જેની ઉપર તેનો માલિક સવાર થાય છે. અને તેની બાગ... લગામ ઢીલી છોડી દે છે. પછી તે પોતાના માલિકને પોતાની સાથે લઈને ફર્યા કરે છે. એટલે સૂધી કે તેને એવી આગમાં નાખી દે છે જેનું બળતણ માણસો અને પત્થર છે.

(૧૭૩૮) જે હક સાથે જોડાયુ જ નથી તે બાતિલથી જુદુ કેમ હોઈ શકે ?

(૧૭૩૯) બાતિલથી કામ લેનાર અઝાબ અને ધીક્કાર બંનેને પાત્ર થશે.

(૧૭૪૦) હું બાતિલને એવું નિશાન લગાવીશ કે હક તેના પડખામાંથી જાહેર થશે.

(૧૭૪૧) હક એવો માર્ગ છે જે જન્નતની તરફ લઈ જાય છે અને બાતિલ એવો માર્ગ છે જે જહન્નમની તરફ લઈ જાય છે. પછી દરેક રસ્તા ઉપર તેના બોલાવનારા મૌજૂદ હોય છે.

(૧૭૪૨) (એવા સાથીઓની મઝીમ્મત કરતા) ફરમાવ્યું : તમે જેટલું બાતિલને ઓળખો છો તેટલું

હકને ઓળખતા નથી અને બાતિલને એટલું જુઠલાવતા નથી જેટલું હકને (જુઠલાવો છો.)

(૧૭૪૩) જેણે બાતિલની મદદ કરી તેણે હક ઉપર જુલ્મ કર્યો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : હક અને બાતિલ વચ્ચેનું અંતર

(૧૭૪૪) યાદ રાખો ! હક અને બાતિલ વચ્ચે માત્ર ચાર આંગળીઓનું અંતર છે... બાતિલ એ છે કે તું કહે કે મેં સાંભળ્યું છે. અને હક એ છે કે તું એમ કહે મેં જોયું છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૪૫) હઝરત અલી (અલયહિસ્સલામ)ને પૂછવામાં આવ્યું કે હક અને બાતિલ વચ્ચે કેટલું અંતર છે ?

ફરમાવ્યું : ચાર આંગળીઓનું, પછી આપે પોતાનો હાથ પોતાના કાન અને પોતાની આખંની વચ્ચે રાખ્યો, પછી ફરમાવ્યું : જેને તારી આંખોએ જોયું તે હક અને જેને તારા કાનોએ સાંભળ્યું તે મોટે ભાગે બાતિલ હોય છે.

(૧૭૪૬) એક શામી કે જેને મોઆવીયાએ હઝરત અલી (અલયહિસ્સલામ) ની પાસે રૂમના બાદશાહે પૂછેલા પ્રશ્નોના જવાબ લેવા માટે મોકલ્યો હતો તેણે હઝરત ઈમામ હસન (અલયહિસ્સલામ)ને પુછ્યું : હક અને બાતિલ વચ્ચે કઈ રીતે અંતર છે ?

આપે જવાબ આપ્યો : ચાર આંગળનું અંતર છે, જેને તું આંખોથી જુએ તે હક છે અને જેને તું તારા કાનોથી સાંભળે તે મોટે ભાગે બાતિલ હોય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૭૪૭) લોકો ! જે માણસ પોતાના ભાઈ વિશે જાણતો હોય કે તે દીનમાં 'અને રાહે રાસ્ત પર છે. તો પછી તેણે લોકોની ટીકાઓ સાંભળવી ન જોઈએ. તમારે સારી રીતે જાણી લેવું જોઈએ કે કેટલીક વખત તીર ચલાવનારો તીર છોડી દે છે અને તીર કયારેક તેના નિશાન પર લાગે છે અને કયારેક નિશાન ચુકી જાય છે. તેવી જ રીતે વાતો

નકામી થઈ જાય છે અને બાતિલ નાબુદ થઈ જાય છે. જ્યારે કે અલ્લાહ સાંભળી અને જોઈ રહયો છે.

તમારે એ વાત જાણી લેવી જોઈએ કે હક અને બાતિલ વચ્ચે ચાર આંગળનું અંતર છે. એ વખતે આપને પૂછવામાં આવ્યું કે તેનો અર્થ શું છે ? ત્યારે આપે આપની આંગળીઓને ભેગી કરીને આપના કાન અને આંખોની વચ્ચે રાખીને ફરમાવ્યું : બાતિલ એ છે કે તું કહે કે મેં સાંભળ્યું છે અને હક એ છે તું કહે કે મેં જોયું છે.

પ્રકરણ - ૩ : હક અને બાતિલની ચકાસણી

કુરઆને મજીદ :-

* અને સત્યને અસત્યની સાથે ભેળવી નાખો નહીં, અને સત્યને જાણી જોઈને સંતાડો નહીં.

- (સૂ. બકરહ આ. ૪૨)

(૧૭૪૮) ... જો બાતિલ હકની સાથે ભળી જવા પછી સાફ થઈ શકતું હોય તો પછી હકના ચાહનારાઓ માટે શંકાઓ દૂર થઈ જાય. તેવી જ રીતે હક બાતિલની ભેળસેળથી પાક થઈ જાય તો

દુશ્મનોની જીભ મુંગી થઈ જાય, પરંતુ એ વાતમાં શું થઈ શકે કે થોડું આ બાજુથી લેવામાં આવે તો થોડું પેલી બાજુથી લેવામાં આવે અને તેનું મિશ્રણ કરી નાખવામાં આવે.

(૧૭૪૯) કેટલીક એવી ગુમરાહીઓ છે જેને આયતો (નિશાનીઓ) સાથે એવી રીતે ભેળવી દેવામાં આવી છે જેવી રીતે તાંબાના (ખોટા) દિરહમ સાથે ચાંદી ભેળવી દેવામાં આવે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : ઇન્સાનનું દિલ બાતિલને હક સાથે ભળી જવા ઉપર વિશ્વાસ રાખતું નથી.

(૧૭૫૦) ખુદાવંદે આલમે બાતિલને હકના સ્વરૂપમાં ઓળખાવવાનો ઇન્કાર કરી દીધો છે. અને મોઅમિનના દિલમાં હકને બાતિલ ગણવાનો પણ. (ઇન્કાર કરી દીધો છે.) આ વાતમાં કોઈ શંકા નથી.

વિરોધીઓ એટલે કે કાફરોના દિલોમાં બાતિલને હકના સ્વરૂપમાં ઓળખાવવાનો ઇન્કાર કરી દીધો છે અને એ વાતમાં પણ કોઈ શંકાને સ્થાન નથી, જો ખુદાવંદે કાએનાત એવું ન કરતે તો હકની

બાતિલ દ્વારા પરખ (મુશ્કીલ જ નહીં પણ) અશક્ય હતી.

(૧૭૫૧) દિલ ક્યારેય એ વાત ઉપર યકીન કરતું નથી કે હક બાતિલ છે એવી જ રીતે એ વાત પર પણ યકીન કરતું નથી કે બાતિલ હક છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

વિભાગ - ૧૩ : બુગ્ઝ (દ્વેષ)

પ્રકરણ - ૧ : અલ્લાહ તઆલા સાથે બુગ્ઝ રાખનારાઓ

(૧૭૫૨) ખુદાવંદે આલમ વૃધ્ધ વ્યભિચારી, ઝાલિમ માલદાર, દગાબાજ ફકીર, અને અભિમાની માંગનાર સાથે બુગ્ઝ રાખે છે, બક્ષીસ કરીને ઉપકાર દેખાડનાર માણસના બદલાને નકામો કરી નાખે છે. અને અભિમાની સ્વભાવ ધરાવનાર, ઉધ્ધત અને જુઠા પર નારાજ થાય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૭૫૩) ખુદાવંદે આલમ ગુનાહ કરીને બડાઈ હાંકનાર બેશર્મને દુશ્મન રાખે છે.

- હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૭૫૪) ખુદાવંદે આલમ લાંબી આશાઓ રાખનાર ખરાબ કામ કરનાર ઇન્સાનને દુશ્મન રાખે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૫૫) ખુદાવંદે આલમ કંજુસ અને અભિમાની માંગનારને દુશ્મન રાખે છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૭૫૬) ખુદાવંદે આલમ ખરાબ કાર્યો કરનાર અને ખરાબ જીભવાળા માણસને દુશ્મન રાખે છે.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૭૫૭) ખુદાવંદે આલમ જાહિલ વૃધ્ધ, જાલિમ માલદાર અને દગાબાજ ફકીરને દુશ્મન રાખે છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૭૫૮) ખુદાવંદે આલમ એવા દરેક માણસને દુશ્મન રાખે છે, જે દુનિયાનો આલિમ અને આખેરતનો જાહિલ હોય.

(૧૭૫૯) ખુદાવંદે આલમ એવા દરેક બદઅખ્લાક, અભિમાની, અને એવા બજારુ પ્રકારના માણસને દુશ્મન રાખે છે જે રાતના મુર્દાની જેમ પડયા રહેતા હોય અને દિવસમાં ગધેડાની જેમ કામ કરતા હોય, દુનિયાનો તો આલિમ હોય અને આખેરતનો જાહિલ હોય.

(૧૭૬૦) ખુદાવંદે આલમ એવા માણસને દુશ્મન રાખે છે, જેના ઘરમાં લોકો ઘૂસી જાય પણ તેની સાથે ઝગડો ન કરતો હોય. (બેગેરતી વાળો હોય)

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૬૧) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ફરમાવ્યા કરતા હતા કે ખુદાવંદે આલમ એવા માણસને દુશ્મન રાખે છે કે જે પોતાના ભાઈઓની સામે મોઢું ચઢાવી રાખતો હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : ખુદાની નજરોમાં સૌથી વધારે

બુગ્ઝ ધરાવનાર ...

(૧૭૬૨) ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર વૃધ્ધ વ્યભિચારી છે.

(૧૭૬૩) ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર ગીબત કરનાર છે.

(૧૭૬૪) ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર કંજુસ માલદાર છે.

(૧૭૬૫) ખુદાવંદે આલમ એ માણસ ઉપર સૌથી વધારે નારાજ રહે છે જે હંમેશા પેટ અને શર્મગાહની ઇચ્છાઓ પૂરી કરવાની આશા રાખતો હોય.

(૧૭૬૬) ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર જાહીલ હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૬૭) ખુદાવંદે આલમની નજરોમાં સૌથી વધારે બુગ્ઝને પાત્ર બે પ્રકારના માણસો હોય છે. : (૧) એવો માણસ કે જેને ખુદાએ તેના હવાલે કરી દીધો

હોય અને તે સીધા રસ્તેથી ભટકી ચૂકયો હોય છે, બિદઅતની વાતો પર અમલ કરનાર અને ગુમરાહી તરફ બોલાવનાર હોય છે. એવો માણસ લોકોને ફીત્નામાં ફસાવી દે છે જે તેનું અનુસરણ કરે, (૨) એવો માણસ જે જહાલતની વાતોને અહીં તહીંથી ભેગી કરી લે છે, ઉમ્મતના જાહિલ લોકોમાં દોડધામ કરતો હોય છે, ફીત્નાઓના અંધકારમાં ગાફીલ અને મદહોશ રહેતો હોય છે અને સુખ અને શાંતિના ફાયદાઓ પ્રત્યે આંખ મીંચામણા કરે છે. કેટલાક ઇન્સાનનું સ્વરૂપ ધરાવનાર લોકોએ તેને આલિમનું નામ આપ્યું હોય છે.

(૧૭૬૮) ખુદાની મખ્લૂકમાં સૌથી વધારે બુગ્ઝને પાત્ર એ માણસ છે જેણે ઇલ્મને અહીં તહીંથી એકઠું કર્યું હોય છે, ફીત્નાઓના અંધકારમાં ગાફિલ અને મદહોશ પડયો રહે છે અને શાંતિ અને સલામતીના ફાયદાઓથી આંધળો હોય છે. તેની શકલો સૂરતના માણસોએ તેને આલિમનું નામ આપ્યું હોય છે, પરંતુ હકીકતમાં તેણે ઇલ્મથી એક દિવસ પણ ફાયદો મેળવ્યો હોતો નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૬૯) હઝરત મૂસા (અલયહિસ્સલામ) એ બારગાહે રબ્બુલ ઇઝઝતમાં અર્ઝ કરી : ...

પરવરદિગાર ! તારી મખ્લૂકમાં, તને સૌથી વધારે બુગ્ઝ હોય એવો માણસ કોણ છે ?

ખુદાવંદે આલમે ફરમાવ્યું : એ માણસ જે મારા ઉપર તોહમત લગાવતો હોય. તેઓએ અર્ઝ કરી : ખુદાવંદા ! શું તારી ઉપર પણ કોઈ તહોમત લગાવી શકે છે ?

ફરમાવ્યું : હા ! જે માણસ મારી પાસેથી ભલાઈની માંગણી કરે છે તેને હું ભલાઈ અતા કરૂં છું અને જે હાજત તેના માટે સારી હોય તેવી હાજતને પૂરી કરૂં છું. તેમ છતાં લોકો મારા ઉપર તોહમત લગાવે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૭૭૦) ખુદાવંદે આલમ ફરમાવે છે : મારી નજરોમાં તમામ લોકોથી વધારે બુગ્ઝને પાત્ર એ માણસ છે જે મારૂં સ્વરૂપ ધારણ કરે છે અને મારી રબુબીયતનો દાવો કરે છે. તેનાથી પણ વધારે એવા માણસ પ્રત્યે બુગ્ઝ રાખું છું જે (મારા પયગમ્બર) હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું સ્વરૂપ ધારણ કરીને નબુવ્વતમાં ઝગડો ઉભો કરે અને પોતે નબુવ્વતનો દાવો કરતો હોય, તેના પછી એ માણસ જે મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના વસી

(અલી ઇબ્ને અબી તાલિબ (અલયહિસ્સલામ)નું સ્વરૂપ ધારણ કરતો હોય.... એના પછી એ છે જે મારી નારાજગી વહોરી લેવા માટે તૈયાર થાય. તેની સાથે એવા લોકો પણ છે જે તેને મદદ કરતા હોય. તેના પછી એવા લોકો પ્રત્યે સૌથી વધારે બુગ્ઝ રાખું છું જે આગળ જણાવેલ કાર્યો માટે રાજી થતા હોય..

(૧૭૭૧) ખુદાવંદે આલમની નજરોમાં સૌથી વધારે બુગ્ઝને પાત્ર એ છે જે ઇસ્લામના યુગમાં જાહેલીયતના જમાનાના રીત રીવાજો પાડવા માટેની ઇચ્છા ધરાવતો હોય અને એ માણસ પણ

જે કોઈ માણસ પાસે માંગણી કરીને તેનું નાહક ખુન વહાવતો હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૭૨) અલ્લાહની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર અને ના પસંદ એ માણસ છે જેને ખુદાએ (તેના કરતુનોના કારણે) ખૂદ તેને હવાલે કરી દીધો છે, જે સીધા રસ્તેથી ભટકી ગયેલો છે, કોઈ માર્ગદર્શક વગર ચાલતો હોય છે. જો તેને દુનિયાવી ખેતી (દુનિયાના ફાયદાઓ) તરફ બોલાવવામાં આવે તો (દોડીને) તેના ઉપર અમલ

કરતો હોય છે અને આખેરતની ખેતી (આખેરતના ફાયદાઓ)નું આમંત્રણ આપવામાં આવે તો સુસ્તી દેખાડે છે.

(૧૭૭૩) અલ્લાહ તઆલાની નઝદીક ત્રણ પ્રકારના માણસો સૌથી વધારે બુગ્ઝને પાત્ર છે. : (૧) એવો માણસ જેણે રાતના કોઈ નમાઝ પડી હોતી નથી, તેમ છતાં દિવસના વધારે સુવે છે, (૨) જે બહુજ વધારે ખાય છે પરંતુ જમતા પહેલા બિસ્મિલ્લાહ... પડતો નથી અને ન તો (જમ્યા પછી) અલ્હમ્દો લિલ્લાહ કહે છે. (૩) એવો માણસ

જે કોઈ આશ્ચર્યની વાત ન હોવા છતાં (નિરર્થક) હસ્યા કરે છે.

(૧૭૭૪) અલ્લાહ તઆલાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર ત્રણ પ્રકારના માણસો હોય છે. : (૧) જે હરમમાં નાસ્તિકતા અને બેદીની (વ્યક્ત) કરે, (૨) જે ઇસ્લામમાં જાહેલીયતના રીવાજનો અમલ કરે અને (૩) જે કોઈ માણસનું નાહક ખુન વહેડાવવા માટે કાર્ય કરે.

(૧૭૭૫) કયામતના દિવસે ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર એવા લોકો છે જે બીજાની ચાડી ચુગલી ખાય છે, અભિમાન વ્યક્ત કરે છે,

અને પોતાના મુસલમાન ભાઈ માટે પોતાના દિલમાં બહુ જ દુશ્મની રાખે છે, અને જ્યારે તે લોકો સાથે મુલાકાત કરે છે ત્યારે અખ્લાક વ્યક્ત કરે છે. જ્યારે તેવા લોકોને ખુદા અને રસૂલ તરફ બોલાવવામાં આવે છે ત્યારે સુસ્તીથી કામ લે છે, જ્યારે તેઓને શૈતાન અને શૈતાની કામો તરફ બોલાવવામાં આવે છે ત્યારે દોડીને આગળ વધે છે.

(૧૭૭૬) તમારામાંથી ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર એ લોકો છે જે બીજાની ચાડી ખાય છે, ભાઈઓની વચ્ચે જુદાઈ પાડે છે અને બેગુનાહ લોકોની ભૂલોને શોધવામાં વ્યસ્ત રહે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૭૭) ખુદાવંદે અઝઝ વ જલ્લની નઝદીક સૌથી વધારે બુઝ્ઝને પાત્ર એ માણસ છે જે કોઈ ઇમામની સુન્નતોની પૈરવી (અનુસરણ કરવા)નો દાવો કરતો હોય. પરંતુ તેના કાર્યોનું અનુસરણ કરતો ન હોય.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૭૭૮) હઝરત મૂસા (અલયહિસ્સલામ)એ અર્ઝ કરી : ખુદાવંદા ! તારી નઝદીક તારા બંદાઓમાંથી સૌથી વધારે બુઝ્ઝને પાત્ર કોણ છે ?

ફરમાવ્યું : જે રાત્રે મુર્દાર (બનીને સુતો રહે) અને દીવસના નકામો (રહેતો) હોય.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૭૭૯) ખુદાની નઝદીક સૌથી વધારે બુઝ્ઝને પાત્ર બંદો એ આલિમ છે જે તકબ્બુર કરતો હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૮૦) ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર એ આલિમ છે જે સત્તાધીશો સાથે ભળેલો રહેતો હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૮૧) ખુદાની મખ્લુકમાં ખુદાની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર એ માણસ છે જેની જીભથી લોકો ડરતા હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૭૮૨) ખુદાની નઝદીક સૌથી વધુ ગુસ્સાને પાત્ર હદકાર અભિમાની ફકીર, વૃધ્ધ વ્યભિચારી અને દુષ્ટ અને દુરાચારી આલિમ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : મારી (હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની) નઝદીક સૌથી

વધારે બુગ્ઝને પાત્ર લોકો

(૧૭૮૩) કયામતના દિવસે તમારામાંથી નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર અને મારાથી વધારે દૂર એ લોકો હશે જે વધારે વાતોડીયા, બીજા લોકોને જીભ થકી ઇજા પહોંચાડનાર અને ફીહક કરનાર હશે.

સહાબીએ પુછ્યું : યા રસૂલલ્લાહ ફીહક કરનાર કોણ હોય છે ?

ફરમાવ્યું : ‘અભિમાની લોકો’.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૮૪) મારી નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર અને અણગમતા એ લોકો છે જે સત્તા લાલસુ (સત્તા મેળવવાની ઇચ્છા ધરાવનારા અને બીજા લોકોના ઐબ શોધનારા) છે, જે ચુગલખોરી કરે છે અને

પોતાના ભાઈઓ સાથે હસદ કરે છે. તેવા લોકો મારામાંથી નથી અને હું તેઓમાંથી નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : અલ્લાહની નઝદીક સૌથી વધારે બુગ્ઝને પાત્ર અખ્લાક

(૧૭૮૫) ખુદાની નઝદીક કંજુસાઈ અને બદઅખ્લાકીથી વધારે કોઈ બાબત બુગ્ઝને પાત્ર નથી. આ એવી ટેવો છે જે કાર્યોને એવી રીતે બગાડી નાખે છે જેવી રીતે માટી મધને બગાડી નાખે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : અલ્લાહની નઝદીક સૌથી વધારે

બુગ્ઝને પાત્ર કાર્ય

(૧૭૮૬) ખુદાવંદે આલમ વધારે સૂવા અને બેકાર રહેવાને ના પસંદ ફરમાવે છે.

(૧૭૮૭) ત્રણ કામો એવા છે જેનાથી ખુદા નારાજ થાય છે. (રાતના ઇબાદતમાં જાગ્યા ન હોવા છતા) સુતા રહેવું, કોઈ આશ્ચર્ય ન હોવા છતાં હસવું અને પેટ ભરેલું હોવા છતાં ખાણું ખાવું.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૭૮૮) ખુદાવંદે આલમ વાદ-વિવાદ ‘કીલ વ કાલ’ (કહ્યું હતું અને કહ્યું ન હતું) માલનું પ્રદર્શન, અને વારંવાર માંગવાની આદત વાળાને નાપસંદ ફરમાવે છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૭૮૯) અલ્લાહ તઆલાની નઝદીક ભરેલા પેટ કરતા વધારે બુગ્ઝને પાત્ર બીજી કોઈ બાબત નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૬ : ખુદાની નઝદીક સૌથી

વધારે બુગ્ઝને પાત્ર અમલ

(૧૭૯૦) બની ખશ્અહમનો એક માણસ હઝરત્રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં હાજર થયો અને પુછ્યું : યા રસૂલલ્લાહ ! ખુદાની નઝદીક કયો અમલ સૌથી વધારે બુગ્ઝને પાત્ર છે. આપ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : શીર્ક, તેણે અર્ઝ કરી : ત્યાર પછી ક્યો અમલ ? આપે ઈરશાદ ફરમાવ્યું : કત્એરહેમી, તેણે પુછ્યું : તેના પછી ? ફરમાવ્યું : બુરાઈઓનો હુકમ આપવો અને નેકીઓથી રોકવું.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૭ : સૌથી વધારે બુગ્ઝને પાત્ર જમીનનો ભાગ

(૧૭૯૧) રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જિબ્રઈલને પુછ્યું : અલ્લાહ તબારક વ તઆલાને જમીનનો કયો ભાગ સૌથી વધારે પસંદ છે ? તેઓએ કહ્યું : મસ્જિદો અને એવા લોકો જે મસ્જિદમાં સૌથી પહેલા દાખલ થાય છે અને સૌથી છેલ્લે બહાર નીકળે છે.

આપે પુછ્યું : અને કયો ભાગ સૌથી વધારે નાપસંદ અને બુગ્ઝને પાત્ર છે ? જિબ્રઈલે કહ્યું : બજાર, અને બજારવાળાઓમાં તેની નજદીક સૌથી વધારે

બુગ્ઝને પાત્ર એ છે જે સૌથી પહેલા બજારમાં પગ મુકે અને સૌથી છેલ્લે બહાર નિકળે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૮ : દુશ્મની

(૧૭૯૨) ત્રણ બાબતો દુશ્મનીનું કારણ બને છે, નિફાક (દંભ), ઝુલ્મ અને ખુદ પસંદી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૭૯૩) તમારી પહેલાની ઉમ્મતોની બીમારી કીડીની ગતિએ તમારા સૂધી પહોંચી ગઈ છે. તે છે દુશ્મની અને હસદ.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૧૪ : સરકશી (અવજ્ઞાકારી, સ્વેચ્છાચારી, અધમતા)

પ્રકરણ - ૧ : સરકશી

કુરઆને મજીદ :-

* પછી જ્યારે તે (અલ્લાહ) તેમને બચાવી લે છે ત્યારે જુઓ કે તેઓ જમીન ઉપર (આવતા જ) વિના કારણે ફસાદ કરવા લાગે છે, હે લોકો તમારા (આ) ફસાદનું નુકસાન તમારા પોતાના માટે જ છે.

- (સૂ. યૂનુસ, આ. ૨૩)

* અને નિર્લજ્જતા તથા દુષ્કાર્યો તથા અત્યાચારની મનાઈ કરે છે.

- (સૂ. નહલ આ. ૯૦)

* (હે રસૂલ !) તું કહે કે મારા પરવરદિગારે નિર્લજ્જપણાના કાર્યો કે જે ખુલ્લા હોય અથવા છુપા હોય તેને હરામ કર્યા છે તથા ગુનાહને તથા વિના કારણના બંડને.

- (સૂ. અઅરાફ આ. ૩૩)

* આ શિક્ષા અમોએ તેમને તેમની શિરજોરી માટે કરી હતી, અને નિ:સંશય અમે સાચું બોલનારા છીએ.

- (સૂ. અન્‌આ:મ આ. ૧૪૬)

હદીસ :-

(૧૭૯૪) જે સરકશીની તલવાર ખેંચે છે તે પોતે જ તેમાં મરી જાય છે.

(૧૭૯૫) સરકશી પછાડી દે છે.

(૧૭૯૬) સરકશી નેઅમતોનો નાશ કરી નાખે છે.

(૧૭૯૭) સરકશી અઝાબ માટે નિમંત્રણ આપે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૭૯૮) સરકશી તબાહી માટે કારણરૂપ હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૭૯૯) સરકશી (યુવાન) પુરૂષોને પછાડી નાખે છે અને મૌતની નઝદીક કરી નાખે છે.

(૧૮૦૦) સરકશીથી બચતા રહો, કેમકે તે બહુ જ જલ્દી પછાડી દે છે અને સરકશ માણસને બોધપાઠ લેવા માટેનો નમૂનો બનાવી દે છે.

(૧૮૦૧) શક્તિ (સત્તા) હોય ત્યારે સરકશી વધારે ધિક્કારને પાત્ર બને છે.

(૧૮૦૨) સૌથી વધારે ખરાબ સરકશી અને બગાવત મોહબ્બત ધરાવનાર દોસ્તો સાથે સરકશી કરવી તે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૦૩) જે બુરાઈ સૌથી વધારે ઝડપથી અઝાબને પાત્ર બને છે, તે સરકશી છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૮૦૪) એ વાતમાં કોઈ શંકા નથી કે સરકશી તેના બજાવનારને જહન્નમની તરફ લઈ જાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૦૫) ખબરદાર ! કયારેય પણ સરકશીનો શબ્દ મુખમાંથી કાઢતા નહીં. ભલે તમને તમારી ઝાત અથવા તમારો કબીલો સારો લાગતો હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

વિભાગ - ૧૫ : સરકશ (બગાવત કરનાર)

પ્રકરણ - ૧ : સરકશ (બગાવત કરનાર)

(૧૮૦૬) અલ્લાહ તઆલાનો આ કૌલ ... સૂ. બકરહ આ. ૧૭૩ ... જે માણસ મજબૂર હોય અને સરકશી અને અતિરેક કરનાર ન હોય (અને મજબૂરીથી મુર્દાર અને લોહી વગેરે ખાય) તો તેની ઉપર કોઈ ગુનાહ નથી. - આ આયત વિશે ફરમાવ્યું : બગાવત કરનાર એ છે જે ઈમાને બરહકની વિરૂધ્ધમાં બગાવત કરે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૮૦૭) હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ની સામે એવા લોકોનો ઉલ્લેખ નિકળ્યો જેમની સાથે હઝરત અલી (અલયહિસ્સલામ)એ જંગ કરી હતી. આપે ફરમાવ્યું : એ લોકો, એવા લોકોથી વધારે ગુનેહગાર છે જેમણે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી જંગ કરી.

આપને પૂછવામાં આવ્યું : હુઝુર એ કઈ રીતે ?

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : એ માટે કે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની સાથે લડનારા જાહેલીયતના

જમાનાના લોકો હતા, જ્યારે કે હઝરત અલી (અલયહિસ્સલામ)ની સાથે જંગ કરનારા એ લોકો હતા જેમણે કુરઆન પડ્યું હતું અને ફઝીલત ધરાવનારા લોકોની મઅરેફત પણ રાખતા હતા. તેથી તેઓ જે કાંઈ જાણતા હતા તે સમજીને કર્યું હતુંતુ.

(૧૮૦૮) હઝરત અલી (અલયહિસ્સલામ) એક વખત કુફામાં ખુત્બો આપી રહ્યા હતા. એક ખ્વારીજે ઊભા થઈને કહ્યું : ... હુકમ અલ્લાહ તરફથી જ ખાસ હોય છે. આ સાંભળીને હઝરત ખામોશ થઈ ગયા. પછી એક બીજા માણસે ઊભા થઈને એ રીતે

જ કહ્યું. આ રીતે ઘણા લોકોએ આ જ વાકય કહ્યું, આ સાંભળીને હઝરતે ફરમાવ્યું : વાત તો સાચી છે, પરંતુ આ લોકો તેનો ખર્થ ખોટો સમજ્યા છે. પછી ફરમાવ્યું :

તમને લોકોને ત્રણ વાતોની છુટછાટ મળેલી છે, એકતો અમે તમને ખુદાની મસ્જિદમાં નમાઝ પડવાથી નહીં રોકીએ, બીજુ એ કે એવી જંગ કે જેમાં તમે અને અમે ભેગા મળીને ભાગ લીધો હોય તેના માલે ગનીમતમાંથી તમારા હિસ્સાથી તમને વંચીત નહીં રાખીએ, ત્રીજુ એ તમે પોતે અમારી

વિરૂધ્ધ જંગની શરૂઆત નહીં કરો તો અમે તેની શરૂઆત નહીં કરીએ.

હું એ વાતની ગવાહી આપું છું કે મને સાચી ખબર પહોંચાડનાર પયગમ્બરે બરહક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ખબર આપી છે તેઓને જિબ્રઈલે અમીને અને તેમને રબ્બુલ આલમીને ખબર આપી છે કે કયામતના દિવસ સૂધી તમારામાંથી જે કોઈ પણ નાનો અથવા મોટો સમુહ બગાવત કરશે, તેની મૌત ખુદાએ અમારા હાથે મુકર્રર ફરમાવી છે. (અમારા હાથે જ મરશે.) સૌથી શ્રેષ્ઠ જેહાદ તમારા લોકોની સામેની જેહાદ

છે, શ્રેષ્ઠ મુજાહિદ એ છે જે તમોને કત્લ કરશે અને શ્રેષ્ઠ શહીદ એ છે જેને તમે કત્લ કરશો. અત્યારે તમારે જેમ કરવું હોય તેમ કરો પરંતુ કયામતના દિવસે એહલે-બાતીલ નુકસાન ઉઠાવનાર રહેશે અને દરેક ખબરનું પોતાનું સ્થાન હોય છે જેને નઝદીકના સમયમાં તમે જાણી લેશો.

(૧૮૦૯) ઝુરૈસ કહે છે કે કેટલાક લોકોએ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ) પાસે હઝરત અલી (અલયહિસ્સલામ) અને હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની જંગ વિશે જુદા જુદા અભિપ્રાય વ્યક્ત કર્યા, કેટલાકે

કહ્યું કે હઝરત અલી (અલયહિસ્સલામ)ની જંગ રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની જંગ કરતા વધારે મુશ્કીલ હતી. કેટલાકે કહ્યું : કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની જંગ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)ની જંગ કરતા વધારે મુશ્કીલ હતી....

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : ના, બલ્કે હઝરત અલી (અલયહિસ્સલામ)ની જંગ રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની જંગ

કરતા વધારે મુશ્કેલ હતી. હું તમને તેનું કારણ જણાવું છું કે જે લોકોએ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે જંગ કરી હતી તે લોકોએ ઇસ્લામનો સ્વિકાર કર્યો ન હતો, જ્યારે કે હઝરત અલી (અલયહિસ્સલામ) સાથે લડનારા એ લોકો હતા જેમણે ઇસ્લામનો સ્વિકાર કર્યો હતો અને પછી તેનાથી ફરી ગયા હતા.

પ્રકરણ - ૨ : મુસલમાન બળવાખોરો સાથે જંગ

કુરઆને મજીદ :-

* અને અગર મોઅમિનોના બે પક્ષો માંહોમાંહે લડે તો તેમની વચ્ચે સમાધાન કરાવી દો, પછી જો તે બંનેમાંથી એક (પક્ષ) બીજા ઉપર સખ્તાઈ કરે તો સખ્તાઈ કરનારની સાથે લડો, અહીં સૂધી કે તે અલ્લાહના નિર્ણયની તરફ રજુ થાય.

- (સૂ. હુજરાત આ. ૯)

હદીસ :-

(૧૮૧૦) જંગ બે પ્રકારની હોય છે, બળવાખોરોની સાથે જંગ, જ્યાં સૂધી કે તેઓ ખુદાના હુકમ તરફ પાછા ન ફરે. બીજી કાફિરો સાથેની જંગ, જ્યાં સૂધી કે તેઓ ઇસ્લામનો સ્વિકાર ન કરે.

(૧૮૧૧) જંગ બે પ્રકારની હોય છે, મુશ્રીયકો સાથેની જંગ કે જેમાં કોઈ પણ બચી ન જાય, જ્યાં સૂધી કે તેઓ ઇસ્લામ કબૂલ ન કરે. અથવા પરાજીત થઈને વેરો ચૂકવવાની કબૂલાત ન આપે. બીજી ગુમરાહ (બળવાખોર) અને ભટકી ગયેલા લોકો સાથેની જંગ, જેમાં કોઈ બચે નહીં જ્યાં સૂધી કે

તેઓ હુકમે ખુદા તરફ પાછા ન ફરે અથવા કત્લ ન થઈ જાય.

(૧૮૧૨) હઝરત ઈમામ અલી (અલયહિસ્સલામ) સમક્ષ હરૂરીયહ (ખ્વારીજ)નો ઉલ્લેખ નિકળ્યો, આપે ફરમાવ્યું : જો તે લોકો ઇમામે આદીલ અથવા મુસ્લિમોના સમુહની સામે બળવો કરે તો તેમની સાથે જંગ કરો, જો તેઓ ઝાલિમ બાદશાહ વિરૂધ્ધ કરે તો પછી એમની સાથે ન લડો, કેમકે તેમના માટે રસ્તો ખુલ્લો છે.

(૧૮૧૩) બળવાખોરો સાથે જંગ કરવામાં આવશે અને તેમને મુશ્રી કોને કત્લ કરવામાં આવે છે,

બિલ્કુલ તેવી જ રીતે કત્લ કરી નાખવામાં આવશે, તેમની વિરૂધ્ધ એહલે કિબ્લા પાસેથી તમામ પ્રકારની મદદ માંગવામાં આવશે અને જો તેમના ઉપર કાબૂ મેળવી લેવાય તો તેમને એવી જ રીતે કૈદી બનાવી લેવામાં આવશે જે રીતે મુશ્રીમકોને કૈદી બનાવવામાં આવે.

(૧૮૧૪) હઝરત અલી (અલયહિસ્સલામ)ની સામે બળવાખોરો સાથે લડવાનો ઉલ્લેખ થયો, આપે ફરમાવ્યું : ખુદાની કસમ ! મેં એ લોકો સાથે એ સમયે જંગ કરી જ્યારે તેઓએ અમારી સાથે જંગ(ની શરૂઆત) કરી, અથવા પયગમ્બરે ખુદા

હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર નાઝીલ થએલી બાબતોનો ઇન્કાર કર્યો હતો.

(૧૮૧૫) મારા પછી દરેક ઇમામો સાથે મળીને શામીઓ સાથે જંગ કરો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૧૬) અલ્લાહ તઆલાના આ કૌલ... વિશે ફરમાવ્યું : આ આયતની તાવીલ બસ્રનહ(જંગે જમલ)ના દિવસે જાહેર થઈ અને જમલવાળાઓ આ આયતને લાયક છે. કેમકે એ લોકોએ હઝરત

અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)ની વિરૂધ્ધ બગાવત કરી હતી. આપ ઉપર તે લોકો સાથે લડવાનું અને તેમને ઠેકાણે લાવવાનું વાજિબ થઈ ગયું હતું કે તેઓ ખુદાના હુકમનું પાલન કરે જો તેઓ એમ ન કરતે તો આપ ઉપર ખુદાના હુકમ પ્રમાણે એ કામ વાજિબ થઈ ગયું હતું કે તેમના ઉપરથી તલવાર પાછી ખેંચે નહીં, જ્યાં સૂધી કે તેઓ ખુદાના હુકમનું પાલન ન કરે અને પોતાના મતથી પાછા ન ફરી જાય, કેમકે તે લોકોએ આપ જનાબ (અલયહિસ્સલામ)ની બયઅત ઇતાઅત માટે કરી હતી. તેમના ઉપર બળજબરીથી બયઅત કરાવવામાં આવી ન હતી. અને આ એ જ

બળવાખોરો છે જેમના વિશે ખુદાવંદે આલમે ફરમાવ્યું છે :

અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) ઉપર વાજિબ થઈ ગયું હતું કે તેમના ઉપર કાબૂ મેળવ્યા પછી તેઓ સાથે એવો જ વ્યવહાર કરે જેઓ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મક્કાવાસીઓ સાથે કર્યો હતો. એટલે કે તેમના ઉપર અહેસાન કર્યો હતો અને તેમને માફ કરી દીધા હતા. તેથી હઝરત અલી (અલયહિસ્સલામ)એ પણ બસરાવાસીઓ ઉપર

વિજય મેળવ્યા પછી તેમની સાથે એવો જ વ્યવહાર કર્યો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩ : ઇસ્લામી સરજમીન ઉપર ઇમામની વિરૂધ્ધ બળવો કરનારાઓ સાથે જંગ

(૧૮૧૭) એસ રિવાયત કરે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને મજૂસ કૌમ વિશે સવાલ કર્યો કે જો ઇસ્લામની સરજમીન ઉપર મજૂસી લોકો મુસલમાનોની વિરૂધ્ધ બળવો કરે તો શું ? તેમની સાથે લડવું જાએઝ છે ? આપે ફરમાવ્યું : હા, બલ્કે તેમને કૈદ કરી લેવા પણ. (જાએઝ છે)

પ્રકરણ - ૪ : બળવાખોરો સાથે જંગની શરૂઆત

(૧૮૧૮) અલાઅ બિન ફઝીલ કહે છે કે મેં ઈમામ (અલયહિસ્સલામ)ને પુછ્યું : શું મુસલમાનો હરામ મહીનામાં મુશ્રીમકો સાથે જંગની શરૂઆત કરી શકે છે ?

આપે ફરમાવ્યું : જો મુશ્રીરકોહરામ મહીનાની હુરમતની અવગણના કરીને મુસલમાનો સાથે જંગ કરવાનું હલાલ સમજીને મુસલમાનો સાથે જંગની શરૂઆત કરે અને મુસલમાનોને એ વાતની જાણકારી મળી જાય કે તેઓ તેમના ઉપર પ્રભાવ મેળવી લેશે તો ખુદાવંદે આલમે ફરમાવ્યું છે કે ...

હુરમતવાળા મહિનાઓ હુરમતવાળા છે. અને તમામ હુરમતવાળી બાબતો એક સમાન છે. (એટલે કે અદબ, અદબવાળાઓની સાથે છે.) તો બળવાખોરો સામે જંગ કરવાની શરૂઆત થઈ શકે છે.

પ્રકરણ - ૫ બળવાખોર કૈદીઓની કત્લ કરવા જાએઝ છે.

(૧૮૧૯) હફસ બિન ગયાસ કહે છે કે મેં મોઅમિનોના બે સમૂહો વિશે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને સવાલ કર્યો કે તેમાંનો એક આદિલ છે અને બીજો બળવાખોર. જો આદિલ સમૂહ બળવાખોરોને પરાજિત કરે તો (શું કરવુ જોઈએ ?)

ઇમામ (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : કોઈ પીઠ ફેરવીને જનારાનો પીછો કરવો આદિલ સમુહ માટે જાએઝ નથી અને ન કોઈ કૈદીને કત્લ કરવો અને

ન કોઈ જખ્મીને સજા આપવી યોગ્ય છે. આ હુકમ એ સંજોગોમાં છે જ્યારે કોઈ બળવાખોર બચ્યો ન હોય અને ન કોઈ એવી જમાત બાકી રહી ગઈ હોય જેની તરફ તે પાછો ફરી શકે. જો કોઈ એવી જમાત બાકી હોય જેની તરફ તે પાછો ફરી જાય તો તેવા કૈદીને કત્લ કરી નાખવામાં આવે, ભાગનારનો પીછો કરવામાં આવે અને જખ્મીને સજા કરવામાં આવે.

(૧૮૨૦) હઝરત અલી (અલયહિસ્સલામ)ની જંગ એહલે કિબ્લા સાથે થઈ. જેમાં તેઓએ તે લોકોને કઠોર પરાજ્ય આપ્યો, જો આપ તેઓ સાથે જંગ ન

કરતે તો આપના પછી કોઈને એ વાતની ખબર ન પડતે કે તેવા લોકો સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ.

પ્રકરણ - ૬ : નાસ્બીઓને કત્લ કરવા જાએઝ છે.

(૧૮૨૧) (નાસ્બીઓ વિશે ફરમાવ્યું) ... જો અમને એ વાતનો ડર ન હોય કે તમારામાંથી એક માણસ તેમના એક માણસના બદલામાં મરી જશે. જ્યારે કે તમારો એક માણસ તેઓના એક હજાર માણસો કરતા બહેતર છે. તો અમે તમને તે લોકોને કત્લ કરવાનો હુકમ આપી દેત. પરંતુ એ વાત ઈમામ સાથે મખ્સૂસ છે. (કોઈને એવો હુકમ આપવાનો અધિકાર નથી.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૮૨૨)... દારૂલ અમ્નમાં નાસ્બીઓ અને કાફિરોમાંથી કોઈને કત્લ કરવો જાએઝ નથી સિવાય કાતિલ અને ફસાદની કોશિશ કરનારને. એ પણ એ વખતે જાએઝ થઈ જ્યારે તમને તમારા જીવનું જોખમ ન હોય.

(૧૮૨૩) દારૂલ અમ્નમાં કોઈ કાફિરને કત્લ કરવો જાએઝ નથી. સિવાય કાતિલ અને બળવાખોર, અને એ પણ એ વખતે જાએઝ છે જ્યારે તમને તમારા જીવનું જોખમ ન હોય.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૬ : બુકા (રડવું)

પ્રકરણ - ૧ : ખૌફે ખુદાથી રડવું

કુરઆને મજીદ :-

* (તે એવા લોકો હતા કે) જ્યારે પણ તેમની સામે અલ્લાહની આયતો પડવામાં આવતી ત્યારે તેઓ સજદામાં પડી જતા અને રૂદન કરતા હતા.

- (સૂ. મરયમ આયત નં ૫૮)

* અને તેઓ હડપચી પર પડી રડતા રહે છે અને તે (કુરઆનનું સંભાળવું) તેમની નમનતાઈને વધુ વધારી મુકે છે.

- (સૂ. બની ઇસરાઈલ આ. ૧૦૯)

હદીસો :-

(૧૮૨૪) અય અલી હું તમને કેટલીક ખૂબીઓની વસીયત કરૂ છું જેને તમે સારી રીતે યાદ કરી લો. ખુદાયા, તું આમની મદદ ફરમાવ. ... અને ચોથી વાત એ છે કે ખુદાની માટે રોવું. જેના દરેક આંસુના

બદલામાં તમારા માટે જન્નતમાં એક ઘર બનાવવામાં આવશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૮૨૫) એ ચહેરાઓ માટે ખૂશ ખબરી છે જેના ઉપર રૂદનની હાલતમાં ખુદાવંદે આલમની નજર પડે છે અને તેનો ખૌફે ખુદા તેને તેના એવા ગુનાહ પર રડાવે છે, જેને ખુદા સિવાય બીજું કોઈ જાણતું નથી.

(૧૮૨૬) (વિદાય વખતના ખુત્બામાં ફરમાવ્યું) જેની આંખોમાંથી ખૌફે ખુદાના કારણે આંસુ વહેવા લાગે તેનો સવાબ એ છે કે તેના દરેક આંસુના ટીપાના બદલે ઓહદના પહાડ સમાન બદલો તેના નામે આમાલમાં નાખવામાં આવશે.

(૧૮૨૭) ખૂબજ ધ્યાનથી સાંભળી લ્યો, ખૌફે ખુદાથી જે આંખોમાંથી આંસુ જારી થાય તેના દરેક આંસુના બદલામાં તેને બેહિશ્તમાં એક મહેલ મળશે. જે મોતી અને યાકૂત જેવી કિમતી પથ્થરોથી જડેલો હશે અને તેની અંદર એવી એવી વસ્તુઓ હશે જેને ન કોઈ આંખે જોઈ હશે અને ન કોઈ કાનોએ તેના

વિશે સાંભળ્યું હશે અને ન તો કોઈ માનવીના દિલમાં તેના વિશે કલ્પના કરી હશે.

(૧૮૨૮) સાત પ્રકારના લોકો અર્શે ઇલાહીના સાયાની નીચે હશે. જ્યારે કે એ સિવાય બીજો કોઈ છાયો નહીં હોય... તેમાં એ માણસ હશે કે જે એકાંતમાં ખુદાની યાદ કરતો હોય અને તેની આંખોમાંથી ખૌફે ખુદાના કારણે આંસુ વહી નિકળે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૮૨૯) જે કોઈની આંખમાંથી ખૌફે ખુદાના કારણે માખીના પગ જેટલું આંસુ વહી નિકળે તો કયામતના દિવસે ખુદાવંદે આલમ તેને સાંત્વન અને શાંતિ અતા ફરમાવશે.

(૧૮૩૦) આંખોનું રૂદન અને દિલનો ખૌફ અલ્લાહની રહમત હોય છે. જેથી તમને એ વસ્તુ મળે તો દુઆ કરવી ગનીમત જાણો. (એ વખતે તુરત જ દુઆ માંગો)

(૧૮૩૧) ખૌફે ખુદાથી રૂદન કરવું રહેમતે ઇલાહીની ચાવી છે.

(૧૮૩૨) ખુદાના ખૌફથી આંસુ વહાવવા દિલને પ્રકાશિત કરે છે અને ગુનાહોના પુનરાવર્તનથી રોકે છે.

(૧૮૩૩) ભુતકાળમાં થઈ ગયેલા ગુનાહોને યાદ કરીને રડવું બુઝુર્ગીની નિશાની છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૩૪) ખુદાવંદે આલમની નજરોમાં બે પ્રકારના ટીપાઓ કરતા બીજા કોઈ ટીપા પસંદ કરવાને પાત્ર નથી. એકતો રાહે ખુદામાં લડનારના શરીરના લોહીનું ટીપું અને બીજું રાતના અંધકારમાં વહેતું એ

આંસુનું ટીપું જે બંદાએ ફક્ત અને ફક્ત પોતાના ખુદાની ખુશ્નુદી ખાતર વહાવ્યું હોય.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૮૩૫) કયામતના દિવસે તમામ આંખો રડી રહી હશે સિવાય ત્રણ આંખો, એક તો એ આંખ જે રાહે ખુદામાં જાગતી હોય, બીજી એ આંખ જેમાંથી ખૌફે ખુદામાં આંસુ જારી થયા હોય, ત્રીજી એ આંખ જે ખુદાએ હરામ કરેલી વસ્તુઓ જોવા માટે બંધ થઈ જતી હતી.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૮૩૬) દુનિયામાં આંસુઓ સિવાય દરેક વસ્તુનું વજન અને માપ હોય છે. કેમકે, આંસુઓનું એક ટીપું (જહન્નમની) આગના સમુદ્રને બુજાવી શકે છે. જ્યારે આંખોમાં આંસુનું પાણી ભરાય જાય છે ત્યારે ચહેરાને (અલ્લાહ તઆલા તરફથી) કોઈપણ પ્રકારની હીણપત અને અપમાનનો સામનો કરવો પડતો નથી. અને જો આંસુ થાલ પર વહેવા લાગે તો તેના ઉપર ખુદા જહન્નમને હરામ કરી દેશે. એટલે સૂધી કે જો રોવાવાળો આખી ઉમ્મત(ની

બક્ષીસ) માટે રોવે તો પણ ખુદાની રહમત નાઝીલ થતી રહેશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૮૩૭) જો તમને રોવું ન આવે તો તમારું મુખ રોવા જેવું કરો અને જો આંખમાંથી માખીના માથા જેટલું આંસુ બહાર આવી જાય તો કેટલી સારી વાત ગણાશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : પોતાની જાત ઉપર રડવું

(૧૮૩૮) હઝરતે મૂસા (અલયહિસ્સલામ) તરફ વહી નાઝીલ કરવામાં આવી : જ્યાં સૂધી તમે દુનિયામાં મૌજૂદ છો ત્યાં સૂધી તમારી જાત ઉપર રડતા રહો. નાશ થવા અને તબાહીથી ડરતા રહો. જેથી દુનિયાની શોભા અને તેની રોનક તમને ગફલતમાં ન નાખી દે.

(૧૮૩૯) હઝરત ઇસા (અલયહિસ્સલામ)ની તરફ વહી નાઝીલ થઈ તમારી પોતાની ઉપર એ રીતે રડો જેવી રીતે કોઈ માણસ પોતાના કોઈ સગાને વિદાય કરે છે ત્યારે રડે છે. દુનિયાને સારી નથી

સમજતા અને પોતાના મઅબુદ પાસે મોજુદ વસ્તુઓની ચાહતમાં, દુનિયાને દુનિયાના લોકો માટે રહેવા દે છે.

પ્રકરણ - 3 : આંખનું સુકાઈ જવું

(૧૮૪૦) આંખોનું સુકાઈ જવું (દિલનું સખ્ત થઈ જવું) બદબખ્તીની નિશાની છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૮૪૧) આંસુઓનું સુકાઈ જવું એ દિલના સખ્ત થઈ જવા સમાન છે, અને ગુનાહોના કારણે દિલ સખત થઈ જાય છે. (ગુનાહોને કારણે દિલ સખત થઈ જાય છે અને દિલ સખત થઈ જવાથી આંસુઓ સુકાઈ જાય છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૭ : બલદ (શહેર)

પ્રકરણ - ૧ : પાક શહેર

કુરઆને મજીદ :-

* (સારાંશ કે) શહેર પણ આબાદ હતુ અને પાલનકર્તા (અલ્લાહ) પણ મહાન ક્ષમાવાન હતો. પણ (અમારી આજ્ઞાઓથી) તેમણે મોઢું ફેરવી લીધું ત્યારે અમોએ તેમના પર ભારે પુર મોકલ્યું, અને તેમના તે બંને બગીચાઓને એવા બે બગીચાઓથી બદલી નાખ્યા કે જેના ફળ કડવાં હતા, અને જેમાં થોડાક ઝાવલીના છોડ અને કાંઈ થોડી ઘણી

કાંટાવાળી બોરડીના ઝાડ (રહી ગયા) આ બદલો અમોએ તેમનાથી તેમના અનુપકારીપણાને કારણે લીધો; અને અનુપકારીઓ સિવાય એવી શિક્ષા બીજા કોઈજે થોડી જ આપીએ છીએ ? અને તે (સબા)ની તથા તે (બયતુલ મુકદ્દસની) વસ્તીઓ કે જેમને અમોએ બરકત પુર્ણ બનાવી હતી તેમની વચ્ચે અમોએ (બીજી) થોડીક એવી વસ્તીઓ પણ વસાવી હતી કે જે ખુલ્લી રીતે દેખાઈ આવતી હતી.

- (સૂ. સબા, આ. ૧૫ થી ૧૮)

* અને ખચીતજ અમે બની ઇસરાઈલને ઘણા સારા સ્થળે (લઈ જઈને) વસાવ્યા અને સ્વચ્છ વસ્તુઓની તેમને રોજી આપી.

- (સૂ. યૂનુસ આ. ૯૩)

પ્રકરણ - ૨ : મોટા શહેરોમાં

(૧૮૪૨) હઝરત અલી (અલયહિસ્સલામ)એ હારિસ હમ્દાનીને પત્ર લખીને ફરમાવ્યું : મોટા શહેરોમાં રહ્યા કરો, કારણ કે ત્યાં મુસલમાનોનો સમુહ હોય છે અને ગફલત અને નુકસાનીની તકલીફોથી બચીને રહો.

પ્રકરણ - 3 : શ્રેષ્ઠ શહેર

(૧૮૪૩) તમારા માટે કોઈ શહેર બીજા શહેર કરતા વધારે આત્મીય નથી, બલ્કે શ્રેષ્ઠ શહેર એ છે જે તમારો બોજો વહન કરી શકે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : કોઈ શહેરી તેનાથી વિમુખ રહી શકતો નથી.

(૧૮૪૪) કોઈ શહેરી ત્રણ રીતે એવા લોકોથી ક્યારેય પણ વિમુખ થઈ શકતો નથી, જેનો તે પોતાની દુનિયા અને આખેરતના કામોમાં મોહતાજ હોય છે. જો તે લોકો ન હોય તો તમામ શહેરોની હેસીયત તણખલા જેવી થઈ જાય. (૧) સાહેબે ઇલ્મ અને પરહેઝગાર ફકીહ, (૨) એ નેક દિલ અમીર જેની લોકો (દિલથી) ઇતાઅત કરતા હોય અને (૩) ભરોસાપાત્ર અને સમજદાર તબીબ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૮ : બલાગત (અલંકારિક શૈલી)

પ્રકરણ - ૧ : બલાગત

(૧૮૪૫) બલાગત એ જ છે કે જે જીભ ઉપર સખત ન હોય અને દિમાગ ઉપર ભારે ન હોય.

(૧૮૪૬) બલાગતનો તકાજો છે કે તું કોઈ વસ્તુનો જવાબ આપવામાં મોડું ન કર અને જે જવાબ આપ તેમાં ભૂલ ન કર.

(૧૮૪૭) જેણે કલામ (વાત)ને શણગારીને રજૂ કરી તેણે બલાગતનો હક અદા કરી દીધો. (કેટલીક

જગ્યાએ આ શબ્દો છે, ‘તેણે બલાગત સાથે ખયાનત ન કરી’)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૪૮) બલાગત જીભની ગતિ અને વધારે બકવાસ કરવાનું નામ નથી, બલ્કે બલાગત એ છે જેમાંથી અર્થ નિકળતો હોય અને તેનો હેતુ હુજ્જત અદા કરવાનો હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૮૪૯) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને બલાગત વિશે સવાલ કરવામાં

આવ્યો ત્યારે આપે ફરમાવ્યું : જે માણસ કોઈ વાતને જાણતો હોય તે તેના વિશે વાત કરે. ‘બલીગ’ને બલીગ એ માટે કહેવામાં આવે છે કે તે પોતાના ટૂંકા અને મામૂલી પ્રયત્નો સાથે પોતાના હેતુ સૂધી પહોંચી જાય છે.

(૧૮૫૦) ત્રણ વસ્તુઓમાં બલાગત જોવા મળે છે. (૧) હેતુ સૂધી પહોંચવા માટે સૌથી નઝદીક હોય તેવા શબ્દોનો ઉપયોગ, (૨) બિન જરૂરી વાતોથી બચવું અને (૩) ટૂંકી વાતમાંથી વિશાળ અર્થ તરફ માર્ગદર્શન કરવું.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૮૫૧) કયારેક બલાગતની બદલે (વાતને) ટૂંકાવવાને પૂરતું સમજવું જોઈએ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૫૨) કયારેક બયાનમાં જાદુ હોય છે અને કેટલીક વખત વાત કરવામાં લાચારી હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨ : સૌથી વધારે વિદ્વતા

(૧૮૫૩) સૌથી વધારે વિદ્વતા એ છે જેની રજુઆત હક વાત સૂધી પહોંચવા માટે સહેલી અને જેનું ટુંકાણ બહુ જ સુંદર હોય.

(૧૮૫૪) શ્રેષ્ઠ કલામ એ છે જેને સારી રીતે શણગારવામાં આવ્યા હોય અને જેને તમામ ખાસ અને આમ લોકો સમજી શકે.

(૧૮૫૫) શ્રેષ્ઠ કલામ એ છે જે કાનને અણગમતા ન લાગે અને જેના સમજવાથી મગજ થાકી ન જાય.

(૧૮૫૬) શ્રેષ્ઠ કલામ એ છે જે દિમાગને થકવી ન દે અને બહુ જ ટુંકા હોય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - 3 : શ્રેષ્ઠ બલાગત

(૧૮૫૭) શ્રેષ્ઠ બલાગત એવી જગ્યાએ મૌન ધારણ કરવામાં છે, જ્યાં બોલવું ઉચિત હોતું નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : વાતચીતમાં સખ્તાઈ

(૧૮૫૮) ખુદાવંદે આલમની દ્રષ્ટિએ સૌથી વધારે ગુસ્સાને પાત્ર એ બલીગ (વકતા) છે જે પોતાની જીભને ગાયની જેમ ચલાવે છે.

(૧૮૫૯) ખુદાવંદે આલમને એ માણસ સખત નાપસંદ છે જે પોતાની જીભથી એવી રીતે રમે છે (નકામી વાતો કરે છે) જેવી રીતે ગાય પોતાની જીભથી રમતી હોય છે.

(૧૮૬૦) ખુદાવંદે આલમે એવા લોકો ઉપર લઅનત કરી છે જેઓ પોતાના ખુત્બાઓને લયબધ્ધ (કાવ્ય પંક્તિઓની) રીતે અદા કરે છે.

(૧૮૬૧) નઝદિકના જમાનામાં એવા લોકો પણ થશે જેઓ પોતાની જીભથી એવી રીતે ખાશે જેવી રીતે ગાય જમીન ઉપરથી ખાય છે.

(૧૮૬૨) મારી ઉમ્મતના સૌથી ખરાબ એ લોકો છે જેઓ વધારે પડતા વાતોડીયા, લોકોને જીભથી ઝખમ પહોંચાડનાર અને ઘમંડી સ્વભાવના હોય છે. મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો એ છે જેના અખ્લાક સારા હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : બલાગત

(૧૮૬૩) અકલમંદ દિલ અને બોલનારી જીભ બલાગતની નિશાની છે.

(૧૮૬૪) ઘણી વખત બલીગ માણસ પોતાની હુજ્જત બયાન કરવા માટે લાચાર હોય છે અને ઘણી વખત (સરળ ભાષામાં રજૂઆત કરનાર) ફસીહ માણસ જવાબમાં ભેળસેળ કરી નાખતો હોય છે.

(૧૮૬૫) ચર્ચાના સમયે વાતને વારંવાર દોહરાવવી અને પરસ્પર વાતચીત વખતે

(વારંવાર) ખાંસવું (કેટલીક જગ્યાએ વારંવાર અભિમાન દર્શાવવું) એ લાચારીની નિશાની છે.

(૧૮૬૬) અમે કલામના બાદશાહ છીએ, અમારામાં તેના મૂળ રહેલા છે, અને અમારી ઉપર તેની ડાળીઓ સાયો કરી રહી છે.

(૧૮૬૭) તારી જીભના પ્રહાર એની વિરૂધ્ધ ન કર જેણે તને બોલતા શીખવ્યું અને તારા કલામની બલાગતોનો ઉપયોગ તેના વિરૂધ્ધ ન કર જેણે તને સીધો (સાચો) માર્ગ બતાવ્યો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧૯ : તબ્લીગ

પ્રકરણ - ૧ : તરજુમાને હક (હકને પ્રસ્તુત કરનાર)

(૧૮૬૮) પયગમ્બર અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના હકના તરજુમાન અને ખાલિક અને મખ્લૂક વચ્ચે એલચી હોય છે.

- હઝરત અલી (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૨ મુસલમાન મુબલ્લીગ (ધર્મ પ્રચારક) ની ખાસિયતો

(૧) (મુબલ્લીગ) ખુદા સિવાય કોઈથી ડરતો નથી.

કુરઆને મજીદ :-

* તે (રસૂલો) એવા હોય છે કે જેઓ અલ્લાહના સંદેશા (જેમના તેમ લોકોને) પહોંચાડી દે છે અને તેનાથી જ બીએ છે અને તેઓ અલ્લાહના સિવાય કોઈથી બીતા નથી અને હિસાબ લેવા માટે અલ્લાહ બસ છે.

- (સૂ. અહઝાબ આ. ૩૯)

(૨) (મુબલ્લીગ) ખૂશ ખબરી આપે છે, લોકોને મોહબ્બત સાથે બોલાવે છે. નફરત કરતો નથી.

* હે નબી ! નિ:સંશય અમોએ તને સાક્ષી આપનાર તથા ખૂશખબર આપનાર તથા ડરાવનાર તરીકે મોકલ્યો છે, અને અલ્લાહની આજ્ઞાથી (લોકોને) તેની તરફ બોલાવનાર તથા (ઈમાન અને હિદાયતનો) પ્રકાશ આપનાર ચિરાગ બનાવી મોકલ્યો છે.

- (સૂ. અહઝાબ આ. ૪૫-૪૬)

હદીસ :-

(૧૮૬૯) ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે જ્યારે ‘યા અય્યોહન્નબી ઇન્ના અરસલના’વાળી આયત નાઝીલ થઈ ત્યારે આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલયહિસ્સલામ) અને મઆઝને હુકમ આપ્યો કે તેઓ (ઇસ્લામની તબ્લીગ માટે) યમન જાય અને ફરમાવ્યું : જાવ, લોકોને ખૂશખબરી આપો અને તેઓને હડધૂત ન કરો..., તેઓ સાથે નરમાઈ ભર્યું વલણ રાખો, સખ્તીથી કામ ન લો.

પ્રકરણ - ૩ : જાહેરી રીતે તબ્લીગ કરવી

કુરઆને મજીદ :-

* અને રસૂલના માથે (અલ્લાહનો સંદેશો) સ્પષ્ટ રીતે પહોંચાડી દેવા સિવાય બીજુ કાંઈજ નથી.

- (સૂ. અન્કબૂત આ. ૧૮)

* પછી જો તમે મોઢું ફેરવી લેશો તો સમજી લો કે અમારા રસૂલના માથે તો માત્ર (અમારો) સંદેશો સ્પષ્ટ કરીને પહોંચાડી દેવાનો છે.

- (સૂ. માએદાહ આ. ૯૨)

* માટે તું પણ તેમને જતા કર અને તેમને નસીહત કર અને તેમના દિલોમાં અસર કરે તેવી વાતો કર.

- (સૂ. નિસા આ. ૬૩)

હદીસ :-

(૧૮૭૦) ખુદાના પયગમ્બરો માટે હુકમ છે કે તેઓ દરેક વાતને ખોલીને બયાન કરે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૦ : બુલુગ (જવાની)

પ્રકરણ - ૧ : બુલુગ (જવાની)

કુરઆને મજીદ :-

* પછી તમને બાળક બનાવી કાઢીએ છીએ, (પછી તમારું પાલનપોષણ કરીએ છીએ) કે જેથી તમે તમારી સંપૂર્ણ શક્તિએ પહોંચો ;

- (સૂ. હજ, આ. ૫)

* અને યતીમના માલ પાસે સદહેતુ સિવાય જાઓ નહીં. જ્યાં સૂધી કે તે બાલિગ (ઉંમર લાયક) ન થઈ જાય ;

- (સૂ. બની ઇસરાઈલ, આ. ૩૪)

* જેથી તારા પરવરદિગારે માત્ર પોતાની રહેમતના કારણે આ ચાહયું કે તેઓ બંને યુવાન થઈ પોતાનો ખજાનો પોતે જ કાઢી લે,

- (સૂ. કહફ આ. ૮૨)

* અને જ્યારે તે (મૂસા અલયહિસ્સલામ) પોતાની સંપૂર્ણ શક્તિ (યુવાવસ્થા) એ પહોંચ્યો અને સારી પેઠે હાથ પગ કાઢયા (અર્થાત તેના

અવયવો યોગ્ય શક્તિએ પહોંચ્યા) ત્યારે અમોએ તેને સદબુધ્ધિ અને જ્ઞાન અર્પણ કર્યા ;

- (સૂ. કસસ આ. ૧૪)

* અને જ્યારે તે (યૂસુફ) પોતાની સંપૂર્ણ શક્તિએ પહોંચી ગયો ત્યારે અમોએ તેને હિકમત તથા જ્ઞાન અર્પણ કર્યા.

- (સૂ. યૂસુફ, આ. ૨૨)

* અને યતીમોને (કામ ધંધે લગાડી) અજમાવતા રહો જ્યાં સૂધી કે તેઓ લગ્નની વયે પહોંચી જાય ; પછી જો તમે તેમનામાં કંઈ (સંસાર વહેવારની) લાયકાત જુઓ તો તેમનો માલ તેમને સોંપી દો.

- (સૂ. નિસા આ. ૬)

* અને (હે ઈમાનદારો !) જ્યારે તમારા છોકરાં બાલિગ (ઉંમરલાયક) થઈ જાય તો તેમને પણ લાઝીમ છે કે તેઓ પણ એવી જ રીતે રજા મેળવ્યા કરે જેવી રીતે કે તેમના આગળનાઓ મેળવ્યા કરતા હતા ;

- (સૂ. નૂર આ. ૫૯)

હદીસ :-

(૧૮૭૧) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) તેમના પવિત્ર પિતાથી રિવાયત કરી છે કે તેઓએ ફરમાવ્યું : (બની કરીઝા પર) વિજય મેળવ્યા પછી હઝરત રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ તે કબીલાના છોકરાઓ વિશે ફરમાવ્યું કે તેમની ડુંટીની નીચેના ભાગ જોવામાં આવે. જે છોકરાને ડુંટીની નીચે વાળ નિકળી આવ્યા હતા તેમને (બાલિગ ગણાવીને) કત્લ કરાવી નાખ્યા.

(૧૮૭૨) હઝરત અલી (અલયહિસ્સલામ) તેમના ભાઈ રસૂલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે મેં આ જનાબને યતીમ વિશે પૂછ્યું કે તેની યતીમી(ની મુદ્દત) ક્યારે પૂરી થાય છે. તેઓએ ફરમાવ્યું જ્યારે તેને એહતેલામ થવા લાગે અને લેણદેણ (કારોબાર)ને સમજવા લાગે.

(૧૮૭૩) છોકરા માટે ખરીદ અને વેચાણનો વ્યવહાર એ સમય સૂધી જાએઝ નથી અને ન તો યતીમીના સમયથી બહાર આવશે જ્યાં સૂધી તે પંદર વર્ષનો ન થઈ જાય. અથવા તે મોહતલીમ

(વીર્ય સ્ખલન) થવા ન લાગે અથવા તેની ડુંટીની નીચે વાળ ન ઉગવા લાગે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૮૭૪) જ્યારે છોકરાની ઉંમર ૧૩ વર્ષની સંપૂર્ણ થઈ જાય અને ૧૪ વર્ષમાં પ્રવેશી જાય તો તેની ઉપર પણ એ બધા કાર્યોની અદાયગી વાજીબ થશે જે એહતેલામ થનારને બાલિગ થવા પછી વાજીબ થાય છે. ભલે તે મોહતલીમ થાય કે ન થાય. પછી તેના સામે સારી અને ખરાબ વાતો પણ લખવામાં આવશે. કારણ કે તેના માલમાંથી બધી વસ્તુ તેના માટે જાએઝ થઈ જાય છે. અલબત્ત, જો તે બેવકુફ

અથવા નિર્બળ હોય તો આ બધી વસ્તુ લાગુ પડતી નથી.

(૧૮૭૫) ઔરતની જવાની (બાલિગ થવા)ની હદ ૯ વર્ષની છે.
- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

વિભાગ - ૨૧ : ભોળપણ (સાદગી)

પ્રકરણ - ૧ : ભોળપણ (સાદગી)

(૧૮૭૬) અઇમ્મએ સાદેકીન અલયહે મુસ્સલામના ફરઝંદ તેમના પવિત્ર પિતાઓથી રિવાયત કરે છે

કે : રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : હું જન્નતમાં દાખલ થયો તો સાકેનીને જન્નત (જન્નતમાં રહેનારાઓ)માંથી મોટા ભાગના લોકોને જોયા તો તેઓ ભોળા દેખાતા હતા.

આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) નો હેતુ એ ભોળપણ એવા લોકોનું હતું કે જેઓ દુનિયામાં બુરાઈથી ગાફીલ હતા, પરંતુ ખયરના વ્યવહારમાં અકલમંદ હતા અને દર મહિનાના ત્રણ રોઝા રાખતા હતા.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૮૭૭) હું જન્નતમાં દાખલ થયો તો જન્નતના મોટા ભાગના લોકોને જોયા કે જેઓ દર મહિનાની ૧૩ થી ૧૫ તારીખ સૂધી રોઝા રાખતા હતા.

(૧૮૭૮) મારા ભાઈ હઝરત ઈસા (અલયહિસ્સલામ)એ તેમના હવારીઓને ફરમાવ્યું : એ મારા હવારીઓ બુરાઈની બાબતમાં કબૂતરની જેમ ભોળા બન્યા રહો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૨૨ : બલા (આજમાઈશ)

પ્રકરણ - ૧ : આજમાઈશ

કુરઆને મજીદ :-

* અને અમે આઝમાઈશ તરીકે નેકી તથા બદી વડે તમારી કસોટી કરીએ છીએ.

- (સૂ. અમ્બિયા, આ. ૩૫)

* બેશક તે (નૂહના બનાવ)માં નિશાનીઓ છે, અને નિસંશય અમે હંમેશા (લોકોની) ક્સોટી કરતા રહીએ છીએ ;

- (સૂ. મોઅમેનૂન આ. ૩૦)

હદીસ :-

(૧૮૭૯) અય્યોહન્નાસ ! એ વાતમાં તો શક નથી કે અલ્લાહ તઆલાએ તમને પોતાના ઝુલ્મથી રક્ષણ આપ્યું છે. પરંતુ તમારી આજમાઈથી તમને રક્ષણ આપ્યું નથી. (એટલે કે તમારી આઝમાઈશ જરૂર કરવામાં આવશે.) કેમકે ખુદાવંદે આલમે ફરમાવ્યું છે કે : એ વાતમાં શક નથી કે તેમાં અમારી કુદરતની નિશાનીઓ છે અને અમને તેની આઝમાઈશ મંજૂર છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૮૦) કોઈ વિસ્તાર અને વ્યવસ્થા એવી નથી જેમાં ખુદા તરફથી મહેરબાની અને આઝમાઈશ ન હોય.

(૧૮૮૧) કોઈ બાબત એવી નથી જેમાં ખુદાની ઇચ્છા, હુકમ અને તેના તરફથી આઝમાઈશ ન હોય.

(૧૮૮૨) ખુદાના અમ્ર અને નહીમાં કોઈ બાબત એવી નથી જેમાં ખુદાના તરફથી આઝમાઈશ અને કઝા મુકવામાં આવેલી ન હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૮૮૩) એક વખત હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) બીમાર પડયા, કેટલાક લોકોએ આપના ખબર અંતર પૂછયા અને પૂછ્યું : અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ), આપે સવાર કેવી રીતે કરી ? આપે ફરમાવ્યું : નુકસાન સાથે, તે લોકોએ કહ્યું : સુબ્હાનલ્લાહ ! આપની વાત પણ આપની જેમ સમજી ન શકાય તેવી ઉચ્ચ કક્ષાની છે. ઇમામે ફરમાવ્યું ખુદા ફરમાવે છે : અમે તમને શર અને ખયરમાં (સારી અને ખરાબ હાલતમાં) પિરક્ષા લેવાના હેતુથી અજમાવીએ છીએ, તેથી

ખયર તંદુરસ્તી, સલામતી અને તવંગરી છે. જ્યારે શર બીમારી, ફકીરી, કસોટી અને આઝમાઈશ છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : આજમાઈશના કારણો

કુરઆને મજીદ :-

* (હે મુનાફિકો !) અલ્લાહ એવો નથી કે જે સ્થિતીમાં તમે છો તેજ સ્થિતિમાં મોઅમિનોને (તમારી સાથે એકઠા મળી) રહેવા દે. અહીં સૂધી કે તે નાપાકને પાકથી જુદા પાડી ન નાખે,...

- (સૂ. આલે ઇમરાન આયત નં ૧૭૯)

* અને એ માટે પણ કે અલ્લાહ ઈમાન લાવનારાઓને કસોટી કરીને અલગ પાડી નાખે

અને નાફરમાનોને (પોતાના) આર્શીવાદથી વંચિત રાખે.

(હે મુસલમાનો !) શું તમોએ એમ ધારી લીધું છે કે તમે જન્નતમાં ચાલ્યા જશો ? જ્યારે હજુ સૂધી અલ્લાહે (તમારી કસોટી કરીને) તમને જાણી લીધા નથી કે તમારામાંથી કોણે કોણે જેહાદ કર્યો છે અને વળી તમારામાંથી ધૈર્યવાન કોણ રહ્યા છે.

- (સૂ. આલે ઇમરાન, આ. ૧૪૦ થી ૧૪૨)

* અને આ એ માટે કે અલ્લાહ જે તમારા દિલોમાં છે તેની કસોટી કરી લે, તથા જે કાંઈ તમારા અંત:કરણોમાં છે તેનું માપ કાઢી લે ;

- (સૂ. આલે ઇમરાન, આ. ૧૫૪)

* શું તમોએ એવું ગુમાન કરી લીધું છે કે તમને (એમ જ) છોડી દેવામાં આવશે ? જ્યારે કે અલ્લાહે હજી તમારામાંથી તે લોકોને જાણે કસી લીધા નથી કે જેમણે જેહાદ કર્યો છે, અને અલ્લાહ તથા તેના રસૂલ તથા મોઅમિનો સિવાય બીજા કોઈને વિશ્વાસુ મિત્ર બનાવ્યા નથી ; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે.

- (સૂ. તૌબા, આયત નં ૧૬)

* અને અમે તમારી કસોટી અવશ્ય કરીશું, એટલે સૂધી કે તમારામાંથી જેહાદ (ધર્મયુધ્ધ) કરનારાઓ તથા ધૈર્ય ધરનારાઓને અમે સમજી લઈએ, અને તમારી સ્થિતિઓને અજમાવી લઇએ.

- (સૂ. મોહમ્મદ, આ. ૩૧)

* અને અગર અલ્લાહ ચાહતે તો પોતે જ તેમનાથી (પૂરતો) બદલો લઈ લેતે, પરંતુ તમારામાંથી કેટલાકોને કેટલાકોની સામે અજમાવવા માટે (તેમ કર્યું નહીં) ;

- (સૂ. મોહમ્મદ, આ. ૪)

* જેણે મૃત્યુ પૈદા કર્યું અને જીવન પણ કે જેથી તમને અજમાવે કે તમારામાંથી કોણ કરણીમાં બહેતર છે ;

- (સૂ. મુલ્ક, આ. ૨)

* ખચીતજ અમોએ પૃથ્વી પર જે કાંઈ છે તેને તેની શોભા બનાવી છે કે જેથી અમે તેમને અજમાવીએ (અને જાણી લઈએ) કે તેમનામાંથી સૌથી સારા કાર્ય કરનાર કોણ છે ?

- (સૂ. કહફ આ. ૭)

* અને તે (અલ્લાહ) એ જ છે જેણે આકાશો તથા પૃથ્વીને છ દિવસમાં ઉત્પન્ન કર્યા - અને (તે વખતે) તેનું અર્શ (સિંહાસન) પાણી પર હતું. - આ એટલા માટે (બનાવ્યું) કે તે તેમને અજમાવે કે તમારામાંથી કર્મોના સંબંધમાં વધૂ સારો કોણ છે ;

- (સૂ. હુદ, આ. ૭)

હદીસ :-

(૧૮૮૪) ખબરદાર ! ખુદાવંદે આલમે પોતાની મખ્લૂકની ગુપ્ત વાતોને એ માટે જાહેર નથી કરી કે તે તેના ગુપ્ત રહસ્યો અને ખાનગી હાલતથી

અજાણ હતો. પરંતુ તેણે આમ એ માટે કર્યું છે કે તે તેઓને (લોકોને) અજમાવે કે તે લોકોમાં વધારે સારો અમલ કરનાર કોણ છે. આ અજમાઈશના ધોરણ ઉપર સવાબના સ્વરૂપમાં જઝા (બદલો) મળે છે અને અઝાબના સ્વરૂપમાં સજા મળે છે.

(૧૮૮૫) અલ્લાહ તઆલાનો આ કૌલ '"તમારો માલ અને તમારી ઔલાદ તમારા માટે ફિત્નો એટલે કે આઝમાઈશ છે.' વિશે ફરમાવ્યું આનો અર્થ એ છે કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાના બંદાઓને માલ અને અવલાદ થકી અજમાવે છે કે તેના આપેલા ઉપર કોણ નારાઝ થાય છે, અને

તેની વહેંચણી ઉપર કોણ રાજી થાય છે. જો કે અલ્લાહ તઆલા પોતે તેના નફસોથી વધારે પરીચિત છે. પરંતુ આમ (આજમાઈશ) એ માટે છે કે તે કાર્યો થકી ઇન્સાન સવાબ અને અઝાબને પાત્ર થાય છે એ વાત જાહેર થઈ જાય.

(૧૮૮૬) સંજોગોની ઉથલ પાથલો થકી મરદોના જોહર ખુલતા હોય છે અને જમાનાના પરિવર્તનથી ગુપ્ત રહસ્યો જાહેર થતા હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૮૭) અલ્લાહ તઆલાના આ કૌલ ‘“જેથી તમને અજમાવીએ કે તમારામાં વધારે સારા અમલવાળો કોણ છે ?’ વિશે ફરમાવ્યું : ખુદાવંદે તબારક વ તઆલાએ પોતાની મખ્લૂકને એ માટે પૈદા કરી છે કે તેને પોતાની ઇતાઅત અને ઈબાદતની શરઈ ફરજો દ્વારા અજમાવે, એ માટે નથી પૈદા કર્યો કે તેની પરિક્ષા અને પરીક્ષણ કરે. કારણ કે તે પૈદા કર્યા ત્યારથી જ દરેક વાતોને જાણે છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૧૮૮૮) (કરબલાના રસ્તામાં) ફરમાવ્યું : લોકો દુનિયાના બંદાઓ છે, અને દીન તેમની જીભો ઉપર સ્વાદ પૂરતો રહી ગયો છે. તે લોકો તેને (દુનિયાને) એ સમય સૂધી અપનાવી રાખશે જ્યાં સૂધી તેના ગુનાહ અને કારોબાર ચાલતા રહે છે અને જ્યારે આજમાઈશનો સમય આવે છે ત્યારે મોટા ભાગના લોકો દુનિયાદાર બની જાય છે.

- હઝરત ઇમામે હુસૈન (અલયહિસ્સલામ)

(૧૮૮૯) હઝરત આદમ (અલયહિસ્સલામ)ને સજદો કરવાના હુકમ દ્વારા ફરિશ્તાઓની આઝમાઈશ કરવા વિશે ફરમાવ્યું : જો અલ્લાહ ચાહતે તો

આદમ (અલયહિસ્સલામ)ને એક એવા નૂરથી પૈદા કરતે જેની રૌશની આંખોને આંજી દેત..... તે એવું કરી શકતો હતો, પરંતુ જો તેમ કરતે તો તેમની સામે ગરદનો ઝુકી જાત અને ફરિશ્તાઓની તેમના વિશેની પરિક્ષા હળવી થઈ જાત, પરંતુ અલ્લાહ તબારક વ તઆલા પોતાની મખ્લૂકને એવી વસ્તુઓથી અજમાવે છે જેના મૂળ અને હકીકતથી તે લોકો વાકિફ હોતા નથી. જેથી આ આઝમાઈશ પછી (સારા અને ખરાબ લોકોમાં) તફાવત થઈ શકે. તેમના અહંકાર અને ઉચ્ચતા જૂદી થઈ શકે તેમજ અભિમાન અને ખૂદપસંદીને દૂર કરી દે.

(૧૮૯૦) ... આઝમાઈશ જેટલી સખત હશે તેવોજ તેનો અજ્ર અને સવાબ વધારે હશે. તમે નથી જોતા કે અલ્લાહ સુબ્હાનહુ એ આદમથી લઈને આ જમાનાના અંત સૂધીના આગળના અને પાછળનાઓને એવા પત્થરોથી અજમાવ્યા જેઓ ન તો નુકસાનને ઓળખી શકે છે અને ન ફાયદાને. ન સાંભળી શકે છે અને ન જોઈ શકે છે. તેઓએ પત્થરોને જ તેમના માનવંતા ઘર ગણ્યા છે. જેને લોકો માટે (શાંતિથી) રહેવાનું માધ્યમ બનાવ્યુ છે...

...પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને જૂદી જૂદી સખ્તીઓથી અજમાવ્યા છે. તેઓ પાસેથી એવી ઇબાદતનો ઇચ્છુક છે જેમાં જુદી જુદી મુશ્કેલીઓ પડે છે. અને તેની જાત જાતની અણગમતી બાબતોથી અજમાવવામાં આવે છે. જેથી તેના દિલમાંથી ઘમંડ અને અભિમાનને બહાર કાઢી શકે. અને તેના નફ્સોમાં આજીજી અને નમ્રતાને સ્થાન આપે અને એ કારણ પણ છે કે કસોટી અને આજમાઈશના માર્ગમા પોતાના ફઝલ અને ઉપકારના દરવાજા સૂધી (તે લોકોને) પહોંચાડે.

- હ. અલી (અલયહિસ્સલામ)

(૧૮૯૧) તમારે આજમાઈશની ભઠ્ઠીમાંથી ચોક્કસ પસાર થવું પડશે. તમને ગરણીથી જરૂર ગાળવામાં આવશે, એવી રીતે કે તમારા નીચલા દરજ્જાનો માણસ ઉપર જશે અને ઉપરના દરજ્જાનો માણસ નીચે આવી જશે. આ રીતે જે કોઈ આળસના કારણે પાછો રહી ગયો હતો તે આગળ વધે અને જે અગ્રતા લઈ ચૂકયો હતો તે પાછળ રહી જાય.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૯૨) તવંગરી અને સારી હાલત માટે અભિમાન ન કરો અને ફકીરી અને આજમાઈશથી ગભરાવ નહીં. કારણ કે સોનાને આગથી જ પારખવામાં આવે છે અને મોઅમિનને આઝમાઈશ દ્વારા. (પારખવામાં આવે છે.)

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - 3 : મોઅમિન માટે સખ્ત અજમાઈશ

કુરઆને મજીદ -

* શું તમોએ એમ ધારી લીધું છે કે તમે જન્નતમાં ચાલ્યા જશો જ્યારે અત્યાર સૂધી તમારા પર એવું વીત્યું નથી જેવું કે તમારા પુર્વજો પર વિતી ગયું છે ? (અર્થાત) તેમના ઉપર (એવી) સખ્તાઈ તથા દુ:ખ આવી પડયા કે તેઓ ધ્રુજી ગયા હતા, અહીં સૂધી કે રસૂલ તથા તેની સાથે ઈમાન લાવનારાઓ બોલી ઉઠયા કે (હવે) અલ્લાહની મદદ ક્યારે આવશે ? (અલ્લાહ તરફથી કહેવામાં આવ્યું કે)

ગભરાઓ નહીં, નિ:સંશય અલ્લાહની મદદ નઝદીક છે.

- (સૂ. બકરહ, આ. ૨૧૪)

હદીસ :-

(૧૮૯૩) સૌથી મોટી આઝમાઈશ અમ્બિયાની હોય છે, પછી એવા લોકોની જે તેઓથી સૌથી વધારે નઝદીક હોય છે, પછી દરજ્જા પ્રમાણે તેઓના જેવા લોકોની (આજમાઈશ થાય છે.)

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૮૯૪) મુત્તકી મોઅમિનની આઝમાઈશ વરસાદ જમીન ઉપર પડે છે તેની ગતિથી પણ વધારે તેજ હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૮૯૫) મોઅમિન માટે દુનિયા કૈદખાનું છે. તો પછી એવું કયું કૈદખાનું છે જેમાં સારી વાતો હોય.

(૧૮૯૬) હક ઉપર ચાલનારા શરૂઆતથી જ સખ્તીઓનો સામનો કરતા આવ્યા છે, પરંતુ સખ્તીઓની મુદ્દત ઓછી અને સરળતાનો સમયગાળો લાંબો હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૮૯૭) બાતિલની હુકુમતમાં જે મોઅમિન માટે સરળતા હોય છે તેને મૌતની પહેલા જાન અથવા માલની આજમાઈશમાં નાખવામાં આવશે. જેથી હકની હુકૂમતમાં તેનો બહોળા પ્રમાણમાં ભાગ હોય.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૮૯૮) મોઅમિન પાંચ સખ્તીઓમાં ફસાએલો રહે છે, (૧) તેની સાથે હસદ કરવામાં આવે છે, (૨) મુનાફીક તેની સાથે બુગ્ઝ (દ્વેષ) રાખે છે, (૩) કાફિર

તેની સાથે લડે છે, (૪) નફ્સ તેની સાથે ઝઘડો કરે છે, (૫) શૈતાન તેને ગુમરાહ કરવાના પ્રયત્નો કરે છે.

(૧૮૯૯) તમારી પહેલાના સમયમાં એવું થતું હતું કે : માણસને પકડી લેવામાં આવતો હતો. તેના માટે જમીનમાં ખાડો ખોદવામાં આવતો હતો. તેને જમીનમાં દાબીને તેના માથા ઉપર કરવત ચલાવવામાં આવતી હતી. જેના કારણે તેના બે ટુકડા થઈ જતા હતા. લોઢાના સરીયાથી તેના હાડકાઓ અને શરીરના ગોશ્તને ખેંચી લેવામાં

આવતું હતું, તેમ છતાં તે પોતાના દીનને છોડતો ન હતો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૮૯૯) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) તેમના વડીલોથી રિવાયત ફરમાવે છે : તમારી નજરો કયાં છે ? તમારી પહેલાના લોકો પસાર થઈ ચૂક્યાં છે. જેઓ તમારા જેવા (દીનના) માર્ગ પર ચાલતા હતા. તેઓને પકડીને તેમના હાથ અને પગ કાપી નાખવામાં

આવતા હતા અને તેઓને શૂળી પર લટકાવી દેવામાં આવતા હતા.

ત્યાર પછી આપે આયતની તિલાવત ફરમાવી : “અમ હસીબ્તુમ... – (સૂ. બકરહ આ. ૨૧૪)

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

(૧૯૦૧) ખુદાવંદે આલમનો આ કૌલ... કિતાબમાં ઇસ્માઈલનો ઝિક્ર કરો... ના વિશે ફરમાવ્યું : તેમના ઉપર કૌમે કાબુ મેળવી લીધો અને તેમના ચહેરા ઉપરથી ગોશ્ત કાઢી લીધું અને ખોપરી છુંદી

નાખી... આ ઇસ્માઈલ જનાબે ઇબ્રાહીમ (અલયિહિસ્સલામ)ના ફરઝંદ નથી, બલ્કે તેઓ બીજા કોઈ બુઝુર્ગ હતા.

(૧૯૦૨) તમારી પહેલા એવી કૌમ આવી ચુકી છે જેને કાંતો કત્લ કરી નાખવામાં આવી અથવા બાળી નાખવામાં આવતી હતી અથવા કરવતથી કાપી નાખવામાં આવતી હતી. જમીન તેની વિશાળતા હોવા છતાં તે લોકો માટે તંગ કરી નાખવામાં આવતી હતી. પરંતુ તે લોકોને આટલી બધી સખ્તીઓ અને ઇજાઓ પહોંચાડયા પછી પણ તેમના સાચા રસ્તા પરથી હટાવી શકતા ન હતા.

બલ્કે ખુદાવંદે અઝઝ વ જલ્લ ઉપરનું તે લોકોનું ઈમાન વધારે દ્રઢ બની જતું હતું. તેથી તમે પણ તમારા રબ પાસે તેના (બુલંદ) દરજ્જા માટે દુઆ માંગો અને તમારી મૂસીબતોના સમયે સબ્ર કરો તો તમને પણ તે કૌમની કોશિશ જેવો સવાબ મળશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૦૩) ખુદાવંદે તઆલાએ એક હબશી પયગમ્બરને તેની કૌમ તરફ મોકલ્યા જેઓની સાથે એ લોકોએ જંગ પણ કરી અને તે જંગમાં પયગમ્બરના કેટલાક સાથી મરી પણ ગયા, કેટલાકને કૈદ કરવામાં આવ્યા અને તેઓ માટે

ખંદક (સળગાવેલા લાકડાઓથી ભરેલા ખાડા) ખોદવામાં આવ્યા, પછી દુશ્મનોએ કહ્યું : જે અમારા દીનના છે તેઓ જુદા થઈ જાય અને જે નબીના માનવાવાળાઓ છે તે આ આગમાં કુદી પડે, તેથી તે પયગમ્બરના માનનારાઓ એ આગમાં કુદી ગયા, તેમાં એક સ્ત્રી પણ હતી જેની સાથે સાવ નાનું બાળક પણ હતું, તેણી તે આગમાં કુદવામાં હીચકીચાટ અનુભવતી હતી ત્યારે તે નાના બાળકે કહ્યું : અમ્મીજાન, ગભરાવ નહીં, આગમાં કુદી જાઓ, તેથી તે સ્ત્રીએ પણ તે આગમાં છલાંગ લગાવી દીધી. આ એ જ કૌમ છે જેને 'અસ્હાબુલ ખુદુદ' (ખંદકવાળી કૌમ) કહેવાય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ – ૪ : મોઅમિન કેટલાય પ્રકારની આજમાઈશમાં ફસાએલો હોય છે.

(૧૯૦૪) ઇબ્ને બકીર કહે છે : મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પુછ્યું : શું મોઅમિન જુઝામ (રકતપિત-કુષ્ઠરોગ), બર્સ (સફેદ કોઢ) અને એ પ્રકારની બીજી બીમારીમાં ફસાએલો હોય છે ?

ઇમામે ફરમાવ્યું : તો શું મોઅમિન સિવાય બીજા કોઈ માટે આ મૂસીબતો મુકર્રર છે ?

(૧૯૦૫) સુદૈર કહે છે કે મેં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી : શું ખુદાવંદે આલમ મોઅમિનને મૂસીબત (અથવા બીમારી)માં ફસાવે છે ?

આપે ફરમાવ્યું : ભલા મોઅમિન સિવાય બીજો કોણ ફસાય છે ? એટલે સૂધી કે સૂ. યાસીનમાં જે મોઅમિનનો ઉલ્લેખ છે જેણે કહ્યું : અય કાશ મારી કૌમને ઇલ્મ હોય.... તે 'મુકન્નઅ' હતા.

સુદૈર કહે છે, મેં પુછ્યું : મુકન્નઅ કોને કહે છે ?

ફરમાવ્યું : જેને કોઢની બીમારી હોય.

(૧૯૦૬) મોઅમિન દરેક અજમાઈશમાં ફસાઈ શકે છે. અને દરેક પ્રકારની મૌતથી મરી શકે છે. - સિવાય કે આત્મહત્યા.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૫ : પોતાની જાતે લાવેલી મૂસીબત

કુરઆને મજીદ :-

* અને જે પણ મુસીબત તમને પહોંચે છે તે તમારા હાથોના કરતુતોનું જ પરિણામ છે, અને તે ઘણી ખરી (ભૂલો)થી તો દરગુજર કરતો રહે છે.

- (સૂ. શૂરા, આ. ૩૦)

* (હે મુસલમાનો !) શું જ્યારે તમારા ઉપર (જંગે ઓહદમાં) એવી મૂસીબત આવી પડી કે જેનાથી ખરેખર બમણી (મૂસીબત બદરની લડાઈમાં) તમે

પોતે જ (નાસ્તિકોને) પહોંચાડી ચૂક્યાં હતા ત્યારે (ગભરાઈ જઈને) તમે એવું કહેવા લાગ્યા છો કે આ (મૂસીબત) ક્યાંથી આવી પડી ? (હે રસૂલ !) તું કહે કે એ તમારા પોતાની તરફથી છે.

- (સૂ. આલે ઇમરાન, આ. ૧૬૪)

* લોકોના હાથે જે કાંઈ પણ થયું તેના કારણે ખુશ્કી તથા તરીમાં ફસાદ જાહેર થઈ ગયો કે જેથી તેમણે જે કાંઈ વર્તન ચલાવ્યું તેના થોડાક (ભાગ)ની મજા તો અલ્લાહ તેમને ચખાડી દે, કે કદાચને તેઓ (વધુ ફસાદ કરતા) અટકે.

- (સૂ. રૂમ આ. ૪૧)

હદીસ :-

(૧૯૦૭) અલ્લાહ તઆલાએ હઝરત અય્યુબ (અલયિહિસ્સલામ)ની તરફ વહી મોકલી : શું તમે જાણો છો કે તમારા કયા અમલને કારણે તમારે આ અજમાઈશમાં મુકાવું પડયું છે ?

ફરમાવ્યું : નહીં.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : તમે મિસ્રુના રાજા પાસે ગયા હતા અને બે હુકમના વિશે દ્વીઅર્થી વર્ણન કર્યું હતું.

(૧૯૦૮) ઇન્સાન પોતાના હાથે ગુનાહમાં ફસાય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલલાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૬ : જે લોકોની આઝમાઈશ થતી નથી,

તેના ઉપર ખુદા નારાજ હોય છે.

* અને જો એમ ન હોત કે (સઘળાં) લોકો એક જ પંથના બની જતે, (અર્થાત સઘળાંજ ઇર્ષાળુ બની જવાની ધાસ્તી ન હોય) તો અમે તેમના માટે કે જેઓ દયાળુ અલ્લાહનો ઇન્કાર કરે છે તેમના છાપરા ચાંદીના બનાવી દેતે અને સીડીઓ પણ કે જેના ઉપર તેઓ ચડે (ઉતરે) છે ચાંદી અને સોનાની બનાવી દેતે.

- (સૂ. ઝુખ્રૂરફ આ. ૩૩)

હદીસ :-

(૧૯૦૯) ખુદાવંદે આલમ એવા ખબીસ, સરકશ અને નાફરમાન બંદા ઉપર સખ્ત નારાજ હોય છે જેની જાન અને માલમાં કોઈ આઝમાઈશ અથવા આફત ન આવે.

(૧૯૧૦) ખુદાને એવા બંદાની કોઈ જરૂરત નથી, જેના માલ અને જાનમાં (ખુદાનો) કોઈ હિસ્સો ન હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૯૧૧) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું: હું એ વાતને સખ્ત ના પસંદ કરૂં છું કે દુનિયામાં ઇન્સાનને માફી મળી જાય અને તે કોઈ આજમાઈશમાં ન ફસાય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૧૨) તંદુરસ્તી અને સલામતી માટે બીમારી જ આઝમાઈશ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૧૩) ખુદાવંદે તઆલા ફરમાવે છે : જો મારો મોઅમિન બંદો તેના દિલમાં દુ:ખ ન અનુભવતે તો

હું કાફીરના માથા ઉપર લોખંડની એક પટ્ટી બાંધી દેત જેનાથી તેને માથામાં કદી દુ:ખાવો ન થાત.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૧૪) અલ્લાહ તઆલાના આ કૌલ... અગર એમ વાત ન હોય કે લોકો એક પ્રકારના થઈ જશે... ના વિશે ફરમાવ્યું : તેનાથી ખુદાનો આશય ઉમ્મતે મોહંમદી છે કે તે એકજ પ્રકારની કાફિરો જેવી રસમો પર ચાલવા લાગત.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ)

(૧૯૧૫) (આ વિષયમાં છે કે) ખુદાવંદે આલમ એવું કરી દેત તો કોઈ માણસ મુસલમાન ન હોત. પરંતુ અલ્લાહ તઆલાએ મોઅમિનમાં માલદાર પણ બનાવ્યા છે અને ગરીબ પણ. તેવી જ રીતે કાફિરોમાં માલદાર પણ બનાવ્યા છે અને ગરીબ પણ. ત્યાર પછી અમ્રો-નહી અને સબ્રો-રઝાથી તે તેમનું ઇમ્તેહાન લીધું છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૭ : આઝમાઈશ નેઅમત છે.

(૧૯૧૬) તમે એ સમય સૂધી મોઅમિન બની શકતા નથી જ્યાં સૂધી કે આજમાઈશને નેઅમત અને સુખ-સગવડને મૂસીબત ન સમજો. કેમકે આજમાઈશના સમયે સબ્રની અઝમત, સુખ-સગવડના સમયમાં ખુદાની યાદથી ગફલતમાં રહેવા કરતા કેટલાયે ગણી વધારે છે.

(૧૯૧૭) તમે એ સમય સૂધી મોઅમિન બની શકતા નથી જ્યાં સૂધી આજમાઈશને નેઅમત અને સુખને મૂસીબત અને સખ્તી ન ગણો, કેમકે દુનિયાની આઝમાઈશ આખેરતમાં નેઅમત હોય

છે, અને દુનિયાની સુખ સગવડ આખેરતમાં મૂસીબત અને સખ્તી હોય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૯૧૮) કોઈ આઝમાઈશ એવી નથી જેના માટે ખુદા તરફથી કોઈને કોઈ નેઅમત ન હોય - જેણે અજમાઈશને ઘેરી લીધેલી હોય છે.

- હઝરત ઈમામ હસન અસ્કરી (અલયહિસ્સલામ)

(૧૯૧૯) જ્યારે તમે તમારા રબને તમારી ઉપર એક પછી એક બલાઓ મોકલતો અનુભવો ત્યારે

તમે તેનો શુક્ર અદા કરો. અને જ્યારે તેને સતત નેઅમતો પહોંચાડતો જુઓ તો સાવધ થઈ જાવ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૨૦) મુસીબતો ખુદા તરફથી મોકલવામાં આવેલી ભેટ છે. અને ફકીરી (ગરીબી) તેનો એક ખજાનો છે.

(૧૯૨૧) જેવી રીતે ઘરવાળાઓ પોતાના ખાસ મહેમાનોની જુદા જુદા પ્રકારની વાનગી ખવડાવીને મહેમાનગતી કરે છે, તેવી રીતે ખુદાવંદે તઆલા

પોતાના મોઅમિન બંદાઓની જુદી જુદી બલાઓ મારફતે આઝમાઈશ કરે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૨૨) જેવી રીતે બહાર ગામથી આવનાર માણસ પોતાના કુટુંબીજનો માટે ભેટ લાવે છે, તેવી જ રીતે અલ્લાહ તઆલા બલાઓ દ્વારા મોઅમિનોની આઝમાઈશ કરે છે. અને દુનિયામાં તેની એવી રીતે દેખભાળ કરે છે. જે રીતે એક તબીબ બીમારની દેખભાળ કરતો હોય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૮ મોઅમિન માટે આઝમાઈશ ખુદાની મહેરબાની હોય છે.

(૧૯૨૩) આઝમાઈશ મોઅમિન માટે શોભા અને અકલમંદ માણસ માટે ખુદાની મહેરબાની છે. કેમકે આઝમાઈશ મોઅમિનની સાથે રહેવી અને મોઅમિને તેના પર સબ્ર કરવું અને દ્રઢ નિશ્ચયી રહેવું તેના ઈમાનની સચ્ચાઈની નિશાની છે.

(૧૯૨૪) હઝરત આદમ (અલયહિસ્સલામ)થી હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સૂધીના, ખુદાએ પોતાના કોઈ બંદાની એ સમય સુધી પ્રસંશા કરી નથી જ્યાં સૂધી તેને

અજમાવી ન લીધો હોય. અને પોતાના વિશે માલિક હોવાનો હક પુરો જાણી લીધો ન હોય. હકીકતમાં ખુદાની મહેરબાનીની શરૂઆત તેની આજમાઈશોની પરાકાષ્ઠા ઉપર આધારિત હોય હોય છે.

(૧૯૨૫) તમારે એ વાત જાણી લેવી જોઈએ કે ખુદા તરફથી થતી આઝમાઈશ તેનો અનંત નેઅમતોથી ભરપૂર હોય છે, અને તેના તરફથી મળતી આ ભેટ તેની નિકટતા અને રજામંદી માટે કારણરૂપ હોય છે, ભલે તેના માટે બહુ જ વિલંબ કેમ ન થઈ જાય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૨૬) જેવી રીતે માં પોતાના બાળકને દુધ પીવરાવે છે, તેવી રીતે ખુદાવંદે આલમ પોતાના મોઅમિન બંદાને આજમાઈશનો ખોરાક આપે છે.

(૧૯૨૭) ખુદાની નજદીક બંદાની ઇઝઝત જેટલી વધારે હોય છે તેથી આઝમાઈશ પણ એટલી જ વધતી જાય છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૯૨૮) મૂસીબતો ખુદાની ભેટ છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૨૯) પૃથ્વી ઉપર ખુદાના કેટલાક ખાસ અને વિશેષ બંદાઓ રહે છે કે જ્યારે આસમાનમાંથી કોઈ ભેટ જમીન પર આવે છે ત્યારે તેને હટાવીને બીજા લોકો તરફ મોકલી દેવામાં આવે છે. અને જ્યારે કોઈ આઝમાઈશ આવે છે ત્યારે સીધી તે લોકોને પહોંચાડી દેવામાં આવે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૯ : આજમાઈશમાં નસીહત રહેલી છે.

કુરઆને મજીદ :-

* અને બેશક અમોએ ફિરઔન વાળાઓને (પ્રથમ) દુકાળ તથા ફળ (ફળાદી)ની નુકસાનીમાં સપડાવ્યા કે કદાચને તેઓ ચેતે.

- (સૂ. અઅરાફ, આ. ૧૪૦)

* શું તેઓ (આ) નથી દેખતા કે દર વર્ષે એક યા બે વખત તેમની ક્સોટી કરવામાં આવે છે, પણ ન

તો તેઓ તૌબા કરે છે અને ન નસીહત ગ્રહણ કરે છે.

- (સૂ. તૌબા, આ. ૧૨૬)

* અને આ પણ જરૂરી છે કે એ મોટા અઝાબ ઉપરાંત અમે તેમને (દુનિયામાં) એક નાના અઝાબની પણ મજા ચખાડીએ કે કદાચને તેઓ (સન્માર્ગે) પાછા ફરે.

- (સૂ. સજદહ, આ. ૨૧)

હદીસ :-

(૧૯૩૦) જ્યારે તમે જુવો કે ખુદાવંદે તઆલા તમારી ઉપર એક પછી એક બલાઓ મોકલી રહયો છે, તો સમજી લ્યો કે તે તમને જાગૃત કરી રહયો છે, અને જ્યારે જુઓ કે અલ્લાહ સુબ્હાનહુ તમારા ગુનાહો હોવા છતાં તમારી ઉપર નએમત વરસાવી રહયો છે તો સમજી લ્યો કે તમને ઢીલ આપી રહયો છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૩૧) મોઅમિન માટે ચાલીસ રાત પસાર ન થાય ત્યાં કોઈને કોઈ એવી બાબત બને કે જે તેને ગમગીન કરી દે છે, જેથી તે નસીહત મેળવે.

(૧૯૩૨) જ્યારે ખુદાવંદે તઆલા કોઈ બંદાની ભલાઈ ચાહે છે ત્યારે એવું થાય છે કે જ્યારે તે બંદો કોઈ ગુનાહ કરે છે ત્યારે તેની પાછળ પાછળ તેને સજા પણ મળી જાય છે અને તે ઇસ્તગફાર પણ કરતો રહે છે. એવી જ રીતે જ્યારે ખુદા કોઈ બંદાની ભલાઈ નથી ચાહતો તો એવું થાય છે કે તે બંદો ગુનાહ કરતો રહે છે અને તેની પાછળ પાછળ નેઅમતો પણ આવતી રહે છે જે તેને ઇસ્તગફાર કરવાનું ભુલાવી દે છે અને એ રીતે એક લાંબો સમય વીતી જાય છે, આ અર્થ ખુદાના એ કૌલનો થાય છે કે અમે તેને એવી ઢીલ આપીએ છીએ કે

જેને તેઓ જાણતા પણ નથી એટલે કે ગુનાહો કરવા છતાં તેને નેઅમતો મળી રહે છે.

(૧૯૩૩) કોઈ મોઅમિન એવો નથી જેને દરેક ચાલીસ દિવસ પછી કોઈ આઝમાઈશ દ્વારા અજમાવવામાં ન આવતો હોય, આ આઝમાઈશ માલ દ્વારા હોય છે અથવા ઔલાદ દ્વારા, અથવા પોતાની જાન થકી તેને અજ્ર મળે છે. અથવા તો પછી તેને એવા ગમનો અનુભવ થાય છે કે જેને તે જાણી શકતો નથી કે તે ગમ ક્યાંથી આવ્યો ?

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૯૩૪) જો આદમના સંતાનોમાં ત્રણ વસ્તુઓ ન હોય તો તેનું માથું કોઈની સામે ઝુક્ત નહીં (૧) બીમારી (૨) મૌત (૩) ફકીરી અને તંગદસ્તી. આ ત્રણેય બાબતો ખુદ તેનામાં હોય છે અને તેનાથી તેને સવાબ પણ જલ્દી મળે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૯૩૫) મૌલા અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) નમાઝે ઇસ્તીસ્કા (વરસાદની દુઆ માટે પડવામાં આવતી નમાઝ) માટે બહાર નિકળ્યા અને ફરમાવ્યું : ખુદાવંદે આલમ પોતાના

બંદાઓને તેમના ખરાબ કાર્યો દ્વારા અજમાવે છે અથવા ફળોની તંગી દ્વારા, અથવા બરકતોને રોકીને અથવા ભલાઈઓના દરવાજા બંધ કરીને જેથી તૌબા કરનારો તૌબા કરી લે, ગુનાહોનો નાશ કરનારો ગુનાહોનો નાશ કરી દે અથવા નસીહત મેળવનારો નસીહત મેળવી લે અને ગુનાહોથી અટકી જનારો ગુનાહ કરવાથી હાથ રોકી દે.

પ્રકરણ - ૧૦ અજમાઈશ ગુનાહોને ખત્મ કરી નાખે છે.

(૧૯૩૬) તમામ પ્રશંસાએ ખુદા માટે છે જે દુનિયામાં અમારા શીયાઓના ગુનાહોને તેની તકલીફો અને સખ્તીઓના બદલામાં મિટાવી દે છે. જેથી તેઓની ઇતાઅત અને ઇબાદત સાચી અને સલામત રહે. અને તેઓ સવાબને માટે હકદાર થાય.

(૧૯૩૭) શું હું તમને કુરઆને મજીદની અફઝલ આયત ન જણાવું ? પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું છે કે તે

આયત '"વમા અસાબકુમ...' એટલે જે મૂસીબત પણ તમારા સૂધી પહોંચે છે તે તમારા હાથોએ ઉભી કરેલી છે.

અલ્લાહ તઆલા એ વાતથી બલંદ અને બરતર છે કે જે કોઈ ગુનાહની સજા જો તે દુનિયામાં આપી ચૂકયો હોય તો આખેરતમાં ફરી વાર સજા આપે.

(૧૯૩૮) જ્યારે ખુદાવંદે આલમ કોઈ મોઅમિન બંદાને આ દુનિયામાં સજા આપે છે તો તેના હિલ્મ, બુઝુર્ગવારી, મહેરબાની અને શાનેકરીમીથી એ વાતથી દૂર છે કે તેને ફરીવાર કયામતમાં પણ સજા આપે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૩૯) જ્યારે ખુદાવંદે કરીમ પોતાના કોઈ બંદાને શરફ (ઉચ્ચ દરજ્જા) આપવા માંગે છે, જ્યારે કે તે બંદો દુનિયામાં ગુનેહગાર હોય છે, તો તેને બીમારીમાં મુકી દે છે, જો બીમારીથી તેનો કફ્ફારો ન થાય તો તેને બીજાઓના મોહતાજ બનાવી દે છે, જો તે પછી પણ તેનો કફ્ફારો ન થાય તો તેના માટે મૌતને સખ્ત બનાવી દે છે, આ રીતે તેનો કફ્ફારો અદા થઈ જાય છે, અને બંદો ખુદાના શરફથી મુશર્રફ થઈ જાય છે.

જ્યારે ખુદાવંદે કરીમ પોતાના કોઈ બંદાને પોતાના શરફથી વંચિત કરવા માંગે છે જ્યારે કે તેની અમુક નેકીઓ પણ હોય છે, તો તેના શરીરને તંદુરસ્તી અને સલામતી અતા કરી દે છે. જો આ રીતે તે શરફથી વંચીત ન થાય તો પછી તેની આજીવીકા મેળવવાનું સાધન સરળ કરી દે છે, જો તે પછી પણ બંદો તે શરફથી વંચિત ન થાય તો તેની મૌતને સરળ કરી દે છે, આ રીતે બંદો ખુદાના શરફથી વંચિત થઈને આખેરતમાં કદમ મુકે છે.

(૧૯૪૦) યૂનુસ બિન યઅકૂબ કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને આમ

ફરમાવતા સાંભળ્યા : એ માણસ મલઉન છે, જેને દર ચાલિસ દિવસ પછી કોઈ મૂસીબત ન પહોંચે.

મેં પુછ્યું : શું મલઉન છે ? આપે ફરમાવ્યું : હા, મલઉન છે.

જ્યારે ઇમામે મારા આ આશ્ચર્યને જોયું ત્યારે ફરમાવ્યું : અય યૂનુસ ! શરીરની ચોટ, મુખ ઉપરના તમાચા, પગની ધ્રુજારી, દુ:ખ, દર્દ અને પગના જોડા (બુટ)ની દોરી તુટી જવી આ બધું મૂસીબતોમાં ગણાય છે.

અય યૂનુસ મોઅમિનની ગણતરી ખુદાવંદે આલમની નઝદીક એ રીતે છે કે (એ શક્ય નથી કે) તેની ઉપર ચાલિસ દિવસ વિતી જાય તો પણ અલ્લાહ તેને ગુનાહોથી પાક ન કરે. ભલે ગુનાહોની આ પાકીઝગીને તે જાણ ન હોય તેવા ગુનાહોના કારણો ઉપર આધારિત અજાણ્યા કારણોસર ઊભા થનાર ગમને કારણે હોય. ખુદાની કસમ તમારામાંથી કોઈ માણસ પોતાની સામે દિરહમોનો ઢગલો રાખતો હોય પછી તેને તોળે અને તેનો વજન ઓછો હોય તો તેને ગમ થશે. પછી ફરીવાર વજન કરે અને તે વજનમાં પૂરી નિકળે, તો તે રીતે

તેને પહોંચેલી તકલીફ તેના કેટલાક, અમુક ગુનાહોને મીટાવી દેશે.

પ્રકરણ – ૧૧ : અલ્લાહ તઆલા દ્વારા પોતાના પ્રિય બંદાઓની આજમાઈશ

(૧૯૪૧) હુસૈન બિન અલવાન હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે તે વખતે સુદૈર પણ ઇમામની પાસે બેઠા હતા ત્યારે ઇમામે ફરમાવ્યું : જ્યારે ખુદાવંદે આલમ કોઈ બંદાને દોસ્ત રાખે છે ત્યારે તેને આજમાઈશોના દરિયામાં ડુબાડી દે છે, અય સુદૈર ! અમે અને તમે સવાર અને સાંજ આ જ હાલતમાં રહીએ છીએ.

(૧૯૪૨) ખુદાવંદે આલમ જ્યારે બંદાને દોસ્ત રાખે છે તો તેને બલાઓના સમુદ્રમાં ડુબાડી દે છે અને આજમાઈશોના પૂરમાં નાખી દે છે. પછી જ્યારે તે બંદો મૂસીબતો અને આજમાઈશોમાં પોતાના રબને બોલાવે છે. ત્યારે તે તેના જવાબમાં કહે છે : લબ્બૈક અબદી. તે જે દુઆ માંગી છે તેને પૂરી કરવા માટે હું શક્તિમાન છું પરંતુ આ બધું મેં તારા માટે સવાબના ખજાના રૂપે રાખ્યું છે. અને આ ખજાનો તારા માટે ઘણો બહેતર છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૯૪૩) હદીસમાં આવ્યું છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ કોમ અથવા કોઈ બંદાને દોસ્ત રાખે છે ત્યારે તેની ઉપર આજમાઈશોની ઝડી વરસાવી દે છે અને એ રીતે તે બંદો એક ગમમાંથી નિકળ્યો ન હોય ત્યાં બીજા ગમમાં ફસાઈ જાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૪૪) ખુદાવંદે આલમ જ્યારે કોઈ બંદાને દોસ્ત રાખે છે તો તેને આજમાઈશમાં નાખી દે છે અને તેનાથી પણ વધારે દોસ્ત રાખે છે ત્યારે બંદાને ફિત્નાઓમાં નાખી દે છે.

પૂછવામાં આવ્યું કે ફિત્નાઓ કઈ રીતે નાખે છે ?

ફરમાવ્યું : બંદા પાસે માલ કે અવલાદ કાંઈ બાકી રહેતુ નથી.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૨ અજમાઈશ ઈમાન સાથે સંબંધિત હોય છે.

(૧૯૪૫) મોઅમિન ત્રાજવાના પલ્લાઓ સમાન હોય છે, તેનું ઈમાન જેટલું વધારે હશે તેટલો જ તેની આજમાઈશમાં વધારો થતો જશે.

(૧૯૪૬) હઝરત અલી (અલયહિસ્સલામ)ના એક પત્રમાં છે કે મોઅમિનની આઝમાઈશ તેના નેક અઅમાલ સાથે એકરૂપ હોય છે. તેથી જે દીન બહેતર અને કાર્યો સારા હશે તેની આઝમાઈશ પણ તેટલી જ સખ્ત હશે. તેનું કારણ એ છે કે ખુદાવંદે આલમે આ દુનિયાને મોઅમિન માટે સવાબ અને

કાફિર માટે અઝાબ ગણાવેલ નથી. તેથી જેનો દીન કમઝોર અને કાર્યો નબળા હશે તેની આઝમાઈશ પણ ઓછી હશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૪૭) આ દુનિયામાં મોઅમિનની આઝમાઈશ તેના દીન સાથે એકરૂપ હોય છે.

(૧૯૪૮) બંદાનું ઈમાન જેટલું વધારે હશે, તેટલી જ રોજીમાં તંગી વધારે હશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૪૯) કોઈ માણસે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)ને કહ્યું : ખુદાની કસમ ! હું આપના એહલેબૈત અલયહેમુસ્સલામને દોસ્ત રાખું છું.

ઇમામે ફરમાવ્યું : તો પછી તમારા માટે આજમાઈશની ચાદર પણ તૈયાર કરી લો. કેમકે ખુદાની કસમ, આ આઝમાઈશ અમારી તરફ અને અમારા શીઆઓની તરફ વાદી... તરફથી આવનાર પૂરથી પણ વધારે તેજ ગતિએ આવે છે તેની શરૂઆત અમારાથી અને પછી તમારાથી થાય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૯૫૦) મોઅમિનનું ઉદાહરણ ત્રાજવાના બે પલ્લા સમાન છે, જેમ જેમ ઈમાનમાં વધારો થતો જાય છે તેમ તેમ તેની આજમાઈશમાં પણ વધારો થતો જાય છે, જેથી ખુદાવંદે તઆલાની બારગાહમાં એ હાલતમાં પહોંચે કે તેની ઉપર કોઈ ગુનાહ (બાકી) ન હોય.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયિહિસ્સલામ)

(૧૯૫૧) અલ્લાહ તઆલા ઇન્સાનની આઝમાઈશ તેની (અલ્લાહ પ્રત્યેની) મોહબ્બતના પ્રમાણમાં કરતા હોય છે.

(૧૯૫૨) (એક) અલ્લાહના નબી પોતાની કૌમમાં રહીને લોકોને ઇતાઅતની તરફ બોલાવતા હતા અને તૌહીદે ઇલાહી માટે નિમંત્રણ આપતા હતા. એટલે સૂધી કે તેઓ પાસે રાત્રી પસાર કરવા માટેનું કોઈપણ ઠેકાણું ન હતું, લોકો તેમને બોલવા દેતા ન હતા અને ન તો તેમની વાતોને સાંભળવાનું પસંદ કરતા હતા. એટલે સૂધી કે તેમને કત્લ કરી નાખ્યા. ખુદાવંદે આલમ પોતાના

બંદાઓની આઝમાઈશ પોતાની નજરોમાં કદ્રો મંઝેલત પ્રમાણે કરે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૯૫૩) સીફ્ફીનના સ્થળે એક માણસ હઝરત અલી (અલયિહિસ્સલામ)ને દુશ્મનોની સાથે જંગ કરવા માટે આ શબ્દોમાં સબ્ર કરવા માટે કહી રહયો હતો : ... યા અલી ! અલ્લાહ તઆલાની નજદીક આપના સિવાય, આજમાઈશની દ્રષ્ટિએ અને સવાબ માટે બીજું કોઈ દેખાતું નથી, અલ્લાહ તબારક વ તઆલા પાસે આપને જે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત છે, તેની બરાબરી કોઈ કરી શકતું નથી. અય

મારા ભાઈ ! આ આજમાઈશમાં આપ એ રીતે સબ્ર કરજો, કે આપના હબીબની મુલાકાતનો શરફ મેળવી લો. હું મારા એ દોસ્તોને જોઈ ચૂકયો છું જેઓ બની ઇસરાઈલમાંથી હતા. તેઓના શરીરને કરવતથી ચીરવામાં આવ્યા અને તેમને ફાંસીના માંચડે લટકાવવામાં આવ્યા હતા...

હઝરત અલી (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તે માણસ હઝરત ઇસા (અલયહિસ્સલામ)ના વસી જનાબે શમઉન (અલયહિસ્સલામ) હતા. જેઓને ખુદાએ મારા માટે સબ્ર કરવાની તલકીન કરવા મોકલ્યા હતા.

પ્રકરણ - ૧૩ : આઝમાઈશ અને પ્રગતિ....

(૧૯૫૪) બેશક આઝમાઈશ ઝુલ્મ માટે અદબ, મોઅમિન માટે પરીક્ષા અને નબીઓ માટે દરજ્જા હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૫૫) જ્યારે હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અલયહિસ્સલામ)ને યઝીદ પાસે લઇ જવામાં આવ્યા ત્યારે આપ (અલયહિસ્સલામ) યઝીદની સામે ઊભા હતા ત્યારે યઝીદે-લઇને કુરઆને મજીદની આયત પઢી.. સૂરએ શુરા આ. ૩૦.. જે

પણ મુસીબતો તમારા ઉપર નાઝીલ થાય છે તે તમારા પોતાના હાથો દ્વારા લાવેલી હોય છે.

ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : આ આયત અમારા વિશે નથી પરંતુ અમારા વિશે આ આયત છે : ... મા અસાબ મીન મુસીબતે ફીલ અર્ઝે... સૂ. હદીદ આયત ૨૨ એટલે કે જેટલી મુસીબત ઝમીન ઉપર અને ખુદ તમારા ઉપર નાઝીલ થાય છે (તે બધી) તેને અમે પૈદા કરીએ તે પહેલા એક કિતાબ (લોહે મહફુઝ)માં (લખેલી) છે.

(૧૯૫૬) દુઆ (દુઆએ નુદબહ)માં છે : ખુદાવંદા ! અમે એ દરેક વસ્તુઓ માટે તારી પ્રશંસા કરીએ

છીએ જે (બલાઓ અને નેઅમતો તેમજ ખુશીઓ અને મુસીબતો) ઉપર તારા એ ખાસ ઔલીયા અને દોસ્તો માટે તારી કઝા અને કદ્ર જારી થઇ ચૂકી છે. જેને તે તારી ઝાતના (સાક્ષી) માટે અને તારા દીન(ની તબલીગ) માટે સુરક્ષીત રાખેલ છે. કેમકે તારી બુઝૂર્ગ નેઅમતો બાકી, અનંત અને અવિનાશી છે. તેં તેને એ લોકો માટે મખ્સુસ ફરમાવી છે....

(૧૯૫૭) અલી બિન રેઆબ કહે છે કે : મેં હઝરત ઈમામ જાઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને અલ્લાહ તઆલાના આ કૌલ... વિશે સવાલ કર્યો અને

પુછયું કે જે મુસીબતો હઝરત અલી (અલયહિસ્સલામ) અને તેમના એહલેબૈત (અલયહિસ્સલામ)ને પહોંચી છે શું તે તેઓના કાર્યોનું પરિણામ છે ? જ્યારે કે હકીકતમાં તેઓ બધા ગુનાહોથી પાક અને તાહીર હતા.

ઇમામે ફરમાવ્યું : હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વસ્સલમ ગુનાહોથી પાક હતા. તેમ છતાં દરરોજ એક સો વખત અલ્લાહ તઆલાની બારગાહમાં ઇસ્તગ્ફાર કરતા હતા. હકીકત એ છે કે ખુદાવંદે આલમ પોતાના ઔલીયા

તેઓના ગુનાહ ન હોવા છતાં મુસીબતોમાં મુકે છે જેથી તેઓના અજ્રમાં વધારો કરે.

પ્રકરણ-૧૪ કસોટી અને અલ્લાહની બારગાહમાં રજુ થવાનું કારણ

(૧૯૫૮) મારી પાસે જીબ્રઈલ અત્યંત ખુબસૂરત સ્વરૂપમાં આવ્યા અને કહ્યું : અય મોહમ્મદ ! હક તઆલા આપને સલામ કહે છે અને ફરમાવે છે દુનિયા તરફ વહી કરી છે કે તે મારા ખાલિસ દોસ્તોની સાથે એટલી હદ સૂધી કડવાટ ઉભી કરે કે તેઓની ઝિંદગીને મુશ્કીલ કરી નાખે. તેઓ ઉપર તંગી અને સખ્તી કરે કે જેથી તેઓ મને મળવા માટે વધારે તૈયાર રહે અને મારા દુશ્મનો સાથે એટલી હદ સૂધી સૂવીધા, નરમી અને આરામ રજુ

થાય કે તેઓ મને મળવા પ્રત્યે અણગમો રાખે. કેમકે મેં દુનિયાને મારા દોસ્તો માટે કૈદખાનું બનાવ્યું છે અને મારા દુશ્મનો માટે બેહિશ્ત (બનાવેલ છે.)

(૧૯૫૯) અલ્લાહ તઆલા ફરમાવે છે : અય દુનિયા ! મારા મોમીન બંદાઓની ઝિંદગીને જુદી જુદી આઝમાઇશો વડે કડવી બનાવી દે. તેઓની આજીવીકા તેમના માટે તંગ કરી દે. અને તેમના માટે તારી તરફ આર્કષણ થાય તેવી કોમળ અને મધુર ન બન.

- હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેહી વસ્સલમ

પ્રકરણ - ૧૫ : બંદાઓ માટે ઉન્નતીને પાત્ર દરજ્જાઓ

(૧૯૬૦) જન્નતમાં એક એવું સ્થાન છે, જેને કોઈ બંદો એ સમય સૂધી પહોંચી શકતો નથી જ્યાં સૂધી તેનું શરીર આઝમાઇશમાં નાખવામાં ન આવે.

(૧૯૬૧) ખુદાની નઝદીક બંદાની એક મંઝીલત એવી પણ છે જેને બે સ્વરૂપમાંથી કોઇ એક સ્વરૂપે મેળવી શકે છે. એટલે કે માલ ચાલ્યો જવાથી અથવા શરીરની આઝમાઇશથી.

- હઝરત ઇમામે જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૬૨) ઇન્સાનનો ખુદાની નઝદીક એક દરજ્જો એવો પણ છે જેને તે ફક્ત એક અમલ દ્વારા મેળવી શકે છે. અને તે છે શરીરની આઝમાઇશ. જન્નતમાં એક મંઝીલ એવી છે જેને બંદો મૌત સિવાય બીજી કોઇ આઝમાઈશ થકી મેળવી શકતો નથી. આમ છતાં બંદો એ મંઝીલ સૂધી એ સિવાય પહોંચી શકતો નથી કે મરતી વખતે તંગી કરવામાં ન આવે.

- હઝરત રસૂલે અકરમ સલલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમ

પ્રકરણ - ૧૬ : આઝમાઈશ ને દોસ્ત રાખવી

(૧૯૬૩) શોઅયબ અકર કુકી કહે છે કે : મેં હઝરત ઈમામ જાઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ની ખીદમતમાં અર્ઝ કરી કે : હઝરત અબુઝરે ગફ્ફારી (અ.ર.) વિશે એક વાત કહેવામાં આવે છે કે તેઓએ કહ્યુ હતું : ત્રણ વસ્તુઓ એવી છે જેને લોકો નાપસંદ કરે છે પણ હું તે વસ્તુઓને દોસ્ત રાખું છું : મૌત, ફકીરી અને આઝમાઇશ.

ઇમામે ફરમાવ્યું: આ વાત એ રીતે નથી જેવી રીતે બયાન કરવામાં આવે છે. બલ્કે હઝરત અબુઝર આમ કહેવા માંગતા હતા કે અલ્લાહ તઆલાની

ઇતાઅતમાં મૌત મને એવી ઝિંદગીથી વધારે પસંદ છે જે તેની નાફરમાનીમાં વીતી જાય. ખુદાની ઇતાઅતમાં આઝમાઈશ એવી સલામતીથી વધારે પસંદ છે જે તેની નાફરમાનીમાં હોય.

પ્રકરણ - ૧૭ : મોમીન હંમેશા આઝમાઇશમાં રહે છે.

(૧૯૬૪) મોમીનની વ્યાખ્યા કરતા ફરમાવે છે : મોમીનનો નફસ હંમેશા આઝમાઇશમાં રહે છે. જ્યારે કે (બીજા) લોકોના નફસ સહેલાઇમાં હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૮ : કસોટી - મોમીનની ભલાઈ

(૧૯૬૫) અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલયહિસ્સલામ)ની તરફ વહી મોકલી: મખ્લૂકમાં મને જે મોમીન બંદો સૌથી વધારે પસંદ છે, જો હું તેની આઝમાઈશ કરૂ તો તેમાં તેની ભલાઈ છે. જો તેને સલામતી અતા કરૂં તો પણ તેમાં તેની ભલાઈ હોય છે. તેને કોઈ વસ્તુ આપું તો પણ તેમાં તેની ભલાઇ હોય છે અને તેનાથી કોઈ વસ્તુને દૂર કરી દઉં તો પણ તેમાં તેની બેહતરી છે. હું મારા મોઅમીન બંદાની મસ્લેહતને સમજું છું. તેથી જ તેણે મારી આઝમાઇશમાં સબ્ર કરવી જોઇએ. તેણે

મારી નેઅમતો માટે શુક્ર અદા કરવો જોઇએ અને તેણે મારી કઝા ઉપર રાઝી રહેવું જોઈએ. એ રીતે હું તેનું નામ સીદ્દીકીન (સાચાઓ)ની યાદીમાં લખીશ.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૬૬) મને એ વાતની પરવા નથી કે ફકીર બનીને સવાર કરૂં, અથવા બીમાર રહું અથવા તવંગર બનું. કેમકે ખુદાવંદે તઆલા ફરમાવે છે કે : હું મોમીનની સાથે એ જ કરૂ છું જે તેના માટે બેહતર હોય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૧૯ : બંદાની સખ્ત આઝમાઇશ

(૧૯૬૭) અલ્લાહ તઆલાએ બંદાની જેટલી સખ્ત આઝમાઈશ સંપત્તિના ઝિઆઅ કરી છે... તેટલી બીજી કોઇ વસ્તુથી કરી નથી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૯૬૮) અલ્લાહ તઆલા કોઈની એટલી બધી આઝમાઈશ કરતો નથી, જેટલી આઝમાઈશ તેને ઢીલ આપીને કરે છે.

(૧૯૬૯) મોમીનની આઝમાઈશ ત્રણ બાબતોથી થાય છે. તેટલી બીજી કોઈ બાબતોથી થતી નથી. પુછવામાં આવ્યું : તે ત્રણ બાબતો કઈ છે ?

ફરમાવ્યું : જે કાંઈ તેની પાસે છે તેમાં સમાનતાથી કામ લેવું, પોતાની ઝાત સાથે ઇન્સાફ કરવો અને ખુદાનો ઝિક્ર વધારે કરવો. અલબત્ત હું તમને એમ નથી કહેતો કે તમારે ફક્ત સુબ્હાનઅલ્લાહ અને અલહમ્દોલિલ્લાહ કહેતા રહેવું પરંતુ દરેક કામ કરતી વખતે ખુદાનો ઝિક્ર કરવો.

પ્રકરણ - ૨૦ : સૌથી સખ્ત આઝમાઈશ

(૧૯૭૦) અલ્લાહ તઆલાએ મોમીન પાસેથી ચાર સખ્ત આઝમાઈશનો વાયદો લીધો છે. (૧) એક એ જે મોઅમીનો જેવી વાતો કરીને તેની સાથે હસદ કરે છે. (૨) મુનાફીક જે તેની પાછળ સતત લાગેલો હોય છે. (૩) શયતાન જે ગુમરાહ કરવાની કોશિષ કરતો હોય છે. અને (૪) કાફિર જે તેને જેહાદ કરવા માટે મજબૂર કરે. આના પછી મોમીન માટે બીજું શું બાકી રહે છે.

- હઝરત રસૂલે અકરમ સલલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમ

(૧૯૭૧) ફાકા (ભુખ્યા રહેવું પડે તેવી હાલત) આઝમાઈશ છે અને તેનાથી મોટી આઝમાઈશ બીમારી છે. અને સૌથી મોટી આઝમાઈશ રૂહાની (દિલની) બીમારી છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૭૨) ત્રણ બાબતો એવી છે જેમાંથી કોઈ એક બાબતમાં, કોઈ માણસ ફસાય તો મૌતની ઈચ્છા કરવા લાગે છે (૧) ફકીરી અને ભુખમરો (૨) હલ્કાપાડી દેનાર સ્ત્રી અને (૩) પ્રભાવ મેળવી લીધો હોય એવો દુશ્મન.

(૧૯૭૩) ત્રણ બાબતો એવી છે જેમાંથી કોઈ એકમાં પણ કોઈ માણસ ફસાય તો તેની અકલ કામ કરતી નથી. (૧) નેઅમતનું ચાલ્યા જવું (૨) ખરાબ પત્ની અને (૩) દોસ્તો તરફથી પડતી મૂસીબત.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૭૪) નફસાની ફકીરી અને ભુખમરો સૌથી મોટી આઝમાઈશ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૧ : અજમાઈશ અને પરાકાષ્ઠાની સલામતીના રસ્તા ખુલે છે.

(૧૯૭૫) જ્યારે તંગી એની પરકાષ્ઠાએ પહોંચી જાય છે ત્યારે સલામતીના માર્ગ નઝદીક આવી જાય છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૯૭૬) અજમાઈશની પરાકાષ્ઠાથી સલામતીના રસ્તા ખુલે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૭૭) બલાઓમાં વધારો થવો, એ બલાઓથી છુટકારાનું કારણ બને છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૨ : અજમાઈશના સમયની દુઆ

કુરઆને મજીદ :-

* કે જેઓ સંકટ આવી પડતાં કહે છે કે બેશક અમે અલ્લાહનાજ છીએ અને અમે તેનીજ હજૂરમાં પાછા ફરીને જનાર છીએ.

- (સૂ. બકરહ, આ. ૧૫૬)

હદીસ :-

(૧૯૭૮) અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલયિહિસ્સલામ) પર વહી કરી : અય મૂસા ! ...

તું સખ્તીઓની વિરૂધ્ધમાં મને ઢાલ બનાવ અને મુશ્કીલ કાર્યોમાં મને તારો કિલ્લો બનાવી દે.

(૧૯૭૯) દરેક સખ્તી વખતે ""લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહીલ અલીયીલ અઝીમ" કહેતા રહો, કેમકે આ સખ્તીઓમાં કીફાયત (રાહત)નું કારણ બને છે.

(૧૯૮૦) મેં મારા પિતાને સ્વપ્નમાં જોયા તેમણે ફરમાવ્યું : બેટા, જ્યારે તું સખ્તીઓમાં ઘેરાઈ જાય ત્યારે '"યા રઉફો યા રહીમો' વધારે પ્રમાણમાં કહયા કર, અને અમે જે કાંઈ સ્વપ્નની હાલતમાં

જોઈએ છીએ તે જ જાગૃતિની હાલતમાં જોઈએ છીએ.

- હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨૩ : અજમાઈશમાં ફસાએલા માણસને જોતી વખતે પડવાની દુઆ

(૧૯૮૧) જ્યારે તમે કોઈ માણસને અજમાઈશમાં જુઓ ત્યારે ખુદાની હમ્દ કરો, પરંતુ એ વાતનો ખયાલ રાખો કે તે માણસ તેને સાંભળી ન શકે, કેમકે તેમ કરવાની તેને દુ:ખ થશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૯૮૨) જ્યારે તમે કોઈને આજમાઈશમાં જુઓ તો આ દુઆ ત્રણ વખત પડો, પરંતુ યાદ રાખો કે

તે તેને સંભળાય નહીં : “અલ્હમ્દો લિલ્લાહીલ લઝી આફાની મીમ્મા ઇબ્તલાક બેહી, વલવશાઅ ફેઅલ. એટલે કે ખુદાની હમ્દ છે, જેણે મને આવી અજમાઈશથી બચાવી રાખ્યો છે જેમાં તને ફસાવ્યો છે. જો તે ચાહે તો મને પણ તેમાં ફસાવી શકતો હતો.

ઇમામ (અલયિહિસ્સલામ) ફરમાવે છે કે : જે માણસ આમ કરશે તે એ પ્રકારની અજમાઈશથી હંમેશા સુરક્ષિત રહેશે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૧૯૮૩) જ્યારે તમે કોઈ એવા માણસને જુઓ જે આજમાઈશમાં ફસાએલો છે અને અલ્લાહ તઆલાએ તમને નેઅમતો આપેલી છે તો કહો: “અલ્લાહુમ્મ ઇન્ની વલા અસ્ખર વલાકીન અહમદેક અલા અઝીમે નેઅમાએક અલય્ય. એટલે કે ખુદાવંદા ! ન તો હું મશ્કરી કરૂં છું અને ન અભિમાન કરૂં છું બલ્કે તારી એ અઝીમ નેઅમતો માટે હમ્દે ખુદા બજાવી લાવું છું જે તે મને આપી છે

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨૪ : જો તું કોઈ આઝમાઈશનું કારણ બને

(૧૯૮૪) જો તું કોઈની અજમાઈશનું કારણ બને તો તારા માટે વાજિબ છે કે તે બીમારીના ઈલાજ માટે દયા અને મહેરબાનીથી કામ લે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૩ : બોહતાન (ખોટો આક્ષેપ મુકવો)

પ્રકરણ - ૧ : બોહતાન

કુરઆને મજીદ :-

* અને જે લોકો ઈમાનદાર પુરૂષો તથા ઈમાનદાર સ્ત્રીઓને તેમના કાંઈ કસુર વિના (તોહમત મુકી) ઇજા પહોંચાડે છે, તેઓ ખચીતજ દોષારોપણ અને ખુલ્લા ગુનાહોનો બોજ પોતાના શીરે વ્હોરે છે.

- (સૂ. અહઝાબ, આ. ૫૮)

* અને જે કોઈ ભૂલ અથવા પાપ કરે છે પછી તેનું આળ બીજા કોઈ નિર્દોષ ઉપર ચડાવે તો ખચીતજ એક ખોટા આળ અને ખુલ્લા ગુનાહોનો બોજો પોતાની (ગરદન) ઉપર ઉપાડે છે.

- (સૂ. નિસા , આ. ૧૧૨)

હદીસ :-

(૧૯૮૫) જો કોઈ માણસ, કોઈ મોઅમિન પુરૂષ અથવા કોઈ મોઅમિન સ્ત્રી ઉપર બોહતાન મુકે અથવા તેના વિશે કોઈ એવી વાત કહે કે જે તેનામાં જોવા મળતી ન હોય, તો અલ્લાહ તઆલા

કયામતના દિવસે તેને આગના એક ટેકરા ઉપર ઉભો રાખશે. એટલે સૂધી કે એ વાત જાહેર થઈ જાય જે તેણે કહી હતી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૧૯૮૬) ઇબ્ને અબી યાઅફૂર હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે ઇમામે ફરમાવ્યું : જે માણસ કોઈ મોઅમિન પુરૂષ અથવા મોઅમિન સ્ત્રી ઉપર કોઈ એવું બોહતાન બાંધે જે (વાત) તેનામાં ન હોય તો

ખુદાવંદે આલમ કયામતના દિવસે ‘તીનતે-ખબાલ’માં કૈદ કરશે.

મેં પૂછ્યું : તીનતે ખબાલ શું છે ?

ફરમાવ્યું : એવું પરૂં જે વ્યભિચારી સ્ત્રીની શર્મગાહમાંથી નિકળશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૧૯૮૭) જે માણસ કોઈ મુસલમાન વિશે એવી વાત કહે જે તેનામાં ન હોય અને તે મુસલમાનને તેનાથી દુ:ખ પહોંચે તો ખુદાવંદે આલમ તે

કહેનારને વ્યભિચારી સ્ત્રીની શર્મગાહમાંથી નિકળનારા પરૂંમાં કૈદ કરશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૧૯૮૮) બોહતાનથી વધારે બીજી કોઈ મૂસીબત નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૧૯૮૯) જે માણસ લોકોના એવા ઐબ બયાન કરે જે તેનામાં હોય, તો લોકો પણ તેના એવા ઐબ બયાન કરશે જે તેનામાં ન હોય.

- હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૨ : આસમાનો કરતા વધારે વજનદાર

(૧૯૯૦) સાહેબે હિકમત લખે છે કે નિર્દોષ ઉપર બોહતાન મુકવું એ મોટા પહાડથી પણ વધારે ભારે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૯૧) નિર્દોષ ઉપર તોહમત મુકવું આસમાનથી પણ વધારે ભારે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૨૪ : મુબાહેલહ

પ્રકરણ - ૧ : મુબાહેલહ

કુરઆને મજીદ :-

* તથાપિ તે (ઈસા) વિશે જે જ્ઞાન તને મળી ચૂક્યું છે તે પછી પણ જે કોઈ તારી સાથે તે (ઈસા)ના સંબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને બોલાવો અને અમે પોતાના નિકટનાઓને બોલાવીએ તથા તમે

તમારા નિકટનાઓને બોલાવો, પછી આપણે (અલ્લાહ પાસે) કરગરીને દુઆ કરીએ અને જુઠ્ઠુ બોલનાર પર અલ્લાહની ફીટકાર કરીએ.

- (સૂ. આલે ઇમરાન, આ. ૬૧)

(૧૯૯૨) અબુલ અબ્બાસ હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)થી રિવાયત કરે છે કે ઇમામે મુબાહેલા વિશે ફરમાવ્યું : તમે તમારી આંગળીઓને તેમની આંગળીઓ વચ્ચે નાખી દયો અને પછી કહો... અલ્લાહુમ્મ ઇન્કાન... એટલે કે ખુદાવંદા ! જો ફલાણા માણસે હકનો ઇન્કાર કર્યો અને બાતિલનો સ્વિકાર કર્યો છે તો તું તેના ઉપર

આસમાનથી અઝાબ નાખ અને તારા તરફથી અઝાબ પણ આપ, અને તેની ઉપર સિત્તેર વખત લાનત કરવી.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૧૯૯૩) પરોઢિયાથી માંડીને સુર્યોદયના સમય સૂધી મુબાહેલહનો યોગ્ય સમય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૧૯૯૪) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી રિવાયત છે કે જ્યારે મુબાહેલહની આયત નાઝીલ થઈ તો આપ જનાબ

(સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલયહિસ્સલામ), જનાબે ફાતેમા સલામુલ્લાહે અલયહા, હઝરત હસન (અલયહિસ્સલામ), અને હઝરત હુસૈન (અલયહિસ્સલામ)નો હાથ પકડીને ફરમાવ્યું : આ મારા અહલ (એહલેબૈત) છે.

(૧૯૯૫) જયારે નજરાનના નસારાઓનું પ્રતિનિધી મંડળ હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસે આવ્યું ત્યારે તેના સરદાર અહતમ, આકીબ અને સય્યદ હતા... તેઓએ કહ્યું : આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમ) અમોને કઈ વાત માટે નિમંત્રણ આપો છો ?

આપે ફરમાવ્યું : એ વાત માટે કે તમે એ વાતની ગવાહી આપો કે ખુદા વહદહુ લા શરીક છે, હું (મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ખુદાનો રસૂલ છું અને હઝરત ઈસા (અલયહિસ્સલામ) ખુદાના બંદા અને મખ્લૂક છે. તેઓ ખાય છે, પીવે છે..... પછી ફરમાવ્યું : જો તમે આ વાત ન માનો તો મારી સાથે મુબાહેલહ કરો, જો હું સાચો હોઉં તો તમારી ઉપર લાનત નાઝીલ

થશે અને જો હું જુઠ્ઠો હોઉં તો તે મારી ઉપર નાઝીલ થશે.

આ સાંભળીને તે લોકોએ કહ્યું : વાતતો ઇન્સાફની છે, આમ કહીને મુબાહેલહનો વાયદો કરીને ચાલ્યા ગયા. જ્યારે તેઓ તેમના સ્થાને પહોંચ્યા ત્યારે તેમના સરદારે કહ્યું :..... જો તે (મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે) તેમની કૌમ સાથે કોશિશ કરી તો આપણે પણ કરશું, કેમકે તેઓ નબી નથી અને જો તેઓ તેમની ખાસ એહલેબૈતની સાથે મુબાહેલહ કરવા આવશે તો

આપણે મુબાહેલહ કરશું નહીં. કેમકે એ સંજોગોમાં તેઓ સાચા છે.

જ્યારે સવાર પડી ત્યારે હઝરત રસૂલે ખુદાની પવિત્ર ખિદમતમાં તે લોકો હાજર થયા, ત્યારે આપ જનાબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ), જનાબે ફાતેમા સલામુલ્લાહે અલયહા, હઝરત હસન (અલયહિસ્સલામ) અને હઝરત હુસૈન (અલયહિસ્સલામ) મુબાહેલહ માટે મૌજૂદ હતા. આ દ્રશ્ય જોઈને તે લોકોએ મુબાહેલ કરવાનો ઇન્કાર કરી દીધો અને આં હઝરત

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં અર્ઝ કરી : અમે આપની ઇચ્છા પ્રમાણે બધું આપવા માટે તૈયાર છીએ, આપ અમને મુબાહેલહ કરવામાંથી માફી આપો.

આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તે લોકોની દરખાસ્તને કબૂલ કરી અને તેઓ પાસેથી જઝીયહ (વેરો) લેવાનું નકકી કરીને સુલેહ કરી લીધી.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૧૯૯૬) મુસ્લિમ, તીરમીઝી, ઇબ્ને મન્ઝઝ હકમ અને બય્હકીએ પોતાની સનનમાં સઆદ બિન અબી વકાસથી રિવાયત કરી છે કે તેઓએ કહ્યું છે: જ્યારે મુબાહેલહની આયત "*કુલ તઆલવ નદઆ...* નાઝીલ થઈ ત્યારે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હઝરત અલી (અલય્હિસ્સલામ), જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા, અને હસનૈન અલય્હેમુસ્સલામને બોલાવીને કહ્યું : ખુદાવંદા આ જ મારા એહલેબૈત છે.

વિભાગ - ૨૫ : બયઅત

પ્રકરણ - ૧ : બયઅત

કુરઆને મજીદ :-

* (હે રસૂલ) જે લોકો (હુદૈબીયાની સંધી વખતે) તારાથી બયઅત (તારા હાથ પર હાથ રાખી પ્રતિજ્ઞા) કરે છે, તેઓ (વાસ્તવમાં) અલ્લાહથી જ બયઅત કરે છે,...

- (સૂ. ફત્હ, આ. ૧૦)

* ખચીતજ અલ્લાહ મોઅમિનોથી રાજી થઈ ગયો જ્યારે કે તેઓ તે વૃક્ષની હેઠળ તારા હાથ ઉપર (લડવા મરવાની) બયઅત (પ્રતિજ્ઞા) કરી રહ્યા હતા...

- (સૂ. ફત્હ, આ. ૧૮)

* અને અલ્લાહના વાયદાને કે જ્યારે તમે વાયદો કરી ચૂકયા હો પૂરો કરો. અને પ્રતિજ્ઞાઓ પાકી કરી લીધા બાદ તેનો ભંગ કરો નહીં...

- (સૂ. નહલ, આ. ૯૧)

(૧૯૯૭) તફસીરે અલ બિન ઇબ્રાહીમમાં છે કે : બયઅતે રીઝવાનના બારામાં આવેલી આયત “: લકદ રઝેયલ્લાહો .... નાઝીલ થઈ ત્યારે ખુદાવંદે તઆલાએ લોકો ઉપર આ શર્ત ફરમાવી કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ના કોઈપણ કાર્યોનો હરગીઝ વિરોધ નહીં કરે અને ન તો તેઓના કોઈ હુકમની વિરૂધ્ધ ચાલશે, આ આયતે રીઝવાન નાઝીલ થયા પછી ખુદાવંદે અઝઝ વ જલ્લે ઇરશાદ ફરમાવ્યું : ઇન્નલ્લઝીન યબાયઉનક...

(૧૯૯૮) જાબિર કહે છે કે અમે હુદૈબીયહના દિવસે એક હજાર ચારસો માણસ હતા, જે બધાએ રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બયઅત કરી હતી અને હ. ઉમરે પણ ફળદાર વૃક્ષની નીચે આ હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)નો હાથ પકડયો હતો. પછી કહ્યું હતું : અમે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની બયઅત મૈદાનમાંથી ન ભાગવાની શર્તે કરી હતી. જાનની કુરબાની વિશે કરી ન હતી.

(૧૯૯૯) સલ્મહ બિન અકુબહને પૂછવામાં આવ્યું કે તમે હુદૈબીયહના દિવસે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની બયઅત કયા હેતુસર કરી હતી. તેણે કહ્યું : મરવા વિશે.

(૨૦૦૦) સુહૈલ બિન સઅદ કહે છે : અબૂઝર, એબાદ બિન સામિત, અબુ સઈદ ખુદરી, મોહમ્મદ બિન મુસ્લેમહ, એક બીજો માણસ અને મેં રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની બયઅત એ હેતુસર કરી હતી કે રાહે ખુદામાં કોઈ ટીકા કરનારની ટીકાથી ડરશું નહીં, પરંતુ છઠ્ઠા

માણસે એ વાત માટે દિલગીરી વ્યક્ત કરી લીધી અને તેની વાતને માન્ય રાખવામાં આવી.

પ્રકરણ - ૨ : સ્ત્રીઓ પાસેથી લેવાએલી બયઅત

કુરઆને મજીદ :-

* હે નબી ! જ્યારે ઈમાન લાવનારી સ્ત્રીઓ તારી પાસે એવી શરતે બયઅત કરવા આવે કે તેણીઓ ન કોઈ વસ્તુને અલ્લાહની શરીક બનાવશે, અને ન ચોરી કરશે, અને ન વ્યભિચાર કરશે, અને ન પોતાની ઔલાદને મારી નાખશે, અને ન (પોતાના પતિઓ ઉપર) પોતાના હાથ તથા પગની વચ્ચે (અર્થાત પોતાના મગજમાંથી ઉપજાવી કાઢેલું) આળ ચડાવશે, અને ન કોઈ વ્યાજબી કાર્યમાં તારી

નારફમાની કરશે તો તેમની બયઅત સ્વિકારી લે, અને તેમના સંબંધમાં અલ્લાહ પાસે ક્ષમા માંગ :

- (સૂ. મુમ્તહેના, આ. ૧૨)

હદીસ :-

(૨૦૦૧) જ્યારે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મક્કા ઉપર વિજય મેળવ્યો ત્યારે પુરૂષોએ આપની બયઅત કરી. પછી બયઅત કરવા માટે સ્ત્રીઓ આવી ત્યારે ખુદાએ ઉપરની આયત નાઝીલ કરી...

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૦૨) મુફઝઝલ બિન ઉમર કહે છે : મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને પૂછયું કે જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમએ તેણીઓ સાથે પોતાનો હાથ કેવી રીતે મેળવ્યો હતો.

ઇમામે ફરમાવ્યું : આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) એ (પાણીનો) થાળ મંગાવ્યો જેમાં આપ વઝુ કરતા હતા, તેમાં પાણી નખાવ્યું અને પોતાનો જમણો હાથ તેમાં ડુબાડયો, પછી જ્યારે કોઈ સ્ત્રી બયઅત કરવા માટે આવતી ત્યારે ફરમાવતા હતા : આમાં તમારો હાથ ડુબાડી દયો...

(૨૦૦૩) હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ સ્ત્રીઓ પાસેથી એ રીતે બયઅત લેતા હતા કે પોતાનો હાથ પાણીના વાસણમાં નાખીને બહાર કાઢી લેતા હતા. પછી સ્ત્રી પોતાનો હાથ તેમાં નાખતી હતી અને ખુદાની તૌહીદનો સ્વિકાર, તેના ઉપર ઈમાન અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની નબુવ્વતના સમર્થનમાં વિશ્વાસ પણ વ્યક્ત કરતી હતી.

(૨૦૦૪) હું કોઈ સ્ત્રીના હાથને હાથ લગાવતો નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૦૫) જ્યાં સૂધી તું તારા જાનવર જેવા હાથને બદલાવી નહીં નાખે ત્યાં સૂધી હું તારી પાસેથી બયઅત નહીં લઉં. (હ. આયશા ર. થી નોંધવામાં આવેલી રિવાયત)

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૩ : બયઅત તોડી નાખવી

કુરઆને મજીદ :-

* તેઓ (વાસ્તવમાં) અલ્લાહથી જ બયઅત કરે છે, તેમના હાથો પર અલ્લાહનો હાથ છે, તેમના હાથો પર અલ્લાહનો હાથ છે, પછી જે પ્રતિજ્ઞાનો ભંગ કરે તો તે પોતાની જ હાનિ માટે ભંગ કરશે, અને અલ્લાહની સાથે કરેલા વચનને પૂર્ણ કરશે તો નજીકમાં જ તે તેમને મોટો બદલો આપશે.

- (સૂ.ફત્હ, આ. ૧૦)

હદીસ :-

(૨૦૦૬) ત્રણ પ્રકારના માણસો સાથે ખુદા વાત નહીં કરે એક એ જે ઇમામની બયઅત કરે અને તે બયઅતને દુનિયાના સ્વાર્થને ધ્યાનમાં રાખીને એટલે કે ઈમામ તેને તેની મરજી મુજબ આપે તો જ બયઅત ઉપર બાકી રહે, નહીંતર બયઅતથી હાથ ખેંચી લે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૨૦૦૭) ત્રણ બાબતો હલાક કરી નાખે છે. (૧) બયઅત તોડવી (૨) સુન્નતને છોડી દેવી (૩) જમાઅત (સમુહ)થી જુદા પડી જવું.

- હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયિહિસ્સલામ)

(૨૦૦૮) બયઅત તોડવાથી માણસ બુરાઈના વર્તુળમાંથી બહાર નિકળી શકતો નથી.

- હઝરત ઈમામ રઝા (અલયિહિસ્સલામ)

(૨૦૦૯) જહન્નમમાં એક શહેર છે, જેને હસીનહ કહે છે : તમે મને એ નથી પૂછતા કે એમાં શું હશે ?

પૂછવામાં આવ્યું : યા અમીરલ મોઅમેનીન (અલયિહ્સ્સલામ) તેમાં શું હશે ?

આપે ફરમાવ્યું : બયઅત તોડનારના હાથ હશે.

- હઝરત અલી (અલયિહ્સ્સલામ)

પ્રકરણ - ૪ : મુસલમાનોએ હઝરત અમીર (અલયહિસ્સલામ)ની બયઅત કરવી.

(૨૦૧૦) લોકો ! તમે મારી બયઅત એ રીતે કરી છે જેવી રીતે મારી પહેલાના લોકોએ બયઅત કરી હતી. લોકોને બયઅત કરતા પહેલા એ વાતનો ઇખ્તેયાર હોય છે. (જ્યારે બયઅત કરી લે છે ત્યાર પછી તેને તોડી શકતા નથી.)

(૨૦૧૧) તમે મારી બયઅત તમારા ઇરાદા અને ઇખ્તેયારથી કરી છે, અને તમારામાંથી સૌથી પહેલા મારી બયઅત તલ્હા અને ઝુબૈરે પોતાની મરજીથી કરી હતી.

(૨૦૧૨) એ લોકો ! તમે મને આમંત્રણ આપ્યું હતું અને મેં તેને ઠુકરાવ્યું નહીં, અને તમારી પાસેથી બયઅત લીધી, પછી તમે એમારત...ની શરતો ઉપર મારી બયઅત કરી, જોકે મેં તમારી પાસે બયઅતની માંગણી કરી ન હતી.

(૨૦૧૩) એક માણસે આપ (અલયહિસ્સલામ)ને પૂછયું કે આપ તલ્હા અને ઝુબૈર સાથે કયા કારણોસર લડયા હતા ? આપે ફરમાવ્યું : એ માટે કે તેઓએ મારી બયઅત તોડી નાખી અને બીજું એ કે મારા મોઅમિન શીઆઓને કત્લ કર્યા...

(૨૦૧૪) બયઅત કરવા માટે મારી પાસે એવી રીતે એકઠા થઈ ગયા જે રીતે તરસ્યા ઊંટો પાણીની હૌઝ પાસે એકઠા થઈ જાય છે...

(૨૦૧૫) તમે મને છોડી દયો અને મારા સિવાય બીજા કોઈને શોધો કેમકે અમારે એક એવા હુકમનો સામનો છે જેના કેટલાય રંગ અને કેટલાય ચહેરા છે, જેના માટે (તમારા) દિલોમાં ઢતા નથી.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૧ : તીજારત (વેપાર)

પ્રકરણ - ૧ : તીજારત

કુરઆને મજીદ :-

* હે ઈમાન લાવનારાઓ ! તમે આપસમાં એક બીજાનો માલ નાહક ખાઈ જાઓ નહીં, તે સિવાય તે (નફો) કે જે એકબીજાની રાજી ખૂશીથી કરેલા વેપારમાં થયેલો હોય...

- (સૂ. નિસા, આ. ૨૯)

હદીસ :-

(૨૦૧૬) વેપાર અકલમાં વધારો કરે છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૧૭) વેપારની શોધમાં નિકળો, કેમકે તેમાં તમારા માટે લોકોથી બેનિયાઝી (સ્વતંત્રતા) છે, અને ખુદાવંદે આલમ અમીન સમાન ધંધો કરનારને દોસ્ત રાખે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૧૮) મોઅલ્લા બિન ખુનૈસ કહે છે કે મને બજારમાં જવામાં મોડું થયું, હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ મને બજારમાં મોડો જોઈ જતા ફરમાવ્યું : તમારી ઇઝઝત અને આબરૂને ધ્યાનમાં લઈને વહેલી સવારે (બજારમાં) જાવ.

(૨૦૧૯) હિશ્શામ બિન અહમર કહે છે કે : હઝરત અબૂલ હસન (અલયહિસ્સલામ) પોતાને મળનારાઓને ફરમાવ્યા કરતા હતા કે તમારી ઇઝઝત અને આબરૂની તરફ એટલે કે બજારની તરફ વહેલી સવારે જવાનું રાખો.

પ્રકરણ - ૨ : વેપાર કરવાનું છોડી દેવું

(૨૦૨૦) વેપાર કરવાનું છોડી દેવું એ અકલને અધૂરી કરી દેવા સમાન છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૨૧) ફઝીલ અઅવર કહે છે : મેં મઆઝ બિન કસીરને જોયો કે તેમને હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને અર્ઝ કરી : હવે હું ખુશહાલ છું. તેથી વેપાર કરવાનું છોડી દઉં છું.

ઇમામ (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : તો તમે એમ કર્યું તો તમારી અકલ ઓછી થઈ જશે, અથવા તેવા ભાવાર્થવાળી વાત કહી હતી.

(૨૦૨૨) થેલા વેચનાર મઆઝથી રિવાયત છે કે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)એ ફરમાવ્યું : મઆઝ, શું થયું છે ? વેપાર કરવાથી થાકી ગયા છો કે વેપાર કરવાનું છોડી દીધું છે ?

મેં જવાબ આપ્યો : અમે એક વાતની પ્રતિક્ષામાં હતા કે વલીદ કત્લ થઈ જાય, હવે મારી પાસે ઘણો માલ છે જે મારા કબ્જામાં છે તેમાં કોઈનો ભાગ

નથી, મને એ વાતની ખબર નથી કે મારા મરવા સૂધી આ માલ ખલાસ થશે કે નહીં .

ઇમામે ફરમાવ્યું : વેપાર કરવાનું છોડતા નહીં, નહીંતર તમારી અકલ નકામી થઈ જશે, તમારા બાલ બચ્ચાઓ સાથે ઉદારતાથી વર્તો, તેમના માટે તંગી ન કરો અને એ વાતનો ખાસ ખયાલ રાખો કે (તમારી તંગીના કારણે) તેઓ તમારી ગમ્માઝી (ચાડી) કરે.

(૨૦૨૩) મઆઝથી જ રિવાયત છે કે તેણે હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને અર્ઝ

કરી : મેં વેપાર કરવાનું છોડી દેવાનો ઇરાદો કર્યો છે કેમકે મારી પાસે હવે ભવિષ્ય માટે ઘણું બધું છે.

ઇમામે ફરમાવ્યું : જો તમે તેમ કરશો તો તમારા અભિપ્રાય નકામા ગણવામાં આવશે. (તમારી વાત સાંભળવા માટે કોઈ તૈયાર નહીં થાય.) અને તમારી કોઈ મદદ કરશે નહી.

(૨૦૨૪) અસ્બાત બિન સાલિમ સોની (ઝવેરાતના વેપારી)થી રિવાયત છે કે એક દિવસ હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ખાદીનું કપડું વેચનાર મઆઝના વિશે સવાલ કર્યો ત્યારે હું પણ ત્યાં હાજર હતો, જવાબ મળ્યો કે ઇસ્બાતે

વેપાર કરવાનું છોડી દીધું છે. ઇમામે ફરમાવ્યું : તેણે શૈતાનનું કામ કર્યું છે, જે માણસ વેપાર કરવાનું છોડી દે છે તેની ૨/૩ (પોણા) ભાગની અકલ જતી રહે છે. શું તને એ વાતની ખબર નથી કે હઝરત રસૂલે ખદા સલલલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમએ શામથી આવેલા વેપારીઓના કાફલા પાસેથી માલ ખરીદ્યો અને તેમની સાથે વેપાર કર્યો. આપ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને એ વેપારથી એટલો બધો ફાયદો થયો કે તેના કારણે તેઓએ તેમનું બધુ કર્ઝ ચૂકવી આપ્યું.

પ્રકરણ - ૩ : વેપારી

(૨૦૨૫) વધારે મેળવવાના હેતુસર તમારી જાતને ભયમાં મુકો, બધું ખુદા પાસેથી જ માંગો કેમકે જે તમારા કિસ્મતમાં હશે તે તમને મળી રહેશે. અને વેપારી તો હંમેશા જોખમમાં જ રહેતો હોય છે.

(૨૦૨૬) ડરપોક વેપારી વંચિત રહે છે અને હિંમતવાન વેપારીને તેનો ભાગ મળી રહે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૨૭) કેટલાક લોકો એવા હોય છે જેમની રોઝી વેપારમાં હોય છે, કેટલાક લોકો એવા હોય છે જેમની રોઝી તલવારમાં હોય છે અને કેટલાક લોકો એવા હોય છે જેમની રોઝી જીભમાં હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૪ : વેપારના આદાબ

(૨૦૨૮) અય વેપારીઓ ! પહેલા ફીકહ પછી વેપાર, પહેલા ફીકહ પછી વેપાર, પહેલા ફીકહ પછી વેપાર.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૨૯) જે વેપાર કરવા માંગે છે તેણે પહેલા પોતાના દીનને સમજી લેવો જોઈએ. જેથી તે હલાલ અને હરામને ઓળખી શકે. જે માણસ દીનને સમજયા વગર વેપાર કરશે તે શંકાઓમાં ઘેરાઈ જશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૦૩૦) હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયિહિસ્સલામ) ફરમાવ્યા કરતા હતા : બજારમાં ફક્ત એ માણસ બેસી શકે છે જે ખરીદ અને વેચાણને જાણતો અને સમજતો હોય.

(૨૦૩૧) અય વેપારી ! સૌથી પહેલા ખુદા પાસેથી ભલાઈ ચાહો અને નરમીમાં બરકત છે. ગ્રાહકોથી નિકટ થઈ જાવ. સહનશીલતાને તમારી શોભા બનાવો, કસમ ખાવાથી પરહેઝ કરો. જુઠું બોલવાથી દૂર રહો. ઝુલ્મ કરવાથી ડરો. મઝલૂમ સાથે ઇન્સાફ કરો વ્યાજની નઝદીક પણ ન જાવ. (ત્યાર પછી

કુરઆને મજીદની સૂરએ હુદ, આ. ૮૫ અને સૂરએ શોઅરાની આ. ૧૮૩નો ઉલ્લેખ કરીને ફરમાવ્યું.....) અને માપતોલ પુરૂં આપતા રહો, લોકોને વસ્તુ ઓછી ન આપો અને જમીનમાં ફસાદ ન ફેલાવો.

(૨૦૩૨) ચાર સિફતો એવી છે જે કોઈનામાં જોવા ન મળે તો તેનું ચારિત્ર પાકો પાકીઝા અને સાફ હશે. (૧) જ્યારે કોઈ પાસેથી કોઈ વસ્તુ ખરીદે તો તેમાં ઐબ ન કાઢે. (૨) જ્યારે પોતાની કોઈ વસ્તુ વેચે ત્યારે તેના વખાણ ન કરે. (૩) ખોડખાંપણ

અને ભેળસેળનો વ્યવહાર ન કરે. અને (૪) લેણ દેણમાં કસમ ન ખાય.

(૨૦૩૩) જે લેણ દેણ કરવા માંગે તેણે પાંચ બાબતોથી દૂર રહેવું જોઈએ. નહીંતર લેણ દેણ કરવાનું છોડી દે. (૧) વ્યાજ (૨) કસમ (૩) ઐબનું છુપાવવું (૪) વેચતી વખતે પોતાની વસ્તુના વખાણ કરવા (૫) ખરીદતી વખતે બીજાની વસ્તુની ટીકા કરવી.

પ્રકરણ - ૫ : મજબુર લોકો સાથે વ્યવહાર

(૨૦૩૪) લોકો માટે એવો સખ્ત જમાનો આવશે કે જેમાં માલદાર લોકો પોતાના માલને રોકી રાખશે. હકીકતમાં તેઓને એમ કરવાની પરવાનગી નહીં હોય. કેમકે ખુદાવંદે આલમ ફરમાવે છે : સૂ. બકરહ, આ. ૨૩૭ આપસમાં બુઝુર્ગીને ભૂલો નહીં

એ જમાનામાં દુષ્ટ અને ફસાદ ફેલાવનારા લોકો આગળ આવી જશે અને નેક અને શરીફ લોકોને હલકા સમજવામાં આવશે. મજબૂર લોકો સાથે ખરીદ વેચાણનો વ્યવહાર કરવામાં આવશે. જો કે

રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ મજબૂર લોકો સાથે વ્યવહાર

કરવાની મનાઈ ફરમાવી છે.

- હ. અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ સંકુચિત માણસ સાથે સોદો રદ કરી નાખવો.

(૨૦૩૫) જે માણસ મુસલમાનના પશેમાન (લજ્જિત) થઈ જવા પછી તેની સાથેનો સોદો રદ કરી નાખશે તો ખુદાવંદે આલમ તેની ભૂલોને માફ કરી દેશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૩૬) જે માણસ મુસલમાનના પશેમાન થઈ જવા પછી તેની સાથેનો સોદો રદ કરી નાખે તો

અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની ભૂલોને માફ કરી દેશે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૩૭) જે માણસ લજ્જિત માણસ સાથેનો સોદો રદ કરી નાખશે તો અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે માફ કરી દેશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૩૮) અલ્લાહ તઆલા કયામતના દિવસે ચાર પ્રકારના લોકો તરફ રહમતની નજર કરશે. (૧) જે

પશેમાન માણસ સાથેનો સોદો રદ કરી નાખે. (૨) જે મઝલુમની મદદ કરશે. (૩) જે ગુલામને આઝાદ કરે અને (૪) જે કુંવારાની શાદી કરાવી આપે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૭ : વજન પુરૂં કરો - ઓછું ન આપો

કુરઆને મજીદ :-

* (૧) અફસોસ છે એ લોકો માટે કે જેઓ (તોલમાપમાં) ઓછું આપે છે.

(૨) જેઓ જ્યારે લોકો પાસેથી (અનાજ વગેરે) માપીને લે છે ત્યારે પુરેપૂરુ (માપીને) લે છે.

(3) અને જ્યારે તેમને માપીને કે જોખીને આપે છે ત્યારે ઓછું આપે છે.

- (સૂ. મુતફફેફીન આ. ૧ થી 3)

* અને જ્યારે માપ કરો ત્યારે માપ પુરૂ આપો અને સાચા ત્રાજવા વડે જોખો, એ જ (તમારા માટે) સારું છે અને પરિણામે પણ તે બહેતર છે.

- (સૂ. બની ઇસરાઈલ, આ. ૩૫)

હદીસ :-

(૨૦૩૯) અય તોલનારાઓ ! વજન કરો ત્યારે પલ્લાને ઝુકાવીને આપો.

(૨૦૪૦) જ્યારે તોલીને આપો ત્યારે પલ્લુ ઝુકેલું હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૪૧) હઝરત અલી (અલયહિસ્સલામ) એક છોકરી પાસેથી પસાર થયા, ત્યારે તે છોકરી ગોશ્ત ખરીદી રહી હતી. અને વેચનારને થોડું વધારે આપવાનું કહી રહી હતી. હઝરત અમીર (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : તેને થોડું વધારે ગોશ્ત નાખી દયો કેમકે તેમ કરવાથી ઘણી બરકત થાય છે.

(૨૦૪૨) તોલમાં વફાદારી (અથવા સાચું વજન) એ વખતે ગણાય છે જ્યારે પલ્લું ઝુકાવીને આપવામાં આવે.

(૨૦૪૩) તોલમાં વફાદારી (અથવા સાચું વજન) એ વખતે ગણાય છે જ્યારે ત્રાજવાનું પલ્લું ઝુકેલું હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૦૪૪) સુવૈદ બિન કૈસ કહે છે : હું અને મખ્ર)મહ અબદી હીજ્ર (નામની જગ્યાએ) કપડું ખરીદવા માટે આવ્યા, અમારી પાસે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમ) તશ્રીફ લાવ્યા અમે શલવારનું કપડું ખરીદવા માંગતા હતા. એક માણસ ઈંટથી વજન કરવા લાગ્યો. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તોલો અને પલ્લું ઝુકાવીને આપો.

પ્રકરણ - ૮ : અંદાજ સાથે ખરીદ-વેચાણ

(૨૦૪૫) તમારા જમવાનો સામાન તોળ્યા કરો કેમકે તોળેલા ખાણાના માલમાં બરકત હોય છે.

- હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૪૬) મુસમ્મઅ કહે છે કે મને હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું : અય અબુસય્યાર ! જ્યારે રાંધનારી (સ્ત્રી) જમવાનું પકાવે ત્યારે તેને તે ખોરાકને તોળી લેવાનું કહો કેમકે તોળેલી વસ્તુમાં બરકત હોય છે.

પ્રકરણ - ૯ : કારોબારમાં સદકો આપ્યા કરો.

(૨૦૪૭) અય વેપારી ! વેપાર-ધંધો એવી બાબત છે જેમાં નકામી વાતો પણ આવી જાય છે અને કસમ પણ. તેથી તેમાંથી સદકો આપતા રહો.

(૨૦૪૮) અય વેપારી ! વેપાર ધંધામાં ગુનાહ અને શૈતાન ભળી જતા હોય છે. તેથી તેમાંથી સદકો આપ્યા કરો.

- હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૦ : કારોબારમાં નરમી અને સરળતા

(૨૦૪૯) ખુદાવંદે આલમે તમારામાંથી સૌથી પહેલા એ માણસને બખ્શી આપ્યો જે વેચાણમાં સગવડતા અને સરળતાથી કામ કરતો હતો. અને ખરીદતી વખતે પણ જ્યારે કોઈને આપતો હતો ત્યારે સરળતા અને આસાનીથી કામ કરતો હતો. તેવી જ રીતે જ્યારે કોઈ પાસેથી લેતો હતો ત્યારે પણ એવો જ વ્યવહાર કરતો હતો.

(૨૦૫૦) ખુદાવંદે આલમ એ બંદા પર રહેમ કરે જે વેચવા, ખરીદવા અને લેણદેણના સમયે સખાવતની સાબિતી આપે.

(૨૦૫૧) ખુદાવંદે આલમ એ બંદા ઉપર રહેમ કરે જે વેચવા, ખરીદવા અને લેણદેણમાં સખાવતથી કામ લેતો રહે છે.

(૨૦૫૨) ખુદાવંદે આલમ એવા માણસને દોસ્ત રાખે છે જે વેચવા, ખરીદવા અને આપવામાં સખાવતથી કામ લે છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૫૩) હઝરત અલી (અલયહિસ્સલામ)એ એક એવા માણસને જોયો. જે પોતાનો માલ વેચવા

માંગતો હતો. તેને ફરમાવ્યું : મેં હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) પાસેથી સાંભળ્યું છે કે સખાવત દેખાડવી એ પણ નફો કમાવવાની એક રીત છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૧ : ભાવતાલ

(૨૦૫૪) ગ્રાહક સાથે ભાવતાલ કરો. આ સારી વાત છે. એ જુદી વાત છે કે આપનારો વધારે આપે કેમકે ખરીદ અને વેચાણમાં ખોટ ખાવી તે સારું નથી હોતું. અને ન તો તેનું કોઈ મહેનતાણું મળે છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૨૦૫૫) હુસૈન બિન યઝીદ કહે છે કે અબૂ હનીફાએ હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને પુછ્યું : કાલે જ્યારે આપ અરફામાં કુરબાનીનું જાનવર ખરીદી રહ્યા હતા

ત્યારે બહુ જ ભાવતાલ કરી રહ્યા હતા. લોકો તે માટે આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા હતા.

ઈમામે ફરમાવ્યું : જો હું મારા માલમાં નુકસાન ઉઠાવું તો તેમાં ખુદા રાજી થતો નથી.

પ્રકરણ - ૧૨ જે વસ્તુઓમાં ભાવતાલ કરવો મકરૂહ છે.

(૨૦૫૬) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલયહિસ્સલામ) (તેમનો) હિસાબ કિતાબ રાખનારને કહેતા હતા જ્યારે મારા માટે હજની જરૂરીયાતનો સામાન ખરીદો ત્યારે ભાવતાલ ન કરો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૫૭) યા અલી ! ચાર વસ્તુઓ ભાવતાલ કર્યા વગર ખરીદી લ્યો. (૧) કુરબાનીનું જાનવર (૨)

કફન (૩) ગુલામ અને (૪) મક્કા જવા માટે પ્રવાસનું ભાડું.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૩ ભાવતાલ કરનાર અને બીજા માણસ વચ્ચે સમાનતા

(૨૦૫૮) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને સવાલ કરવામાં આવ્યો : એક માણસની સામે વેચાણનો માલ મૌજૂદ છે અને તેને એક કિંમત કહેવામાં આવી. બીજો માણસ તે સાંભળીને ચુપ રહયો અને તેણે તે વસ્તુ ખરીદી લીધી. અને વેચનારે તેને તે ભાવથી વેચી દીધી. પરંતુ એક માણસે તેનો ભાવતાલ કર્યો અને તે ભાવથી ખરીદવાનો ઈન્કાર કરી દીધો. જો તે

વસ્તુને પહેલાના ભાવથી વેચવામાં આવે તો શું એ રીતે થઈ શકે છે ?

હઝરતે ફરમાવ્યું : જો તું એ બંને માણસો સિવાયનો ત્રીજો માણસ છે તો તેમ કરી શકે છે. પરંતુ તે બે માણસ પરસ્પર ભાવ તાલ કરે છે અને માલ વેચનારો તેમાના એકની કિંમત ઉપર રાજી થઈ જાય છે તો પછી તેને વેચી શકતો નથી. અને જો વધારે કિંમતની અપેક્ષા રાખે તો મને એ વાત સારી લાગતી નથી કે તેને નકકી કરેલી કિંમત ઉપર વેચવામાં ન આવે.

પ્રકરણ - ૧૪ : મોઅમિને મોઅમિન પાસેથી નફો લેવો.

નોંધ:- આ વિષયની બધી જ હદીસોનો અભ્યાસ કરવા વિનંતી છે.

(૨૦૫૯) મોઅમિન પાસેથી નફો લેવો વ્યાજ છે.

સંદર્ભ : વસાએલુશ્શીયા ભાગ ૧૨, પાના નં ૨૯૪

(૨૦૬૦) મોઅમિને મોઅમિન પાસેથી નફો લેવો વ્યાજ છે, પરંતુ તે(ની શરત) એ છે કે તે એકસો દીરહમથી વધારે માલ ખરીદે. એ સંજોગોમાં તમે

એક દિવસના ખોરાક જેટલો નફો લઈ શકો છો. અથવા જો તે વેપાર કરવાના હેતુથી માલ ખરીદે તો નફો પણ લઈ શકો છો. અલબત્ત તેની સરળતા અને નરમાશ ભર્યો વ્યવહાર રાખો.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૬૧) અલી બિન સાલિમ તેમના પિતાથી રિવાયત કરે છે કે : તેઓએ હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)ને એ રિવાયત વિશે સવાલ કર્યો કે એક મોઅમિન બીજા મોઅમિન પાસેથી નફો લે તે વ્યાજ છે - તેનો અર્થ શું છે ?

ઇમામે ફરમાવ્યું : આ (બાબત) એ વખતે છે જ્યારે અમો એહલેબૈતના કાએમ (કાએમે આલે મોહમ્મદ અલયહિસ્સલામ) કયામ કરે. રહી આ જમાનાની વાત તો આ જમાનામાં કોઈ વાંધો નથી....

પ્રકરણ - ૧૫ તાજીર ફાજીર છે. (વેપારી દુરાચારી છે.)

(૨૦૬૨) અય વેપારી ! કયામતના દિવસે વેપારીને ફાજીર (દુરાચારી) તરીકે ઉઠાવવામાં આવશે. સિવાય એ લોકો કે જેઓએ તકવા અપનાવ્યું હશે, નેકીનો રસ્તો અને સચ્ચાઈથી કામ લીધું હશે.

(૨૦૬૩) અય વેપારી ! તમારું માથું ઉંચુ ઉઠાવો, કેમકે તમારા માટે એ વાત જાહેર થઈ ગઈ છે કે તમને લોકોને કયામતના દિવસે દુરાચારી તરીકે

ઉઠાવવામાં આવશે સિવાય એ લોકો કે જેમણે સચ્ચાઈથી કામ લીધું છે.

(૨૦૬૪) વેપારી લોકો દુષ્ટ હોય છે. લોકોએ પુછ્યું : યા રસૂલલ્લાહ ! શું ખુદાએ ખરીદ વેચાણને હલાલ કરેલું નથી ?

આપે ફરમાવ્યું : હલાલ તો કર્યુ છે, પરંતુ તે લોકો એવી વાતો કરે છે જેમાં જુઠ હોય છે, તેઓ કસમ ખાય છે જેના કારણે તે લોકો ગુનેહગાર બની જાય છે.

(૨૦૬૫) હઝરત અલી (અલયહિસ્સલામ) બજારમાં તશરીફ લઈ જતા અને પોતાના માટે તૈયાર કરવામાં આવેલી જગ્યા ઉપર બેસીને ફરમાવતા હતા : અય બજારના લોકો ! સલામુન અલયકુમ, કસમ ખાવાથી બચતા રહો, કારણ કે કસમ ખાવાથી માલ નકામો થઈ જાય છે અને બરકત ચાલી જાય છે. વેપારી દુરાચારી હોય છે સિવાય એ કે જે હક લે છે અને હક આપે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૬ : સાચુ બોલનાર વેપારી

(૨૦૬૬) અમીન, સાચું બોલનાર અને મુસલમાન વેપારી કયામતના દિવસે શહીદોની સાથે હશે.

(૨૦૬૭) સાચું બોલનાર વેપારી કયામતના દિવસે અર્શના છાયા નીચે હશે.

(૨૦૬૮) સાચા વેપારીને જન્નતમાં કોઈપણ દરવાજામાંથી પ્રવેશતો રોકવામાં નહીં આવે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૬૯) ત્રણ પ્રકારના લોકોને ખુદાવંદે આલમ બેહીસ્તમાં હિસાબ વગર દાખલ કરશે. (૧) આદીલ ઈમામ (૨) સાચું બોલનાર વેપારી અને (૩) એવો વૃધ્ધ માણસ કે જેણે પોતાની આખી જીંદગી ખુદાની ઇતાઅતમાં પસાર કરી હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૭૦) સાચો અને અમીન વેપારી નબીઓ, સીદ્દીકો અને શહીદોની સાથે હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૭ : જુઠો વેપારી

(૨૦૭૧) ત્રણ પ્રકારના લોકોની તરફ ખુદાવંદે તઆલા (રહેમતની) નજર નહીં ફરમાવે... (જેમાંથી એક) પોતાના માલની ખોટી પ્રશંસા કરનાર હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૮ : કસમ ખાઈને માલ વેચવો

(૨૦૭૨) ખુદાવંદે તઆલાને એ માણસ સખત નાપસંદ છે જેણે પોતાનો માલ કસમ ખાઈને વેચ્યો હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૦૭૩) જે માણસ કોઈ મુસલમાનનો માલ કસમ ખાઈને મેળવશે તો ખુદાવંદે આલમ તેની ઉપર બેહિશ્તને હરામ અને જહન્નમને વાજિબ કરી દેશે.

પૂછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) ! તે માલ થોડો હોય તો પણ ?

ફરમાવ્યું : ભલે તે પીલું.... બાવળનું દાતણ પણ કેમ ન હોય.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૭૪) અય દલાલો અને અય દુકાનદારો ! કસમ ઓછી ખાવ, કેમકે તે રીતે માલ તો વેચાઈ જશે પણ નફો ચાલ્યો જશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૯ : આખેરતનો વેપાર

કુરઆને મજીદ :-

* હે ઈમાન લાવનારાઓ ! ભલા હું તમને એવો સોદો દેખાડું કે જે તમને (આખેરતના) દુ:ખ દાયક અઝાબથી બચાવી લે ? (તે સોદો આ છે કે) તમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઈમાન લાવો, અને અલ્લાહની રાહમાં તમારો માલ તથા જાનથી જેહાદ કરો; અગર સમજો તો આ તમારા માટે બેહતર છે.

- (સૂ. સફ, આ. ૧૦,૧૧)

* નિ:સંશય, તે લોકો કે જેઓ અલ્લાહની કિતાબની તિલાવત કરતા રહે છે તથા નમાઝ પડતા રહે છે. અને અમે તેમને જે રોઝી આપીએ છીએ તેમાંથી છૂપી અથવા જાહેર (રીતે અમારી રાહમાં) ખર્ચતા રહે છે, તેઓ એવા સોદાની આશા રાખે છે કે જેમાં કદી તોટો આવેજ નહીં.

- (સૂ. ફાતીર, આ. ૨૯)

હદીસ :-

(૨૦૭૫) ઇબ્ને મસઉદે અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! હું આખેરતનો વેપાર કેવી રીતે કરું ? આં જનાબ

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તમારી જીભને ઝીક્રે ખુદાથી કયારેય પણ આરામમાં ન રાખો અને આ રીતે કહેતા રહો : સુબ્હાનલ્લાહે વલ હમ્દોલીલ્લાહે વ લાએલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર. આ બહુજ નફો આપનાર વેપાર છે. જેની વિશે ખુદાવંદે આલમ ફરમાવે છે કે તે બેશક વેપારીના ગુણ ધરાવે છે જેમાં તેને બદલો પણ મળશે અને ખુદા પોતાના ફઝલથી તેને વધારે પણ આપશે.

(૨૦૭૬) જે વસ્તુને તમે આંખોથી જુઓ અને તમારું દિલ તેને પસંદ કરે તેને ખુદા માટે ગણી લ્યો,

કેમકે તે આખેરતનો વેપાર છે. જેના વિશે ખુદા ફરમાવે છે ...સૂ. નહલ આ. ૯૬... જે કાંઈ તમારી પાસે છે તે પુરું થઈ જનાર છે અને જે કાંઈ ખુદા પાસે છે તે બાકી રહેનાર છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૭૭) આખેરતનો માલ અવગણવામાં આવે છે (તેની તરફ ઓછું ધ્યાન આપવામાં આવે છે) તેથી તેની મંદીના જમાનામાં તમે તેને વધુમાં વધુ ખર્ચ કરો.

(૨૦૭૮) અમલે સાલેહ જેવો કોઈ વેપાર નથી અને સવાબ જેવો કોઈ નફો નથી.

(૨૦૭૯) મેં જન્નત જેવી કોઈ વસ્તુ જોઈ નથી જેનો ઇચ્છુક સુતો છે. અને દોઝખ જેવી કોઈ વસ્તુ નથી જેનાથી ભાગનારા ગફલતના સ્વપ્નામાં પડેલા છે. ન તો કોઈ એવું કારણ જોયું છે જે દીનને એકઠો કરવો છે, જેણે દીનનો સંગ્રહ કર્યો. તેના માટે ગુપ્ત રહસ્યો જાહેર થઈ જશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૮૦) દુનિયામાં કરવામાં આવતા કાર્યો આખેરતનો વેપાર છે.

(૨૦૮૧) જેણે દુનિયાને આખેરતના બદલામાં વેચી દીધી તેણે નફો કમાઈ લીધો.

(૨૦૮૨) નેકીઓ કમાવી શ્રેષ્ઠ કારોબાર છે.

(૨૦૮૩) જેણે દુનિયાના બદલામાં આખેરતને ખરીદી લીધી. તેણે દુનિયાના તમામ લોકો કરતા વધારે નફો કમાઈ લીધો.

(૨૦૮૪) તમારા જીવો માટે કિંમત મુકર્રર કરવામાં આવી છે. તેથી તેને જન્નત સિવાય બીજી કોઈ વસ્તુના બદલામાં વેચો નહીં.

(૨૦૮૫) જેણે પોતાની જાતને જન્નત સિવાય બીજી કોઈ વસ્તુના બદલામાં વેચી દીધી તેની સખ્તીઓ વધી ગઈ.

(૨૦૮૬) ખરાબ વેપાર એ છે કે દુનિયાને તમારા જીવની કિંમત સમજો અને તમારા માલનો ખુદાની પાસે બદલો ચાહો.

(૨૦૮૭) એ વાતનો ખ્યાલ રાખો કે જે ભાગ ખુદાએ તમારા માટે મુકર્રર કર્યો છે અને જે નિકટતા તેણે તમને આપી છે તેને દુનિયાના તુચ્છ માલ અને સંપતિના બદલામાં વેચી ન નાખો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૮૮) દુનિયાનો વેપારી હંમેશા પોતાની જાન અને માલના ખતરામાં રહે છે જ્યારે કે આખેરતનો વેપારી હંમેશા ફાયદા અને નફામાં રહે છે. તેનો સૌથી પહેલો નફો તેની જાન છે. ત્યાર પછી તેનું ઠેકાણું જન્નત છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૨૦ આખેરતના વેપારી વતી અલ્લાહ વેપાર કરે છે.

(૨૦૮૯) અય અબૂઝર ! ખુદાવંદે અઝઝ વ જલ્લ ફરમાવે છે : મને મારી ઇઝઝત અને જલાલની કસમ, મારો જે બંદો પોતાની ઇચ્છા ઉપર મારી ખ્વાહીશાત (હુકમો)ને અગ્રતા આપે છે, હું તેની તવંગરી તેના નફસમાં મુકર્રર કરી દઉં છું, તેના રંજો ગમને આખેરત માટે ઉઠાવી લઉં છું, આસમાનો અને જમીનોને તેની રોઝીના જામિન બનાવી દઉં છું, તેના દરેક નુકસાનની જવાબદારી

લઉં છું, અને એવા વેપારીના વેપારની સાથે હું પોતે મૌજૂદ હોઉં છું.

(૨૦૯૦) અય ઇબ્ને મસઉદ ! (તેની કસમ) જેણે મને બરહક (નબી) બનાવ્યો છે, જે માણસ દુનિયાને છોડીને આખેરતના વેપાર ઉપર ધ્યાન લગાવી દે તો ખુદાવંદે આલમ તેના વેપારની પાછળ તેના માટે વેપાર કરે છે અને તેના વેપારમાં નફો આપે છે, આના અનુસંધાનમાં ફરમાવ્યું : સૂ. નૂર આ. ૩૭ એવા લોકોમાં જેમણે યાદે ખુદા અને નમાઝની અદાયગીથી વેપાર અને ખિરદ વેચાણથી ગાફિલ કરતી નથી.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૦૯૧) જે માણસ ખુદાની ઇતાઅતને પોતાની ટેવ બનાવી દે તેને વેપાર કર્યા વગર દરેક બાજુએથી નફો મળવા લાગે છે.

પ્રકરણ - ૨૧ (એવા લોકો) જેમને વેપાર ગાફિલ કરતો નથી.

કુરઆને મજીદ :-

* એવા લોકો કે જેમને અલ્લાહના સ્મરણથી તથા નમાઝ પડવાથી અને જકાત આપવાથી ન તો વેપાર રોકે છે અને ન કોઈ લેવડ-દેવડ.

- (સૂ. નૂર, આ. ૩૭)

હદીસો :-

(૨૦૯૨) જ્યારે તમે વેપારના કામમાં વ્યસ્ત રહો અને નમાઝનો સમય થઈ જાય તો તમને કારોબાર નમાઝથી ગાફિલ ન રાખે. કેમકે ખુદાવંદે તઆલાએ એક કૌમની સિફાત અને પરિચયનું વર્ણન કરતા ફરમાવ્યું છે.... અને તે વેપારીની કૌમ હતી કે જ્યારે કારોબારના સમય દરમિયાન નમાઝનો સમય થતો ત્યારે તેઓ કારોબાર છોડીને નમાઝ કાયમ કરતા હતા. તેઓને એ લોકોથી વધારે અજ્રો સવાબ મળશે. જેઓ તિજારત ન કરતા હતા અને (ફક્ત) નમાઝ પડતા હતા.

પ્રકરણ - ૨૨ : દીનને વેપારનું માધ્યમ બનાવવું

(૨૦૯૩) દીનને રોઝીનું સાધન બનાવી રાખનારાઓને દીનમાં ફકત એટલો જ ભાગ છે જેટલું તેઓ ખાય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૯૪) આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)ના માધ્યમથી લોકોનો માલ ન ખાવ. કેમકે તેઓને રોઝીનું માધ્યમ બનાવી ખાવું કુફ્ર છે.

- હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)

(૨૦૯૫) દીનને દુનિયાનું સાધન બનાવી કારોબાર કરનારને ખુદા તરફથી મળનારી સજા જહન્નમ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૦૯૬) જે માણસ દુનિયા(ના હેતુઓ પૂરા કરવા) માટે દીન પર અમલ કરે છે તે પોતાના હેતુથી બહુ જ દૂર થઈ જાય છે.

(૨૦૯૭) કુરઆન પઢયા કરો અને તેની ઉપર અમલ કર્યા કરો, તેની ઉપેક્ષા ન કરો, તેમાં અતિશ્યોક્તિ ન કરો. તેને રોઝીનું સાધન ન બનાવો.

(૨૦૯૮) જે માણસ કુરઆને મજીદ પડે તેના માટે જરૂરી છે કે કુરઆન મારફત ખુદા પાસે સવાલ કરે કેમકે નઝદીકમાં જ કેટલીક કૌમો આવશે જે કુરઆન પડીને લોકો પાસે (માલ) માંગશે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૨ : ખુશહાલ લોકો

પ્રકરણ - ૧ : ખુશહાલ લોકો

કુરઆને મજીદ :-

* અને (હે રસૂલ !) આ મુજબ અમોએ તારી આગમચ જે ગામમાં ડરાવનાર (રસૂલ) મોકલ્યો ત્યારે તે (ગામ)ના વૈભવશાળીએ કહ્યું કે અમોએ તો અમારા બાપ દાદાઓને એક પંથ ઉપર ચાલતા દીઠા હતા, અને અમે પણ તેમના જ ચીલે ચીલે ચાલ્યા જઈશું.

- (સૂ. ઝુખ્રુફ, આ. ૨૩)

વિભાગ - ૩ : તોહમત

પ્રકરણ - ૧ : તોહમત

(૨૦૯૯) જ્યારે કોઈ મોઅમિન પોતાના ભાઈ ઉપર તોહમત મુકે છે ત્યારે પાણીમાં મીઠું ઓગળી જાય તેવી રીતે તેનું ઈમાન પણ નાશ પામે છે.

(૨૧૦૦) જે માણસ પોતાના ભાઈ ઉપર તેના દીન(ની બાબત)માં તોહમત મુકે છે તો બંને વચ્ચેના સન્માનનો અંત આવી જાય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ તોહમત આવે તેવી જગ્યા ઉપર ન જાવ.

(૨૧૦૧) તોહમતના સ્થળો અને બદગુમાનની બેઠકોમાં જવાથી બચો. કારણ કે ખરાબ લોકોના સાથીદાર તેની મિત્રતાથી ભૂલ ખાઈ બેસે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૦૨) તોહમત લગાવવાને પાત્ર એ માણસ છે જે તોહમતને પાત્ર લોકોનો સાથીદાર હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૦૩) તોહમતની જગ્યાએ રોકાનાર માણસ વિશે કોઈ બદગુમાની કરે તો તેની વગોવણી ન કરે.

(૨૧૦૪) જે માણસ બુરાઈના સ્થળો પર હશે તો તેની ઉપર જરૂર તોહમત મુકવામાં આવશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

વિભાગ - ૪ : તૌબા

પ્રકરણ - ૧ : તૌબા

કુરઆને મજીદ :-

* અને તે એજ છે જે પોતાના બંદાઓની તૌબા સ્વિકારે છે, અને તેમની બુરાઈઓથી દરગુજર કરે છે.

- (સૂ. શૂરા, આ. ૨૫)

હદીસો :-

(૨૧૦૫) તૌબા તમામ ગુનાહો પર અગ્રતા મેળવી લે છે.

(૨૧૦૬) તૌબા રહેમત નાઝીલ થવા માટે કારણરૂપ બને છે.

-હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૦૭) તૌબાથી વધારે કામયાબ શફાઅત (ભલામણ) બીજી કોઈ નથી.

(૨૧૦૮) ખુલૂસ (નિર્મળ હૃદય)થી કરવામાં આવેલી તૌબા ગુનાહોને નાબૂદ કરી નાખે છે.

(૨૧૦૯) તૌબા દિલોને પાક અને ગુનાહોને ધોઈ નાખે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૧૦) ગુનાહોથી તૌબા કરનાર માણસ એવો છે કે જાણે તેણે ગુનાહ કર્યા જ ન હોય.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૧૧) તૌબાની સુંદરતા ગુનાહોનો નાશ કરે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ અલ્લાહ તૌબા કરનારાઓને દોસ્ત રાખે છે.

કુરઆને મજીદ :-

* બેશક ખુદાવંદે તઆલા તૌબા કરનારાઓને દોસ્ત રાખે છે.

- (સૂ. બકરહ, આ. ૨૨૨)

હદીસ :-

(૨૧૧૨) ખુદાને તૌબા કરનાર પુરૂષ અને તૌબા કરનાર સ્ત્રીથી વધારે બીજુ કોઈ પસંદ નથી.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૧૩) ખુદાના બંદાઓમાં ખુદાને સૌથી પ્રિય બંદો એ છે જેનાથી ગુનાહ થઈ જાય તો તુરત જ તૌબા કરે છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૨૧૧૪) આમતો, તમામ ઔલાદે આદમ ખતાકાર છે, પરંતુ શ્રેષ્ઠ ખતાકાર એ છે જે તૌબા કરે છે.

(૨૧૧૫) ખુદાની કસમ ! જે માણસ પોતાની સવારી (વાહન)ને જોઈને ખુશ થાય છે તે માણસ

કરતા વધારે ખૂશી ખુદાને પોતાના બંદાની તૌબાથી થાય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૧૬) અંધારી રાતમાં જે માણસની સવારી અને ભાતું ખોવાઈ જાય અને પછી પાછું મળી જાય ત્યારે તેને જેટલી ખૂશી થાય છે તેનાથી વધારે ખૂશી અલ્લાહ તઆલાને પોતાના બંદાની તૌબાથી થાય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૨૧૧૭) જે નિ:સંતાનને ત્યાં સંતાનનો જન્મ થાય, જે માણસની કોઈ વસ્તુ ખોવાઈ જાય અને પાછી મળી જાય, અને જે તરસ્યો માણસ પાણી સૂધી પહોંચી જાય - આ બધાને જેટલી ખૂશી થાય તેનાથી વધારે ખૂશી ખુદાને પોતાના બંદાની તૌબાથી થાય છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૧૮) અલ્લાહની બારગાહમાં તૌબા કરો, તેની મોહબ્બતમાં દાખલ થઈ જાવ કેમકે ખુદા તૌબા

કરનારાઓ અને પાક રહેનારાઓને દોસ્ત રાખે છે અને મોઅમિન વધારે તૌબા કરનારો હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૩ : તૌબા કરનારાઓ

કુરઆને મજીદ :-

* તેઓ પશ્ચાતાપ કરનારા, ઇબાદત કરનારા, ગુણગાન ગાનારા, રોઝા રાખનાર, રૂકુઅ કરનારા, સજદા કરનારા.... છે.

- (સૂ. તૌબા, આ. ૧૧૨)

હદીસ :-

(૨૧૧૯) (તૌબા કરનારાઓની પ્રશંસામાં) ફરમાવે છે : તેમણે પોતાના ગુનાહોના વૃક્ષોને પોતાની

આંખો અને દિલોની સામે વાવ્યા. શરમીંદગીના પાણીથી તેનું સિંચન કર્યું જેના પરિણામે તેમને સલામતીનું ફળ મળ્યું અને તેની સાથે સાથે ખુદા તરફથી રઝા, કરામત, અને બુઝુર્ગી પણ અતા થઈ.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૨૦) તૌબા કરનારની ચાર નિશાનીઓ છે. (૧) તેના અમલમાં ખુદા(ની ખૂશી) માટે ખુલૂસ હોય છે. (૨) બાતિલને છોડે છે. (૩) હકને સંપૂર્ણ રીતે પકડી રાખે છે. (૪) ખૈર (અને નેકી)નો ઇચ્છુક રહે છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૨૧) હઝરત ઈમામ ઝયનુલ આબેદીનની મુનાજાતમાં છે... પરવરદિગાર ! તું અમને એ લોકોમાં ગણ જેમણે પોતાની ભૂલોના વૃક્ષોને પોતાની નજરોની સામે વાવ્યા હોય, પોતાની તૌબાના પાણી વડે તેનું સિંચન કર્યું હોય, જેનું ફળ શરમિંદગી અને ભોંઠપના સ્વરૂપમાં મળ્યું હોય.

અને તે તેમનાથી ડર અને ગમને દૂર રાખ્યો હોય (અથવા તેનાથી ડર અને ગમથી તેને સુરક્ષિત રાખ્યો હોય).... તો પછી તેણે બહુજ મોટી

અકલમંદીને પ્રાપ્ત કરી લીધી અને ખિદમતનો પોશાક પહેરી લીધો.

(૨૧૨૨) ઈમામ (અલયહિસ્સલામ)ની મુનાજાતમાં છે... (યા અલ્લાહ) અમને એવા લોકોમાં ગણ જેમણે ખ્વાહીશાતની આગના પડદાઓને તૌબાના પાણીથી કાપીને ટુકડે ટુકડા કરી નાખ્યા હોય, અને જેહાલતના વાસણને ખાલીસ આબે હયાથી ધોઈ નાખ્યા હોય.

(૨૧૨૩) ખુદાની નાફરમાનીઓથી બચતા રહેવું તૌબા કરનારાઓની ઈબાદત છે.

પ્રકરણ - ૪ બધા ભેગા મળીને ખુદાની બારગાહમાં તૌબા કરો.

કુરઆને મજીદ :-

* હે મોઅમિનો ! તમે સઘળા ને સઘળાજ અલ્લાહની હજુરમાં તૌબા કરો કે જેથી તમે (સર્વે) મુક્તિ પામો.

- (સૂ. નૂર, આ. ૩૧)

હદીસ :-

(૨૧૨૪) તૌબા અલ્લાહ તઆલાની રસ્સી (દોરી) અને તેના લુત્ફો કરમની મદદ છે. બંદા માટે જરૂરી છે કે તે હંમેશા તૌબા કરતો રહે. ખુદાના બંદાઓમાં દરેક સમુહ માટે તૌબાની ખાસ કૈફીયત હોય છે. અંબીયા અને અસ્ફીયાની તૌબા શ્વાસ લેવામાં હોય છે. અવલીયાની તૌબા જુદા જુદા પ્રકારના ખતરામાં હોય છે, ખાસ લોકોની તૌબા ગૈરૂલ્લાહ તરફ લક્ષ્ય આપવામાં હોય છે. અને સામાન્ય લોકોની તૌબા ગુનાહોથી હોય છે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૧૨૫) ખુદા પાસે તૌબા કરો, કેમકે હું પણ દરરોજ સો વખત ખુદાની બારગાહમાં તૌબા કરૂ છું.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૫ : તૌબાની કબૂલીયાત

કુરઆને મજીદ :-

* શું તેમણે આ વાત નથી જાણી કે અલ્લાહ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરી લે છે ;

- (સૂ. તૌબા, આ. ૧૦૪)

* અને તે એ જ છે જે પોતાના બંદાઓની તૌબા સ્વિકારે છે, અને તેમની બુરાઈઓથી દરગુજર કરે છે.

- (સૂ. શુરા, આ. ૨૫)

હદીસ :-

(૨૧૨૬) જેને તૌબા મળી ગઈ તે તેના કબૂલ થવાથી વંચિત ન રહયો, અને જેને ઇસ્તિગ્ફાર (પશ્ચાતાપ) મળી ગયો તે મગફેરતે ઇલાહીથી વંચિત ન રહયો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૨૭) અલ્લાહ તઆલા દરેક ગુનાહ માફ કરનાર છે, સિવાય એ કે એ માણસ કે જે ખુદાની ઇતાઅત કરવાનું છોડીને એવી રીતે ભાગે જેવી રીતે ઊંટ તેના માલિકથી ભાગતું હોય છે.

- હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૨૮) ... કુરઆને મજીદની આ આયત સૂ. નિસા ૧૧૬ ... ખુદાએ તઆલા બેશક એ વાતને માફ કરતો નથી કે તેનો કોઈ શરીક બનાવવામાં આવે. આ સિવાયના જે ચાહે તે (ગુનાહ) બક્ષી દેશે. ...ના અર્થમાં ફરમાવ્યું : તે ગુનાહાને કબીરા હોય અથવા બીજા કોઈ...

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૬ : તૌબા કયાં સૂધી કબૂલ થાય છે ?

કુરઆને મજીદ :-

* હે ઈમાન લાવનારાઓ ! આ તમારા માટે હલાલ નથી કે તમે બળજબરીથી સ્ત્રીઓને પણ વારસામાં લઈ લ્યો ;

- (સૂ. નિસા, આ. ૧૮)

* નિ:સંશય જે લોકો પોતે ઈમાન લાવ્યા પછી બેઈમાન થયા, પછી (દિવસે દિવસે) બેઈમાનીમાં

આગળ વધી ગયા તેમની તૌબા હરગિઝ કબૂલ કરવામાં આવશે નહીં ;

- (સૂ. આલે ઇમરાન, આ. ૯૦)

હદીસ :-

(૨૧૨૯) હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)ને આ આયત... લય-સતુલ-તવ્બહ... વિશે સવાલ કરવામાં આવ્યો. આપે ફરમાવ્યું : તેનો અર્થ એ છે કે જ્યારે માણસ આખેરતના વ્યવહારને જોવા લાગે છે.

(૨૧૩૦) ... જે માણસ આખેરતની બાબતોને જોવા પહેલા તૌબા કરી લે તો ખુદા તેની તૌબાને કબૂલ ફરમાવે છે.

(૨૧૩૦) ... ખુદાવંદે આલમ પોતાના બંદાઓની તૌબા એ સમય સૂધી કબૂલ ફરમાવે છે, જ્યાં સૂધી તેની રૂહ ગળા સૂધી પહોંચી જાતી નથી...

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૩૧) જ્યારે રૂહ અહીં સૂધી પહોંચી જાય, (પોતાના હાથથી પોતાના ગળા તરફ ઇશારો કરીને

ફરમાવ્યું :) ત્યારે આલિમ માટે તૌબા નથી પરંતુ જાહિલ માટે હોય છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૨૧૩૨) જ્યારે રૂહ અહીં સૂધી પહોંચી જાય (પોતના ગળા તરફ ઇશારો કરીને ફરમાવ્યું) ત્યારે આલિમ માટે તૌબા નથી, આપે સૂ. નિસાની આ.૧૭ની તિલાવત ફરમાવી. એટલે કે ખુદાની બારગાહમાં તૌબા તો માત્ર એ લોકોને (કબૂલ) છે જે અજાણતા ખરાબ કાર્યો કરી બેસે છે.

(૨૧૩૩) જ્યારે ઇન્સાન ગુનાહ કરે છે ત્યારે તે આલિમ હોય છતાં પણ ખુદાની નાફરમાની કરવાના સમયે જાહીલ હોય છે.

(૨૧૩૪) કયામતના ચાલિસ દિવસ પહેલા ખુદાની હુજ્જત (સાથે સંબંધ) કપાઈ જશે, જ્યારે હુજ્જત ઉઠાવી લેવામાં આવશે ત્યારે તૌબાના દરવાજા પણ બંધ કરી દેવામાં આવશે. તેથી તે સમય સૂધી જે લોકો ઈમાન નહીં લાવ્યા હોય, તેને તેમનું ઈમાન કોઈ ફાયદો નહીં પહોંચાડે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૧૩૫) ઇબ્રાહીમ બિન મોહમ્મદ હમદાની કહે છે કે મેં હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)ને પુછ્યું : જ્યારે ફિરઔન ઈમાન લાવી ચૂકયો હતો, અને તેણે ખુદાની તૌહીદનો સ્વિકાર પણ કરી લીધો હતો તો પછી ખુદાએ તેને શા માટે ડુબાડી દીધો ?

ઇમામે ફરમાવ્યું : તે મૌતની અનુભવ કરતી વખત ઈમાન લાવ્યો હતો. અને મૌતનો અનુભવ કરતી વખતે ઈમાન લાવવામાં આવે તે કબૂલ થવાને લાયક હોતું નથી.

પ્રકરણ - ૭ (ગુનાહ માટે) ભોંઠપ અનુભવવી તે પણ તૌબા છે.

(૨૧૩૬) ગુનાહો બદલ શરમીંદગી અનુભવવી તે તૌબાના બે પ્રકારમાંનો એક પ્રકાર છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૩૭) ગુનાહ બદલ ભોંઠપ અનુભવવી તૌબા છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૩૮) તૌબા માટે શરમીંદગી (પસ્તાવો) જ પૂરતો છે.

-હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૨૧૩૯) તમારા થઈ ચુકેલા ગુનાહો માટે સખત શરમીંદગી અને વધારે પશ્ચાતાપ (ઇસ્તગફાર)થી તૌબા કરો.

(૨૧૪૦) ગુનાહો બદલ પસ્તાવો કરવો ઇસ્તગફાર હોય છે.

(૨૧૪૧) ગુનાહો બદલ શરમીંદગી અનુભવવી એ ગુનાહોના પુનરાવર્તનથી અટકાવે છે.

(૨૧૪૨) જે શરમીંદગી અનુભવે છે તે તૌબા કરે છે, અને જે તૌબા કરે છે તે ખુદાની બારગાહમાં રુજુઅ કરે છે.

(૨૧૪૩) દિલથી શરમીંદગી અનુભવવી તે ગુનાહોને નાબૂદ કરી દે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૮ : ગુનાહોનો સ્વિકાર

કુરઆને મજીદ :-

* અને બીજા કેટલાક એવા પણ છે જેમણે પોતાના ગુનાહોની કબૂલાત કરી લીધી છે તેમણે સત્કાર્યોને બદકાર્યોમાં ભેળવી નાખ્યા છે. બનવાજોગ છે કે ખુદા તેમની તૌબા કબૂલ કરી લે.

- (સૂ. તૌબા, આ. ૧૦૨)

હદીસ :-

(૨૧૪૪) ખુદાની કસમ ! ગુનાહોથી માત્ર એ માણસ નજાત મેળવી શકે છે જે તેનો સ્વિકાર કરે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૨૧૪૫) સાચી રીતે ગુનાહોનો સ્વિકાર ગુનાહોને નાબૂદ કરી દે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૪૬) ખુદાની કસમ ! ખુદાવંદે તઆલા લોકો પાસેથી બે પ્રકારની વખાણવા પાત્ર સિફતોનો ઇચ્છુક હોય છે, એક તો એ કે અલ્લાહ તઆલાની નેઅમતોનો સ્વિકાર કરે જેથી તે તેને વધારે

નેઅમતો આપે અને બીજું એ કે તે તેના ગુનાહોનો સ્વિકાર કરે જેથી અલ્લાહ તેના ગુનાહોને માફ કરે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૨૧૪૭) ગુનાહો બદલ શરમીંદગી અનુભવવી એ ઇસ્તગફાર છે. ગુનાહોનો સ્વિકાર ક્ષમાયાચના છે અને તેનો ઇન્કાર કરવો એ ગુનાહોને વળગી રહેવું છે.

(૨૧૪૮) ગુનાહોનો સ્વિકાર કરનારા ગુનાહોથી તૌબા કરનારા હોય છે.

(૨૧૪૯) ગુનેહગારની શફાઅત કરનાર તેનો પોતાના ગુનાહોનો સ્વિકાર હોય છે અને તેના ગુનાહોની તૌબા ક્ષમાયાચના હોય છે.

(૨૧૫૦) એવો ગુનેહગાર - જે પોતાના ગુનાહોનો સ્વિકાર કરતો હોય - તે એવા અમલ કરનારાથી બહેતર હોય છે કે જે પોતાના અમલ માટે અભિમાન કરતો હોય.

(૨૧૫૧) જે માણસ પોતાના રબને ઓળખતો હોય, તેને પોતાના ગુનાહોનો સ્વિકાર કરવાથી કઈ બાબતે રોકી રાખ્યો છે !

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૯ : તૌબાનો સ્તંભ

કુરઆને મજીદ :-

* પછી જે કોઈ પોતાની સખ્તાઈ (ગુનાહભર્યા કાર્ય) પછી પશ્ચાતાપ કરે અને (પોતાની ચાલ સુધારે તો બેશક અલ્લાહ તેની તૌબા સ્વિકારી લેશે; નિ:સંશય અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

- (સૂ. માએદાહ, આ. ૩૦)

* માટે તમારામાંથી જે કોઈ અજ્ઞાનતામાં કાંઈ બદી કરી બેસે અને તે બાદ પ્રાયશ્ચિત કરી લે તથા

(ભૂલને) સુધારી લે તો અલ્લાહ મોટો માફ કરનાર અને રહેમ કરનારો છે.

- (સૂ. અન્આ.મ્આ. ૫૪)

* અને જે તૌબા કરે તથા ઈમાન લાવે તથા સત્કાર્યો કરે, પછી સન્માર્ગે ચાલે તો તેના માટે નિ:સંશય હું મોટો ક્ષમાવાન છું.

- (સૂ. તા-હા, આ. ૮૨)

* અને જે લોકોએ અપકૃત્યો કર્યા, ત્યારબાદ તેમણે તૌબા કરી લીધી અને ઈમાન લઈ આવ્યા, તો

બેશક તારો પરવરદિગાર તે (પશ્ચાતાપ કરી લીધા) બાદ મોટો ક્ષમા કરનાર (અને) દયાળુ છે.

- (સૂ. અઅરાફ, આ. ૧૫૩)

* અલ્લાહ તે લોકોની તૌબા સ્વિકારે છે કે જેઓ નાદાનીથી બદી કરે છે, પછી નજીકમાં જ (મૃત્યુ પહેલા) તૌબા કરી લે છે, તો એવાઓની તૌબા અલ્લાહ કબૂલ કરી લે છે.

- (સૂ. નિસા, આ. ૧૭)

હદીસ :-

(૨૧૫૨) તૌબા કરનાર માણસમાં જો તૌબાની નિશાની જાહેર ન થાય તો તે તૌબા કરનાર નથી. એટલે કે જેને નારાજ કર્યો હોય. (હક ડુબાડયો હોય) તેને રાજી કરી દે. જે નમાઝો કઝા થઈ હોય તેને અદા કરી દે. લોકો સાથે નમ્રતાભર્યો વ્યવહાર રાખે. પોતાની નફસાની ખ્વાહીશાતોથી પોતાને બચાવી રાખે. અને દિવસે રોઝા રાખે અને તેનાથી પોતાને ગરદનને કમઝોર કરી નાખે...

- હઝરત રસૂલે અકરમ સલ્લલલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૫૩) તૌબા ચાર સ્તંભ ઉપર (કાયમ) છે. પહેલુ દિલથી શરમીંદગી અનુભવવી, બીજું જીભથી ઇસ્તગ્ફાર કરવો, ત્રીજું શરીરના અંગો અને અવયવોથી અમલ અને ચોથું એ વાતનો દ્રઢ નિશ્ચય કે ફરીથી ગુનાહ નહીં કરૂં.

(૨૧૫૪) તૌબા દિલથી શરમીંદગી, જીભથી ઇસ્તગ્ફાર, શરીરના અવયવોથી ગુનાહોને છોડી દેવા, અને દિલમાં ફરીથી ગુનાહ ન કરવાનો નિર્ણય છે.

(૨૧૫૫) ઇસ્તગ્ફાર ઉચ્ચ કક્ષાના લોકોનો દરજ્જો છે, અને તે એક એવું નામ છે જે છ બાબતો સાથે બોલવામાં આવે છે :

(૧) થઈ ગએલા ગુનાહો બદલ શરમિંદગી.

(૨) એ વાતનો દ્રઢ નિશ્ચય કરવો કે ગુનાહોનું પરિવર્તન નહીં કરૂં.

(૩) મખ્લૂકે ખુદાના હકો અદા કરવા.

(૪) જે ફરજો બજાવવાનું ચુકી ગયા હોય તેને અદા કરવી.

(૫) હરામ માલથી શરીરમાં જે ગોશ્ત બન્યું હોય તેને પોતાના દુ:ખ અને પશ્ચાતાપ વડે એટલું પીગાળી દેવાનો ઇરાદો કરવો કે તે હાડકા સાથે મળી જાય અને પછી નવું ગોશ્ત આવે.

(૬) શરીરે ગુનાહોથી જેટલી લજ્જત માણી હોય, તેટલી તેને અલ્લાહની ઇતાઅતના દર્દની મજા ચખાડવી.

આ છ બાબતો પછી '*અસ્તગફેરૂલ્લાહ*' કહો.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૫૬) કુમૈલ બિન ઝિયાદ કહે છે : મેં હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલયહિસ્સલામ)ની ખિદમતમાં અર્ઝ કરી : અય અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ) ! બંદો ગુનાહ કરે છે પછી ખુદા પાસે તેનો ઇસ્તગફાર કરે છે તો ઇસ્તગફારનું હદ શું છે ?

ઇમામે ફરમાવ્યું : અય ઇબ્ને ઝીયાદ ! તેની હદ તૌબા છે. મેં પૂછયું : શું (ફકત) તૌબા છે ? ફરમાવ્યું : નહીં. પૂછયું : તો પછી કઈ રીતે. ફરમાવ્યું : બંદો જ્યારે ગુનાહ કરે છે ત્યારે તહરીકની સાથે 'અસ્તગફેરૂલ્લાહ' કહે છે. કહ્યું :

તહરીક શું છે ? ફરમાવ્યું : તૌબા બે હોઠો અને જીભની હરકત છે. જેનાથી તે હકીક્તનો સ્વિકાર કરવા માંગે છે, અર્ઝ કરી : તો પછી હકીકત શું છે ? ફરમાવ્યું : દિલની તસ્દીક અને એ વાતનો દ્રઢ નિર્ણય કે જે ગુનાહ માટે ઇસ્તગફાર કર્યો છે તે ફરીવાર નહીં કરે. અર્ઝ કરી : જો એ રીતે કરે તો શું તેની ગણતરી ઇસ્તગફાર કરનારાઓમાં થઈ જશે ?

ફરમાવ્યું : નહીં.. અય ફરઝંદે ઝિયાદ ! તમે હજી અસલ હકીકત સૂધી પહોંચ્યા નથી. અર્ઝ કરી : તો પછી ઇસ્તગફારની અસલ હકીકત શું છે ?

ફરમાવ્યું : જે ગુનાહ માટે તમે ઇસ્તગફાર કરેલ છે તેના માટે તૌબાની તરફ એ રીતે પલટો કે તેને ફરી વખત હરગીઝ નહીં કરૂં ને આ આબિદોનું પ્રથમ પગથિયું છે, ગુનાહ ન કરવા અને ઇસ્તગફાર કરવો તે એવું નામ છે જે છ અર્થો સાથે બોલવામાં આવે છે.

(૨૧૫૭) તૌબાનું ફળ - નફસની ત્રુટિઓનું નિવારણ છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૦ : લોકોના હકોમાં તૌબા

કુરઆને મજીદ :-

* પછી જો તમે તેમ ન કરો તો અલ્લાહ તથા તેના રસૂલ સાથે લડવાને તૈયાર થઈ જાઓ, અને જો તમે તૌબા કરી લો તો તમને તમારી મુળ રકમ મળશે,...

- (સૂ. બકરહ, આ. ૨૭૯)

હદીસ :-

(૨૧૫૮) નજઅ કબીલાનો એક શેખ કહે છે કે મેં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ) ને કહ્યું : હું હીજ્જાજ (ઝાલિમ બાદશાહ)ના જમાનાથી શાસક ચાલ્યો આવું છું શું મારા માટે તૌબાની કોઈ ગુંજાઈશ છે ? આ સાંભળીને ઈમામ મૌન થઈ ગયા, મેં મારી વાતનું પુનરાવર્તન કર્યું.

ઇમામે ફરમાવ્યું : નહીં ! જ્યાં સૂધી તમે દરેક હકદારને તેનો હક પહોંચાડી ન દયો.

(૨૧૫૯) અલી બિન અબી હમ્ઝહ કહે છે કે મારો એક દોસ્ત હતો, જે બની ઉમય્યાનો સેક્રેટરી હતો. તેણે મને કહ્યું કે : હું તેમના માટે હઝરત ઈમામ

જઅફરે સાદિક (અલયહિસ્સલામ) પાસેથી સમય મેળવું (જેમાં તેઓ અલયહિસ્સલામની ખિદમતમાં પહોંચીને તેઓ પાસેથી અમુક મસઅલાનો જવાબ મેળવી શકાય.) મેં ઈમામ (અલયહિસ્સલામ) પાસેથી રજા મેળવી. જ્યારે તે ઈમામ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં પહોંચ્યો, ત્યારે સલામ કરીને બેસી ગયો પછી બોલ્યો : હું આપના ઉપર ફુરબાન થાઉં. હું એ (ઝાલિમ) કૌમની કચેરીમાં નોકર રહ્યો છું. મેં તેઓના શાસનમાં ઘણો માલ એકઠો કર્યો છે. અને તેઓના ઘણા કામોમાં મેં ફક્ત દેખરેખ રાખવાનું કામ કર્યો છે... શું મારા માટે તેમાંથી નિકળવાનો કોઈ રસ્તો છે ?

ઇમામે ફરમાવ્યું : હું જે વાત કહીશ તેના ઉપર તું અમલ કરીશ? તેણે કહ્યું : જરૂર કરીશ. ઇમામે ફરમાવ્યું : એવું કરો કે શાસન દરમિયાન તમે જે કાંઈ ભેગું કર્યું છે તે તેમજ તમે જે જે લોકોને ઓળખો છો તેમનો માલ પાછો આપી દયો. અને જે લોકોને તમે ઓળખતા નથી તેમનો માલ તેમના વતી સદકો કરી દયો. જો તમે આ પ્રમાણે કર્યું તો હું ખુદા પાસે તમારા માટે જન્નતમાં જામીન થઈશ.

પ્રકરણ - ૧૧ : લડનારાઓની તૌબા

કુરઆને મજીદ :-

* સિવાય કે જેઓ તૌબા કરે એ પહેલા તમે તેમના પર કાબૂ મેળવો, માટે તમે આ જાણી લ્યો કે અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

- (સૂ. માએદાહ, આ. ૩૪)

હદીસ :-

(૨૧૬૦) સોહૈલ બિન યુસઅ કહે છે કે મેં હઝરત ઈમામ રઝા (અલયહિસ્સલામ)ને તેમના એક

સહાબીને કહેતા સાંભળ્યા કે : જેમણે હઝરત અલી (અલયહિસ્સલામ) સાથે જંગ કરી તેમના ઉપર ખુદા લાનત કરે.

ઇમામે ફરમાવ્યું : આ પ્રમાણે કહો.... એ સિવાયના લોકો જેમણે તૌબા કરી લીધી અને પોતાની સુધારણા પછી ઇરશાદ ફરમાવ્યું : જેમણે તેઓની મદદ ન કરી અને તેની તૌબા પણ ન કરી તેના ગુનાહ એ લોકો કરતા વધારે સખ્ત છે કે જેઓએ આપની સાથે જંગ કરી અને પછી તૌબા કરી લીધી.

પ્રકરણ - ૧૨ : તૌબાના પ્રકાર

(૨૧૬૧) દરેક ગુનાહ માટે તૌબા છે, ગુપ્ત ગુનાહોની તૌબા પણ ગુપ્ત રીતે હોય છે, અને જાહેરમાં કરવામાં આવેલા ગુનાહોની તૌબા જાહેરમાં હોય છે, જેણે છુપાઈને બુરાઈ કરી તેના માટે જરૂરી છે કે છુપાઈને જ નેકી કરે અને જેણે જાહેરમાં ગુનાહ કર્યા તેના માટે જરૂરી છે કે નેકી પણ જાહેરી રીતે કરે.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૩ : તૌબાએ નસૂહ

કુરઆને મજીદ :-

* હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહની હજુરમાં નિર્મળ મનથી પશ્ચાતાપ કરો.

- (સૂ. તહરીમ, આ. ૮)

હદીસ :-

(૨૧૬૨) ખુદાવંદે તઆલાના આ કૌલ ...તુબુ એલલ્લાહે તૌબતન નસૂહા... વિશે ફરમાવ્યું : બંદો

ગનાહથી એવી રીતે તૌબા કરે કે ફરી પછી તે જ ગુનાહ ન કરે.

અન્ય કિતાબમાં આ રીવાયત બીજી રીતે છે : માણસ ગુનાહથી તૌબા કરે અને નિયત કરી લે કે તે ગુનાહ તરફ ફરીથી કયારેય નહીં જાય.

(૨૧૬૩) અહમદ બિન હીલાલ કહે છે કે મેં હઝરત ઈમામ અલી નકી (અલયહિસ્સલામ)ને 'તૌબાએ-નસુહ' વિશે પૂછયું કે તે શું હોય છે ?

ઇમામે લખીને ફરમાવ્યું કે આંતિરક બાબત જાહેરના જેવી જ હોય બલ્કે તેનાથી પણ વધારે સારી હોય.

(૨૧૬૪) હઝરત અલી (અલયહિસ્સલામ)ને સવાલ કરવામાં આવ્યો કે : 'તૌબાએ-નસુહ' શું હોય છે ?

આપે ફરમાવ્યું : દિલમાં શરમીંદગી હોય, જીભ ઉપર ઇસ્તગફાર હોય અને તે કામ ફરીથી ન કરવાનો મક્કમ ઇરાદો હોય.

(૨૧૬૫) તોબાએ નસૂહ એ છે કે જ્યારે કોઈ ગુનાહ તારાથી થઈ જાય તો તે ગુનાહ માટે શરમીંદગી

કર, અને ખુદા પાસે ઇસ્તગફાર કર. અને પછી કયારેય તે ગુનાહ તરફ ન જા.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૬૬) મેં હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને તૌબા વિશે સવાલ કર્યો ત્યારે આપે ફરમાવ્યું : જ્યારે તમારાથી કોઈ પણ પ્રકારની ભૂલ થઈ જાય ત્યારે એ જ સમયે ગુનાહો માટે શરમીંદગી વ્યક્ત કરો અને તમારી શરમીંદગી દ્વારા ખુદા પાસે ઇસ્તગફાર કરો, પછી ક્યારેય તે ગુનાહ તરફ પાછા વળીને ન જાઓ.

1800

પ્રકરણ - ૧૪ : તૌબા કરવામાં વિલંબ

કુરઆને મજીદ :-

* અલ્લાહ તે લોકોની તૌબા સ્વિકારે છે કે જેઓ નાદાનીથી બદી કરે છે પછી નજીકમાં જ (મૃત્યુ પહેલા) તૌબા કરી લે છે ; તો એવાઓની તૌબા અલ્લાહ કબૂલ કરે છે.

- (સૂ . નિસા, આ. ૧૭)

હદીસ :-

(૨૧૬૭) અય ઇબ્ને મસ્ઉ દ ! ગુનાહોમાં વધારો ન કરો (એટલે કે ગુનાહોને અગ્રતા ન આપો) અને તૌબામાં વિલંબ ન કરો બલ્કે તૌબાને મુકદ્દમ કરો, અને ગુનાહો કરવામાં મોડું કરો કેમકે અલ્લાહ તઆલા તેની કિતાબમાં ફરમાવે છે ...સૂ. કયામત... ઇન્સાન તો એ ચાહે છે કે ભવિષ્યમાં પણ (હંમેશા) બુરાઈ કરતો જાય.

- હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૬૮) તૌબા કરવામાં વિલંબ કરવો એ ખુદફરેબી છે અને તેને લાંબા સમય સૂધી ટાળતા રહેવું ભટકી જવાનું કારણ બને છે.

(૨૧૬૯) એવા માણસ જેવા ન બનો જેઓ અમલ કર્યા વગર આખેરતની આશા રાખે છે અને લાંબી આશાઓના આધારે તૌબા કરવામાં મોડું કરતા રહે છે. જો ખ્વાહીશો તેમની સામે આવી જાય તો ગુનાહ કરવા માંડે છે અને તૌબા કરવામાં વિલંબ કરતા રહે છે.

(૨૧૭૦) જો તમે કોઈ ગુનાહ કર્યા હોય તો તૌબા થકી તેને નાબુદ કરવામાં ઝડપ કરો.

(૨૧૭૧) જે માણસ તૌબા કરવામાં વિલંબ કરે તે પોતાની જાતને છેતરે છે. તેની ઉપર મૌતનો અચાનક હુમલો થવાનો ભય હોય છે.

પ્રકરણ-૧૫ : તૌબા કરવા કરતા વધારે સારું.....

(૨૧૭૨) ગુનાહોને છોડી દેવા તે તૌબા કરવા કરતા વધારે સારું છે.

- હઝરત ઈમામ અલી (અલયહિસ્સલામ)

(૨૧૭૩) પાછળ રહી જવાથી બચવું એ (આગળ ચાલ્યા ગયેલાઓને) પાછા બોલાવવાનો સવાલ કરવા કરતા વધારે સારું છે.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયહિસ્સલામ)

(૨૧૭૪) જે માણસ ઉપર કોઈનું કર્ઝ ન હોય, તે એવા માણસથી વધારે ખૂશી અને નિશ્ચિત હોય છે જેની ઉપર કોઈનું કર્ઝ હોય, ભલે તેની હાલત કર્ઝની અદાયગી માટે સારી હોય.

તેવી જ રીતે જે માણસ ગુનાહ નથી કરતો તે એવા માણસથી વધારે ખૂશ હોય છે જે ગુનાહ કરતો હોય, ભલે પછી તેની તૌબા બહુ જ ખુલૂસ સાથેની હોય.

- હઝરત મસીહ (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૧૬ ખુદા તૌબા કરનારાઓની પરદાપોશી કરે છે.

(૨૧૭૫) જે તૌબા કરે છે ખુદા તેની તૌબાને કબૂલ કરે છે અને તેના અંગોને હુકમ થાય છે કે તેની પરદાપોશી કરે. જમીનના ટુકડાને હુકમ આપવામાં આવે છે કે તેના ઐબોને છુપાવે અને ગુનાહ લખનારાઓની યાદદાશ્તમાંથી તે ગુનાહ ભૂંસી નાખવામાં આવે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૭૬) મોઆવીયહ બિન વહબ કહે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ) પાસેથી સાંભળ્યું કે જ્યારે મોઅમિન બંદો ખાલિસ દિલથી તૌબા કરે છે ત્યારે ખુદા તેને ચાહે છે અને તેના ઐબોને દુનિયા અને આખેરતમાં છુપાવે છે.

મેં પુછ્યું : તેના ઐબોને કેવી રીતે છુપાવવામાં આવે છે ?

ફરમાવ્યું : બંને ફરિશ્તાઓએ તેના જે ગુનાહો લખ્યા હોય તેને ભુલાવી દેવામાં આવે છે... અને જ્યારે તે ખુદાની હુઝુરમાં પહોંચે છે ત્યારે તેના

ગુનાહો માટે તેની વિરૂધ્ધમાં સાક્ષી આપનારી કોઈ વસ્તુ હોતી નથી.

પ્રકરણ - ૧૭ : બુરાઈઓનું નેકીમાં પરિવર્તન

કુરઆને મજીદ :-

* સિવાય કે જે તૌબા કરે અને ઈમાન લઈ આવે અને સત્કાર્યો કરે, તો પછી તેઓજ તે છે કે જેની બદીઓ અલ્લાહ નેકીઓથી બદલી નાખશે ; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

- (સૂ. ફુરકાન, આ. ૭૦)

હદીસ :-

(૨૧૭૭) હઝરત દાઉદ પયગમ્બર તરફ ખુદાવંદે તઆલા તરફથી વહી કરવામાં આવી : અય દાઉદ ! જ્યારે મારો મોઅમિન બંદો ગુનાહ કરે છે, પછી ગુનાહથી પાછો ફરે છે, એટલે કે તૌબા કરી લે છે, પછી જ્યારે તેને તેના એ ગુનાહ યાદ આવે છે ત્યારે તે શરમીંદગી અનુભવે છે તો હું પણ તેના તે ગુનાહને માફ કરી દઉં છું, તેના ગુનાહોને નેકીમાં બદલાવી નાખું છું, તેમાં મને કોઈ પરવા હોતી નથી. અને હું 'અરહમુર રાહેમીન' છું.

(૨૧૭૮) અલ્લાહ તઆલાના આ કૌલ... એવા લોકોના ગુનાહોને નેકીઓમાં ફેરવી નાખે છે... વિશે

ફરમાવ્યું : આ આયત તમારા વિશે છે તે એ રીતે કે કયામતના દિવસે ગુનેહગાર મોઅમિનને લાવવામાં આવશે, તેને ખુદાની હુઝુરમાં ઊભો રાખવામાં આવશે અને ખુદા તેનો હિસાબ લેશે... એટલે સૂધી કે ખુદા તેની તમામ બુરાઈઓથી તેને વાકેફ કરી દેશે. તે માણસ કહેશે કે તે બધી વાતોને હું જાણું છું. ખુદાએ તઆલા ફરમાવશે : મેં તારી આ બધી બુરાઈઓને દુનિયામાં છુપાવી રાખી અને આજે આ બધી માફ કરૂં છું (ફરિશ્તાઓને ફરમાવશે) : તેની આ બધી બુરાઈઓને નેકીમાં બદલી નાખો. પછી તેનું અઅમાલનામું લોકોની સામે લાવવામાં આવશે. ત્યારે તે કહેશે :

સુબ્હાનલ્લાહ ! આ બંદાની એક પણ બુરાઈ નથી ! ...

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૧૭૯) જે લોકો કોઈ જગ્યાએ બેસીને ઝિક્રે ખુદા કરે છે (ત્યારે) ત્યાં જ આસમાન પરથી અવાજ આપનારો અવાજ આપે છે : ઉઠો, ઊભા થાવ, ખુદાએ તમારા ગુનાહોને નેકીમાં બદલાવી નાખ્યા છે, અને તમો બધાને બક્ષી દીધા છે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

પ્રકરણ - ૧૮ : અલ્લાહ વિશે એમ કહેવું કે ‘નહીં બક્ષે’

(૨૧૮૦) તમે ખુદા વિશે એમ ન કહયા કરો કે તે (ફલાણાને) નહીં બક્ષે, કેમકે જે એમ કહે છે તેને ખુદા ખોટો પાડશે.

(૨૧૮૧) મારી ઉમ્મતના એ લોકો માટે સખત અઝાબ છે જે એમ કહે છે કે ફલાણો માણસ જન્નતી છે. અને ફલાણો માણસ જહન્નમી છે.

(૨૧૮૨) એક માણસ નમાઝ પડી રહયો હતો, તે સજદામાં હતો ત્યારે બીજા એક માણસે તેની

ગરદન ઉપર પગ મુકી દીધો, ત્યારે નમાઝ પડનારા (નીચેના) માણસે કહ્યું : ખુદાની કસમ ! ખુદા તને ક્યારેય નહીં બક્ષે.

ખુદાવંદે આલમે ફરમાવ્યું : મારા બંદાએ આમ કહ્યું છે કે હું તેને ક્યારેય નહીં બક્ષું પરંતુ મેં તેને બક્ષી દીધો છે.

(૨૧૮૩) જે માણસ ખુદાના કામોમાં પોતાના ફેંસલા સંભળાવે છે, ખુદા તેને ખોટો પાડે છે.

- હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૧૮૪) જુન્દબ ગફારી (ર.)થી રિવાયત છે કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : એક દિવસ કોઈ માણસે કહ્યું : ખુદાની કસમ ! ખુદાવંદે આલમ ફલાણા માણસને હરગીઝ નહીં બક્ષે, ખુદાવંદે આલમે ફરમાવ્યું : મેં તે માણસને તો બક્ષી દીધો છે, અને તે બીજા માણસના આમાલને નકામા કરી નાખ્યા છે જેણે કહ્યું હતું કે ખુદા ફલાણા માણસને નહીં બક્ષે.

વિભાગ - ૧ : સવાબ

પ્રકરણ - ૧ : સવાબ

કુરઆને મજીદ :-

* અને બાકી રહેનારા સારા કાર્યો તારા પરવરદિગાર પાસે પરિણામની રૂએ ઉત્તમ છે અને (વળી) ઉમ્મેદ અને આશાની રૂએ પણ (બહેતર) છે.

- (સૂ. કહફ, આ. ૪૬)

* અને હંમેશ કાયમ રહેનારા સત્કાર્ય તારા પરવરદિગારની પાસે પુણ્યની રૂએ બહેતર છે અને પરિણામની રૂએ પણ.

- (સૂ. મરીયમ, આ. ૭૨)

* જે કાંઈ તમારી પાસે છે તેનો (સંપૂર્ણ) નાશ થઈ જશે અને જે કાંઈ અલ્લાહની પાસે છે તે જ બાકી રહેનાર છે.

- (સૂ. નહલ, આ. ૯૬)

હદીસ :-

(૨૧૮૫) તારા અમલનો સવાબ, અમલ કરતા (કેટલોય) બહેતર છે.

(૨૧૮૬) જો શોખ અને ઇશ્કમાં ડુબેલા માણસની જેમ મુલાકાત માટે ફરિયાદ કરો અને ગમગીન અને શોકમાં ડુબેલાની જેમ દુઆ માંગો તો તમને ખુદાની નિકટતા પ્રાપ્ત થઈ જાય અને તેમની પાસે તમારા દરજ્જા બુલંદ થઈ જાય, અથવા તમારા એ ગુનાહ માફ કરી દે જેને કેરામન-કાતેબીને લખ્યા છે, અને ફરિશ્તાઓએ સુરક્ષિત કરી લીધા છે. તે બધું એ બાબતથી ઓછું છે જે સવાબની મેં તમારા

માટે ઉમ્મેદ રખી છે અને જે અઝાબનો મને તમારા માટે ડર છે.

(૨૧૮૭) આખેરતનો સવાબ દુનિયાની સખ્તીઓને ભુલાવી દે છે.

(૨૧૮૮) અલ્લાહ તઆલાએ પોતાની ઇતાઅત માટે સવાબ અને પોતાના હુકમની નાફરમાની માટે અઝાબ મુકર્રર કરેલો છે. પોતાના બંદાઓ માટે તેનો સવાબ અઝાબ કરતા વધારે છે. અને વધુમાં વધુ બંદાઓને જન્નતમાં લઈ જવાની તેની કોશિશ હોય છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૨ : સખ્તીના બદલામાં સવાબ મળે છે.

(૨૧૮૯) સવાબ સખ્તીઓ પર આધારિત હોય છે.

(૨૧૯૦) કોઈ અમલનો સવાબ તેના માટે ઉપાડવામાં આવેલી સખ્તીઓ પર આધારિત હોય છે.

(૨૧૯૧) સબ્રનો સવાબ શ્રેષ્ઠ હોય છે.

(૨૧૯૨) સખ્ત મુશ્કેલીઓ અને મૂસીબતો દ્વારા દરજ્જા અને હંમેશાની રાહત મળી શકે છે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

1823

પ્રકરણ - ૩ : સૌથી મોટો સવાબ

(૨૧૯૩) સૌથી મોટો સવાબ ઇન્સાફમાં છે.

(૨૧૯૪) જેહાદનો સવાબ સૌથી મોટો સવાબ છે.

(૨૧૯૫) બે બાબતો એવી છે જેના સવાબની કોઈ મર્યાદા નથી. (૧) માફ કરી દેવું અને (૨) બીજાઓ સાથે અદલથી કામ લેવું.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ - ૪ : અમારી પાસે બીજું પણ ઘણું છે.

કુરઆને મજીદ :-

* જે એક નેકી લાવશે તેના માટે તેના જ જેવો દસ ગણો (બદલો) છે,...

- (સૂ. અન્આટ,મ્આ. ૧૬૦)

* જેથી કોઈ વ્યક્તિ આ વાત નથી જાણતી કે તેમની આંખોની ટાઢક માટેની કઈ વસ્તુઓ તેમના માટે સંતાડી રાખવામાં આવી છે, (અને આ) તેમના નેક કાર્યોનો બદલો હશે જે તેઓ કર્યા કરતા હતા.

- (સૂ. સજદહ, આ. ૧૭)

* જે લોકોએ (દુનિયામાં) ભલાઈ કરી છે, તેમના માટે (આખેરતમાં) પણ (એવીજ) ભલાઈ છે, અને કાંઈ વિશેષ પણ.

- (સૂ. યૂનુસ, આ. ૨૬)

* તેમના માટે તે (જન્નતમાં) તેઓ જે કાંઈ ચાહશે તે મૌજૂદ હશે અને અમારી પાસે તે કરતાંય વધારે છે.

- (સૂ. કાફ, આ. ૩૫)

હદીસ :-

(૨૧૯૬) જે માણસ નેકીની સરખામણી તેનાથી અફઝલ વસ્તુ સાથે કરે છે તેને તેનો બદલો મળે છે.

(૨૧૯૭) અલ્લાહની રાહમાં જેહાદ કરનારાઓની ફઝીલતમાં ફરમાવ્યું : તેઓમાંથી એક એક માણસ પોતાના કુટુંબીઓ અને સાથીદારોમાંથી સિત્તેર હજાર માણસોની શફાઅત (ભલામણ) કરશે. એટલે સૂધી કે તેના બે સાથીદારો પરસ્પર લડશે કે તેનાથી વધારે નઝદીક હતો. તે (મુજાહીદ) મારી અને હઝરત ઇબ્રાહીમ (અલયિહિસ્સલામ)ની સાથે

ખુલ્દેબરી પર બેસીને સવાર સાંજ પોતાના રબની અઝમતતે નિહાળશે.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૧૯૮) અનસ કહે છે કે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને સૂ. યૂનુસ, આ. ૨૬ ... વિશે પૂછવામાં આવ્યું કે તેનો અર્થ શું છે ? આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : જે લોકોએ દુનિયામાં નેક કાર્યો કર્યા તેમના માટે ભલાઈ એટલે કે જન્નત છે અને વધારે નો અર્થ ખુદાવંદે કરીમની અઝમત નિહાળવી તે છે.

(૨૧૯૯) ... તેઓ પોતાના રબની તરફ, તેની કૈફિયત કોઈપણ મર્યાદા વગર નિહાળશે.

(૨૨૦૦) મૌલાએ કાએનાત હઝરત અમીરૂલ મોઅમેનીન (અલયહિસ્સલામ)એ આ આયત વિશે ફરમાવ્યું : હસનાનો અર્થ જન્નત છે અને વધારેનો અર્થ અલ્લાહ તઆલાની અઝમત નિહાળવી તે છે.

(૨૨૦૧) હઝરત અલી (અલયહિસ્સલામ), હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)થી રિવાયત કરે છે કે આ આયત અમારી પાસે વધારે પણ છે... વિશે ફરમાવ્યું : તેમના માટે

અલ્લાહ તઆલા પોતાની તજલ્લી (કલ્પના ન કરી શકાય તેવો પ્રકાશ) જાહેર કરશે.

પ્રકરણ - ૫ : અમલના સવાબ વિશે

(૨૨૦૨) જે માણસ સૂધી એ વાત પહોંચે કે હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ કોઈ કામ કરવાનો અમુક સવાબ બયાન ફરમાવ્યો છે અને તે માણસ તે વાતને હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)નો કૌલ સમજીને તેના ઉપર અમલ કરે તો તેને એ જ સવાબ ચોક્કસ મળશે, ભલે પછી તે આં હઝરતે ન પણ ફરમાવ્યું હોય.

- હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)

(૨૨૦૩) જે માણસ સૂધી કોઈ અમલ કરવા બદલ સવાબ મળશે તેવી હદીસ પહોંચી હોય, અને તે તે જ સવાબ મેળવવાની આશામાં તે કામ કરે તો તેને તેનો સવાબ અવશ્ય મળશે ભલે પછી તે હદીસ સાચી ન પણ હોય.

- હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

(૨૨૦૪) જે માણસ કોઈ અમલ કરવાથી સવાબ મળશે તેવી વાત સાંભળે અને પછી તેના ઉપર અમલ પણ કરે તો તેને તેનો સવાબ મળી જશે. ભલે પછી તે વાત તે રીતે ન હોય.

પ્રકરણ - ૬ : કાફરને પણ સવાબ મળે છે.

(૨૨૦૫) જે કોઈ નેકી કરનારો નેકી કરે, તે મુસલમાન હોય કે કાફર તેને ખુદા જરૂર સવાબ (બદલો) આપશે.

પૂછવામાં આવ્યું : કાફરને સવાબ કેવો ?

ફરમાવ્યું : જો તેણે સીલે રહેમી કરી અથવા કોઈને (દાન) આપ્યું અથવા નેક કાર્યો કર્યા તો ખુદાવંદે આલમ તેને માલ, ઔલાદ અને તંદુરસ્તી તેમજ સલામતીના રૂપમાં સવાબ અતા ફરમાવશે.

પછી પૂછવામાં આવ્યું : તેને આખેરતમાં શું મળશે ?

ફરમાવ્યું : અઝાબ ઉપર અઝાબ અને સૂ. મોઅમિનની આ, ૪૬ પઢી... હુકમ થશે ફીરઔન વાળાઓને સખત અઝાબમાં નાખી દયો.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

વિભાગ - ૨ : સુરહ (ઇન્કેલાબ)

પ્રકરણ - ૧ : મહદી (અલયહિસ્સલામ)ના ઝહુર થવા પહેલા મશ્રીલક (પુર્વદીશા)...માં ઇસ્લામી ઇન્કેલાબ (૧)

(૨૨૦૬) કેટલાક લોકો મશ્રીેક ...માં જાહેર થશે. જેઓ મહદી (અલયહિસ્સલામ)ની હુકુમત માટે યોગ્ય વાતાવરણ બનશે.

(૨૨૦૭) જન્નત પુર્વ દીશામાં છે.....

(૨૨૦૮) તમામ હુકમો તેના હાથમાં હશે. એટલે સૂધી કે જેઓ કત્લ થનારા છે તેઓ કત્લ થઈ જશે અને તેઓ વચ્ચે એક પ્રકારની અગ્રીમતા અમલમાં આવી જશે. જ્યારે એમ થશે ત્યારે અલ્લાહ તઆલા તેમના માટે મશ્રી ક તરફથી કેટલીક કૌમોને મોકલશે, જેઓ મારી મારીને તે લોકોનું સત્યનાશ કાઢી નાખશે. અને એક એકને ગોતી ગોતીને કત્લ કરશે. ખુદાની કસમ જો તે એક વરસ હુકુમત કરશે તો અમે બે વરસ હુકુમત કરશું. અને જો તે બે વરસ હુકુમત કરશે તો અમે ચાર વરસ હુકુમત કરશું.

- હઝરત અલી (અલયહિસ્સલામ)

(૨૨૦૯) અબુ સાલીન કહે છે : અમે હઝરત અલી (અલયહિસ્સલામ)ની પાસે કુફામાં રહેતા હતા. એક દિવસ અમે તેઓ (અલયહિસ્સલામ) સાથે બેઠા હતા ત્યારે આપે ફરમાવ્યું : અવલાદે પયગમ્બરમાંથી કોણ હકને કાયમ કરવા માટે જંગ કરશે. જ્યારે કે તમામ હુકમતો તેમના હાથમાં હશે. જ્યારે તેઓની સંખ્યા વધી જશે અને તેઓ એકબીજાથી આગળ વધવાની કોશિશ કરશે ત્યારે તેમને કત્લ કરનારાને કત્લ કરી નાખવામાં આવશે અને તેઓમાંથી એક એકને ગોતી ગોતીને કત્લ

કરી નાખશે. ખુદાની કસમ ! જો તે એક વરસ હુકુમત કરશે તો અમે બે વરસ હુકુમત કરશું.

પ્રકરણ - ૨ : હઝરત મહદી (અલયિહિસ્સલામ)ના ઝહુર થવા પહેલા પુર્વ દિશામાં ઇસ્લામી ઇન્કેલાબ (૨)

(૨૨૧૦) અમો એહલેબૈત છીએ, ખુદાવંદે આલમે અમારા માટે દુનિયાની સરખામણીમાં આખેરતને પસંદ ફરમાવી છે.

મારા પછી મારી એહલેબૈતને સંકટ, દેશનિકાલ અને જુદાઈનો સામનો કરવો પડશે, એટલે સૂધી કે પૂર્વમાંથી કેટલાક લોકો નિકળશે જેઓની પાસે કાળા વાવટા હશે. તેઓ હકની માંગણી કરશે. પરંતુ

લોકો તેમને તેમના હક નહીં આપે. તે માટે તેઓ જંગ કરશે અને પ્રભાવ મેળવી લેશે. પછી તેમને તેમની માંગણી મુજબનું બધું મળી જશે પરંતુ તે લોકો તેનો સ્વિકાર નહીં કરે તેઓ તેમની પાસેનું જે કંઈ હશે તે બધું મારા એહલેબૈતની એક વ્યક્તિને સોંપી દેશે, જેનું નામ મારા નામ જેવું હશે અને તે સમ્રગ જમીનના માલિક બની જશે. અને જમીનને અદલો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. જો તમે અથવા તમારા વંશમાંથી કોઈ એ સંજોગોને પ્રાપ્ત કરી લે (તે જમાનામાં હાજર હોય) તો તેની એ ફરજ છે કે તેઓ પાસે પહોંચી જાય, ભલે તેને

બરફના પહાડો ઉપર ધુંટણીયા ભેર ચાલીને કેમ ન જવું પડે. કેમકે તેઓ જ હિદાયતના ધ્વજ હશે.

- હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૨૧૧) અબ્દુલ્લાહ કહે છે કે એક વખત અમે હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ની ખિદમતમાં બેઠા હતા, ત્યારે અચાનક કુરૈશના કેટલાક યુવાનો તેઓની સામેથી પસાર થયા, તેમને જોઈને હુઝુર (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)નો રંગ બદલાઈ ગયો, અમે કહ્યું : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમ) ! અમે આપના ચહેરાનો રંગ બદલાતો જોઈ રહ્યા છીએ, તેનું શું કારણ છે ?

આપે ઇરશાદ ફરમાવ્યું : અમે એહલેબૈત છીએ, અને અલ્લાહ અમારા માટે દુનિયાની સરખામણીમાં આખેરતને પસંદ કરે છે. મારા પછી મારી આ એહલેબૈતને બલાઓ, દેશનિકાલ અને જુદાઈઓનો સમાનો કરવો પડશે. એટલે સૂધી કે અહીંથી હુઝુર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એ પૂર્વ દિશા તરફ હાથ વડે ઇશારો કર્યો, અને ફરમાવ્યું : કેટલાક લોકો નિકળશે જેમની પાસે કાળા વાવટા હશે, તે લોકો હકની માંગણી કરશે, પરંતુ લોકો

તેમની માંગણીને પૂરી નહીં કરે. તેઓ માંગણી કરતાજ રહેશે પરંતુ લોકો તેમની માંગણી પૂરી નહીં કરે... તેમની માંગણીના પુનરાવર્તન પછી પણ તેમની વાત સાંભળવામાં નહીં આવે જેના પરિણામે તેઓ જંગ કરશે અને મક્કમ રીતે લડશે. છેવટે તેમની માંગણીને સ્વિકારી લેવામાં આવશે. પરંતુ તેઓ તેને કબૂલ નહીં કરે. એટલે સૂધી કે તેઓ તેમનો સમગ્ર મામલો મારા એહલેબૈતમાંથી એક માણસને સોંપી દેશે જે જમીનમાં જમીન પહેલા જે રીતે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે તેને અદલો ઇન્સાફમાં ફેરવી નાખશે. તમારામાંથી જે કોઈ તેમનો જમાનો જુએ તેઓ તરત જ તેઓ પાસે

પહોંચી જાય. ભલે તે માટે બરફના ટુકડાઓ ઉપર ઘુંટણભેર ચાલવું પડે.

(આ પ્રકારની હદીસો જુદી જુદી રીતે રિવાયત કરવામાં આવી છે.)

(૨૨૧૨) એટલે સૂધી કે એક કૌમ પૂર્વ દિશા તરફથી આવશે, તેમની પાસે કાળા વાવટા હશે. તેઓ હકની માંગણી કરશે. પરંતુ તેમને હક આપવામાં નહીં આવે. તેઓ બે અથવા ત્રણ વખત માંગણી કશે. પરંતુ તેઓને કોઈ સાંભળશે નહીં. છેવટે તેઓ જંગ કરશે. અને વિજ્ય મેળવશે અને તેમની માંગણી કબૂલ રાખવામાં આવશે. પરંતુ

તેઓ તેને કબૂલ નહીં કરે. એટલે સૂધી કે તે મામલો મારા એહલેબૈતના એક માણસને સોંપવામાં આવશે જે જમીનને એવી રીતે અદલો ઇન્સાફથી ભરી દેશે કે જે પહેલા ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે. તમારામાંથી જો કોઈ માણસ એ સંજોગોને જુએ તો તુરત જ તેમની પાસે પહોંચી જાય. ભલે પછી તેને બરફ ઉપર ઘુંટણીયા ભેર ચાલવું પડે. કેમકે તે (એહલેબૈતની વ્યક્તિ) મહદી (અલયહિસ્સલામ) હશે.

- હઝરત રસૂલે અકરમ સલલલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

(૨૨૧૩) જાણે કે હું એક કૌમને જોઈ રહયો છું જે પુર્વમાંથી નિકળીને હકની માંગણી કરી રહી છે. પરંતુ લોકો તેના હક આપતા નથી. તે કૌમ માંગણી કરશે પણ તેને તેના હક આપવામાં નહીં આવે. જ્યારે તે આ હાલત જોશે ત્યારે પોતાની તલવારોને ખભા ઉપર રાખી દેશે (જંગ કરશે). તેથી તેમની તમામ માંગણીઓને કબૂલ કરવામાં આવશે. પરંતુ તેઓ તેને સ્વિકારશે નહીં. અને એ જ હાલતમાં અડગ રહેશે અને પોતાના તમામ વ્યવહાર તમારા સાહેબ (સાહેબુલઅમ્ર)ને સોંપી દેશે. તે કૌમના કત્લ થનારાઓ શહીદ હશે. યાદ

રાખો ! મને મૌકો મળી જાય તો સૌથી પહેલા એ સાહેબુલ અમ્રની પાસે પહોંચી જાઉં.

- હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અલયિહિસ્સલામ)

પ્રકરણ - ૩ દીન ખાતર તમારા વતી મોરચો સંભાળશે.

(૨૨૧૪) મીનહાલ બિન ઉમ્રુત્એક માણસથી રિવાયત કરે છે : હું મસ્જિદમાં હતો અને અલી (અલયહિસ્સલામ) ઈંટોના મીમ્બર ઉપર બેસીને અમને ખુત્બો આપી રહ્યા હતા. મારી પાછળ સઅસહ બિન સુહાન પણ મૌજૂદ હતા. તેવામાં એક માણસ આવ્યો. તેણે આપ (અલયહિસ્સલામ)ને

કોઈ ગુપ્ત વાત કહી જે અમે સાંભળી ન શક્યા, એ વાત સાંભળીને આપના ચહેરા ઉપર ગુસ્સાના ચિન્હો જાહેર થયા અને આપ ખામોશ પણ

થઈ ગયા. એટલામાં અસ્અસ (બિન કૈસ) આવી ગયા. તે લોકોના સમુહને ચીરીને મીમ્બરની પાસે પહોંચી ગયા. અને કહેવા લાગ્યા : યા

અમીરૂલ મોઅમેનીન (અલયિહિસ્સલામ) આ સુર્ખફામ (લાલ ચામડી વાળા લોકો) એ અમારી ઉપર પ્રભુત્વ મેળવી લીધુ છે.

રાવી કહે છે કે સઅસહે પોતાના ખભા ઉપર બંને હાથ મારીને કહ્યું : ઇન્ના લિલ્લાહે વઇન્ના એલયહે રાજેઊન. આજે હ. અલી (અલયિહિસ્સલામ)

અરબો વિશે એ વાત કહેશે જે તેઓએ આજ સૂધી ગુપ્ત રાખી હતી.

રાવી કહે છે : હ. અલી (અલયિહિસ્સલામ) બહુ જ ગુસ્સે થયા અને ફરમાવ્યું : કોણ છે જે મને એ હલ્કી પ્રકૃતિના લોકો સામે લાચાર સમજે છે

જેમાંનો એક પોતાના પડખામાં વળ ખાઈ રહયો છે. જ્યારે એક કૌમે ઝીક્રે ખુદા માટે હિજરત કરેલી છે. ત્યારે તે લોકો મને કહે છે કે હું તે

કૌમને મારાથી દૂર કરી દઉં, જો મેં તે મુજબ કર્યું તો હું સિતમગારોમાંથી ગણાઈશ.

એ ઝાતની કસમ જેણે દાણાઓને ચીર્યા છે અને જીવને પૈદા કર્યા છે, મેં હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)ને એમ

ફરમાવતા સાંભળ્યા છે : ખુદાની કસમ આ લોકો દીનથી ફરી જવા વખતે એવો માર મારશે, જેવો મારા તમે તેમને દીનની શરૂઆત વખતે

માર્યો હતો.

(૨૨૧૩) હ. રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ)એ એહલે ફારસ (ઈરાનીઓ) વિશે ફરમાવ્યું : તમોએ તેમને કુરઆન નાઝીલ

થવાના બારામાં માર્યા હતા. અને તેઓ તેમની દુનિયાના ખતમ થવા પહેલા તેના અર્થઘટન વિશે મારશે.

(૨૨૧૪) જાણે કે હું અજમીઓ સાથે છું અને તેમને જોઈ રહયો છું કે તે લોકોએ મસ્જિદે કુફામાં ખૈમાઓ રાખેલા છે. અને કુરઆના નુઝુલ

પ્રમાણે તાલિમ આપી રહ્યા છે..... - હ. અલી (અલયહિસ્સલામ)

(૨૨૧૫) તમારી એ વખતે કેવી હાલત હશે જ્યારે હ. કાએમ (આલે મોહમ્મદ (અલયિહિસ્સલામ)) પોતાના ખૈમા મસ્જિદે કુફામાં લગાવશે.

તેમના તરફથી એક નવી કૌમ આવશે જે અરબો સાથે સખત વ્યવહાર કરશે. - હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

પ્રકરણ-૪ ખુદા તમારી ઉપર અજમવાસીઓને જરૂર મોકલશે.

(૨૨૧૬) તમે લોકો અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરની ફરજો અંજામ આપતા રહો, નહીંતર ખુદા તમારી ઉપર અજમવાસીઓને

મોકલશે. જેઓ તમારી ગરદન ઉડાડી દેશે. જેઓ તમારો માલ ખાઈ જશે. તેઓ એવા સિંહ હશે જે ભાગશે નહીં.

(૨૨૧૭) નઝદીકમાં જ તમારા હાથ અજમવાસીઓથી ભરાઈ જશે. પછી ખુદા તેમને (સિંહ) જેવા બનાવી દેશે જે ભાગશે નહીં. તેઓ તમારી

સાથે લડાઈ કરશે. પરંતુ તમારો માલ ખાશે નહીં. - હ. રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ્

(૨૨૧૮) હ. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મને આ વાત કહી અને ફરમાવ્યું : અય અલી તમે બળવાખોર સમુહ,

નાકેસીન અને મારેકીન સાથે જંગ કરશો.

ખુદાની કસમ અય અરબો, તમારા હાથ અજમવાસીઓથી ભરાઈ જશે. ... અને જ્યારે તમારા હાથ તેમનાથી ભરાઈ જાય ત્યારે તેઓ એવી

રીતે પલ્ટાઈ જશે. જેવી રીતે સિંહ પલટાઈ જાય છે. તેઓ તમારું કાંઈ પણ છોડશે નહી, તમારી ગરદનો ઉડાડી નાખશે. તમારો માલ ખાઈ

જશે. અને ખુદાએ તમને માલના સ્વરૂપમાં જે કાંઈ આપ્યું હશે તે લુટી લેશે અને તમારી જમીનો અને સંપત્તિ ઓના વારસદાર બની જશે. આ

બધુ એ વખતે બનશે જ્યારે તમે દીનને બદલી નાખશો અને ફસાદ અને બુરાઈઓમાં ફસાઈ જશો.
- હ. અલી (અલયહિસ્સલામ)

પ્રકરણ-૫ કુમ શહેરથી ઇન્કલાબનો આરંભ

(૨૨૧૯) અલ્લાહ તઆલાએ કુફા ારા બીજા શહેરો પર હુજ્જત કાએમ કરી છે. ત્યાંના મોઅમિનો મારફત બીજા શહેરોના લોકો ઉપર હુજ્જત

કાએમ કરે છે અને કુમ શહેર મારફત બીજા શહેરો ઉપર હુજ્જત કાએમ કરી છે. અને કુમના રહેવાસીઓ મારફત તમામ પુર્વ અને પશ્ચિમના

રહેવાસી જિન્નો અને માણસો ઉપર હુજ્જત કાએમ કરે છે. ખુદાવંદે આલમ કુમ અને કુમના રહેવાસીઓને કમઝોર (અને નબળા) નહીં રાખે,

બલ્કે તેમને તૌફીક આપશે....

નઝદીકમાં એક જમાનો એવો આવશે કે જ્યારે કુમ અને તેના રહેવાસીઓ તમામ મખ્લૂક ઉપર હુજ્જત બની જશે. આ એ વખતે થશે જ્યારે

અમારા કાએમ (આલે મોહમ્મદ (અલયહિસ્સલામ)) ની ગૈબતનો ઝમાનો હશે. અને તેમના ઝહુર સૂધી આ સિલસિલો ચાલશે. જો એમ ન થાય

તો જમીન તેના તમામ રહેવાવાળાઓ સાથે ધંસી પડશે. કુમ અને કુમના રહેવાસીઓ ફરિશ્તાઓ બલાઓને દૂર કરશે. અને જે અત્યાચારી

માણસ કુમના રહેવાસીઓની તબાહીનો ઇરાદો કરશે તેને ‘કાસીમુલ જબ્બાર’ (અત્યાચારીઓની ગરદનોને તોડનાર ખુદા) તેની ગરદન

તોડી નાખશે. - હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૨૨૦) નઝદીકમાં કુફ્રા મોઅમિનોથી ખાલી થઈ જશે, ત્યાંના મોઅમિનો તેમના બિસ્તર એવા ગોળ વાળી લેશે જે રીતે સાપ પોતાના દરમાં

ગુંચળુ વળી જાય છે. તે પછી ઇલ્મ એક એવા શહેરમાં જાહેર થશે જેને 'કુમ' કહેવાય છે. તે વખતે કુમ ઇલ્મ અને ફઝલની ખાણ બની જશે.

તે વખતે જમીન ઉપર કોઈ કચડાએલો વર્ગ અસિતત્વમાં નહીં રહે એટલે સૂધી કે પરદેદાર સ્ત્રીઓ પણ કચડાએલી નહીં રહે. આ સંજોગોમાં

કાએમે આલે મોહમ્મદ (અલયિહિસ્સલામ)ના ઝહુરના ઝમાનામાં પૈદા થશે. તે વખતે ખુદા કુમ અને કુમના રહેવાસીઓને હુજ્જતે ખુદાનું કેન્સ્થાન

બનાવી દેશે. જો આમ ન થાય તો જમીન તેના રહેવાસીઓ સહીત ધંસી પડે. અને જમીનમાં કોઈ હુજ્જત બાકી ન રહે.

આમ ત્યાંથી ઇલ્મના ઝરણાઓ ફુટી નિકળશે. જે પૂર્વ અને પશ્ચિમના તમામ શહેરો સૂધી પહોંચી જશે તે વખતે ખુદાની હુજ્જત પૂરી થશે.

(ખુદા હુજ્જત તમામ કરશે.) એટલે સૂધી કે આખી જમીન ઉપર કોઈ પણ માણસ એવો નહીં રહે જેના સૂધી ઇલ્મ અને દીન ન પહોંચ્યો હોય.

તે પછી અમારા કાએમ (અલયિહિસ્સલામ) ઝહુર ફરમાવશે. - હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયિહિસ્સલામ)

(૨૨૨૧) કુમ વાસીઓમાંથી એક મર્દ હશે. જે લોકોને હકની તરફ બોલાવશે. તેની પાસે એક કૌમ ભેગી થશે. જેના લોકો પોલાદના ટુકડા જેવા

હશે. તેને તેઝ અને તોફાની આંધી પણ તેમના ઇરાદાઓમાંથી ફેરવી નહીં શકે. તે લોકો ન તો જંગ થી ગભરાશે અને ન તો ડરપોક પણ

જાહેર કરશે. બલ્કે ખુદા ઉપર ભરોસો કરશે અને નેક અંજામ તો મુત્ત કીઓ માટે જ છે. - હઝરત ઈમામ મૂસા કાઝિમ (અલયહિસ્સલામ)

(૨૨૨૨) અફ્ફાને બસરી હઝરત ઈમામ જઅફરે સાદિક (અલયહિસ્સલામ)થી રિવાયત કરે છે કે ઇમામે મને ફરમાવ્યું : (તમે) જાણો છો કે કુમને કુમ

શા માટે કહે છે, મેં કહ્યું : ખુદા, તેના રસૂલ અને આપ પોતે જ વધારે સારી રીતે જાણો છો.

ઇમામે ફરમાવ્યું : તેને એ માટે કુમ કહેવામાં આવે છે કે તેના રહેવાસીઓ કાએમે આલે મોહમ્મદની સાથે એકઠા થશે. તેઓની સાથે મળીને

ક્યામ કરશે. સાબિત કદમ રહેશે અને તેઓની ભરપૂર મદદ કરશે.

(૨૨૨૩) અમારા સહાબીઓમાંથી એકની રિવાયત છે કે હું હઝરત ઈમામ જઅફરે સાદિક

(અલયિહિસ્સલામ)ની ખિદમતમાં બેઠો હતો ત્યારે આપે સૂ.

બની ઇસરાઈલની આ આયતની તિલાવત ફરમાવી..... પછી જ્યારે એ બે ફસાદોની પહેલાનો સમય આવી પહોંચશે ત્યારે અમે તમારી ઉપર

અમારા કેટલાક બંદાઓને અગ્રીમતા આપશુ જે ઘણા સખત રડનારા હશે. તે લોકો ઘરોની અંદર ઘૂસી જશે અને ખુદાનો વાયદો પૂરો થઈને જ

રહેશે.

મેં કહ્યું : અમે આપના ઉપર કુરબાન થઈ જઈએ તે લોકો કોણ હશે ? આપે ત્રણ વખત ફરમાવ્યું : ખુદાની કસમ તેઓ કુમના રહેવાસીઓ

હશે.

(૨૨૨૪) અલ્લાહ તબારક વ તઆલાનો આ કૌલ .....સૂ. બની ઇસરાઈલ, આ. ૫ વિશે ફરમાવ્યું : એવા લોકો હશે જેમને કાએમે આલે

મોહમ્મદના ક્યામની પહેલા ખુદાએ તઆલા મોકલશે. અને તેઓ આલે મોહમ્મદનો બદલો લેશે. અને જેની પાસેથી બદલો લેવાનો હશે તેમને

મૌતને ઘાટ ઉતારશે.

(૨૨૨૫) મારી ઉમ્મતના અંતિમ ઝમાનામાં એક એવી કૌમ આવશે જેને એવો જ બદલો મળશે જેવો આ ઉમ્મતની પહેલી કૌમને મળ્યો છે. તે

ફિત્નો ફેલાવનાર કૌમ સાથે જંગ કરશે અને બુરાઈઓની ઇન્કાર કરીને તેની વિરૂધ્ધમાં જેહાદ કરશે. ખુદાવંદા તું અમને એ કૌમના સમુહમાં

બનવાની તૌફીક અતા ફરમાવ. (આમીન)

(૧) ઉર્દુ અનુવાદકની નોંધ :- આજે.... જમાઉદીસ્સાની હી. ૧૪૧૨ તા. ૨૪ ડીસેમ્બર

૧૯૯૧ સવારે પોણા નવ વાગે જામેઅ ઈમામ જઅફર

સાદિક રાજનપૂરમાં આ કિતાબનો અનુવાદ પૂરો થયો. - મોહમ્મદ અલી ફાઝીલ (કિતાબના ઉર્દુ અનુવાદ)

(૨) મીઝાનુલ હુકમત ભાગ - ૧ ઉર્દુ અનુવાદમાંથી ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો. તા. ૨૫ ઝીલ્કાદ હી. ૧૪૨૦, તા. ૨ માર્ચ ૨૦૦૦.

(ભાવનગર -ભારત)

રબ્બના તકબ્બલ મીન્ના ઇન્નક અન્તસ્સમીઉલ અલીમ

નોંધ:

કીતાબોમાં કોઇ પણ ભુલ દેખાય તો જાણ કરવા વીનંતી

hajinajitrust@yahoo.com